BAOU
Education
for all

## સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક,ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં,ગુજરાત સરકારશ્રીએ ઈ.સ.૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય **ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**ની સ્થાપના કરી છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે,શાંત જગ્યા મેળવી જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. **BAOU**ના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો,આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડી રોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારણામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણવિષયક દર્શન યાદ આવે છે : **'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય,જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય,જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'**

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત,વ્યવસાયલક્ષી,જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે તેવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળના ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ,કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનો પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

**'સ્વાધ્યાયઃ પરમં તપઃ'** ધ્યાનમંત્રને કેન્દ્રમાં રાખીને આ ઓપન યુનિવર્સિટી અહીં પ્રવેશ મેળવતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવા ગુણવત્તાલક્ષી અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિદ્યાર્થીને પ્રત્યેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને તેમની રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવાની ખેવના રાખતા કોઈપણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદ્દો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી અભ્યાસ સામગ્રીને પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં અપાય છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ જ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસર્સ દ્વારા તેનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવાં દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમનાં ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમ રત યુનિવર્સિટીના જ્ઞાનની પરબસમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી,જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાર્થના કરું છું.
અસ્તુ.

**કુલપતિશ્રી ડૉ.અમીબહેન ઉપાધ્યાય**
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય પરિસર',
સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ

# GMJ 101/ GMN-101

**GUJM – 101 ભાગ – ૦૧**

સંપાદન :
પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય નિયામક સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
ડૉ. યોગેન્દ્ર પારેખ પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
ડૉ. હેતલ ગાંધી આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

વિષય સમિતિ :
ડૉ. યોગેન્દ્ર પારેખ પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
પ્રો. ડૉ. ઉષા ઉપાધ્યાય વિભાગાધ્યક્ષ, ગુજરાતી વિભાગ,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
ડૉ. હેતલ ગાંધી આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પરામર્શન (વિષય) :
ડૉ. યોગેન્દ્ર પારેખ પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

લેખન :
ડૉ. યોગેન્દ્ર પારેખ: પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ,
ડૉ. હેતલ ગાંધી આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રકાશન વર્ષ : પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦, દ્વિતીય આવૃત્તિ : ૨૦૨૧, તૃતીય આવૃત્તિ : ૨૦૨૩
ISBN : 978-93-89 456-35-6

પ્રકાશક : કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

સર્વાધિકાર સુરક્ષિત

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઇપણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન પરવાનગી લેવાની રહેશે.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ વર્ષ બી.એ.
પેપર-૧
(મુખ્ય તથા ગૌણ)
ગુજરાતી ગદ્ય GUJM 101/GUJS 101

# GMJ 101/ GMN-101

# 1

## ગદ્ય


| | |
|---|---|
| **એકમ : 1** | |
| ગોવાલણી | 01-11 |
| **એકમ : 2** | |
| સરકારી નોકરીની સફળતાનો ભેદ | 12-27 |
| **એકમ : 3** | |
| હીરો ખૂંટ | 28-44 |
| **એકમ : 4** | |
| થીગડું | 45-52 |
| **એકમ : 5** | |
| અંધારી ગલીમાં સફેદ ટપકાં | 53-62 |
| **એકમ : 6** | |
| દાયણ | 63-71 |
| **એકમ : 7** | |
| સુવર્ણપુરનો અતિથિ | 72-79 |
| **એકમ : 8** | |
| પ્રથમ સંગાથ | 80-90 |

**એકમ 1**

# ગોવાલણી

**- કંચનલાલ વાસુદેવ મહેતા 'મલયાનિલ'**

**રૂપરેખા**

**1.1 ઉદ્દેશો**

**1.2 પ્રસ્તાવના**

**1.3 કૃતિ**

**1.4 કૃતિનો સારાંશ**

**1.5 કૃતિનું સઘન અધ્યયન**

**1.6 તમારી પ્રગતિ ચકાસો**

**1.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ**

**1.8 વિશેષ અધ્યયન**

## 1.1 ઉદ્દેશો

- 'ગોવાલણી' વાર્તાના અભ્યાસ દ્વારા પ્રારંભકાલીન અને ગુજરાતી સાહિત્યની પહેલી ગણાયેલી વાર્તાના પરિચયમાં આવશો.
- ગુજરાતીમાં ટૂંકીવાર્તાની વિધિવત્ શરૂઆત ૧૯૧૮થી થયેલી ગણાય છે. આ ઈતિહાસ વિગત સાથે 'ગોવાલણી' વાર્તાનું નામ જોડાયેલું છે તે બાબતની જાણકારી મેળવ્યા બાદ ટૂંકીવાર્તાના ઉદ્‌ભવ-વિકાસની રૂપરેખાત્મક વિગતોના અભ્યાસ બાબતે અભિરૂચિ કેળવાશે.
- ટૂંકીવાર્તાના વિષયવસ્તુ અને રચનારીતિ બાબતની સમજ કેળવાશે.
- 'ગોવાલણી' વાર્તાના લેખક શ્રી કંચનલાલ વાસુદેવ મહેતાના જીવન-કવનની સંક્ષિપ્ત જાણકારી મેળવી શકશો.

## 1.2 પ્રસ્તાવના

ગુજરાતીમાં ટૂંકીવાર્તાના ઉદ્‌ભવનું ૧૯૧૮નું વર્ષ ધ્યાને લઈએ તો પૂરી એક સદીની વાર્તાસર્જકની સફર થઈ ચૂકી છે. 'ગોવાલણી' પૂર્વે ઘણી વાર્તાઓ લખાઈ છે. 'ગોવાલણી' અગાઉ વાર્તારચનાના જે પ્રયાસો થયા છે તેની આપણા અભ્યાસીઓએ નોંધ લીધી છે. પણ 'ગોવાલણી'માં ટૂંકીવાર્તા સ્વરૂપ સાકાર થયાની પ્રતીતિ, પૂર્વે લખાયેલી વાર્તાઓ કરતાં વિશેષ થઈ તેથી 'ગોવાલણી'ને ગુજરાતી સાહિત્યની પ્રથમ વાર્તા ગણવામાં આવે છે. આમ, સ્વરૂપ-સિદ્ધિ 'ગોવાલણી'ની વિશેષતા છે.

'ટૂંકીવાર્તા' પશ્ચિમમાંથી આવેલો સાહિત્ય પ્રકાર છે. ભારતમાં અંગ્રેજોનું શાસન હતું તેથી છેક ૧૮૫૭થી પશ્ચિમના દેશોની જેમ યુનિવર્સિટી શિક્ષણનો પ્રારંભ થયો. અંગ્રેજી ઢબની કેળવણી શરૂ થવાના કારણે અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ અમલમાં આવ્યો. સૉનેટ, એકાંકી, નિબંધ, આત્મકથા આદિ સાહિત્ય સ્વરૂપોની જેમ ટૂંકીવાર્તા જેવા પશ્ચિમના ગણાતા સાહિત્ય સ્વરૂપના સંપર્કમાં, અંગ્રેજી ભણતા ઉચ્ચશિક્ષિત ગુજરાતી સાક્ષરો આવ્યા. આમ, અંગ્રેજી સાહિત્ય સ્વરૂપોનું ગુજરાતીકરણ થયું. ટૂંકીવાર્તા એ રીતે પશ્ચિમનો સાહિત્યપ્રકાર છે. એકસો

વર્ષની સમૃદ્ધ સર્જનયાત્રા ધરાવતી ટૂંકીવાર્તાની શરૂઆતની વાર્તા તરીકે 'ગોવાલણી'નો અભ્યાસ કરીએ.

## 1.3 કૃતિ

તે ઘણી જ જુવાન હતી. કેટલાકને ચૌદમે વર્ષે અધર પર ગુલાબ ફરકે છે, કોઈક તો સત્તર-અઢાર વર્ષે આંખમાં ચમક ચમકાવે છે. એને તો પંદરમે વર્ષે કંઠમાં કોયલ ટહુકતી હતી. નિર્દોષતાએ હવે રજા લેવા માંડી હતી. બાલભાવ હવે યૌવનને માર્ગ કરી આપતો હતો. ઊઘડતી કળી હવે તસતસતી હતી.

નહોતી કેળવાયેલી તોય ચાતુર્ય હતું. નહોતી શહેરની તોય સૌજન્ય હતું. નહોતી ઉચ્ચ વર્ણની તોય ગોરી હતી.

માથા પર પિત્તળની ચળકતી તામડી મૂકી ભાગોળેથી ગામમાં પેસે, ત્યારે જાણે લક્ષ્મી પ્રવેશી. 'દૂધ લેવું સે દૂધ'નો ટહુકો શેરીએ શેરીએ સંભળાય અને દાતણ કરતું સૌ કોઈ એની સામું જુએ. પુરુષોને શુભ શુકન થતા. સ્ત્રીઓને ઈર્ષ્યા આવતી.

એ ગુજરાતી ગોવાલણી હતી. સવારના પહોરમાં તળાવમાં નાહવા પોતાને ગામડેથી નીકળતી. તાજાં દોહેલાં દૂધ શહેરીઓની સેવામાં રજૂ કરતી. સૌ કોઈને એનું દૂધ લેવાનું મન થાય. 'દૂધ લેવું સે દૂધ' સાંભળતાં શેરીની સ્ત્રી ઝટ પથારીમાંથી ઊભી થતી.

એ હંમેશાં રાતો સાલ્લો-જાડો, પણ સ્વચ્છ, નવો ને નવો સાચવી પહેરતી, એને પીળી પટ્ટીની કોર હતી અને કાળો પાલવ હતો. હાથમાં દાંતનાં રૂપાની ચીપવાળાં ભારે 'બલ્લૈયાં' પહેરતી. પગે જાડાં કલ્લાં ઘાલતી. નાકમાં નથની અને કાનમાં નખલી. આંગળીએ રૂપાનાં વેઢ, ગળામાં ટૂંપીઓ અને કીડિયોસેર. આ એનાં આભૂષણો હતાં. માથે જરા ઘૂમટો તાણતી, તેથી એના વાળ કેવા હશે તેની કોઈને ખબર નહોતી. એ ઓળતી હશે, સેંથીમાં કંકુ પૂરતી હશે, એ કલ્પના જ એની ખૂબસૂરતીમાં ઉમેરો કરી આપતી હતી.

હું એના આવવાને વખતે જ ઓટલા પર દાતણ કરવા બેસતો. એ બિચારી શરમાય, નજર નીચી ઢાળી દે, પણ બીજી નવેલીઓની માફક એની ચાલ નહોતી બદલાતી; ફ્રુજારો નહોતો છૂટતો. હાથ વાંકાચૂકા નહોતા ઊછળતા. શાંત અને ગંભીર થઈ હંમેશને 'દૂધ લેવું સે, દૂધ'નો રણકારો કર્યા કરતી.

મારી પત્નીને હું રોજ કહું કે આ ગોવાલણી પાસેથી તું દૂધ કેમ નથી લેતી ? હંમેશાં 'બૂન ! દૂધ લેવું સે ?' કહી એનું મોં દુઃખી જાય છે અને તને તેની જરા પણ દરકાર નથી.'

કોણ જાણે શાથી, પણ જ્યારથી એને જોઈ હતી, ત્યારથી મને દિલમાં કંઈક અજબ લાગણી થઈ આવી હતી. પરાણે પણ હું મારે ઘેર એનું દૂધ લેવડાવું. એને થોડી વાર મારે આંગણે બેસાડું અને લાગ આણી મારી સામે જોવડાવું. આવી કોમલાંગના છતાં ભરવાડણ કેમ જન્મી ! એના કોમળ જણાતા બદન ઉપર આવું જાડું વસ્ત્ર કેમ રહી શકતું હશે ! ઈશ્વર પણ જોયા વગર જ જન્મ આપે છે ને ?

તે દિવસે જ મને થયું કે હું ભરવાડ જન્મ્યો હોત તો ઠીક થાત ! મને તળાવના કાંઠા પર ઊભા રહી વાંસળી વગાડતાં આવડતી હોત તો સારું થાત. ડચકારતો ડચકારતો ગામને સીમાડે ઢોરની વચ્ચે ડાંગ પર શરીર ટેકવી, માથે મોટું ફાળિયું બાંધી ગીત લલકારતો હોત તો ઘણું ગમત. એ ગામડાનું પણ કાનુડાનું જીવન હતું. ગાંડો બનાવનાર ગોવાલણી પણ રાધાની જાતવાળી !

વારંવાર એનું સૌંદર્ય જોવાથી મારા મન પર એની માઠી અસર થઈ. એની ગંભીર,

પણ કાળી આંખ પર મારું દિલ લલચાયું. એની પાછળ હું શેરીમાં ભટકું ને એ પછી ક્યાં જાય છે તે જોઉં એમ હૃદય ગોઠવણ કરવા લાગ્યું.

એક દિવસ તો આઠ વાગ્યાનો ડંકો થયો તેવો જ હું ઊઠ્યો અને આડુંઅવળું જવાનું છોડી દઈ ગામને દરવાજે જઈ ઊભો રહ્યો. દૂધ વેચીને ઘેર જવા એ હમણાં જ આવશે, ત્યારે અજાણ્યો થઈ એની પાછળ પાછળ જઈશ. લાગ આવશે કે તરત જ એને પૂછીશ કે તું કોણ છે ? તારી આ આંખોમાં શું છે ? તારો ગોવાલણીની જાતમાં આવી બેભાન કરે તેવી પરીઓ છે ?

સવાલ ગોઠવતો હું દરવાજે જઈ ઊભો રહ્યો. એટલામાં બંને હાથમાં પૈસા ગણતી, ખાલી પડેલી દૂધની તામડીઓને માથે અધ્ધર રાખી સીધી ડોકે, પણ નીચી નજરે ચાલતી ચાલતી એ દરવાજાની બહાર નીકળી. હું પાછળ પાછળ જવા લાગ્યો.

ગામડાનો ચીલો પડ્યો હતો. ઊંચી ચડાણવાળી જમીનમાંથી રસ્તો કાઢેલો હોવાથી આજુબાજુ માટીની ભીંતો જેવું થઈ ગયું હતું અને ઉપર કેર તથા ચણોઠીનાં ઝાડ અને વેલા ઊગ્યાં હતાં. ચીલાની વચમાંની ધૂળ ઉરાડતી એ ઉતાવળે પગલે ચાલી જતી હતી. સામે સૂર્ય હોવાથી એક હાથ ઊંચો ધર્યો હતો અને બીજે હાથે તામડી પકડી હતી. એકાદ વખત ઓચિંતું પાછું જોવાથી મને એણે જોયો હતો, અને હું તેની જ પાછળ તો નથી ચાલતો એમ વહેમાઈ હતી. એટલે એ ઘડીમાં ધીમે પગલે ચાલે તો ઘડીક ઉતાવળે પગલે; અને તે જ પ્રમાણે હું પણ મારી ચાલ બદલતો હતો. મને ખબર નહીં કે એ ઠગારી પોતાનો વહેમ ખરો છે કે ખોટો તે જાણવા માગે છે. અલબત્ત, હું એની પવિત્રતાને કે એના ચારિત્ર્યને દૂષિત કરવા નહોતો માગતો. એના રૂપથી હું અંજાઈ ગયો હતો. મનથી હું ભ્રષ્ટ થઈ ચૂક્યો હતો, છતાં હજી કાંઈક મગજશક્તિ ચાલતી હતી અને છેક બેશુદ્ધ બની ગમે તેવું વર્તન ચલાવું એટલે દરજ્જે પાગલ નહોતો બન્યો.

આ પ્રમાણે અમે અરધો એક માઈલ ચાલ્યાં હોઈશું, ત્યાં એ અટકી ગઈ. ત્યાં વડના ઝાડની ઘટા હતી, અને તળે વટમાર્ગુને બેસવાને માટે છાપરી બાંધી હતી. ઉપર કોયલ ટહુકે; નીચે વાછડાં. બકરાં, ગાય, ભેંસ આમતેમ ફરે, સ્થાન રમણીય હતું.

છાપરીની બહાર એણે તામડીઓ ઉતારી અને રસ્તાની બાજુ પરની હરિયાળી ઉપર એ ''હાશ, રામ !'' કહી ઊભા પગે-ગોવાલણીઓ બેસે તેમ બેઠી.

મારી સ્થિતિ કફોડી થઈ. હું ચાલ્યો જાઉં કે ઊભો રહું ? વાત કરવાનો વિચાર આવતાં જ દિલ ધડકવા લાગ્યું. મોં પર લોહી તરી આવ્યું. હિંમત કરી એટલે સુધી હું આવ્યો હતો, પણ આ ગોરી ગોવાલણીએ તાકાત લઈ લીધી હતી.

વિચાર કરી મેં એ જ રસ્તે ચાલવા માંડ્યું. એને વટાવીને બે પગલાં ગયો, ત્યાં ''સંદનભઈ, ઈમ ચ્યોં જાઓ સો !'' એણે પૂછ્યું. મારે ત્યાં હરરોજ આવતી હોવાથી મને સારી રીતે ઓળખતી હતી., પણ આમ એકાએક મારી સાથે બોલવાનું શરૂ કરશે એનો ખ્યાલ નહોતો. શું ત્યારે હું એની જ પાછળ આવતો હતો તે એ સમજી ગઈ હશે ? મારા સંબંધે એ કેવો વિચાર રાખતી હશે ? આમ કંઈ કંઈ વિચારો મને આવવા લાગ્યા. છતાં એના પ્રશ્નનો જવાબ તો આપવો જ જોઈએ. શો આપવો ? હું તો ગભરાટમાં જ બોલી ઊઠ્યો : ''તારું ગામ જોવા.'' બોલ્યા પછી વિચાર આવ્યો કે આ હું શું બોલ્યો ! એના ગામને જોવાનું મારે શું પ્રયોજન ! અને હવે જરૂર મારા મનની નબળાઈ એ જાણી ગઈ હશે. કદાચ એની ઇચ્છા વિરુદ્ધ હશે અને કોઈને કહેશે કે, ''સંદનભઈ મારું ગામ જોવા આવ્યા હતા,'' તો ? પણ એટલામાં એણે પૂછ્યું : ''તે ઈમાં શું જોવું સે ? કોય તમારા ગામ જેવું નહીં. લ્યો ઓમ આવો, જરા મારું દૂધ તો પીઓ, બાખડી ભેંસનું સે. તમને હવાદ રહી જશે.''

મારી ગૂંચવણનો અંત આવ્યો. આવા મારા ચલણથી એને કંઈ અણગમતું નહોતું થયું, ઊલટી એ જ ચાહીને મને બોલાવે છે, એટલે હલકો પડી જઈશ એવું કાંઈ નહોતું. જો ગુલાબ બુલબુલને બોલાવે તો બુલબુલનો શો વાંક ? જો નાગ જ મોરલી પાસે આવીને બેસે તો વાદીનો શો વાંક ? હવે જે થાય તે જોવા દે અને મારી મુરાદનો જે ઘાટ ઘડાઈ આવે તે ઘડાવા દે.

''ના રે, એમા તારું દૂધ પિવાય ? ઘેર કાલે આપી જજે.'' પીવાનું તો ઘણુંયે મન હતું, પણ એમ પહેલે બોલે પી જઉં ત્યારે તો અણઘડ જ લાગું ને ?''

''હવે ઘેર તો લેતાં લેશો, પણ ઑંય તો પીઓ, ત્યોં કોંય વડનો રૂપાળો સાંયડો હશે? પશી આવાં ગોંણાં ગાતાં હશે ? અને કોંય મારે હાથ દૂધ મળશે ? ત્યાં તો મારાં બૂન જાણશે તો એક લેશે ને બે મેલશે.''

કોઈ એને કહે કે એ અભણ છે, તો એનો અર્થ એટલો જ કે એને અક્ષરજ્ઞાન નથી. કોઈ એને કહે કે બોલતાં નથી આવતું, તો એનો અર્થ એ જ કે શહેરની ચાપચીપવાળી એની બોલી નથી. કુદરતની વચમાં એ ઊછરતી હતી. કુદરતનો સ્વાદ એ પિછાની શકતી હતી અને પોતાના ગ્રામ્ય, પણ મધુર અવાજે એનું ભાન મને કરાવી શકતી હતી. તેમાં આવા સમયે - આવા એકાંતમાં સરળ હૃદયે મનની બધીયે લાગણીઓ અસર થાય તેમ જણાવી શકતી હતી. હું તો પલકે પલકે બેડી બંધાવતો હતો.

''વારું, તારું દૂધ તો પીઉં, પણ પૈસા લે તો.''

''કોંય ગોંડા થ્યા ? ઈમ પૈસા લેવાય ! મારા હમ ના પીઓ તો.'' કહી હું પાસે ઊભેલો તે જરા અધૂકડી થઈ મારી આગળ દૂધનું પ્યાલું ધર્યું. મેં વિચાર્યું, વધારે ખેંચપકડ રહેવા દે. ડોળ કરીશ અને માન માગીશ તેટલામાં કમળ બિડાઈ જશે. મેં એના હાથમાંથી પ્યાલું-દૂધ માપવાનું-લીધું અને દૂધ પી ગયો. અંદર સાકર નહોતી. ગરમ કરેલું નહીં, તો પણ મને સ્વાદિષ્ટ લાગ્યું. દૂધ કુદરતી રીતે સ્વાદિષ્ટ જ હોય છે. જેઓ તાજું દૂધ દોહેલું પીએ છે તેઓ એની મીઠાશ સારી રીતે જાણે છે, અને આ તો તેમાં વળી ખૂબસૂરત સ્ત્રીના હાથનું, એના આગ્રહનું અને તે એક બેશુદ્ધને પીવા મળેલું !

'ગોવાલણી ! તું શી ન્યાત ?'' દૂધ પીતે વાત શરૂ કરી.

''લ્યો, તમે તો વટલાયા !''

''ના ના, હું એટલા વાસ્તે નથી પૂછતો; જાણવા જ માટે પૂછું છું. કહે તો ખરી, તું શી ન્યાત ?''

''ચ્યમ વળી ? અમે ઢોરાં ચારનારાં રબારી લોક.''

''તે તું પરણેલી છે કે કુંવારી ?'' મારી ઘેલછા હવે વધ્યે જતી હતી.

જરા શરમાઈ એણે ધીમે સાદે ''પયણેલી'' કહ્યું.

''કોની સાથે ?''

''બળ્યાં સંદનભાઈ. ક્યાંય નોંમ દેવાતું હશે ? અમ જેવા કોક રબારી હાથે.''

''તું પ્રેમ શું એ સમજે છે ?'' હું તો મારું ભાન ભૂલી ગયો હતો, શું પુછાય અને શું ન પુછાય તેની સૂધ જ નહીં. એ કાંઈ સમજી નહીં કે મેં શું પૂછ્યું.

''શું ?''

''તું હેત શું એ જાણે છે ? તને તારો વર ચહાય છે ?''

''સંદનભાઈ, ગોંડા તો નથી થ્યા ?''

''ના, બસ; મને કહે જ. હું તારી જ પાછળ આટલે સુધી આવ્યો છું. શેરીમાં વાત કરવાની બીક લાગતી હતી. બોલ, હવે તું મારી સાથે વાતો ન કરે તો તને મારા સમ,''

કહી હું એની સામે બેસી ગયો. વચ્ચે દૂધની તામડીઓ હતી.

એકદમ ''હા...ય ! મારી હુલ્લી ભૂલી ! હાય હાય !'' સાંભળી હું ચમક્યો. એ ઊભી થઈ, ''સંદનભાઈ, આટલી મારી વટલોઈ જોતા બેહશો ? મારી કુશકીની હુલ્લી ચ્યોંક મેલી આવી સું. હમણાં ઊભે પગે આવું સું.''

''શા માટે નહીં ?'' એ આખો દિવસ તાપમાં બેસવાનું કહી જાય તોયે હું તૈયાર હતો, તો થોડી વારમાં શું ?

''હા, હા, જા જઈ આવ. આ છાપરીમાં બેઠો છું.'' રસ્તામાં બેઠેલો મને કોઈ દેખે તો કહેશે કેમ બેઠો હશે ? તામડીઓ લઈ હું છાપરીમાં બેઠો. અંદર કોઈએ ઘાસ નાખી બિછાનું કર્યું હતું. ઉપર સાંઠાનું છાપરું છાઈ બાવળની ડાળોથી થાંભલીઓ બનાવી હતી. પાછળની ભીંતમાં બારી હતી. ભીંતને અઢેલી લાંબા પગ કરી હું બેઠો. વાહ રે ગોરી ગોવાલણી, તારી ગામડાની ભાષામાં મધુરતા ! બસ, આજ એને જવા જ ન દઉં. વાતોમાં એને પણ એનું ઘર ભુલાવી દઉં. જોઈએ, મને એ ગાયો ચરાવતાં શીખડાવે છે ? એણે ઝઈમી સાડી, તસતસતી ચોળી અને રેશમી ચણિયો પહેર્યાં હોત તો એ કેવી લાગત ! અંબોડે ગુલાબ ખોસ્યું હોત, ગળામાં મોતીની એક સેર હોત, અને આ જ મદમાતી ચાલે એ ચાલી જતી હોત તો કોને ભુલાવામાં ન નાખત ? - કલ્પનાઓ જોડી જોડી એના રૂપને હું વધારે મોહક બનાવતો હતો. એની તામડીઓ ઉપર કાંઈક નામ લખ્યું હતું તે મેં જોવા માંડ્યું. અસ્પષ્ટ અક્ષરે 'દલી' એટલું વંચાતું હતું. એ ઉપરથી મેં માન્યું કે 'દલી' એનું નામ હશે. સ્ત્રીનું નામ કેમ ? કદાચ મહિયરથી સાસરે જતી વખતે એને આ તામડીઓ એનાં માબાપે આપી હશે. કેવી સ્વચ્છ અંદરથી અને બહારથી એણે રાખી છે ! દૂધને શોભા મળે અને સારું જણાય એમાં નવાઈ ? તામડીને લીધે પણ દૂધ ગમે. માથે મૂકવાની ઇંઢોણી સાથે કેમ ન લઈ ગઈ ? જ્યારે અધ્ધર તામડી માથે રાખી એ ગામમાં આવે છે, ત્યારે શો એનો અવાજ ! પરોઢમાં જેમ પ્રભાતિયું મીઠું લાગે તેમ એનો રણકાર મીઠો લાગે છે. એથી અરધી જાગતી અવસ્થામાં સવારનું શુભ શુકનનું સ્વપ્નું આવે અને આખો દિવસ આનંદમાં જાય. આખા ગામને એ આશીર્વાદરૂપ દેવી હતી.

આમ વિચાર કરતો વીસેક મિનિટ બેઠો હોઈશ એટલામાં એ આવી અને ''બેઠા સો?'' એટલું પૂછ્યું.

''કેમ, ટોપલી જડી ?''

''ના રે, બઈ ! ચારપોંચ ઘેર પૂસી આવી, પણ ચ્યોંય પત્તો નહીં. કુણ જાણે કુનેય ઘેર મેલી આવીશ હઈશ. અત્તારના પોરમાં તે ચેટલે ભટકું ?'' કહી જાણે નિરાશ થઈ હોય તેમ બેઠી.

''દલી ?''

''દલી'' કહેતાંની સાથે એ જરા ચમકી; ''ગોમમાં મને લોક દૂધવાળી કહે છે.''

''જો, આ તારી તામડી ઉપર લખ્યું છે, તે તારે પિયરથી આ તને મળી'તી ખરુંને ? તારાં લગ્ન વખતે.''

હું તો એનામાં તન્મય થયેલો હતો તેથી જુદાં જુદાં અનુમાન મેં કરી રાખ્યાં હોય તેમાં નવાઈ નહીં.

''તારો વર બીજી વારનો છે ?'' ગળામાં શોકપગલું જોઈ મેં પૂછ્યું. મારી નજર એના ધોળા વદન પર પડતાં એણે સામું જોયું અને સાલ્લો સંકોરી ઉપર ખેંચ્યો.

''તું ને તારો વર આખો દિવસ શું કરો છો ?''

''બળ્યો મનખો !'' કહી આડું જોઈ એ હસી. દાંતની કળીઓને સાડીઓમાં સંતાડી

હસી.

''ના, ના, કહે તો ખરી; સવારથી સાંજ સુધી તમે શું શું કામ કરો છો એ કહી જા.''

''તે શું કરતાં હઈશું ? ઢોરોનું કોંમ. હવારમાં વહેલાં ઊઠીએ, દાતણ-પોંણી કરી વાસડાંને ધવડાવીએ. એ ગાયો દોવે ને હું બાખડી દોહું. દૂધ કાઢી ચારબાર નોંશી અમે બે નીહરીએ. એ દરવાજે પેલે હાથે જાય; હું તમારી ભણી વળું. દૂધ આલી હું ઓંય આવીને એ આવે ત્યોં લગણ બેહું.''

ઓચિંતી મને ફાળ પડી. કદાચ એનો રબારી આવતો હોય અને મને સાથે બેઠેલો જોઈ ફરી વળે તો ? આબરૂ જાય, હલકો પડી જાઉં અને માર પડે તે જુદો. વિચાર આવતાં મોં ઉપર ચિંતા ને ભય છવાઈ ગયાં અને ચાલ્યા જવા ટોપી હાથમાં લીધી.

''તમે લગારે બીશો નહીં. આજ તો હું એકલી આવી સું. એ તો આજ ઘી વેચવા ગયા સે.'' મને નિરાંત થઈ અને વાતચીત ચાલુ કરી :

''તારો વર વાંસળીમાં એવું શું વગાડે છે તે તમે બધાં ત્યાં ઊભાં રહો છો ? હું તળાવે ઊભો રહી વાંસળી વગાડું તો મને આવડે ખરી ?''

''હોવે, ચ્યમ ના આવડે ? તે તમને અમ જેવું થાવું ચ્યમ ગમ સે ?''

''તારે લીધે જ, દલી. તું ખાય તો હું ખાઉં, તારો જાડો રોટલો પચાવું, તારી ગાયોને ચરાવવા જાઉં, એમ મનમાં થઈ ગયું છે. તારું ગામ હજી કેટલે છેટું ?''

''ચારપોંચ શેતરવા, પેલી સોપારીઓ દેખાય ઈ. તમે મારે ઘેર રહો ખરા ? અમે તો હાલ્લાની ગોદડી ઉપર હુઈ રહીએ; ખાટલો ઉઘાડામાં ઢાળીએ. પાંહે ઢોર બોંધ્યાં હોય, તે આખી રાત ગોં ગોં બરાડે. તમ જેવાને ત્યોં નો ફાવે.''

''મને તો એ બહુ જ ગમે છે. તેમાં તારા જેવું કોઈક મારી સાથે હોય તો મારે ઘેર જવાનું નામ જ ન લઉં.''

વાતચીત ઉપરથી હું એમ જ માનતો હતો કે મારી ઉપર એ કુરબાન છે, એના દિલને હું ચોરી શકું છું અને ધીમે ધીમે એ પોતાની લાગણી કહેવા માંડશે. ફૂલ ઊઘડે તેમ મારું હૃદય આશામાં ઊઘડતું હતું. ઝરણ વહે તેમ મારી કલ્પના વધતી હતી. કેતકી ડોલે તેમ જીવ ઘુમરાઈ આનામાં ડોલતો હતો. તણખલું હાથમાં લઈ જમીન ઉપર લિસોટા કરતી, વાંકું વાળી કમાન બનાવતી, ભાંગીને કટકા કરતી, આમ તે રમત કર્યે જતી હતી અને ગભરાટ, ભય કે શરમ રાખ્યા વગર મારી સાથે મિત્રની માફક પરિચિત થઈ વાતો કર્યે જતી હતી.

ઘડીભર અમે બંનેએ શાંતિ પકડી. ને એટલામાં તો વીજળી ચમકે અને બાળકના દિલમાં ફડકો પડે, અઘોર ઘંટ આવે અને એ માલતી ફફડે, આનંદ વેરાતો હોય અને શોક પ્રવેશે, તેમ એકાએક છાપરીની ઉઘાડી બારીમાંથી મારી પત્નીએ ડોકું કર્યું અને મારી સામે એકીટશે કોપાયમાન ચહેરે જોવા માંડ્યું.

જોતાં જ શરીર થરથર કંપવા માંડ્યું. એની આંખમાં ગુસ્સાથી પાણી ભરાઈ આવ્યું હતું. શું બોલું અને શું ન બોલું એની ગૂંચવણમાં એ પડી હતી. કેટલુંય કહી નાખું એનો ઊભરો એને ચડ્યો હતો. અને છતાં એક શબ્દ એ બોલી નહીં. મારી સામે માત્ર જોઈ જ રહી. મેં નીચી નજર નાખી દીધી. દલી-ધુતારી. દલી-સાલ્લામાં મોં રાખી હસતી હતી. ચિત્રકારને અહીં ત્રણ ચિત્ર ચીતરવાનાં હતાં : એક કાલિકા, બીજી જાદુગરણી ને ત્રીજો બેવકૂફ.

## 1.4 કૃતિનો સારાંશ

'ગોવાલણી' - ટૂંકી વાર્તા છે. ટૂંકી વાર્તાને આપણે 'નવલિકા' કહીએ છીએ. શીર્ષકથી જ સ્પષ્ટ થાય છે કે આ વાર્તા ગોવાલણી વિશેની છે. વાર્તાનું શીર્ષક વાર્તાની નાયિકાનો પરિચય આપે છે. તેનું કામ દૂધ વેચવાનું છે. વાર્તાના નાયકને આ યુવાન ગોવાલણી પ્રત્યે સહજ આકર્ષણ થાય છે. પોતે ગોવાલણીના કુળમાં જન્મ્યો હોત તો ઠીક થાત એવો વિચાર પણ તેને આવી જાય છે. દિવસે દિવસે ગોવાલણી પ્રત્યેનું આકર્ષણ વધતું જાય છે. વાર્તાનો નાયક પોતે પરણેલો છે. પણ ગોવાલણીના ગ્રામીણ, નિર્દોષ સૌન્દર્ય પર તે મુગ્ધ છે. એક દિવસ, સવારે દૂધ વેચવા આવેલી ગોવાલણીની પાછળ પાછળ તે જાય છે. અડધો માઈલ જેટલે દૂર જતાં ગોવાલણી અટકી જાય છે. ગોવાલણી વાર્તાના નાયકને જુએ છે. તેને નાયકનું નામ ખબર છે. ભોળી ગોવાલણીને એવી ખબર નથી કે નાયક સંદનભાઈ તેની પાછળ ખેંચાઈને આવ્યો છે. સહજ રીતે તેની પાછળ પાછળ ગામ જોવા આવ્યા હશે તેમ સમજીને ગોવાલણી પોતાની ભેંસનું તાજું દૂધ પીવાનો આગ્રહ કરે છે. પીવરાવે છે. બન્ને વચ્ચે વાતચીત થાય છે. ગોવાલણીનું નામ 'દલી' છે. એની તામડી પર તેનું નામ લખેલું છે તે વાંચીને નાયકે જાણ્યું છે. વગડાના એકાંતમાં વટેમાર્ગુને બેસવાની છાપરીના વિસામે બન્ને વચ્ચે વાતચીત થાય છે. 'દલી' ગોવાલણી' સહજ રીતે સંવાદ સાધે છે. વાર્તાનો નાયક એમ સમજે છે કે દલીને તેની વાતોમાં મજા આવે છે. દલી પોતે પરણેલી છે તેમ જણાવે છે છતાં સંનદભાઈને દલી પ્રત્યેનું આકર્ષણ છૂટતું નથી. દલીનો રબારી પતિ આવશે તો પોતે ભોંઠો પડશે અને મારશે એવી ભીતિ પણ તેના મનમાં છે. તેનો પતિ ઘી વેચવા ગયો હોવાથી તે એકલી છે એવું જાણ્યા પછી વાર્તાનો નાયક નિશ્ચિંત થઈ જાય છે. ધીમે ધીમે પોતાની વાત દિલથી, નિખાલસતાથી કહેવા લાગે છે. પોતે ગોવાલણીનું દિલ જીતી લેશે એમ સમજવા લાગે છે. ગોવાલણી અને વાર્તાનો નાયક નિશ્ચિંત થઈને વાતચીત કરી રહ્યા છે ત્યાં વાર્તાનાયકની પત્ની છાપરીમાં ડોકિયું કરે છે. પત્નીનો કોપાયમાન ચહેરો જોઈને વાર્તાનાયકના શરીર-મનમાં ભય વ્યાપી જાય છે. એ વખતે ભોળી ભરવાડણ એવી ગોવાલણી સાલ્લામાં મોં રાખી હસે છે અને કાલિકા સ્વરૂપ પત્નીની હાજરીમાં વાર્તાનાયક બેવકૂફ જેવો જણાય છે. આમ,વાર્તાનો અંત ચમત્કૃતિભર્યો છે.

**- કંચનલાલ વાસુદેવ મહેતા 'મલયાનિલ'**

## 1.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

'ગોવાલણી' - ગુજરાતી સાહિત્યની પ્રથમ ટૂંકી વાર્તા ગણાય છે. 'તે ઘણી જ જુવાન હતી.' એવા વાક્યથી વાર્તાનો પ્રારંભ થાય છે.

પ્રથમ છ વાક્યના નાના ફકરામાં તેનો પરિચય શરૂ થઈ જાય છે. પંદર વર્ષની વયે યૌવનમાં પ્રવેશતી યુવતી એટલે આ વાર્તાની નાયિકા, ગોવાલણી. લેખક નોંધે છે : ''નહોતી કેળવાયેલી તોય ચાતુર્ય હતું. નહોતી શહેરની તોય સૌજન્ય હતું. નહોતી ઉચ્ચ વર્ણની તોય ગોરી હતી.'' - અહીં આપણે જોઈશું તો જણાશે કે ચાતુર્ય, સૌજન્ય અને ગોરાપણું; એવા તેના આંતર-બાહ્ય સૌંદર્ય વિશે, ગુણ-લક્ષણો વિશે લેખક વિશિષ્ટ રીતે વાત કરે છે.

સામાન્ય રીતે સમજવામાં એમ આવે છે કે જેઓ કેળવાયેલા હોય એટલે કે કેળવણી પામ્યા હોય તેમનામાં જ ચાતુર્ય હોય. પણ ના, અહીં અપવાદ છે. ભણેલી નથી પણ તેનામાં ચતુરાઈ છે. એ ચતુરાઈ કહો કે ચાતુર્ય તેની આગળ કોઠાસૂઝ છે. જીવનનું બધું જ શાણપણ કંઈ શિક્ષણ દ્વારા જ પ્રાપ્ત થતું નથી, નિશાળની ચાર દીવાલમાંથી જ બધું શીખવાનું બનતું નથી. ગોવાલણી તેની નાનકડી જિંદગીમાં, યુવાની તરફ પાણીના વેગની જેમ ધસમસી રહી છે ત્યારે તેનામાં રહેલું ચાતુર્ય સહજ રીતે ખીલેલું જીવનપુષ્પ છે. શહેરના માણસોમાં સભ્યતા કે સૌજન્ય હોય છે એવી સમજ સાર્વત્રિક છે. આ ગોવાલણી શહેરની નથી છતાં તેનામાં શહેરી સભ્યતા છે. આપણે જેને વધુ ભણેલા લોકોની ભાષામાં મેનર્સ - રીતભાત કહી છે

તે ગોવાલણીના વાણી-વર્તનમાં સહજ રીત નીખરે છે. ઉચ્ચ વર્ણના પરિવારોમાં જિંદગીનો તાપ જીરવવાનું ઓછું આવતું હોય છે તેથી ઉચ્ચ વર્ણના લોકો દેખાવડા હોય છે અહીં વાર્તાલેખક જણાવે છે કે તે ઉચ્ચ વર્ણની નહોતી છતાં ગોરી હતી. આમ, રંગ-રૂપ, સંસ્કાર, છટા અને તેજસ્વિતામાં કોઈને પણ આકર્ષણ થાય તેવી યૌવનમાં પ્રવેશતી 'ગોવાલણી'નું વાર્તાના પ્રારંભે મળતું વર્ણન તેના વિશે વાચકનું કુતૂહલ વિસ્તારે છે.

ગામમાં દૂધ વેચવા પ્રવેશતી ગોવાલણી 'દૂધ લેવું સે, દૂધ'નો ટહુકો કરતી ને પુરુષોને શુકન થતા. સ્ત્રીઓને ઈર્ષ્યા થતી.

વાર્તાના નાયકે સ્વમુખે આખી વાર્તા કહી છે. વાર્તાકથનની આ રીતને પ્રથમ પુરુષ એકવચન પદ્ધતિ કહે છે. એટલે કે આત્મકથનાત્મક પદ્ધતિથી વાર્તા કહેવાઈ છે. વાર્તાનો નાયક આ વાર્તાની નાયિકા એવી ગોવાલણી પ્રત્યે પૂરું ખેંચાણ અનુભવે છે. તેને ગોવાલણીનું આકર્ષણ છે. આકર્ષણ થાય તેવું ગોવાલણીનું વ્યક્તિત્વ છે. ગોવાલણીના વ્યક્તિત્ત્વને પ્રત્યક્ષ કરાવતું હોય તેવું તેના વ્યક્તિત્ત્વનું પહેરવેશનું વર્ણન પણ યોગ્ય રીતે કરવામાં આવ્યું છે. જુઓ તેનો પહેરવેશ :

'એ હંમેશા રાતો સાલ્લો-જાડો, પણ સ્વચ્છ, નવો ને નવો સાચવી પહેરતી, એને પીળી પટ્ટીની કોર હતી. અને કાળો પાલવ હતો. હાથમાં દાંતનાં રૂપાની ચીપવાળાં ભારે બલ્લૈયાં પહેરતી. પગે જાડાં કલ્લાં ઘાલતી. નાકમાં નથની અને કાનમાં નખલી. આંગળીએ રૂપાનાં વેઢ. ગળામાં રૂપીઓ અને કીડિયા સેર. આ એનાં આભૂષણો હતાં. માથે જરા ઘૂમટો તાણતી, તેથી એના વાળ કેવા હશે તેની કોઈને ખબર નહોતી. એ ઓળતી હશે, સેંથીમાં કંકુ પૂરતી હશે, એ કલ્પના જ એની ખૂબસૂરતમાં ઉમેરો કરી આપતી હતી.''

ગોવાલણીના પહેરવેશના વર્ણન બાદ વાર્તાનો નાયક કહે છે; ''હું એના આવવાના વખતે જ ઓટલા પર દાતણ કરવા બેસતો.'' આ વાક્ય દ્વારા વાર્તાનાયકનું કથન સૂચવાય છે. અગાઉ આપણે નોંધ્યું છે. તેમ આ આત્મકથનાત્મક પદ્ધતિ છે. નાયકનું આ સ્વકથન છે. એ રીતે જ નાયકના મુખે જ આખી વાર્તા કહેવાય છે.

રોજ દૂધ વેચવા આવતી ગોવાલણી પર આપણી વાર્તાના નાયકને મોહ થઈ ગયો છે. 'કોણ જાણે શાથી પણ જ્યારથી એને જોઈ હતી ત્યારથી મને દિલમાં કંઈક અજબ લાગણી થઈ આવી હતી' એમ જણાવતો નાયક ધીરે ધીરે તેની ઘેલછા અનુભવતો હોય એમ જણાવે છે કે, ''હું ભરવાડ જન્મ્યો હોત તો ઠીક થાત.''

વાર્તાનાયકના મનમાં આવા અનેક તરંગો ચાલે છે પોતાને વાંસળી વગાડતાં આવડતું હોત સારું હતું. એવી કલ્પના અને ગોવાલણી રાધા હોય એવા વિચારો તેની ઘેલછાનું સ્વરૂપ પ્રગટ કરે છે. જેમ જેમ વાર્તા આગળ વધતી જાય છે. તેમ તેમ વાત આગળ વધતી જાય છે. વાર્તાના નાયકની ઘેલછા ધીમે ધીમે હદ વટાવે છે. પોતે પરણેલો હોવા છતાં ગોવાલણીનો પીછો કરવા સક્રિય થાય છે. ''વારંવાર એનું સૌંદર્ય જોવાથી મારા મન પર એની માઠી અસર થઈ. એની ગંભીર, પણ કાળી આંખ પર મારું દિલ લલચાયું, એની પાછળ હું શેરીમાં ભટકું ને એ પછી ક્યાં જાય છે તે જોઉં એમ હૃદય ગોઠવણ કરવા લાગ્યું.'' વાર્તાનાયકની ગોવાલણી માટેની ઘેલછા ધીમે ધીમે વ્યક્ત થાય છે. વાર્તા વાંચનારનું કુતૂહલ વિસ્તરતું જાય છે.

વાર્તાની શરૂઆતમાં જ ગોવાલણીની ઉંમર પંદર વર્ષ જ છે તે જણાવી દેવામાં આવ્યું છે. શરીરે પૂરી, ચબરાક, સૌજન્યશીલ અને ચાતુર્ય ભરેલી ગોરા વર્ણની નાયિકા પ્રત્યે પરણિત પુરુષનું આકર્ષણ આ વાર્તામાં છે. પરણિત પુરુષ એટલે આ વાર્તાનો નાયક. તેની ઉંમર વિશે વાર્તામાં કોઈ સ્પષ્ટ જાણકારી મળતી નથી. ગોવાલણી પ્રત્યેના નાયકના મોહને ઉંમર સાથે વળી શી લેવા દેવા ? અહીં લેખકે વાર્તાનાયકને ગોવાલણી પાછળ દોરવાતો દર્શાવ્યો છે. ગોવાળ પાછળ ગાય હોય તે રીતે ગોવાલણી પાછળ વાર્તાનાયક દોરવાય છે.

ગોવાલણીની પાછળ પાછળ ચાલતા વાર્તાનાયકના મનમાં કોઈ ખોટ નથી. ''હું એની પવિત્રતા ને કે એના ચારિત્ર્યને દૂષિત કરવા નહોતો માગતો. એના રૂપથી હું અંજાઈ ગયો હતો. મનથી હું ભ્રષ્ટ થઈ ચૂક્યો હતો, છતાં હજી કાંઈક મગજશક્તિ ચાલતી હતી અને છેક બેશુદ્ધ બની ગમે તેવું વર્તન ચલાવું એટલે દરજ્જે હું પાગલ નહોતો બન્યો.' અરધોએક માઈલ બન્ને ચાલે છે. એક વડના ઝાડની ઘટા નીચે ગોવાલણી અટકી જાય છે. વટેમાર્ગુને બેસવા માટે છાપરી બાંધેલી છે. ગોવાલણી ત્યાં બેસી જાય છે. ત્યાં અટકવું કે આગળ ચાલવું એમ વિચારતા બે ડગલાં આગળ ચાલતા નાયકને જોઈને તેને ગોવાલણી બોલાવે છે. નામથી બોલાવે છે. દૂધ દેવા દરરોજની અવરજવરના કારણે તે વાર્તાનાયકને નામથી બોલાવે છે. રમણીય વાતાવરણ છે. એકાંત છે. ગોવાલણી સહજ રીતે વાર્તાનાયક સંદનભાઈ સાથે વાતોએ વળગે છે. (ચંદનભાઈને તે 'સંદનભાઈ' કહી બોલાવતી જણાય છે.) નિખાલસતાથી વાતચીતમાં મશગૂલ થતી ગોવાલણી ચંદનભાઈની વાતોથી ભોળવાતી જતી હોય એ રીતે વાર્તા આગળ ચાલે છે. પોતાની ભેંસનું દૂધ પીવરાવવાનો તેનો આગ્રહ તેના વર્તનમાં રહેલી સહજતા અને નિકટતાનું દર્શન કરાવે છે. પોતે પરણેલી છે એમ પણ જણાવે છે. મોહવશ દોરવાયેલ વાર્તાનાયક એટલે કે ચંદનભાઈ આ રબારી કન્યાનો પતિ આવી ચડશે તો માર ખાવો પડશે એવું પણ વિચારે છે. પણ પતિ ઘી વેચવા ગયો હોવાથી હમણાં આવશે નહિ એવું જણાવતી ગોવાલણીની દાનત પ્રત્યે વાચકને શંકા જતી નથી કારણ કે તેનું વર્તન અત્યંત સ્વાભાવિક છે. સહજ છે. ચંદનભાઈને તેના પ્રત્યે લાગણી થઈ ગઈ છે તેવું જાણ્યા પછી પણ સહેજ પણ ઉશ્કેરાયા વગર કે વિચલિત થયા વગર ગોવાલણી ચંદનભાઈ પ્રત્યે વાણી વ્યવહાર, વાર્તાલાપ ચાલુ રાખે છે. ગોવાલણી નિર્ભય છે અને નિર્મળ છે તેવું સ્પષ્ટ રીતે દર્શાવ્યા વગર સહજ રીતે રજૂ કરવામાં લેખકને ધારી સફળતા મળી છે.

એક તબક્કે તો વાર્તાનાયક ચંદનભાઈ સ્પષ્ટ કહી જ દે છે કે ''તારા જેવું કોઈક મારી સાથે હોય તો મારે ઘેર જવાનું નામ જ ન લઉં.'' આ વાતો દરમ્યાન ચંદનભાઈ એમ સમજવા લાગે છે કે દરેક વાતમાં મશગૂલ થઈને સાંભળતી, પ્રતિસાદ આપતી ગોવાલણી પણ તેને ચાહવા લાગી છે. તે પણ પોતાનું દિલ ખોલીને વાત કરશે. મનમાં અનુકૂળ કલ્પના અને અર્થઘટન ચાલ્યા કરે છે. વાતાવરણમાં શાંતિ છે. એવામાં ચંદનભાઈની પત્નીનો વાર્તામાં પ્રવેશ થાય છે :

''ઘડીભર અમે બન્નેએ શાંતિ પકડી. ને એટલામાં તો વીજળી ચમકે અને બાળકના દિલમાં ફડકો પડે, અઘોર ઘંટ આવે અને એ માલતી ફફડે, આનંદ વેરાતો હોય અને શોક પ્રવેશે, તેમ એકાએક છાપરીની ઉઘાડી બારીમાંથી મારી પત્નીએ ડોકું કર્યું અને મારી સાથે એકીટશે કોપાયમાન ચહેરે જોવા માંડ્યું.

આ રીતે વાર્તામાં અંતે લેખક વાર્તાનાયકની પત્નીનો પ્રવેશ કરાવે છે. વાર્તાનો આ રીતે અંત આવે તેને ચમત્કૃતિ કહેવાય છે. ગુજરાતીમાં ટૂંકી વાર્તાનો પ્રારંભ 'ગોવાલણી'થી થયો છે. વાર્તાના અંતે ચમત્કૃતિ આપવી, વળાંક આપવો કે આંચકો આપવો જેવી રચનારીતિની પ્રયુક્તિ આપણી ભાષાના બીજા અનુગામી વાર્તાકારોમાં સહજ રીતે પરંપરાની જેમ વિકસે છે. વાર્તાના નાયક ચંદનભાઈની પત્ની કોપાયમાન થાય છે. લેખક વાર્તામાં નાયકની પત્નીના પ્રતિભાવને આ રીતે નોંધે છે :

''જોતાં જ શરીર થરથર કાંપવા માંડ્યું. એની આંખમાં ગુસ્સાથી પાણી ભરાઈ આવ્યું હતું. શું બોલું અને શું ન બોલું એની ગૂંચવણમાં એ પડી હતી. કેટલુંય કહી નાખું તેનો ઊભો એને ચડ્યો હતો. અને છતાં એક શબ્દ એ બોલી નહીં. મારી સામે માત્ર જોઈ જ રહી. મેં નીચી નજર નાખી દીધી. દલી-ધુતારી દલી-સાલ્લામાં મોં રાખી હસતી હતી. ચિત્રકારને અહીં ત્રણ ચિત્ર ચીતરવાનાં હતાં. એક કાલિકા; બીજી જાદુગરણી ને ત્રીજો બેવકૂફ.''

આમ, કોપાયમાન પત્નીના મૌન પણ તીવ્ર આક્રોશ કે નારાજગીનો નાયક ભોગ બને છે. પત્ની માટે કાલિકા, દલી માટે જાદુગરણી ને પોતાના માટે બેવકૂફ એવો ભાવ સહજ રીતે જન્મે છે.

'ગોવાલણી' વાર્તાનાં મુખ્ય બે પાત્રો છે. ચંદનભાઈ વાર્તાનો નાયક છે. દલી - ગોવાલણી વાર્તાની નાયિકા છે. દલી પંદર વર્ષની છે. દૂધ વેચવાનો ધંધો કરે છે. નાયક ચંદનભાઈ જે વિસ્તારમાં રહે છે એ વિસ્તારમાં તે રોજ દૂધ વેચવા જાય છે. તેના રૂપરંગ અને છટા, બોલચાલનું સર્વને થાય તેવું જ આકર્ષણ ચંદનભાઈને પણ છે. ચંદનભાઈ પરણેલા હોવા છતાં એક દિવસ, દૂધવાળી દલીની પાછળ પાછળ જાય છે. દલી ગોવાલણી પોતાનો પીછો કરતા ચંદનભાઈથી વિચલિત થતી નથી. વચ્ચે વિસામો આવે તેવી જગ્યાએ બન્ને અટકે છે. દલી પોતાની ભેંસનું તાજુ દૂધ પીવરાવે છે. સહજ રીતે સંવાદ પણ કરે છે. અને ચંદનભાઈની પત્નીનો અચાનક પ્રવેશ થાય છે અને ચંદનભાઈના રમણીય ભાવજગત પર સીધી તરાપ પડે છે. દલી સાલ્લામાં મોં છુપાવી હસે છે જે જાદુગરણી જેવું લાગે છે.

## 1.6 તમારી પ્રગતિ ચકાસો

(1) આ વાર્તાના મુખ્ય પાત્ર 'ગોવાલણી' વિશે ટૂંક નોંધ લખો.
(2) વાર્તાનાયક સંદન (ચંદનભાઈ)ની દલી ગોવાલણી પ્રત્યેની ઘેલછા વિશે ટૂંક નોંધ લખો.
(3) 'ગોવાલણી' વાર્તાના અંત વિશે નોંધ લખો.

**વસ્તુલક્ષી કસોટી :**

નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જે તે વિધાનને અંતે આપેલા ખાનામાં (√) (×) ની નિશાની દ્વારા જણાવો.

(1) ગોવાલણી પંદર વર્ષની અલ્લડ યુવતી છે અને કુંવારી છે. ☐
(2) દલી-ગોવાલણી પીછો કરી રહેલા વાર્તાનાયક ચંદનભાઈથી ડરી જાય છે. ☐
(3) 'તારા જેવું કોઈક મારી સાથે હોય તો મારે ઘેર જવાનું નામ જ ન લઉં' - વિધાન ચંદનભાઈ બોલે છે. ☐
(4) ચંદનભાઈ પોતાની પત્ની અને દલી-ગોવાલણીના રૂપરંગ-સ્વભાવની સરખામણી કર્યા કરે છે. ☐

## 1.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**શબ્દાર્થ :**

(1) અધર = હોઠ
(2) દાતણ કરવું = દંતમંજન, (અહીં, લીમડા કે બાવળનું દાતણ)
(3) હવાદ = સ્વાદ
(4) નીહરીએ = નીકળીએ

**રૂઢિપ્રયોગો :**

(1) કંઠમાં કોયલ ટહુકવી = અવાજમાં મધુરતા હોવી
(2) લાગ આણવો = તક ઝડપવી

**અલંકાર :**

(1) ગોવાલણી ગામમાં પેસે ત્યારે જાણે લક્ષ્મી પ્રવેશી - આ વાક્યમાં ઉત્પ્રેક્ષા અલંકાર છે. ગોવાલણી ઉપમેય છે. લક્ષ્મી ઉપમાન છે. ઉપમેય અને ઉપમાન વચ્ચેની સરખામણી જાણે' (સરખામણી સૂચક શબ્દથી) થાય ત્યારે ઉત્પ્રેક્ષા અલંકાર બને છે.

## 1.8 વિશેષ અધ્યયન

કર્તા પરિચય - કંચનલાલ વાસુદેવ મહેતા 'મલયાનિલનો જન્મ 1892માં અમદાવાદમાં થયો. તેઓ 1908માં મેટ્રિક થયા, 1912માં બી.એ. અને 1916માં એલ.એલ.બી.ની પરીક્ષા ઉત્તીર્ણ કરી વકીલાત શરૂ કરી. મુંબઈ મુકામે સોલિસિટર ભાઈશંકર કાંગાને ત્યાં નોકરી કરી. 24-6-1919ના રોજ માત્ર સત્તાવીસ વર્ષની વયે તેમનું અવસાન થયું. વકીલાત, નોકરી અને લેખન પ્રવૃત્તિમાં વ્યસ્ત આ યુવાન લેખકે ગુજરાતીમાં ટૂંકીવાર્તાના સ્વરૂપની અપેક્ષા સંતોષે તેવી સૌ પ્રથમ વાર્તા 'ગોવાલણી' લખવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું. તેમના મૃત્યુ બાદ સોળમા વર્ષે 1935માં 'ગોવાલણી અને બીજી વાતો' સંગ્રહ પ્રગટ થયો હતો.

ટૂંકી વાર્તા પશ્ચિમમાંથી આવેલું ગદ્યનું સાહિત્ય સ્વરૂપ છે. આ સ્વરૂપને ગુજરાતમાં સફળતાપૂર્વક અવતારવાનું કાર્ય કંચનલાલ વાસુદેવ મહેતાના હાથે થયું. 'મલયાનિલ' તેમનું તખલ્લુસ (ઉપનામ) હતું. કંચનલાલ વાસુદેવ મહેતાના સમયકાળમાં ધૂમકેતુ અને દ્વિરેફ જેવા વાર્તાકારો મળ્યા જેમણે ગાંધીયુગમાં ગુજરાતી ટૂંકી વાર્તાનો આકાર આવ્યો. આમ, ગુજરાતી ટૂંકી વાર્તાના પ્રારંભકાલીન સર્જકોમાં 'ગોવાલણી'ના સર્જક કંચનલાલ વાસુદેવ મહેતા, 'મલયાનિલ'નું નામ ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે.

**વિશેષ વાંચન :**

'ગોવાલણી' ગુજરાતી ભાષાની પ્રથમ ટૂંકી વાર્તા કહેવાય છે. નીવડેલી વાર્તા તરીકે તેનું ઐતિહાસિક મૂલ્ય છે. 'ગોવાલણી'ના લેખક કંચનલાલ વાસુદેવ મહેતાની અન્ય વાર્તાઓ વિશે 'ગોવાલણી અને બીજી વાતો' સંગ્રહ મેળવીને વાંચો. કોઈ પણ ટૂંકી વાર્તાના વાંચન વખતે વિષયવસ્તુ, પાત્રો, જે તે વાર્તાના સંવાદો વગેરે ધ્યાનથી વાંચો. ટૂંકી વાર્તાનાં દરેક ઘટકતત્ત્વો સાથે અનેકવિધ સંદર્ભો સંકળાયેલા હોય છે. જેમકે; 'ગોવાલણી' વાર્તામાં પંદરમા વર્ષે અલ્લડ પણ પરણેલી દૂધવાળી - દલી ઘણી મુક્ત, ચંચળ હોવા છતાં તેના વર્તનમાં જરૂરી પરિપકવતા છે. ગ્રામ્ય પરિવેશની વાર્તામાં જે તે સમયની સામાજિક પરિસ્થિતિઓ, સામાજિક વાસ્તવ અને લોકબોલીનું વૈવિધ્ય તેની લાક્ષણિકતાઓ સમેત અવલોકીએ.

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

**એકમ 2**

# સરકારી નોકરીની સફળતાનો ભેદ

- રા. વિ. પાઠક

રૂપરેખા

2.1 ઉદ્દેશો

2.2 પ્રસ્તાવના

2.3 કૃતિ

2.4 કૃતિનો સારાંશ

2.5 કૃતિલક્ષી સઘન અધ્યયન

2.6 વસ્તુલક્ષી કસોટી

2.7 કૃતિલક્ષી ભાષાકીય અભિવ્યક્તિનો અભ્યાસ

2.8 લેખન-પ્રવૃત્તિ

2.9 તમારી પ્રગતિ ચકાસો

2.10 વિશેષ અધ્યયન

- ટિપ્પણ

- સંદર્ભ સૂચિ

## 2.1 ઉદ્દેશો

આ ટૂંકીવાર્તાના અભ્યાસ દ્વારા તમે –

- 'સરકારી નોકરીની સફળતાનો ભેદ' વાર્તાનો આસ્વાદ માણશો.
  - કથાવસ્તુની દૃષ્ટિએ
  - પાત્રાલેખનની દૃષ્ટિએ
  - વર્ણનશૈલીની દૃષ્ટિએ
  - સામાજિકસંદર્ભની દૃષ્ટિએ
  - કથનકેન્દ્રની દૃષ્ટિએ
- વાર્તામાં આલેખાયેલા લગ્નવ્યવસ્થાના સંસ્કારને લગતા અજ્ઞાન અને અજ્ઞાનતામાંથી પ્રગટેલા હાસ્ય- કટાક્ષનો પરિચય મેળવશો.
- વાર્તામાં સતીત્વના જડ નિયમો સાથે બંધાયેલા હાસ્ય-કરુણ ચિત્રણને જાણશો.
- વાર્તાની સામાજિક સંદર્ભ સાથે ભળેલી નિરૂપણરીતિનો પરિચય મેળવશો.

## 2.2 પ્રસ્તાવના

દ્વિરેફની વાર્તાઓ રોજબરોજના માનવજીવન – વ્યવહારને કેન્દ્રમાં રાખી રચાયેલી હોવાથી એક વાત જરૂર સ્પષ્ટ થાય કે દ્વિરેફ વાસ્તવદર્શી હતા. દ્વિરેફની વાસ્તવ અને વિષમતાઓમાંથી જે દુઃખ-કરુણતા ઉત્પન્ન થાય તેને ફિલસૂફની અદાથી હસી કાઢવાની શૈલી દાદ માંગી લે તેવી છે. લાંબાલચક વર્ણનો, સંવેદના પૂર, ભાષાના વિલાસ કે આસમાની જીવન જીવતાં પાત્રોના જુવાળથી અલગ હટીને તેઓ સ્વસ્થ અને સમતોલ વાર્તાઓ ઘડવાનું કાર્ય પાર પાડે છે. આ વાર્તામાં પણ પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિના

એકીકરણથી જિંદગી અને વિચારોમાં સમતુલા જાળવતો નાયક(હું) ધર્મના નામે અજ્ઞાનરૂપી જડતા વ્યક્ત કરતી, સતીત્વને ધારણ કરવા મથતી સ્ત્રી દ્વારા ત્રસ્ત વ્યક્તિ, પત્નીના સતીત્વના તપથી દૂર રહેવા બને ત્યાં સુધી ઘરે જવાનું ટાળે છે. ભોજનની વ્યવસ્થા પણ મહારાજ પાસે જ કરી લે છે, સરકારી નોકરીમાં કામ પૂરું થયા પછી બીજું કામ માંગે, સાહેબનું ખાનગી કામ પણ કરવા તૈયાર, પેન્શન ન લેતાં નોકરીનાં વરસો માંગ્યા કરે – આ હાસ્ય જન્માવતી ઘટનાઓ સાથે વાર્તાકાર જડ પ્રથાઓ પર કટાક્ષ કરતા જણાય છે. વાર્તાનાયક જ પ્રત્યુત્તરરૂપે પોતાની વાત કહે એ આખી રચનારીતિની દૃષ્ટિએ એ આ પ્રયોગશીલ વાર્તા છે. આખી વાર્તામાં ક્થાનાયકના મનનો વિષાદ વ્યક્ત થાય છે.

## 2.3 કૃતિ (સરકારી નોકરીની સફળતાનો ભેદ)

શું કહ્યું? 'હું કેમ પેન્શન ન લેતાં નોકરીનાં વરસો માગ્યા કરું છું ?', 'અને મને કેમ વરસો મળે છે ?', 'કેમ તમારું પ્રમોશન રોકાય છે ?', 'ના, ના, સહેજ જાણવા પૂછો છો' એમ ?

જોતા નથી મારા જેવો નિમકહલાલ અને નિયમિત કોઈ સરકારી નોકર નથી ! તમે હંમેશા મોડા આવનાર કયાંથી જાણો કે ઑફિસમાં હમાલથી પણ વહેલો આવું છું ? આટલાં વરસની નોકરીમાં કદી કેઝ્યુઅલ કે હકની રજા પણ લીધી નથી ! જોતા નથી આખો દિવસ લખલખ કરીને મોં પણ વાંકું થઈ ગયું છે ! તમે બધા ચાબીડી પીવા વગેરેનાં બહાનાં કાઢી કામ પડતું મૂકો છો, વખત કાઢવા માટે વાતો કરો છો અને વાતો કરવા માટે મિત્રો કરો છો અને મિત્રો ભેગા થઈ ઠઠ્ઠામશ્કરી કરો છો,પણ એક લોટે જવું પડે તે સિવાય મને કદી કામ વિનાનો જોયો છે ? કામ થઈ રહે છે ત્યારે સાહેબની પાસે જઈ બીજું કામ માંગું છું. અને છેવટે કંઈ  ન મળે તો સાહેબને પોતાને માટે નકલો કરી આપું છું ! તેમના ખાનગી કાગળો લખી આપું છું, પણ; ઘડી પણ લખ્યા વિના બેસતો નથી.અસહકારની ભરતીમાં તમે બધા ફાઈલોમાં 'નવજીવન' સંતાડી વાંચતા હતા પણ મેં કદી લખતાંલખતાં માંથું પણ ઊંચું કર્યું છે? પછી શું સરકાર એટલી પણ કદર ન કરે ?

વળી શું પૂછ્યું ? 'એટલી એકનિષ્ઠા કામમાં શી રીતે આવી' એમ ? તમારે જાણવું છે ? એટલી ધીરજ છે ? ભલે, સાંભળો.

પાંત્રીસ વરસની વયે હું વિધુર થયો. તે વખતે મારા કુટુંબમાં મારી ઘરડી મા અને બાળક છોટુ બે જ હતાં.

નાતજાતમાં હું સારો આબરૂદાર પ્રતિષ્ઠાવાળો તે વખતે તો હતો. અનેક માણસો મારા ઘવાયેલા હૃદયને મલમ લગાડવા આવ્યા. આપણા 'સૃજનજૂના' સંસારના દિલાસાના આચારવિચાર વગેરે સર્વ રૂઢિસિદ્ધ છે.'અરર ! આઠ દિવસમાં તો શરીર કેવું થઈ ગયું ? તમે હવે ચિંતા કરવી છોડી દો. તમારી નાતમાં કન્યાની અછત કેવી ? તમે ગભરાશો નહિ. કાલે સવારે છોટુને નવી મા આવશે અને ઘરનું કામ ઉપાડી લેશે !' વગેરે અનેક પ્રકારનાં સાંત્વનો આપવા માંડ્યાં.

શું કહ્યું ? વચમાં કેમ બોલ્યા ? 'તે આ વાતને મારી ઑફિસની સરળતા સાથે શો સંબંધ છે' એમ ? તમે નવા જમાનામાં છો. કપડાં, વાળ, જોડા, મૂછો બધું નવી ફૅશન પ્રમાણે રાખો છો અને એટલી ખબર નથી કે દરેક માણસની કારકિર્દીની સફળતા

તેની પત્ની ઉપર આધાર રાખે છે? હું પણ એ જ બતાવવા માગું છું કે મારી સફળતા મારી સ્ત્રીને આભારી છે. બસ, હવે વચમાં ન બોલશો.

હું શું કહેતો હતો ? હા ! તમને એમ લાગતું હશે કે મેં તરત જ પરણવાની હા પાડી દીધી હશે. ના, હું નવા શિષ્ટાચારોને પાળનારો માણસ હતો. તમારા મોં પર અવિશ્વાસની છાયા હું દેખું છું, હું કદી નવા જમાનાનો હોઉં એ તમને સાચું લાગતું નથી, પણ હું પણ ગ્રેજ્યુએટ થયો છું. હું ગ્રેજ્યુએટ થયો ત્યારે મને તમારા કરતાં ઘણો ઉત્સાહ હતો. હર્બટ સ્પેન્સર અને ગોવર્ધનરામ જેવા મહાન ગ્રંથકર્તાઓને મેં વાંચેલા હતા. અને પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સામ્ય શું, અસામ્ય શું તે જોઈ બંનેનું એકીકરણ કરવાના મને અભિલાષો હતા. આપણે ત્યાં લગ્ન બાબતમાં પશ્ચિમથી ઊલટો શિષ્ટાચાર આ જમાનામાં પ્રચલિત છે, એમ હું બરાબર જાણતો હતો. પશ્ચિમમાં સ્ત્રી પરણવાની ના પાડે છે અને પુરુષ હા પાડતો હોય છે. અહીં પુરુષ ના પાડે છે અને સ્ત્રીને હા-ના કરવાનો અવકાશ જ હોતો નથી. મેં પરણવાની ના જ પાડી. આપણે સુશિક્ષિત લોકો જૂના માણસો જેવા હૃદયહીન હોતા નથી કે સ્ત્રી ગુજરી ગયા પછી એટલી ઉતાવળથી પ્રસિદ્ધ રીતે પરણવાની હા કહીએ !

મને દિલાસો દેનાર રૂઢિબદ્ધ હતા. પણ તેમનામાં બુદ્ધિ નહોતી એમ નહિ. તેમણે સામો પ્રશ્ન કર્યો : ''પણ કેમ નથી પરણવું ?'' મારો નકાર ખરા હૃદયનો હતો માટે જ મેં દલીલ કરી : ''મારે તો કુશળ છોકરો છે. ફરી પરણવાનું શું કામ છે?'' પણ સત્યની ખાતર મારે સ્વીકારવું જોઈએ કે આ દલીલ ઊડી ગઈ. ''એ છોકરાને સાચવવા માટે જ બૈરીની જરૂર તો ! તમે તો ગમે તેમ ચલાવી લો પણ બિચારું છોકરું મા વિના હિજરાઈ મરે !'' મેં દલીલ બદલાવી કહ્યું : ''હવે હું પાંત્રીસ વરસનો થયો, મારાથી ફરી પરણાય નહિ.'' પણ સામાનો બાપ પિસ્તાળીસ વરસે પરણ્યો હતો તે પછી તેને સાત દીકરા થયા હતા અને તેની મા ભાગ્યશાળી હતી તે ચૂંદડી ઓઢીને ગઈ હતી. બીજા એકનો મામો પચાસ વરસે પરણેલો અને એકનો ફુઓ સાઠ વરસે પરણેલો અને બધા સુખી થયાના દાખલા થોકબંધ મારી પાસે રજૂ થયા. બધાએ કહ્યું : ''એ તો સારાં વાનાં થશે.'' કોણ કહે છે હિંદુઓ આશાવાદી નથી? પણ છેવટે બે માણસ આગળ મારી હઠ છૂટી ગઈ. એક કહે : ''તમે મોટા શેના કહેવાઓ ? એ તો કુળવાન એટલે નાનપણથી પરણ્યા અને છોકરાં થયાં, નહિ તો પરણવાની ઉમ્મર તો હવે જ તમારી થઈ કહેવાય. અંગ્રેજો તો આવડી ઉમ્મરે તો હજી કુંવારા હોય છે.'' બીજાએ કહ્યું : ''તમને તમારી દયા નથી આવતી ? બૈરાંની સેવા તો બૈરાં જ કરી શકે, તમે શું કરવાના હતા?'' હવે પશ્ચિમ અને પૂર્વ બંને આદર્શ પ્રમાણે મારે પરણવાનું સિદ્ધ થયું. કેમ, મોટી ઉમ્મરે પરણવું એ પશ્ચિમનો આદર્શ નહિ? અને માતાપિતાની ખાતર પરણવું, પરમાર્થની ખાતર પરણવું એ આપણો પૂર્વનો આદર્શ નહિ? કેમ, તમે ન સમજ્યા ? સરસ્વતીચંદ્ર માતાપિતાની ખાતર પરણવા તૈયાર થયો હતો ના ! એ આપણો પૂર્વનો આદર્શ. તમને મશ્કરી લાગે છે એમ? ભાઈ, તમેં હિંદુ લગ્નનું રહસ્ય જાણતા જ નથી, હિંદુઓના પહેલા લગ્નને માટે કશા કારણની જરૂર હોતી નથી; અને બીજા લગ્ન માટે હરેક હકીકત કારણ બને છે.

હજી ઘણી મુશ્કેલીઓ હતી, બહારની તેમ જ મારા અંતઃકરણની. પણ મારા જીવનનો મુખ્ય નિયમ એ છે કે એક વાર મુખ્ય સિદ્ધાન્ત નક્કી થઈ ગયા પછી વિગતોમાં

ઘણી છૂટ મૂકવી. તેમાં આગ્રહ ન રાખવો, એ મુજબ જોકે મારા અંતઃકરણનું દર્દ હજી શાંત થયું નહોતું, છતાં મારી સ્ત્રીના મરણના તેરમા દિવસે જ, કન્યાની ઉમ્મરના અર્ધથી નાની હતી છતાં, અમારી નાતના પ્રસિદ્ધ શાસ્ત્રી પૂરણરામની પુત્રી સાથે વિવાહ કરવાની મારે સંપતિ આપવી પડી. એ કન્યાની શોધ મને દિલાસો દેનારાઓએ જ કરેલી અને તેમની પાસેથી જ મેં સાંભળ્યું હતું કે શાસ્ત્રીએ તેને એક આદર્શ હિંદુ ધર્મ પત્ની બનાવવાને ઘણી કેળવણી આપેલી હતી. તેને ડાહ્યાભાઈ ધોળસાજીનાં સતીત્વ સંબંધી ગીતો મોઢે આવડતાં, તે હંમેશાં 'સત્યવાન સાવિત્રી'ના ચરિત્રનો પાઠ કરીને જ ખાતી, 'સતીમંડળ'ના બંને ભાગો બરાબર વાંચી ગઈ હતી અને સતીધર્મ સમજતી હતી.

મારું લગ્ન થઈ ગયું. શું કહ્યું ? 'મારી પત્નીનું નામ શું ?' એ પ્રશ્ન તમે વળી ક્યાં પૂછ્યો ? હું કહું છું તમે વચમાં બોલ્યા જ શા માટે ? એ પ્રશ્નથી મારી કર્મકથાનો ભયંકર પ્રસંગ બન્યો હતો. કેમ તમને એમ લાગે છે કે હું જૂના મતનો છું અને નામ દેતાં શરમાઉં છું? ના, એમ નથી. લો ને એ જ કહું એટલે તમને ખાતરી થશે.

પરણ્યાને બેએક માસ થયા હશે. મારે ઘરે એક મારો જૂનો મિત્ર આવ્યો. મને અભિનંદન આપ્યા. અમે જમતા હતા. મારી સ્ત્રીને આવડે તેવું રાંધતી હતી. મારા મિત્રે આ પ્રશ્ન કર્યો. મેં કહ્યું : 'વિમળા.' પણ તે કહેતાં તો વજ્રપાત થયો હોય તેમ વિમળાને મૂર્છા આવી. તેનું માથું ચૂલામાં પડ્યું, મોઢું દાઝી ગયું, અને મેં તેને ઉપાડી ખાટલામાં સુવાડી. મારા મિત્રને દાકતરને ત્યાં મોકલ્યો.

વળી શું પૂછ્યું ? 'મૂર્છા શાથી આવી' એમ ? કેમ, તમે સમજ્યા નહિ કે તે સતી હતી. હા, પણ એ હજી મેં નથી કહ્યું. તમે વચમાં નામ પૂછીને બગાડ્યું. મને પહેલેથી કહેવા દીધું હોત તો તમે તમારી મેળે સમજત કે મૂર્છા શાથી આવી ?

ધનતેરસ દિવસે તે સવારમાં આણે આવી. આવીને હું બેઠો હતો તે ઓરડીમાં મને બંને હાથ જોડી બહુ જ ભક્તિપૂર્વક પગે લાગી. મેં એમ માન્યું કે દિવાળીના તહેવારો છે તેથી કે પછી આ પહેલો મેળાપ છે તેથી કોઈ સનાતની શિષ્ટાચાર પ્રમાણે વંદન કરતી હશે.

રાત્રે સૂતી વખતે પાછી આવી અને કહ્યું : "સ્વામીનાથ !" હું પ્રથમ તો ચમક્યો. પછી તરત મને અતિશય જુગુપ્સા,ધિક્કાર, ઘૃણા જેવું થયું. મને સમજાયું નહિ કે હું કોના ઉપર શા માટે તિરસ્કાર કરું છું ? શું 'સ્વામીનાથ' શબ્દ સંસ્કૃત વાઙ્મયમાં વપરાતો નથી તેથી એમ થયું હશે? પણ તેથી પણ વધારે ખોટા શબ્દ કદી નહિ સાંભળેલા સાંભળું છું અને આવું કદી થયું નથી !

શું કહ્યું ? 'તમે તો ઘણીયે વાર એ શબ્દ સાંભળ્યો છે છતાં તમને કાંઈ નથી થયું; એમ ? વારુ, ક્યાં સંભાળ્યો છે ? 'નાટકમાં ?' નાટકમાં તો મેં પણ સાંભળ્યો છે. પણ એવું ઘણું છે. જે નાટકમાં સારું દેખાતું હશે પણ તે ખરા અનુભવરૂપે તો માથું ફેરવી નાખે છે. નાટકમાં જે જે સ્ત્રીઓના નાચ અને હાવભાવ ઉપર તમે એટલા આફરીન થાઓ છો તે સ્ત્રીઓ તમારી પાસે આવે તો તમે જરૂર નાસો. એવી સ્ત્રીઓ પાસે પુરુષ તરીકે એક માત્ર ઊભા રહેવા ખાતર જ હું પુરુષપાત્રોને ગમે તેટલું આપું. તમે કલાસંબંધી ગમે તેવી ચર્ચા કરતા હો પણ હું તો ચોક્કસ એમ માનું છું કે કલામાં જે

સુંદર દેખાય છે તે વ્યવહારમાં, આ સાચી દુનિયામાં ભયંકરમાં ભયંકર છે. ડુંગરા પેઠે કલા પણ દૂરથી રળિયામણી છે.

પણ અત્યારે તમારી સાથે આટલી ચર્ચા કરી તેટલો વખત મારે તે વખતે નહોતો. પહેલા શબ્દનો હું જરા વિચાર કરું એટલામાં વાક્ય આવ્યું: ''સ્વામીનાથ, દાસીને કેમ કાંઈ આજ્ઞા કરતા નથી?'' અભ્યાસ દરમ્યાન સ્ત્રીસ્વતાંત્ર્યના પક્ષમાં હું કદી બોલેલો ખરો પણ દુનિયાના સર્વ પુરુષો પેઠે, પુરુષના સ્વાભાવિક ઉપરીપણા વિશે મારા મનમાં શંકાને અવકાશ કદી હતો નહિ : પણ સ્ત્રીના મુખથી સાંભળેલી આ તાબેદારીથી તો હું અવાક્ થઈ ગયો. મને સમજાયું જ નહિ કે સ્ત્રી ઉપર મારું શું ઉપરીપણું હશે ? પણ તે આગ્રહી હતી. તેણે ફરી ગદ્ગદ કંઠે કહ્યું : ''પ્રાણનાથ, દાસીને આજ્ઞા કરશો તે કરવા તત્પર છે.'' પણ મારું મન કોઈ અપૂર્વદષ્ટ ભૂતથી બીને નાસે તેમ આના પ્રશ્નેપ્રશ્ને તેનાથી દૂર નાસતું હતું. કોઈ અદ્ભૂત રીતે મારા પોતાનાથી પણ દૂર નાસતું હતું. મને શું જોઈએ છે તે પણ હું નક્કી કરી શકતો નહોતો. અને હવે તરત નક્કી કરવાની જરૂર હતી, કારણ કે ગદ્ગદ કંઠથી હવે ડૂસકાં સુધી વાત આવી હતી. મૂંઝવણ અને આશ્ચર્યથી છૂટી થઈ શકે તેટલી બુદ્ધિનો ઉપયોગ કરી મેં કહ્યું ''કાલે ઑફિસ જાઉં તે પહેલાં કોટને બરાબર બ્રશ કરજે.'' તેણે કહ્યું: ''આપનો ઉપકાર, પણ હું તો આપના અંગની સેવા કરવાની અભિલાષા રાખું છું.'' મારી મૂંઝવણ વધતી ગઈ. તેણે પૂછ્યું : ''આપના પગ તળાસું, આપનું માથું ચાંપું, આપને વાયુ ઢોળું?'' ઊંઘમાં ઓથારથી મન ચંપાતું હોય તેમ મારું મન મૂંઝવણથી ચંપાવા લાગ્યું. મારા શરીરને અત્યારે શું જોઈતું હશે તે ગમે તેટલી તપાસ કર્યા છતાં મન શોધી શકતું નહોતું. હવે મોડું થઈ શકે તેમ નહોતું. આંસુ પડવા માંડ્યાં હતાં. ઓથારમાં ચમકી જઈએ તેમ ચમકીને મેં જવાબ આપ્યો: ''પગ દાબ.'' પગ દબાવા લાગ્યા, પણ કોઈ અજ્ઞાત વ્યાપારથી પગ પણ તેના સ્પર્શથી સંકોચાતા હતા, ખેંચતા હતા, અને પગ લઈ લેવા જેટલી હિંમત નહોતી, એટલે માત્ર જ્ઞાનતંતુઓ ખેંચાતા હતા.

સતીના મનને સંતોષ થયો હશે એમ લાગ્યું ત્યારે મેં સૂઈ જવા કહ્યું. તે તો અપ્રતિમ કૃતકૃત્યતાના સંતોષથી ઊંઘી ગઈ પણ મને રાત આખી આના વિચારમાં ઊંઘ ન આવી. ખરું કહું તો વિચાર પણ નહોતો આવતો, માત્ર મૂંઝવણ હતી. સવાર પડવા આવતાં જ થાકીને મન ઊંઘી ગયું પણ હજી ઊંઘથી મનને શાંતિ મળે તે પહેલાં મારા પગને કંઈક વિલક્ષણ સ્પર્શ થવાથી હું જાગી ઊઠ્યો. જોઉં છું તો મારા પગને ઉઘાડા કરી મારી પત્ની પગને માથું અડાડી પડી હતી. મને માત્ર મૂંઝવણ નહોતી, ભય થવા માંડ્યો હતો. અનંત સવારો મારી નજર આગળ એકસાથે ખડી થઈ ગઈ અને તે દરેક સવારે મારા પર આ ઑપેરશન થવાનું એ વિચારથી હું કંપવા લાગ્યો. અનંતતા કલામાં તમને કદાચ સુંદર લાગતી હશે પણ મને તો તેનો પ્રથમ અનુભવ અતિશય ભયંકર થયો.

પણ ભયનું સ્વરૂપ જાણતાં માણસની મૂંઝવણ ટળે છે અને તેની સામે થવા પ્રયત્ન કરે છે. દિવસ આખો મેં વિચાર કર્યો. ખરી રીતે વિચારમાં પ્રગતિ થતી નહોતી પણ એનું એ ભયંકર દશ્ય નજરે આવતું હતું. છેવટે મેં નિશ્ચય કર્યો કે એક જ વાર હૃદય મજબૂત કરીને આ બંધ કરવું. તે રાત્રે મેં અંગની સેવા કરવાની અને સવારે પગે

લાગવાની ચોખ્ખા શબ્દોમાં ના કહી. મને લાગ્યું કે મારી યુક્તિ સફળ થઈ છે; કારણ કે તેણે ડૂસકાં ન ભર્યાં, તે રોઈ નહિ, તેમ સવારે મને પગે લાગ્યા વિના ચાલી પણ ગઈ. પણ એ યુક્તિ સફળ થઈ નહોતી. ત્રીજે દિવસે મને માજીએ કહ્યું કે, બે દિવસથી વહુએ ખાધું નથી અને કામ કર્યા કરે છે. ! હું તરત જ સમજી ગયો. તે રાત્રે મેં મારી પત્નીને કહ્યું : ''સતી ! હું તારા સતીત્વથી પ્રસન્ન છું. તું આજે મને ખુશીથી વાયુ ઢોળ.'' મેં સવારે નમન કરવાની રજા પણ આપી. પાછું કામ સરેડે ચાલ્યું.

મને લાગ્યું કે હવે કાંઈ બીજી યુક્તિ શોધવી જોઈએ. બેત્રણ દિવસો માત્ર તેના જ વિચારો કર્યા. છેવટે યુક્તિ સૂઝી. તે રાત્રે હું ઘણા જ અભ્યાસમાં બેઠો હોઉં એવી રીતે ચોપડી લઈ પલાંઠી વાળી વાંચવા માંડ્યું. સતી આવી પણ મેં તેના સામું ન જોયું. તેણે આવી નિત્યનિયમ મુજબ સેવા માગી. મેં કહ્યું : ''સતી, મારે માતૃશ્રીની સેવા કરવી જોઈએ પણ વાંચવાનું ઘણું કામ હોવાથી મારાથી બનતું નથી અને હું પાપમાં પડું છું. તું ચોવીસે કલાક તેમની સેવા કરે તો હું પાપમાંથી મુકત થાઉં. રાત્રે પણ તેમને કાંઈ જરૂર પડે માટે તું ત્યાં જ સૂઈ રહેજે. નહિ તો મારે એ બધું કરવું જોઈએ.'' અને આ વાક્ય મેં ઘણા જ ભક્તિભાવથી કહ્યું અને સતીએ તે માન્યું. તે તરત જ ગઈ. માતાજીને પણ પગ ચંપાવવાનો શોખ હતો તે પૂરો થયો અને હું ત્રાસમાંથી બચી ગયો.

આ યોજનામાં ખરેખર કોઈ અદ્‌ભુત ન્યાય હતો. હું મારે માટે પરણ્યો નહોતો. માતૃશ્રી માટે પરણ્યો હતો. મેં ધર્મનું રક્ષણ કર્યું હતું, તો ધર્મ મારું આ વિપત્તિમાં રક્ષણ કરે જ !

પણ હું જેમ માતૃધર્મ ખાતર પરણ્યો હતો તેમ સતી પણ પોતાની ખાતર નહિ, મારી ખાતર નહિ, પણ સતીત્વધર્મની ખાતર પરણી હતી, અને તે પોતાનો ધર્મ છોડે એમ નહોતી. સવારે આવીને તેણે મને પાછું શિરસા વંદન કર્યું. હવે આનું શું કરવું તેનો હું વિચાર કરવા લાગ્યો. દરમિયાન મને સમજાતું ગયું કે અંગ્રેજી અમલ જેમ હિંદુસ્તાનને દરેક દિશાથી બાંધી લે છે, તેમ સતી પણ મારા જીવનને ચારે બાજુથી બાંધી લેતી હતી. મને સમજાયું કે સતી મારા ભાણામાં જમતી હતી, અને જાણી જોઈને મને જોઈએ તેથી વધારે પીરસીને મારું ઉચ્છિષ્ટ ખાતી હતી, અને એક દિવસ નાતના જમણમાં મારી પત્રાળી નહિ મળવાથી ભૂખી પાછી આવી હતી. બીજી બાજુ, મારું ઘર ઘણાં પડોશીઓને આકર્ષણનું કારણ થઈ પડ્યું હતું. સતી દિવસ આખો સતીત્વનાં ગીતો ગાતી. આસપાસની સ્ત્રીઓને તેમના પતિઓ મારી સ્ત્રીનાં વખાણ કરી, સતીધર્મ શીખવા અને ઉચ્ચતર સંસ્કાર પામવા મારે ત્યાં બપોરે મોકલતા અને તેમને 'સતીમંડળ' 'સાવિત્રી-ચરિત્ર' વગેરે આખ્યાનો સતી સંભળાવતી. આ પૂજામાંથી નાસી જવા ઘર છોડી દૂર કોઈને ઘેર બેસતો, તો ત્યાં પણ -

'ઊગ્યો સખી સૃષ્ટિનો શણગાર હાર'

સંભળાતું, જે ગીત તમે હજી પણ કોણ જાણે સ્ત્રીભાવ કે પુરુષભાવથી કે બંનેના મિશ્રભાવથી એકતાન થઈ ગાઓ છો તેનો છેલ્લો પ્રાસ, બૈરાં કૂટતી વખતે સ્વર લંબાવીને 'હાય હાય' કરતાં હોય એવો મને લાગતો. અહીં પણ મને સુખ નહોતું. તેમાં વળી પડોશના પુરુષો મારા સાંભળતાં અને કોઈ વાર તો મને સંબોધીને મારી ધન્યતાનું

વિવેચન કરતા. જે વસ્તુની તમને ઊંડી જુગુપ્સા હોય તે જ વસ્તુને માટે અભિનંદન આપે અને તે વસ્તુ કેવી રીતે તમને અબખે પડી તે તમે બીજાને સમજાવી પણ ન શકો એથી વધારે વસમી અવસ્થા બીજી કઈ હોઈ શકે ?

હજી મારું ઉષઃપાદવંદન ચાલતું જ હતું. મને તેનો રસ્તો જડતો નહોતો. કયાંય હું તેને ટેવાઈ જઈશ એવી મને બીક લાગતી હતી એટલામાં વધારે આઘાતકારક બનાવ બન્યો. અમારી પહેલી લગ્નતિથિ – માસિક, આવી. તે દિવસે સતી હમેશ કરતાં વહેલી ઊઠી હતી. એમ મેં પાદવંદનવિધિથી જાણ્યું હતું. મારા હંમેશના વખતે ઊઠી હું બહાર જઈ પાછો આવ્યો. અને જોઉં તો ઘરમાં કોઈ નવો જ સમારંભ ! મેં ધાર્યું કે સત્યનારાયણની કથા કે એવું કાંઈ કરવાનું હશે. પણ હું પગ ધોતો હતો ત્યાં સતી આવી, ઘણે દીનભાવે કહેવા લાગી : ‘‘પ્રભુ !’’ દિવસના મહાત્મ્યથી હુંય ‘સ્વામીનાથ’, ‘પ્રાણનાથ’ મટી ‘પ્રભુ’ થયો હતો – ‘‘એ લાભ આજે મને આપો. એટલો અનુગ્રહ કરો.’’ થોડી વાર તો સમજ્યો નહિ. પછી ખ્યાલ આવ્યો કે મારે માથે આજે શાં શાં વીતક વીતવાનાં હતાં. પણ અનુગ્રહ ન કરું તો વિકલ્પ શો આગ્રહ થવાનો હતો તે હું સારી રીતે જાણતો હતો. હું બોલ્યા વિના ઘરમાં ગયો. મને પાટલા ઉપર બેસાડ્યો. તરભાણામાં મારા પગ મૂકાવ્યા. પછી પંચામૃતથી મારા પગ, ધીમે ધીમે ઠાકોરજીને નવરાવે તેમ આચમનીએ ધોયા અને છેવટે અર્ધ્યપાદ્ય સતી પી ગઈ; પછી આરતી ઉતારી. આ ક્રિયા દરમિયાન મને અનેક ભય, શંકા, તિરસ્કાર થયા જ કરતાં હતાં. મને લાગતું હતું કે હું કયાંય ગાંડો થઈ જઈશ. કોઈ પણ માણસને ગાંડો કરવાની સહેલામાં સહેલી રીત તેને પગે પડવું એ છે. એ જ રીતથી મહેતાજીઓ પંતુજી બન્યા છે, રાજા, વાજા અને વાંદરા જેવા બન્યા છે. ધર્મગુરુઓ અમાનુષ બન્યા છે !

આ ક્રિયાથી મને નવી ચિંતાઓ ઊભી થઈ. પ્રાતઃવંદન તો ખાનગી ક્રિયા હતી અને આ તો જાહેર તહેવારનું રૂપ લેશે એમ લાગતું હતું. વળી, માસિક લગ્નતિથિએ આટલી વિધિ, તો વાર્ષિકમાં શું થશે એ કલ્પનાએ હું ધ્રુજવા લાગ્યો. ગમે તેમ કરીને આનો કાંઈક રસ્તો કાઢવો એમ નક્કી કર્યું મને મારા સઘળા અભ્યાસ મને કલ્પનાનો ઉપયોગ કરીને માર્ગ શોધી કાઢ્યો. રાત્રે સતી પાસે જઈ મેં કહ્યું : ‘‘સતી ! જેમ તમારો હું પ્રભુ છું તેમ મારે પણ ઈશ્વર પ્રભુ છે. જેમ તમે તમારા પ્રભુની પૂજા કરો છો તેમ મારે મારા પ્રભુની કરવી જોઈએ. પણ તમે મારી પૂજા કરો એટલો વખત મારું ધ્યાન ઈશ્વરપૂજનમાં રહી શકતું નથી, માટે મન એક બીજો ઉપાય સૂઝે છે. ઈશ્વરનું પૂજન જેમ મૂર્તિથી કરીએ છીએ તેમ તમે પણ મારું પૂજન મૂર્તિથી કરો. તમને હું મારો ફોટોગ્રાફ આપું. તેનું તમે નિત્ય નાહીને પૂજન કરો. અને લગ્નતિથિએ પણ તેનું જ પૂજન કરો. તેથી આપણા બંનેનું કલ્યાણ થશે.’’ સતીને આ વાત ગળે ઊતરી. તે દિવસથી મારો ફોટોગ્રાફ લઈ તેના પર ચંદન-અક્ષતનો પૂજાવિધિ થતો જોઈ મને નિરાંત વળી.

હવે મુખ્ય વાતની ચિંતા મને મટી ગઈ. જોકે હજુ કોઈ વાર વચમાં વિઘ્નો આવતાં. છોટુએ મારો ફોટોગ્રાફ જોવા લીધો, પડછાયો અને ફૂટી ગયો તે દિવસ સતીને બહુ અમંગળ શંકા આવી, તે કાચ કાઢી નાખીને મારે દૂર કરવી પડી, અને સતીને સમજાવવી પડી કે દેવ તારી પૂજામાં કાચ જેવો પારદર્શક અંતરાય પણ રાખવા માગતા નથી તેથી એમ થયું હતું. ત્યારથી ફોટોગ્રાફ ઉપર બધા સંસ્કારો થવા લાગ્યા.

અને એક રીતે એ જ મારો ખરો આત્માનો ફોટોગ્રાફ બન્યો. એ ફોટોગ્રાફ અત્યારે જુઓ તો તેના પર ચંદન, અક્ષત, ધૃત વગેરેના એટલા ટેકરા અને પડ ચડ્યાં છે કે તે ઓળખાય તેવો રહ્યો નથી, અને મારા આત્માનું પણ એવું જ થયું છે.

હવે સમજ્યા હશો કે સતીને શાથી મૂર્છા આવી હતી ! કેમ, હજી નથી સમજ્યા ? તમે પણ મારા કરતાં વધારે બુદ્ધિશાળી દેખાતા નથી. મને પણ તે દિવસે નહોતું સમજાયું. પણ મારી મૂંઝવણમાં ફરીથી સતીએ જ મદદ કરી. તેની મૂર્છા વળી એટલે મને કહે : "જો તમને માથામાં વેદના થાય તો મને બેઠી કરીને મારા ખોળામાં માથું નાખીને સૂઈ જજો. યમરાજ આવશે તો તેણે પણ હું જવાબ દઈશ." પ્રથમ તો મારી મૂંઝવણ વધી. સતીને સાવિત્રીનું સત ચડ્યું હતું એટલું સમજાયું પણ મરણની આગાહી કયા નારદજી કરી ગયા તે સમજાતું નહોતું. છેવટે સતીએ જ કહ્યું : "સ્ત્રીપુરુષ જો એકબીજાનું નામ દે તો તેમનું આયુષ્ય ઘટે છે એવો ધર્મનો સિદ્ધાંત છે." ત્યારે મને સમજાયું કે માત્ર ડૉકટર મટાડી શકે તેવો આ કેસ નહોતો. મારો મિત્ર તો આ પહેલાં જ ચાલ્યો ગયો હતો. પણ મેં તમને કહ્યું છે કે ભયનું સ્વરૂપ જણાયા પછી તેનો ઉપાય જડે છે. મેં એક શ્લોક બનાવી કાઢ્યો. જૂનો જડતા પણ શોધવો મુશ્કેલ, માટે મેં જ બનાવ્યો. તેનો અર્થ થતો હતો કે જેનું નામ દીધું હોય તેનું આયુષ્ય ઓછું થાય. સતીના મનનું સમાધાન થયું. ત્યારે શ્લોક સાંભળવો છે ? 'ના ?' તમારી ધીરજ ખૂટી લાગે છે. લો, ત્યારે બાકીની વાત ઝટ પૂરી કરું. 'નહિ ?' ધીરજ નથી ખૂટી? ત્યારે સંસ્કૃત નહિ આવડતું હોય. ભલે.

હવે સામાન્ય કામકાજ ઠીક ચાલતું હતું. મને માત્ર એટલી જ ચિંતા હતી કે માજી ઘરડાં થતાં જાય છે અને એમને રાજકદૈવક થશે, પછી પાછો સર્વ પૂજનવિધિ કયાંક મારા પર આવી પડશે. મને હવે સમજાયું કે સ્મૃતિકારો જેમ ચોવીસ કલાકની વ્યવસ્થા કરે છે, તમે મારે અમારા જીવનની વ્યવસ્થા કરવી જોઈએ. પણ હજી સર્વ પ્રકારના હેતુઓ-વિધિઓ જડતા નહોતા. એટલામાં એક નવીન અકસ્માત બન્યો. જેથી મને સર્વ માર્ગ જડી ગયો. મારે થોડું પરગામ જવાનું આવ્યું. મેં ધાર્યું કે થોડા દિવસો તો સતીના પ્રભાવથી સ્વતંત્ર રહેવાનો પ્રસંગ મળશે. પણ સતીના ધર્મમાં એક પણ પ્રસંગ માટે નિયમ ન હોય એમ નહોતું. સતીએ મારી ટ્રંકમાં મીઠું, હળદરનો ગાંઠિયો વગેરે મૂક્યાં. નીકળતી વખતે શ્રી ગણપતિ ગજાનન ને અગસ્ત્ય મુનિને સંભારવાનું કહ્યું. અને બધી સૂચનાઓ આપ્યા પછી એક સુંદર ડબી મને આપી. મને લાગ્યું કે મારા સૌભાગ્ય માટેનું કંકુ કે એવું કાંઈ હશે. પણ પોતાના સૌભાગ્ય ઉપરાંત બીજા કોઈના સૌભાગ્યની દરકાર કરવાનો સતીને અવકાશ નહોતો. દાબડી ઉઘાડી તેમાંથી મગ દેખાડી સતીએ કહ્યું : "સવારમાં ઊઠી દાતણ કરી આમાંથી એક મગ ખાજો એટલે પછી તમારે જમવાનું ગમે તેટલું મોડું થાય તો પણ મારે વાંધો ન આવે." તમે નહિ સમજ્યા હો, પણ હું હવે સતીની સાથે એટલો વખત રહ્યો હતો કે આ સૂચનાનું રહસ્ય તરત સમજી ગયો. સતી મારા જમ્યા પહેલાં કાંઈ ખાતી નહોતી અને તે નિયમનો ભંગ કોઈ રીતે ન થવા દેવાનો આ ધાર્મિક વિધિ હતો.

હવે આખા જીવનની ફિલસૂફી મનમાં ચોક્કસ થઈ ગઈ. તેના વિધિ પણ નક્કી થઈ ગયા. તેમને અમલમાં મૂકવાનો વખત પણ માજીના મરણથી આવી ગયો. મેં તરત બદલી માગી. અહીં આવ્યો ત્યારથી મારું જીવન એકસરખું જ ચાલ્યું જાય છે.

સૂર્યચંદ્રની ગતિમાં ફરક પડે, પણ મારા નિયમોમાં કદી ફરક પડતો નથી. તમારે સંભાળવા છે ? હાસ્તો, અત્યાર સુધીનું રહસ્ય તો આ નિયમોમાં જ છે.

પહેલો નિયમ એ કે સતીને બને તેટલી સતીધર્મમાં જ રાખવી. મેં મારા ફોટોગ્રાફની પૂજા ઉપરાંત તેને મારા નામનાં પુરશ્ચરણો કરતાં શીખવ્યાં છે, અને તે જાણે છે કે તેથી જ વધારે સારા પગારથી અમારી બદલી અહીં થઈ છે, પગાર વધે છે અને પેન્શન ન મળતાં નોકરીનાં વરસો વધે છે, અને વૃદ્ધ છતાં હું જીવું છું.

બીજો નિયમ એ કે મારે બને તેટલું ઘરમાં ઓછું રહેવું.

આ બંને નિયમોની વ્યવસ્થા બરાબર થઈ ગઈ છે. સતીના સતીત્વથી મને ઘણી સારી નોકરી મળી છે, મને સાહેબ ઘણું જ વિશ્વાસનું કામ સોંપે છે તેથી મારે ઑફિસમાં બહુ વહેલા જવું પડે છે. અને મોડા છૂટવાનું થાય છે. કોઈ વાર ઘેર જ જઈ શકાતું નથી !

આની એક પેટાવ્યવસ્થા જણાવી દઉં. સતીને સતીધર્મનું એટલું બધું કામકાજ રહે છે કે રસોઈ હંમેશાં કાચીપાકી થાય જ. જેથી મને જરા સંગ્રહણી જેવું દરદ ગયું છે. માટે મારે સ્વત્રંત રીતે જમવાની વ્યવસ્થાની જરૂર હતી. આ મહારાજ અહીં સારી મીઠાઈ અને રસોઈ પૂરી પાડે છે, તમે બધા વખાણી વખાણીને ખાઓ છો, પણ તમે જાણતા નહિ હો કે એ સંસ્થા મને આભારી છે. સવારમાં મગ ખાવાથી સતીધર્મને બાધ આવતો નથી.

ત્રીજો નિયમ એ કે મિત્રો ન કરવા. કેમ, તમને એક લાગે છે કે મારી પત્નીને જોઈ જાઓ એ અદેખાઈથી મિત્રો નથી કરતો ? મારી પત્નીને કોઈ જુએ જ નહિ — ખાસ કરીને તેને ચૂલા આગળ સતીત્વ ચડ્યું હતું તે દિવસથી — અને જુઓ તો પણ રેલવેના ભયસૂચક ફાનસ જેવા, મોટા, આખા કપાળને રોકીને પડેલા, લાલ ચાંલ્લા સિવાય બીજું કાંઈ દેખાય જ નહિ ! પણ મિત્રોથી અમારા પરસ્પર ધર્મોમાં અગવડ પડે છે અને મિત્રો માટે સ્થિતિ કફોડી થઈ જાય છે, માટે મિત્રો ન કરવા.

અલબત્ત, તમને બધાને મૈત્રી દ્વારા વાતો કરીને લખવાના કામમાંથી થાક ખાવાનો વખત મળે છે, પણ મને સતીએ જે સંગ્રહણીનો રોગ આપેલો છે તે એ જ કામ કરે છે. તેનાથી થાક ઊતરે છે અને મિત્રો થતા નથી. તેમ છતાં રખેને કોઈ મિત્ર થઈ જાય એવી બીકથી બધો વખત લખવામાં જ ગાળું છું.

મારી વાત પૂરી થઈ છે, પણ તમે કેમ આમ ગભરાયા જેવા દેખાઓ છો ? તમે મને શું દુઃખી ધારો -છો ? ના, ના, મારે શું દુઃખ છે ?ઘેર સૌભાગ્યવતી સતી છે, છોટુ ભણે છે, ઓરમાન મા છે છતાં બંને કોઈ વાર લડતાં જ નથી. છોટુ હૉસ્ટેલમાંથી ઘેર બહુ નથી આવતો. મને સરકારી નોકરી છે, પગાર છે, સાહેબની મહેરબાની છે. નોકરીમાં વરસો વહ્યે જાય છે, અને ધૈર્ય તો એવું કેળવાયું છે કે અસહકાર શું અસહકારનો બાપ આવે, તો પણ મારા હૈયાનું રૂંવાડું પણ ફરકે નહિ !

**- રા. વિ. પાઠક**

## 2.4 કૃતિનો સારાંશ

**ખંડ :1**

વાર્તા નાયકના પ્રશ્ન 'શું કહું ? હું કેમ પેન્શન ન લેતાં નોકરીનાં વરસો માગ્યાં કરું છું..!' આથી શરૂ થાય છે. તેમણે સરકારી નોકરીમાંથી કદી કેઝ્યુઅલ કે હકની રજા પણ લીધી નથી. સામે શ્રોતા મિત્રને આજ વાતની નવાઈ થાય છે. નાયક કામ વિનાનો ક્યારેય રહેતો નથી, એક કામ પતે પછી સાહેબ પાસે જઈ બીજું માંગે અને એ પણ પૂરું થાય ત્યારે સાહેબના ખાનગી કાગળ પણ લખી આપે.

આશ્ચર્ય સાથે શ્રોતા પૂછે 'એટલી એકનિષ્ઠા કામમાં શી રીતે આવી' – પછી નાયક પોતાની આપવીતી કહેવી શરૂ કરે. તે પાંત્રીસ વર્ષની વયમાં વિધુર થાય છે, કુટુંબમાં ઘરડીમા અને બાળક છોટુ છે. બીજા લગ્ન કરવા ઘણા સમજાવે, દિલાસા આપે, મોટી ઉંમરે લગ્ન કર્યાનાં ઉદાહરણો આપે, પૂર્વ અને પશ્ચિમની રૂઢિઓ વિશે ચર્ચા થાય, લગ્નના શિષ્ટાચાર, સુશિક્ષિત લોકો શિષ્ટાચારની વાતો થાય. નાયક ગ્રેજ્યુએટ હોવાથી કંઈક અંશે પશ્ચિમી સંસ્કૃતિના શિષ્ટાચારથી પણ પરિચિત છે અને પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિના એકીકરણ સાથે ચાલનાર છે. કોઈ દીકરા માટે તો કોઈ ઘરડી મા માટે બીજી પત્ની કરવાની સલાહ આપે. છેલ્લે, સરસ્વતીચંદ્ર જેમ માતા-પિતા ખાતર પરણવા તૈયાર થાય તેમ નાયક બીજા લગ્ન માટે તૈયાર થાય.

**ખંડ :2**

બીજા લગ્ન કરવાનો નિર્ણય લીધા બાદ પણ બહારની તેમ જ અંતઃકરણમાં ઘણી મુશ્કેલીઓ હતી; પરંતુ, એકવાર મુખ્ય નિર્ણય થઈ ગયા પછી વિગતોમાં છૂટ મૂકી શકાય તેવા નાયકના પ્રથમ સ્ત્રીના મરણના તેરમા દિવસે નાયકના પોતાનાથી કરતા અડધી ઉંમરની, તેમના નાતના પ્રસિદ્ધ શાસ્ત્રી પુરણરામની સતીધર્મ સમજતી દીકરી સાથે લગ્ન નક્કી થયા. લગ્ન થયા બાદ આણે આવ્યા પછી નાયકને તે 'સ્વામીનાથ' સંબોધે છે. સ્ત્રીસ્વાતંત્ર્યના પક્ષમાં માનનાર નાયકને આ સાંભળી ઝટકો મળે છે. પરણ્યાના બે એક માસ બાદ મિત્ર દ્વારા પત્નીનું નામ પૂછાતા 'વિમળા' એમ કહ્યું, એમાં તો મૂર્છિત થઈ પત્નીનું માથું ચૂલામાં પડ્યું અને મોઢે દાઝી ગઈ. 'લગ્ન પછી પણ પ્રાણનાથ, દાસીને આજ્ઞા કરશો તે કરવા તત્પર છે' – એવા નાટકીય ઉચ્ચારણોથી નાયક અવાક છે; પરંતુ, ઉત્તર કે આજ્ઞા ન મળતા પત્ની આંસુ સારે છે. તેથી કંઈ નહીં તો 'પગ દાબવા કહે છે' – પરંતુ, આ પરિસ્થિતિ નાયક માટે અણધારી આફત સમાન બની રહે છે.

**ખંડ :3**

પગ દાબવાની આજ્ઞા આપવાથી પત્નીને સંતોષ થયો તે નિરાંતે સૂઈ ગઈ; પરંતુ, તેના અતિસેવાભાવથી નાયકને ઊંઘ ન આવી. માંડ સવારે ઊંઘ આવી ત્યાં પત્ની નાયકના પગને માથું અડાડી પડી હતી. આ વિલક્ષણ સ્પર્શથી નાયક કંપવા લાગ્યા, ખૂબ વિચાર કર્યો અને તે અંતે એક દિવસ હૃદય મજબૂત કરી નાયકે અંગની સેવા કરવાની ચોખ્ખી ના પાડી લીધી. તો નાયક ખુશ થયા પછી ત્રીજે દિવસે માજીએ કહ્યું કે, 'ત્રણ દિવસથી વહુએ ખાધું નથી.' આ અતિશય ભયંકર પરિસ્થિતિમાંથી રસ્તો કાઢતા નાયકે તેને

ચોવીસ કલાક માજીની સેવા કરવાનું કહ્યું, પત્ની એ સ્વીકારી પણ લીધું. આ સાથે પત્નીને સતીત્વધર્મની પણ ફરજ નિભાવવાની ઇચ્છા હોવાથી સવારનું પતિ વંદન તો ચાલુ જ રહ્યું. હવે તો નાયકની પત્ની પાડોશીઓને પણ સતીત્વના પાઠ, ગીત, ચરિત્ર સંભળાવતી. આવી પત્ની મેળવી લોકોને નાયક ધન્ય થયેલા જણાતા; પરંતુ, હકીકતે નાયક દૂર જ ભાગતા. લગ્નની પ્રથમ માસિક તિથિએ તો પત્નીએ નાયકને પ્રભુ માની પૂજા કર્યા ત્યારબાદ તો નાયકને તેની ઉપર ભય, શંકા, તિરસ્કાર, ઘૃણા ઉપજવા લાગ્યા અને આ ચિંતામાંથી મુક્ત થવા તેણે સતીને પોતાનો ફોટો આપી તેની પૂજા-અર્ચના કરવા કહ્યું. આજે એ આત્માના ફોટા પર ચંદન, અક્ષત, ધૃત વગેરેના એવાં ટેકરા થયાં છે કે તે ફોટો ઓળખાય એવો નથી અને આવી પત્ની પામીને નાયકની આત્માનું પણ એમ જ છે.

**ખંડ :4**

નામ બોલવાથી સતીને મૂર્છા કેમ આવી તેનું રહસ્ય હવે કહ્યું કે સ્ત્રીપુરુષ જો એકબીજાનું નામ દે તો તેમનું આયુષ્ય ઘટે છે એવો ધર્મનો સિદ્ધાંત છે. આના સમાધાનરૂપે નાયક નવો શ્લોક આપે છે કે જેનું નામ લે તેનું આયુષ્ય ઓછું થાય ત્યારે સતીનું મન શાંત થયું. નાયકની માતા મૃત્યુ પામે છે; પરંતુ, સતીત્વથી છૂટકારો લેવા નાયક ઘરની બહાર વધુ રહેવા લાગે છે. સવારે ઉઠતા દાતણ પછી એક મગનો દાણો મોઢામાં મૂકવાથી સતીને જમવાની ચિંતા ન રહે અને સતી તેની ધાર્મિક વિધિમાં વ્યસ્ત રહી શકે.

નાયકના સુખી રહેવાના રહસ્ય માટેના નિયમમાં પહેલો નિયમ સતીને બને તેટલી સતીધર્મમાં રાખવી, બીજો નિયમ બને એટલું ઘરમાં ઓછું રહેવું અને ત્રીજો નિયમ મિત્રો ન કરવા. આ ત્રણ નિયમમાં બરાબર ચાલવાથી નોકરીમાં સમય પસાર થાય, પગાર મળતો રહે, સાહેબની મહેરબાની થાય અને છોટુ હોસ્ટેલમાં ભણે છે. આ પત્નીના સતીત્વએ લગ્ન પછી લગ્ન સુખ આપ્યું હોય કે ન હોય પણ નાયકને ધૈર્ય કેળવતા શીખવાડી દીધું છે, જેનો ખુલાસો સર્જક આ વાર્તામાં કરે છે.

## 2.5 કૃતિલક્ષી અધ્યયન

'સરકારી નોકરીની સફળતાનો ભેદ'આ વાર્તામાં વાર્તાકારે સંસ્કૃત નાટ્યસાહિત્યમાંથી ભાણમાં વપરાય છે, તેવા આકાશ-ભાષિતનો પ્રયોગ કર્યો છે. વાર્તાના આરંભે : 'શું કહ્યું ? હું કેમ પેન્શન ન લેતાં નોકરીના વરસો માંગ્યા કરું છું ?' મને કેમ વરસો મળે છે? કેમ તમારું પ્રમોશન રોકાય છે ? ના, ના, સહજ જાણવા પૂછો છો, એમ ?' આ પ્રશ્નોના પ્રત્યુત્તરરૂપે જ વાર્તાનાયક પોતાની વાત કહે છે એ રચનારીતિની પ્રયોગશીલતા અહીં જણાય છે.

આ વાર્તામાં અવળવાણીનો ઉપયોગ કરીને વાર્તાકાર હાસ્ય જન્માવે છે. આખી વાર્તામાં સતીત્વના આદર્શની અંધ ઘેલછાને વશ થઈ વિમળા પોતાના પતિને ભયંકર ત્રાસરૂપ બને તેવી ચેષ્ટાઓ કરે છે, જેનું નિરૂપણ વાચકને ભરપેટ હસાવે છે. વિમળાસતીની દિનચર્યા જોઈએ તો, રોજ સવારે પતિનું થતું ઉષ:પાદવંદન, રાત્રે થતી અંગ સેવા, લગ્નની માસિક તિથિએ થતી ધૂપ, દીપ, નૈવેદ્ય વગરે સહિતની પતિદેવની પૂજા,

પતિના જમ્યા પછી તેમની થાળીનું બચેલું અન્નગ્રહણ કરવું, બહારગામ જતા પતિને રોજ સવારે ઉઠતા દાતણપાણી કર્યા પછી તરત જ મગનો દાણો ખાઈ જવાથી સતી દ્વારા મળતી આજ્ઞા – આ બધી હકીકતોનું એવું કટાક્ષ સભર આલેખન લેખકે કર્યું છે કે, અહીં કથાનાયકના દુઃખની વાત ઘડીભર ભૂલી જઈ હાસ્યમાં તરબોળ થઈ જવાય. આ ભયંકર ત્રાસમાંથી મુક્ત થવા જ કથાનાયકે ત્રણ નિયમ બનાવી દીધા. પહેલો નિયમ - સતીને બને તેટલી સતીધર્મમાં રાખવી, બીજો નિયમ બને એટલું ઘરમાં ઓછું રહેવું અને ત્રીજો નિયમ મિત્રો ન કરવા.

આ ત્રણેય નિયમના પ્રત્યાઘાતરૂપે કથાનાયક નોકરીના કામમાં જ વ્યસ્ત રહેતા, જેણે નાયકને નોકરીમાં સફળતા અપાવી. ખરેખર તો આ અવળવાણીની કટાક્ષમય વાતથી હાસ્ય જન્મે; પરંતુ, અંતે તો તેમાં રહેલો કરુણરસ વાચકને સ્પર્શી જાય. કથાનાયકની અસહ્ય પરિસ્થિતિ પ્રત્યે વાચકને સહાનુભૂતિ જન્મે. પતિ બિચારો પત્નીની સેવામાંથી છૂટકારો મેળવવા ઘર ત્યજીને નોકરીના ઘસડબોજમાં પોતાની મુક્તિ શોધવા મથામણ કરે. વિમળાસતીના હાથની ઉતાવળથી તૈયાર કરાયેલી કાચીપાકી રસોઈ જમીને કથાનાયકને 'સંગ્રહણી'નો રોગ થાય, તંદુરસ્તી ગુમાવવાનો વખત આવે, આવી અતિશયતા અને ઘેલછા સ્વાભાવિક રીતે જ જીવનના રૂપને બગાડી નાંખે.

આ વાર્તામાં ઝાઝી ઘટનાઓ બનતી નથી; પરંતુ, ઝીણી ઝીણી વિગતોનાં અતિચિત્રણથી થયેલાં આલેખનથી વસ્તુસંકલનથી વાર્તાકાર ધાર્યું કાર્ય પાર પાડે. આખી વાર્તામાં પ્રથમ પુરુષ એકવચનમાં વાર્તાનાયક પોતાની વાત રજૂ કરીને વાતાવરણનું નિર્માણ કરે છે. 'હું'ની ઉક્તિના પ્રયોગથી વાચકના ચિત્તમાં એક પ્રકારનું આત્મીયપણું પેદા થાય.

અને છેલ્લે, નાયક હૃદયની વ્યથા વાર્તાને અંતે પ્રગટ કરે; પરંતુ, પોતાને કોઈ દુઃખ કે દર્દ નથી એમ કહી અવળ વાણી દ્વારા વિવિધ વિધાનોમાં પોતાની લાગણીના પ્રવાહને ઠાલવતા નાયકની અનુભૂતિ વાચકને સ્પર્શયા વગર રહે નહીં.

## 2.6 વસ્તુલક્ષી કસોટી

**(ક) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. નાયક ત્રીસ વર્ષની વયે વિધુર થયા હતા.
2. નાયકના કુટુંબમાં ઘરડી મા અને બાળક છોટુ હતાં.
3. નાયકની પત્ની દાઝી ગઈ હોવાથી નાયક દાક્તરને બોલાવવા ગયા.
4. ઘરથી દૂર રહેવા નાયક વધારે મિત્રો રાખતા.
5. નાયકનું પૂજન બંધ કરે તે હેતુથી નાયક પોતાની પત્નીને પોતાનો ફોટો આપે છે.

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

1. નાયકની પત્નીનું નામ ........ છે.
2. નાયકની પત્ની પહેલીવાર નાયકના ઘરે આણે ........ના દિવસે આવે છે.
3. બીજો નિયમ પ્રમાણે નાયકે બને તેટલું ....... સ્થળે ઓછું રહેવું.
4. નાયક ........ જેટલું ભણેલા હતા.
5. ........ના દાણા સવારમાં ખાવાથી પત્નીધર્મ જળવાઈ રહ્યો.

ઉત્તર :

| | | | | | |
|---|---|---|---|---|---|
| (ક) | 1. ખોટું | 2. સાચું | 3. ખોટું | 4.ખોટું | 5. સાચું |
| (ખ) | 1. વિમળા | 2.ધનતેરસ | 3.ઘરમાં | 4.ગ્રેજ્યુએટ | 5.મગ |

**2.7 કૃતિલક્ષી ભાષાકીય અભિવ્યક્તિનો અભ્યાસ**

(ક) **નીચેના શબ્દો જુઓ :**

❖ અસહકાર, અમાનુષ, વિલક્ષણ

- પ્રથમ બે શબ્દોમાં 'અ' પૂર્વગ છે. 'અ'નો અર્થ નકારવાચક થાય છે.
- ત્રીજા શબ્દ 'વિલક્ષણ'માં 'વિ' ઉપસર્ગ 'વિશેષ' એવો અર્થ સૂચવે છે.

(ખ) **તમારી પ્રગતિ ચકાસો.**

'વિ' ઉપસર્ગનો 'વિશેષ' એવો અર્થ થતો હોય તેવા પાંચ શબ્દો શોધો તથા 'વિરુદ્ધ-વગર' એવો અર્થ થતો હોય તેવા ઉપસર્ગ ધરાવતા પાંચ શબ્દોની યાદી બનાવો.

(ગ) **નીચેના શબ્દો જુઓ :**

- **આચારવિચાર**

  આ શબ્દમાં બે પદ છે. આચાર + વિચાર

  આ બંને પદને અલગ રાખીને 'આચાર' અને 'વિચાર' એમ કહેવાને બદલે 'આચારવિચાર' એમ એક શબ્દસમાસ કરીને કહેવામાં આવ્યું છે.
- એવો અન્ય શબ્દ જોઈએ,

  **ઠઠ્ઠામશ્કરી, રૂઢિસિદ્ધ, ચાબીડી**
- બીજા શબ્દોમાં **લગ્નતિથિ** કે **હૃદયહીન**

  બંને શબ્દો બે-બે પદના બનેલાં છે. બંને પદો વિભક્તિના પ્રત્યયોથી જોડાયેલાં છે. આ પ્રમાણે વિભક્તિથી જોડાયેલાં પદો પણ સમાસના પ્રકારમાં ગણાય છે.

  લગ્ન + તિથિ

  હૃદય + હીન

(ઘ) **તમારી પ્રગતિ ચકાસો.**

- નીચેના સમાસનો વિભક્તિના પ્રત્યયનો ઉપયોગ કરી વિગ્રહ કરો.

  નવજીવન, પંચામૃત, પ્રાણનાથ, હાવભાવ, અર્ઘ્યપાદ્ય

(ચ) **ગુજરાતી ભાષાના શબ્દભંડોળ**

- ને, અભ્યાસની દૃષ્ટિએ ત્રણ વિભાગમાં વહેંચી શકાય : તત્સમ, તદ્ભવ, દેશ્ય

1. તત્સમ શબ્દો : મૂળ સંસ્કૃતમાંથી ઊતરી આવેલા અને અન્ય ભાષામાંથી ગુજરાતીમાં પણ એવા જ સ્વરૂપે રહેલા શબ્દોને તત્સમ શબ્દો કહેવાય.

- સ્ત્રી, તીર્થસ્થાન, મનુષ્ય, સંતોષ, પ્રાણ, સૃષ્ટિ

2. તદ્ભવ શબ્દો : સંસ્કૃત તથા અન્ય વિદેશી ભાષામાંથી ઉદ્ભવેલા પણ કાળક્રમે ફેરફાર થઈને ગુજરાતીમાં ઊતરી આવેલા શબ્દોને તદ્ભવ શબ્દો કહેવાય છે.

- ઘર, રાત, સાહેબ, ધીરજ, શિયાળો

3. વિદેશી શબ્દો : મુસ્લિમો, અંગ્રેજો વગેરેના રાજ્યકાળ દરમ્યાન અરબી-ફારસી અને અંગ્રેજી જેવી ભાષાઓના શબ્દો ગુજરાતીમાં પ્રચલિત થયા.

- ખાનગી, ઈન્સાફ, દરવાજો, કાબૂ
- પેન્શન, ફેશન, ફોટોગ્રાફ, ગ્રેજ્યુએટ, પ્રમોશન

4. દેશ્ય શબ્દો : જેના મૂળ અજ્ઞાત છે એવા શબ્દોને દેશ્ય શબ્દો કહેવાય છે. આ શબ્દો આર્યેતર જનજાતિઓની બોલીમાંથી આવ્યા હશે, એવું માનવામાં આવે છે.

- ઘરડી, તળાસું, ઓશીકું, પેટ, પકડવું, ધડાકો

**(છ) તમારી પ્રગતિ ચકાસો.**

- આ વાર્તામાં આવતા તત્સમ, તદ્‌ભવ, વિદેશી તથા દેશ્ય શબ્દોની યાદી તૈયાર કરો.

## 2.8 લેખન-પ્રવૃત્તિ

- હાસ્ય-કટાક્ષ રજૂ કરતી ગુજરાતી સાહિત્યની અન્ય વાર્તાઓ વિશે નોંધ લખો.
- સામાજિક અંધશ્રદ્ધાનું નિરૂપણ કરતી વાર્તાઓનો અભ્યાસ કરી નિબંધ તૈયાર કરો.

## 2.9 તમારી પ્રગતિ ચકાસો.

**(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

1. નાયક કેટલા વર્ષે વિધુર થયા ?
2. નાયક કોના ખાતર બીજીવાર પરણવા તૈયાર થયા ?
3. નાયકના મત મુજબ હિંદુ લગ્નનું રહસ્ય જણાવો.
4. નાયકના પત્ની શા માટે દાઝી ગયા હતા ?
5. નાયકની પત્ની નાયકને કયા નામથી સંબોધે છે ?

**(ખ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. જીવનની સફળતા માટે નાયકે કયા નિયમો બનાવ્યા છે ?
2. નાયક પોતાને પૂજાવિધિમાંથી મુક્ત કરવા પત્નીને કયો નુસ્ખો આપે છે ?
3. આણે આવેલી પત્ની કઈ રીતે પતિની સેવા કરે છે ?
4. નાયક સતીના સતીત્વમાંથી કેવી યુક્તિઓ કરી મુક્ત થાય છે ?
5. નાયકને માતા ઉંમરલાયક થવાથી શાની ચિંતા સતાવે છે ?

**(ગ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. 'સરકારી નોકરીની સફળતાનો ભેદ' વાર્તાનો કેન્દ્રવર્તી વિચાર સમજાવો.
2. 'સરકારી નોકરીની સફળતાનો ભેદ' વાર્તામાં રજૂ થતા હાસ્યની સવિસ્તૃત ચર્ચા કરો.
3. 'સરકારી નોકરીની સફળતાનો ભેદ' વાર્તામાં સમાજવ્યવસ્થાનું નિરૂપણ ચર્ચો.

4. 'સરકારી નોકરીની સફળતાનો ભેદ' વાર્તામાં આવતા પાત્રોની લાક્ષણિકતાઓ જણાવો.
5. 'સરકારી નોકરીની સફળતાનો ભેદ' વાર્તાને આધારે દ્વિરેફની વાર્તાશૈલીનો પરિચય કરાવો.

## 2.10 વિશેષ અધ્યયન

### (ક) કર્તા પરિચય (રા. વિ. પાઠક)

આ વાર્તાના સર્જકે 'દ્વિરેફ' ઉપનામથી ટૂંકીવાર્તા, 'શેષ' ઉપનામથી કવિતા અને 'સ્વૈરવિહારી' ઉપનામથી નિબંધોનું સર્જન કર્યું છે. ઉમાશંકર જોશીએ જેમને 'ગાંધીયુગના સાહિત્યગુરુ' તરીકે ઓળખાવ્યા છે તે રામનારાયણ વિશ્વનાથ પાઠકે દ્વિરેફની વાતો ભાગ ૧ થી ૩ નામથી વાર્તાસંગ્રહો આપ્યાં છે. આ વાર્તાસંગ્રહથી ગુજરાતી સાહિત્યની વાર્તાઓએ એક અલગ વળાંક લીધો છે. આ ઉપરાંત વિવેચનગ્રંથો, બૃહત્પિંગળ જેવું છંદશાસ્ત્ર ગ્રંથ, નાટક અને શેષના કાવ્યો વગેરે જેવું સાહિત્યિક પ્રદાન નોંધનીય છે. બહુમુખી સાહિત્યિક પ્રતિભા ધરાવતા રા.વિ.પાઠકને છંદશાસ્ત્રના ગ્રંથ માટે 'નર્મદચંદ્રક' અને સાહિત્ય અકાદમીના પુરસ્કારથી નવાજવામાં આવ્યાં હતાં. 'પ્રસ્થાન' સામયિકના તંત્રીપદેથી પણ નોંધપાત્ર પ્રદાન તેમનું રહ્યું.

### (ખ) સ્વરૂપ પરિચય (ટૂંકીવાર્તા)

'સરકારી નોકરીની સફળતાનો ભેદ' ટૂંકીવાર્તા છે. ધૂમકેતુ અને રા.વિ. પાઠકથી ગુજરાતી ટૂંકીવાર્તાએ પોતાનું નવું કલાત્મક સ્વરૂપ ધારણ કર્યું હતું. અર્વાચીન સાહિત્યની ટૂંકીવાર્તાનું સ્વરૂપ પશ્ચિમના સંપર્કે ગુજરાતી સાહિત્યમાં આવી રૂઢ થયું. આ સાહિત્ય સ્વરૂપ ઘટનાપ્રધાન હોવા છતાં તેની ગૂંથણીનું લાઘવ, ટૂંકીવાર્તાની અભિવ્યક્તિ, થોડામાં ઘણું કહી દેવાની અને એક સોંસરવો તણખો મૂકવાની કલાત્મકતાએ ટૂંકીવાર્તા સ્વરૂપને સૌની પ્રિય બનાવી દીધી.

### (ગ) વિશેષ વાચન

- દ્વિરેફની 'જક્ષણી' વાર્તાનો અભ્યાસ કરો.
- દ્વિરેફની વાર્તાશૈલીનો અભ્યાસ કરો.
- ધૂમકેતુની વાર્તાઓનું વાચન કરો.
- ગાંધીયુગની વાર્તાના સ્થિત્યંતરો તપાસો.
- હાસ્ય ઉત્પન્ન કરતી વાર્તાઓની વિગતો મેળવો.

- **ટિપ્પણ**

| | | |
|---|---|---|
| હમાલ | : | બોજો ઉપાડનાર, મજૂર |
| ઠઠ્ઠામશ્કરી | : | ટોળટીખળ |
| શિષ્ટાચાર | : | સભ્ય રીતભાત, આદર-સત્કાર |
| વજ્રપાત | : | વીજળીનું પડવું તે કે તેના જેવો ભયંકર આઘાત |
| પ્રાણનાથ | : | પ્રાણનો નાથ, પતિ |

| | | |
|---|---|---|
| વિલક્ષણ | : | વિચિત્ર, અદ્ભુત અસાધારણ |
| વિપત્તિ | : | આપત્તિ, મુશ્કેલી |
| પંચામૃત | : | દૂધ, દહીં, ઘી, મધ અને સાકરનું મિશ્રણ અથવા એનો દેવનો પ્રસાદ |
| નિમકહલાલ | : | કૃતજ્ઞ |
| અમાનુષ | : | અતિમાનુષ, દૈવી અથવા મનુષ્યને શોભે નહીં તેવું, ક્રૂર કે રાક્ષસી |
| સુશિક્ષિત | : | સારી રીતે શિક્ષિત |
| સંગ્રહણી | : | સંઘરણીનો-પાતળા ઝાડા કરતો આંતરડાનો એક રોગ |
| પગ તળાસું | : | પગ ચાંપવા |
| વાયુ ઢોળવું | : | પવન નાંખવો |

**● સંદર્ભ સૂચિ :**


- દ્વિરેફની વાતો – ૧ - રા. વિ. પાઠક
- વાર્તાકાર દ્વિરેફ - આરતી ત્રિવેદી
- રામનારાયણ વિ. પાઠક (સર્જક અને વિવેચક) - આદર્શ પ્રકાશન



**લેખન :** ડૉ.હેતલ ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

**એકમ 3**

# હીરો ખૂંટ

**- જયંત ખત્રી**

**રૂપરેખા**


**3.1 ઉદ્દેશો**

**3.2 પ્રસ્તાવના**

**3.3 કૃતિ**

**3.4 કૃતિનો સારાંશ**

**3.5 કૃતિલક્ષી અધ્યયન**

**3.6 વસ્તુલક્ષી કસોટી**

**3.7 કૃતિલક્ષી ભાષાકીય અભિવ્યક્તિનો અભ્યાસ**

**3.8 લેખન-પ્રવૃત્તિ**

**3.9 તમારી પ્રગતિ ચકાસો**

**3.10 વિશેષ અધ્યયન**

**- ટિપ્પણ**

**- સંદર્ભ સૂચિ**


## 3.1 ઉદ્દેશો

આ ટૂંકી વાર્તાના અભ્યાસ દ્વારા તમે –

- 'હીરો ખૂંટ' વાર્તાનો આસ્વાદ માણશો.
  - કથાવસ્તુની દૃષ્ટિએ
  - પાત્રલેખનની દૃષ્ટિએ
  - વર્ણનશૈલીની દૃષ્ટિએ
  - પશુના ચિત્તમાં ઉદ્‌ભવતા ભાવોના આલેખનની દૃષ્ટિએ
- વાર્તામાં આલેખાયેલા માનવીય વ્યવહાર અને પશુવ્યવહારના ભેદને સમજશો.
- પશુઓ વચ્ચે મિત્રતા અને માનવીય નિર્બળતા તથા વિકૃતિઓની કલાત્મક અભિવ્યક્તિનો પરિચય મેળવશો.
- ચિત્રાત્મકશૈલીમાં લખાયેલી વાર્તાની વિશેષતાઓ જાણશો.

## 3.2 પ્રસ્તાવના

વાર્તાલેખકનો જીવાતા જીવન સાથે ગાઢ સંબંધ હોવો જોઈએ એમ જયંત ખત્રી માનતા. જો કે એમણે પોતે પણ એ જ નિસ્બતથી વાર્તાઓ ગૂંથી છે. તેમણે ખાસ કરીને નબળા વર્ગની વાસ્તવિકતાનું સીધું અને બહુપરિમાણીય પ્રતિબિંબ વાર્તાઓમાં પાડ્યું છે. પશુમાનસની વૃત્તિ-વર્તનનું આબેહૂબ આલેખન તમે જયંત ખત્રીની 'હીરો ખૂંટ' વાર્તામાં જોશો. તેમની આ કલાત્મક વાર્તામાં પશુના ચિત્તમાં ઉત્પન્ન થતા પ્રેમ, વિરહ, વ્યાકુળતા, વેરવૃત્તિ જેવા ભાવોને ચિત્રાત્મક રીતે અંકિત થયેલા જોશો.

## 3.3 કૃતિ

આંધી ચાલી ગઈ એટલે હું અને હરિ આકડાના જૂથમાંથી ધૂળ ખંખેરતા બહાર નીકળ્યા. અમે જયાંથી ચાલી આવ્યા હતા એ લૂખીભૂખી ધરતી પર મેં ધૂળનો ગોટો અંધારું પાથરતો ચાલી જતો જોયો. અમે ચાલી આવ્યા હતા એ લાંબી કેડી અંધારામાં લીન થતી મેં જોઈ. અને દૂર ત્યાં ભૂખી ધરતી સિવાય બીજું કશું નહોતું - પથ્થર, ઢેફાં, ધૂળ, કાંટાળા, છોડવા, કાબર, ચકલી અને કાગડો ! અને એ બધાં પર ફરી વળતો, દઝાડે એવો તડકો અને હવે ઝંઝાવાતી પવન ! ધરતીના પેટમાં કશું કંઈ નહોતું — ગર્ભાધાનની તાકાતેય નહોતી. બીક અને સંશયથી એ વેરી આકાશ તરફ જોઈ રહી હતી.

મેં એવી ધરતી તરફ પીઠ ફેરવી ત્યારે હરિએ સામેની વાડી બતાવતાં કહ્યું : 'ચાલ, ત્યાં હાથમોં ધોઈશું'.

એ બકાલીની વાડી હતી, કારણકે ત્યાં વ્યવસ્થા જેવું કંઈ નહોતું. અને બકાલી વાવની કૂંડી પર બેઠો બેઠો ચલમ પી રહ્યો હતો. અમને વાવમાંથી પાણી સીંચતા અને હાથમોં ધોતા એ મૂઢની માફક જોઈ રહ્યો. હરિએ એને પૂછવાની ખાતર જ પૂછ્યું :

'ગામ કેટલુંક દૂર છે અહીંથી ?'

જવાબમાં એણે ચલમ ઠોકીને કૂંડી પર ખાલી કરી અને સફાળો ઊભો થયો. માથા પરથી સરી જતી પાઘડીને એણે કઢંગી રીતે દાબીને બેસાડી.

'ચાલો, હુંય એ તરફ આવું છું.'

ધોરિયામાં ભીંજાતા ખાસડામાં એણે જેમતેમ પગ નાખ્યા. અને અમે બહાર પડ્યા. 'કયાંથી આવો છો, કયાં જાઓ છો' વગેરે પૂછ્યા પછી બકાલી ચૂપ રહી ગયો.

બપોર નમવા માંડ્યા હતા અને અમે પસાર થતા હતા એ ધરતી સૌમ્ય રૂપ ધરતી જતી હતી.જોકે પવનમાં હજી જોર હતું હોય તોય આખા દિવસના તાપ પછી એની ઠંડી ગલીપચી મને ગમવા માંડી હતી. બકાલી ઓચિંતો ઊભો રહી ગયો. એણે રસ્તાની બાજુમાં આંગળી ચીંધી અમને બતાવ્યું, ' આ ચિત્તાના પગની છાપ જોઈ ? હમણાં અહીંથી પસાર થયો હોવો જોઈએ.'

મને એની વાતમાં કંઈ રસ પડ્યો નહિ અને કંટાળો ઊપજ્યો.

'અહીં કાળો કેર વર્તાઈ રહ્યો છે. કોઈનું ઢોર, કોઈનું જાનવર સલામત નથી.' એણે બોલવું શરૂ કર્યું. હું જાણી જોઈ પાછળ રહ્યો. 'કોણ જાણે શું થવા બેઠું છે — શું થવા બેઠું છે.' કહેતાં એનો અવાજ મરતો મરતો અંદર પેસી ગયો. હરિ મારી સામે જોઈ મૂછમાં હસ્યો.

અમે ચાલ્યા કર્યું. લોકોની અવરજવર વધવા લાગી. રસ્તાની બંને બાજુ વાડીઓ ઊભરાવા લાગી. કયાંકથી ચમેલીની સુવાસ, કયાંકથી પેરું ફોરમ અને કોઈક ઠેકાણેથી એકલવાયા ચંપાની તીણી સુવાસ વાતાવરણ બહેકાવી જતી.

અમે મહંતની વાડીઓ ખૂણો વળ્યા અને મેં જોયું તો સામેથી આઠેક ★ એક મહાકાય બળદનું મુડદું ઊંચકી આવતા જણાયા. એ દશ્ય આ ઘડીએ આંખે ખૂંચે એવું હતું. મારું મોઢું પરાણે મરડાઈ ગયું.

'આ તો હીરો ખૂંટ !' બકાલીએ બૂમ મારી, 'મરી ગયો ?' એને ઊંચકનારા ભંગીઓ પસીનાથી રેબઝેબ બન્યા હતા. એમાંના એકે કહ્યું : 'મારી નાખ્યો.'

'કોણે ?'

'ફોજદારે.'

' હેં – હેં ! ક્યારે ?'

શ્રમથી હાંફતા એ લોકોમાંથી કોઈએ બકાલીને વધારે ખબર આપી નહિ. અને હીરા ખૂંટનું મુડદું આંબલી આગળ વળાંક લઈ અદશ્ય થયું ત્યાં સુધી બકાલી એની પાછળ જોઈ રહ્યો.

'હીરો ખૂંટ મરી ગયો – વાહ !'

વાહ ?હું મારી મરજી વિરુદ્ધ કારણ વગર હસી પડ્યો પણ હરિએ પૂછ્યું :

'કેમ, એમાં ખુશ થવા જેવું શું છે ?'

'અરે-' કહેતો બકાલી અમારી તરફ અદાથી ફર્યો, 'એ ગાંડો થઈ ગયો હતો. એણે આજ સુધીમાં મારો, કંઈ નહિ તો, પચાસેક મણ બકાલો પડાવીને ખાધો હશે – મારો એકલાનો નહિ, મારકિટમાં બેસવાવાળા દરેકનો !'

બકાલીએ હરિ પાસેથી બીડી માગી લીધી અને બે દમ ખેંચી એણે પોતાની વાત શરૂ કરી :

'હીરો ખૂંટ – મારકિટનો બાદશાહ ! એને નહિ જોયો હોય તમે ! મુડદું નહિ – જીવતો જાગતો ! જોવા જેવો હતો. આખો કાળો અને ગોળ ગોળ ! માર ખાઈ ખાઈને એની પીઠની ચામડી તેલ પીધેલા ચામડા જેવી બની ગઈ હતી. એનામાં બધે માર ખાવાની કરામત હતી. લોકો હાથ પડે ત્યાં બેફિકર બની એને મારતા. એના મોઢે ઢીમડાં જામી ગયાં હતાં અને પગ ગૂગળના લાકડા જેવા ગાંઠાળા દેખાતા.

હીરો મારકિટમાં દાખલ થાય અને એના નામની બૂમ પડે : 'આવ્યો ! આવ્યો!' બકાલીઓ ત્રાજવાં પછાડી ઊભા થઈ જાય અને ટપોટપ ટોપલાં ઉપાડી મારકિટની બારીએ કે ઊંચા પાટલે મૂકવા મંડી પડે. જેને ટોપલાં ઊંચકવાનો વખત ન મળે એ લાકડી, પથરા, તોલાં જે કંઈ હાથમાં આવે એ લઈ એની સામા થાય. છોકરાંઓ તમાશો જોવા ભેગા થઈ જાય. જરા વારમાં મારકિટનું ચલણ બદલાઈ જાય અને હીરો ચાલ્યો આવે. ડાબેજમણે માથું ફેરવતો, ચોક્કસ ધીરા પગ ભરતો અને એની ડુંગર જેવી, ભારે અને માંસલ કાંધ હલાવતો એ બેફિકર ચાલ્યો આવે. જ્યાં લાગ મળે ત્યાં ટોપલીમાં માથું નાખે. એને હંમેશ માર પડે અને એ કોઈ દહાડો ન તો પાછો ફરે. એક ઝપાટે જેટલું મળે એટલું લઈ એ ચાલતો થાય. એણે જયાં નેમ બાંધી એ બકાલો લૂંટાયે જ છૂટતો. મારકિટમાં એક વખત દાખલ થયો તો એને અટકાવવાની કોઈની તાકાત નહિ. ગમે એટલો માર ખાય પણ એ કોઈ દહાડો છેડાતો નહિ. લક્ષ્મીનારાયણના હવાડા આગળ એ ઊભો હોય ત્યારે છોકરાઓ એની પીઠ પર ચડી બેસે, એની આજુબાજુ દાવ ખેલે અને એના પગમાં આળોટે. એણે કોઈને ઈજા નહોતી પહોંચાડી.'

બકાલીએ ઓલવાઈ ગયેલી બીડીના ઠૂંઠાને દૂર ફેંક્યું અને વાત આગળ ચલાવી :

'એક વખત મકનાની આંબાની ટોપલીમાં એણે માથું નાખ્યું. એ આંબાનો પહેલો ફાલ હતો. મારકિટમાં બીજે કયાંય આંબા નહોતા. મકાનાનો મિજાજ ગયો.

એણે ડંડાઓ વીઝવા માંડ્યા. પણ હીરો ખૂંટ કંઈ ડગે? અને મકનાનો જીવ બળી ગયો. એના ડંડાને છેડે એક અણિયાળો ખીલો હતો એ એણે હીરાના પેટમાં ઘોંચવા માંડ્યો. હીરો સાપની માફક આમતેમ પેટ હલાવતો જાય અને આંબા ચાવતો જાય. મકનો ગુસ્સાથી ગાંડો બન્યો. એણે સામા ફરી ખૂંટની આંખમાં જોરથી ખીલો ઘોંચી દીધો. ખૂંટે એક ઓચિંતી, આભ ફાટી જાય એવી, રાડ પાડી. અમે ઊભા થઈ જોઈ જ રહ્યા. લોહીની નીક વહેવા લાગી. ખૂંટ ઘૂંટણ ખોડી દઈ જમીન પર માથું ઘસવા લાગ્યો અને રાડો પાડ્યા કરી. લાદીઓ લોહીથી ઢંકાઈ ગઈ. આખી મારકિટ આભી બની ખૂંટને અને મકનાને જોઈ રહી. ચોકમાંથી ફોજદાર આવી પહોંચ્યા. બાજુના લક્ષ્મીનારાયણના મંદિરમાંથી શંકર મહારાજ પણ આવી ચઢ્યા. ખૂંટે રાડો પાડ્યા કરી અને માથું ઘસ્યા કર્યું. થાકીને લોથ થઈ એ પડી ગયો ત્યારે એનું મોટું હાથી જેવડું પેટ, બીક લાગે એમ હાંફવા માંડ્યું. વારે ઘડીએ એના પગ અને માથું ખેંચાતા. અમે બધા મોઢું ફાડીને અને આંખો વિકાસીને જોઈ રહ્યા. મારકિટમાં મારી બાજુમાં બેસતી પેલી છકેલી હલીમાએ તોબા પુકારી નિઃશ્વાસ છોડ્યો, અને ગલ્લા પર બેસતાં બેસતાં જોરથી બોલીઃ ‘મકનો મૂઓ બામણ છે કે કસાઈ ?’ ત્યારથી મકનો ‘મહારાજ’ મટી ‘કસાઈ’ કહેવાયો.

બે દિવસ સુધી પોતાના છાણમૂતરમાં આળોટતો એ એમ જ પડ્યો રહ્યો. એના મોઢા આગળ લોકોએ બકાલાનો ઢગ કર્યો પણ એણે એક તણખલુંય મોઢામાં ન નાખ્યું. ત્રીજે દહાડે એ ઊઠીને ઊભો થયો.ઊભા રહેતાં પગ ધ્રૂજ્યા તોય એ જરા વાર ઊભો રહ્યો. પછી કાગડાની જેમ માથું ડાબેજમણે ફેરવતો એ એની હમેશની બાદશાહની અદાથી મારકિટ છોડી ગયો — તે સીધો પહોંચ્યો લક્ષ્મીનારાયણના હવાડે. ત્યાં પેટ ભરીને પાણી પીધું અને શોખથી કીચડમાં આળોટ્યો.

ચોથે દહાડેથી એણે પોતાનો, મારકિટમાં ધાડ નાખવાનો વ્યવસાય પાછો ચાલુ કર્યો. એની એક આંખ ગઈ એટલે લોકોએ એનું નામ પાડ્યું ‘હીરો’. એ હીરો ખૂંટ — એનું મુડદું તમે હમણાં પસાર થતું જોયું.’

આટલી વાત કરી બકાલી ચૂપ થયો.

અમે તાલુકાના થાણા આગળ આવી પહોંચ્યા હતા. ત્યાં ત્રણ રસ્તાઓ છૂટા પડે છે. એ ચોકની વચમાં આંબલી અને વડ આજુબાજુમાં ઊભાં હતાં. ઉપર આસમાનમાં એમની ઘટા એકબીજામાં ગૂંથાઈ હતી. એક બાજુ બે હોટલો, સામે ધર્મશાળાની પાછળ એક નાનકડી લજવાતી ઝૂંપડીમાં એક કામચલાઉ પીઠું હતું. માલથી ભરેલાં માફાવાળાં ગાડાંઓ છૂટ્યાં પડ્યાં હતાં.બળદ અને ઊંટ શાંતિથી વાગોળતાં હતાં. ચોથે ખૂણે એક ચારકોશી વાવ મીઠું મીઠું રડી રહી હતી.

અમે આગળ વધવાનું કર્યું. પણ બકાલીએ કહ્યું :

‘ચા પીશું?’

મેં ઘસીને ના પાડી ત્યારે એણે ખચકાતાં કહ્યું :

‘ જરા થોભશો ? હું આ આવ્યો — અબઘડી !’

કઢંગી રીતે ઉતાવળ કરતાં એના પગનું એક ખાસડું નીકળી ગયું. એણે બીજાને દૂર ફેંક્યું અને ધર્મશાળા પાછળ એ દોડતો ચાલ્યો ગયો.

મેં નજર ફેરવવા માંડી. આંબલીની ઘટામાં મેં ચામાચીડિયાં લટકતાં જોયાં. દૂર જારના ઠૂંઠા પર એક ગીધ ભૂખી નજર ઠેરવતું બેઠું હતું.હજુ પવન વાવો અટક્યો નહોતો અને આકાશ મૂંઝાયા કરતું હતું.

મને અહીંથી ચાલી નીકળવાનું મન થયું. હું મારો અણગમો વ્યક્ત કરું તે પહેલાં ધર્મશાળા પાછળથી બકાલી મોઢું લૂછતો, દાળિયા ચાવતો ચાવતો દેખાયો. એની ચાલમાં નજાકત આવી ગઈ હતી. એનો જમણો હાથ હવે મૂછ પર ફરી રહ્યો હતો. એણે ખાસડામાં પગ નાખ્યો ત્યારે હરિએ મશ્કરીમાં કહ્યું :

'બલાદૂર, મિયાં !'

'કંઈ નહિ – આ તો અમસ્તું, જરા નવટાંક પેટમાં નાખી લીધું ! ઠંડી છે ને?કોઠાની ગરમી સચવાઈ રહે હેં ! હા – હા – હા !'

અમે આગળ વધ્યા.

પવનની સપાટી ધરતી પર ધૂળનાં મોજાંઓ ફેલાવી રહ્યા હતા.નાના છોડ હજીય ત્રાસથી કંપી રહ્યા હતા.

'અસલ વાત એમ છે, સાહેબ,' બકાલીને દાળિયા ખાઈ લીધા એટલે એની વાત આગળ ચલાવી, 'કે તાલુકામાં એ ખૂંટને લાવનાર હું. સરહદ પર ગોળની ભીલીઓ પહોંચાડવા ગયો હતો. પાછા ફરતાં, રણના કાંઠા પર, પીરની જગામાં રાત ગાળી. ત્યાં સિંધીઓની પોઠ પડી હતી. તારાઓની રોશની ઓલાવી નાખે એવો સખત પવન વાતો હતો અને લોહી થીજી જાય એવી ઠંડી પડતી હતી, એટલે હું સિંધીઓ સાથે તાપણીએ તાપતો બેઠો હતો.અરધી રાત પછી કાફીઓ ગવાઈ રહી ત્યારે કાવો પીતાં પીતાં એમાંના એકે કહ્યું :

'સાંઈ, એક સોદો કરવો છે ?'

'સોદા જેવો સોદો હોય તો કરીએ પણ.' મેં કહ્યું, ત્યારે એણે મને દૂરથી એક આખલો બતાવ્યો. તાપણીના અજવાળામાં મેં એની આંખમાં વીજળી જોઈ. મેં એની કિંમત આંકી લીધી. મને સોદામાં રસ પડ્યો.

'બોલ, તારે મોઢે મૂલ !'

સિંધીએ એ પણ કહ્યું કે એના બાપે આખલાને 'ખસી' કર્યો ત્યારથી એ સિંધીઓની જાતને જોઈને ભડકતો હતો.એટલા માટે એને કાઢી નાખવો હતો. બીજી સવારે મેં એ આખલાને ચકાસી જોયો. મેં એનામાં ઊંડાં રતન જોયાં અને ખરીદી લીધો. ઘેર લાવી ઘીગોળ પાઈ એને તૈયાર કર્યો અને પહેલી જ ધનતેરશની દોડમાં એણે મને જરીની પાઘડી અપાવી.

અસલ કાબુલી જરી જેવા ચમકતા એના કાળા વાળ, મોટી, ચકોર અને મસ્ત આંખો, ઉપર નાનાં, રંગેલાં ખૂંટિયાં શિંગડાં અને રાજાના ઘોડા જેવો રુઆબદાર સીનો જેના પર મરી ફીટવાનું મન થાય એવું જાનવર હતું!

મેં એને બે વરસ ખેડ્યો અને પેટનાં બચ્ચાં જેમ પોષ્યો. સવારના ઊઠતાંવેંત એના પર નજર પડી જાય તો મારો દિવસ સુધરી જતો. આખા તાલુકામાં એની જોડે નહોતી. એનાં માગાં આવતાં – મોં માગ્યાં દામ મળતાં પણ મેં એને વેચવાનું ન કર્યું. એક વખત એણે દાકતરને વરસતે વરસાદે પૂર આવેલી નદી ઉતારી પાર કર્યો. અમે

તે દહાડે મોત સાથે લડ્યા હતા. દાકતરની હિંમત અને આખલાની તાકાતે અમને બચાવ્યા. પણ બીજે દિવસે હું તાવથી પટકાઈ પડ્યો. ત્રીજે દહાડે ન્યુમોનિયા જાહેર થયો અને છઠ્ઠે દહાડે હું મરતાં મરતાં બચ્યો. ત્યાર પછી તબિયત લથડી તે બે મહિના વાડીએ પડી રહેવું પડ્યું ત્યાં સુધી આખલાએ ઊભાં ઊભાં ખાધું અને એના અંગમાં અવળી મસ્તી ભરાઈ.

એને ખેડતાં જરા બેપરવા રહ્યા કે તરત જ રસ્તો ઊતરી જઈ આડો ખેંચવા મંડે — લાગ જોઈને પાટલી પરથી લટકતા પગ તરફ લાત ઉરાડે. એક વખત એણે મારી છોકરીને લાત મારી ને પગનું હાડકું ભાંગ્યું ત્યારથી મારું એના પરથી મન ઊતરી ગયું. મેં એને લધા કણબીને નજીવા દામમાં વેચ્યો. લધાએ એને મારી મારીને પાંસરો કરવાનું કર્યું પણ એ સુધર્યો નહિ. એક દહાડો એ ભાગી નીકળ્યો. લધાના મનથી એમ કે ટાઢે પાણીએ ખસ ગઈ.

થોડાક મહિના એણે ખેતરોમાં અને વાડીઓમાં ધાડ પાડતાં ફર્યા કર્યું. એક રાતના ચિત્તાના મોઢામાંથી બચી જઈ ગામમાં પેઠો તે બહાર નીકળ્યો જ નહિ.

એણે પીઠ પર ત્રિશૂળનો ડામ લીધો અને ખૂંટ બન્યો. અને મારકિટનો બાદશાહ કહેવાયો. એની આંખ ફોડીને મકનો 'કસાઈ' કહેવાયો અને ખૂંટ 'હીરો' બન્યો પણ..' કહેતાં બકાલી ઓચિંતી ઉધરસ ખાતાં ખાતાં ઊભો રહી ગયો. અને મારે ખભે ટેકો લઈ, છાતી દાબતાં, એણે માથું ઝુકાવી દીધું. હું ગભરાટમાં જોઈ જ રહ્યો. હરિએ એને બીજી તરફથી ટેકો આપતાં પૂછ્યું : 'શું થયું ?'

એણે હાથથી ઈશારો કરી થોભવાનું કહ્યું અને જોરથી ખાંસી ખાવા લાગ્યો. અમે એને એક મોટા પથરા પર બેસાડ્યો. ફીણ જેવા બળખા નીકળ્યા ત્યારે એની ખાંસી શમી. એણે ઊંડો શ્વાસ ભરતાં કહ્યું : 'નિમોનિયા પછી છાતી ખોખરી થઈ છે. દાકતર કહે છે, મને હાર્ટનું દરદ છે — અને કોક દહાડો આમ જ રસ્તામાં મારી જઈશ ! અંહ ! અને આવું થાય છે ત્યારે ઘડીભરમાં મોતને નજરોનજર જોઉં લઉં છું — અંહ — હવે બીક પણ નથી લાગતી, અંહ અંહું — ખોં, ખોં, ખોં-' કહેતાં ફરી એની ખાંસીનાં ભસરડાં ફરવા લાગ્યાં.

અમે પણ એની બાજુમાં બેઠા. એ વખતે સાંજ પડવા આવી હતી. ઘેરાં ઘેરાં અંધારાં ઊતરવાની શરૂઆત થઈ ચૂકી હતી. અને દૂર અજવાળી ક્ષિતિજ આડે બાવળનાં ઠૂંઠાં ભૂતિયાં રૂપ ધારણ કરી રહ્યાં હતાં. ગામના ગઢથી અમે બહુ દૂર નહોતા. લક્ષ્મીનારાયણના મંદિરના શિખરે ધજામાં અટવાતી, શરમાતી બત્તી મેં જોઈ. હમણાં જ આરતી થશે અને નોબત વાગશે — અને લાંબી, ભૂખી ધરતીને ખૂંદી આવી વસ્તીમાં આવી પહોંચ્યાનો મને આનંદ ઉદ્ભવ્યો.

બકાલીએ હરિ પાસે ફરી બીડી માગી. અમે ત્રણેએ બીડી પેટાવી. બકાલી ચલમની માફક બીડી પીતાં, સળગતાં લીલાં લાકડાં જેવો ધૂંધવાઈ રહ્યો.

'હવે છેલ્લી વાત !' એણે ખાંસીનાં બે ઠસકાં ખાઈ ખૂંટની વાત આગળ ચલાવી :

'હીરાને છેલ્લે છેલ્લે એક દોસ્તદાર મળી ગયો — એ હતો અડીબાજ ગધેડો ! અને એ દોસ્તી આબાદ જામી ગઈ. મારા ઘરની બાજુમાં અબુ કુંભારનું ઘર છે. અબુનાં

નવ ગધેડાંમાં એક અડીબાજ ગધેડો હતો. વહેલી સવારના અબુ એનાં ગધેડાંને ગોતવા નીકળે, તેમાંથી એ અડીબાજને ઘેર લાવતાં એને પસીનો છૂટી જાય. પછી એના પર રેતીનો ભાર મેલે એટલે એ બેવડો વળી કમાન થઈ જાય અને કેહવતના ગધેડા જેવો, ચાલવાની ના કહી આબાદ ઊભો રહી જાય. પછી અબુ કુંભાર એને ઠોકવા માંડે – ઠોકીને થાકે ત્યારે અડીબાજ ચાલે. સાંજે ઘેર આવી પોતપોતાનું પેટ ભરવા અબુ બધાં ગધેડાંને ગામમાં છૂટાં મેલી દે. તેમાંનું દરેક ગધેડું પોતપોતાના નક્કી ફળિયામાં પહોંચે. પણ અડીબાજ આખું ગામ ઢૂંઢે. કૂતરાઓને એની તરફ ખાસ નફરત ! એ આવે ત્યારે મોદી રાતે પણ કૂતરાં એની પાછળ ભસવા માંડે અને એ પણ ભૂંકતો ભૂંકતો, લાગ આવે ત્યારે એકાદ કૂતરાને લાત મારી ચીસ પાડતો ફરે. હીરા ખૂંટ પછી આ અડીબાજ – (લોકોએ એનું નામ અડીબાજ જ રાખ્યું) – ઠીક ઠીક નામ કાઢતો હતો.

ચાંદની રાતના ગામનાં વંઠેલ છોકરાં અડીબાજ પર સવારી કરે ત્યારે એ ખાસ રંગમાં આવી જાય – દોડાદોડ કરે, લાતો ઉરાડે, પડે અને પાડે. કેટલાક તો અડીબાજના ખાસ શોખીન ! એને કોક દહાડો ટોપી પહેરાવી જાય, જૂનાં ખાસડાં ગળે બાંધી જાય, અને દિવાળીના દિવસોમાં એના પૂંછડામાં ફટાકડાની સળ બાંધી સળગાવે.

એક મોટી રાતે મારકિટ પાછળની ચાની હોટલ બંધ થવાની તૈયારીમાં હતી ત્યારે અડીબાજ અમસ્તો જ ત્યાં પહોંચ્યો. હોટલવાળાએ આખા દિવસની ઊકળેલી ચાની ભૂકી દરવાજા આગળની કૂંડીમાં નાખી અને અડીબાજે એમાં મોઢું નાખ્યું અને ખાવા લાગ્યો. એને ચા ગમી હશે તે બીજી રાતે પણ આવી પહોંચ્યો અને હોટલ બંધ થવાની રાહ જોતો માથું નીચું કરી, પાછળનો એક પગ વાંકો રાખી પૂંછડાથી માખીઓ ઉડાડતો ઊભો રહ્યો. ત્રીજે દહાડે આવ્યો, અને પછી રોજ આવવા લાગ્યો.એને ચાની ભૂકીનું બંધાણ થયું – તે એટલે સુધી કે કોક દહાડે હોટલ મોડી બંધ થાય અને 'ચા' નો ટાઈમ ટળી જાય તો એ રડારોળ કરી નાખે. હસનઅલી ચાવાળો ગાળો દેતો, ચાની ભૂકીનું ટોપલું લઈ કૂંડીમાં નાખે.

'લે, લે ! માળા માગતલ ! તું 'ખુદાબખસ' બંધાણી ખરો નીકળ્યો !'

ભૂકી ખાઈ એ મારકિટની આજુબાજુ ટહેલતો ફરે. હીરો ખૂંટ પણ ત્યાં જ હોય. એ બંનેને એકબીજાથી ઠીક ગોઠી ગયું અને આબાદ દોસ્તી જામી. સાંજે અબુ પાસેથી છૂટી અડીબાજ મારકિટ તરફ મળે. રસ્તામાં જે કંઈ મળ્યું એ ખાઈ લઈ, અંધારું થાય એટલે મારકિટ પાછળની 'સોડા વૉટર'ની ફેક્ટરી આગળ આવી પહોંચે. બનતાં સુધી હીરો ત્યાં હાજર જ હોય. એકબીજા તરફ જોતા એ સામસામે ઊભા હોય અને રાત વહી જાય. કોક વખત માથું ઊંચું કરી ઉપલો હોઠ હલાવતો, ધીરો હળવો અવાજ કરતો અડીબાજ હીરા તરફનું પોતાનું વહાલ વ્યક્ત કરે. કોક વાર હીરો પોતાનાં નાનાં ખૂંટિયાં શિંગડાં ધીમેથી અડીબાજની કૂખમાં ભેરવી ગલગલિયાં કરે.

એક વખત પૂનમચંદ શેઠ માનસંગની દુકાને પાન ખાવા ઊભા હતા ત્યાં એમની નજર આ હીરા-અડીબાજની પ્રેમચેષ્ટા પર પડી. માનસંગે પૂનમચંદની આંખોની નેમ પારખી અને મશ્કરીમાં પૂછ્યું :

'શેઠ ! જોયું ને ?'

'હા જોયું,' પૂનમચંદ કહે, 'આ બધી પડતીની નિશાની છે ! હનુમાનજીના પૂજારી લાલગર બાવા પણ ત્યાં દુકાન પર હાજર હતા. એમણે હસતાં હસતાં કહ્યું :

'ત્રણ દુકાળ તો વટાવ્યા શેઠ, પણ હવે ચોથો નહિ નીકળે !'

'નીકળે કે ન નીકળે પણ આ જુઓ, નજરે જોઈ લ્યો ! હવે તો પશુઓમાંય પાપ પેઠું છે. એમના નસીબે અને પુણ્યે અત્યાર લગી બે છાંટા વરસાદ પડતો હતો ! હવે તો –' કહેતાં એમણે હીરાનું ગળું ચાટતા અડીબાજ તરફ આંગળી કરી, 'આ આવું ચાલ્યા કરે છે ત્યાં લગી આપણું ઊંચું આવવાનું નથી – હા – હા – ખરું કહું છું!' કહી સરી ગયેલી પછેડીને ખભે ભેરવી પૂનમચંદ શેઠે ચાલવા માંડ્યું.

અને માનસંગની દુકાનેથી પૂનમચંદની એ વાત આખા ગામમાં પસરી. લોકો પહેલાં તો હસવા લાગ્યા.હીરા – અડીબાજની દોસ્તી 'પડતીની નિશાની' તરીકે ગવાઈ ગઈ.

મોડી રાતે અડીબાજ હસનઅલીની હોટલે ચાની ભૂકી ખાવા જાય ત્યારે હીરો ખૂંટ પણ એની સાથે હોય. ચા પીનાર કોઈક તરત જ બૂમ મારે :

'હસનઅલી, આ આવી 'પડતીની નિશાની !' હોટલ બંધ કર !'

અડીબાજ ભૂકી ખાય અને હીરો દૂર ઊભો ઊભો જોયા કરે. હસનઅલી હોટલ બંધ કરી ઘર તરફ વળે ત્યારે અડીબાજને હીરાને પડખે પડખે ચાલતો જુએ અને રોજ માથું ધુણાવી તોબાહ પુકારે અને કહે :

'ખુદા કરે તે ખરી !બાકી આ 'જુગલ જોડી' જરૂર પડતી લાવશે !'

અને આ વરસે આષાઢમાં ઉકળાટ થવાને બદલે પવન ફૂંકાવા લાગ્યો. આદ્રા નક્ષત્ર વટાઈ ગયું. કાળાં વાદળ આકાશમાં ઊભરાઇ ઊભરાઇ, વળ ખાઇને ચાલ્યાં ગયાં. ધૂળ ઊડવા લાગી. ખેડૂતો વાવણી કરી, લમણે હાથ દઈ બેસી રહ્યા. ભાદરવો આવ્યો, લોકોની ઇંતેજારી અને ચિંતા વધી પડ્યાં. ઘાસનો સંગ્રહ હવે બિલકુલ નહોતો અને ઢોરોમાં ભૂખમરા પછી રોગચાળો પેઠો હતો. સીમમાં ઠૂંઠાં ઝાડ અને ભૂરી ધરતી નિઃશ્વાસ છોડવા લાગ્યાં. આકાશમાં ધૂળ, ગીધ અને કાગડા ઊડતા રહ્યા.

કયાંકથી વાત આવી કે એક કણબીએ બધું વેચી મારી બે દુકાળ વટાવ્યા. એની છેલ્લી વધેલી મૂડીમાં એક ગાય એણે વેચી નહિ અને એ બંનેને ભૂખે મરવાનો વખત આવ્યો ત્યારે બૈરીછોકરાંને રઝળતાં મેલી એ ગાય સાથે બળી મૂઓ. એ વાત ખોટી હોય તોય સાચી માનવા જેવો આ કપરો કાળ હતો. અધૂરામાં પૂરું, એક દહાડો વીસેક દુકાળીઆઓએ ગામમાં આવીને કોરટના દરવાજા આગળ ત્રાગાં કરવાની ધમકી આપી.ગામમાં હાહાકાર વરતાઈ રહ્યો.

એક સાંજે કોઈ ટીખળીએ હીરા-અડીબાજ તરફ આંગળી ચીંધી કહ્યું :

'આ અવદશાનું મૂળ કારણ આ છે !'

'હું પહેલેથી જ કહેતો આવું છું !' પૂનમચંદે પોતાની દુકાને પાડી ગીરો મૂકવાં આવેલ એક ખેડૂતની સામે સહી કરવા કલમ આગળ ધરતાં કહ્યું.

ખેડૂત બધું ગુમાવી બેઠો હતો – એણે મિજાજ પણ ગુમાવ્યો. કલમને દૂર ફેંકી લાકડી લઈને એ દોડ્યો અને અડીબાજ ગધેડાને વીઝવા માંડ્યો. એને જોઇને બીજો એક કૂદી પડ્યો. એણે હીરાને ફટકારવો શરૂ કર્યો. છોકરાઓ પથરા ફેંકવા માંડ્યા

અને જરા વારમાં તો ટોળું ભેગું થઈ એ 'પડતીની નિશાની' હીરા અને અડીબાજ પર તૂટી પડ્યું. એ સાંજે લક્ષ્મીનારાયણની આરતી અને નોબત પણ ન સંભળાયાં — મારકિટ પાછળ એટલો બધો ઘોંઘાટ વધી પડ્યો ! ફોજદારે આંખ આડા કાન કર્યા. પૂનમચંદે બૂમ પાડ્યા કરી :

'બરોબર છે, લાયક છે. આમ જ થવું જોઈએ !'

ટોળાંએ એમને હાંકવા માંડ્યાં. લંગડાતો અડીબાજ અને લોહીનીતરતો હીરો! આ તો દુઃખે પેટ અને કુટાય માથું એવું થયું. લોકો એ 'જુગલ જોડી'ને મારતા મારતા ગામ બહાર તળાવને પેલે પાર વળાવી આવ્યા અને એમને ગયે જાણે પાપ ગયું હોય એમ, બીજે દહાડે વરસાદ ચોક્કસ આવશે એવી ખાતરીથી કેટલાક ઊંઘી ગયા.

વરસાદ ન જ આવ્યો.આદમજીની દુકાને ફટાકડાની પેટી આવી ત્યારે લખમણ પટેલને થયું કે હવે તો દિવાળી આવી; હવે વરસાદ કયાંથી આવે ? એણે પૂનમચંદના ચોપડામાં મતું મારી વાડી અને ઘર વેચી માર્યાં.

હીરા ખૂંટે અને અડીબાજ ગધેડાએ બેત્રણ વખત ગામમાં પેસવાનો પ્રયત્ન કર્યો પણ ફાવ્યા નહિ. હીરો તો ગમે ત્યાં વાડીઓમાં ધાડ પાડતો. પણ અડીબાજ બધે ઠેકાણે માર ખાતો. એને ગરદનમાં, કાન પાછળ અને પીઠ પર ચાંદાં પડ્યાં — એને કાગડાઓએ ખોદી ખોદીને ઊંડાં અને મોટાં કર્યાં. અડીબાજ કમજોર બની લથડાતો ચાલતો. એક રાતના હીરાને ખબર ન પડે એમ અડીબાજ ચિત્તાનો શિકાર બન્યો.

સવારના પણ હીરાએ અડીબાજને જોયો નહિ ત્યારે એની આતુરતા વધી ગઈ. એણે એને શોધવું શરૂ કર્યું.વાડીઓ અને ખેતરો, તળાવ, ધોબીઘાટ અને કનકેશ્વરીની દેરી; કયાંય એને પત્તો નહિ મળ્યો હોય એટલે ગામમાં પેસવા ગઢના દરવાજે એ આવીને ઊભો. પાટલા પર બેઠે બેઠે જ મહેતાએ સિપાઈને બૂમ મારી :

'અરે લાલજી, આ આવ્યો — હીરો !'

લાલજીએ ભાંગ વાટતાં વાટતાં ઊંચું જોયું અને બોલ્યો :

'આવ્યો ? — આવ તો ખરો — આ કાકી જોઈ છે ?' એણે બાજુમાં પડેલી બૅયોનેટ ચડાવેલી બંદૂક બતાવી. હીરો તોય 'કાકી' સામે જોતો આગળ વધ્યો ત્યારે લાલજી ડાંગ લઈને કૂદી પડ્યો. પણ હીરો અટકવાને બદલે સામો ચડ્યો. લાલજીનો ફટકો ચુકાવી એ એની સામે ધસ્યો ત્યારે લાલજી જાન બચાવવા દોડતો ગઢને પગથિયે ચડી ગયો.

હીરો ગામમાં દાખલ થયો. લાલજી એને જોઈ જ રહ્યો અને કહ્યું : 'આજે કંઈ નવાજૂની બનશે.'

તે દહાડે હીરાની ચાલમાં ઝડપ હતી અને માથાના ભારમાં ખુમારી હતી. એણે તરત જ મિજાજ ગુમાવ્યો નહિ. કોઈકના ફટકાની કે દૂરથી ફેંકાતા પથરાની પરવા કર્યા વગર એ સીધો મારકિટમાં પહોંચ્યો. બકાલીઓ ગભરાયા. કોઈએ હીરાની હાજરી કલ્પી નહોતી. 'આવ્યો !આવ્યો !'ની બૂમ પડી. કેટલાકે એ મશ્કરી માની પણ ફડોફડ ત્રાજવાં પડવા લાગ્યાં અને ટોપલાઓ ઊંચકાવા લાગ્યા ! અને ઊંચે માથે, એકની એક લાલ આંખ ફેરવતો હીરો અદાથી અને ઝડપથી, મારકિટમાં પેઠો ત્યારે લોકો ખરેખર ગભરાયા. જે ટોપલાની બાજુમાંથી હીરો પસાર થતો એ ટોપલાનો

માલિક બાઘો બનીને જોઈ રહેતો. પણ હીરાએ કોઈ ટોપલામાં માથું ન નાખ્યું. એ અરધી મારકિટ વટાવી વચમાં આવી ઊભો. કાન ઊંચા કરી એણે ચારે બાજુ માથું ફેરવ્યું, બધે જોયું, પણ કયાંય અડીબાજને ભાળ્યો નહિ. એને જોરથી પૂંછડું પોતાની પીઠમાં માર્યું અને ડોક લંબાવી ભાંભર્યો અને પછી મારકિટ છોડી ચાલતો થયો. બકાલીઓ હીરાની આ વર્તણૂક જોઈ જ રહ્યા. સૌ કોઈ એકબીજાને પૂછવા લાગ્યા :

'પણ અડીબાજ કયાં ?'

મારકિટમાંથી નીકળી હીરો હસનઅલીની હોટલે પહોંચ્યો. આમતેમ જોયું – પેલી ચાની કૂંડી આગળ જઈ પાણી સૂંઘી આવ્યો અને પાછો ફર્યો. લક્ષ્મીનારાયણના હવાડે બેચાર આંટા મારી, પાણી પીધા વગર એણે આખું ગામ ઢૂંઢવા માંડ્યું. છેક સાંજે સોડા વૉટરની ફૅક્ટરી આગળ એ આવી ઊભો – ઊભો જ રહ્યો !એને ચેન નહોતું. ઊભો હતો ત્યાં પાછલા પગે એણે જમીન ખોદવા માંડી. કાનમાં ગણગણતી માખીઓથી છેડાઈ જઈ એ વારે ઘડીએ બરાડા પાડતો અને કૂદાકૂદ કરતો. કોઈ કોઈ વાર મારકિટની ભીતને દોડી દોડીને શિંગડાં મારતો. રાત પડી અને તોય અડીબાજ ન દેખાયો. રાત વધવા લાગી તેમ હીરાની બેચેની વધી ગઈ. પણ એ સોડા વૉટરની ફૅક્ટરી આગળથી આઘો ખસ્યો નહિ. એને ખાતરી હશે જ કે અડીબાજ ગામમાં હશે તો ત્યાં જરૂર આવશે. મોડી રાત થઈ ત્યારે હીરો હસનઅલીની હોટલ આગળ આવ્યો. હસનઅલીએ કૂંડીમાં ચાની ભૂકી નાખી ત્યારે હીરો ટટ્ટાર થઈ ચોપાસ જોવા લાગ્યો. એની આંખ ફાટીને બહાર નીકળવા જેવી થઈ ગઈ. એની ફરતી નજર કયાંય ચોંટી નહિ. અડીબાજ આખરે હતો કયાં ? એણે મોટી બૂમ પાડી અને કૂદ્યો. હસનઅલીની હોટલનાં બેત્રણ દેવદારનાં ખોખાંને લાતો મારીને એ ભાગ્યો. એનો મિજાજ ગયો – એણે પોતાની જાત પરનો કાબૂ ગુમાવ્યો. અરધી રાત પછી એણે ગામના રસ્તાઓ અને શેરીઓમાં દોડ્યા કર્યું. કયાંક એણે ગાડું ઉથલાવ્યું, કોઈક એકલવાયા નિશાચરનો એણે ટાંટીઓ ભાંગ્યો. કોણ જાણે કેટલાંય કૂતરાં ચગદાયાં. કોઈ દુકાનોના એણે દરવાજા તોડ્યા. સવારના હોહા થઈ રહી.નિશાળો બંધ રહી અને બજાર અરધી ખૂલી નહિ.

'તે વખતે, સવારના' કહેતાં કહેતાં બકાલીને પાછી ઉધરસ આવવા લાગી. મને ભય લાગ્યો કે એની છાતીની ધમણ પાછી સંકેલાઈ જશે. પણ બળખો નીકળ્યો એટલે એણે સ્વસ્થ બની આગળ ચલાવ્યું : 'સવારના હું વાડીએ ચાલી નીકળ્યો. અને હમણાં આપણને ખબર મળી કે ફોજદારે આખરે એને ગોળીથી ઠાર કર્યો !'

બકાલી વાત પૂરી કરી, બાજુમાં ઉતારી મૂકેલી પાઘડીને ખોલી માથે બાંધવા લાગ્યો. ખભે પછેડી નાખી મોઢું લૂછતો લૂછતો એ ઊઠ્યો. અને ખાસડામાં પગ નાખતાં એના ટાંટિયા ધ્રૂજી રહ્યા.

'એ હીરો ખૂંટ –' એનાથી એક અણધાર્યો નિઃશ્વાસ નખાઈ ગયો. 'એક વખત મારી એના પર ગજબની મમતા હતી ! બિચારો મરી ગયો !'

અમે ચૂપચાપ ચાલ્યા કર્યું. કરોળિયાની જાળ જેવી રાત જામી ગઈ હતી. આ ઘડીએ મને કયાંય અજવાળાનું ટપકું દેખાયું નહિ અને મને એ અંધારું ઉષ્માભર્યું અને સુંવાળું ભાસ્યું – જાણે મારું અંતર વિસ્તાર પામી બધે ફરી વળ્યું હોય ! વડ આગળનો

ખૂણો વળતાં ગઢના દરવાજાની બત્તીઓ અમારી પર કૂદી પડી. મારું સુંદર અંધારું સાચવી રાખવા મેં પળવાર આંખો મીંચી દીધી.

★બાધિત શબ્દ હોવાથી દર્શાવેલ નથી.

**- જયંત ખત્રી**

## 3.4 કૃતિનો સારાંશ

**ખંડ-1**

નાયક અને હરિ કયાંકથી ચાલતા ચાલતા બપોરે બકાલીની વાડીમાં હાથ-મોં ધોવા જાય છે. રસ્તા અને વાતાવરણના વર્ણન સાથે વાર્તાની શરૂઆત થાય. બકાલી પોતાની વાડીમાં બેફિકર થઈ બેઠો બેઠો ચલમ પી રહ્યો હતો. હરિએ ગામ કેટલું દૂર છે ? — એમ પૂછતા તે બકાલી પણ તેમની સાથે ગામ તરફ ચાલવા લાગ્યો. ગામ નજીક આવતા લોકોની અવરજવર વધવા લાગી ત્યાં મહંતની વાડીના ખૂણે સામેથી આઠેક માણસો મહાકાય બળદનું મુડદું ઊંચકી આવતા જણાયા. બકાલીએ મુડદાને જોઈ 'હીરો ખૂંટ' એમ બૂમ પાડી, ને કહ્યું 'મરી ગયો ?' ઊંચકનારાઓએ જણાવ્યું 'મારી નાખ્યો.' બકાલી હીરો ખૂંટના મરવાની વાત જાણી 'વાહ' કહે છે ત્યારે હરિ બકાલીને તેની ખુશીનું કારણ પૂછે છે અને બકાલી અદાથી 'હીરો ખૂંટ' — મારકિટના બાદશાહની માંડીને વાત કરવા લાગે છે. મહાકાય કાયા અને મારકિટમાં પહોંચતા જ મારકિટનું વાતાવરણ બદલાઈ જાય અને બધા બકાલી પોતાના ટોપલા ઊંચા મૂકવા લાગે, કારણ તે બકાલીઓનું ખૂબ નુક્સાન કરતો. તે દરેકનો બેફિકરાઈથી માર ખાઈને પણ બકાલું ખાતો. એકવાર આ રીતે જ મારકિટમાં મકના બ્રાહ્મણના આંબામાં માથું નાખતા અને મકનાનો મિજાજ જતા તે અણિયાળો ખીલો ખૂંણની આંખમાં ઘોંચી દે છે. આંખ જવાથી બે દિવસ તે જ જગ્યાએ છાણમૂતરમાં પડી રહી, ત્રીજે દિવસે ઊભો થઈ ત્યાંથી ચાલ્યો જાય છે અને ચોથે દિવસે ફરીથી મારકિટમાં ધાડ નાખવાના જૂના વ્યવસાયે લાગી જાય છે, ત્યારથી 'ખૂંટ' — 'હીરો ખૂંટ' કહેવાયો.

**ખંડ :2**

'હીરો ખૂંટ'ની વાતો કરતા કરતા નાયક હરિ અને બકાલી તાલુકાના થાણા સુધી પહોંચી જાય છે. ત્યાંના વાતાવરણનું વાર્તાકાર વર્ણન કરે છે અને ત્યાં જ બકાલી ચા પીને આગળ વધવાની દરખાસ્ત મૂકે છે, જે નાયક નકારે છે. ત્યારબાદ બકાલી થોડીવાર માટે ધર્મશાળાની પાછળથી મોઢું લૂંછતો, દાળિયા ચાવતો અને ઠંડી વધુ હોવાથી નવટાંક પેટમાં નાખી આવે છે. ફરીથી બકાલી 'હીરો ખૂંટ'ની વાત આગળ વધારે કહે છે કે, 'તાલુકામાં એ ખૂંટને લાવનાર હું'. બકાલી એકવાર સરહદ પર ગયો હતો ત્યાં સિંધી પાસેથી ખસી કરેલો આ બળદ તેની આંખોની ચમક જોઈ ખરીદી લાવ્યો હતો. સિંધીઓએ આખલાને ખસી કર્યો હોવાથી સિંધીઓને જોઈ ભડકતો હોવાથી તેમણે બકાલીને આ આખલો વેચ્યો હતો. બકાલી આ રૂઆબદાર જાનવરના દેખાવનું હૂબહૂ વર્ણન કરે છે અને પોતાને ત્યાં લાવ્યા પછી પોતાના બચ્ચાંની જેમ ઉછેરે છે. લોકો તેના મોં માંગ્યાં દામ આપવા તૈયાર હોવા છતાં તે વેચતો નથી. આ આખલો ધનતેરસની હરીફાઈમાં બકાલીને ઈનામ પણ અપાવે છે. આ પ્રેમનું ઋણ ચૂકવતો હોય તેમ ખૂંટ પણ વરસાદી પૂરમાં દાક્તર અને બકાલીને બચાવે છે;

પરંતુ, બકાલીની તબિયત લથડી જતા બે મહિના સુધી ખૂંટે વાડીમાં રહેવું પડ્યું ત્યારથી તે મસ્તી, એ ચડ્યો અને પછી બકાલીની છોકરીને લાત મારી હાડકું ભાંગી નાખતા તે બકાલીના મનમાંથી ઉતરી જાય છે અને પછી ભાગી જાય છે. ખેતરોમાં-વાડીઓમાં ધાડ પાડતો થાય છે, ચિત્તાના મોઢામાંથી પણ એકવાર બચી જાય છે. પીઠ પર ત્રિશૂળનો ડામ લીધો હોવાથી ખૂંટ બને છે અને મારકિટનો બાદશાહ કહેવાય છે. આંખ ફોડીને મકનો 'કસાઈ' કહેવાયો પણ ખૂંટ 'હીરો' કહેવાય છે. આટલું બોલતા બોલતા બકાલીને ઉધરસ ચઢે છે અને પોતાના હાર્ટના દરદ વિશે કહે છે, ત્યાં તો નાયક લક્ષ્મીનારાયણના મંદિરે શિખરની ધજા જોયા પછી ગામના ગઢથી દૂર નથી એવું અનુમાન કરતા આનંદ અનુભવે છે.

**ખંડ :3**

બકાલી ચલમની જેમ બીડી પીતાં ખૂંટની છેલ્લી વાત આગળ ચલાવે છે. હીરાને છેલ્લે એક દોસ્ત મળે છે તે અબુ કુંભારનો ગધેડો – 'અડીબાજ ગધેડો'. તેની અડિયલ વૃત્તિના લીધે તે અડીબાજ કહેવાયો. તો પણ ઘણીવાર કુંભારનો માર ખાતો રહે છે. વંઠેલ છોકરાંઓના સંગાથે અડીબાજ પણ મિજાજથી મસ્તી કરી લેતો. એક મોડી રાત્રે ચાની હોટલવાળો દુકાન બંધ થતા ઊકાળેલી ચાની ભૂકી દરવાજા આગળની કૂંડીમાં ઠાલવે છે અને અડીબાજ ગધેડો તે ખાય છે. ત્યારથી તેને ચાની ભૂકી ગમી જાય છે અને તે દરરોજ ચાની ભૂકી ખાય બંધાણી બને છે. ભૂકી ખાઈ ટહેલતા અડીબાજ ગધેડાની અને ત્યાં જ ફરતા 'હીરો ખૂંટ'ની આબાદ દોસ્તી જામે છે. અંધારું થાય એટલે બંને 'સોડા વૉટર'ની ફેક્ટરી પાસે આવી પહોંચે અને એકબીજા તરફ વહાલ દર્શાવે. આ બંનેની પ્રેમચેષ્ટા પાનના ગલ્લે આવેલા પૂનમચંદ જોઈ તેને 'પડતીની નિશાની' જણાવે છે. આ વાત ગામ આખામાં ફેલાઈ જતાં – હીરા – અડીબાજની દોસ્તી 'પડતીની નિશાની' તરીકે ગવાઈ જાય છે.

**ખંડ :4**

ગામમાં આ વર્ષે ભાદરવો આવવા છતાં વરસાદ ન આવવાથી દુકાળની પરિસ્થિતિનું નિર્માણ થયું. દુકાળની પરિસ્થિતિમાં ગામના કણબી - ખેડૂતોની અવદશાના વર્ણન વાર્તાકાર કરે છે. આ દુકાળ માટે ગામના લોકો અડીબાજ અને હીરાની દોસ્તી દોષ આપે છે. તેની જ ગામના લોકો ટોળેવળી અડીબાજ અને હીરાને ખૂબ માર મારે છે. લંગડો અડીબાજ અને લોહીની નીરતી હાલતમાં હીરો; આ બંનેને ટોળું ગામની બહાર કાઢી મૂકે છે. છતાં વરસાદ નથી આવતો; પણ, દિવાળી આવી જાય છે.અડીબાજ અને હીરો બે ત્રણ વખત ગામમાં પેસવાનો પ્રયત્ન કરે છે; પરંતુ, નિષ્ફળ થાય છે. આ ગાળામાં એક રાત્રે અડીબાજ ચિત્તાનો શિકાર બને છે, જેની જાણ હીરાને નથી. સવારના અડીબાજને ન જોતા હીરો આતુરતાથી અડીબાજને શોધવાનું શરૂ કરે છે.હીરો કોઈને ન ગણકારતા મારકિટ, લક્ષ્મીનારાયણના હવાડે, સોડા વૉટરની ફેક્ટરી પાસે, હસનઅલીની હોટલ આગળ ચારેતરફ શોધવાનો પ્રયત્ન કરે છે. ગામના લોકોમાં પણ અડીબાજ વિશેની વાત થાય છે. હીરાને રાત સુધી અડીબાજ ન મળતા તે ગાંડો બની રસ્તા અને શેરીમાં દોડે છે, દુકાનોના દરવાજા તોડે છે, નિશાચરોનો ટાંટીઓ ભાંગે, કૂતરાંઓને ચગદ્યા. સવાર સુધીમાં તો ઘણું નુકસાન કરે છે અને છેલ્લે બકાલીને ખબર મળ્યાં કે ફોજદારે આખરે એને ગોળીથી ઠાર કર્યો.બકાલીથી આટલું બોલતા 'હીરો ખૂંટ' માટે અણધાર્યો નિઃશ્વાસ નંખાઈ જાય છે, જેના તરફ તેને એક સમયે અપાર મમતા હતી. ત્યાં તો નાયક રાત પડતા ગઢ

સુધી પહોંચે છે પણ આ સુંદર અંધારું સાચવી રાખવા પળવાર આંખો મીંચી જાણે 'હીરા ખૂંટ'ને શ્રદ્ધાંજલિ ન આપતા હોય !

## 3.5 કૃતિલક્ષી અધ્યયન

'હીરો ખૂંટ' વાસ્તવમાં પશુજીવનની વાર્તા છે. આખી વાર્તા બકાલી પોતાના મુખે કહે છે. બકાલી વાર્તા કહેતો જાય. રસ્તે રોકાઈને કોઠાની ગરમી સચવાઈ રહે તે માટે નવટાંક પેટમાં નાખી લેતો – જે પ્રસંગ/ઘટના અડીબાજ ગધેડાની અને હીરા ખૂંટની મૈત્રીને નવું પરિમાણ આપે છે. હીરા ખૂંટને આ ગામમાં લાવનાર આજ બકાલી. આ બકાલીને એક સમયે હીરા ખૂંટ માટે અપાર મમતા હતી. બળદ 'હીરો' અને 'ખૂંટ' કેવી રીતે બન્યો તથા તેના જીવનની ઘટનાઓ કહેતા બકાલીની હીરા ખૂંટ તરફની સંવેદના અછાની રહેતી નથી, એટલે જ તો હકીકતોના અંતે નિશ્વાસ નાંખે છે. આખી વાર્તામાં મનુષ્યનો પશુ સાથેનો પશુતાભર્યો વ્યવહાર અને પશુઓના સંબંધમાં પણ કંઈક અકુદરતી શોધી કાઢવાની માણસની વૃત્તિની આ આખી વાર્તા છે.

'હીરો ખૂંટ' વાર્તામાં પશુઓમાં પણ પેઠેલા પાપનું પ્રતીક ગામના લોકો માને છે ત્યારે બીજું પાસું જોતા પશુઓની સૃષ્ટિ તો માનવસર્જિત સૃષ્ટિનાં પાપપુણ્યથી પર જ રહી છે; પરંતુ, માણસ પોતાનું પાત્ર પશુઓમાં કંઈ રીતે આરોપિત કરી કનડે છે તેનું આલેખન આ વાર્તામાં છે. વાર્તાને અંતે વાચકને પણ બકાલીની વાત સાંભળનાર પાત્રો જેવો અનુભવ એટલે કે 'જાણે મારું અંતર વિસ્તાર પામી બધે ફરી વળ્યું હોય !' એવી અનુભૂતિ થયા વગર રહે નહીં.

આ વાર્તામાં હીરો ખૂંટ અને અડીબાજ ગધેડાના પશુ પાત્રો લાક્ષણિક રીતે નિરૂપાયા છે. આ આખી વાત કહેનાર બકાલીનું પાત્ર પણ કલાત્મક રીતે ઉપસાવ્યું છે. આ આખી વાર્તા બે પશુઓની મિત્રતા, માનવીની પશુતા, પશુઓની માનવીયતાના અનેરા સંગમની વાર્તા બને છે. આ વાર્તામાં પાત્ર પોતે જાણેલી વાત બીજા પાત્રોને કહી સંભળાવે અને શ્રોતા પાત્ર તેને વસ્તુરૂપે રજૂ કરે એવી અનેરી કથનકળાનો સમન્વય છે. મનુષ્યની સહજ નિર્બળતાઓને કે વિકૃતિઓને પશુમાં આરોપી અથવા અવલંબીને સૂચવવાની અન્યોક્તિ આ વાર્તામાં આધુનિક શૈલીને વિનિયોગ દર્શાવે છે. વાર્તામાં હીરાનું આલેખન જીવંત હોવા છતાં બકાલીનું તટસ્થ બનતું પાત્ર વચ્ચે વચ્ચે આવી વાર્તાને સંવેદનાઓમાં તથા વર્ણન અતિરેકમાં સરી પડતા બખૂબી બચાવે છે.

'હીરો ખૂંટ' જયંત ખત્રીની એક વિશિષ્ટ વાર્તા છે. ગુજરાતી સાહિત્યમાં જૂજ મળતી માનવેતર પાત્રોની વાર્તાઓમાં નોંધનીય છે. આ વાર્તામાં વાર્તાકાર પશુઓની વાત તો કરે છે;પરંતુ, તેમની વેધક નજર માનવસમાજ તરફ જ છે. 'હીરો ખૂંટ' અને 'અડીબાજ ગધેડા'ની પ્રેમચેષ્ટા જોઈ પૂનમચંદ કહે છે કે, 'આ બધી પડતીની નિશાની છે !' કે 'હવે તો પશુઓમાંય પાપ પેઠું છે' ઉક્તિમાં રહેલી વક્રતા તે પછીના પ્રસંગ નિરૂપણથી વધુ સ્પષ્ટ બને છે. ચાર-ચાર વર્ષના દુકાળના દોષનો ટોપલો હીરા અને અડીબાજના શિરે ઢોળી તેઓને જ આ અવદશાનું કારણ ગણાવે છે અને પછી તરત જ પોતાની દુકાને વાડી ગિરવે મૂકવા આવેલા ખેડૂતની સામે સહી કરવા કલમ આગળ ધરે છે. સર્વસ્વ ગુમાવી બેઠેલો ખેડૂત, મિજાજ ગુમાવી અડીબાજને અધમૂવો કરી નાંખે છે. પ્રજાના અજ્ઞાનનો ફાયદો શેઠ ઉઠાવી જાય છે. જેવીરીતે અડીબાજ હીરાને ખબર ન પડે તેવી રીતે ચિત્તાનો શિકાર થાય તેવી જ રીતે

ગરીબ, અસહાય, અજ્ઞાની પ્રજા પૂનમચંદ શેઠ જેવા ધુર્ત લોકોનો શિકાર બને છે. આ સત્ય ખુલ્લું ન પડે એટલે જ તો 'આ તો દુઃખે પેટ અને કુટાય માથું એવું થયું' – એમ વ્યંજના દર્શાવતું વાક્ય બોલાય છે.

**3.6 વસ્તુલક્ષી કસોટી**

**(ક) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. બકાલી વાવની કૂંડી પર બેઠો બેઠો ચલમ પી રહ્યો હતો.
2. અડીબાજનું મુડદું લઈ માણસો જઈ રહ્યાં હતાં.
3. અડીબાજ મારકિટનો બાદશાહ કહેવાતો.
4. 'હીરો ખૂંટ'ને બકાલીએ સિંધી પાસેથી ખરીદ્યો હતો.
5. હીરો ખૂંટ ઠાર મરાયો.

**(ખ) ખાલીજગ્યા પૂરો.**

1. હસનઅલીની હોટલે અડીબાજ .............. ખાતો.
2. હીરાખૂંટની આંખમાં ................ એ અણિયાળો સળિયો ખોસી દીધો.
3. .............. મારકિટનો બાદશાહ કહેવાતો.
4. .............. ની દુકાને ફટાકડાની પેટીઓ આવી ત્યારે લક્ષ્મણ પટેલને થયું કે હવે તો દિવાળી આવી.
5. હીરો ખૂંટ અને અડીબાજની દોસ્તી ......... તરીકે વગોવાઈ.

**ઉત્તર :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (ક) | 1. સાચું | 2. ખોટું | 3. ખોટું | 4. સાચું | 5. સાચું |
| (ખ) | 1. ચાની ભૂકી | 2. મકના | 3. હીરો ખૂંટ | 4. આદમજી | 5. પડતીની નિશાની |

**3.7 કૃતિલક્ષી ભાષાકીય અભિવ્યક્તિનો અભ્યાસ**

**(ક) દ્વિરુક્ત પ્રયોગો વિશે જણાવો.**

1. ગુજરાતી ભાષામાં એવા કેટલાંક શબ્દપ્રયોગો છે, જેમાં કોઈવાર કોઈ અક્ષર એના એ સ્વરૂપે બેવડાય છે.

   જેમકે, 'લૂછતોલૂછતો', 'મારતામારતા'

2. એવી જ રીતે કેટલાંક શબ્દપ્રયોગોમાં કોઈ અક્ષર એના એ સ્વરૂપે અને કોઈઅક્ષર થોડા ફેરફાર સાથે બેવડાય છે.

   જેમ કે, 'ટપોટપ' શબ્દ છે. તેમાં 'ટ' અક્ષર એના એ સ્વરૂપે બેવડાય છે; પરંતુ, 'પો' થોડા ફેરફાર સાથે 'પ' બની જાય છે.

   જેમ કે, 'જીવતોજાગતો'. આ શબ્દમાં 'તો' અક્ષર એના એ સ્વરૂપે બેવડાય છે; પરંતુ,'જી' અને 'વ' થોડા ફેરફાર સાથે 'જા' એ 'ગ'માં ફેરવાય છે. આ બંને ધ્વનિની દ્વિરુક્તિનો શબ્દપ્રયોગ બને છે.

   અહીં અવરજવર, રેબઝેબ, ખાતરબાતર, પોતપોતાના જેવો શબ્દોને ઉદાહરણ તરીકે લઈ શકાય.

3. આજ રીતે ગુજરાતી ભાષામાં એવા કેટલાક શબ્દપ્રયોગો છે, જેમાં શબ્દ એના એ અર્થ સાથે બેવડાય છે. જેમ કે, 'ચિંતાફિકર'. આ શબ્દમાં 'ચિંતા' શબ્દનો અને

'ફિકર' શબ્દનો અર્થ એક જ છે. આવા પ્રયોગોને અર્થની દ્વિરુક્તિવાળો શબ્દપ્રયોગ કહેવાય છે.

આજ રીતે વિરોધી અર્થ ધરાવતા દ્વિરુક્ત શબ્દ પ્રયોગમાં વેળાકવેળા, રંગબેરંગી, કાકાફાકા જેવા શબ્દોનો સમાવેશ થાય છે.

(ખ) **તમારી પ્રગતિ ચકાસો.**

આ વાર્તામાં આવતા દ્વિરુક્ત શબ્દોની યાદી બનાવો.

(ગ) **'પૂર્વપ્રત્યય'અને'પરપ્રત્યય'**

1. ઘણીવાર શબ્દની આગળ કોઈ પ્રત્યય લાગતો હોય છે અને એ શબ્દથી જુદા પડતા અર્થવાળો નવો શબ્દ બનાવે છે.

   જેમ કે 'ફિકર' આ શબ્દની આગળ 'બે' પ્રત્યય લાગતાં જે શબ્દ તૈયાર થાય તે છે, 'બેફિકર'. આ શબ્દનો અર્થ થાય છે; 'ફિકર ન હોય તેવું'. ફિકરથી વિરુદ્ધનું.
   આ '— થી ઊલટું' એવો અર્થ આપનાર પ્રત્યયો છે 'બે' વગેરે.
   ઉદાહરણ તરીકે અદશ્ય, અપવિત્ર,

2. જ્યારે કેટલીકવાર શબ્દની પાછળ એવો કોઈ પ્રત્યય લાગે છે અને એ શબ્દથી જુદા પડતા અર્થવાળો નવો શબ્દ બનાવે છે. જેમ કે, 'સુંદર' માં 'તા' પ્રત્યય લાગી 'સુંદરતા' શબ્દ બને.

આમ, પ્રત્યયો એક શબ્દમાંથી બીજા શબ્દ બનાવી શબ્દોનું ઘડતર કરે છે. શબ્દની આગળ જે પ્રત્યય લાગે તેને 'પૂર્વપ્રત્યય' અને શબ્દની પાછળ જે પ્રત્યય લાગે તેને 'પરપ્રત્યય' કહેવાય.

(ઘ) **તમારી પ્રગતિ ચકાસો.**

આ વાર્તામાંથી મળતા 'પૂર્વપ્રત્યય' અને 'પરપ્રત્યય'વાળા શબ્દોની યાદી બનાવો.

(ચ) **રૂઢિપ્રયોગ**

કેટલાંક શબ્દપ્રયોગો શબ્દના મૂળ અર્થ છોડી વિશેષ અર્થમાં વારંવાર પ્રયોજાતા ભાષામાં રૂઢ બને છે. આ પ્રયોગોને રૂઢિપ્રયોગ કહેવાય.

(છ) **તમારી પ્રગતિ ચકાસો**

- તમારા પાઠને આધારે નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.
  1. આંખમાં ખૂંચવું
  2. મોઢું મરડવું
  3. નિઃશ્વાસ નાંખવો
  4. ટાઢે પાણીએ ખસ જવી
  5. ધાડ પાડવી

## 3.8 લેખન-પ્રવૃત્તિ

- પશુપ્રેમ વિશેની ગુજરાતી સાહિત્યમાં મળતી અન્ય વાર્તાઓની યાદી બનાવો.
- દુકાળ સમયની પરિસ્થિતિનું આલેખન કરતી વાર્તાઓ વાંચો.

### 3.9 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

1. હરિ કોની વાડીએ હાથ-મોં ધોવા જાય છે ?
2. હીરો ખૂંટને કોણ મારી નાંખે છે ?
3. માનસંગના પાનના ગલ્લે કોણે અડીબાજ અને હીરા ખૂંટને 'પડતીની નિશાની' કહ્યું ?
4. ગામમાં સૌપ્રથમ હીરા ખૂંટને કોણ લઈ આવે છે ?
5. અડીબાજ કોનો શિકાર બને છે ?

**(ખ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. સિંધીઓ 'ખૂંટ'ને શા માટે વેચે છે ?
2. બકાલી હીરા ખૂંટના મડદાંને જોઈ કેમ 'વાહ' ઉચ્ચારે છે ?
3. મકનો શા માટે હીરા ખૂંટની આંખ ફોડી નાંખે છે ?
4. 'હીરો ખૂંટ' મારકિટનો બાદશાહ કેમ કહેવાયો ?
5. હસનઅલીને ચા પીનારા લોકો હોટલ બંધ કરવાનું શા માટે કહે છે ?
6. બકાલી અને હીરો ખૂંટ વચ્ચેનો મમતાભર્યા સંબંધને આલેખો.

**(ગ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. 'હીરો ખૂંટ' વાર્તાનું શીર્ષક સમજાવો.
2. 'હીરો ખૂંટ' અને 'અડીબાજ ગધેડા'ની દોસ્તીની વિગતે ચર્ચા કરો.
3. 'હીરો ખૂંટ' વાર્તાના આધારે જયંત ખત્રીની વર્ણનશૈલીને વર્ણવો.
4. 'હીરો ખૂંટ' વાર્તાનો કેન્દ્રવર્તી વિચાર જણાવો.
5. 'હીરો ખૂંટ' વાર્તાનો અંત.
6. બકાલી અને હીરો ખૂંટ વચ્ચેનો સંબંધ સવિસ્તાર વર્ણવો.
7. 'હીરો ખૂંટ' વાર્તામાં જયંત ખત્રીની ભાષાશૈલી વિશે જણાવો.

### 3.10 વિશેષ અધ્યયન

**(ક) કર્તા પરિચય (જયંત ખત્રી)**

આ ટૂંકીવાર્તાના સર્જક જયંત ખત્રી દાક્તરી વ્યવસાય સાથે સંકળાયેલા હોવા છતાં વાર્તાસર્જક અને ચિત્રકાર હતા. 1944-1967 સુધીના સમયમાં તેમણે 41 ટૂંકીવાર્તાઓ ગુજરાતી સાહિત્યને આપી. 'ફોરાં', 'વહેતાં ઝરણાં' તથા 'ખરા બપોર' એ ત્રણ એમના વાર્તાસંગ્રહો છે. અધૂરી રહેલી અપ્રગટ નવલકથા 'ચમારચાલ' તથા 'મંગળ પાંડે' નામે છે અને અપ્રગટ એકાંકી તથા 'હત્યા' નામથી એકોક્તિ, થોડાક પત્રો, લેખો વગેરે તેમનું અપ્રગટ લેખનકાર્ય છે. 1945માં 'લોહીનું ટીપું' ટૂંકીવાર્તા માટે તેમને મહીડા સુવર્ણચંદ્રક એનાયત થયો હતો તથા વાર્તાસંગ્રહ 'ખરાબપોર' માટે ઉમાસ્નેહરશ્મિ પારિતોષિક એનાયત થયું. વાર્તાકાર ખત્રીનું અનુભવજગત વિશાળ હતું સાથે વિષયવસ્તુ, રચનારીતિ, અભિવ્યક્તિ તેમજ આવશ્યક હોય ત્યાં પ્રતીકનિરૂપણની પ્રયોગશીલતાએ વાર્તામાં આધુનિક શૈલી પ્રત્યારોપિત કરી.

**(ખ) સ્વરૂપ પરિચય (ટૂંકીવાર્તા)**

'હીરો ખૂંટ' પશુપ્રેમ વિષય પરની ટૂંકીવાર્તા છે. ગુજરાતી ટૂંકીવાર્તાએ ઘણી લોકપ્રિય અને ઘણો ખેડાયેલો સાહિત્યપ્રકાર રહ્યો છે. સામાન્ય સંદર્ભમાં એક વાર્તા એટલે એક

બિંદુ પરથી શરૂ થયેલી નાની નાની કેડી પરથી પસાર થઈ કથાસાહિત્યના મુખ્ય રસ્તાને જોડતી કડી છે. ઓછા પાત્રો, ક્ષણિક તથા સચોટ કથાવસ્તુ, લાઘવપૂર્ણ – થોડાં વર્ણનોને આલેખીને જીવનના કોઈ રહસ્ય તરફ આંગળી ચીંધીને વ્યાપક દર્શન કરાવતી અને ભાષાશૈલીની કલાત્મક અભિવ્યક્તિ સાંધતી ટૂંકીવાર્તાએ સુંદર કલાકૃતિ છે.

(ગ) **વિશેષ વાચન**

- ધૂમકેતુની વાર્તા 'જુમો ભિસ્તી', 'ભૈયાદાદા' વાર્તાનો અભ્યાસ કરો.
- ચૂનિલાલ મડિયાની 'કમાઉ દીકરો' વાર્તાનું અધ્યયન કરો.
- જયંત ખત્રીના સમકાલીન વાર્તાકારોની વાર્તાઓનો અભ્યાસ કરો.
- જયંત ખત્રીની વાર્તાઓમાં આવતા પ્રતીકોનો અભ્યાસ કરો.
- પશુપ્રેમની અન્ય વાર્તા શોધી 'હીરો ખૂંટ' સાથે તુલનાત્મક અભ્યાસ કરો.

**● ટિપ્પણ**

| | | |
|---|---|---|
| કૂંડી | - | કુંડ જેવો નાનો ખાડો, પહોળા મોંનું નાના કુંડ જેવું વાસણ |
| ફોરમ | - | સુવાસ, સુગંધ |
| મારકિટ | - | બજાર, ચૌટું |
| ખાસડાં | - | જૂતાં, પગરખાં |
| ગજબ | - | આશ્ચર્ય |
| બકાલી | - | બકાલ, કાછિયો |
| અવદશા | - | દુર્દશા, પડતી |

**● સંદર્ભ સૂચિ**


- જયંત ખત્રીની ટૂંકીવાર્તાઓ – સંપા. ધીરેન્દ્ર મહેતા
- ડૉ. જયંત ખત્રી – ધીરેન્દ્ર મહેતા
- આધુનિક ગુજરાતી વાર્તાના મુખ્ય પ્રણેતા ડૉ. જયંત ખત્રી – સુરેશ દલાલ
- ગુજરાતી ટૂંકીવાર્તા – અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ
- ગાંધીયુગના કેટલાક નવલિકાકારો – ડૉ. જયંત અ. મહેતા
- વાર્તાકાર જયંત ખત્રી – વિનોદ ગાંધી
- ચાર વાર્તાકારો : એક અભ્યાસ – વિજય શાસ્ત્રી



**લેખન :** ડૉ.હેતલ ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

એકમ 4

# થીગડું

- સુરેશ જોષી

4.1 ઉદ્દેશો
4.2 પ્રસ્તાવના
4.3 કૃતિ
4.4 કૃતિ સારાંશ
4.5 કૃતિલક્ષી સઘન અધ્યયન
4.6 સ્વાધ્યાય
4.7 ભાષાકીય સઘન અધ્યયન
4.8 વિશેષ અધ્યયન

## 4.1 ઉદ્દેશો

- આ વાર્તાના અભ્યાસ દ્વારા તમે સુરેશ જોષીની વાર્તાકલાથી પરિચિત થશો.
- વાર્તાની રચનારીતિથી પરિચિત થશો.
- વાર્તાની કથનરીતિથી પરિચિત થશો.
- 'થીગડું' વાર્તા નિમિત્તે અન્ય પ્રયોગશીલ કે આધુનિક ગણાયેલી ટૂંકીવાર્તા વિશે જાણવા, સમજવાની તમારી જિજ્ઞાસા વધશે.
- સુરેશ જોષીની બીજી વાર્તાઓ વાંચવાની તમારી જિજ્ઞાસા વધશે.
- પરંપરાગત ટૂંકીવાર્તા કરતાં 'થીગડું' કઈ રીતે જુદી પડે છે તે જોવા-સમજવા માટેની દૃષ્ટિ વિકસશે.

## 4.2 પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યમાં સુરેશ જોષીનું સ્થાન આધુનિક યુગના પ્રણેતા તરીકેનું છે. ટૂંકીવાર્તા, નવલકથા, નિબંધ, કવિતા તથા વિવેચન જેવા ક્ષેત્રોમાં તેમણે પ્રયોગશીલ વલણ અપનાવ્યું છે. ગુજરાતી સાહિત્યની પરંપરાથી જુદું વિચારનારા અને એ પ્રમાણે લખનારા સર્જક તરીકે તેઓ સમગ્ર સાહિત્ય પરંપરામાં જુદા પડે છે. તેમની સાહિત્ય વિચારણા જુદા-જુદા સાહિત્યિક સામયિકો દ્વારા વ્યક્ત થતી. 'વાણી', 'મનીષા', 'ક્ષિતિજ', ઊહાપોહ', 'એતદ્' જેવાં સામાયિકો તેમની વિભાવના વાહક જેવા ગણાય.

1957માં સુરેશ જોષીનો પ્રથમ વાર્તાસંગ્રહ 'ગૃહપ્રવેશ' પ્રગટ થયો. આ સંગ્રહની પ્રસ્તાવનામાં તેમણે નવલિકા - ટૂંકીવાર્તા સ્વરૂપમાં રહેલી શક્યતાઓ પ્રત્યે નિર્દેશ કર્યો. પરંપરાગત ટૂંકીવાર્તા કરતાં નવી વાર્તાની જરૂરિયાત પર તેઓ ચિંતનપૂર્વક સર્જનશીલ સક્રિયતાને વરેલા હતા. ગૃહપ્રવેશ પછીના સંગ્રહોમાં તેમની પ્રયોગશીલતા વિકસી. વાર્તાસ્વરૂપને તેમણે સમૃદ્ધ કર્યું. સુરેશ જોષીના પ્રભાવ થકી વીસમી સદીના સાતમા દાયકામાં નવી પેઢીએ ઘણી પ્રયોગશીલ રચનાઓ આપી.

'થીગડું' વાર્તામાં રચનારીતિ અને ભાષાની સરળતા છે. જીવનસંદેશ કેન્દ્રમાં છે. અસ્તિત્વની કરૂણતા કેન્દ્રમાં હોવા છતાં રચના વિષયક દુર્બોધતાને લેખકે ટાળી છે. આ વાર્તા તેમની સર્વોત્તમ પૈકીની એક રચના છે.

## 4.3 કૃતિ

### થીગડું

પશ્ચિમમાં ક્ષિતિજ પર વાદળાં છવાયેલાં હતાં તેથી આથમવા આવેલા સૂરજની રતૂમડી આભા દેખાતી નહોતી; સહેજ વાદળ આછાં હતાં ત્યાંથી રતાશની નાની શી લકીર ઘડીભર દેખાઈ

ન દેખાઈ ને છવાતા જતા અંધારામાં અલોપ થઈ ગઈ; જાણે કોઈ નાગણે બટકું ભરી અંધારના ઝેરની કોથળી ઠાલવી દીધી. એ ઠલવાયેલો અન્ધકાર પ્રભાશંકરને પણ ચારે બાજુથી ઘેરી વળ્યો.

પ્રભાશંકરે ગોખલામાંથી પાનની ચમચી લીધી. એ ખોલીને આંખો ઝીણી કરીને જોયું તો અંદર ચીમળાઈ ગયેલું અર્ધું જ પાન હતું. બે દિવસથી હસમુખને પાન લાવવાનું યાદ કરાવવા છતાં એ ભૂલી જ જતો હતો ! પ્રભાશંકરે ખૂબ કાળજીથી અર્ધા પાનના બે ભાગ કર્યા, એમાંનો એક ભાગ સાચવીને ચમચીમાં મૂકી દીધો ને બીજા ટુકડા પર ચૂનોકાથો ચોપડવા લાગ્યા. પાન મોઢામાં મૂક્યું, સાથે તમાકુની ચપટી ભરીને મોઢામાં મૂકી.

બહાર શેરીના દીવાના પ્રકાશનો એક લિસોટો આગલા ઓરડામાં પડતો હતો. તેને અજવાળે ખીંટીએ ભેરવેલો કોટ લઈને પહેર્યો, ટોપી માથે મૂકી. ઘૂંટડો પાણી પીને જ બહાર નીકળવાની એમને ટેવ હતી. પારવતી ડોશી જીવતાં હતાં ત્યાં સુધી તો બહાર જવાનો વખત થાય કે તરત પાણીનો પ્યાલો લઈને હાજર રહેતાં. એવી નાનીનાની ઘણી વસ્તુ આ છેલ્લા એક વરસથી એમને જાતે જ કરી લેવી પડતી.

પાણી માટે પ્રભાશંકર પાણિયારા પાસે ગયા ને ઘૂંટડો ગળે ઉતારીને પાછા વળતા હતા ત્યાં એકાએક જાણે કોઈએ પાછળથી એમની કોટની ઝાંય ઝાલીને એમને રોક્યા. એમનાથી એકાએક પુછાઈ ગયું : શું છે, હસમુખની મા ?

નિસ્તબ્ધ અન્ધકારમાં એ પ્રશ્ન રઝળતો થઈ ગયો. પ્રભાશંકર આંખ ઝીણી કરીને અન્ધકારમાં તાકી રહ્યા. તપખીરનો સડાકો લઈને, સહેજ ખોંખારો ખાઈને, 'મકુ જે' કહીને, પારવતી ડોશીને વાત કરવાની ટેવ હતી. મોટા દીકરા મણિશંકરના મૃત્યુ પછી પ્રભાશંકર ઘણી વાર અન્યમનસ્ક બની જતા. ત્યારે ઘણુંખરું એમની બાંય ખેંચીને બોલાવવાની પારવતી ડોશીને ટેવ પડી ગઈ હતી. પ્રભાશંકરને યાદ આવ્યું : પરણ્યાને બેએક વરસ થયાં હશે. ત્યારે તો એમનાં ડોસાડોસી ઘરમાં હતાં. જમીને પ્રભાશંકર નોકરીએ જવાની તૈયારીમાં જ હતા. એમની ટેવ મુજબ ઘુંટડો પાણી પીને રસોડાની બહાર નીકળવા જતા હતા ત્યાં આમ જ કોટની બાંય ખેંચીને એમને ઊભા રાખીને પારવતીએ પોતે માતા થવાની છે તેના શુભ સમાચાર આપ્યા હતા. સંયુક્ત કુટુંબમાં મર્યાદા જાળવીને રહેવાનું, બે ઘડી એકાન્ત મેળવીને એકબે શબ્દ બોલવાનું પણ ભાગ્યે જ બનતું, રાતે માબાપને ભાગવત સંભળાવીને પ્રભાશંકર સૂવા જાય ત્યારે પારવતી પથારીને એક ખૂણે, આખા દિવસના કામથી થાકેલી, ઊંઘે ઘેરાતી આંખે, માંડ જાગતી બેઠી હોય. આમેય તે પ્રભાશંકર ચાર શબ્દ બોલવાના હોય ત્યાં એક જ બોલીને કામ ચલાવી લે એવા માણસ.

મરણ આવ્યું તે દિવસે પારવતીએ પણ આમ જ હાથ પકડીને રોકતાં કહેલું : આજે ન જાઓ તો ન ચાલે ? પણ પછી તરત જ, પ્રભાશંકર નિત્યનિયમમાં કશો ભંગ પડે તે સાંખી લેતા નહિ તે જાણીને, વાત બદલી નાખીને કહેલું : ના, ના, એ તો મને અમથું જ જરા મનમાં એમ થયું... લો, એક ઘૂંટડો પાણી પીને પછી જાઓ.

આથી, બારણાના આગળામાં કોણી આગળથી ફાટેલો કોટ ભેરવાતાં, ઊભી રહી જઈને એકદમ એમનાથી પુછાઈ ગયું : શું છે હસમુખની મા ? પણ પેલો તપખીરનો સડાકો ને 'મકુ જે'નો ટહુકો સંભળાયા નહિ એટલે પ્રભાશંકર એકલા જ બોલવા લાગ્યા : શું છે ? કોટ ફાટ્યો છે એમ કહેવું છે ને ? તે શું થીગડું મારું ? પણ સોયદોરો ક્યાં છે ?

પછી થોડી વાર અકળાતા હાથ મસળતા પ્રભાશંકર એમ ને એમ ઊભા જ રહી ગયા. પછી જાણે પારવતીનો નાખુશ થયેલો ચહેરો જોયો હોય તેમ બોલ્યા : પણ તું જ કહે ને, હું શું કરું ? વહુને મારાથી વારે વારે કહેવાતું નથી. વારુ, થીગડું મારું છું, પછી છે કાંઈ ? 'થીગડું' શબ્દ ચારેક વાર ફરી ફરીને બોલ્યા, ને એમને વળી યાદ આવ્યું : એક સાથે ત્રણચાર વરસ નબળાં ગયાં, ઘરખોરડાં આગમાં બળી ગયાં, જમીન તો તસુ સરખીય હતી નહીં. બાપ ઘામોટું કરતા. બહેનોને પરણાવવાની. આથી પંદર વરસની વયથી જ પ્રભાશંકર એક વેપારીની દુકાને તમાકુનાં પડીકાં વાળવા બેસી ગયા. વર્નાક્યુલર ફાઈનલ તો પાસ કરેલી, એટલે પાંચેક વરસ રાહ જોયા પછી આખરે બહુ દૂરના અજાણ્યા ગામમાં પંદર રૂપિયાની, પ્રાથમિક શાળા શિક્ષકની નોકરી મળી ગઈ. ઘરખરચ, બહેનોનાં લગ્ન – આ બધું ઉપાડતાં પાંત્રીસ તો થઈ ગયાં. આખરે પ્રભાશંકરને પરણવાની અનુકૂળતા થઈ. પરણ્યા પછી આણું કરવા સાસરે ગયા ત્યારે પારવતી જોડે જે વાત થઈ તે એમને યાદ આવી.

એમણે કહેલું : મારી તો ઉંમર મોટી થઈ, સંસારનો ઢસરડો કરતાં મારો રસ તો બધો સુકાઈ ગયો. તને મારી જોડે ફાવશે ?

પારવતીએ એની સખીએ શીખવેલો જવાબ આપ્યો હતો : તમે જ મારે મન બધું છો, પછી મારે બીજા કશાંની શી જરૂર ?

પ્રભાશંકરે ઉમેરેલું : પણ અમારા ઘરમાં તો એક સાંધીએ ત્યાં તેર તૂટે એવો ઘાટ છે. સંસાર ભોગવવા કરતાં થીગડાં મારવાનું જ કામ તારે કરવું પડશે !

પારવતીએ ઊલટભેર કહેલું : વારું, તમે કહેશો તેટલાં થીગડાં મારી આપીશ. થીગડાં મારતાં હું નહિ થાકું.

પણ આજે એ ક્યાં છે ? એય આખરે થાકી જ ને !

દેવ આગળ દીવો કરવા ને ફાનસ સળગાવવા પ્રભાશંકરે દીવાસળી શોધી, પણ જડી નહીં, પણ દીવાસળી શોધતાં એક દાબડામાંથી સોયદોરો જડ્યાં. એ લઈને પ્રભાશંકર ઓટલે ગયા. શેરીના દીવાને અજવાળે એમણે કેટલું થીગડું મારવું પડશે તેનો અંદાજ કાઢી લીધો. પોતાની બેસવાની ગાદી નીચે સંઘરેલાં ગાભાચીંથરાંમાંથી માપસરનો એક ટુકડો કાઢ્યો. એનો રંગ કોટના રંગને મળતો નહોતો આવતો. પણ એવું કપડું ક્યાંથી લાવવું ? આ કોટનેય હસમુખ જેટલાં વરસ થયાં. મિલિટરીના સસ્તે ભાવે કાઢી નાખેલાં કપડાંમાંથી મણિશંકર એ લઈ આવેલો.

દીવાને અજવાળે પ્રભાશંકરે, આખ ઠેરવીને, સોયમાં દોરો પરોવવાનો પ્રયત્ન કર્યો. દોરીને થૂંકથી ભીની કરીને છેડે વળ ચઢાવ્યો, ઘણા પ્રયત્નો કર્યા પણ સોયનું નાકું દેખાય તો ને !

એટલામાં શેરીના દીવા આગળ રમતા એક કિશોરની એ તરફ નજર ગઈ. થોડી વાર સુધી તો એણે પ્રભાશંકરના નિષ્ફળ પ્રયત્નોને કુતૂહલથી જોયા કર્યા. પછી એ પાસે આવીને બેઠો અને ભીંતના પોપડા ઊખેડતો પ્રભાશંકરના પ્રયત્નોને જોઈ રહ્યો.

પ્રભાશંકરનું એના તરફ ધ્યાન ગયું એટલે એમણે કહ્યું : 'કોણ છો બેટા ? દયાશંકરનો મનુ કે ?' પેલા કિશોરે કહ્યું : 'હા, દાદા.'

કિશોરના માનવાચક સમ્બોધનથી પ્રોત્સાહન પામીને પ્રભાશંકરે કહ્યું : 'ભાઈ, મને જરા આ સોયમાં દોરો પરોવી આપ ને !'

મનુએ કહ્યું : 'દાદા, એક શરત. તમારે વાર્તા કહેવી પડશે.'

પ્રભાશંકર હસીને બોલ્યા : 'વાતો તો તારાં દાદીને કહેતાં આવડતી, હું તો...'

એમને વચ્ચેથી જ અટકાવીને મનુ બોલ્યો : 'ના દાદા, એમ બહાનું કાઢો તે નહિ ચાલે, દાદીએ તમને તો ઘણી બધી વાતો સંભળાવી હશે. એમાંથી એક તો કહો.'

પ્રભાશંકર હાર્યા. એમણે કહ્યું : 'વારુ, તું દોરો પરોવી આપ, એટલે વાર્તા કહું.

મનુએ ઝટ દોરો પરોવી આપ્યો. પ્રભાશંકરે પેલા કપડાનો ટુકડો જોડીને જેવા સૂઝે તેવા બખિયા ભરવા માંડ્યા. મનુ પાસે સરીને કુતૂહલથી વિસ્ફારિત નેત્રે એમની પાસે બેઠો.

પ્રભાશંકરે વાર્તા શરૂ કરી : ઘણાં ઘણાં વરસ પહેલાંની વાત છે...

મનુએ પૂછ્યું : 'કેટલાં ? સો, બસો...'

પ્રભાશંકરે કહ્યું : 'ના, હજારેક વરસ પહેલાંની વાત છે. ત્યારે એક રાજા હતો. એને એક રાજકુમાર. એનું નામ ચિરાયુ. બાળપણથી જ એ ભારે ફૂટડો. જે એને જુએ તે એના પર વારી જાય. એ મોટો થતો ગયો તેમ વધારે ને વધારે દેખાવડો થતો ગયો. એને જોઈજોઈને રાજા અને રાણીની આંખમાંથી આંસુ વહી જાય...

મનુએ પૂછ્યું : 'એ તે કેવી નવાઈની વાત ? આવા રૂપાળા કુંવરને જોઈને ખુશ થવાને બદલે રાજારાણી આંસુ પાડે !'

પ્રભાશંકરે કહ્યું : 'હા ભાઈ, એ આવો રૂપાળો હતો તેથી જ એને જોઈને રાજારાણીને એમ થાય કે આવી કંચન સરખી કાયા એક દિવસ તો કરમાઈ જ જશે ને ! આથી એમને દુઃખ થાય ને આંસુ આવે...'

મનુએ હોંકારો પૂરતા કહ્યું : 'હં, પછી ?'

પ્રભાશકરે વાત આગળ ચલાવી : 'આમ મહિના વીતતા જાય છે, વરસ વીતતા જાય છે. રાજકુમાર સોળ વરસનો થયો. વરસગાંઠ આખા રાજ્યમાં ધામધૂમથી ઉજવાઈ. એ જ વખતે રાજાને કાને વાત પહોંચી કે રાજધાનીમાં કોઈ મોટા ચમત્કારી સિદ્ધ પુરુષ આવ્યા છે. નગરની બહાર, મોટા વડની છાયામાં, એઓ ધૂણી ધખાવીને બેઠા હતા. રાજા અને રાણી તો એમની પાસે ગયાં. સોનાના થાળમાં ફળ ધરીને કહ્યું : 'મહારાજ, અમારી એક ઇચ્છા પૂરી કરશો ?'

સિદ્ધપુરુષે પૂછ્યું : 'શી ઇચ્છા છે, બોલો ?'

રાણી બોલ્યાં : 'અમારો એકનો એક રાજકુમાર સદા છે તેવો ને તેવો ફૂટડો ને જુવાન રહે એવી અમારી ઇચ્છા છે.'

સિદ્ધપુરુષે કહ્યું : 'વારુ, એક વાર બરાબર વિચાર કરી લો.'

રાજાએ કહ્યું : 'મહારાજ, અમે તો રાતદિવસ આ જ વાતનું રટણ કરીએ છીએ. અમારે હવે ઝાઝો વિચાર કરવાનો છે જ નહિ.'

સિદ્ધપુરુષે કહ્યું : 'વારુ, હું એને માટે એક ચમત્કારી રેશમી વસ્ત્ર આપું છું. તે એણે શરીરથી કદી અળગું નહિ કરવું. એ વસ્ત્ર જ્યાં સુધી એના અંગ પર રહેશે ત્યાં સુધી કાળની એના પર કશી અસર થશે નહિ. એની કાયા સહેજ પણ કરમાશે નહિ.'

રાજા અને રાણી આ સાંભળીને હરખથી ઘેલાં ઘેલાં થઈ ગયાં. એમણે લળીને સિદ્ધ પુરુષની ચરણરજ માથે ચઢાવી.

સિદ્ધ પુરુષે પછી કહ્યું : 'પણ એક વાત છે. જો તમારા બેમાંથી કોઈને એને વિશે સહેજ સરખો પણ ખરાબ વિચાર આવશે તો એ વસ્ત્રમાં કાણું પડશે. પછી એ મોટું ને મોટું થતું જશે.'

આ સાંભળીને રાજા અને રાણીનાં મોઢાં પર ચિન્તાની છાયા પથરાઈ ગઈ. પછી રાજા બોલ્યાઃ 'અમારા વહાલા દીકરાને માટે અમારા મનમાં ખરાબ વિચાર તો નહિ જ આવે, પણ ન કરે નારાયણ –'

રાણીએ વાત ઉપાડી લઈને કહ્યું : 'હા, એવું કશું બને તો એ વસ્ત્ર સાંધી નહિ શકાય ?'

સિદ્ધપુરુષે કહ્યું : 'સાંધી તો શકાશે, પણ તે ભારે વિકટ કામ છે.'

રાજારાણી એકીસાથે પૂછી ઊઠ્યાં : 'કેમ ?'

સિદ્ધપુરુષ બોલ્યા : 'એ સાંધવાને જેટલા ટાંકા ભરવા પડે તેટલાં વરસ કોઈ આપી દેવા તૈયાર થાય તો તે એને સાંધી શકે. પણ એમાં વળી એક બીજી શરત છે. એ બધાં વરસો આપનારે એ વરસો દરમિયાન કશું પાપ ન કર્યું હોવું જોઈએ. એ વરસો કશાય કલંક વગરનાં હોવાં જોઈએ.'

આ સાંભળીને રાજારાણી ઘડીભર તો વિચારમાં પડી ગયા. પણ પછી તરત કહ્યું : 'ભલે મહારાજ, અમને બધી શરત મંજૂર છે.'

સિદ્ધપુરુષે કહ્યું : 'હજુ એક વાર વિચાર કરી લો. જો એના વસ્ત્રમાં છિદ્ર પડશે તો એકસાથે બધાં વીતેલાં વરસોની અસર એની કાયા પર થશે; અને જ્યાં સુધી એને સાંધી નહિ લેવાય ત્યાં સુધી એ ધીમે ધીમે ગળતો જ જશે. પણ જ્યાં સુધી એ વસ્ત્ર એના શરીર પર હશે ત્યાં સુધી એ મરશે નહીં.'

રાજારાણીને હવે કશું સાંભળવું જ નથી, એમણે તો આતુરતાપૂર્વક એ રેશમી વસ્ત્ર માંગ્યું. સિદ્ધપુરુષે એ વસ્ત્ર એની બરાબર મધ્યમાં સ્વસ્તિક દોરીને આપ્યું. પછી રાજારાણી તો રાજમહેલમાં આવ્યાં. મોટો દરબાર ભર્યો. એ દરબારમાં ભારે દમામથી રાજપુરોહિતોને હાથે રાજકુમારને એ રેશમી વસ્ત્ર પહેરાવવાનો વિધિ થયો.

મનુએ પૂછ્યું : 'પછી ?'

પ્રભાશંકર બખિયા ભરતા ભરતા બોલ્યા : 'પછી તો વરસ પછી વરસ વીતતાં જાય છે, રાજા વૃદ્ધ થયા, રાણી વૃદ્ધ થયાં, પણ ચિરાયુ તો એવો ને એવો ફૂટડો સોળ વરસનો રાજકુમાર જ રહ્યો. ચિરાયુ તો ભારે મોજશોખમાં પડી ગયો. એક રાજકુંવરીને પરણે, ને એ મોટી ઉંમરની થાય એટલે છોડી દે ને બીજી રાજકુંવરીને પરણે. આનો કાંઈ પાર જ ન રહ્યો. એક દિવસ રાજા અને રાણી ઝરૂખામાં બેઠાં હતાં. ત્યાં પાસેથી કોઈનું હૈયાફાટ રડવું સંભળાયું. એમણે જોયું તો

રાજકુમારે તરછોડેલી રાણી જ રડતી હતી. રાજા એને સમજાવીને છાની રાખવા ગયા ત્યાં એ જીભ કરડીને મરી ગઈ. રાજારાણી આથી બહુ ઉદાસ થઈ ગયાં. આથી એમનાથી બોલાઈ ગયું : 'આના કરતાં તો જુવાની નહિ હોય તે સારું.' ને તરત જ પેલા સિદ્ધ પુરુષના કહેવા પ્રમાણે થયું. ચિરાયુના રેશમી વસ્ત્રમાં કાણું પડ્યું, ને કાણું પડતાંની સાથે જ રાજકુમાર એકાએક ફેરવાઈ ગયો. એના શરીર પરની ચામડી ઝૂલી પડી, અને શરીરે પરુ દૂઝતાં ઘારાં ઊભરાઈ ઊઠ્યાં. એને જોઈને લોકો મોં ફેરવી લઈને નાસવા લાગ્યાં. ચિરાયુ તો પડતો આથડતો રાજારાણી પાસે આવ્યો ને કરગરી પડ્યો : 'મને બચાવો, મને બચાવો.'

રાણીની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. એણે એને ખોળે લીધો ને ફાટેલા રેશમી વસ્ત્રને થીગડું દેવા બેઠી. એ બખિયા ભરે, પણ વસ્ત્ર તો સંધાય જ નહિ. પછી રાજાએ સાંધવાનો પ્રયત્ન કર્યો, પણ વસ્ત્ર સંધાય જ નહિ. રાજારાણી પાપમુક્ત થોડાં જ હતાં ! પછી તો રાજાના દરબારીઓએ પ્રયત્ન કર્યો, પણ ફોકટ !

આમ દિવસે દિવસે કાણું તો મોટું થતું ચાલ્યું. એને સાંધવા જેટલાં કલંક વગરનાં વરસ કોની પાસે હોય ? રાજા અને રાણી તો કુંવરની આ દશા જોઈને મરણશરણ થયાં. પછી ચિરાયુ તો નીકળી પડ્યો...

મનુએ પૂછ્યું : 'પણ એણે એ વસ્ત્ર ઉતારીને ફેંકી કેમ ન દીધું ?'

પ્રભાશંકર બોલ્યા : 'એને મનમાં એવો લોભ ખરો ને કે કદાચ કોઈ સાંધનાર મળી જાય તો જુવાની પાછી મળી જાય. લોકો કહે છે કે કોઈક વાર રાતના અંધારામાં લથડતે પગલે કોઈ સાવ ખખડી ગયેલો ડોસો ચીંથરેહાલ દશામાં આવીને આંગણે ઊભો રહે ને બોલે છે : થીગડું મારી આપશો. પછી સહેજ રાહ જોઈને ઊભો રહે છે. જવાબ ન મળતાં આખરે ચાલ્યો જાય છે.'

મનુ વિચારમાં પડી ગયો. થોડી વાર સુધી એ કશું બોલ્યો નહિ. પછી કશોક વિચાર આવતાં એની આંખ ચમકી ઊઠી ને એ બોલી ઊઠ્યો : 'દાદા, તમે તો મોડે સુધી જાગતા ઓટલે બેસી રહો છો. તમને જો એ કોઈ વાર દેખાય તો મને બોલાવજો. આપણે બે મળીને એનું રેશમી વસ્ત્ર ઉતારીને ફેંકી દઈશું. પછી એને રખડવાનું તો મટશે, ખરું ને ?'

પ્રભાશંકરે કહ્યું : 'હા.'

મનુ સંતોષ પામીને ઊભો થઈ ચાલ્યો ગયો. એના તરફ જોઈ રહેલા પ્રભાશંકરે ઘડીભર સ્થિર થઈને બેસી જ રહ્યા. પછી બખિયો ભરતાં સોય આંગળીના ટેરવામાં ખૂંપી ગઈ, એટલે સોયદોરો કાઢી લઈને ઊભા થયા ને ઘરની અંદરના અન્ધકારમાં અલોપ થઈ ગયા.

**- સુરેશ જોષી**

## 4.4 કૃતિ સારાંશ

વાર્તાની શરૂઆતમાં જ આથમતા સૂરજની વાત આવે છે. વૃદ્ધ પ્રભાશંકરની આ વાર્તામાં આથમતા સૂરજની વાતથી વાર્તા માટે આવશ્યક એવું વાતાવરણ રચાય છે.

પ્રભાશંકરને અવસાન પામેલાં પારવતી ડોશીની સ્મૃતિ ઘેરી વળે છે. પાણી પીવા માટે પાણિયારા પાસે જતા પ્રભાશંકરને સહજ રીતે યાદ આવી જાય છે કે પારવતી ડોશી, જીવતાં હતાં ત્યાં સુધી તો બહાર જવાનો વખત થાય કે તરત તે પાણી લઈને હાજર રહેતાં. પ્રભાશંકરના મોટા દીકરા મણિશંકરનું મૃત્યુ થયા પછી તેઓ ઘણી વખત વિચારે ચડી જતા કે અન્યમનસ્ક થઈ જતા ત્યારે, બેધ્યાન હોય ત્યારે એમની બાંય ખેંચીને બોલાવવાની પારવતી ડોશીને ટેવ પડી ગઈ હતી. જૂની યાદોમાં ખોવાઈ જતા પ્રભાશંકરને પોતે પરણ્યા હતા, એ દિવસોની યાદ આવી જાય છે જ્યારે એમના ડોસાડોસી ઘરમાં હયાત હતા ત્યારે એક દિવસ પ્રભાશંકર કાયમની ટેવ મુજબ ઘૂંટડો પાણી પીને રસોડાની બહાર નીકળવા જતા હતા ત્યાં જ કોટની બાંય ખેંચીને એમને ઊભા રાખીને પારવતીએ પોતે માતા થવાની છે એ શુભ સમાચાર આપ્યા હતા.

પ્રભાશંકરના મનમાં આજે ઘણી સ્મૃતિઓ ઊભરાય છે. કાયમ એક ઘૂંટડો પાણીથી ઘરની બહાર, નોકરીએ જવા નીકળતા પ્રભાશંકરના કોણીએથી ફાટી ગયેલાં કોટને પારવતી થીગડું મારી આપતી. પ્રભાશંકર અને પારવતીના સહજીવનમાં એકમેકની હૂંફ અને સંસાર જીવનની સમભાવશીલ સમજદારી હતી. એક વેપારીની દુકાને તમાકુનાં પડીકાં વાળવાની નોકરી કરતાં

પ્રભાશંકરને શૈક્ષણિક લાયકાત હોવાના કારણે પાંચ વર્ષ રાહ જોયા પછી આખરે પ્રાથમિક શિક્ષકની નોકરી મળી ગઈ હતી. કુટુંબની જવાબદારી અને બહેનોનાં લગ્નનો ખર્ચ ઉઠાવતાં ઉઠાવતાં પાંત્રીસની વયે પહોંચેલા પ્રભાશંકરને ભગ્ન કરવાની માંડ માંડ અનુકૂળતા થઈ ત્યારે પારવતીને કહેલું; ''મારી તો ઉંમર મોટી થઈ, સંસારનો ઢસરડો કરતાં મારો રસ તો બધો સુકાઈ ગયો, તને મારી જોડે ફાવશે ? ત્યારે પારવતીએ 'તમે જ મારે મન બધું છો' કહ્યું હતું. પ્રભાશંકરના જીવનમાં એક સાંધે ત્યાં તેર તૂટે એવા સંજોગોમાં પારવતીએ થીગડાં મારવાનું જ કામ કરવાનું આવ્યું. 'હું થીગડાં મારતાં નહિ થાકુ' એવું પારવતીનું આશ્વાસન તે જીવી ત્યાં સુધી ટક્યું. પારવતી સાથેના જીવનને યાદ કરતાં પ્રભાશંકરની સ્મૃતિ ઘેરાવામાં તેમના દામ્પત્ય જીવનની સંવેદનશીલ અને સમજણયુક્ત છબી આપણને મળે છે.

પ્રભાશંકર સોયમાં દોરો પરોવવા બેઠા છે. અવસ્થાના કારણે દેખાતું નથી. શેરીના દીવા આગળ રમતા મનુ નામના છોકરાને દોરો પરોવવાનું કહે છે. છોકરો વાર્તા સંભળાવવાની શરતે દાદાને દોરી પરોવી આપે છે અને પ્રભાશંકર 'એક હતો રાજા' કહીને વાર્તા માંડે છે. આમ, 'થીગડું' વાર્તાની અંદર એક વાર્તા વિસ્તરતી જાય છે. એ વાર્તા ચિરાયુની દંતકથા છે. રાજા-રાણીને ચિરાયુ નામનો એક રાજકુમાર હતો. સ્વરૂપવાન રાજકુમાર મોટા થતાં એની કાયા કરમાઈ જશે, એને બુઢાપો આવશે એવી ચિંતામાં રાજા-રાણીને એક સિદ્ધપુરુષ મળી જાય છે. તેમણે એ સિદ્ધપુરુષને વિનંતી કરી કે તેમનો યુવાન પુત્ર ચિરાયુ સદાકાળ યુવાન રહે તેવો ઉપાય કરી આપો. રાજા-રાણીની વિનવણીને માન આપી સિદ્ધપુરુષ તેમને એક રેશમી વસ્ત્ર આપે છે. એ રેશમી વસ્ત્ર જ્યાં સુધી રાજકુમારના અંગ ઉપર રહેશે ત્યાં સુધી એની કાયા પર કશી અસર નહિ થાય. એનું શરીર કરમાશે નહીં. સાથે એક શરત પણ જણાવી કે તમારા બેમાંથી (રાજા-રાણી બન્ને પૈકી) કોઈ એકને પણ ચિરાયુ માટે ખરાબ વિચાર આવશે તો એ રેશમી વસ્ત્રમાં કાણું પડશે જે મોટું થતું જશે. એ ચમત્કારી વસ્ત્રને સાંધવાનું પણ દુષ્કર હતું. જે માણસે જીવનમાં કોઈ પાપ ન કર્યું હોય એવો માણસ, એ વસ્ત્રને જેટલા ટાંકા મારવાના થાય એટલા વરસ આપી દેવા તૈયાર થાય તો જ વસ્ત્ર સાંધી શકાય. આવી બધી શરતો સાથે રાજા-રાણી રેશમી વસ્ત્ર લેવા તૈયાર થયા.

ચિરાયુને રેશમી વસ્ત્ર પહેરાવ્યું. કાયમ માટે યુવાન રહ્યો. એક પછી એક રાજકુંવરીને પરણે, મોટી થાય કે છોડે, નવી પરણે. એક વખત એક તરછોડાયેલી રાજકુંવરીનું રડવાનું સાંભળી વૃદ્ધ રાજા-રાણીના મોંમાંથી નીકળી ગયું કે, 'આના કરતાં તો જુવાની નહિ હોય તે સારું' અને એ વખતે જ ચિરાયુના રેશમી વસ્ત્રમાં કાણું પડ્યું. કાણું પડતાં જ શરીર વૃદ્ધ થવા લાગ્યું. ચિરાયુને પસાર થયેલાં વર્ષોનું વૃદ્ધત્વ ઘેરી વળ્યું. રાજા-રાણી પુત્રની આ સ્થિતિ જોઈ મૃત્યુ પામ્યા. ચિરાયુ પણ વસ્ત્ર સાંધનાર કોઈ પાપમુક્ત વ્યક્તિ મળી આવશે એવી આશયમાં ભટકવા લાગ્યો. પ્રભાશંકરે વાર્તા કહેતા કહેતા મનુને જણાવ્યું કે કોઈક વાર રાતના અંધારામાં ચીંથરેહાલ દશામાં એક ડોસો કોઈ થીગડું મારી આપશો ?' એવી આશામાં આવે છે. અને જવાબ ન મળતાં પાછો ચાલ્યો જાય છે. વાર્તા સાંભળનાર મનુ વિચારમાં પડી જાય છે અને કહે છે કે, 'દાદા, હવે આવે તો મને બોલાવજો, આપણે સાથે મળી તેનું રેશમી વસ્ત્ર ઉતારી ફેંકી દઈશું. પછી એને રખડવાનું તો મટશે.'' મનુ સંતોષ પામી ચાલ્યો જાય છે. અને અંધકારમાં અદૃશ્ય થતા પ્રભાશંકર સાથે વાર્તા પૂરી થાય છે.

### 4.5 કૃતિલક્ષી સઘન અધ્યયન

પ્રભાશંકર પાણિયારા પાસે પાણી પીવા જાય છે અને દિવંગત પારવતી ડોસીની સ્મૃતિથી તેઓ ઘેરાઈ જાય છે. બહાર અંધકાર છે. સૂરજ આથમી ગયો છે. તેમના ચિતમાં પારવતી ડોસીના ટહુકાનો ભણકાર છે. કોણીએથી ફાટી ગયેલા કોટને થીગડું મારવાની જરૂર ઊભી થઈ છે અને સંઘર્ષશીલ જીવતરમાં, કોઈ રસકસ ના હોય છતાં સતત થીગડું મારીને જીવનસંગિની તરીકે સાથ નિભાવતી પારવતી યાદ આવે છે. પત્નીની હૂંફની સ્મૃતિ આ વાર્તામાં હૃદયસ્પર્શી રૂપે ઉપસી આવે છે. 'થીગડાં મારતાં હું નહીં થાકું' એમ કહીને જીવતરને વિસામો આપનારી પારવતીના અવસાન પછી પાણીનો ઘૂંટડો પીને બહાર જવાની ટેવ રાખનારા પ્રભાશંકરના એકાંકી જીવનની કરૂણતા વધુ સઘન બને છે.

પારવતીની હયાતી વગરની જિંદગીમાં કોટને થીગડું મારવાની નાનકડી ઘટનામાંથી વાર્તાનું સંવેદન ચિરાયુના વસ્ત્રને થીગડું મારવા સુધી વિસ્તરે છે. પ્રભાશંકર પોતાના વર્ષો જૂના કોટને થીગડું મારવા મથે છે અને ચિરાયુ પોતાનું યૌવન પાછું મેળવવા માટે કોઈ પાપમુક્ત વ્યક્તિની શોધમાં છે, જે થીગડું મારી આપે તો યૌવન પાછું મળે. પોતાના કોટને થીગડું મારવા બેઠેલા પ્રભાશંકરને મનુ નામનો છોકરો સોયમાં દોરો પરોવી આપે છે. વાર્તા કહેવાની શરતે મનુ દોરો પરોવવા તૈયાર થયો છે. પ્રભાશંકર મનુને ચિરાયુની વાર્તા સંભળાવે છે.

એક બાજુ ચિરાયુની દંતકથાનો એક હજાર વર્ષ પહેલાંનો કાલ્પનિક સમય છે. બીજી બાજુ પ્રભાશંકરનું જીવન વાસ્તવ છે. કિશોર વયનો મનુ થીગડું મારતા પ્રભાશંકરના વાસ્તવનો સાક્ષી છે અને થીગડું મારવાની ચિરાયુની વાર્તાનો ભોળો ભાવક છે. વાર્તા સાંભળ્યા પછી મનુ નિર્દોષતાથી બોલી ઊઠે છે. દાદા, તમે તો મોડે સુધી જાગતા ઓટલે બેસી રહો છો, તમને જો એ કોઈક વાર દેખાય તો મને બોલાવજો. આપણે બે મળીને એનું રેશમી વસ્ત્ર ઉતારીને ફેંકી દઈશું, પછી એને રખડવાનું તો મટશે, ખરુંને ?''

મનુષ્યની નિયતિ 'થીગડું' મારવાના પ્રતીકથી સઘન રીતે સૂચવાય છે. ડૉ. પ્રમોદકુમાર પટેલે આ વાર્તાને 'અસ્તિત્વનું કરુણ દર્શન વ્યક્ત કરતી નવલિકા' તરીકે ઓળખાવી છે. અહીં પ્રભાશંકરને અમર થવાની ઝંખના નથી પણ થીગડું મારવાની જરૂરિયાતમાંથી તેઓ ચિરાયુના જીર્ણ વસ્ત્રને થીગડું મારવાની વાર્તા સુધી પહોંચે છે. વાર્તા કહેનાર વૃદ્ધ પ્રભાશંકર છે અને વાર્તા સાંભળનાર મુગ્ધ વયનો મનુ છે. મનુના મુગ્ધ માનસમાં ચિરાયુની સમસ્યાનો ઉકેલ છે. એટલે જ તે જણાવે છે કે, ''હવે ચિરાયુ ક્યારેય આવી જાય તો મને બોલાવજો આપણે બેઉ મળી તેરા વસ્ત્રને શરીરથી અળગુ કરી દઈશું તો તેનું રખડવાનું ટળશે.''

માનવની નિયતિ રખડવાની છે. થીગડું મારીને વસ્ત્ર કે જીવતર ટકાવી રાખવું છે. થીગડું મારી આપનાર જીવનબળ સમાન પાર્વતી હવે હયાત નથી એટલે પ્રભાશંકર મનુની મદદથી સોયમાં દોરો પરોવી બખિયાં ભરે છે. આમ, પ્રભાશંકર તેમની જીવન સંધ્યાને પણ બખિયા ભરી ટકાવી રાખે છે. થીગડું મારી આપનાર પાપમુક્ત, પુણ્યશાળી વ્યક્તિની ચિરાયુની તલાશ ક્યારેય પૂરી નથી થવાની એ સમગ્ર માનવ સમાજની નિયતિ છે. પ્રભાશંકરનું અંધકારમાં ભળી જવું એ પણ પ્રતીકાત્મક રીતે મનુષ્યના અસ્તિત્વનું વાસ્તવ છે. 'થીગડું' પ્રતીકથી મનુષ્ય અસ્તિત્વની ઝંખના અને વાસ્તવિકતાથી હૃદયસ્પર્શી નિરૂપણ થયું છે.

### 4.6 સ્વાધ્યાય

1. આ વાર્તામાં પ્રભાશંકરના જીવનની કઈ અવસ્થાનું નિરૂપણ છે ? - ટૂંકમાં જવાબ આપો.
2. પ્રભાશંકરના ચિત્તમાં પારવતી ડોશીની સ્મૃતિ વિશે વિસ્તૃત નોંધ લખો.
3. પ્રભાશંકરના એકાંકી જીવન વિશે લખો.
4. 'થીગડું' વાર્તા મનુષ્યના અસ્તિત્વની કરૂણતાનું નિદર્શન કરે છે. - વિધાન સમજાવો.
5. રાજકુમાર ચિરાયુની વાર્તા દ્વારા જીવનનું કયું સત્ય સમજાય છે ?

### 4.7 ભાષાકીય સઘન અધ્યયન

(અ) - પાણી માટે પ્રભાશંકર પાણિયારા પાસે ગયા- આ વિધાનમાં વર્ણાનુપ્રાસ અલંકાર છે.
- જાણે કોઈ નાગણે બટકું ભરી અંધકારના ઝેરની કોથળી ઠાલવી દીધી - આ વિધાનમાં વર્ણાનુપ્રાસ અલંકાર છે.
- જાણે કોઈ નાગણે બટકું ભરી અંધકારના ઝેરની કોથળી ઠાલવી દીધી - આ વિધાન; ઉત્પ્રેક્ષા અલંકાર છે.

(બ) એક સાંધે ત્યાં તેર તૂટે - એક સમસ્યાનો ઉપાય કરીએ ત્યાં બીજી ઉપાધીઓ આવી પડે.
- પ્રભાશંકરની આર્થિક સ્થિતિ એવી હતી કે એક સાંધો ત્યાં તેર તૂટે, નિરાંત જ ના મળે.

### 4.8 વિશેષ અધ્યયન

સર્જક પરિચય - સુરેશ જોષી (1921 થી 1986)

'થીગડું' વાર્તાના સર્જક સુરેશ હરિપ્રસાદ જોષીનો જન્મ બારડોલી તાલુકાના વાલોડ ગામે 30મી મે 1921ના રોજ થયો હતો. પ્રાથમિક શિક્ષણ સોનગઢ, માધ્યમિક શિક્ષણ ગંગાધરાની શાળામાં મેળવી 1938માં નવસારીમાંથી મેટ્રિક પાસ થયા. 1943માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં બી.એ. પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી 1945માં એમ.એ.ની પરીક્ષા બીજા ક્રમાંકે ઉત્તીર્ણ થઈ શરૂઆતમાં કરાંચીની ડી.જે. સિંધ કૉલેજમાં, 1947થી વલ્લભ વિદ્યાનગર અને 1951થી મ.સ. વિશ્વવિદ્યાલય વડોદરા ખાતે જોડાયા. 1981માં ગુજરાતીના પ્રાધ્યાપક અને અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા. 1986માં નડિયાદ મુકામે નિધન થયું.

ગુજરાતી સાહિત્યમાં આધુનિક યુગના અગ્રણી સર્જક-વિવેચક તરીકે તેઓ સુપ્રતિષ્ઠિત છે. તેમણે વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં સાહિત્ય નોંધપાત્ર પ્રદાન કર્યું છે. જે નીચે મુજબ છે :

- કાવ્યસંગ્રહ : 'ઉપજાતિ' (1956) 'પ્રત્યંચા' (1961) 'ઈતરા' (1973) 'તથાપિ' 1980.
- નવલકથા : 'છિન્નપત્ર' (1965) મરણોત્તર (1973) ઉપરાંત 'વિદુલા' અને 'કથાચક્ર' લઘુનવલો પણ તેમની પાસેથી મળે છે.
- નવલિકા : 'ગૃહપ્રવેશ' (1957), 'બીજી થોડીક (1958), 'અપિ ચ' (1965) 'ન તત્ર સૂર્યો ભાતિ (1967), 'એક દા નૈમિષારણ્યે' (1980), સંગ્રહોમાં કુલ બાસઠ જેટલી વાર્તાઓ છે.
- લલિત નિબંધ : જનાન્તિકે (1965) ઈદમ્ સર્વમ્ (1971), અહોબત્ કિમ્ આશ્ચર્યમ્ (1975), ઈતિ મે મતિ (1987) જેવા નિબંધ સંગ્રહો દ્વારા તેમણે ગુજરાતી ગદ્યને સમૃદ્ધ છે.

**વિવેચન :**

ગુજરાતી પરંપરાગત વિવેચનમાં સુરેશ જોષીના પ્રવેશ થકી વ્યાપક પરિવર્તન આવ્યું. આધુનિક યુગના ગુજરાતી સાહિત્યનું ઘડતર કરવામાં તેમની વિવેચન દૃષ્ટિનો ખૂબ લાભ મળ્યો છે.

કિંચિત (1960), ગુજરાતી કવિતાનો આસ્વાદ' (1962), કાવ્યચર્ચા (1971) અને 'કથોપકથન' તેમના મુખ્ય વિવેચનગ્રંથો છે. 'શ્રુણ્વન્તુ' (1972), 'અરણ્યરુદન (1976), 'ચિન્તયામિ મનસા (1983) અષ્ટમોધ્યાય (1984) તેમના અન્ય વિવેચનસંગ્રહો છે.

સાહિત્યિક પત્રકારત્વ : સંપાદન : અનુવાદ-સુરેશ જોષીએ 'મનીષા, ક્ષિતિજ', ઊહાપોહ' અને 'એતદ્' જેવા સામયિકો દ્વારા આધુનિક સર્જન-વિવેચનની આબોહવા ઊભી કરી.

ગુજરાતી સર્જનાત્મક ગદ્ય : એક સંકલન, 'વસ્તાનાં પદો', 'નરહરિની જ્ઞાનગીતા' અને 'નવોન્મેષ' જેવા સંપાદનો પણ તેમણે કર્યા છે.

ઉત્તમ સાહિત્યના અનુવાદો દ્વારા તેમણે ગુજરાતી ભાષાની સમૃદ્ધિમાં અભિવૃદ્ધિ કરી છે. 'પરકીયા' (1975)માં વિશ્વની પ્રશિષ્ટ કવિતાના અનુવાદો છે. ઉપરાંત રશિયન નવલકથાઓના અનુવાદો પણ તેમની પાસેથી મળે છે. જાપાની કથાઓનો અનુવાદ 'શિકારી બંદૂક અને હજાર સારસો' (1975) તથા 'અમેરિકી ટૂંકીવાર્તા'માં તેમની પાસેથી મળે છે.

વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં ઉત્કૃષ્ટ અને ઐતિહાસિક પ્રદાન કરનાર સુરેશ જોષી સાહિત્યિક પ્રતિભા સંસ્થાગત માળખાંથી મુક્ત રહી વિકસી અને પ્રભાવક રહી તે વિરલ ઘટના છે.

**આટલું અવશ્ય વાંચો.**

- સુરેશ જોષીની વાર્તાઓ મેળવીને વાંચો.
- 'સુરેશ જોષીનું સાહિત્ય વિશ્વ' ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રગટ થયેલ છે. તે મેળવીને વાંચો.
- ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ-7માં સુરેશ જોષી વિષયક પ્રકરણ પ્રગટ થયું છે. મેળવીને વાંચો.

---

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

---

# એકમ 5

# અંધારી ગલીમાં સફેદ ટપકાં

-હિમાંશી શેલત

રૂપરેખા

6.1 ઉદ્દેશો
6.2 પ્રસ્તાવના
6.3 કૃતિ
6.4 કૃતિનો સારાંશ
6.5 કૃતિલક્ષી સઘન અધ્યયન
6.6 વસ્તુલક્ષી કસોટી
6.7 કૃતિલક્ષી ભાષાકીય અભિવ્યક્તિનો અભ્યાસ
6.8 લેખન-પ્રવૃત્તિ
6.9 તમારી પ્રગતિ ચકાસો
6.10 વિશેષ અધ્યયન
- ટિપ્પણ
- સંદર્ભ સૂચિ

## 6.1 ઉદ્દેશો

આ ટૂંકીવાર્તાના અભ્યાસ દ્વારા તમે —

- 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' વાર્તાનો આસ્વાદ માણશો.
  - કથાવસ્તુની દૃષ્ટિએ
  - વાતાવરણ – વર્ણનની દૃષ્ટિએ
  - નિરૂપણની દૃષ્ટિએ
  - કથનકેન્દ્રની દૃષ્ટિએ
- નાના નાના પણ ગર્ભિત અર્થ ધરાવતા વાક્યોનો પરિચય મેળવશો.
- ત્રીજા પુરુષ કથનકેન્દ્ર ધરાવતી વાર્તાને માણશો.
- સીધી ગતિ અને પ્રતીકાત્મકતાના પ્રયોગશીલ વલણોનો અભ્યાસ કરશો.

## 6.2 પ્રસ્તાવના

સ્ત્રીની પીડાને કલાત્મકતાથી રજૂ કરતી આ વાર્તા ગુજરાતી સાહિત્યમાં નારીવિષયક વાર્તાઓની આધુનિકોત્તર ભૂમિકા રચતી જોવા મળે છે. આ વાર્તા નારી મનની, નારી જીવનની વિવિધ ગતિવિધિઓને નિરૂપે છે. વાર્તાનાયિકા વિધવાશ્રમની મુલાકાત લે છે ને ત્યાં સુધી પહોંચવા માટે અંધારી ગલીઓનું મર્મવેધક વર્ણન અને વિધવાશ્રમની છબીને ઉપસાવતાં ટૂંકાં પ્રતીકાત્મક વાક્યો વાર્તાને ચિત્રાત્મકતા બક્ષે છે. જીવનનાં સ્વપ્નો, ઉત્સાહને, કચડી નાંખતું રેઢિયાળ સફેદવસ્ત્રોમાં લપેટાયેલું મરેલા મુડદા સમાન વિધવાજીવન, જેમાં કોઈ અસ્તિત્વલક્ષી નવીનતા કે પ્રાણલક્ષી રંગો નથી – એવી નારીનું સફેદ ટપકાં જેટલા જીવનમૂલ્યને લાક્ષણિક રીતે નિરૂપ્યું છે.આ વાર્તાની ભાવસૃષ્ટિ અત્યંત નિરાળી છે. આ વાર્તાની ભાષાસજ્જતા, એનું લાઘવ અને જીવનલક્ષી અભિગમ આ વાર્તાને કલાત્મક બનાવી નૂતન પરિમાણ બક્ષે છે.

## 6.3 કૃતિ (અંધારી ગલીમાં સફેદ ટપકાં)

અંધારી ગલીઓમાં એ અટવાઈ ગઈ. અહીં ગોવર્ધનધામ અને ચિત્રકૂટ, કૈલાસધામ અને શ્યામવિહાર જડતાં હતાં, પણ ભાગીરથી કલ્યાણધામ ના જડ્યું. ગલીઓ અત્યંત સાંકડી, તેમાં બંધ બારીઓ દીવાલોમાંથી બહાર ધસી આવતી હતી, ગંદું પાણી ગમે ત્યાંથી પગ પાસે ફૂટી નીકળતું હતું. સાડી સહેજ ઊંચી પકડી, આંખો ઉપર રાખી, આમ અથડાવાનો થાક તો લાગ્યો જ હતો. આવી સાંકડી ગલીઓમાં પાછી સવત્ય ગાયો ભટકાતી હતી, એવે વખતે શ્વાસ રોકીને, ભીંતે ચોંટીને ઊભા રહેવાનું કષ્ટકર બનતું હતું. એક પુષ્ટ બ્રાહ્મણ કશુંક અસ્પષ્ટ બબડતો આવી રહ્યો હતો. એણે ખભા પર સાડી બરાબર ગોઠવી, થેલો જરા ચપસીને પકડ્યો, અને એ નજીક આવ્યો તેવું તરત જ બોલી પડી, 'ભાગીરથી કલ્યાણધામ ?'

પેલાએ ઉપર આંગળી બતાવી. ઈશારતથી સમજાવ્યું, 'ઊંચું મકાન છે, પહેલાં આ ગલીઓની ગૂંચમાંથી બહાર નીકળવાનું, પછી બીજી એવી જ ગૂંચમાં પેસી જવાનું. તેમાં જમણ તરફથી ત્રીજી ગલીમાં ચોથું મકાન. બડા હૈ, એમ કઈ એટલે ગફલત ન થવી જોઈએ. જે દિશામાં જરાતર પ્રકાશ દેખાયો તેને વળગીને એ આગળ વધી, પણ દરેક વખતે ભોંઠી પડી. છેવટે પ્રકાશ ધૂંધળો જ થઈ જતો, અને ગલી અંધારી. માંડમાંડ, પૂછીપૂછીને, અથડાઈકુટાઈને, આ ભુલભુલામણીમાંથી એ બહાર આવી શકી.

પહેલાં તો ફેફસાં ભરીને શ્વાસ લેવો પડ્યો. અંદર તો હવા જ ક્યાં હતી ? હવે ભાગીરથી કલ્યાણધામ. ગણી ગણીને એ ગલીમાં વળી, અને બરાબર ચોથા મકાન પાસે થોભી. એટલી રાહત લાગી કે ઓટલા પર જ પગ લાંબા કરીને બેસી પડવાનું મન થઈ આવ્યું. ઓટલો પાછો સરસ હતો, સફેદ આરસનો અને ઠંડોગાર. અર્ધગોળ તકતી પર નામ પણ વાંચી લીધું. હવે વાંધો નહિ. આમાં પાર્વતી અને સુલક્ષણા તરત જ મળી જશે. એક જ તો મકાન છે, એટલે અંદર જઈને પૂછતાંવેંત બંને દોડી આવશે કદાચ'.

ચંપલ કાઢીને અંદર જવાનું હતું. એક કરડા ચહેરાએ થેલી પણ બહાર જ રખાવી. કોઈ કારણસર નિયમ હશે એવો. દાખલ થઈ કે તરત થોડા તુલસીક્યારા આંખ સામે જ આવી ગયા. બે કાગડા બળી ગયેલી દિવેટની ખેંચાખેંચમાં પડ્યા હતા. જમણી તરફ મંજીરાં અને તબલાં પર ઠોકઠાકથી કંઈ ભજનકીર્તનની તૈયારી થતી હોય એવું લાગ્યું. એ જમણી તરફ ફંટાઈ.

એક મોટા ખંડમાં શેતરંજી પર સફેદ રંગનાં નાનાંમોટાં ટપકાં ગોઠવાયાં હતાં. એણે ચશ્માં સરખાં કર્યાં. કોઈ ઘટ્ટ અવાજે 'શ્રીકૃષ્ણ શરણ મમ'થી શરૂઆત કરી. તાળીઓનો અવાજ કાનમાં મૂઢમાર જેવો વાગ્યો, બધું સંભળાતું જ બંધ થઈ ગયું. આવામાં પાર્વતી અને સુલક્ષણા વિશે કોને પૂછવું તે ખબર પડી નહિ. ખૂબ તરસ લાગી હતી. એણે પાછળ જઈ રસોડું શોધી કાઢ્યું. મોટા મોટા ચૂલા પાસે ધુમાડામાં સફેદ સફેદ આકારો કડછા-તબેથા ફેરવતા હતા. એણે પાણી માંગી પી લીધું, પાર્વતી સુલક્ષણા માટે પણ પૂછી લીધું. 'વો જીસકા મરદ દંગેમે મરા,' એકે બીજીને કહ્યું. તો કોઈક ઓળખતું હતું પાર્વતી સુલક્ષણાને. 'આવો અંદર.'

એક નાની ઓરડીમાં એ દાખલ થઈ. અગરબત્તી, ફોટાઓ અને પાદુકાઓ, માળા, ચોપડીઓ, એક ખૂણે માટલી, બાજુમાં કાંસકો. એ આસપાસ જોતી રહી. અહીંથી નીચેનો ખંડ દેખાતો હતો. થોડી વાર પછી ફર્શ પરથી એક મોટું સફેદ વાદળ

ઉપર ઊઠ્યું. પછી થોડો ધોળો ફડફડાટ, એને થયું હમણાં દોડતાં આવશે પાર્વતી અને સુલક્ષણા.

બંને આવ્યાં, ધીમે ધીમે. શરીર નંખાઈ ગયેલાં લાગ્યાં અને આંખો સાવ કોરી પડી ગયેલી. એણે વારાફરતી બંનેના હાથ પકડી લીધા.

'કેમ છો, શું કરો છો અહીં આખો દિવસ ?' 'બસ, ભજન-કીર્તન, કથા – સ્વાધ્યાય, પાઠ-પૂજા, દિવસ પસાર થઈ જાય. વારા પ્રમાણે રસોઈ, સફાઈ એવું બધું કામ પણ ખરું ને. વચ્ચે રામાયણ જોયેલું, વીડિયો કેસેટ લાવેલા,' કંઈ ઉલ્લાસ આણીને સુલક્ષણા બોલી.

એ બારી બહાર જોતી હતી. ઝુંડનાં ઝુંડ નદી ભણી જઈ રહ્યાં હતાં. નાની નાની ગલીઓમાંથી એમનો પ્રવાહ ઠલવાતો હતો, એમાં યે સફેદ રંગનાં ટપકાં વધારે હતાં.

'ચાલો, બતાવીએ તમને બધું.' થોડી અનિચ્છા છતાં એ ઊભી થઈ.

'આ રસોડું, અહીં કીર્તન થાય, કથા બેસે આઠમની ઉજવણી વખતે અહીં, - એનું ધ્યાન વાતોમાંથી ખસી પડ્યું હતું. સુલક્ષણાએ હજી મુનિયા વિશે કંઈ જ પૂછ્યું નહોતું. પછી પૂછે તો કોણ જાણે. પાછળ મોટી ખુલ્લી જગા હતી. પાર્વતી કહે, 'હોવી થોડા દિવસ માટે, પછી ત્યાં ચાર મજલાવાળું મકાન થશે. આ વખતે જ નક્કી થયું મિટિંગમાં, હજી તો બે હજાર નામ પેન્ડિંગ છે.' પાર્વતી અંગ્રેજી શબ્દો લગભગ બરાબર બોલતી હતી. કદાચ વારંવાર સાંભળ્યા હશે. 'મૈયા કહે છે કે આ બધી નાની ઉંમરની છે, છડેછડી, બચ્ચાંવાળી ઓછી છે, એટલે કરવું તો પડે જ કંઈક. ધરમધ્યાનમાં જીવન પૂરું થાય એ સારું. બીજા જનમમાં આવું દુઃખ ન આવે. અહીં તો બાકી બધી વાતે સારું છે.'

આખા ભાગીરથી કલ્યાણધામમાં એકેય અરીસો નહોતો, નહિ તો જરાતરા વાળ ઠીક કરવા હતા, થોડો પાવડર મોં પર ફેરવી લેવાય તો તાજગી આવે. થેલામાં બધું યે હતું, પણ અહીં પથારો કરવાનો સંકોચ થયો. એણે વાળ દાબીને પીન ફરીથી મારી. પાર્વતી ધ્યાનથી એને જોઈ રહી હતી.

'રોકવાનાં નથી ?' એ લોકોને જાણે કંઈ નવાઈ ન લાગી.

'ના, અમે તો ઘણાં છીએ, ટૂરમાં આવ્યાં છીએ, અત્યારે જઈશ, કાલે વખત હશે તો પાછી આવીશ. કાલે રાત્રે અહીંથી નેપાળ તરફ,' એને થયું એ અમસ્તી જ બોલ્યે જતી હતી.

દાદર નજીક ખૂણામાં એક કેશવિહીન મસ્તક માળા પર નમી ગયું હતું. સફેદ રંગ ન હોય તો અંધારામાં એ આકાર સાવ ભળી જાય. એક ખૂણે હાર્મોનિયમ પર કોઈ છોકરી, સાવ નાદાન લાગે એવી, ભજન બેસાડવા મથતી હતી. ખોટા સૂર પર આંગળી પડતાં એને હસવું આવી જતું. 'બસંતી, ચલો રસોઈઘરમેં...', કોઈ એને બોલાવી ગયું. એ એકદમ ઠેકડો મારીને ઊભી થઈ, પછી જરા આમતેમ જોઈ ઠાવકી ચાલે અંદર ખોવાઈ ગઈ.

જાજમ પર પચાસેક સ્ત્રીઓ થીજી ગઈ હતી. ધૂળ ખાતી પ્લાસ્ટર ઓફ પૅરિસની મૂર્તિઓ જ દેખાય. એ બધી ત્યાં બેઠી બેઠી શું કરતી હશે એ જોવાની ઈચ્છા થઈ આવી, પણ પછી પાસે જવાનો ડર લાગ્યો, કોઈ હાલતુંચાલતું નહોતું એટલે હોય કદાચ.

પાર્વતીએ એક આકાર ભણી આંગળી ચીંધી. મૈયા...ભારે ભારે પોપચાં, ચહેરાની રેખાઓ થોથરમાં પૂરેપૂરી દબાઈ ગયેલી. લઈને ચાલતાં તકલીફ પડે એવું શરીર, ખૂબ ઊજળો વાન. મૈયાની ચૂડીઓ સોળ વરસે તૂટેલી. એમના વરને ચપ્પું ભોંકેલું કોઈકે, પછી ખબર પડેલી કે મારવાનો હતો તે તો બીજો જ કોઈ માણસ.

એણે ચંપલ પહેરી લીધાં. એ આવી ત્યારે સામેની ભીંત ઉપર નજર નહોતી પડી તે હવે પડી. યમરાજની પાસેથી સાવિત્રી વરદાન મેળવે છે એવું મોટું ચિત્ર દીવાલનો મોટો ભાગ રોકીને પથરાયું હતું. યમરાજની હથેલીમાંથી વરદાનનો પીળો અને કેસરી રંગનો પ્રકાશ નીકળતો હતો. એ રંગનો પટ્ટો એવો તો જાડો અને ચમકતો હતો કે એની આગળ ચિત્રની બીજી તમામ વિગતો પછીતમાં પડી જતી હતી.

...સુલક્ષણાએ જરા નજીક આવી પૂછી લીધું કે 'મુનિયા તો સારી છે ને...હવે તો મોટી દેખાતી હશે' એને જરા વસવસો થઈ આવ્યો કે એકાદ ફોટો લાવવો જોઈતો હતો મુનિયાનો. સુલક્ષણા રાજી થાત. કંઈ નહિ. ત્યાં ગયા પછી ટપાલમાં મોકલી શકાશે.

એણે હાથ હલાવ્યો. 'ફરી વાર આવજો આવી રીતે કોઈ વાર,' પાર્વતી ઝૂકીને કહેતી હતી. 'અહીં બેચાર દિવસ રહેવું હોય તો સગવડ થઈ શકે. શાંતિથી ભજનકીર્તનમાં વખત સારો જશે. ગમશે તમને...'

એ પગથિયાં ઊતરી પડી. ગલી છોડીને ફંટાવાનું થયું ત્યારે એણે જરા પાછળ જોઈ લીધું. ઓટલે હજી સફેદ રંગ સહેજસાજ ફરફરતો હતો. બરાબર ગલીને નાકે જ રામનામની પીળી ચાદરવાળો કોઈક ઘસી આવ્યો, અને એ કંઈ સમજે બોલે તે પહેલાં તો 'ભગવાન તેરા ભલા કરે માઈ' કહીને કપાળે ચંદન ચોંટાડી દીધું. એણે સાવ બેધ્યાનપણે સામે દેખાતા પાત્રમાં એકાદ સિક્કો મૂકી દીધો.

પછી ઉતારે આવીને પહેલું કામ અરીસામાંજોવાનું કર્યું. એનો લાલ ચાંદલો ફિક્કા ચંદનના મોટા થપ્પા પાછળ સાવ જ ઢંકાઈ ગયો હતો.

- હિમાંશી શેલત

## 6.4 કૃતિનો સારાંશ

**ખંડ-1**

વાર્તાકથક અંધારી ગલીમાંથી 'ભાગીરથી કલ્યાણધામ' જવા નીકળે છે. ત્યાં ગોવર્ધનધામ, ચિત્રકૂટ, કૈલાસધામ અને શ્યામવિહાર વગેરે નામવાળા મકાનો જડે છે પણ 'ભાગીરથી કલ્યાણધામ' જડતું નથી. સાંકડી અંધારી ગલીઓનું વર્ણન આવે છે. ત્યાર પછી માંડમાંડ, પૂછીપૂછીને, અથડાઈ કૂટાઈને, ભુલભુલામણીમાંથી નાયિકા 'ભાગીરથી કલ્યાણધામ' પહોંચે છે. રાસ્તા-ગલીઓ એવી કે શ્વાસ લેવામાં પણ તકલીફ પડે. ત્યારબાદ 'ભાગીરથી કલ્યાણધામ'ના મકાનનું વર્ણન આવે. મકાનની અંદર જતા એક મોટાખંડમાં શેતરંજી પર ભજન કરતા સફેદ રંગના નાનાં-મોટાં ટપકાં દેખાય, રસોડામાં મોટા મોટા ચૂલા પાસે ધુમાડામાં સફેદ-સફેદ આકારો કડછા-તવેથા ફેરવતા મળ્યાં. આ બધાની વચ્ચે પાર્વતી-સુલક્ષણાને નાયિકા શોધી રહી હતી.

**ખંડ :2**

કોઈ ઓળખતું હોય, પાર્વતી-સુલક્ષણાને એમ અંદર તરફ ઓરડીમાં લઈ ગયું. નાયિકા નાની ઓરડીમાં દાખલ થઈ. ભક્તિ-ભાવના સાધન-સામગ્રીઓથી ભરેલો ઓરડો હતો.નીચેના મોટા ખંડમાંથી એક સફેદ મોટું વાદળ ઊઠ્યું, ધોળો ફડફડાટ થાય,

પાર્વતી અને સુલક્ષણા ધીમે ધીમે નાયિકા પાસે આવે, નંખાઈ ગયેલા શરીર અને કોરી આંખો સાથે. હાલ-ચાલની પૃચ્છા અને પોતાના પૂજા-પાઠ, કથા સ્વાધ્યાય વિશે પાર્વતી અને સુલક્ષણાએ જણાવ્યું. નાયિકા બારીની બહાર જુએ છે તો સફેદ ઝૂંડ નદી ભણી જઈ રહ્યું છે; સફેદ ટપકાં તેમાં વધારે હતાં. સુલક્ષણા અને પાર્વતી નાયિકાને મકાન બતાવવા લઈ જાય છે. તેમના આગામી આયોજનો અને સેવા કાર્યોની વાત કરે છે. વાતચીત પરથી પાર્વતી અંગ્રેજી શબ્દો બોલે છે અને કહે છે કે, 'ધરમધ્યાનમાં જીવન પૂરું થાય એ સારું. બીજા જનમમાં આવું દુ:ખ ન આવે. અહીં તો બાકી બધી વાતો સારું છે.'

નાયિકા તાજગી લાવવા માથું ઓળવા અને પાવડર લગાવવા ઈચ્છતી હતી; પણ, આખા ભાગીરથી કલ્યાણધામમાં એક પણ અરીસો ન હોવાથી વાળ હાથથી સરખા કરી દાબીને પીન ફરીથી મારે છે. આ જોઈ પાર્વતી, નાયિકા અહીં રોકાવાની નથી તે સમજે છે. સ્પષ્ટતા કરતા નાયિકા નેપાળ જઈ રહી હોવાથી રોકાશે નહીં, એમ જણાવે છે.

**ખંડ :3**

દાદર નજીક ખૂણામાં કેશવિહીન મસ્તક સાથેની નાદાન બાળકી ઊભી છે. જે ભજન બેસાડવા હાર્મોનિયમ પર મથે છે. કોઈકે સાદ આપતા ઠેકડો મારી અંદર ખોવાઈ જાય છે. જાજમ પર પ્લાસ્ટર ઑફ પેરિસની ધૂળખાતી મૂર્તિઓ સમી સ્ત્રીઓ થીજીને બેઠી છે. તેમાંથી પાર્વતી આંગળી ચીંધી મૈયાને બતાવે છે. મૈયાનું ચરિત્રચિત્રણ અને અહીંયા આવવાનું કારણ જાણ્યા પછી નાયિકા ત્યાંથી જવા તૈયાર થાય છે; ત્યાં તો, સાવિત્રીને વરદાન આપતાં યમરાજનું મોટું ચિત્ર નજરે ચઢે છે. એ જ સમયે સુલક્ષણા નાયિકાની પાસે આવી મુનિયા વિશે પૂછી લે. નાયિકા મુનિયાનો ટપાલમાં ફોટો મોકલવા કહે છે. નાયિકા ત્યાંથી નીકળે, ગલીના વળાંકે પાછું વળી જુએ તો સફેદ રંગ સહેજસાજ ફરફરતો દેખાય, ત્યાં એક રામનામની ચાદરવાળો પુરુષ નાયિકાના કપાળે ચંદન ચોટાડે. નાયિકા રહેવાના સ્થળે આવીને અરીસામાં જુએ તો તેનો લાલ ચાંદલો ચંદનના થપ્પા વચ્ચે સાવ ઢંકાઈ ગયેલો એને લાગે છે.

## 6.5 કૃતિલક્ષી સઘન અધ્યયન

'અંધારી ગલીમાં સફેદ ટપકાં' વાર્તાસંગ્રહને આ વાર્તાનું નામ મળ્યું છે. વિધવાશ્રમની મુલાકાતની વિગતોથી નાયિકા 'ભાગીરથી કલ્યાણધામ'ની વિધવા મહિલાની વેદનાનો સવિસ્તૃત વ્યાપ ખૂબ ઓછા શબ્દો, થોડી વાતચીત(સંવાદો), થોડા રેખાચિત્રો, થોડાં પાત્રો દ્વારા આપી દે છે. સફેદ રંગની શુષ્કતાથી ખચિત કેશવિહીન સ્ત્રીઓ આપણા સમાજના કલ્યાણલક્ષી કહેવાતી સુધારક પ્રવૃત્તિના અસલી ચહેરા ખુલ્લા કરી આપે છે. આખી વાર્તા દરમ્યાન વાર્તાકાર ક્યાંય પણ વિધવા શબ્દનો કે વિધવા આશ્રમનો ઉલ્લેખ કરતા નથી. સફેદ ટપકાં દ્વારા વિધવા સ્ત્રીના નીરસ અને સમાજજીવનમાં એક ટપકાં જેવું અસ્તિત્વ ધરાવતી સ્ત્રીઓને બખૂબી નિરૂપે છે. આ સાથે 'અંધારી ગલી' શીર્ષક વિધવાઓના દિશાવિહીન જીવનના અંધકારને પ્રદર્શિત કરવા કાફી છે. જેમનું જીવન પૂજાપાઠ, કથાકીર્તન, ભજનમાં વ્યતીત થાય એટલે જ તો પ્લાસ્ટર ઑફ પેરિસના પૂતળા જેવી પ્રાણ વગરની સ્ત્રીની કલ્પના લેખિકા કરે છે. સાથે સાથે સફેદ આરસ જેવું ઠંડું, ઉદાસ જીવન જેમની નિયતિ બની ચૂકી છે તેવી વિધવા સ્ત્રીઓના જીવનની

કરુણતાનો સચોટ સ્પર્શ આ વાર્તા કરાવે છે. અહીં સફેદ રંગ વૈધવ્યનો સૂચક હોવાથી ક્યાંય વિધવા શબ્દના ઉલ્લેખ કરવાની લેખિકાને જરૂરી પડી નથી. પ્રતીકાત્મક રીતે સફળ રચનારીતિની આ વાર્તામાં વિધવાઓના જીવનની રંગવિહીન છબી કંડારવામાં આવી છે.

વાર્તાનાયિકાને અહીં જે દોરાયેલું ચિત્ર જોવા મળે છે તે જોઈએ તો : 'યમરાજની પાસેથી સાવિત્રી વરદાન મેળવે છે, યમરાજની હથેલીમાંથી વરદાનનો પીળો અને કેસરી રંગનો પ્રકાશ નીકળતો હતો. એ રંગનો પટ્ટો એવો તો જાડો અને ચમકતો હતો કે આગળ ચિત્રની બીજી તમામ વિગતો પછીતમાં પડી જતી હતી'. આ ઉપરાંત 'રામનામની પીળી ચાદરવાળો કોઈક ઘસી આવ્યો અને એ કંઈ સમજે બોલે તે પહેલાં તો.... કપાળે ચંદન ચોંટાડી દીધું..... ઉતારે આવીને એણે પહેલું કામ અરીસામાં જોવાનું કર્યું. એનો લાલ ચાંદલો ફિક્કા ચંદનના મોટા થપ્પા પાછળ સાવ જ ઢંકાઈ ગયો હતો.' – આ ચિત્રાત્મક વિનિયોગથી વિધવાની કરુણદશા – સામે વિરોધમૂલક પરિમાણ રચી જીવનની અસહ્ય પરિસ્થિતિને આલેખવામાં સફળતા મેળવી છે. આખી વાર્તાનું રચનાબંધ જોતા એક પણ વાક્ય વધારાનું ન લાગે, તે પ્રકારની ચુસ્ત શૈલી વાર્તાકારની લાક્ષણિકતા છે.

'અંધારી ગલીમાં સફેદ ટપકાં' આખી વાર્તા શીર્ષકથી શરૂ થઈ વાર્તાના અંત સુધી વાર્તાકારની ભાષા સજ્જતાની સાક્ષી બને છે. 'ભાગીરથી કલ્યાણધામ'નો રસ્તો અંધારિયો, ભુલભુલામણીવાળો, ને 'પહેલાં તો ફેફસાં ભરીને શ્વાસ લેવો પડ્યો' તેવા ઉદાહરણ દ્વારા જીવનના અટપટા માર્ગને વાર્તાકાર દર્શાવે છે.

વિધવાશ્રમની વિધવા સ્ત્રીઓના શુષ્ક અને ઉદાસીન જીવનને દર્શાવવા 'સફેદ રંગનાં નાનાં મોટાં ટપકાં ગોઠવાયાં હતાં', 'સફેદ સફેદ આકારો કડછા-તવેથા ફેરવતા હતા', 'થોડીવાર પછી ફર્શ પરથી એક મોટું સફેદ વાદળ ઉપર ઊડ્યું', 'ધૂળ ખાતી પ્લાસ્ટર ઑફ પેરિસની મૂર્તિઓ જ દેખાય', 'ઓટલે હજી સફેદ રંગ સહેજસાજ ફરફરતો હતો' – આ પ્રકારનાં સૂચક અને સચોટ વાક્યોનો પ્રયોગ વાર્તાકારે કલાત્મક રીતે વાર્તામાં ગૂંથ્યો છે.આ ઉપરાંત આશ્રમનું વર્ણન, મૈયાનું અને વિધવા સ્ત્રીઓનું પ્રતીકાત્મક વર્ણન વાર્તાને અનેરો ઉઠાવ આપે છે.

## 6.6 વસ્તુલક્ષી કસોટી

**(ક) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. સુલક્ષણા ભાગીરથી કલ્યાણધામ શોધે છે.
2. પુષ્ટ બ્રાહ્મણે નાયિકાને ભાગીરથી કલ્યાણધામનો રસ્તો બતાવ્યો.
3. નાયિકા સુલક્ષણા અને પાર્વતીને મળવા આવી હતી.
4. ભાગીરથી કલ્યાણધામમાં નૃત્યનો કાર્યક્રમ થઈ રહ્યો હતો.
5. સુલક્ષણાએ મુનિયા વિશે પૃચ્છા કરી.

**(ખ) ખાલીજગ્યા પૂરો.**

1. નાયિકા ......... સ્થળે જવાનો રસ્તો પૂછતી હતી.
2. ........ પ્રવાસ જતી નાયિકા સુલક્ષણા-પાર્વતીને મળવા આવી.
3. યમરાજની હથેળીમાંથી વરદાનો ........ અને ........ રંગનો પ્રકાશ નીકળતો હતો.

4. બસંતી …… પર ભજન બેસાડવા મથતી હતી.

5. નાયિકા …….. નો ફોટો સુલક્ષણાને મોકલવાની છે.

**ઉત્તર :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (ક) | 1. ખોટું | 2. સાચું | 3. સાચું | 4. ખોટું | 5. સાચું |
| (ખ) | 1.ભાગીરથી કલ્યાણધામ | 2. નેપાળ | 3. પીળો, કેસરી | 4. હાર્મોનિયમ | 5. મુનિયા |

## 6.7 કૃતિલક્ષી ભાષાકીય અભિવ્યક્તિનો અભ્યાસ

### (ક) નીચેનાં વાક્યો જુઓઃ

1. બધું સંભળાતું બંધ જઈ ગયું. (સંભળાતું બંધ થયું- નો અર્થ)
2. બધું સંભળાતું જ બંધ થઈ ગયું. (ચોક્કસપણે સંભળાતું બંધ થયું- નો અર્થ)
3. કરવું પડે કંઈક. (કંઈક કરવાનો માત્ર અર્થ)
4. કરવું તો પડે કંઈક. (બીજું કોઈ કરે કે ન કરે- જેવો અર્થ)

ઉપરનાં વાક્યોમાં (અધોરેખિત) કરેલા શબ્દોને કારણે વાક્યના અર્થમાં વિશેષતા આવે છે. એને ગુજરાતીમાં નિપાત તરીકે ઓળખવામાં આવે છે. નિપાત એ એવા ઘટકો છે કે જે વાક્યમાં સંજ્ઞા, વિશેષણ, ક્રિયાવિશેષણ કે ક્રિયાપદની સાથે આગળ કે પાછળ આવે છે અને ભાર કે અર્થની વિશેષતા બતાવે છે. ગુજરાતી ભાષાના નિપાતો નીચે પ્રમાણેના અર્થોને દર્શાવે છે.

| **નિપાત** | | **કયા અર્થને દર્શાવે છે ?** |
|---|---|---|
| • 'જ' | - | 'ચોક્કસપણું', 'નિશ્ચય'નો અર્થ |
| • 'તો' | - | અન્ય નિરપેક્ષતાનો એટલે બીજું કોઈ કરે ન કરે પોતાના કરવાપણાનો અર્થ |
| • 'ને' | - | આગ્રહ કે ખાતરીનો અર્થ |
| • 'ય' 'પણ' 'સુદ્ધાં' | - | અંતર્ભાવનો એટલે કે અન્ય સાથે આનો પણ સમાવેશ થવાનો અર્થ |
| • 'જી' | - | આદર કે વિનયવાચકનો અર્થ |
| • 'ફક્ત' 'કેવળ' 'માત્ર' | - | પદની પૂર્વે આવી અન્ય વ્યાવર્તકતાનો એટલે કે 'આજ અને બીજું કંઈ નહિ' એવો અર્થ દર્શાવે છે. |
| • 'ખરું' 'ખરો' 'ખરી' 'ખરાં' | - | ખાતરી કરવાનો અર્થ |

### (ખ) તમારી પ્રગતિ ચકાસો

નીચે કેટલાંક વાક્યો આપ્યાં છે એમાંથી નિપાતને શોધીને એ કયા અર્થમાં વપરાયા છે તે જણાવો.

1. અથડાવાનો થાક તો લાગ્યો જ હતો.
   નિપાત : ………….  અર્થ ……………
2. પ્રકાશ ધૂંધળો જ થઈ જતો.
   નિપાત : ………….  અર્થ ……………
3. બધું કામ પણ ખરું ને …..
   નિપાત : ………….  અર્થ ……………

4. મુનિયા વિશે કંઈ જ પૂછ્યું નહોતું.
   નિપાત : .............. અર્થ ...............

5. અહીં તો બાકી બધી વાતે સારું છે.
   નિપાત : .............. અર્થ ...............

6. કલ્યાણધામમાં એકેય અરીસો નહોતો.
   નિપાત : .............. અર્થ ...............

7. તે તો બીજો જ કોઈ માણસ.
   નિપાત : .............. અર્થ ...............

8. એનું કામ ધીમું પણ હોય છે.
   નિપાત : .............. અર્થ ...............

9. તમેય સૌની સેવા કરો છો.
   નિપાત : .............. અર્થ ...............

10. એ આવી ખરી.
    નિપાત : .............. અર્થ ...............

## 6.8 લેખન-પ્રવૃત્તિ

- હિમાંશી શેલતની નારી-સંવેદનાની વાર્તાઓનો અભ્યાસ કરી નોંધ તૈયાર કરો.
- પ્રતીકાત્મક વાર્તાઓની યાદી તૈયાર કરો.

## 6.9 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

1. નાયિકા પાર્વતી-સુલક્ષણાને મળવા ક્યાં જઈ રહી હતી ?
2. નાયિકાને કોણ ભાગીરથી કલ્યાણધામનો રસ્તો બતાવે છે ?
3. નાયિકા ભાગીરથી કલ્યાણધામની દીવાલ પર શેનું ચિત્ર જુએ છે ?
4. નાયિકા રસોડામાં શું જુએ છે ?
5. નાની ઓરડીમાં નાયિકા કઈ સાધન-સામગ્રી જુએ છે ?

**(ખ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. નાયિકા પાર્વતીને શું ભાવિ આયોજન બતાવે છે ?
2. નાયિકાને પુષ્ટ બ્રાહ્મણ રસ્તો બતાવે છે, તેનું વર્ણન કરો.
3. અંધારી ગલીઓમાં ચાલતા નાયિકા શું અનુભવે છે ?
4. 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' વાર્તાનું કથનકેન્દ્ર સ્પષ્ટ કરો.
5. 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' વાર્તાનો અંત જણાવો.

**(ગ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. 'અંધારી ગલીમાં સફેદ ટપકાં'માં વાર્તાકારની વર્ણનશૈલી સમજાવો.
2. 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' વાર્તાનું શીર્ષક ચર્ચો.
3. 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' વાર્તામાં વ્યક્ત ભાષાશૈલી.
4. 'ભાગીરથી કલ્યાણધામ' – મકાનનું વર્ણન તમારા શબ્દોમાં કરો.
5. 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' વાર્તામાં હિમાંશી શેલતની નિરૂપણરીતિની કલાને આલેખો.
6. 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' વાર્તાનો કેન્દ્રવર્તી વિચાર સવિસ્તૃત નોંધો.

## 6.10 વિશેષ અધ્યયન

### (ક) કર્તા પરિચય

ઈ.સ. 1980 પછીના આધુનિકોત્તર સાહિત્યના લક્ષણો-વલણોને ઝીલતી વાસ્તવવાદી નારીવિષયક ટૂંકીવાર્તાની પરંપરામાં હિમાંશી શેલત અગ્રણી વાર્તાકારોમાંના એક છે. અનુભૂતિમાંથી જન્મેલી નારીવિષયક વાર્તાઓ તેમની વિશેષતા છે. 'અંતરાલ', 'અંધારી ગલીમાં સફેદ ટપકાં', 'એ લોકો', 'પંચવાયકા', 'સાંજનો સમય', 'ગર્ભગાથા', વગેરે જેવા વાર્તાસંગ્રહો, 'આઠમો રંગ' જેવી નવલકથા, 'એકડાની ચકલીઓ' નિબંધસંગ્રહ, વિવેચનગ્રંથો, ચરિત્રો, સંપાદનો તથા 'મુક્તિ-વૃત્તાંત' જેવું આત્મચરિત્ર વગેરે જેવા ઘણા ગ્રંથો ગુજરાતી સાહિત્યને તેમણે આપ્યાં છે. ઉત્તરોત્તર તેમની વાર્તાસૃષ્ટિ અંદરથી બહાર તરફ વળતી જણાય છે.તેમને ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ધુમકેતુ પારિતોષિકના પુરસ્કાર પ્રાપ્ત થયા છે. કલાત્મક સંયમ અને સાદગીના સૌંદર્યથી મળેલી તેમની વાર્તાઓ ગુજરાતી સાહિત્ય માટે સીમાસ્તંભરૂપ છે.

### (ખ) સ્વરૂપ પરિચય (ટૂંકીવાર્તા)

અનુભૂતિની તીવ્રતા અને અભિવ્યક્તિની સૂક્ષ્મતા વચ્ચે માવજતથી કળાના ઉત્તમ ધોરણોને સ્થાપિત કરતી આધુનિકોત્તર વાર્તાઓ કલાત્મક બને છે. રચનારીતિ પ્રયુક્તિઓનો સવિશેષ પ્રયોગ આ નવી વાર્તાઓમાં જોવા મળે છે. 'નવી વાર્તા' તરીકે ઓળખાતી આધુનિકોત્તર વાર્તાઓમાં સાહિત્યનું પરંપરા તરફ જોવાનું લક્ષ્ય છે. સાંપ્રત પ્રશ્નો અને તેની પ્રતિક્રિયા સંદર્ભે વાર્તાનો વ્યાપ વિસ્તૃત થયો છે. ઘટનાનો પુનઃસ્વીકાર, સામાજિક ચેતના પ્રત્યેનો ઝોક, રચનારીતિની સહજતા, પરંપરાગત મૂલ્યોની જાળવણી સાથે ચેતના અને જાગૃતિનો સંદેશ, પાત્રની સંવેદનાગત શૈલી, જીવનરહસ્યને પામવાની મથામણો આ વાર્તાની વૈવિધ્યસભર દુનિયામાં સ્થાન પામી છે.

### (ગ) વિશેષ વાચન

- આધુનિકોત્તર વાર્તાઓનો અભ્યાસ કરો.
- હિમાંશી શેલતની વાર્તાઓના આધારે તેમની વાર્તા ગૂંથણીનો અભ્યાસ કરો.
- હિમાંશી શેલતની 'ગર્ભગાથા' વાર્તાસંગ્રહનું વાંચન કરો.
- સમકાલીન સ્ત્રી વાર્તાકારોની વાર્તાઓ તપાસો.
- નારીવિષયક વાર્તાઓનો અભ્યાસ કરો.

**• ટિપ્પણ**

સવત્સ - વાછરડા સાથેની ગાયો
પૃષ્ટ - પોષાયેલું
કષ્ટકર - દુઃખદાયક
ગફલત - બેદરકારી, અસાવધતા, ભૂલ
મૂઢમાર - બાહ્ય ચિહ્ન કે ન દેખાય તેવો છૂપો માર
નાદાન - અણસમજુ, મૂર્ખ

થોથર - મોં પરનો સોજો અને ફિક્કાશ

પછીત - ઘરની પાછલી ભીંત

- **સંદર્ભ સૂચિ**


- અંધારી ગલીમાં સફેદ ટપકાં –હિમાંશી શેલત
- હિમાંશી શેલતની વાર્તાસુષ્ટિ (ચૂંટેલી વાર્તાઓ) – સંપા. મણિલાલ હ. પટેલ
- મુક્તિ-વૃત્તાંત – હિમાંશી શેલત


---


**લેખન :** ડૉ.હેતલ ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ


---

એકમ 6

# દાયણ

- હરીશ મંગલમ્

રૂપરેખા

6.1 ઉદ્દેશો
6.2 પ્રસ્તાવના
6.3 કૃતિ
6.4 કૃતિનો સારાંશ
6.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
6.6 તમારી પ્રગતિ ચકાસો
6.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
6.8 વિશેષ અધ્યયન
- વિશેષ વાચન
- સંદર્ભ સામગ્રી

## 6.1 ઉદ્દેશો :

આ વાર્તાના અભ્યાસ દ્વારા તમે -

'દાયણ' વાર્તાનો અભ્યાસ કરશો.

- કથાવસ્તુ, રચનારીતિ, ભાષા વિશે જાણશો.
- દલિત-પીડિત વર્ગના મોટા સમૂહ સાથે આભડછેટ માનસિકતાનો પરિચય થશે. એક નાગરિક તરીકે સામાજિક સમાનતા અને દરેક માણસનું આત્મસન્માન જાળવવાની સમજ કેળવાશે.
- વાર્તામાં આવતાં પાત્રો-પરિસ્થિતિ અને સંવાદો દ્વારા વ્યક્ત થતું સમાજ જીવન પૂર્વગ્રહ પ્રેરિત નથી. પણ આપણા સમાજની વાસ્તવિકતા છે. મનુષ્ય તરીકે સ્વસ્થ સમજ કેળવાય તે આવશ્યક છે.
- જે સેવક છે તે વેઠે છે, અપમાન સહન કરે છે, એવી વાસ્તવિકતાથી પરિચિત થયેલા વાચકનું હૃદય માનવીય સંવેદનથી સભર બને.
- કોઈ પણ વર્ગની વ્યક્તિ પર મહેરબાની કે ઉપકારની ભાવનાથી પ્રાયશ્ચિત કરવાનું નથી પણ સમાનતાનો ભાવ કેળવવાનો છે.
- કલાત્મક સાહિત્યકૃતિ તરીકે, વાર્તાસ્વરૂપની નીવડેલી રચના તરીકે પણ 'દાયણ' વાર્તા સહૃદયતાથી માણીએ.

## 6.2 પ્રસ્તાવના :

ગુજરાતી ભાષા-સાહિત્યના વિવિધ ગદ્યસ્વરૂપોનો તમે અભ્યાસ કરો છો. ટૂંકીવાર્તા વિભાગમાં તમે વિવિધ વિષયવસ્તુને વ્યક્ત કરતી નોંધપાત્ર વાર્તાઓનો અભ્યાસ કર્યો. દરેક વાર્તાનો રચના સમય અને વાર્તા લેખનની ભિન્ન ભિન્ન રીતિ છે. 'દાયણ' વાર્તા વિશિષ્ટ સંવેદનની વાર્તા છે. 1985 પછીના ગુજરાતી સાહિત્યમાં દલિત સાહિત્ય-સર્જનની જુદી દિશા ખુલી. કવિતા, વાર્તા, નવલકથા, આત્મકથા જેવા સ્વરૂપોમાં દલિત, પીડિત, શોષિત વર્ગના

અનુભવો, વ્યથા, આક્રોશ અને સંઘર્ષની વાતો કોઈને કોઈ સ્વરૂપમાં વ્યક્ત થવા લાગી. ઉચ્ચ શિક્ષિત વર્ગે અસ્પૃશ્યતાની માનસિકતા અને અપમાનજનક અનુભવ સામે આત્મસન્માન ભર્યો અવાજ રજૂ કર્યો. ગુજરાતી દલિત સાહિત્યની સમૃદ્ધિથી ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં નોંધપાત્ર પ્રકરણનું ઉમેરણ થયું છે.

'દાયણ' વાર્તા પીડાનું પ્રતિનિધિત્વ કરે છે. સુષુપ્ત થઈ ગયેલી સંવેદનાને જાગૃત કરે છે. આપણા સાહિત્યિક અને પ્રજાકીય ઉપક્રમોમાં આ પ્રકારની રચનાઓનું અનોખું મૂલ્ય છે.

## 6.3 કૃતિ

### દાયણ - હરીશ મંગલમ્

સાબરમતીની આજુબાજુનાં કોતરોની ધાર પર ઊગેલાં વનરાઉ વૃક્ષોની લીલાશ આંખોને ભરી દેતી. લાલઘૂમ સૂરજ ઉગમણે ઊગી ચૂક્યો હતો. બસ જોયા જ કરીએ, જોયા જ કરીએ. એ બાજુથી ગામ ભણી નજર કરતાં હૈયું હરખાતું. આખી સૃષ્ટિની નિઃશબ્દ શાંતિ પથરાયેલી હતી. આંબેડકરવાસમાંથી એકેક-બબ્બે, ત્રણ-ત્રણ તો વળી દસ-બારના ટોળામાં લોકો ખેત મજૂરીએ જઈ રહ્યાં હતાં, બાકી વધતા નિશાળિયા અને ઘરડાંબુઢ્ઢાં. આખો વાસ સૂમસામ ભાસતો.

બેનીમા આખો દિવસ અંધારિયા છાપરામાંની કેરીઓની વખારમાં રહેતાં. સારી સારી કેરીઓ એક બાજુ કરતાં અને ભડદાં ભડદાં એક બાજુ પર.ભડદાં સસ્તા ભાવે વેચતાં, જે મોટેભાગે દલિતો હોંશે હોંશે ખરીદતાં. વધેલાં ભડદાંને બેનીમા નાનાં નાનાં છોકરાંને વહેંચી દેતાં. કેરી પકવવામાં જેટલાં પાવરધાં તેટલાં જ પાવરધાં દાયણના કામમાં. બેનીમાનું નામ પડે ને સારા દા'ડાવાળા બૈરાં એમનાં વખાણ કરતાં થાકતાં નહિ.

કાળાભાને ગુજરી ગયે બે દાયકા વીતી ગયા હશે. ત્યારથી બેનીમા આ અંધારિયા છાપરામાં જીવન વ્યતીત કરી રહ્યાં હતાં. છાપરાનાં નળિયામાંથી ક્યાંક ક્યાંક પ્રકાશનાં કિરણો પડતાં, બાકી તો સાવ અંધારું ઘોર.

કેરીની ઋતુઓ એમનો સમય કાચી-પાકી, ખાટી-મીઠી, અધર કચરી, ગદ્‌ગદી ગયેલી કે ભડદાં થયેલી કેરીઓને ઉલટ-સૂલટ કરવામાં જ ક્યાંય પસાર થઈ જતો. નાની નાની કાચી કેરીઓને હાથમાં ફેરવતાં બેનીમાને એમનું બાળપણ, યુવાન વય યાદ આવી જતાં. તો વળી વૃદ્ધાવસ્થાનું ભાન થતું. ભડદાંની છાલ જેવી જ એમના શરીરની ચામડી પણ કાળી, લબડી પડેલી, રુક્ષ થઈ ગઈ હતી.

બેનીમા વખારમાં કેરીઓ ઉલટ-સૂલટ કરી રહ્યાં હતાં. એવામાં દલી પટલાણીએ ઘર આગળ આવીને બૂમ પાડી, 'બેનીમા ઓ બેનીમા !' દલીને શ્વાસ ચડ્યો હતો.

'અલી, દલી તું ! હુંથ્યું સ ?' બેનીમાએ દબડક કરતાંક બહાર દોડી આવીને હાંફળાં થઈ પૂછ્યું.

'હા બેનીમા હું દલી...મારાં જેઠાણી પશીમાને પીડા ઊપડી સૂઅ, દાક્તર પરેશ પટેલને બોલાયા'તા પણ... એ તો અંજીશન આલીને જતા રહ્યા. કીધું કઅ કૉય ચિંતા કરશો નૈ. બે કલાકમાં સુવાવડ થૈ જશે, વળી, શ્વાસ લેતાં ઉમેર્યું, 'પણ બેનીમાં બેના ચાર કલાક થ્યા તોય ન તો સુવાવડ થૈ કન તો પશીમાન પીડા એઠી બેઠી. બેનીમા તમે ઝટ હેંડો.'

બેનીમા હંમેશની જેમ સહેજ પણ વિલંબ કર્યા વગર સાડલાનો છેડા ખોસી દોડ્યાં. પશીના ખાટલીની આજુબાજુ સાત-આઠ બૈરાંનું ટોળું અધ્ધર શ્વાસે ઊભું હતું. પશીની સાસુ માણેક ડોશીએ બેનીમાને બધી જ હકીકતથી વાકેફ કર્યાં. પછી બેનીમાએ પશીની નાડ તપાસી અને માણેક ડોશીને મોટા અવાજથી ઠપકાર્યા, 'મેર ! રાંડ આટલું વધુ દરદ થ્યુસઅ અને

અતાર હુદી ચ્યોં માંહણિયોમાં જી'તી ? ઘેડપણ ચ્યોં ગાળ્યું ? હાત શિયાં જણ્યાં તોય તન ખબર ના પડી ?! મૂઆી, ઑમ તો હોના જેવી બાયડીન્અ ખોયે !

બેનીમાને એટલી બધી કોઠાસૂઝ અને આવડત હતી કે એમની આગળ ભલભલા ડૉક્ટર પણ ગોથું ખાઈ જતા, એમની પાસે એમ. એસ. કે. એમ. ડી. નાં સર્ટિફિકેટ ન હતાં પરંતુ અનુભવ અને આવડતનું ભાથું મોટું હતું. ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શનથી દર્દીનાં સગા વહાલાંય બીમાર પડી જાય એવી દવા દારૂના ખોટા ખર્ચા પણ નહિ. સુવાવડ થાય ત્યાં લગી રાતદિન ઉજાગરો કરતાં ને ફક્ત એક નાળિયેરનો જ ખર્ચો કરાવતાં !

'આઘી હટૉ, રાંડો !' કહી બેનીમાએ બારણું બંધ કર્યું. પશી ને માણેક ડોશી સિવાય બધાંને બહાર કાઢ્યાં. બેનીમાએ પોતાનું કામ ચાલુ કર્યું. પશીને સખત પીડા થતી હતી. ખાટલામાંથી એને નીચે ભોં પર સુવાડી. એ આળોટવા માંડી અને ધમપછાડા કરતી હતી. હવે એનાથી દુઃખ સહ્યું જતું નહોતું. એક એક પળ વસમી થઈ પડી હતી. બહાર એના પતિ બળદેવનો જીવ તાળવે ચોંટી ગયો હતો. અપલક આંખે તે કમાડ તરફ જોઈ રહ્યો હતો. અંદરથી પશીનો સહેજ પણ ઊંહકારો સંભળાતો કે એ રડમસ થઈ જતો...

'બેનીમા, ગભરાતાં ગભરાતાં માણેક ડોશી બોલ્યાં, 'મારી પશલીન બચાવવી તમારા હાથમોં સૂઅ. પે'લી વખત કહુવાવડ થૈ અને આ વખત પણ...' વાત આગળ વધે તે પહેલાં તો એમનાથી ડૂસકું રોકી શકાયું નહિ. વાતાવરણમાં વેદના પ્રસરી.

'હં...તે માણેકડોશી, આ દાક્તર પીટ્યાએ હું કીધું ?' વાતને વળાંક આપતાં બેનીમાએ કહ્યું.

'દાક્તરે તો પૂછ્યું ક્અ તનં હું થાય સૂઅ ?'

'આવું ના પૂસ્અ તો દાક્તર હેંનો ?' મોં પરના હાવભાવ બદલી, દાક્તરો તરફનો અણગમો વ્યક્ત કરતાં બેનીમાં વચમાં જ બોલી ઊઠ્યાં.

માણેક ડોશીએ વાત ચાલુ રાખી, 'નઅ, હાથના પેલા ફેણના જેવું ગળામોંથી કાઢી, કાનમાં મૂકી તપાસ કરી અને બાળક ગર્ભાશયમાં ચોંટી જ્યું સઅ એવું કીધું અન અંજીશનથી હુવાવડ થૈ જશે એવું આશ્વાસન આલીન દાક્તર રૂપિયા પચ્ચા લૈનં જ્યા !' નિસાસો નાખી માણેક ડોશી બેનીમાને કરગરવા લાગ્યાં, 'બેનીમા તમારું ભગવાન હારુ કરશે, પણ આટલું કામ પાર પાડો',

'મૉણેક, તું ચિંતા ના કર્ય. હૌ હારાંઑના થૈ જશે.' કાર્યમાં લીન એવાં બેનીમાએ અંતરમાં શ્રદ્ધાનો દીપ જલતો રાખવાનું કહ્યું.

ઘરના પાછળના ખંડમાં નીરવ શાંતિ પ્રસરેલી હતી. અંદર અને બહાર બેઠેલા સૌના જીવ અદ્ધર લટકતા હતા. બળદેવની આંખો ઘરના છાપરાની વળીઓ સામું તાકી કંઈ શોધવા પ્રયત્ન કરી રહી હતી. જૂની વળીઓએ એના ભૂતકાળને તાજો કરાવ્યો. પ્રથમ સુવાવડ થઈ હોત તો છોકરો ઘૂઘરા જેવો હોત. ઘર ભર્યું ભર્યું હોત. પશલી ચિંતામાં ઓગળી ગૈ ના હોત, મનોવેદનામાં તપતી ના હોત.

-એ પળ આનંદોત્સવ મનાવશે કે પછી વળીઓમાં બાઝી ગયેલાં જાળામાં ફસાઈ જશે ? ના છાપરાંના નળિયામાંથી ક્યાંક ક્યાંક પ્રકાશ આવતો હતો. અચાનક આખું વાતાવરણ પેલી પળને તેડી નાચવા લાગ્યું : ઊંઆ... ઊંઆ... થૈને નાચ્યું; ખૂબ નાચ્યું.

સૂર્ય પરથી વાદળ હટી ગયાં. બળદેવની આંખો પર નળિયામાંથી ચળાઈને આવતા પ્રકાશનો ચાંદો પડ્યો.

પશીને હેમખેમ છોકરો અવતર્યો, બેનીમાને હાથે.

હજી પશી બેભાન હતી.

માણેક ડોશીની આંખોમાંથી હર્ષનાં આંસુ બેનીમાનાં ચરણ પર પડ્યાં.

ધડાક કરતુંક બારણું ખોલી બેનીમાએ સૌને ખુશીથી જાણ કરી અને બળદેવને એક નાળિયેર ચડાવવાનું કહ્યું. ખુશખુશાલ થતાં બૈરાંને ઠપકાના રૂપમાં કહ્યું, 'રાંડો ! આવી ભૂલ કરી ના કરતોં, મારો તો સૉ મારા ઘેર આયીનઅ મરતો, પણ આવું કોય હોય તો મનઅ બોલાઈ લેવી.' અને એમના પગ વાસ તરફ ઊપડ્યા.

બેનીમા એક દિવસ ગામમાં કેરીઓ વેચી રહ્યાં હતાં. તે વખતે 'પશલી' કહી બેનીમાએ પશીને બૂમ પાડી. પશીએ બેનીમાને આવકાર્યાં. બાબાના ખબર અંતર પૂછ્યા. છોકરો હવે તો એક વરસ અને ત્રણ-ચાર મહિનાનો થયો હશે. 'લે...લે લે 'કરી બેનીમાએ છોકરાને નજીક બોલાવ્યો. પા પા પગલી ભરતો ભરતો બેનીમા જોડે આવતો હતો. ત્યાં જ પશી સાવધ બની ગઈ ને છોકરાને બાવડાથી પકડી તેડતાં તેડતાં બોલી 'જોજે કીકલા...બેનીમાન્અ અડતો !!!'

બેનીમાના લંબાયેલા હાથને જાણે લકવો થયો હોય તેમ ધ્રૂજતા ધ્રૂજતા હવામાં લટકી રહ્યા... એમને યાદ આવી પશીની સુવાવડની વેળા...

'હારુ બૈ, હું જઉં તાણ.' કહી ગમાણમાં મૂકેલા રામૈયામાંની ચા પૂરી કરતાં બેનીમા ઊભાં થયાં.

બેનીમાને જોઈને આજુબાજુનાં બૈરાં દલી, રૂખી અને મંજુ ભેગાં થઈ ગયાં. બેનીમાની આગળ ગમાણની માખીઓની જેમ બણબણવા માંડ્યાં. 'આ તો બેનીમા, પશલીનું નશીબ તે બચી જૈ... ન્અ પશલી પણ કેતી'તી ક્અ આ તો રોમકબીરની મોનેલી બાધા ફળી...'

'નસીબ' અને 'રામકબીરની બાધા ફળી' - નું ઝેર પ્રસર્યું.

'બાધા ફળી', 'બાધા ફળી' -નું જબ્બરદસ્ત ભૂત ધૂણવા માંડ્યું. બેનીમાની કોઠાસૂઝ અને અકળ આવડત પર સમયનો તીક્ષ્ણ પંજો ફરી વળ્યો...

કેરીઓની ટોપલીનો ભાર લઈને બેનીમા ચાલતાં થયાં. રસ્તામાં વડલા નીચે ગામનાં છોકરાં રમતાં હતાં. બેનીમા છોકરાંની બાજુમાં થઈને પસાર થયાં. તેવામાં એક છોકરો તાડુક્યો, 'એ ઢેઢી ! આઘી જા, અભડાયે ! ભારતી નથી ?'

'ભૈ, આટલી તો છેટી સું.' બેનીમા હળવેથી બોલ્યાં.

આંખોમાં ઝાંખ વળતી હતી. આંખો પર હાથ ટેકવી જોયું તો દલીનો  ડાયલો હતો. બેનીમાં મનમાં ને મનમાં જ બબડ્યાં, 'હં...તૈણં - ચાર વરહ પેલ્લાં દલીની હુવાવડ વેળાએ મૂઆન મેં જ બચાયો'તોં.'

બેનીમા ઉપર આંખું આભ તૂટી પડ્યું. પગ થંભી જાય તે પહેલાં યુગાંતરનો ભાર વેંઢારી આઘાં ખસ્યાં, ત્યાં એમની નજર આકાશ તરફ મંડાઈ. દરરોજની જેમ સૂરજ લાલઘૂમ ન હતો. એની ઉપર કાળાંડિબાંગ વાદળ છવાયેલાં હતાં, 'હાશ' કહી બેનીમાએ પોતાના ભારેખમ પગ ઘર ભણી ઉપાડ્યા, ત્યાં તો વડલાની કો'ક ડાળથી ટપાક્...ટપ...ટેટો ખર્યો જાણે ડાયલાનો ઠૂંટો ખર્યો !!

**- હરીશ મંગલમ્**

### 6.4 કૃતિનો સારાંશ :

'દાયણ' દલિત સ્ત્રીના અપમાનની વાર્તા છે. વાર્તાનું મુખ્ય પાત્ર બેનીમા છે. બેનીમા આ પાત્રનું નામ છે. બેનીમા દાયણ છે. એક જમાનામાં સુવાવડ કરાવવાનું કામ કરનારને દાયણ કહેવામાં આવતું. લગભગ દરેક ગામમાં દાયણ હોય. દાયણનું કામ વિશિષ્ટ આવડત વાળું કામ છે. ખાસ કોઠાસૂઝ હોવી જોઈએ. આ વાર્તાના બેનીમાનું નામ પણ કેટલું સરસ છે ! બેની અને મા; બન્ને શબ્દો સ્નેહ, માયા, મમતા, વાત્સલ્યને વ્યક્ત કરતા હોય એવા

સંબંધને વ્યક્ત કરે છે. બેની કહો કે મા; શબ્દ બોલતા જ લાગણીનું ભાવવર્તુળ સર્જાય છે. દાયણનું કામ કરનાર સ્ત્રીમાં સ્નેહ, સદ્ભાવ સહજ રીતે હોવા જોઈએ. આ વાર્તાના બેનીમા પણ વાત્સલ્યની મૂર્તિ જેવાં લાગે છે. બેનીમા સુવાવડી સ્ત્રી માટે સંકટ સમયની સાંકળ જેવાં છે.

વાર્તાની શરૂઆતમાં જ આંબેડકરવાસનું વર્ણન આવે છે. અને એટલે જ ભાવકને તરત ખ્યાલ આવી જાય છે કે આ વાર્તા દલિત વિષયવસ્તુને આવરી લેનારી વાર્તા છે. આ વાર્તા 'ગુજરાતી દલિત વાર્તા'ના સંપાદનમાં પણ સ્થાન પામી છે.

સાબરમતીની આજુબાજુના કોતરોની ધાર પર ઊગેલાં વનરાઉ વૃક્ષોની લીલાશથી મનોહર વાતાવરણ છે. આંબેડકરવાસના તમામ લોકો મજૂરીએ ગયા છે. મજૂરીએ મોટી સંખ્યામાં લોકોના જવાના કારણે વાસ સૂમસામ ભાસે છે.

બેનીમા પોતે વિધવા છે. બે દાયકા પહેલાં તેમના પતિ - કાળાભા ગુજરી ગયા છે. બેનીમા અંધારિયા છાપરામાં આવેલી કેરીની વખારમાં જ રહે છે. સારી-નરસી કેરીઓ અલગ કરે છે. ભડદાં કેરી પણ અલગ કરે છે.

કેરીની ઋતુમાં બેનીમાનો સમય કાચી-પાકી, ખાટી-મીઠી, કેરીઓને ઊલટ-સૂલટ કરવામાં જ વ્યતિત થાય છે.

વખારમાં કામ કરી રહેલા બેનીમાના કાને દલી પટલાણીનો અવાજ સંભળાય છે. દલી હાંફળી-ફાંફળી બેનીમાને બોલાવવા આવી છે. તેની જેઠાણી પશીમાને પીડ ઊપડી છે. ડૉક્ટર પરેશ પટેલને બોલાવ્યા હતા. તેઓ ઈંજેક્શન આપીને જતા રહ્યા. બે કલાકમાં સુવાવડ થઈ જશે એમ ડૉક્ટરે કહ્યું હતું પણ ચાર કલાક થઈ જવા છતાં છુટકારો થયો નથી.

બેનીમા સહેજ પણ વિલંબ કર્યા વગર પશીની સુવાવડ માટે દોડતાં થાય છે. અને પશીની નાડ તપાસતાં તપાસતાં તેની સાસુને મોટા અવાજે ઠપકો પણ આપે છે.

દાયણ બેનીમામાં કોઠાસૂઝ છે. મોટા મોટા દાક્તરો કરતાં બેનીમા અસાધારણ સૂઝ અને હૈયા ઉકલતથી કામ કરે છે. સુવાવડી બાઈને છુટકારો ના થાય ત્યાં સુધી ખડેપગે સેવામાં રહેતા બેની પાસે આજે પશીનો કેસ આવ્યો છે. સ્ત્રીઓના ટોળાને હડસેલતી બેનીમા વિશ્વાસભેર આગળ વધે છે. પશીના વર બળદેવને ચિંતા પેઠી છે. અગાઉ પશીને એક કસુવાવડ થઈ ચૂકી છે. ઘરના સભ્યોને એટલે જ આ સુવાવડની ભારે ચિંતા છે. આખરે બેનીમાના હાથે પશીની કૂખે દીકરો અવતરે છે. બેનીમા સૌને ખુશીથી જાણ કરે છે.

પશીની સુવાવડ હેમખેમ કરનાર બેનીમા સવા વરસ પછી કેરીઓ વેચતાં વેચતાં પશીને બૂમ પાડીને બોલાવે છે. ફળિયામાં પા પા પગલી ભરતો છોકરો બેનીમા તરફ જાય છે અને તેની મા, પશલી તેના કીકલાને તેડી લે છે અને બોલે છે જો જે ડીકલા. બેનીમાને અડતો નહીં. બેનીમાને પશીની સુવાવડની વેળા યાદ આવી જાય છે. આઘાત લાગે છે. બેનીમાને જોઈને ભેગી થયેલી સ્ત્રીઓને પણ પશલીની સુવાવડ યાદ આવે છે પણ તેમને તો એમ જ છે કે રામકબીરની બાધા ફળી એટલે પશલીનો જીવ બચી ગયો હતો. બેનીમાને જશ આપવાની વાત તો દૂર છે. બેનીમાની કોઠાસૂઝ અને વર્ષોના અનુભવથી કેળવાયેલી અસાધારણ આવડતની કદર કરવાની તો કોઈ વાત જ નહિ.

નિરાશ થઈને વાસમાં પાછા ફરતાં બેનીમાનું અપમાન રસ્તે રમતા છોકરાઓ પૈકી એક છોકરો કરે છે. બેનીમાને અડી જવાથી અભડાઈ જવાય એવી અસ્પૃશ્ય વૃતિ ગામના છોકરાઓમાં પણ ઘર કરી ગઈ છે. બેનીમાનું અપમાન કરનારો છોકરો દલીનો ડાયલો છે. ત્રણ-ચાર વરસ પહેલાં દલીનું સુવાવડ વખતે બેનીમાએ જ જેને બચાવ્યો હતો તે ડાયલો 'આઘી ખસ' એમ કહીને અપમાન કરે છે. તીવ્ર આઘાત અને અપમાનની લાગણીથી ભાંગી પડેલા બેનીમા ઘર તરફ પાછા વળે છે.

**6.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન :**

'દાયણ' કૃતિનું સાહિત્ય સ્વરૂપ ટૂંકીવાર્તા છે.

કૃતિના પ્રારંભે સાબરમતી નદીની કોતરોની ધાર પરની લીલોતરીનું વર્ણન છે. આંબેડકરવાસની નિઃશબ્દ શાંતિનું વર્ણન છે. વાસના મોટાભાગના લોકો મજૂરીએ ગયા છે.

આંબેડકરવાસમાં બેનીમા રહે છે. બેનીમા કેરીની વખારમાં રહે છે. સારી કેરીઓ અને ભડદાં છુટા પાડવાનું કામ તેઓ કુશળતાપૂર્વક કરતા હતા. કેરી પકવવામાં પાવરધા બેનીમા દાયણના કામમાં પણ એટલા જ પાવરધા હતા તેમ સૂચવીને લેખકે બેનીમાની કુશળતાને યોગ્ય રીતે ચીંધી આપી છે. અંધારિયા છાપરામાં જીવન પસાર કરતા બેનીમાના જીવનમાં, પતિના અવસાન પછી વ્યાપી રહેલા ઘોર અંધકારને લેખકે સાંકેતિક રીતે સૂચવ્યો છે. છાપરાના નળિયામાંથી આવતા પ્રકાશના છૂટક કિરણો સિવાય અજવાસની કોઈ શક્યતા નથી. અંધકાર ઓરડીમાં પણ છે અને જીવનમાં પણ છે. બેનીમાના પતિ કાળાભાના અવસાનને વીસેક વર્ષ થઈ ગયા છે. વીસ વીસ વર્ષનું વૈધવ્ય બેનીમાના વ્યક્તિત્વને ઉપસાવવામાં મહત્ત્વનો સંકેત છે.

કાચી કેરીઓને હાથ ફેરવતાં બેનીમાના જીવનના દરેક તબક્કાનો ઉલ્લેખ કરીને તેમની વૃદ્ધાવસ્થા વિશે લેખક નોંધે છે :

''ભડદાંની છાલ જેવી જ એમના શરીરની ચામડી પણ કાળી, લબડી પડેલી, રુક્ષ થઈ ગઈ હતી.''

વાર્તાનો ઉપર જણાવ્યા સુધીનો ભાગ બેનીમાના વ્યક્તિત્વ, વ્યવસાય, વિધવા અવસ્થા અને વૃદ્ધાવસ્થાનો નિર્દેશ કરે છે. વાર્તા વાંચનારના મનમાં બેનીમાનાં વ્યક્તિત્વની રેખાઓ અંકિત થતી જાય છે.

વાર્તામાં ઉપર મુજબના વર્ણન પછી ઘટના બને છે. દાયણ તરીકેની બેનીમાની ઓળખ મુજબનું બેનીમાને ભાગે કામ આવે છે. એ કામ પણ બેનીમાની સેવાનો જ પ્રકાર છે. દાયણ તરીકે બેનીમા વ્યવસાય નથી કરતા પણ સેવા કરે છે.

ઘટના એમ બને છે કે દલી પટલાણીની બૂમ પડે છે તેની જેઠાણી પશીમાને પીડા ઊપડી છે. દાક્તર પરેશ પટેલને બોલાવ્યા હતા અને તેઓ 'અંજીશન' (ઇન્જેક્શન) આપીને જતા રહ્યા છે. બે કલાકમાં સુવાવડ થઈ જશે એવું કહીને દાક્તર ગયાને ચાર કલાક થઈ ગયા. દલી પશી માટે બેનીમા સાથે જે સંવાદ કરે છે તેમાં તેના ગામની લોકબોલીનો વિનિયોગ થયો છે. ''બેનીમા તમે ઝટ હેંડો'' જેવા સંવાદમાં ઉત્તર-ગુજરાતની બોલીનો ઉપયોગ પાત્રમુખે થયો છે. તેમાં આગળ બેનીમા અને બીજા પાત્રો પણ તે રીતે જ લોકબોલીમાં, તળપદી બોલીમાં જ સંવાદ કરે છે.

બેનીમા હંમેશની જેમ વિના વિલંબે દોડે છે. પશીની સાસુ માણેકડોશી બેનીમાને પશીની તકલીફથી વાકેફ કરે છે. પશીની નાડ તપાસ્યા પછી બેનીમા માણેકડોશીને ઠપકો આપે છે :

''આટલું બધું દરદ થ્યુસઅ અને અતાર હુદી ચ્યોં માંહણિયોમાં જી'તી ? ઘડપણ ચ્યોં ગાળ્યું ? હાત શિયાં જણ્યાં તોય તનં ખબર ના પડી ? મૂરખી, ઓમ તો હોના જેવી બાયડીનૂઅ ખોયે !''

ઉપરના સંવાદને આપણે આમ સર્વમાન્ય ભાષામાં લખીએ તો;

''આટલું બધું દર્દ થયું છે અને અત્યાર સુધી ક્યાં સ્મશાનમાં ગઈ હતી ? ઘડપણ ક્યાં ગાળ્યું ? સાત સંતાનોને જણ્યાં તોય તને ખબર ના પડી ? મુઈ, આમ તો સોના જેવી વહુને ખોઈશ.''

ઉપરના બન્ને ફકરામાં પ્રથમ ફકરો વાર્તામાં રહેલો તળપદી બોલીનો ફકરો છે. બીજો ફકરો આપણે પ્રશિષ્ટ રીતે બોલાતી-લખાતી ભાષામાં કર્યો છે.

અહીં આપણે જોઈ શકીશું કે વાર્તામાં આવતાં પાત્રો, પરિસ્થિતિ અને વાતાવરણ મુજબની ભાષાનો સૂઝપૂર્વક ઉપયોગ થાય ત્યારે પ્રથમ દૃષ્ટિએ અઘરી જણાતી લોકબોલી વાર્તા માટે કેટલી અસરકારક નીવડે છે.

બેનીમાની કોઠાસૂઝ તેમને દાયણ તરીકે ભાવકના મનમાં પ્રતિષ્ઠિત કરે છે. મોટા દાક્તરને માટે જે અઘરું છે તે બેનીમાને માટે સહજ છે. દાયણ તરીકેના તેમના વર્ષોના અનુભવ આગળ મોટા પદવીધારી દાક્તર પણ પાણી ભરે.

બેનીમા સહુને હડસેલતાં આગળ વધે છે અને દાયણ તરીકેનો પોતાનો ઉપચાર શરૂ કરી છે. ભોંય પર સુવાડેલી, આળોટતી પશીની સ્થિતિ જોઈ તેના પતિ - બળદેવનો જીવ તાળવે ચોંટી ગયો છે.

પશીની સાસુ પશીનો જીવ બચાવવા જે રીતે બેનીમાને વિનવણી કરે છે તે પણ લોકબોલીમાં છે.

'અંજીશનથી હુવાવડ થૈ જશે એવું આશ્વાસન આલીન દાક્તર રૂપિયા પચ્યા લૈંન જ્યાં!' જેવો માણેકડોશીનો નિસાસો વાર્તામાં અસરકારક રીતે વ્યક્ત થયો છે.

પશીનો પતિ બળદેવ બહાર ઊભો ઊભો એક પળની પ્રતિજ્ઞા કરી રહ્યો છે. અગાઉની કસુવાવડ યાદ તેને આવી જાય છે. બળદેવની આંખ છાપરાની વળીઓ સામું જોઈને પ્રથમ કસુવાવડની ચિંતાજનક સ્મૃતિમાં ફરી વળે છે.

''પશીને હેમખેમ છોકરો અવતર્યો, બેનીમાને હાથે' - એવી આનંદની ક્ષણ વ્યક્ત કરવા સર્જક નોંધે છે : ''સૂર્ય પરથી વાદળ હટી ગયાં, બળદેવની આંખો પર નળિયામાંથી ચળાઈને આવતા પ્રકાશનો ચાંદો પડ્યો.''

''માણેક ડોશીની આંખમાંથી પડતાં હર્ષનાં આંસુ બેનીમાનાં ચરણ પર પડ્યાં.'' - એમ વાંચીને રાહત અનુભવતા ભાવકે આગળ ઉપર મળનારા આઘાત માટે તૈયાર રહેવાનું છે.

આગળ જતાં, એક દિવસ કેરીઓ વેચતાં બેનીમા 'પશલી'ના નામની બૂમ પાડે છે. પશીની સુવાવડ કરનાર બેનીમાનું અહીં પશી દ્વારા જ અપમાન થાય છે. પશીનો કીકલો બેનીમા તરફ પગલી માંડે છે. ત્યારે પશી તેને અટકાવે છે. અને બેનીમાને અડવાની ના પાડે છે. અપમાનિત બેનીમાને પશીની સુવાવડની વેળા યાદ આવી જાય છે. અને એ વખતે બેનીમાને જોઈને ટોળે વળેલી સ્ત્રીઓને પણ પશીની સુવાવડનો પ્રસંગ યાદ આવે છે. બેનીમાની કોઠાસૂઝ અને આવડતથી પશીનો જીવ બચી ગયો હતો એ વાતનું મહિનાઓ પછી જાણે ખાસ મહત્ત્વ રહ્યું નથી અને પશલીનું નસીબ અને તેણે રામકબીરની બાધા માનેલી તે ફળી એવી વાતોનું વજન વધી જાય છે. આટલું ઓછું હોય તેમ વડલા નીચે રમતા છોકરાઓ પણ 'આઘી જા, અભડાયે ! ભારતી નથી'? કહી બેનીમાનું બોલે છે તે પણ દલીનો ડાયલો છે, જે દલીની સુવાવડ દાયણ બેનીમાએ જ કરી છે.

અપમાનિત બેનીમા ઘર તરફ પાછા વળે છે. બેનીમાના અપમાનનો બોજ અહીં થોડા પણ અસરકારક શબ્દોમાં વ્યક્ત થયો છે.

''બેનીમા ઉપર આખું આભ તૂટી પડ્યું. પગ થંભી જાય તે પહેલાં યુગાંતરનો ભાર વેંઢારી આઘાં ખસ્યાં.''

ઘર તરફ પગ ઉપાડતાં બેનીમાએ જોયું કે વડલાની ડાળ પરથી ટપાક્ ટપ ટેટો ખર્યો જાણે ડાયલાનો ડૂંટો ખર્યો.

વાર્તાનો અંત ડાયલાનો ડૂંટો ખરવાના આભાસથી થાય છે. નવજાત શિશુની સાથે ડૂંટો ખરવાની સહજ ઘટનાનું દાયણને સ્મરણ થાય. જે બાળકને આ ધરતી પર અવતારવામાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી છે તે બાળક ડૂંટો ખરી ગયા પછી સહેજ બોલતું-રમતું થાય કે તરત વૃદ્ધાવસ્થાએ પહોંચેલી દલિત ગણાતી જ્ઞાતિની મહિલાનું હાડોહાડ લાગી શકે તેવું અપમાન પળમાં કરી નાખે છે.

આમ, આ વાર્તા દલિત સ્ત્રીના ઘોર અપમાનની વાર્તા છે. કોઈ લોભ વગર કે લાભ વગર માત્ર નિઃસ્વાર્થ સેવાવૃત્તિથી સુવાવડના કામમાં દાયણ તરીકે સેવા આપતી સ્ત્રીની સેવાની જરૂર પડે છે ત્યારે આંખમાં આંસુ સાથે, સુવાવડી બાઈનો જીવ બચાવવા વિનવણી કરતો ભદ્ર સમાજ પોતાનું કામ પતી જાય પછી જાતિભેદને આગળ ધરી, અપમાન કરવામાં પાછું વાળીને જોતો નથી. આભડછેટનો પ્રશ્ન આપણા સમાજમાં અને ગામડાંમાં કેવો ઘર કરી ગયો છે તેની કડવી વાસ્તવિકતા આ વાર્તામાં છે. સામાજિક વિષમતા અને અસ્પૃશ્યતાનું કલંક આ વાર્તામાં ખૂબ ટૂંકાણમાં પણ અસરકારક રીતે, હૃદયસ્પર્શી આલેખન પામે છે.

**6.6 તમારી પ્રગતિ ચકાસો :**

(1) આ વાર્તાનું મુખ્ય પાત્ર 'બેનીમા' વિશે ટૂંકી નોંધ લખો.

(2) 'પશી'ની સુવાવડ વખતે બેનીમાની આવશ્યકતા ઊભી થાય છે. ત્યારે દલી અને માણેકડોશીના વર્તનમાં વ્યક્ત થતી ગરજ અને લાચારી વિશે તમારા શબ્દોમાં લખો.

(3) 'બેનીમાને જશ નથી મળતો, જૂતાં મળે છે.' - એ વિધાન, આ વાર્તાના આધારે સમજાવો.

(4) 'દાયણ' વાર્તા તમને કેવી લાગી ? સમીક્ષા કરો.

● **વસ્તુલક્ષી કસોટી :**

**નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં - તે જે તે વિધાનને અંતે આપેલા ખાનામાં (√) (×)ની નિશાની દ્વારા જણાવો.**

1. બેનીમાનું આંબેડકરવાસમાં સુંદર મજાનું ઘર હતું. ☐
2. માણેકડોશી પશીની સાસુ છે. ☐
3. બેનીમાએ પશીની સુવાવડમાં પહોંચવામાં મોડું કર્યું. ☐
4. પશલીની કૂખે અવતરેલા છોકરાનું નામ ડાયલો છે. ☐

**6.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ**

'દાયણ' એક વિશિષ્ટ વાર્તા છે. ગુજરાતી સાહિત્યમાં દલિત વર્ગના સર્જકો દ્વારા લખાયેલી આ પ્રકારની વાર્તાઓમાં દલિતોની પીડા, વ્યથા, શોષણ, અપમાનની સ્વાનુભવની સંવેદનશીલ અભિવ્યક્તિ થાય છે. આવી વાર્તાઓ લખનાર પાસે આવી પીડાનો જાત અનુભવ વ્યક્ત થાય, અને તે વાર્તા કે અન્ય કોઈ સ્વરૂપે પ્રગટ થાય ત્યારે તેને પામવા, સમજવા માટે ભાવ - ભાષાને ઉકેલવાની સાચુકલી મથામણ કરવી જોઈએ.

નીચેનાં વાક્યો જુઓ :

● ''બેનીમા આખો દિવસ અંધારિયા છાપરામાંની કેરીઓની વખારમાં રહેતાં.. સારી સારી કેરીઓ એક બાજુ કરતાં અને ભડદાં ભડદાં એકબાજુ પર. ભડદાં સસ્તા ભાવે વેચતાં જે દલિતો હોંશે હોંશે ખરીદતાં''

અહીં બેનીમાની સ્થિતિ, પ્રવૃત્તિ, વ્યવસાય અને ભડદાંથી સંતોષ માનતી, દલિત જ્ઞાતિની સ્થિતિ ટૂંકમાં પણ સમગ્ર રીતે સૂચવાઈ છે.

● ''મેર ! રોંડ આટલું વધુ દરદ થ્યુંસૂઅ અને અતાર હુદી ચ્યોં માંહણિયોમાં જી'તી ?'' જેવો સંવાદ બેનીમાના વ્યક્તિત્વને પ્રગટ કરે છે. 'રોંડ' જેવો ગાળ ગણાતો શબ્દ અહીં બેનીમા જેવા પાત્રના મુખે મદદરૂપ થવાના પ્રસંગે વ્યક્ત થયો હોવાથી સ્થિતિ અને પાત્રનું પ્રતિનિધિત્વ કરવામાં, ગ્રામજીવનની અસલ ઓળખ ઉપસાવવામાં અસરકારક રહે છે.

**નીચે મુજબના રૂઢિપ્રયોગો આ વાર્તામાં વપરાયા છે :**

1. જીવ તાળવે ચોંટી જવો.
2. જીવ અંદર લટકતા હતા.
3. આભ તૂટી પડવું.

**આ રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરી બીજા એક એક વાક્ય લખો.**

**નીચેના શબ્દો જુઓ, સમજો.**

(1) ભડદાં = કાચી કેરી

(2) દા'ડાવાળા બૈરાં = જે સ્ત્રી ગર્ભવતી હોય તેવી સ્ત્રીઓ. બીજા શબ્દોમાં કહીએ તો સારા દિવસો જતા હોય તેવી સ્ત્રીઓ, બે-જીવવાળી મહિલાઓ.

(3) કોઠાસૂઝ = હૈયા ઉકલત; પદ્ધતિસરનું શિક્ષણ કે પદવીના મેળવી હોય પણ પરિસ્થિતિ કે સમસ્યાનું સમાધાન શોધવાની વિશિષ્ટ આવડત.

(4) અંજીશન = ઈંજેક્શન (અહીં વાર્તામાં લોકબોલીમાં અંજીશન એવો ઉચ્ચાર થયેલો છે.)

(5) માખીઓની જેમ બણબણવું = ટોળે વળવું.

**લેખન-પ્રવૃત્તિ :**

દલિત જીવનની સમસ્યાઓ - વિષય પર આશરે 300 શબ્દોમાં નિબંધ લખો.

- **વિશેષ અધ્યયન**

કર્તા પરિચય - હરીશ મંગલમ્

1952ની 15મી ફેબ્રુઆરીએ ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાના ફલુ ગામે તેમનો જન્મ. ગુજરાતી વિષય સાથે સ્નાતક થયા પછી કાયદાશાસ્ત્રનો અભ્યાસ કર્યો. એલ.એલ.બી.ની પદવી મળી. ગુજરાત સરકારમાં દીર્ઘકાલીન સેવાઓ બાદ એડિશનલ કલેક્ટર તરીકે નિવૃત્ત થયા.

હરીશ મંગલમ્ પાસેથી 'તિરાડ', 'ચોકી' અને 'અગનઝાળ' જેવી નવલકથાઓ ઉપરાંત 'તલપ' નામનો વાર્તાસંગ્રહ મળે છે. કાવ્યસંગ્રહ 'પ્રકંપ' ઉપરાંત 'વિદિત', 'એકવચન' નામે વિવેચન ગ્રંથ તેમની વિશેષ ઉપલબ્ધી છે. ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના સ્થાપક સભ્ય તથા મંત્રી તરીકે સેવાઓ ગુજરાત સરકાર દ્વારા અપાતા 'સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ' થી આ સર્જક પુરસ્કૃત થયા છે. તેમનો 'તલપ' વાર્તાસંગ્રહ અંગ્રેજી, હિન્દી, મરાઠી તેમજ જર્મની એમ ચાર ભાષાઓમાં અનુવાદ પામેલ છે. 'દાયણ' વાર્તા જર્મનીમાં પ્રકાશિત એક વાર્તાસંગ્રહમાં પસંદ પણ થયેલ છે.

- **વિશેષ વાંચન :**

'દાયણ' વાર્તા 'ગુજરાતી દલિત વાર્તા' નામના સંપાદનમાંથી લેવામાં આવી છે. મોહન પરમાર તથા હરીશ મંગલમ્ આ વાર્તાસંગ્રહના સંપાદકો છે. આ વાર્તાસંગ્રહ દરેક જિજ્ઞાસુ વિદ્યાર્થીએ વાંચવો જોઈએ. ઉપરાંત જોસેફ મેકવાન, મોહન પરમાર, દલપત ચૌહાણ, હરીશ મંગલમ્ આદિ સર્જકોની અન્ય વાર્તાઓ - વાર્તાસંગ્રહો વાંચવાથી 1985થી આજ સુધીના દલિત વાર્તાસાહિત્યનો અભ્યાસ થશે.

- **સંદર્ભ સામગ્રી :**


1. ગુજરાતી દલિત વાર્તા : સં.મોહન પરમાર, હરીશ મંગલમ્
2. બી.કેશરશિવમ્, દલપત ચૌહાણ અને હરીશ મંગલમ્નું કથાસાહિત્ય
   ડૉ.ડી.એમ.ભદ્રેસરિયા


---


**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ


---

એકમ 7

# સુવર્ણપુરનો અતિથિ

- ગોવર્ધનરામ ત્રિપાઠી

રૂપરેખા

7.1 ઉદ્દેશો
7.2 પ્રસ્તાવના
7.3 કૃતિ
7.4 પૂર્વભૂમિકા
7.5 કૃતિનો સારાંશ
7.6 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
7.7 તમારી પ્રગતિ ચકાસો
7.8 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
7.9 વિશેષ અધ્યયન
- સંદર્ભ સામગ્રી

## 7.1 ઉદ્દેશો :

- સરસ્વતીચંદ્ર ભાગ-1ના આ અંશના અભ્યાસથી સંપૂર્ણ નવલકથા વાંચવા માટે આપની જિજ્ઞાસા વધશે.
- 'સરસ્વતીચંદ્ર' નવલકથાના કુલ 1થી 4 ભાગ છે. ગુજરાતી નવલકથા સાહિત્યની આ પ્રશિષ્ટ નવલકથા વિશે આપનો અભ્યાસપૂર્ણ પ્રવેશ થશે.
- ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં ઈ.સ. 1885થી ઈ.સ. 1915 સુધીનો ત્રણ દાયકા જેટલો સમય 'પંડિત યુગ' તરીકે ઓળખાય છે.
- 'પંડિત યુગ'ની ઉત્કૃષ્ટ નવલકથાના ગદ્યનો અભ્યાસ કરવાની દિશા ખુલશે.
- 'સરસ્વતીચંદ્ર'ના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીની સર્જકતા વિશે આપ પરિચય કેળવશો.
- ગોવર્ધનરામ ત્રિપાઠીના સાહિત્ય સર્જન પાછળના મહાન ઉદ્દેશનો પરિચય થશે.

## 7.2 પ્રસ્તાવના :

'સરસ્વતીચંદ્ર ભાગ-1'ના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠી છે. ઈ.સ. 1887માં આ નવલકથાઓ પ્રથમ ભાગ પ્રગટ થયો. કુલ આ નવલકથાના 1900 સુધીમાં કુલ ચાર ભાગ પ્રગટ થયા છે. પંડિત યુગના સાક્ષર ગોવર્ધનરામ ત્રિપાઠી ભારતીય સાહિત્ય તથા વિશ્વ સાહિત્યના અભ્યાસુ હતા. ચિંતક અને સર્જક તરીકેની તેની આંતર સમૃદ્ધિનો આ નવલકથા દ્વારા સુપેરે પરિચય થાય છે.

પ્રથમ વર્ષ બી.એ.ના આપના અભ્યાસમાં ગદ્યનાં વિવિધ સાહિત્ય સ્વરૂપો ભણવાનાં થશે. અત્રે, 'સરસ્વતીચંદ્ર' ભાગ-1ના પ્રથમ પ્રકરણ 'સુવર્ણપુરનો અતિથિ'નો આપણે અભ્યાસ કરીશું.

## 7.3 કૃતિ

**'ઘર તજી ભમું હું દૂર સ્વજનહીન ઉર ભરાઈ આવે,**
**નહીં ચરણ ઊપડે હુંથી શોકને માર્યે.**

★ ★ ★

**સુખ વસો ત્યાં જ જ્યાં ભૂલે રંક નિજ દુઃખો,**
**જ્યાં પામે આદરમાત્ર પ્રવાસી ભૂખ્યો.'**

**- ઑલિવર ગોલ્ડસ્મિથ**

સુવર્ણપુર પશ્ચિમસાગરની સાથે ભદ્રાનદી સંગમ પામે છે ત્યાં આગળ આવેલું છે. સાગરે નદીરૂપ હાથ વડે કેડ ઉપર બાળક તેડ્યું હોય તેમ એક ટેકરીના ઢોળાવ ઉપર પથરાયેલો એનો વિસ્તાર લાગે છે. એ નગરના બંદરમાં માઘ માસમાં એક દિવસ એક વહાણ આવી નાંગર્યું. અને જુદા જુદા નાનામોટા મછવાઓ તે ઉપરનો માલ ઉતારવા ગયા તેમાં માલની ગાંસડીઓ ઊતરતી હતી તેમ કોઈ કોઈ ઉતારુઓ પણ ઊતરતાં હતાં. એક મછવામાં કેટલાક વ્યાપારીઓ ઊતર્યા તેની સાથે એક તરુણ પુરુષ પણ આવી ઊતર્યો અને મછવાની એક બાજુએ લપાઈ રહેતો હોય તેમ બેઠો. તેની દૃષ્ટિ સમુદ્ર અને સુવર્ણપુર વચ્ચે હીંચકા ખાધાં કરતી હતી - જાણે કે સમુદ્રના તરંગથી મછવો આમતેમ ખેંચાતો હતો તેનો પ્રત્યાઘાત થતો હોય અથવા તો એક બાળકની પેઠે તેની આંખને મછવાના ચાળા પાડવાનુ મન થતું હોય. તે પુરુષનું વય ત્રેવીસ-ચોવીસ વર્ષનું દેખાતું હતું. તેનાં વસ્ત્ર પર ઉજાસ ન હતો અને મોં કરમાયેલું હતું. તે નિઃશ્વાસ નાખતો ન હતો પણ તેના અંતઃકરણમાં ઘણા નિઃશ્વાસ ભરાઈ રહેલા હોય એવું એની મુખમુદ્રા સૂચવતી હતી. પરંતુ તેની કાન્તિમાં કાંઈક લાવણ્ય હતું અને તેના મુખ ઉપર કોમળતા હતી. આ સર્વથી આસપાસના આનંદમાં ગરકાવ થઈ ગયેલા પણ ગ્રામ્ય અને કઠોર કાન્તિવાળા વ્યાપારીઓમાં આ તરુણ સર્વ રીતે ભાત પાડતો હતો.

હોડી કિનારે આવી અને સૌ લોકો ઝપોઝપ ગાંસડાંપોટલાં લઈ ઊતર્યા. તેમની સાથે એ પણ ઉદાસ અને મન્દવૃત્તિથી ઊતર્યો. થોડી વાર તે કિનારા ઉપર દાઢીને હાથ દઈ ઊભો રહ્યો અને આખરે એક દિશામાં ચાલ્યો. લોકો નગર ભણી વળતા હતા, પણ એ એક બીજી દિશાએ ચાલ્યો અને થોડીક વારમાં એક ઝાડપાનવાળા મેદાન વચ્ચે એક મોટા બાંધેલા રસ્તા ઉપર સૌ લોકથી જુદો તથા એકલો પડી, એક મોટા પુલ પર એક એકલ એંજિન સંભાળથી ધીમે શ્વાસે ચાલતું હોય તેમ જવા લાગ્યો. સામાનમાં તેની સાથે એક નાનીસરખી પોટલી હતી. આકાશ, પૃથ્વી, આગળ તથા પાછળ, વારાફરતી જોતો જોતો તે સ્થિર પગલે ચાલતો હતો. પ્રાતઃકાળનો બાળક સૂર્ય તેનાં આછાં કપડાંવાળા શરીરને ઠીક લાગતો હતો, તથાપિ કોઈ કોઈ વખત પવનને લીધે તેને હાથનો સ્વસ્તિક* રચવો પડતો હતો. તોપણ ચાલવાના પરિશ્રમને લીધે તેમ જ તડકાને લીધે તેના વિશાળ કપાળ ઉપર પરસેવાનાં ટીંપાંનું જાળ બાઝ્યું હતું. તાપથી તેનું કમળપત્ર જેવું મુખ તથા ગાલ રાતાચોળ થઈ ગયા હતા. આખરે એક મહાદેવનું દેવાલય આવ્યું તેના દ્વારમાં ચારે પાસ જોતો જોતો તે પેઠો.

આ દેવાલય રાજેશ્વર મહાદેવનું હતું. તે સુવર્ણપુરના અમાત્ય (કાઉન્સિલર) બુદ્ધિધનના પૂર્વજોનું બંધાવેલું હતું. દેવાલયની આસપાસ કરતો ફરસબંધી ચોક હતો અને તેની આસપાસ છાપરીવાળી ઓસરી હતી. ઓસરીની આસપાસ કાચા પથ્થરની ફણ ઘણી જૂની છપાયેલી ભીંત હતી. આ ઓસરીમાંથી પછીતમાં એક બારી પડતી હતી, અને તે બારી પાછળ એક વાડો હતો, જેમાં મહાદેવને ઉપયોગમાં આવે એવા ફળફૂલના છોડ તથા એક બીલીનું વૃક્ષ હતું. વાડાની આસપાસ કાંકળો તથા થોરની વાડ કરી લીધેલી હતી અને તેમાં એકબે છીંડાં રાખેલાં હતાં. ઓસરીની બહાર બે બાજુએ મોટા ઓટલા બાંધી લીધેલા હતા, અને જમણી બાજુએ એક નાનું સરખું આરાવાળું તળાવ હતું, જેનું નામ 'રાજસરોવર' રાખેલું હતું. દેવાલયની સામી બાજુએ એક કૂવો પણ હતો. ઉત્સવને દિવસે ભીડવેળા ઉપર ઊભા રહી મહાદેવનું દર્શન થાય એટલું ઊંચું તેનું થાળું હતું. શિવાલયનું દ્વાર પ્રમાણમાં જમીનથી ઊંચું હતું. પણ ઊમરા ઉપરથી તેનું ઊંચાણ જાણી જોઈને ઓછું રાખવામાં આવેલું હતું તે એવા વિચારથી કે જાણ્યે અજાણ્યે પણ મંદિરમાં જનારને નીચે નમી દેવને નમસ્કાર કરવા જ પડે.

ઓસરી બધેથી લીંપેલી હતી પણ વટેમાર્ગુઓને ધર્મશાળાના ઉપયોગમાં આવતી તેથી ઘણે ઠેકાણેથી લીંપણ ઊખડી ગયેલું. તેના ઉપર થીગડાં દીધાં હતાં. ઓસરીની ભીંતો ઉપર વટેમાર્ગુએ, પોતાનાં નામ અમર રાખવા અગર પ્રસિદ્ધ કરવાના હેતુથી, અથવા માત્ર અટકચાળાપણાથી, ખડી, ઈંટાળા, કોયલા વગેરેથી લખેલાં હતાં અને કોઈ કોઈ ઠેકાણે તો ખીલા વગેરેથી કોતરેલાં હતાં. આ આલેખોમાં ગામડિયા કવિતા, શુદ્ધ અશુદ્ધ શ્લોક, કહેવતો, અશ્લીલ ગાળો, ધર્મશાળાના ધણીને આશીર્વાદો, સૂચનાઓ, ધમકીઓ, કંઈ કંઈ બનાવોની તિથિ, દેવ વગેરેનાં સારાંનરસાં ચિત્રો, ઇત્યાદિ ડગલે ડગલે જોવામાં આવતાં. ચોકની વચ્ચે શિવાલય, સાધારણ ઘાટનું અને દશબાર પગથિયાં, ઓટલા, પોઠિયો વગેરે સામગ્રીસમેત હતું.

દ્વારમાં પેસતાંમાં જ નવો આવેલો તરુણ ચારે પાસ તેમ જ દેવાલયના ગર્ભદ્વારમાં દૃષ્ટિ ફેરવી, પગથિયાં પર ચડી, બહારના ઘુમ્મટમાં લટકાવેલાં ઘંટ વગાડી, દેવને નમસ્કાર કર્યા જેવું કરી, ગર્ભદ્વારમાં ઊમરા ઉપર બેઠો અને પોટલી મોં આગળ મૂકી; પણ અંદર પૂજારીને મહિમન્‌નો પાઠ ભણી રુદ્રી કરતા હતો. તેણે તેના સામું જોઈ સાન કરી તે તરત ઊમરા બહાર હેઠળ બેઠો.

પૂજારી ત્રીસપાંત્રીસની વયનો એક તપોધન હતો. તેની હજામત વધી ગયેલી હતી અને બેભાન તથા જડ માણસ જેવો દેખાતો હતો પણ અમાત્યના ઘરનો સહવાસી હોવાથી તથા તેના ચાકરોના અનુકરણની લઢણ પડવાથી તે જરીજરી સભ્યતા શીખ્યો હતો; ગ્રામ્ય ભાષા તેને સહજ હતી તોપણ તેમાં વાક્‌ચાતુર્યનાં ચોરેલાં થીગડાં મારતો. લાંબું લાંબું બોલવાની ટેવ રાખતો, સવાસલાં તથા ખુશામત કરવા જતો, નાના વિષયોમાં મોટાનું ધ્યાન ચુકાવી કપટ કરી ફાવી જતો, મોટા વિષયોમાં કપટ કરવા જતાં પકડાઈ જતો, નાનાં તથા અજાણ્યાં માણસોને મોટાંને નામે ધમકાવી શિરજોરી કરી અભિમાન પામતો, અમાત્યનાં માણસો સાથે ઘડીમાં લડતો અને ઘડીમાં નીચ મસલતોમાં ભળતો, અને અમાત્યના કુટુંબવર્ગમાં ગરીબ પૂજારીનો દાવો કરી લાચારી બતાવી ધાર્યું કરવા પામતો હતો. આવું છતાં તેને ભોળો અને બેવકૂફ ગણી અમાત્ય તેનો નિભાવ કરતો.

નવા તરુણને જોઈ પૂજારી મૂર્ખદત્તે રુદ્રીનો ઢોંગ વધાર્યો, જળાધારીમાં અભિષેકથી રેલ આણી, બાણા ઉપર ફૂલબીલીનો ઢોગ રચ્યો અને સ્તવન કરતાં અશુદ્ધ ગર્જના કરવા લાગ્યો. આ મંદિર નગરથી દૂર હોવાને લીધે તેમાં કોઈ આવતું નહીં; પણ શિવરાત્રિ પાસે આવવાથી રાજમંડળ, અમાત્યકુટુંબ તથા નગરલોક આવવાના - એ વિચારનો નવો કેફ મૂર્ખદત્તને ચડ્યો હતો તેમાં ‘શ્રી ગણેશાય નમઃ’માં તરુણને જોઈ ભાંગ પીધેલાને દીવો જોતાં અસર થાય તેમ મૂર્ખદત્તને પણ થયું.

થોડીવાર તો તરુણ પુરુષ એ સર્વ એકીટશે જોઈ રહ્યો પણ પૂજારીની પૂજાના માહાત્મ્યને વિકાસ પામતું જોઈ તેને કંઈક હસવું આવ્યું, અને મૂર્ખદત્તે એમ ધાર્યું કે મારી મહાપૂજાના આડંબરની યોગ્ય અસર થઈ. આમ ધારી તે મનમાં પ્રસન્ન થઈ પૂજા થઈ રહેવા આવી એટલે મોટા ડોળ તથા આડંબરથી ખોંખારી વચ્ચે વચ્ચે પ્રશ્નપરંપરા કરવા લાગ્યો :

‘તમે બહુ શ્રદ્ધાળુ દેખાઓ છો ! તમારું નામ શું ? તમે કેણી પાસેથી આવ્યા ? કાંઈ ધંધાનો કરીનો વિચાર છે ? અત્યારે ક્યાંથી ? તમે આ ગામમાં નવા આવ્યા જણાઓ છો. હું આ મહાદેવનો વંશપરંપરાનો પૂજારી છું. મારું નામ મૂર્ખદત્ત.’ અંતે ઊઠી મહાદેવનું નમણ તથા બીલીપત્ર તરુણ આગળ ધર્યાં.

મહાદેવના પ્રસાદથી આંખનાં પોપચાં પવિત્ર કરી તરુણ બોલ્યો : ‘મારું નામ નવીનચંદ્ર છે. હું બ્રાહ્મણ છું. અત્યારે જ બંદર ઉપરથી ઊતરી ચાલ્યો આવું છું. આ ધર્મશાળામાં થોડા દિવસ ઉતારો રાખવો છે તેમાં તમારી મદદની જરૂર પડશે. મારી રસોઈ તમારા ભેગી કરી નાખશો તો મને બાધ નથી.’ ‘બાધ નથી’ સાંભળી તપોધન આશ્ચર્યમાં પડ્યો; એટલામાં

નવીનચંદ્રે ઊમરામાં એક રૂપિયો નાખ્યો. પથ્થર ઉપર રૂપિયાના શબ્દે તપોધનનું મન વશ કર્યું અને આશ્ચર્યને અપૃચ્છામાં લીન કર્યું.

આનંદસ્વપ્નમાં મગ્ન થતો થતો પૂજારી લક્ષ્મીદેવીનો સત્કાર કરી ઊઠ્યો અને આગળ અને પાછળ નવીનચંદ્ર એમ બે જણ ચાલ્યા. જતાં જતાં મૂર્ખદત્તે વાગ્ધારા છોડી.

'ભાઈ નવીનચંદર ! તમારું નામ અટપટું છે તેથી હું તમને ચંદરભાઈ કહી બોલાવીશ અને તમે પણ બધાંની પેઠે મને દત્ત કહી બોલાવજો. ચંદરભાઈ ! ચાલો. આ ઓસરીમાં મારી ઓરડી છે ત્યાં રસોઈ થશે. તમારી પાસે જોખમ હોય તે મારા પટારામાં મૂકજો અને કૂંચી ગમે તો તમારી પાસે રાખજો. આ પાછળ વાડો છે. અને જોડે તળાવ છે. તળાવમાં નાહી વાડીમાં બેસી બે છાંટા નાખવા હોય તો નાખી દેજો. જમવાનો વખત થયે હું તમને બોલાવીશ; ધુમાડામાં બેસવાનું તમને નહીં ગમે અને ઓસરી કરતાં વાડામાં ગમશે. વળી કાલે શિવરાત્રિ છે એટલે મહાપૂજાની ગોઠવણ કરવા અમાત્યના ઘરનાં બધાં આવવાનાં છે તે વખત પણ તમે વાડામાં હો તો તેમની મરજાદ સચવાય. ચાલો, આ મારી ઓરડી.'

**- ગોવર્ધનરામ ત્રિપાઠી**

**7.4 પૂર્વભૂમિકા :**

'સરસ્વતીચંદ્ર-ભાગ-1' નવલકથાનું પેટાશીર્ષક છે : 'બુદ્ધિધનનો કારભાર.' આપણે આ પ્રથમ ભાગના પ્રથમ પ્રકરણનો અભ્યાસ કરવાનો છે. પ્રથમ પ્રકરણના કથાવસ્તુનો સમજવા માટે પહેલા ભાગની કથાને સમજવી જરૂરી છે. ચાલો, સમજીએ.

સરસ્વતીચંદ્ર - આ નવલકથાનો નાયક છે. સુવર્ણપુરમાં તે આવ્યો છે. તેણે નવીનચંદ્ર નામ ધારણ કર્યું છે. નવીનચંદ્ર નામ ધારણ એટલા માટે કર્યું છે કે મૂળ નામથી હવે તે પોતાને ઓળખાવવા માગતો નથી. સરસ્વતીચંદ્ર મુંબઈના ધનાઢ્ય લક્ષ્મીનંદન શેઠનો પુત્ર છે. સરસ્વતીચંદ્રએ અનુભવાર્થી થવા ગૃહત્યાગ કરેલો છે.

સરસ્વતીચંદ્રના પિતા મિલમાલિક છે. સરસ્વતીચંદ્રની માતા ચંદ્રલક્ષ્મીનું અવસાન થઈ ગયા બાદ તેમણે બીજાં લગ્ન કર્યાં. તેમની બીજી પત્નીનું નામ ગુમાન હતું. ગુમાન થકી પણ લક્ષ્મીનંદનને એક પુત્ર થયો. લક્ષ્મીનંદનની સંપત્તિના બે વારસદાર થયા. સરસ્વતીચંદ્રએ પિતાનો ધંધો-વહીવટ બરાબર સંભાળી લીધો હતો. સાવકો ભાઈ તેનાથી નાનો હતો. અપર માતા ગુમાનને સરસ્વતીચંદ્રની ઈર્ષ્યા થાય છે. તે પતિ લક્ષ્મીનંદનની સતત કાનભંભેરણી કરે છે. વિવાહ યોગ્ય સરસ્વતીચંદ્રની સગાઈ, વિદ્યાચતુર નામના સજ્જનની સુશીલ કન્યા કુમુદસુંદરી સાથે થાય છે. કુમુદ સાથે સગાઈ થતાં સરસ્વતીચંદ્ર પત્ર વ્યવહારથી કુમુદ સાથે સંપર્કમાં આવે છે. બન્ને વચ્ચે પત્રસેતુથી સ્નેહ વધે છે.

મુંબઈમાં વાલકેશ્વર જેવા, શ્રીમંતો વસવાટ કરે તેવા વિસ્તારમાં લક્ષ્મીનંદનનો બંગલો છે. સરસ્વતીચંદ્રએ દીવાનખંડમાં કુમુદસુંદરીની મોટી છબી મૂકાવી. એ છબી પાછળ તથા હીરાની વીંટી કરાવી તેમાં ઘણું ખર્ચ થયું. આ બધી વાતો ગુમાને તેના પતિ લક્ષ્મીનંદનને કહી. 'પુત્ર સરસ્વતીચંદ્ર બધી સંપત્તિ ઉડાવી દેશે.' એવું પિતાના મનમાં ઠસાવી દેવામાં અપર માતાને ધારી સફળતા મળી. ગુમાનને પોતાના પુત્ર ધનનંદનની ચિંતા હતી. સરસ્વતીચંદ્રનું મન નિર્મળ અને અપરમાતા પ્રત્યે આદર હોવા છતાં પિતાના મનમાં, પોતાના વિશે જન્મેલા અવિશ્વાસના ભાવને ધોઈ ના શક્યો. ગુમાનનો ભાઈ ધૂર્તલાલ પણ ઘરકંકાસમાં નિમિત્ત બનવામાં ઉત્સુક છે. પિતા લક્ષ્મીનંદનના મનમાં ગેરસમજના કારણે અવિશ્વાસ જામી ચૂક્યો છે. એક દિવસ પિતા સાથે કારોબાર વિષયક ચર્ચામાં અંગત મતભેદ ખુલ્લા થઈ જાય છે. પિતા-પુત્રનો સંવાદ તિરાડ જન્માવે છે. સરસ્વતીચંદ્રના હૃદયને ઠેસ વાગે છે. મનોમન ગૃહત્યાગ કરવાનો નિર્ણય કરે છે. સરસ્વતીચંદ્રને એક નજીકનો વિશ્વાસુ મિત્ર છે, તેનું નામ ચંદ્રકાન્ત છે. ચંદ્રકાન્તને તે જણાવે છે કે, ''હું સર્વ દ્રવ્ય ધનભાઈ (ધનનંદન) અને

ગુમાનબાને આપી દઉં છું. ઈશ્વર એમનું દ્રવ્ય અચલ રાખો !'' આમ, પિતાની સંપત્તિ, બંગલો બધું જ છોડીને સરસ્વતીચંદ્ર ગૃહત્યાગ કરે છે. ઘર છોડે છે. મિત્ર ચંદ્રકાન્તની સલાહ પણ માનતો નથી.

સરસ્વતીચંદ્ર ઉચ્ચ શિક્ષિત છે. વકીલાતનું ભણ્યો છે. સાહિત્ય સંસ્કારથી સમૃદ્ધ છે. તેવા તેનું મન ભૌતિક સુખ પ્રત્યે ઉદાસીન થઈ ગયું છે. વિષમ સંસારના અનુભવો લેવા ઘેરથી નીકળી પડેલો સરસ્વતીચંદ્ર સુવર્ણપુરમાં આવી ચડ્યો છે.

ઘર છોડતી વખતે પોતે ભાવિ પત્નીને સગાઈથી મુક્ત થવાનો પત્ર લખે છે. પરસ્પર સ્નેહગાંઠથી બંધાયેલાં સરસ્વતીચંદ્ર-કુમુદનો વિયોગ પહેલા ભાગમાં હૃદયસ્પર્શી આલેખન પામે છે. વિરહ અનુભવતી કુમુદનાં લગ્ન સુવર્ણપુરના કારભારી બુદ્ધિધનના પુત્ર પ્રમાદધન સાથે થઈ ગયાં છે. પ્રમાદધન કુમુદનો પતિ છે. વાલકેશ્વર મુંબઈથી નીકળેલો સરસ્વતીચંદ્ર એ ગામમાં જ આવી ચડ્યો છે, જ્યાં કુમુદ પરણીને આવી છે. અમાત્ય બુદ્ધિધનનો પરિવાર મહાદેવના દર્શને આવે છે ત્યારે તેમાં પ્રમાદધનની પત્ની અને એક સમયની સરસ્વતીચંદ્રની મંગેતર કુમુદસુંદરી પણ છે. સુવર્ણપુરમાં આવેલો અતિથિ - સરસ્વતીચંદ્ર શેના માટે આવી ચડ્યો છે ? તેનો કુમુદ સાથે મેળાપ થશે ? પહેલા પ્રકરણમાં કેટલી બાબતોને આવરી લીધી છે તે જોઈને આખી નવલકથા વાંચવા માટે આપ તૈયાર થાવ તેવી અપેક્ષા સહજ છે.

**7.5 કૃતિનો સારાંશ :**

પૂર્વભૂમિકા વાંચ્યા પછી વાર્તામાં આપને રસ પડ્યો હશે. વાચકને થાય કે આ અતિથિ સ્વરૂપે આવેલા સરસ્વતીચંદ્રનું શું થયું હશે ? જીવનના કેવા અનુભવો તેને મળ્યા હશે ? કેવા સંજોગોનો સરસ્વતીચંદ્રએ સામનો કરવો પડ્યો હશે ? આપણે સુવર્ણપુરના અતિથિને જાણીએ. આખી કથા જાણવા માટે તો આ નવલકથાના ચાર ભાગ વાંચવા જોઈએ.

પ્રથમ પ્રકરણના પ્રારંભે જ બે કાવ્ય પંક્તિ સર્જકે આપી છે. 'ઘર તજી ભમું હું દૂર સ્વજનહીન ઉર ભરાઈ આવે, નહીં ચરણ ઊપડે હુંથી શોકને માર્યે'. આ પંક્તિ દ્વારા સરસ્વતીચંદ્રના ગૃહત્યાગની વાત છે. વાચકને જાણવા મળે છે. સુવર્ણપુરમાં ત્રેવીસ-ચોવીસ વર્ષનો યુવાન વહાણમાંથી ઊતરે છે. બીજા મુસાફરોમાં જુદો પડતો આ યુવાન ઉદાસ છે. તેનું મોં કરમાયેલું હતું. તેની પાસે સામાનમાં નાની સરખી પોટલી જ હતી. વહાણમાંથી ઊતરેલા બીજા ઉતારુઓ નગર તરફ ગયા. એ વખતે સરસ્વતીચંદ્ર બીજી દિશામાં ગયો અને થોડું ચાલ્યા પછી એક મહાદેવના દેવાલયમાં ગયો.

રાજેશ્વર મહાદેવનું એ દેવાલય સુવર્ણપુરના અમાત્ય બુદ્ધિધનના પૂર્વજોએ બંધાવેલું હતું. એ મંદિરનું સૂક્ષ્મ નિરીક્ષણ, વર્ણન અહીં આલેખન પામ્યું છે. મહાદેવના મંદિરની જમણી બાજુ રાજ સરોવર નામનું તળાવ અને મંદિરની સામી બાજુએ કૂવો હતો. મંદિરમાં પાંત્રીસેક વર્ષની વયનો પૂજારી છે. તેનું નામ મૂર્ખદત્ત હતું. પૂજારી મૂર્ખદત્તનો દેખાવ-સ્વભાવ તથા વર્તનનું તાદશ્ય વર્ણન થયું છે. આગંતુક યુવાન સરસ્વતીચંદ્ર ઉપર પ્રભાવ પાથરવા માટે પૂજારી જે આડંબર કરે છે તે સરસ્વતીચંદ્ર જુએ છે, અનુભવે છે. પૂજારી સાથે સરસ્વતીચંદ્ર સંવાદ કરે છે. મૂર્ખદત્તનો આડંબર જોઈને સરસ્વતીચંદ્ર તેના વ્યક્તિત્વની મર્યાદાઓથી પરિચિત થાય છે. પૂજારી સમક્ષ પોતાનો ટૂંકો પરિચય આપતી વખતે પોતાનું નામ નવીનચંદ્ર છે તેમ સરસ્વતીચંદ્ર જણાવે છે.

સરસ્વતીચંદ્રની ઇચ્છા મહાદેવની ધર્મશાળામાં બે-ચાર દિવસ રોકાવાની છે. નવીનચંદ્ર નામ ધારણ કરેલો આ નવલકથાનો નાયક સરસ્વતીચંદ્ર ધર્મશાળામાં રોકાઈ જવા માટે પૂજારી મૂર્ખદત્તને પ્રભાવિત કરવામાં સફળ થાય છે. સુવર્ણપુરમાં નવીનચંદ્ર આવ્યો તે દિવસ મહાશિવરાત્રિની આગળનો દિવસ છે. એટલે કે તરત પછીના દિવસે મહાશિવરાત્રિ હોવાથી

અમાત્યના પરિવારના સભ્યો દર્શને આવવાના હોવાથી પૂજારી સરસ્વતીચંદ્રને પાછળના વાડામાં થોડો સમય બેસી રહેવાનું કહે છે. અમાત્યના કુટુંબની નજરે ચડી ના જવાય તેની પૂજારી આગોતરી કાળજી રાખે છે. પ્રથમ પ્રકરણ અહીં પૂરું થાય છે. વાડામાં સરસ્વતીચંદ્ર છે અને મહાદેવના દર્શને આવેલી અમાત્ય પરિવારની મહિલાઓમાં કુમુદસુંદરી છે. બન્નેને કઈ રીતે મળવાનું થશે એ વાતનું કુતૂહલ પણ અહીં વિસ્તરે એ રીતે પ્રથમ પ્રકરણનો અંત આવે છે.

**7.6 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન :**

ઓલિવર ગોલ્ડસ્મિથ નામના અંગ્રેજી કવિની કાવ્ય પંક્તિનો ગુજરાતી અનુવાદ લેખકે પ્રકરણની શરૂઆતમાં આવ્યો છે :

**''સુખ વસો ત્યાં જ જ્યાં ભૂલે રંક નિજ દુઃખો,**
**જ્યાં પામે આદરમાત્ર પ્રવાસી ભૂખ્યો.''**

સુવર્ણપુરમાં આવેલા યુવાન પ્રવાસીની ચિત્તસ્થિતિને અનુરૂપ આ કાવ્યપંક્તિ છે. પ્રવાસી એટલે આ નવલકથાનો નાયક સ્વજનો અને સ્વગૃહનો ત્યાગ કરીને અનુભવાર્થી થવા નીકળેલો છે. સુવર્ણપુરમાં આવ્યો છે. લેખકે સુવર્ણપુરમાં સમુદ્ર કિનારાના પરિવેશનું સુંદર વર્ણન કર્યું છે. વહાણમાંથી ઊતરેલા ઉતારુઓમાં પોતાની ઉદાસીનતાથી સરસ્વતીચંદ્ર જુદો પડે છે. ત્રેવીસ-ચોવીસ વર્ષની વયનો જણાતો આ માણસ યુવાન અજંપ ઉતારુઓની તુલનાએ ઘણો સૌમ્ય હતો એ વધુ સારી રીતે કહેવા માટે સર્જકે નોંધ્યું છે : ''ગ્રામ્ય અને કઠોર કાન્તિવાળા વ્યાપારીઓમાં આ તરુણ સર્વ રીતે ભાત પાડતો હતો.''

સુવર્ણપુરના સમુદ્ર કિનારે વહાણમાંથી ઊતરેલા સરસ્વતીચંદ્રને ક્યાં જવું એ ખબર નથી. દિશા નક્કી નથી. જગતના અનુભવ લેવા નીકળેલા સરસ્વતીચંદ્રને વાસ્તવિકતાઓનો ભેટો હજી થયો નથી. મૂર્ખદત્ત નામના પૂજારીની સર્વ મર્યાદાઓથી તે થોડી ક્ષણો પછી પરિચિત થવાનો જ છે. અન્ય ઉતારુઓ નગર તરફ જાય છે. અને સરસ્વતીચંદ્ર બીજી દિશામાં જ જાય છે, જ્યાં ભીડ નથી. સહેજ જુદું પડતું જીવન હોય ત્યાં પ્રશ્નો રહે જ છે. જીવન અભિગમ બદલાય કે કશુંક નોંધપાત્ર પ્રગટે છે. નગરની બહાર આવેલા રાજેશ્વર મહાદેવમાં સરસ્તીચંદ્ર જઈ ચડે છે. દેવાલયનો પૂજારી અજાણ્યા સરસ્વતીચંદ્ર પર પ્રભાવ પાડવાનો પ્રયાસ કરે છે. પ્રયાસના કારણે થોડા સમયમાં જ સરસ્વતીચંદ્ર પૂજારીના વ્યક્તિત્વની સાધારણતા અને મર્યાદાઓથી પરિચિત થઈ જાય છે. સરસ્વતીચંદ્ર આશરો શોધવા નીકળેલો લાચાર માણસ નથી. જાતે પસંદ કરેલી પરિસ્થિતિમાં મુસાફરીના થાક સિવાયની કોઈ મુશ્કેલી તે અનુભવતો નથી. ધર્મશાળામાં થોડા દિવસ ઉતારો કરવા બાબત તે પૂજારી મૂર્ખદત્ત સાથે વાત કરે છે ત્યારે તેને આ નગર કુમુદસુંદરીનું હોવા વિશે કશી જ ખબર નથી.

સુવર્ણપુરના અમાત્ય બુદ્ધિધનના પૂર્વજોએ બંધાવેલા રાજેશ્વર મહાદેવમાં જ સરસ્વતીચંદ્ર રોકાયો છે. તે સુવર્ણપુર પહોંચ્યો તેના બીજા દિવસે જ મહાશિવરાત્રિ હોવાથી મહાદેવના દર્શને બુદ્ધિધનનો પરિવાર આવ્યો છે. મહિલા વર્ગના આગમનની જાણ થઈ કે તરત મૂર્ખદત્ત સરસ્વતીચંદ્રને મર્યાદા જાળવવા વાડામાં ધકેલે છે. બુદ્ધિધન અને રાણા ભૂપસિંહ પણ દર્શને આવે છે. રાણા આવે છે કે મહિલા વર્ગને પણ પૂજારી વાડામાં મોકલી દે છે. વાડામાં સરસ્વતચંદ્ર છે એ વાતનું મૂર્ખદત્ત ભાન ચૂકી ગયેલો. મહિલા વર્ગ વાડામાં ગયો ત્યારે સરસ્વતીચંદ્ર નાહવા માટે તળાવમાં પડેલો. તળાવની પાળીએ ચોપડી પડેલી જે સરસ્વતીચંદ્રની પ્રતિભા, વ્યક્તિત્વનો ખ્યાલ આપે છે. બુદ્ધિધનના ધ્યાનમાં ચોપડી આવે છે અને ચોપડી વિષયક પૃચ્છા કરતાં તેને મૂર્ખદત્તના માધ્યમથી સરસ્વતીચંદ્રનો ભેટો થાય છે. મૂર્ખદત્ત સમક્ષ સરસ્વતીચંદ્ર પોતાની જાતને 'નવીનચંદ્ર' કહી તરીકે ઓળખાવે છે. પોતાની અસલ ઓળખ ગુપ્ત રાખવા વિશેનું તેનું વલણ અહીં પ્રગટ થાય છે.

આ પ્રકરણમાં સમુદ્ર કિનારે ઊતરેલા સરસ્વતીચંદ્રનું વર્ણન, દેવાલય, રાજેશ્વર મહાદેવનું વર્ણન ઉપરાંત પૂજારી મૂર્ખદત્તનું વર્ણન છે. ગોવર્ધનરામની વર્ણનશક્તિનું ભાવક ખેંચાણ અનુભવે તેવી સર્જનાત્મક ભાષાનો પરિચય પહેલા પ્રકરણથી જ થાય છે. રાજેશ્વર મહાદેવની ભીંતો પર પ્રજાએ કરેલું ચીતરામણ, અશ્લીલ ગાળો આદિનું વર્ણન તત્કાલીન એટલે કે તે સમયની પ્રજાના માનસનું દર્શન કરાવે છે.

પૂજારીનું વર્ણન તેના નામ પ્રમાણે ગુણ હોવાનું સિદ્ધ કરે છે. 'સરસ્વતીચંદ્ર'ના પાત્રોનું નામકરણ તેના ગુણ મુજબ હોવાના કારણે આ નવલકથામાં વિશિષ્ટ લક્ષણ અપલક્ષણવાળાં ઘણાં ચરિત્રોને સર્જકે આકાર આવ્યો છે.

મૂળ કૃતિમાં (જુઓ : 7.3) ''પૂજારી ત્રીસપાંત્રીસની વયનો એક તપોધન હતો. તેની હજામત વધી ગયેલી હતી અને બેભાન તથા જડ માણસ જેવો દેખાતો હતો... અમાત્યના કુટુંબવર્ગમાં ગરીબ પૂજારીનો દાવો કરી લાચારી બતાવી ધાર્યું કરવા પામતો હતો. આવું છતાં તેને ભોળો અને બેવકૂફ ગણી અમાત્ય તેનો નિભાવ કરતો.''

પૂજારીનું આ શબ્દચિત્ર લેખકની સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિ અને માનવ સ્વભાવની ખાસિયતો વિશેની જાણકારીનો પરિચય કરાવે છે. સરસ્વતીચંદ્રને પૂજારીનો ભેટો થયો અને બન્ને વચ્ચેનો સંવાદ તથા મૂર્ખદત્તનું શબ્દચિત્ર આ નવલકથામાં ભાવકનો રસપૂર્વક પ્રવેશ કરાવે છે.

## 7.7 તમારી પ્રગતિ ચકાસો :

1. સુવર્ણપુરના અમાત્ય કોણ છે ?
2. અમાત્ય માટે લેખકે કયો અંગ્રેજી સમાનાર્થી શબ્દ વાપર્યો છે.
3. 'ગ્રામ્ય અને કઠોર ક્રાન્તિવાળા વ્યાપારીઓમાં આ તરુણ સર્વ રીતે ભાત પાડતો હતો'. - વિધાન કોના માટે લખાયું છે ?
4. રાજેશ્વર મહાદેવની ભીંતોની સ્થિતિનું વર્ણન કરો.
5. રાજેશ્વર મહાદેવના પૂજારી મૂર્ખદત્તનું શબ્દચિત્ર આલેખો

**વસ્તુલક્ષી કસોટી તમારી પ્રગતિ ચકાસો.**

**(અ) નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં ? તે વિધાનને અંતે ખરાં-ખોટાંની નિશાની દ્વારા સ્પષ્ટ કરો.**

1. સરસ્વતીચંદ્ર ખૂબ ધન કમાવવા માટે ઘર છોડીને સાહસ કરવા નીકળ્યો હતો.
2. સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરીનો મેળાપ પ્રથમ પ્રકરણમાં થાય છે.
3. લક્ષ્મીનંદનને બે પુત્ર હતા.
4. સરસ્વતીચંદ્રએ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હતું.
5. હું તમને ચંદરભાઈ કહીને બોલાવીશ.' - વિધાન બુદ્ધિધન બોલે છે.

**(બ) નીચેના વાક્યો કોણ બોલે છે ? જણાવો.**

1. તમે બહુ શ્રદ્ધાળુ દેખાઓ છો ? તમારું નામ શું ?
2. આ ધર્મશાળામાં થોડા દિવસ ઉતારો રાખવો છે.
3. તળાવમાં નાહી વાડીમાં બેસી બે છાંટા નાખવા હોય તો નાખી દેજો.

## 7.8 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ :

● તે પુરુષનું વય ત્રેવીસ-ચોવીસ વર્ષનું દેખાતું હતું. તેના વસ્ત્ર પર ઉજાસ ન હતો અને મોં કરમાયેલું હતું. તે નિઃશ્વાસ નાખતો ન હતો પણ તેના અંતઃકરણમાં ઘણા નિઃશ્વાસ ભરાઈ રહેલા હોય એવું એની મુખમુદ્રા સૂચવતી હતી.

● ગૃહત્યાગ કરેલા સરસ્વતીચંદ્રના થાક અને ઉદાસીને વ્યક્ત કરતો ઉપરોક્ત ફકરો સર્જકની ભાષાસમૃદ્ધિ સૂચવે છે. ''તથાપિ કોઈ કોઈ વખત પવનને લીધે તેને હાથનો સ્વસ્તિક રચવો પડતો હતો.'' હાથનો સ્વસ્તિક એટલે અદ્રવ્ય વાળવી.

● કમળપત્ર જેવું મુખ - મુખને કમળપત્ર જેવું કહ્યું છે જે ઉપમા અલંકાર છે. મુખ-ઉપમેયને કમળપત્ર-ઉપમાન સાથે 'જેવું' શબ્દ દ્વારા સરખામણી કરવામાં આવી છે. તેથી ઉપમા અલંકારનો સર્જનાત્મક વિનિયોગ થયો કહેવાય.

● મૂર્ખદત્તે વાગ્ધારા છોડી = મૂર્ખદત્તે સતત બોલવાનું ચાલુ કર્યું.

**7.9 વિશેષ અધ્યયન :**

(1) ગોવર્ધનરામ ત્રિપાઠીએ 'સરસ્વતીચંદ્ર નવલકથાના ચાર ભાગ લખ્યા છે. પ્રથમ ભાગમાંથી આ અંશ લેવામાં આવ્યો છે. પ્રથમ વર્ષ બી. એ.ના અભ્યાસ દરમ્યાન વિશેષ વાચન તરીકે સરસ્વતીચંદ્ર ભાગ-1 તમારે વાંચવો જોઈએ. આ એકમમાં પૂર્વભૂમિકા (7.4)માં 'સરસ્વતીચંદ્ર'નું કથાવસ્તુનો પણ સંક્ષિપ્ત નિર્દેશ કર્યો છે. એ વાંચીને તમારી જિજ્ઞાસા વધારશો, અને નવલકથા વાંચશો.

**(2) સર્જક પરિચય :** ગોવર્ધનરામ ત્રિપાઠી-નડિયાદના નાગર કુટુંબમાં 1855ની 20મી ઑક્ટોબરે, વિજયાદશમીના દિવસે ગોવર્ધનરામનો જન્મ થયો. માતાનું નામ શિવકાશી, પિતાનું નામ માધવરામ. નડિયાદ મુકામે શાળાકક્ષાનો અભ્યાસ પૂરો કરી મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી.એ. તથા 1883માં વકીલાતની પરીક્ષા પસાર કરી. ભાવનગરના દીવાન શામળદાસના મદદનીશ તરીકે ત્રણેક વર્ષ સેવાઓ આપી. 'લાંબો સમય નોકરી નહિ કરવી.' એવો સંકલ્પ લીધો. તેંતાલીસમા વર્ષે વકીલાત છોડી માત્ર સાહિત્ય સર્જન તરફ વળ્યા. 1905માં ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રથમ અધિવેશન ભરાયું, તેમાં પ્રમુખ થયા. 1907માં માત્ર બાવન વર્ષની વયે તેમણે દેહ છોડ્યો.

**ગોવર્ધનરામ ત્રિપાઠીનું સાહિત્ય સર્જન :**

'સરસ્વતીચંદ્ર'ના કુલ ચાર ભાગ ઉપરાંત 'હૃદયરુદિતશતકમ્' (સંસ્કૃત કવિતા); સ્નેહમુદ્રા (કાવ્યસંગ્રહ), લીલાવતી જીવનકલા, નવલરામની જીવનકથા (ચરિત્ર સાહિત્ય), દયારામનો અક્ષરદેહ Classical Poets of Gujarat, (વિવેચનગ્રંથો) સાક્ષરજીવન, અધ્યાત્મજીવન જેવા ચિન્તનાત્મક પુસ્તકો આદિ સાહિત્ય તેમણે આપ્યું છે. 'સ્ક્રેપબૂક' શીર્ષકથી રોજનીશી પણ તેમણે લખી છે.

ગોવર્ધનરામ ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી ભાષાના જાણકાર હતા. તેમનું વિશાળ વાચન અને સર્જન; તેમના સમયના ઉત્તમ સર્જક તરીકે તેમને પ્રતિષ્ઠિત કરે છે. નડિયાદમાં આજે પણ ગોવર્ધનરામનું ઘર અને 'સરસ્વતીચંદ્ર'ની હસ્તપ્રત સ્મારક તરીકે સચવાયેલ છે. જિજ્ઞાસુઓએ નડિયાદ જઈને પણ તીર્થસ્વરૂપ આ સ્થળની મુલાકાત લેવી જોઈએ.

**સંદર્ભ સામગ્રી :**

1. સરસ્વતીચંદ્ર ભાગ-1 ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી
2. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ ગ્રંથ-3 : ગુજરાતી સાહિત્ય પરિષદ
3. સરસ્વતીચંદ્ર (ટૂંકી સરળ વાર્તા રૂપે) સં. ગોપાળદાસ જીવાભાઈ પટેલ
પ્રકાશક : ગૂજરાત વિદ્યાપીઠ

---

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

---

# એકમ 8 પ્રથમ સંગાથ

- પન્નાલાલ પટેલ

ઉદ્દેશો

**8.1 પ્રસ્તાવના**

**8.2 કૃતિ**

**8.3 કૃતિ સારાંશ**

**8.4 કૃતિલક્ષી સઘન અધ્યયન**

**8.5 તમારી પ્રગતિ ચકાસો.**

**અ. એક વાક્યમાં જવાબ**

**બ. સ્વ અધ્યયન**

**8.5.1 ભાષાભિવ્યક્તિ**

**8.5.2 વિશેષ અધ્યયન**

ઉદ્દેશો :

આ એકમના અભ્યાસથી તમે...

- 'મળેલા જીવ' નવલકથાના વિષયવસ્તુથી પરિચિત થશો.
- 'મળેલા જીવ'ના સર્જક પન્નાલાલ પટેલના જીવન-કવનનો ટૂંકો પરિચય થશે.
- 'મળેલા જીવ' નવલકથા-અંશ તરીકે પહેલા પ્રકરણના અભ્યાસથી આખી નવલકથા વાંચવાની જિજ્ઞાસા થશે.
- પ્રણયના વિષયવસ્તુથી પરિચિત થશો.
- ગ્રામસમાજના વિવિધ સ્તરના પાત્રો વચ્ચેનાં પ્રેમસંબંધની ભાવ-ભૂમિકા સમજાશે.

**8.1 પ્રસ્તાવના :**

'મળેલા જીવ' પન્નાલાલ પટેલની યશોદાથી નવલકથા છે. જીવી અને કાનજી આ નવલકથાનાં મુખ્ય પાત્રો છે. જીવી નાયિકા છે. કાનજી નાયક છે. કાવડિયા ડુંગરની નાળમાં જન્માષ્ટમીના મેળે ચગડોળમાં બન્ને મળી જાય છે. પ્રથમ પ્રકરણનું શીર્ષક 'પ્રથમ સંગાથ' છે. ગુજરાતી નવલકથાની પરંપરામાં નાયક-નાયિકા શહેરી અને ઉચ્ચ વર્ગ-વર્ણના હોય એવી અગાઉ આવેલી નવલકથાઓથી 'મળેલા જીવ' જુદી પડે છે, નોખી પડે છે.

ગાંધીજીએ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદેથી એમ કહ્યું હતું કે, ''કોશિયાને પણ સમજાય એવી ભાષામાં સાહિત્ય રચાવું જોઈએ.'' ગુજરાતી ટૂંકીવાર્તામાં ગામડું ધૂમકેતુની વાર્તાઓ દ્વારા આવ્યું. ગાંધીયુગમાં, સમાજના છેવાડાનાં માણસો, ગ્રામસમાજ, તળપદી ભાષાનો સાહિત્યમાં વિનિયોગ આદિ વલણ સાહિત્ય રચનાઓમાં પ્રગટ થવા લાગ્યા હતા. ભદ્ર વર્ગનું સાહિત્ય કે ભવ્યાતિભવ્ય કલ્પનાશીલતા જ સાહિત્ય નથી પણ ગ્રામસમાજની વાસ્તવિકતા, કૃષિ આધારિત જીવનશૈલી, ગ્રામીણ તહેવારો, જ્ઞાતિ-જાતિની લાક્ષણિકતાઓ, ગામડાંના પ્રજાજીવનની તાસીર પ્રગટાવતું સાહિત્ય ગાંધીયુગના ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે.

'મળેલા જીવ'ની પ્રથમ આવૃત્તિ ૧૯૪૧માં પ્રગટ થઈ. તે કાળના 'મેળા'માં લોકજીવનનો ધબકાર જીલતી છબી આ નવલકથામાં સુપેરે અંકિત થઈ છે. 'કાનજી' પટેલ જ્ઞાતિનો યુવાન છે. જીવી જ્ઞાતિએ વાળંદ છે. બન્ને 'મળેલા જીવ'ની સ્નેહ, સંઘર્ષ અને વ્યથાનું આલેખન નવલકથાને યશ અપાવે છે.પાત્રાનુસારી ભાષા, વિષયવસ્તુની યથાયોગ્ય માવજત આ નવલકથામાં થઈ છે.

## 8.2 કૃતિ

### પ્રથમ સંગાથ

**કાવડિયા** ડુંગરની નાળમાં જન્માષ્ટમીનો મેળો ભરાયો હતો. ભગવાનને નાહવા માટે તાજું પાણી ભરવા આવેલો વરસાદ બપોર થતામાં તો બંધ થઈ ગયો હતો. ડોલતા ડુંગર જેવાં વાદળાં પૂર્વ તરફ જઈ રહ્યાં હતાં. સૂર્ય પણ ધરતી પર ડોકિયું કરી રહ્યો હતો.

ખાસ કરીને યુવાનયુવતીઓથી ઊભરાતી નાળ, બાર બાર માસના મૌન પછી આજ ઘડીકમાં ગાતી સંભળાતી, તો વળી કોઈ વાર પાવા વગાડતી હોય એમ પણ લાગું હતું. ડુંગરની ભીંતમાં આવેલા મહાદેવના પુરાણા મંદિરનો ઘંટ તો સતત વાગી જ રહ્યો હતો. વેપારીઓના અવાજ કોઈ કોઈ વાર આ કોલાહલ ઉપર તરી આવતા હતા.

યુવાની વસ્તુ જ ઘેલી છે. અને એમાંય આ તો મેળે આવેલી ! કાંઠા બહાર નીકળી ચૂકેલાં નદીનાં પૂર પેઠે એ યુવાની આજ રમણે ચડી હતી. કોઈ બંગડીઓ ખરીદતાં હતાં, તો કોઈ વળી કાપડાની મોતીભરી કસો લેતાં હતાં. યુવાનો પણ ગોટાવાળી કસો ખરીદી પાવાની જોડને શણગારતા હતા. કોઈ નારિયેળ લેતું હતું, તો કોઈ વળી કોપરાની કાચલીએ જ મન મનાવતું હતું. અને આ ‘કામ’થી પરવારી ચૂકેલાં માનવી, સામસામે આવેલા કાવડિયા ડુંગરો પર પાંડવોની ચોરીના ને કળશેરી માતાનાં દર્શન કરવા તરફ વળવા માંડ્યાં હતાં. બેઉ ડુંગરો વચ્ચે માનવીઓનો ઝૂલતો પુલ જ જાણે બંધાઈ ગયો હતો.

મહાદેવની બરાબર સામે બીજા ડુંગરની ભીતમાં આવેલા ચગડોળ આગળ, જેમ જેમ દિવસ ઢળતો હતો તેમ તેમ છેલ્લી મજા માણી લેવાના ઈરાદાથી યુવકયુવતીઓની ભીડ વધતી જતી હતી.

આથમણા નાકા તરફથી આવતા ગીતે અને ઘેરા ઘેરા પાવાએ કેટલાંક લોકોનું ધ્યાન ખેંચ્યું. ઘણાં લોક બોલી ઊઠ્યાં : ‘ઓહોહો જાણે ધરતી તૂટી જાય એમ આવે છે તો !’ તો કોઈ હસ્યાં પણ ખરાં : ‘મેળો ઉલાવા (વિખેરાવા) થયો ને અમથાં શું કામ હેંડી મર્યાં હશે !’ એક જણે જવાબ આપ્યો : ‘કોક છેટેના લાગે છે.’ તો બીજો બોલ્યો : ‘પણ આ આવ્યાં એવાં પાછાં ફરશે; ત્યારે એમના આવ્યામાંય શું વૈભોગ પડ્યા ?’

પરંતુ પેલી ચાર યુવતીઓ અને પાંચ યુવાનોવાળી ટોળીનો રોફ કોઈ જુદો જ હતો. ઘડીકમાં તો ખરીદીય કરી લીધી અને બેઉ ડુંગરીએ આંટા મારવા મૂકી, આવી ઊભી ચગડોળ આગળ. અંદર અંદર ચગડોળમાં બેસવાની સંતલસ કરી લીધી. ચાર જણને ચગડોળમાં બેસતાં ફેર ચડે એમ હતું. બાકીનાં પાંચ જણે - ત્રણ યુવાન અને બે યુવતીઓએ ચગડોળમાં સ્થાન લેવા કમર કસી.

ટોળીમાં સહેજ અગ્રસ્થાન ભોગવતા જુવાને દશશેરેક વજનની મીણિયા છત્રી એક છોકરીને આપતાં કહ્યું : ‘લે કાળી, આ છત્રી જરા સાચવજે.’ અને બોલ્યો : ‘ચગડોળ ઊભો રે’ કે તરત જ પાલખીમાં કૂદી પડજો, નહિ તો રહેશો લટકતાં.’ અને પોતા તરફ તાકી રહેલી પેલી બે યુવતીઓને કહ્યું : ‘તમે જાણતાં હશો કે કાનોભાઈ બેસાડશે ને અમે બેસીશું પણ એમાંનું આજ કશું નહિ બને.’ કહી જોડેના જુવાનને ઉદ્દેશ્યો : ‘કેમ હીરા ?’

‘હા હા, વળી; બેસાડવા રહીએ તો ભીડમાં દન આથમતાંય વારો આવે કે ?’

‘એટલા માટે તો હું ના કે’તો’તો કે છોરી, એક તો મોડું થયું છે ને અમારા વાદ જવા દે. પણ તોય ન માન્યાં તો ચાખો મેળાની મજા !’ કહી કાનજી હસવા લાગ્યો.

કાનજીની ઉંમર પચ્ચીસેકની હશે. પાંચ હાથનો તડો જુવાન કહી શકાય એવું એનું કાઠું પણ હતું. એની પહોળી આંખોમાં જેટલી હાસ્યની છાંટ હતી એટલી લાપરવાહી પણ દેખાઈ આવતી હતી. પગમાં અઢી શેર વજનના નાળ જડેલ ફૂદડીઓવાળા જોડા હતા. ઘૂંટી સુધીનું ધોતિયું, રંગીન ખમીસ, ઉપર સફેદ કોટ અને માથે ગુલાબના ગોટાવાળો લાલ સાફો હતાં. સાફાની બાંધણી કોઈ અનેરી હતી અને એમાંય છોગું તો જાણે એ જ મૂકી જાણતો હતો. ઉપરાંત પાછલા લાંબા તલાને (સાફાનો પાછળ લટકતો છેડો) ગળામાં વીંટીને કોઈ ઓર રંગ જમાવ્યો હતો. નવા જ ગોટા બાંધેલા પાવાની જોડ પણ ગળામાં લટકતી હતી. પાવા ઉપર કોતરેલી ભાત પાવા પ્રત્યેનો શોખ છતો કરતી હતી. કોઈ કોઈ જુવાન તો એ પાવા તરફ ટગર ટગર જોઈ જ રહ્યા હતા. બે-ચાર જણાના મનમાં તો, ‘ભાઈ જરા વગાડી જુઓ, કેવાક બોલે છે સાંભળીએ તો ખરા.’ આમ કહેવાની ઇચ્છા પણ

જાગી, એવામાં જ ચગડોળ ઊભો રહ્યો. કાનજીએ પેલી યુવતીઓને બાવડે ઝાલી અને પહેલી પાલખીમાં બેસાડી દીધી, હીરા તરફ જોતાં બોલ્યો : 'હવે તો જખ મારે છે, તમે તમારું ફોડી લેજો હીરા.' પરંતુ આમ કહ્યા પછી પણ એણે પેલા નરમ સ્વભાવના મનોરને પહેલી તક આપી, નીચે આવતી પાલખી તરફ નજર રાખી બોલ્યો : 'હીરા, છેલ્લી પાલખી છે હોં !' કહી બાંયો ચડાવતો ઊભો. પાલખીમાં બેઠેલી બે યુવતીઓમાં જેવી એક ઊભી થઈ કે તરત જ એ, 'હીરા, બેસી જા, નહિ તો લટક્યો.' કહેતાં ચડી ગયો.પેલીના નીચે ઊતરતાં પહેલાં તો અંદર ગોઠવાઈ પણ ગયો. પરંતુ જુએ છે તો પેલી અડધી ઊભી થયેલી બીજી યુવતી તો, 'અલી મણિ, એક ફેરા, ફેર, શું કામ ઊતરી પડી છે ?' કહેતી અંદર જ હતી. મહામહેનતે પાલખીનો ડંડો ઝાલીને ઊભેલો હીરો તો મોં ફાડતો જ રહ્યો ! ઊતરી પડેલી મણિ આંખોથી કંઈક, તો વળી મોંથી જુદું જ 'હવે શું ! 'પે'લેથી કે'વું'તું ને ? બેસ હવે તું એકલી !' આમ, બબડતી હતી, ત્યાં તો પાલખીવાળાએ, 'પૈસો કાઢો, ચાલો ઝટ કરો,' કહેતાં હાથ લંબાવ્યો. પાલખીવાળી યુવતી, 'હાય હાય મારી પાસે તો - અલી પૈસો તો આપ.' આમ કહેવામાં રહી ત્યાં તો કાનજીએ પેલાના હાથમાં બે પૈસા ધરી દીધા. ફટ કરતીકને પાલખી ઉપર પહોંચી. હીરો અને મણિ નીચે ઊભાં ઊભાં કાનજીવાળી પાલખી સામે મીટ માંડી રહ્યાં હતાં. ચગડોળ આસ્તે આસ્તે રમણે ચડ્યો.

કાનજી જોડે બેઠેલી યુવતીએ કહ્યું : 'હેઠા ઊતરીને હું તમને પૈસો આપી દઈશ હાં.'

કાનજીના હોઠે આવ્યું : 'રૂપિયો આલતાંય ચગડોળમાં આમ જોટાજોટ (જોડે) બેસનાર ન મળે તો વળી પૈસામાં તે શી વિસાત છે ?' પણ આવું કશું ન કહેતાં એટલું જ બોલ્યો : 'તમારા કરતાં કંઈ પૈસો વધારે છે ?'

ચગડોળ પુરજોશમાં ફરવા લાગ્યો. પાલખીમાં બેઠેલી યુવતીઓ કંઈક ગાતી હતી તો કોઈ કોઈ જુવાન વળી પાવા વગાડતા હતા. નીચે ઊભેલી મણિ 'અલી જીવી ?' કહીને બૂમ મારતી હતી. પણ જીવીનો જીવ અત્યારે કોઈ જુદા જ મલકમાં હતો. કાનજીની આંખ સાથે અથડાતી પહેલી નજર તો એણે બચાવી લીધી, પરંતુ બીજી વાર તો એ પોતે જ કાનજી તરફ તાકી રહી. મરક મરક હાસ્ય સાથે બોલી : 'આ પાવા તો દેખાડવા રાખ્યા છે કે વગાડવા ?'

'પે'લાં દેખાડવા ને પછી વગાડવા.' કહેતાં કાનજીએ પાવા મોંમાં ઘાલ્યા. જાણીતા ગાણાની બે લીટી વગાડી :

**'ફાગણને વાયરે આવ્યાં જોબનિયાં,**
**વૈશાખી વાયરે ઊડી જતાં !'**

અને પછી પાવા બંધ કરી જીવી તરફ જોતાં કાનજીએ પૂછી નાખ્યું : 'સમજ્યાં કે કાંઈ નહિ?'

જીવી સમજી કે ન સમજી એ તો એ જાણે. પણ એણે આડી નજરે કાનજી તરફ જોયું. એ આંખોમાં શું હતું, એ તો કાનજી ન સમજી શક્યો પણ એ વળતી નજરે પોતાના હૈયામાંથી કંઈક ઉઠાવી લીધું હતું - બદલે કંઈક મૂકતી ગઈ હોય એવું પણ કાનજીને લાગતું હતું. ફરીથી બેઉ જણે એકમેક સામે જોયું ને વળી પાછી ચારેય આંખો નીચી ઢળી ગઈ. હવે તો મોં પણ જાણે સિવાઈ ગયાં હતાં. હૈયાની ગતિ બદલાઈ ચૂકી હતી.

પુરબહારમાં ફરતો ચગડોળ ધીમો પડ્યો, જીવીની પાછળ કાનજી નીચે ઊતર્યો. પણ એ નીચે ઊતર્યાનું ભાન તો ઉપર બેઠેલા હીરાએ 'કેમ કાનજી ? એટલામાં ?' આમ કહ્યું ત્યારે જ આવ્યું. પણ હવે શું ? જગ્યા તો પુરાઈ ચૂકી હતી. જગ્યા હોત તો પણ કદાચ હવે એ ન બેસત.

સ્વર્ગમાં જઈ આવ્યાનો જેટલો આનંદ હતો એટલો જ એ સ્વર્ગ ઊડી ગયાનો રંજ પણ હતો.

બબૂચકની માફક ઊભેલા કાનજીના કાને વળી પાછો પેલો મંજુલ અવાજ અથડાયો : 'લો તમારો પૈસો,' કહેતી જીવી હાથ લંબાવતી ઊભી હતી. કાનજીએ ઠપકાભરી નજરે જીવી તરફ જોયું. હસીને બોલ્યો : 'રે'વા દો. એમ માનજો કે એક વાર મારા તરફથી બેઠાં'તાં.

જીવીએ પણ રકઝક ન કરતાં હાથ પાછો ખેંચી લીધો. પણ જોડમાં ઊભેલી મણિથી બોલ્યા વગર ન રહેવાયું : 'એમ ઓળખાણ-પારખાણ વગર પૈસો રખાતો હશે ?' કહી હાસ્ય સાથે કાનજી તરફ તાકી રહી.

'ઓળખાણ ન હોત તો એમનો પૈસો આલવા મારો હાથ જ કેમ લાંબો થાત ?' કહી હસી રહેલા કાનજીએ જીવી સામે એક પલકારો મારી લીધો. એના સૌભાગ્યવિહોણા હાથ તરફ તાકી રહ્યો.

'લે હેંડ'લી. નહિ લે તો ચાલ્યું !' કહી મણિએ જીવીને આગળ કરી, જતાં જતાં ઉમેર્યું : 'એટલાનું ટોપરું લઈને ખાજે ને કે-'

'લે છાની રેં હેંડ !' કહેતી જીવીએ પાછળ નજર કરી. વળી પાછું કાનજી તરફ જોઈ લીધું.

અદૃશ્ય થતાં સુધી જીવીની પીઠ તરફ કાનજી તાકી જ રહ્યો.

પાસે ઊભેલી કાળી તથા બીજી યુવતી, ઘડીકમાં એકમેક સામે તો ઘડીકમાં કાનજી સામે જોઈ મલકાઈ રહી. જાણે કહેતી ન હોય : આનામાં તે શું મોર ટાંક્યા છે તે કાનાભાઈ ટગરટગર તાકી રહ્યા હશે !

પરંતુ ખરું પૂછો તો જીવીનું રૂપ મોર ટાંક્યા જેવું જ હતું. ઉંમર વીસની આસપાસ હતી. નમૂનેદાર સાગના સોટા જેવી એની દેહલતા હતી. ઘાટીલાં અંગોમાં તંદુરસ્તીની સુરખી તપું તપું કરી રહી હતી. લંબગોળ મોંને શોભા આપતી અણિયાળી આંખોમાં કૌમારની કાજળનાં અંજન તો કોઈ જાદુનાં જ કામ કરી રહ્યાં હતાં. આ બધું જાણે ઓછું હોય એમ દરિયાઈ છીંટનો ઘાઘરો અને ગવન પહેર્યાં હતાં. તાણીને બાંધેલી કાપડાની કસોના મોતીભર્યા ગોટા, પુષ્ટ ભાગ પર રમત કરતા એની લચકતી ચાલમાં ઓર ઉમેરો કરતા હતા. કાનજી કદાચ એ ગોટા તરફ જ તાકી રહ્યો હશે.

ચગડોળમાંથી ઊતરીને કાનજી પાસે આવતાં હીરાએ કહ્યું : 'લો હવે, ડુંગરે દર્શન કરી આવવાં હોય તો પછી નીકળીએ.' અને ઈશાન ખૂણા તરફ નજર કરતાં ઉમેર્યું : 'વરસાદ કાં તો વાટમાં ખબર લઈ નાખવાનો છે.'

'એ વગર મેળાનો સવાદેય શી રીતે પૂરો થવાનો છે !' કહી કાનજીએ પેલી યુવતીઓના ઝૂમખા તરફ જોયું અને આગળ થયો.

બેઉ ડુંગરે આંટા મારીને હેઠે આવ્યા. એટલામાં તો સૂરજ પણ ઠીક ઠીક ઢળી ગયો હતો, ઉલાતા મેળાનો શોર પણ વધી પડ્યો હતો.

'લો છેલ્લો એક આંટો મારી લઈએ.' કહી વળી પાછો કાનજી બજારમાં ફરવા નીકળી પડ્યો. ગાડાના ધોરી પેઠે કાનજીની જોડમાં રહેનારો હીરો પણ કોણ જાણે કઈ ઘડીએ પાછળ રહી જતો હતો. એક વખત તો ભેગા થવાનું પણ ભારે થઈ પડ્યું.

કાનજીને આમતેમ ફાંફાં મારતો જોઈ હીરાએ કહ્યું પણ ખરું : 'અમે તો પાછળ પડી ગયાં છીએ ને તું આમ આગળ ક્યાં ખોળે છે ?'

કાનજીએ હસીને ફક્ત એટલું જ કહ્યું : 'મારા મનથી કે તમે આગળ નીકળી ગયાં હશો.'

ફરી પાછું નાળને બેઉ નાકે માનવીઓનું વહેણ શરૂ થઈ ગયું. પરંતુ આ વખતે ન હતા પાવાના એકધારા સૂર કે ન હતી ગાણાંની રમઝટ.

કાનજીની ટોળીએ પણ ચાલવા માંડ્યું. નાકું છોડવાની તૈયારી હતી ને એકાએક કાનજી થંભી ગયો.

'અરે ! રતની સારુ ભાભીએ બંગડીઓ મંગાવી હતી એ તો ભૂલી જ ગયો ! તમે હેંડતાં થાઓ, હું તો આવ્યો આમ.' કહેતો પાછળ ફર્યો. હીરો તો એની પીઠને તાકી જ રહ્યો, જાણે આજ પહેલી જ વાર કાનજી એને છોડીને ન જતો હોય ! પાછળ જવાનો વિચાર પણ થયો. પરંતુ આ બધું સાજન - ખાસ તો બૈરાંનું - મૂકીને જાય તો કાનજી એને કદાચ ઊધડો લે એવી બીક હતી. એણે આછા કચવાટ સાથે કાનજીને બૂમ પાડી કહ્યું : 'જો પાછો ઝટ આવજે, અમે પે'લા વાંઘા (વહેળા) આગળ બેઠાં છીએ.' અને બબડ્યો : 'ભાભીય માથાની મળી છે તો ! બે આના આલ્યા એમાં તો પાછી છોડીની બંગડીઓય લેતા આવજો !'

બીજો બોલ્યો : 'શું કરે ભાઈ ! સમજે એને તો બધીય પાથી ખમવું પડે, નહિ તો અડધા ભાગનો ધણી છે એ એના મોટાભાઈ કાંઈ નથી જાણતા ? પણ એય બિચારા જાણે છે. કાંઈ વત્તુંઓછું બોલીશું તો બૈરું હેંડતું થશે પિયરમાં. પછી દળવું, ખાંડવું, વાઢવું, નેંદવું એ બધી લપ જ ને ?'

'પણ આ બધું કાનોભાઈ શમાવ (સહન) કરે છે ત્યાં લગી. નથી વીફરતો, ને વીફર્યો તો, ભાઈ ને ભોજાઈ બધાંય નાઠેલાં જશે.' કાળીએ કહ્યું.

હીરો બોલ્યો : 'પણ કાનજી એવું કરે જ નહિ તો.'

અને પછી તો કાનજીની સગાઈ માટે કે નાતરાના બૈરા માટે એનાં ભાઈ ભોજાઈ જરાય પ્રયત્ન નથી કરતાં, એ વાતથી માંડીને તે ભવિષ્યમાં ભાગ પણ નહિ આપે, એવાં જાતજાતનાં અનુમાન બાંધતાં એ બધાં પહેલા વાંઘા પર આવી કાનજીની રાહ જોતાં બેઠાં.

ઈશાનમાંથી ફૂટતાં કાળાં ભમ્મર જેવાં વાદળાં આભના મધ્યભાગ સુધી આવી લાગ્યાં હતાં. જાણે એ વાદળાંથી દટાઈ જવાની બીકે ઉતાવળે ન ચાલતો હોય એમ સૂર્ય પણ ઠીક ઠીક ઢળી ચૂક્યો હતો.

ઊંચીનીચી ડોક કરતાં હીરાએ કહ્યું : 'આઠ ગાઉની વાટ કાપવી છે ને કાનજીનો તો હજુ પત્તો નથી !'

'આપણે તો છત્રીઓ છે એટલે વાંધો નથી પણ ખરી મજા તો આ ચાર જણની આવવાની છે !' મનોરે કહ્યું.

'જાને તે, તારી છત્રી ન ઓઢાડતો. અમારે તો કાનાભાઈની આ એક જ છત્રી બહુ છે.' કહી કાળીએ મનોર પાસેની કાનજીની છત્રી દેખાડી.

'તમને આપશે ત્યારે એ શું કરશે ?' મનોરે કહ્યું.

કાળીએ કતરાતી આંખે જોતાં કહ્યું : 'પણ એની તને શાની ફિકર છે ? તું તારે તારી છત્રી નીચે મોજથી દટાઈ રહેજે ને. કોઈ કૂતરુંય ઓઢવા નહિ આવે !'

અને મનોર કંઈ જવાબ આપે તે પહેલાં તો હીરો બોલી ઊઠ્યો : 'લો ઊઠો હેંડો, પેલો આવે એ..... હા હા કાનજી જ છે. ચાલો એ તો આવી મળશે.'

અને ખેતરવા જતાં જતાંમાં તો કાનજી ભેગો થઈ ગયો. એ જ ઝડપથી આગળ વધતાં બોલ્યો: 'હેંડો જરા ઉતાવળાં.'

'જોય કાનાભાઈ, બંગડીઓ તો ભાળો (બતાવો), કેટલી લાવ્યા છો ?' કાળીએ પૂછ્યું.

'આગળ ભાળીશ. હમણાં જરા પગ ઉપાડો ને ?'

પણ એની આ ચાલને તો હીરાથી પણ નહોતું પહોંચી વળાતું, કહ્યું : 'પણ આટલી બધી ઉતાવળ શું છે ? રાત છે ને આપણ છીએ. કાંઈ અધવચ ઝાડ ઉપર તો નથી રે'વાનાં ને ?'

પાછળ તણાતી યુવતીઓમાંથી પણ એક બોલી : 'આટલી ઉતાવળ તો કાનાભાઈ આવતી વખતેય નહોતી કરી !'

'ભલા માણસને કંઈ એક જાતની લાય છે તે !' કાળીએ કટાક્ષમાં જ કહ્યું, પણ કોઈ સમજી શકે એમ ન હતું.

કાનજી જરા ધીમો તો પડ્યો પણ એની નજર તો એટલી જ ઝડપથી આગળ ધપતી હતી. કહેવું ન હતું તોય કહી નાખ્યું : 'થોડેક સુધી જરા ઉતાવળાં ચાલો, ને પછી જઈશું ધીમે ધીમે.'

હીરાને પણ આમાં કંઈક ભેદ લાગ્યો. બોલ્યો : 'હા, હા, ખરી વાત છે. દન છે ત્યાં સુધી જરા પગ ઉપાડીએ તો ઠીક.' એણે કાનજી કરતાંય વધારે ઉતાવળે ચાલવા માંડ્યું.

આ આખોય રસ્તો માણસોથી જીવતો હતો. કોઈ ટોળી ઉતાવળે ચાલતી તો કોઈ વળી ટહેલતી ટહેલતી અને મસ્તી તોફાન ઉડાવતી જઈ રહી હતી. કોઈ કોઈ વળી વિશ્રામ લેતાં બેઠાં હતાં અને શું શું ખરીદ્યું તથા ક્યાં ક્યાં હર્યાં ફર્યાં વગેરે કહેતાં, સાંભળતાં હતાં.

આ બધાં તરફ જોતાં કાનજીની નજર દૂર જતી બે છોકરીઓ ઉપર પડી. મનમાં બોલી ઊઠ્યો: 'એ જ ! એમના વગર આમ પાછું વાળીને બીજું કોઈ જુએ જ નહિ તો !' જાણ્યે-અજાણ્યે એની અધીરતા વધી પડી.

કાનજી આટલી ઉંમરમાં કંઈક યુવતીઓના પરિચયમાં આવ્યો હતો, કેટલીક પ્રત્યે તો અનુરાગ પણ થયો હશે; પરંતુ આજની પેઠે 'નરે પગે ક્યાંય આંટી પડી જતી !' એવું તો કદીય થયું ન હતું.

એકમેકથી મસ્તીતોફાન કરતી ચાલી જતી એ બે છોકરીઓ પાસે આવતાં એની ચાલ ધીમી પડી ગઈ. પાછળ તણાતા આવતા મનોરે પૂછ્યું પણ ખરું : 'કેમ ધીમા પડી ગયા, કાનાભાઈ ?'

કાનજી પહેલાં હીરો બોલી ઊઠ્યો : 'આ પેલાં પાછળ આવે છે એમની લાયમાં જ તો.' અને ઘાંટો પાડ્યો : 'છોડીઓ, જરા પગ ઉપાડો. એમ મોજબંધ ચાલ્યે તમારો ક્યાં પત્તો ખાવાનો છે ?'

એટલામાં કાનજીએ આડી નજરે જીવી સામે જોઈ લીધું.

ધીમેથી, પણ સંભળાય એમ મણિ બોલતી હતી : 'આદમીનો સંગાથ જ ખોટો. ભલું હોય તો અરધી વાટે જ મૂકીને ચાલવા માંડે...'

'કેમ તમારે એવું થયું છે કે શું ?' આગળ વધતા હીરાએ જરા ધીમા પડતાં પૂછ્યું.

'એવું જ તો ત્યારે. જુઓને, અમારો કોઈ સંગાથ કરવાય રે' છે ?' કહી મણિએ જીવી તરફ જોયું. જાણે પૂછતી ન હોય : 'કેમ ખરું છે ને ?'

'ઓહો, તે એ દુઃખ શું કામ વેઠો છો ? ચાલોને, અમે સંગાથ કરીએ.' કહી કાનજીએ જીવી સામે જોઈ ઉમેર્યું : 'પણ પછી તમે અમને અધવચ પડતા ન મૂકો, એ કબૂલ હોય તો.'

મણિને હડસેલતાં જીવી બોલી : 'લે હેંડને હેંડતી હોય તો ? વાટે જનારનો વળી સંગાથ શો ?'

આનો જવાબ આપ્યા વગર કાનજીથી ન રહેવાયું : 'એક વાર કરી જુઓ સંગાથ; પછી અધવચ મેલીએ તો કે'જો. કેમ હીરા ?'

હીરાએ ટાપસી પૂરી : 'પણ એ તો હું કહું જ છું ને ! ચાલો, સંગાથ કરવો હોય તો પગ ઉપાડો.'

મણિએ બોલી નાખ્યું : 'પગ તો ઉપાડીએ પણ ઘેર પૂછ્યું છે ?'

'ઘેર કોઈ હોય તો પૂછે ને ?' કાનજીએ પણ કહી નાખ્યું.

'જાઓ જાઓ છાનામાના ! કોણ જાણે આમ ને આમ કેટલાંને ભેળવતા ફરતા હશો !' કહી આછા છણકા સાથે મણિએ વાટ કાપી.

'તમારા મનથી એ ક્યાંય ઘેર જઈને પાણી પાવું પડશે એટલે હેંડ્યાં ને ?– પણ ભાઈ, આવું બેળે પાણી પીવા કોઈ નવરુ નથી હોં કે ? તમે તો હમણાં ઘરની છત્રી નીચે પેસી જશો ને અમારે તો હજુ સાત ગાઉ જવું છે.' કાનજીએ કહ્યું.

'કયું ગામ ?' જીવીએ પૂછ્યું.

'ઉધડિયું, જોયું છે કોઈ દન ?' હીરાએ પૂછ્યું.

'ઉધડિયાના છો તેમાં જ ઉધડિયા જેવા લાગો છો તો ?' મણિ બોલી.

'પણ દનની દા'ડી આલવામાં તો ટાટ ઘડાઈ જાય (ટાલ પડી જાય) એની તમને ક્યાં ખબર છે ? ઊધડું કરી નાખ્યું એટલે બેઉ જણને નિરાંત તો ખરી.' કાનજીએ પહેલું વાક્ય તો મણિને જ કહ્યું પણ છેલ્લું વાક્ય કહેતાં તો એણે જીવી તરફ જ જોઈ રાખ્યું હતું.

પરંતુ આ ઠંડા પહોરનાં ગપ્પાં ઝાઝી વાર ન ચાલ્યાં. વાટમાં જ જીવી-મણિનું ગામ આવી લાગ્યું. મણિએ તો 'આવજો ત્યારે, કોઈ દન મળો તો સંભારજો.' કહીને વિદાય આપી દીધી; પણ જીવીથી કહ્યા વગર ન રહેવાયું : 'ચાલોને ગામમાં, કાંઈ ફરાળ (ફળાહાર) ન કરો તો ભલે, પણ પાણી તો પીજો.'

'પાણીનો તો આ દા'ડે ક્યાં તૂટો છે !' કહી કાનજી હસ્યો, પણ સાવ ફિક્કું.

'તો તમાકુ પીજો.' અને કાનજીને જરા આઘોપાછો થતો જોઈ ઉમેર્યું : 'વાર નહિ લાગે, ઝાંપામાં જ ઘર છે.'

'ભલે ત્યારે.' કહી કાનજીએ મનોરને કહ્યું : 'તમે ચાલતાં થાઓ મનોર, અમે ઊભા ઊભા બીડી ભરતા આવીએ.'

'હેંડજો પાછા ઝટ; બીડી પિવાણા થઈ ગયા છો તે !' કાળીએ મોં ચડાવીને કહ્યું અને કાનજી

તરફ કતરાતી આંખે તાકી રહી.

'અમે તો આવ્યા આમ.' કહી કાનજીએ પગ ઉપાડ્યા, પાછળ હીરાએ પણ.

પેલી બાજુ મણિ ને જીવી કંઈક જીદ કરી રહ્યાં હતાં. મણિનું કહેવું હતું કે, આ લોક મારી નાતના છે એટલે ભલે મારે ત્યાં આવતા.' જ્યારે જીવી પોતાને ત્યાં લઈ જવા આગ્રહ કરતી હતી.

છેવટે જીવીની જીત થઈ.

ગામના ઝાંપામાં જ જીવીનું ઘર હતું. માથું અડે એટલી ઊંચી પાંખવાળી ચોપાડમાં (ઓસરીમાં) જીવીનો બુઢ્ઢો બાપ હુક્કો પીતો ખાટલા પર બેઠો હતો. તાપણામાં બળતા એક જાડા લાકડામાંથી ધુમાડો નીકળી રહ્યો હતો.

છૂટા પડતી વખતે જીવીએ મણિને કંઈક કહ્યું : 'જો, ઝટ આવજે.' કહીને ચોપાડ તરફ વળી. ભીંતે ઊભો કરેલો ખાટલો ઢાળતાં કહ્યું : 'બેસો.'

'કુણ છે ભા ? આવો.' કહી ડોસાએ ભવાં સંકોડી જોવા-ઓળખવા નિરર્થક પ્રયત્ન કર્યો.

'એ તો બાપા, ઉધડિયાના પટેલ છે. મેળામાંથી ઘેર જતા'તા તે હું અહીં તમાકુ પીવા બોલાવતી આવી.'

'બોલાવીએ જ તો બેટા, ઘર માંડીને બેઠી છીએ ને તમાકુમાંથીય જઈએ તો પછી મનખા અવતાર કામનોય શો ભા ?' કહેતાં ડોસાએ તમાકુ ધરી.

'રે'વા દો, અમારી પાસે છે.' ચલમમાં તમાકુ ભરતાં હીરાએ કહ્યું. કાનજીએ ધીમેથી હીરાને કહ્યું : 'એમની મેલી ત્યારે !'

'હાસ્તો, તમારી પાસે તો હશે જ ને, પણ અહીં અમારે ઘેર આવ્યે ? એમ ના ન પાડીએ ભા.'

પછી તો ડોસા વાતે વળ્યા. ઉધડિયામાં ક્યાં ઘર આવ્યું ને કોનાં છોકરાં છો, વગેરે પૂછતાં બોલ્યા : 'તમારા ગામમાં ભગા રાત જીવતા'તા ત્યાં સુધી તો હું ઘણી વાર આવતો, પણ એ મરી ગયા ને આવવાનું ઓછું થઈ ગયું ભા. પેલો છોકરો છે પણ તોય ભગો રાત તો ભગો રાત હતો હો ભાઈ !'

વાતોના હુંકારમાં પડેલા કાનજીની આંખો ને કાન તો પાછળ જ હતાં. જીવીને તપેલી માંજતી જોઈને એ સમજી ગયો. હીરાને સાન કરતાં ઊભો થયો. બોલ્યો : 'લો બેસો ત્યારે, અમે તો ઊઠીએ હવે.'

'અત્યારે હવે ક્યારે પોં'ચી રે'શો ભા, આજ તો વાસો રો.' બે ઘડી વાતો કરીશું. ઉતાવળ હોય તો સવારમાં વે'લા ઊઠી જજો.'

'ના, ના, અમારે સંગાથ જાય છે. સાથે પાછાં બૈરાં છે એટલે-'

'પણ આ હું ચા મૂકું છું ને ?' તપેલી લઈને આવતી જીવી બોલી ઊઠી.

'ખરી વાત છે, આઠમનો ઉપવાસ હશે, આવ્યા છો ત્યારે તો હવે ચા પીને જ જાઓ. નાતનું મનેખ તો કોક દનેય આવે પણ તમે ક્યાં અમારે ઘેર આવવાના હતા !'

'પણ આ કવેળાએ દૂધ ક્યાંથી મળશે ? નકામી માથાકૂટ કર્યા વગર-'

કાનજીની વચ્ચે જ જીવી બોલી ઊઠી : 'એ બધું તમારે જોવાનું છે કે અમારે ? બેસો, બહુ વાર નહિ લાગે.'

કાનજીએ બેસવું જ પડ્યું.

જીવીએ બહારના તાપણામાં જ ચૂલો બનાવી લીધો. લાકડાં લાવી દેવતા ધમધમાવી. એટલામાં બે લોટા સાથે મણિ પણ આવી લાગી. એકમાં પાણી હતું, બીજામાં દૂધ. ઘડીકમાં તો ચા તૈયાર થઈ ગયો.

પરંતુ આ ચા કાનજીને ગળે ઊતરતાં જરા વાર લાગી. ઘરમાંથી ધીમે અવાજે આવતો કોઈક બૈરાનો કકળાટ એના સરવા કાનથી છૂપો રહી શક્યો ન હતો.

ચા પીને ડોસાને રામરામ કરી બેઉ જણ ઊઠ્યા. મણિ તથા જીવી આંગણા સુધી વળાવવા ગયાં. છૂટા પડતાં કાનજીએ જીવીની આંખ શું આંખ મેળવી લીધી. પગ ઉપાડતાં પહેલાં મણિ સામે

જોઈ ધીમેથી કહ્યું : 'બેઉ જણે ભેગાં થઈને ચા તો પાયો છે પણ કોક વાર રાગ આવ્યે (મોકો મળ્યે) એ પાછો પીવો પડશે એ ભૂલી ન જતાં.'

'પોતે ન ભૂલી જાઓ એટલું યાદ રાખજો ને, બાકી અમે તો હવે ભૂલી રહ્યાં !' જીવીએ કહી નાખ્યું.

'જોઈશું ત્યારે !' કહી કાનજીએ પગ ઉપાડ્યા.

ત્યાર પછી મણિ પણ, 'લે હેંડ પાણી આવે તો. હું બેડું લઈ આવું.' કહી ચાલી ગઈ, જ્યારે જીવી તો કાનજીની પીઠ પાછળ ટગર ટગર જોતી હજુ ઊભી જ હતી. સીધી વાટે ન જતાં ઊભે ખેતરે પડેલા કાનજીના સાફાનું છોગું દેખાયું ત્યાં સુધી તે ઊભી રહી. પણ જ્યારે એ છોગું પણ અદૃશ્ય થયું ત્યારે જ એને પોતાના આ અછાજતા વર્તનનું ભાન આવ્યું. એક ભારે શ્વાસ લઈ ચોપાડમાં આવી. ખેતરો તરફ વળી એક નજર નાખી; નિશ્વાસ સાથે ઘરની અંદર ચાલતી થઈ.

**- પન્નાલાલ પટેલ**

## 8.4 કૃતિલક્ષી સારાંશ

'પ્રથમ સંગાથ'-'મળેલા જીવ' નવલકથાનું પહેલું પ્રકરણ છે. કાવડિયા ડુંગરની નાળમાં જન્માષ્ટમીનો મેળો ભરાયો છે. મેળામાં મહાલતા યુવાનોની વાતથી નવલકથાનો પ્રારંભ થાય છે.

આપણી ગ્રામ સંસ્કૃતિમાં મેળાનું આગવું મહત્ત્વ છે. મેળામાં ચગડોળનું પણ એટલું જ મહત્ત્વ. ચગડોળ અહીં કાનજી-જીવીનું મિલન સ્થાન બને છે. જીવી પાસે ચગડોળવાળાને આપવાના છુટ્ટા પૈસા નથી. તેના વતી કાનજી આપે છે. વાતચીતની તક મળે છે. જોડે બેસીને ચગડોળ મ્હાલવાની આ મૂલ્યવાન તક કાનજી-જીવીનો પ્રથમ સંગાથ બને છે. ચગડોળનું ચક્ર પૂરું થયા પછી ધરતી પર પગ મુકતી વખતે સ્વર્ગમાંથી નીચે ઊતર્યા હોય એવું અનુભવતો કાનજી પોતાના ગામ તરફ પાછા પોતાના સાથીઓ સાથે જતો હોય છે ત્યારે જીવી રસ્તામાં તેને મળી જાય છે. જીવી કાનજી તથા તેના મિત્ર હીરાને પોતાના ઘરે લઈ જવાની માટે આગ્રહ કરે છે. ઘરે લઈ જવામાં સફળ થાય છે. પ્રથમ વખત મળેલા બે જીવ એટલે કાનજી-જીવીને પરસ્પર આકર્ષણ થાય છે, તેવા સંવાદો આ પ્રકરણમાં છે. કાનજીને વળાવતી વખતે જીવી કહે છે, ''પોતે ન ભૂલી જાઓ એટલું યાદ રાખજો ને, બાકી અમે તો હવે ભૂલી રહ્યાં !''

આ પ્રકરણમાં જીવી અને મણિ બન્ને સખીઓ છે, જે મેળામાં સાથે ગઈ છે. ઉધડિયા ગામનો કાનજી તેનો મિત્ર હીરો તથા કાળી વગેરે સાથે ગયો છે. કાનજીને એક મોટો ભાઈ તથા ભાભી અને ભત્રીજી રતન પણ છે. કાનજીનાં લગ્ન હજી થયાં નથી. ગામમાં એવી છાપ છે કે કાનજીનાં લગ્ન ના થાય તેવું તેનાં ભાભી ઈચ્છે છે.

પ્રથમ પ્રકરણના અંતે જીવી ગામમાંથી વિદાય લેતા કાનજીને જોઈ રહે છે. પ્રકરણના અંતે વાચક, કાનજી-જીવી બાબતે કૂતૂહલપૂર્વક પ્રવૃત્ત થાય છે. 'હવે શું થશે ?' એવી જિજ્ઞાસા થાય છે.

કાનજી, હીરો, કાળી, જીવી, મણિ જેવાં પાત્રોનો સીધો પરિચય સંવાદ દ્વારા આ પ્રથમ પ્રકરણમાં જ થાય છે. કાનજીનાં ભાઈ-ભાભી અને ભત્રીજી રતનનો પરોક્ષ ઉલ્લેખ થયો છે. કાનજી અને જીવી બન્ને 'મળેલા જીવ' તરીકે ભાવક સમક્ષ રજૂ થયા છે.

## 8.4 કૃતિલક્ષી સઘન અધ્યયન

'કાવડિયા ડુંગરની નાળમાં જન્માષ્ટમીનો મેળો ભરાયો હતો', એવા વાક્યથી 'મળેલા જીવ' નવલકથાનો પ્રારંભ થાય છે. ડુંગરનું નામ 'કાવડિયો' ડુંગર છે. જન્માષ્ટમીનો મેળો ભરાયાનો પ્રસંગ છે.

આપણી ગ્રામ સંસ્કૃતિમાં મેળાનું વિશેષ મહત્ત્વ છે. જન્માષ્ટમીનો તહેવાર ઉત્સાહ અને આસ્થાપૂર્વક ઉજવાય છે. રાત્રિના બાર વાગ્યે કૃષ્ણજન્મની ઉજવણીની આપણે ત્યાં ભવ્ય પરંપરા છે. આઠમનો મેળો, ગુજરાતી પ્રજાજીવનના ઉલ્લાસમાં સહજ રીતે વણાઈ ગયો છે. ઉમદા સાહિત્યકૃતિ દ્વારા આપણે દેશ-કાળ-સ્થળ અને પ્રજાજીવનના પ્રવાહો વિશેષ જાણી શકીએ છીએ. વાચક માત્ર વિગતો નથી મેળવતો પણ સાહિત્યકૃતિ દ્વારા એ રચનામાં રહેલા અનુભવ વિશ્વને કલાત્મક રીતે પામે છે.

મેળે ચડેલી ઘેલી યુવાનીનું લેખકે તાદશ્ય વર્ણન કર્યું છે. ડુંગરની નાળમાં યુવાન-યુવતીઓનાં ટોળાં ઊભરાય છે. બાર મહિને એકવાર એટલે કે દર જન્માષ્ટમીએ ભરાતા મેળાના કારણે યૌવનના કોલાહલમાં 'નાળનું બાર બાર માસનું મૌન તૂટતું.'

વાર-તહેવાર અને મેળા આપણી ગ્રામસંસ્કૃતિના લયમાં ભળી ગયેલા છે. નદી કિનારે અથવા તો પૌરાણિક મંદિરના સાન્નિધ્યમાં મેળો ભરાય. આ રચનામાં ડુંગરની નાળમાં આવેલા મહાદેવના મંદિરનું વર્ણન છે. કેવડિયા ડુંગરની સામી બાજુ બીજો ડુંગર છે. બન્ને ડુંગર વચ્ચે 'માનવીઓનો ઝૂલતો પુલ જ જાણે બંધાઈ ગયો'- દ્વારા લેખક મેળે મહાલવા આવેલા યૌવનની વાત કરે છે.

જેમ જેમ દિવસ ઢળતો જાય તેમ તેમ ચગડોળમાં છેલ્લી મજા માણી લેવા માટે યુવક-યુવતીઓની વધતી જતી ભીડમાં 'મળેલા જીવ' નવલકથાના નાયક-નાયિકા કાનજી-જીવી છે. 'મેળો' મળવાનું નિમિત્ત બને છે. ચગડોળનું ઉપર-નીચે થવું જીવનચક્રના પ્રતીક તરીકે ઉપસી આવે છે.

ચગડોળમાં મહાલવાના જીવીના પૈસા કાનજી ચૂકવે તે તો સંવાદનું બહાનું કહો કે સર્જકની પ્રયુક્તિ છે. મેળે મળ્યા પછી છુટા પડવું એ પણ નિયતિ છે. મેળાના દિવસે સમી સાંજે પોતપોતાના ગામ તરફ વળતાં લોકોમાં બે જણ એવા છે જેમના જીવ મળી ગયા છે. એક દિવસ માટે છુટા પડવાનું છે. પણ હૈયાં મળી ગયાં છે. એ બે પૈકી નાયક એવો કાનજી કેવો લાગે છે ? જુઓ :

''કાનજીની ઉંમર પચ્ચીસેકની હશે. પાંચ હાથનો તડો જુવાન કહી શકાય એવું એનું કાઠું પણ હતું. એની પહોળી આંખોમાં જેટલી હાસ્યની છાંટ હતી એટલી લાપરવાહી પણ દેખાઈ આવતી હતી. પગમાં અઢી શેર વજનના નાળ જડેલ ફૂદડીઓવાળા જોડા હતા. ઘૂંટી સુધીનું ધોતિયું, રંગીન ખમીસ, ઉપર સફેદ કોટ અને માથે ગુલાબના ગોટાવાળો લાલ સાફો હતાં. સાફાની બાંધણી કોઈ અનેરી હતી અને એમાંય છોગું તો જાણે એ જ મૂકી જાણતો હતો. ઉપરાંત પાછા લાંબા તલાને ગળામાં વીંટીને કોઈ ઓર રંગ જમાવ્યો હતો. નવા જ ગોટા બાંધેલા પાવાની જોડ પણ ગળામાં લટકતી હતી. પાવા ઉપરેલી ભાત પાવા પ્રત્યેનો શોખ છતો કરતી હતી.''

આવા કાનજીને ચગડોળમાં જીવી જોડે બેસવાનું મળે છે. ચગડોળમાં બન્નેના પૈસા કાનજી ચૂકવી દે છે. ''હેઠા ઊતરીને હું તમને પૈસા આપી દઈશ.'' એવું બોલતી જીવીના પ્રસ્તાવના પ્રત્યુત્તર રૂપે કાનજી ''રૂપિયો આલતાંય ચગડોળમાં આમ જોટાજોટ (જોડે) બેસનાર ન મળે તો વળી પૈસામાં શી વિસાત છે.'' - એવું વિચારી લે છે પણ બોલતો નથી અને એટલું જ બોલે છે કે : 'તમારા કરતાં કંઈ પૈસો વધારે છે ?'

ચગડોળમાં જ જીવી કાનજીને પાણે વગાડવાનું સૂચન કરે છે અને કાનજી બે લીટી વગાડે છે :

'ફાગણને વાયરે આવ્યાં જોબનિયાં,
વૈશાખી વાયરે ઊડી જતાં !'

કાનજીના ગીતની આ બે કડી પાવાના સૂરમાં વહેતી થઈ અને હૈયાની ગતિ બદલાઈ ગઈ. ચગડોળમાં એક જ બેઠકમાં જોડે બેઠા હતા ત્યારે સ્વર્ગનો અનુભવ હતો અને ચગડોળ પૂરું થયા પછી સ્વર્ગ ઊઠી ગયાનો રંજ પણ હતો. જીવી કાનજીને પૈસા આપવાની ચેષ્ટા કરે છે પણ કાનજી પૈસા લેતો નથી. પરસ્પરની નિકટતા વધે તેવા સંવાદોથી વાચક કાનજી-જીવીના પ્રથમ સંગાથના માધુર્યને માણે છે.

કાનજીને પ્રથમ નજરે ગમી ગયેલી જીવીનું તાદશ્ય શબ્દચિત્ર લેખકે આલેખ્યું છે :

''પરંતુ ખરું પૂછો તો જીવીનું રૂપ મોર ટાંક્યા જેવું જ હતું. ઉંમર વીસની આસપાસ હતી. નમૂનેદાર સાગના સોટા જેવી એની દેહલતા હતી. ઘાટીલાં અંગોમાં તંદુરસ્તીની સુરખી તપું તપું કરી રહી હતી. લંબગોળ મોંને શોભા આપતી અણિયાળી આંખોમાં કૌમારની લજતી તથા યુવાની મસ્તી વચ્ચે જાણે દ્વંદ્વ ચાલતાં હતાં અને એમાંય કાજળનાં અંજન તો કોઈ જાદુનાં જ કામ કરી રહ્યાં હતાં. આ બધું જાણે ઓછું હોય એમ દરિયાઈ છીંટનો ઘાઘરો અને ગવન પહેર્યાં હતાં. તાણીને બાંધેલી કાપડની કસોના મોતીભર્યા ગોટા, પુષ્ટ ભાગ પર રમત કરતા એની લચકની ચાલમાં ઓર ઉમેરો કરતા હતા.''

કાનજી અને જીવી વિશેનાં સર્જકનાં વર્ણનો પરસ્પર આકર્ષણ થયાની વાતને સહજ રીતે પ્રતીતિયોગ્ય બનાવે છે.

કાનજીના મોટાભાઈની દીકરીનું નામ રતન છે. રતન માટે ભાભીએ બંગડીઓ મંગાવી છે. એ યાદ આવતા કાનજી બંગડી ખરીદવા થંભી જાય છે. આ ઘટનાનું ઉમેરણ કરી સર્જક કાનજીનું તેના પરિવારમાં કેવું સ્થાન છે તે દર્શાવે છે. પચ્ચીસ વર્ષના થયેલા કાનજી માટે ભાઈ-ભાઈ સહેજ પણ ચિંતા કરતાં નથી, તેના લગ્નનું વિચારતાં નથી. એવી ગામલોકોમાં ચાલતી ચર્ચાના ઉલ્લેખો દ્વારા લેખક કાનજી-જીવી અપરણિત હોવાના કથાનકને રમણીય રીતે રજૂ કરે છે.

મેળો પતાવી પોતપોતાને ગામ પાછા ફરતાં કાનજી પોતાની ચાલ ઝડપી કરી આગળ થઈ ગયેલી જીવી અને તેની સહેલી મણિ સુધી પહોંચી જાય છે. ચાલવામાં ગમતો સંગાથ મળે તો સફરની મજામાં વધારો થાય. કાનજી કહે છે; 'એકવાર કરી જુઓ સંગાથ, પછી અધવચ મેલીએ તો કે'જો. કેમ હીરા ?'

રસ્તે ચાલતાં જ જીવી-મણિનું ગામ આવે છે. જીવીના આગ્રહથી મનોર અને કાળી જેવા બીજા મિત્રોને અળગા કરી કાનજી તેના મિત્ર હિરા સાથે જીવીના ઘરે જાય છે. ઉધડિયા ગામનો કાનજી જીવીના ઘરે ચા પીવા રોકાય છે. જીવીના બાપુ સાથે વાતો થાય છે. ફરી વખત મળવાની વાત થાય છે. કૂવે પાણી ભરવાના બહાને મણિ અને જીવી બેડું લઈને નીકળે છે. ઉધડિયા જવા નીકળતા કાનજીને છેલ્લી પળ સુધી જીવી જોઈ રહે છે અને ''પોતે ન ભૂલી જાઓ એટલું યાદ રાખજો ને'' એમ કહેતી જીવીના ઊંડા નિઃશ્વાસ સાથે પ્રકરણ પૂરું થાય છે.

### 8.5 તમારી પ્રગતિ ચકાસો.

**અ. એક વાક્યમાં જવાબ**

૧. 'પ્રથમ સંગાથ' પ્રકરણ કઈ નવલકથામાંથી લેવામાં આવ્યું છે ?

૨. 'મળેલા જીવ' નવલકથાના લેખક કોણ છે ?

૩. 'પ્રથમ સંગાથ'નાં નાયક-નાયિકા કોણ છે ?

**બ. સ્વઅધ્યયન**

૧. 'પ્રથમ સંગાથ' પ્રકરણના આધારે કાનજીનું શબ્દચિત્ર આલેખો.

૨. 'પ્રથમ સંગાથ' પ્રકરણના આધારે જીવીનું શબ્દચિત્ર આલેખો.

### 8.5.1 ભાષાભિવ્યક્તિ

૧. ડોલતા ડુંગર જેવાં વાદળાં પૂર્વ તરફ જઈ રહ્યા હતાં. - ઉપમા અલંકાર

૨. યુવાન યુવતીઓથી ઊભરાતી નાળ, બાર બાર માસના મૌન પછી આજ ઘડીકમાં ગાતી સંભળાતી, તો કોઈ વાર પાવા વગાડતી હોય એમ પણ લાગતું હતું. - સજીવારોપણ અલંકાર

૩. નદીનાં પૂર પેઠે યુવાની આજ રમણે ચડી હતી. - ઉપમા અલંકાર

૪. બેઉ ડુંગરો વચ્ચે માનવીઓનો ઝૂલતો પુલ જ જાણે બંધાઈ ગયો હતો - ઉત્પ્રેક્ષા અલંકાર

૫. નમૂનેદાર સાગના સોટા જેવી એની દેહલતા હતી. - ઉપમા અલંકાર

### 8.5.2 વિશેષ અધ્યયન

'મળેલા જીવ' નવલકથાના સર્જકશ્રી પન્નાલાલ પટેલનો જન્મ ૧૯૧૨ થયો હતો. રાજસ્થાન ગુજરાતની સરહદે આવેલું માંડલી ગામ તેમનું જન્મસ્થળ વતન. ૭/૫/૧૯૧૨ તેમની જન્મતારીખ. પિતા નાનાલાલ અને માતાનું નામ હીરાબા. પુત્ર પન્નાલાલ બે વર્ષના હતા ત્યારે પિતાનું અવસાન થયું. આર્થિક સંઘર્ષમાં ઉછેર થયો. પ્રાથમિક શિક્ષણની શરૂઆત પોતાના ગામમાંથી થઈ. મોટાભાઈ હરિભાઈએ તેમને મેઘરજના રામજીમંદિરમાં ભણવા મૂક્યા. મેઘરજના આંબાવાડિયામાં હિંમતનગરના મહારાજકુંવરે બાળ પન્નાલાલના મુખેથી ''બંસીવાલા... આજો મોરે દેશ...'' ગીત સાંભળ્યું અને આ છોકરાને ઈડર બોર્ડિંગમાં ભણવા મોકલવાની સૂચના આપી. ઈડર છાયાલયમાં ઉમાશંકર જોશી તેમના સહાધ્યાયી સાથે આઠ ધોરણ સુધી ભણ્યા અને પછી પૈસાના અભાવે ભણવાનું છૂટ્યું.

યુવાનીમાં નાનીમોટી નોકરી કરતાં કરતાં જીવન ઘડાતું ગયું. અમદાવાદ કામકાજ અર્થે આવેલા પન્નાલાલને ઉમાશંકર જોશીનો સંપર્ક થયો. બાળપણના મિત્ર ઉમાભાઈ કવિ થયા છે. એ જાણી તેમને મળવાની ઉત્સુકતા વધી. મુંબઈ રહેતા ઉમાશંકર જોશીને પત્ર લખ્યો. જવાબમાં કવિએ જણાવ્યું કે તેઓ 'ગાંધીજીના પ્રમુખપદે સાહિત્ય પરિષદનું અધિવેશન ભરાશે ત્યારે અમદાવાદ આવશે અને મળશે.' અમદાવાદમાં સાહિત્ય પરિષદ અધિવેશન ટાણે બન્ને મિત્રો મળ્યા. શ્રમજીવી, પન્નાલાલને કવિ મિત્રએ 'લખ પન્નાલાલ' કહી પ્રેરણા આપી. બન્ને મિત્રોની આ મુલાકાત ગુજરાતી સાહિત્યના ઈતિહાસની યાદગાર ઘટના બની.

'પ્રજાબંધુ'માં છપાયેલી 'વનબાલા' તેમની પ્રથમ વાર્તા. 'ફૂલછાબ' દૈનિકમાં પ્રગટ થયેલી વાર્તા 'શેઠની શારદા' ઝવેરચંદ મેઘાણી જેવા સર્જકને ગમી જાય છે.

૧૯૪૦માં તેમની 'વળામણા' નવલકથા પ્રગટ થઈ. ૧૯૪૧માં 'મળેલા જીવ'. ૧૯૪૭માં 'માનવીની ભવાઈ' પ્રગટ થાય છે. ત્યાં સુધીમાં સર્જક પન્નાલાલનું નામ ગુજરાતી સાહિત્યના પ્રથમ હરોળના સર્જકોમાં આદરથી લેવાનું શરૂ થઈ જાય છે. સમગ્ર જીવન દરમ્યાન ચાલીસ જેટલી નવલકથાઓ, ચાર લઘુનવલ અને 'સુખ દુઃખના સાથી' (૧૯૪૦)થી લઈ રો મટીરિયલ (૧૯૮૩) ૩૧ જેટલા વાર્તાસંગ્રહો તેમણે આપ્યા છે.

નાટક, એકાંકી, બાળ/કિશોર સાહિત્યમાં પણ તેમણે માતબર પ્રદાન કર્યું છે. તેમની આત્મકથાત્મક નવલકથા 'જિંદગી-સંજીવની' પણ સાત ભાગમાં પ્રગટ થઈ છે.

પોંડિચેરી મુકામે પૂર્ણયોગના સાધક તરીકે તેઓ ત્રણ માસ નિવાસ કરે છે. શ્રી અરવિંદ અને માતાજીનાં દર્શન થાય છે.

ભારતીય સાહિત્યમાં સર્વોચ્ચ ગણાતો જ્ઞાનપીઠ પુરસ્કાર તેમને ૧૯૮૫માં મળ્યો. ગુજરાતી સાહિત્યના રણજિતરાય સુવર્ણચંદ્રક આદિ અન્ય પુરસ્કારોથી પણ તેઓ સન્માનિત થયા છે. તા.૬/૪/૧૯૮૯ના રોજ તેમનું અવસાન થયું.

● **અવશ્ય વાંચો**

(૧) ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ-૬માં પન્નાલાલ પટેલ વિષયક પ્રકરણ

● તરસ્યા મલકનો મેઘ-લેખક-મણિલાલ હ.પટેલ

પ્રકાશક : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ-અમદાવાદ.

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

# GMJ 101/ GMN-101

**GUJM-101 ભાગ-02**

સંપાદન :

| | |
|---|---|
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામક સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. યોગેન્દ્ર પારેખ | પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

વિષય સમિતિ :

| | |
|---|---|
| ડૉ. યોગેન્દ્ર પારેખ | પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. ડૉ. ઉષા ઉપાધ્યાય | વિભાગાધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ડૉ હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ પરામર્શન (વિષય): |
| ડૉ યોગેન્દ્ર પારેખ | પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

લેખન

| | |
|---|---|
| ડૉ. યોગેન્દ્ર પારેખ | પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, |
| ડૉ. હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. ભરત ઠાકોર | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. |


| | |
|---|---|
| પ્રકાશન વર્ષ | પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦, દ્વિતીય આવૃત્તિ ૨૦૨૧, તૃતીય આવૃત્તિ : ૨૦૨૩ |
| **ISBN :** | **978-93-89456-36-3** |
| પ્રકાશક : | કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |


**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠયપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિધાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન પરવાનગી લેવાની રહેશે.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ વર્ષ બી.એ.
પેપર-૧
(મુખ્ય તથા ગૌણ)
ગુજરાતી ગદ્ય GUJM 101/GUJS 101

# GMJ 101/ GMN-101

# 2

## ગદ્ય


| | |
|---|---|
| **એકમ : 1** | |
| ઝાંઝવા | 01-20 |
| **એકમ : 2** | |
| સાતડે મીંડે શૂન્ય | 21-40 |
| **એકમ : 3** | |
| નેજવાની છાંયતળે | 41-56 |
| **એકમ : 4** | |
| શૈશવને સીમાડે | 57-64 |
| **એકમ : 5** | |
| માંડુ | 65-77 |
| **એકમ : 6** | |
| વસંતની કવિતાનું શીર્ષક : પ્રેમ | 78-85 |
| **એકમ : 7** | |
| કાનજી | 86-92 |
| **એકમ : 8** | |
| આદર્શ સહધર્મચારિણી | 93-100 |
| **એકમ : 9** | |
| વનાંચલ | 101-113 |

એકમ 1

# ઝાંઝવા

- યશવંત પંડ્યા

**રૂપરેખા**

**1.1 ઉદ્દેશો**

**1.2 પ્રસ્તાવના**

**1.3 કૃતિ**

**1.4 કૃતિનો સારાંશ**

**1.5 કૃતિલક્ષી અધ્યયન**

**1.6 વસ્તુલક્ષી કસોટી**

**1.7 કૃતિલક્ષી ભાષાકીય અભિવ્યક્તિનો અભ્યાસ**

**1.8 લેખન-પ્રવૃત્તિ**

**1.9 તમારી પ્રગતિ ચકાસો**

**1.10 વિશેષ અધ્યયન**

**- ટિપ્પણ**

**- સંદર્ભ સૂચિ**

## 1.1 ઉદ્દેશો

આ એકાંકીના અભ્યાસ દ્વારા તમે -

- 'ઝાંઝાવાં' એકાંકીનો આસ્વાદ માણશો :
  - કથાવસ્તુની દૃષ્ટિએ
  - પાત્રાલેખનકળાની દૃષ્ટિએ
  - સંવાદકળાની દૃષ્ટિએ
  - સંઘર્ષની દૃષ્ટિએ
- આ એકાંકીમાં સાહિત્યિક લેખન પ્રવૃત્તિમાં થતા અનિષ્ટોના પ્રકારોને જાણશો.
- માનવીય સ્વભાવના દંભને સાહિત્યિક સ્વરૂપમાં ઢાળવાનો પ્રયત્ન માણશો.
- આ એકાંકી દ્વારા માનવીય મનની સદ્-અસદ્‌વૃત્તિઓ સમજશો.
- સાહિત્યજગત પર કરેલા કટાક્ષનો અનુભવ કરશો.

## 1.2 પ્રસ્તાવના

આ એકાંકીમાં વર્ષો સુધી સાહિત્યસેવા કરનાર સાહિત્યકારની માનસિકતા, મોટા સર્જક હોવાનો દંભ, સાઠમા જન્મ વર્ષે મણિ મહોત્સવની જગતપ્રસાદજીની ઘેલછા, પોતાના સાહિત્યને ઉત્કૃષ્ટ સાહિત્યમાં ખપાવવાનો પ્રપંચ, સ્ત્રી સાહિત્યકાર પ્રત્યેની જગતપ્રસાદજીની માનસિકતા, એક 'રાજહંસ' માસિકમાં પ્રગટેલું ચરિત્રચિત્રણ લેખકના ચરિત્રને હચમચાવી મૂકે છે. તેનું આલેખન આ એકાંકીના કેન્દ્રમાં છે. વિહારીનું તટસ્થતાપૂર્વકનું વલણ વાચકનું ધ્યાન ખેંચે છે અને એકાંકીના અંતે વળાંક લાવનારું પાત્ર સારિકાને તો યાદ રહી જશે.

## 1.3 કૃતિ

**પાત્રો**

**જગતપ્રસાદ** **વિહારી** **સારિકા**

(સાક્ષરશ્રી જગત, નિમગ્ન ચિત્તે કંઈક વાંચતા જણાય છે. વય ૫૦ થી ૭૫ વચ્ચે ગમે તે હોવા સંભવ છે. ગાલના ખાડા સૂચવે છે કે ૬૫ ઉપરાંત હશે; કપાળની કરચલી કહે છે કે ૬૦ થી વિશેષ ન હોઈ શકે. એટલે ૬૧ થી ૬૪ વચ્ચેનું જ જોઈએ. પણ ના, જન્માક્ષર પ્રમાણે ૫૮મું ઊતરવા આવ્યું છે. કોઠાર કે રસોડાનો ખ્યાલ આપે એવા ઓરડામાં, મનમાં એને દીવાનખાનું માનીને એઓ બેઠા છે. નાનું ટેબલ છે, સાદી ખુરશી છે, સાધારણ સગડી છે, કાગળ છે, કલમ છે, કોલસા છે.

આંખે નહિ જ, કપાળે ચડાવેલા ચશ્માંમાંથી એમનું વ્યક્તિત્વ તરવરી આવે છે.)

જગત : (ચોપાનિયાને હાથમાંથી સરકવા દઈ) થયું. આ વિવેચકો તે માણસો છે કે ખાટકી ? મારું પુસ્તક પચાવવાની એમની બુદ્ધિમાં શક્તિ નહિ એટલે જેમ આવડે એમ એને વખોડ્યું ? મૂંગા રહીને ઈશ્વરભજન કરતા હોય તો શું ખોટુ ? (હળવેથી ચોપાનિયું ઊંચકી) દુનિયા એટલી અંધી છે કે બહુધા પારકા અભિપ્રાયો ઉપર એ જીવ્યે જાય છે. એવા આળસુ બબૂચકોને આવા અફીણી વિવેચકો મળે પછી પ્રગતિની આશા કેવી?

(ખૂની કટાર સમી નજરે એઓ ચોપાનિયાના પૂંઠાનું નિરીક્ષણ કરે છે.)

'રાજહંસ' !કેવું કલામય નામ ! ને કેવું કળામય કામ ! મારી લગભગ અર્ધી સદીની મહેનત પર જલપ્રલય ફેરવનાર કેવો નરાધમ હોવો જોઈએ !

(ચીડમાં ને ચીડમાં જગત. 'રાજહંસ' ને દૂરસુદૂર ફેંકી દે છે. જુવાનીમાં ઝોલાં ખાતો વિહારી પ્રવેશે છે. નોધારાને આધાર મળ્યાના આનંદથી)

કોણ, વિહારી ? આવ. બોલ શી નવાજૂની ?

વિહારી : સાહિત્યની સ્તો.

જગત : (મોટપથી) સાહિત્યના ગગનમાં તું ઊગતો તારો છે. (હસીને) અમારે હવે બધા સમાચાર તારી કનેથી સાંભળવા રહ્યા.

વિહારી : (મનમાં) આજ આવા ઢીલા કાં લાગે છે ?

જગત : ભાઈ, અમારાં તે વળતાં પાણી ! એની ન હોય કોઈને ચિંતા, એની ન હોય કશી મહત્તા !

(ચિંતા શબ્દ સાંભળતાં વિહારીને ચિંતા સાંભરે છે. ખભે હાથ મૂકી)

વિહારી, કેમ કાંઈ બોલતો નથી ?

વિહારી : પ્રસાદજી, તમે નિરાશાના સૂર કાઢો છો ત્યારે મારી આશાનો કચ્ચરઘાણ સાથે વાળો છો.

જગત : (અનેરી આશામાં) હેંએ ? શું કહ્યું ?

વિહારી : વરસ પછી તમને સાઠ થશે. સમસ્ત ગુજરાત ત્યારે તમારો મણિમહોત્સવ ઊજવે તે તમારી આશા છે—એટલે કે મારી અંતરની અભિલાષા છે.

જગત : (એકદમ) : છેવટે તારે ગળે વાત ઊતરી કે શું ? (વિહારી શિર નમાવે છે.) તો તો મારી ખ્યાતિકીર્તિ દિગ્દિગંતમાં વ્યાપી જાય.

વિહારી : તમારી એકની નહિ, મારીય તે. ભવિષ્યમાં લોકો મનેય નહિ ભૂલે. જેવા તમે એના ઉપભોગક, એવો હું એનો ઉત્પાદક ! કૃષ્ણસુદામા જેવી જગતવિહારીની જોડલી પણ અજોડ જામશે !

જગત : (સસ્મિત) : તારામાં સ્વતંત્ર કલ્પના ખીલતી જાય છે. હોં.

(વિહારી ફુલાય છે. જગતને 'રાજહંસ' સાંભરે છે.)

વિહારી, અત્યારે તું આવ્યો એ બહુ સારું કર્યું. એકાદ જણની મારે જરૂર જ હતી.

(વિહારી વિચારમાં પડે છે.)

જો, થોડું નહોતું ધાર્યું એવું બન્યું છે.

વિહારી : શું વળી ?

જગત :(શાંતિથી) : આફત આવી છે. વારું 'મનોમંથન' તેં ક્યાં ક્યાં અવલોકન અર્થે મોકલેલું?

વિહારી : મેં નોંધ રાખી છે.

જગત : ('રાજહંસ' ચીંધી) : આને ?

વિહારી :હા.

જગત :(જરી અશાંત થઈ) : શું કામ ?

વિહારી : જાહેરખબર પરથી લાગેલું કે નીર ને ક્ષીર એ ઠીક જુદાં પાડતું હશે.

જગત :(કટાણું મોં કરી) : તું હજુ ન સમજ્યો કે દરેક પ્રશ્ન પોતાનામાં જે નથી હોતું તેને જ પોતાની વિશિષ્ટતા લેખે ખપાવે છે ?

(વિહારી શરમિંદો બને છે. ઊભો થઈને 'રાજહંસ' લઈ આવે છે.)

વાંચ 'મનોમંથન' ને એણે પીખી નાખ્યું છે. (વેઢા ગણતા) મારું ગદ્ય, મારું પદ્ય, મારું અપદ્યાગદ્ય, મારું ગદ્યપદ્ય, મારું આ ને મારું તે : વાર્તા, નાટક, નિબંધ, કાવ્ય, રાસ, ગરબી : ટૂંકામાં મારું લેખન ને કવન : મારા મનસાગરના સમુદ્રમંથનમાંથી જન્મેલાં એવાં આ ચૌદ ચૌદ રત્નોમાંથી એને એક પણ પસંદ નથી પડ્યું ! અંતમાં એ અભિપ્રાય આપવાનુંય નથી ભૂલતા. ગુર્જરવાડીમાં આવી ખીચડી કોઈએ પકાવી જ ન હોત તો સમાજને સાહિત્યનો અપચો થતો અટકત. (જગતનો સાદ ગળગળવા માંડે છે, વિહારી વહારે ધાવા પ્રેરાય છે.)

વિહારી : ખીચડીથી અપચો ? - કેવી વાહિયાત વાત ! એનું વૈદનું જ્ઞાન, અરે અજ્ઞાન, તો જુઓ !

(જગતને આથી જંપ નથી વળતો.)

પ્રસાદજી, તમે આમ હતાશ થઈ જાઓ તે અદ્‌ભુત છે!

જગત : અદ્‌ભુત ? મારા કહેવાનો ભાવ કે અર્થ ઉકેલ્યા વિના ગમે તે ગમે તેમ બોલે — લખે એ મારે સાંખી રહેવું, એમ ?

વિહારી : (સરલતાથી) ના.

જગત : ત્યારે ?

વિહારી : સાંભળવું જ નહિ. સર્જકે તો સર્જ્યે જવું – વિવેચક ભલે એને મારે કે તારે.

જગત : મારે તોય ?

વિહારી : (કૃત્રિમ હાસ્યથી) : મારું કહેવું બરાબર ન ઝિલાયું. વાતની વાત એ કે પુસ્તક કે પુસ્તકકારની જિંદગીની વિવેચન કે વિવેચક કાપી શકે એ મને તો નાનું શું જોડકણું લાગે છે. (જગત. વિહારી પર અભિનંદનની આંખ ઠારે છે. )

જગત : ત્યારે તું શું માને છે ?

વિહારી : લોકમત. સર્જનમાં ઓજસ હશે તો આપોઆપ અજવાળું આપશે.

જગત : છટ્. આવા શબ્દોથી તો કેવળ કવિતા કરાય. પણ વિહારી, જગતના વાયરા તેં જાણ્યા નથી.એક સરસ પુસ્તકને દાબી દેવા માટે એટલું છે કે બસ એક સામટા એના પર ઊતરી પડવું. એના શબ્દ કર્કશ કહેવા, અર્થ અપૂર્ણ ગણાવવો, રસ લુખ્ખો મનાવવો એટલે જોઈ લો ! ગાડરિયાં મેઢાં જેવા આપણા લોકો પછી એનું પૂઠું સુદ્ધાં નહિ સૂંઘવાના!

વિહારી :(મનમાં) આ કકળાટ અર્થહીન નથી. ગમે તેવા સરસ પુસ્તકને પણ, ખળભળાટ વિના, ભૂખમરો વેઠવા વારો આવે છે અને ફાવે તેવું અમસ્તુ થોથું, ધાંધલ મચાવતાં, ઊપડી જાય છે !

જગત :ભાઈ વિહારી, ધર્મ-ઈતિહાસ-તત્વજ્ઞાન વગેરેમાં તારે માનવું હોય તેનું માનજે પણ સાહિત્યમાં મારામાં શ્રદ્ધા રાખજે.

વિહારી :તમે આ શું કહો છો ! તમારી મમતા ન હોત તો મારો ઉદ્ધાર નહોતો.

જગત : (હળવે હળવે) અને હવે એ વેળા આવી છે કે જ્યારે મારો ઉદ્ધાર હું તારા હાથમાં જોઉં છું.

(વાતાવરણ ગમગીન બને છે.)

વિહારી :(આશ્ચર્યથી) પણ જાણે રાજપાટ લૂંટાઈ ગયું હોય તેમ....

(એવામાં સગડીમાં એક કોલસો ફૂટે છે; તડતડ થતાં એના કણ બન્નેને સાવચેત અને ટટાર બનાવે છે.)

જગત : જોયું ? આ સગડીમાં કોલસો ફૂટ્યો.. એના અંગારા તડતડ કરતા ઊડ્યા ! સાહિત્યના પંથમાં આવા ઈર્ષ્યાળુ, વિઘ્નસંતોષી, માત્ર મૂરખ વિવેચકો ડગલે ને પગલે સામા મળશે. તું એમનાથી ચેતીને ચાલજે.

વિહારી : (સંમતિથી) સાચું છે. વિવેચકોમાં ઈર્ષ્યાનો અગ્નિ ભારોભાર ભર્યો હોય છે. એકવાર એ વિચારે કે વિવેચક થાય કોણ ? જેનામાં ન હોય કલ્પના, ન હોય ભાવના ને ન હોય હૃદય : ને તો પણ જેને લેખક લેખે ખપવું જ હોય એને વિવેચક થયા વિના બીજો કયો આરો છે !

જગત :(ખુશ થઈ) તું આટલું જાણે છે એ તો મેં અત્યારે જ જાણ્યું !

(વિહારીના હોઠ મરકે છે.)

પ્રિય વિહારી, મારા સાહિત્ય-જીવનની ઉષા કેમ પ્રગટી, કેમ ફૂલીફાલી, એ મેં તને જાણી જોઈને નહોતું કહ્યું.

વિહારી : (વાત જતી કરવા) હું ધારું છું કે તમે કહ્યું હતું.

જગત :(વિશ્વાસથી) ના, મને ચોક્કસ યાદ છે.

વિહારી : તો કદાચ તમારાં સ્મૃતિચિત્રોમાં વાંચ્યું હશે.

જગત :ના; એમાં એની વિસ્મૃતિ થયેલી.

વિહારી : (આખરે) તો હવે આત્મકથામાં અચૂક ગોઠવજો.

જગત : એ તો ગોઠવાશે ત્યારે. અત્યારે તું તો સાંભળ.

(હોઠ કરડી વિહારી બીજી બાજુ ફરે છે.)

(ગાંભર્યથી) હા; આત્મકથા કરતાં સ્મૃતિચિત્રોમાં એ ટપકાવ્યું હોત તો વિશેષ આનંદ આવત.

વિહારી : કારણ ?

જગત : આત્મકથા સો ટકા સાચી લખવા જઈએ તોય જૂઠી લખાયા વિના રહેતી નથી. એમાં અલંકાર વપરાય તે કેવળ અતિશયોક્તિ. એટલે તેમાં તો તદ્દન સાચાં સત્યો પણ માર્યાં જવાનો સંભવ છે.

(વિહારી સાંભળી રહે છે.)

સ્મૃતિચિત્રોની મજા ઓર છે. પહેલે પગલે લખીએ જ સ્વર્ગસ્થાનોનાં કે ગમે તેવાં ગપ્પાંની સામેય ચર્ચાપત્રો ન આવે ! એવા ટુચકા વણી લઈએ કે સ્વર્ગસ્થની જિંદગીનો ખરો આધાર આપણે હતા એ વગર કહ્યે પુરવાર થઈ જાય !

વિહારી : ખરું કહ્યું.

(એ 'રાજહંસ'માંનું 'મનોમંથન'નું વિવેચન શોધવું શરૂ કરે છે.)

જગત :('રાજહંસ' ખૂબીથી પોતે લઈ) પણ હવે એવાં પોલ પકડાઈ જાય છે. ('રાજહંસ' ઉઘાડી) સાંભળ. (ચશ્માં આંખે લાવી) "...રા. જગતપ્રસાદનાં સ્મૃતિચિત્રોનું તરી આવતું લક્ષણ એ છે એ છે કે લગભગ બધાં ચિત્રો એઓએ પોતાના સ્નેહી સંબંધીઓ વિષે ન લખ્યાં હોય, કિન્તુ એ સ્નેહી સંબંધીઓએ જાણે જગતપ્રસાદ વિશે જ દોર્યા હોય એવી પાને પાને આપણને ભ્રાન્તિ થાય છે."

(વિહારી આવેશમાં ઊભો થઈ જાય છે.
જગત એને 'રાજહંસ' પાછું સોંપે છે.

વિહારી : મારે એનો અક્ષરે વાંચવો હરામ છે.

જગત : (મૂછ મરડતાં, મનમાં) ઉશ્કેરાયો ખરો. બરાબર. (પ્રકાશ) અરે, આ તો તદ્દન સામાન્ય ગણાય. એવા એમાં અનેક રાક્ષસી કટાક્ષ છે !

વિહારી : એ અશક્ય છે.

જગત : (બરડો પંપાળી) ઠંડકથી થશે એટલું ગરમીથી નહિ થાય. (હસી પડી) હું તને કહેવા માંગતો હતો કે જ્યારે મારો પહેલો લેખ છપાયેલો ત્યારે...

વિહારી : (વચ્ચેથી) પહેલો જ લેખ છપાયેલો ?

જગત : એટલે કે છપાયેલા લેખોમાં પહેલો.

વિહારી : ત્યારે ?

જગત : ત્યારે મેં સરસ યુક્તિ અજમાવેલી. બે ચાર દોસ્તારો પાસે તંત્રીને લખી મોકલાવ્યું કે આજ લગી એ પત્રમાં પ્રસિદ્ધ થયેલા લેખોમાં મારો નિબંધ કંઈક અનોખી ભાત પાડતો હતો.

વિહારી : (આતુરતાથી) પછી...?

જગત : (ખૂબીથી) પછી ગાંડો હોય તે તંત્રી બીજા લેખનું આમંત્રણ ન મોકલે !

વિહારી : પછી ?

જગત : ગાંડુ ચાલ્યું. ને દોડ્યું આજે હું સાક્ષરસંઘમાં ખપું છું.

(વિહારી દૂર પડેલું 'રાજહંસ' જુએ છે. નજર જતાં)

હા, આટલે વર્ષે આ એક 'રાજહંસ' નીકળ્યું જે મારો યશ સાંખી શકતું નથી !

(વિહારીની નજર હજુ 'રાજહંસ'ને લાગેલી છે.)

(સ્નેહથી) વિહારી, આ કોઈ નવતર માસિક છે, ખરુ ? કોનું નગારું – વાજિંત્ર છે ? (તુચ્છરથી હસી) મેં તો આજે પહેલવહેલું જોયું.

વિહારી : ('રાજહંસ' લઈ) સાચી વાત છે. એના ઝાઝા અંક નીકળ્યા લાગતા નથી. (પૂઠાં પર નજર નાખી) આતો એ વાર્ષિકનો ત્રીજો જ અંક છે !

(ખ્યાલ લંબાતા બંને ચૂપચાપ થાય છે.)

જગત : પણ વિહારી, મને શ્રદ્ધા છે કે 'રાજહંસ'નું છાપ્યું ધૂળધાણી કરવું એ રમતવાત છે.

વિહારી : એ તો હું તમને ક્યારનો કહેવા માગું છું.

જગત : (હોંશથી) તે કઈ રીતે વારુ ?

વિહારી : એ ઉપર જ મારે તમારી સલાહ લેવાની છે.

જગત : વિહારી, તને કશી રીત સૂઝતી નથી ?

વિહારી : ના.

જગત : તો હું કહું તેમ કરીશ ?

વિહારી : એમાં પૂછો છો શું ?

(જગત વ્યૂહરચના વિચારે છે. વિહારીની સાહિત્યસેવાની સુંદર ભાવનાઓ ઝંખવાતી જાય છે, પણ મોહ નથી મરતો.)

જગત : સૌથી સરલ ખેલ એ છે કે 'મનોમંથન'નું તારે ફક્કડમાં ફક્કડ અવલોકન લખી નાખવું. ટૂંકમા તારે મન 'મનોમંથન' એટલે નવગીતા.

વિહારી : ના નથી. કહેતા હો તો તમે લખાવો એ લખું અને નીચે સહી કરું. પણ પછી એ છાપશે કોણ?

જગત : (નાના નિઃશ્વાસથી) અત્યારે 'મયૂર' જીવતું હોત તો કોઈની પરવા નહોતી.

વિહારી : 'મયૂર' ?

જગત : હા. (હળવેથી) એના તંત્રી મારા સગા, સ્નેહી ને સમવયસ્ક હતા. એટલા ભલા કે મારાં લખાણ તો તેઓ વિના વાંચ્યે સીધાં છાપવાને મોકલતા. પછી છપાઈને બહાર આવે ત્યારે નવરાશે ઉમંગે વાંચે !

વિહારી :પણ પ્રૂફ વખતે....

જગત :ના. ત્યારે મારાં પ્રૂફ હું પોતે જ તપાસતો.

(વિહારીને શું કરવું-બોલવું, બેસવું, ઊઠવું કે ઊંઘી જવું એની ગમ નથી પડતી.)

કેમ યુક્તિ કેવી લાગે છે ?

વિહારી : ખાસ ખોટી નથી. પણ એક બીક જબરી છે. બધા જ એમ કહેશે કે વિહારીની આ જગતપ્રસાદ પ્રત્યેની ગુરુદક્ષિણા છે. એટલે મારે બદલે કોઈ બીજાને પકડો તો...

જગત : (શ્રદ્ધાથી) ના. છે એ ઠીક છે.

વિહારી : એટલે ? ગુરૂદક્ષિણા શબ્દ તમને પાલવશે ખરો ?

જગત : (બેફિકરાઈથી) પણ એ વપરાશે તો ને ?

વિહારી : (ચેતવણી જેમ) માત્ર વપરાશે નહિ, એક વાપરશે એટલે બીજા બધા એનાં અવતરણ ઉતારશે !

જગત : (શાંતિથી) એમ તપી ન જા. એકવાર મારું કહ્યું સાંભળ. (સાદી સમજ જેમ)

તારે એ અવલોકન વિહારીને નામે છપાવવું જ શા માટે ? એકાદ તખલ્લુસનો આશરો લીધો એટલે બસ.

વિહારી : પણ તંત્રીને તો સાચું નામ....

જગત : એવું કાંઈ નહિ, એ માટે એકાદ આખા નામને તખલ્લુસ લેખે ચલાવવું.

વિહારી : પણ સરનામું ?

જગત : (તરત) એનુંય તખલ્લુસ ભલેને લખ્યું હોય ચમારવાડેથી; પણ અહીં લખવું અંત્યજાશ્રમ.

(વિહારી સીધો દોર થઈ જાય છે. વીજળી જેમ)

પ...ણ વિહારી !એક ઉત્તમોત્તમ અખતરો કરવો છે ?

(વિહારીથી ના નથી પડાતી)

તે એ કે આપણે એકઠા થઈને બધું લખી નાખીએ. 'રાજહંસ'ને જવાબ આપવો જરૂરનો છે.

વિહારી : આમાં નવું શું આવ્યું ?

જગત : પછી એકાદ સ્ત્રીના નામે એ રવાના કરી દઈએ.

વિહારી : પણ એવી સ્ત્રી કાઢવી ક્યાંથી ?

જગત : અરે, સ્ત્રીનામી તખલ્લુસથી લેખ રવાના કરવો.

(વિહારી મનમાં ધૂંવાપૂંવા થાય છે. એને આવું ગમતું નથી.)

એટલું થયું એટલે આપણે ચીલામાં એક કાંટો તો શું પણ રડ્યુંખડ્યું પાંદડુંય આડું નહિ આવે. (જુવાનીથી) વિહારી, સ્ત્રી એ ઈશ્વરની અજબ કૃતિ છે. એના નામની અસર કેવળ સંસારમાં જ થઈ છે એમ માનવું મૂર્ખાઈ ભરેલું છે. સાહિત્યમાં સુદ્ધાં એની સત્તા હતી. છે અને હશે ! — સમજ્યો ?

(વિહારી કાંઈ બોલતો નથી)

(દયા જેમ)અને બિચારા તંત્રીઓ એનાથી મુકત નથી! કોઈ સ્ત્રીની સહીથી લેખ આવ્યો નહિ જુએ તેનું મથાળું, નહિ વાંચે લખાણ અને તરત જ બીજા લેખોનું આગ્રહભર્યું આમંત્રણ મોકલી આપશે ! દુનિયાની વાત આવી ન્યારી છે ! બોલ, હવે તું શું કહે છે?

વિહારી : (દબાયેલા ભાવથી) તમારું કહેવું સાચું હોય તોય સારું તો નથી જ.

જગત : એનો અર્થ ?

વિહારી : એટલે કે આપણે પુરુષોએ કોઈ સ્ત્રીના નામે લખવું એ એક જાતના ઉઘાડા બાયલાવેડા છે.

જગત : (સંભવથી) ઉઘાડા કઈ રીતે ? આપણા બે સિવાય કોણ ત્રીજું જાણવાનું છે ?

વિહારી : (ઊભા થઈ જઈ) કેવી વાત કરો છો ? આપણે આપણા જ આત્માને જાણીજોઈને છેતરીએ એ કેવી કાયરતા કહેવાય !

(જગત જરાવાર મુંઝાય છે.)

જગત : એમાં કાયરતા ક્યાં આવી ? (સમજાવટથી) પહેલાં તું શાંત થા. ગુસ્સાના આવેશમાં માણસ જે તે બોલી નાખે છે તો ખરો, પણ સરખું સાંભળી પણ શકતો નથી !

(વિહારીને મૌન વિના માર્ગ નથી. હસી પડી)

વહાલા વિહારી, મીરાં પછી કોઈ સ્ત્રીને લખતાં આવડ્યું હોય એ માનવા જેવું નથી.

વિહારી : (ભડભડ જીભથી) એટલે પ્રસાદજી ? તમે શું એમ ઠસાવવા માંગો છો કે અત્યાર લગી સ્ત્રીઓનાં નામે ચડેલું બધું સાહિત્ય પુરુષોએ લખેલું છે ?

જગત : (હળવે) હા. (વધુ હળવે) ઘણુંખરું. (એથી વધુ હળવે) પચાસ ટકા ઉપરાંતનું.

વિહારી : (લાગ લઈ) ત્યારે મારે એમ નક્કી માનવું ને કે સ્વર્ગસ્થ સરિતાબહેનની સાહિત્યસેવાના સાચા સેવક તો તમે જ હતા ?

જગત : (પ્રશંસાપાત્ર બેજવાબદારીથી) હા. હતો ને હજું છું.

વિહારી : (બેસી જતાં) હેં એ ?

જગત : હા. હજુ ક્યારેક શોખ થઈ આવે ત્યારે કંઈક એના નામે ધકેલી મારું છું.

વિહારી : (સંદેહથી) કોઈ અક્કલવંત એમના હસ્તાક્ષરનું નથી પૂછતું ?

જગત : હું એવી વેળા આવવા દઉં તો ને ? લેખની સાથે જ લખી મોકલું છું કે સરિતાના અક્ષર ન ઊકલે એવા હોઈ મારે એની નકલ ઉતારવી પડી છે.

(વિહારી બરફ બની જાય છે.)

(ખંધાઈથી) કેમ ? વિહારી ! કેમ કાંઈ બોલ્યો નહિ ?

વિહારી : (નીચી નજરે) હજુ મને મારી માન્યતા બરાબર લાગે છે.

(જગતપ્રસાદ દલીલ શોધે છે.)

વળી તમારી ને સરિતાબહેનની જેવી લેવડદેવડ હતી એવી દરેક દંપતીની હોય જ એ નિરાકરણ અક્ષમ્ય છે. ઘણી બહેનોની સાહિત્યશક્તિની સ્વતંત્રતામાં મને પૂરેપૂરી શ્રદ્ધા છે.

જગત : (બાજી હાથમાંથી જતી જોતાં) કબૂલ.

વિહારી : વળી લેખકપતિ વિના પણ પત્ની લેખિકા ક્યાં નથી થઈ શકતી ?

જગત : (અકળાઈ) પણ ના કહી કોણે ? મેં ક્યારે કહ્યું કે કુંભો રાણો રાજકવિ હતા ?

(વિહારી ધીરો પડે છે.)

(બાજી હાથમાં લેવા) ભાઈ, વિહારી, દલીલ તરીકે તારી લડત સુંદર છે, આકર્ષક છે, અદ્‌ભૂત છે.

વિહારી : અને એટલે હું અને વળગી રહીશ.

(જગત મૂંઝાય છે.)

જગત : (મનમાં) આ શું મારો મણિમહોત્સવ ઊજવશે ?

(નહિ મુગ્ધા ને નહિ યુવતી એવી કોઈ સ્ત્રી સંકોચાતી દાખલ થાય છે. પહેલાં જગત. સામું, પછી વિહારી સામું, વળી જગત સામું એમ વારાફરતી જોયા કરે છે.)

જગત : કોનું કામ છે, બહેન ?

સ્ત્રી : આપના બેમાંથી જગતપ્રસાદજી કોણ ?

(પોતાનું નામ ભૂલી ગયા હોય તેમ જગત. વિહારી)

વિહારી : હું નહિ. (સ્ત્રી જગત તરફ ફરે છે.)

જગત : હા. હું જ એ. બેસો.ક્યાંથી આવો છો ?

સ્ત્રી : (બેસતાં) 'મનોમંથન'ના કર્તાને નજરે જોવાની હોંશ હતી એટલે અહીં આવી ચડી છું.

(જગત ઉલ્લાસથી વિહારી સામે નજર નાખે છે. જગત જુએ એમ વિહારી 'રાજહંસ' સંતાડે છે.)

જગત : ઉપકાર થયો. તમે એ પુસ્તક વાંચી ગયાં ? કેવુંક લાગ્યું ? - ગમ્યું ખરું ?

સ્ત્રી : વાંચી ગઈ. બાકી અમારા અભિપ્રાય આપને શા ખપના ?

(જગત વાત વહેતી મૂકવામાં સાર સમજે છે.)

જગત : અહીં જ રહો છો ? કોઈ સાહિત્યસભામાંય તમને દીઠાંનું સ્મરણ નથી.

સ્ત્રી : ના જી. પ્રવાસે નીકળતાં એક દિવસ ઊતરી છું. બાકી અહીં જ હોઉં તો તો અત્યાર અગાઉ આપને મળી ન હોઉં ?

વિહારી : ખરું છે. પ્રસાદજી, સાહિત્યના શોખીનોનો તો ઘર અખાડો છે.

જગત : બહેન, તમારું નામ ?

સ્ત્રી : સારિકા

જગત : કેટલું પ્રેમળ નામ ! (આનંદપૂર્વક) હવેની ફોઈઓ પણ ઠીક ઠીક રસિક થવા લાગી છે.

વિહારી : અને જગત નામ પણ ક્યાં કમ છે ?

જગત : (ચિડાઈ, મનમાં) આ શું કરવા બેઠો છે ? (હસી, પ્રકાશ) એનો ઇતિહાસ વળી અનેરો છે. સારિકાબહેન....

સારિકા : મને સૌ સરુબહેન કહે છે.

જગત : (અચંબાથી, મનમાં) સરુ ? સરિતાને પણ હું સરુ કહી સંબોધતો !

વિહારી : પ્રસાદજી. તમે શું કહેવા જતા હતા ?

જગત : હંઅ, સારું સંભાર્યું. પ્રથમ મારું નામ જગજીવન હતું. પણ પછીથી મેં જગત કરી નાખેલું. (હોંશિયારીથી) ખબર છે ને કે કેટલાંક પુસ્તકો તો એના લેખકોનાં નમાલાં નામો અંગે ખરીદતાં જ નથી?

વિહારી : પરંતુ વધુ સાચી હકીકત તો એ છે કે લેખકના નામને ને કામને પરસ્પર કશી સગાઈ હોતી જ નથી.

સારિકા : (વિવેકથી) ના, પણ એટલું ખરું કે સારા લેખકનું નામ સારું હોય તો વધારે સારું.

જગત : (રાજી થઈ) તમે પણ સાહિત્યનાં સારાં રસિયાં લાગો છો !

સારિકા : હા જી. જો કે હું સાહિત્યખોર નથી, સાહિત્યકાર નથી, પણ સાહિત્યપ્રેમી હોવાનો દાવો તો ધરાવું છું !

વિહારી : (મનમાં) કેવી આબેહૂબ ઓળખાણ !

જગત : સુંદર. કંઈ લખો છો ખરાં ? ક્યાંય છપાવો છો ખરાં ?

સારિકા : લખું છું. ખાસ છપાવતી નથી.એકાદ અલ્પ પ્રાયસ આપને બતાવવા લાવી છું.

(જગતમાં ઊંડી ઊંડી અભિલાષા જન્મે છે કે કદાચ સારિકા દ્વારા પોતાનો અર્થ સરશે. લગભગ બસો પાનાંની એક નોટ જગતના હાથમાં મૂકે છે.)

જગત : (નામ વાંચતાં) જીવનનાં જળ ! (પાનાં ઉથલાવતાં) જાણે મોતીની માળ ! સરુબહેન આમાં શું છે ?

સારિકા : માનવજીવની આછીઅધૂરી રેખાઓ છે. રસમય નવલિકાઓ દ્વારા સંસારનો પ્રવાહ રજૂ કરવાના મારા અભિલાષ છે.

જગત : (મનમાં) પ્રસ્તાવના તો નહિ લખાવવી હોય ? (પ્રકાશ) એ ઉપરાંત કાંઈ ઉદ્દેશ છે? મારા સરખું કાંઈ કામ હોય તો અવશ્ય કહેજો.

સારિકા : વાર્તાઓને તમે નજર નીચેથી કાઢી જશો તો આભાર થશે. મારા ઉદ્દેશ મેં શરૂઆતમાં જણાવ્યા પણ છે.

(પાનાં ફેરવતાં ‘અનિવાર્ય નિવારણ’ના મથાળાથી પ્રસ્તાવના જેવું કંઈક જોતાં જગતના કેટલાક કિલ્લા કડડભૂસ હેઠા પડે છે.)

જગત : વા...આ...રુ. (અમર આશામાં) સંગ્રહકોને અર્પણ કરવા ધાર્યો છે ?

વિહારી : બરાબર.

જગત : અનિવાર્ય ન હોય તોય આવશ્યક તો ગણાય છે ને ?

વિહારી : ખરેખર ?

જગત : હાલ ને હાલ ખાતરી કરાવી આપું. (ઊભા થઈ) સરુબહેન, બેસજો. ઉતાવળ નથી ને ?

સારિકા : (હસવું ખાળી) બેઠી છું. સજ્જન સમાગમ તો સૌ કોઈ વાંચ્છે. પછી જેને પ્રાપ્ત થયો હોય તે બને તેટલો કાં ન માણે ?

(હસતાં હસતાં જગત. અંદર જાય છે.)

સારિકા : આપ પ્રસાદજીને શું થાઓ ?

વિહારી : સગપણમાં શૂન્ય. એ સિવાય શિષ્ય, સ્નેહી, જે ગણો તે.

સારિકા : એમની સાહિત્યસેવા વિશે આપનો શો અભિપ્રાય છે.

વિહારી : મારા કરતાં એમનો પોતાનો અભિપ્રાય વિશેષ રસિક, આશાભર્યો અને જાણવા જેવો છે.

સારિકા : (રસથી) કહો જોઉં.

વિહારી : એમનું સાહિત્ય અમર છે એમ તેઓ નમ્રપણે માને છે.

સારિકા : અને તમે ?

વિહારી : મારી કે તમારી માન્યતા તેમને શી પડી છે ? એઓ તો ક્યારે એમને સાઠમું વર્ષ બેસે અને ક્યારે ગુજરાત એમનો મણિમહોત્સવ ઊજવે તેના સતત ચિંતનમાં છે. છેલ્લા છ મહિનામાં જ્યારે જ્યારે હું એમને મળ્યો હોઈશ ત્યારે મણિમહોત્સવ શબ્દ મારે કાને અથડાયા વિના નથી રહ્યો. એ શબ્દના ઉચ્ચાર માત્રથી એઓ ભારે ઉલ્લાસમાં આવી જાય છે. તમે આવ્યાં ત્યારે એ જ પુરાણ ચાલતું હતું.

સારિકા : તોયે હું દાખલ થઈ ત્યારે વિષાદનું વાતાવરણ કેમ હતું ?

(વિહારીને સારિકા પ્રત્યે મન થાય છે.)

વિહારી : હા, આ ‘રાજહંસ’ વાંચીને જરાતરા વ્યાકુળ થયેલા ખરા.

સારિકા : (તરત) તો તો એનો અર્થ એવો થયો કે મારીને તમારી તો શું પરંતુ ગમે તેવા અજાણ્યાની માન્યતાની પણ એઓને બહુ બહુ પડી છે.

(વિહારીની સ્થિતિ કફોડી થાય છે.)

વિહારી : સાચી વાત. મારે જે નહોતું કહેવું જોઈતું તે તમે કબુલાવ્યું ખરું.

સારિકા : સારું થયું. પોતાની નબળાઈઓ કોઈ જાણી ન જાય એટલા વાસ્તે કેટલાક લોક — અને પ્રસાદજી તો માત્ર ઉદાહરણ ગણાય — જીવનની જુદી જુદી દિશામાં દંભની ઊંચી દીવાલો ઊભી કરે છે. પરંતુ સત્ય એટલુ તો બળવંત છે કે જ્યારે ત્યારે પણ આ દીવાલોને તોડીફોડીને બહાર આવ્યા વિના રહેતું નથી. જ્યારે આમ બને છે ત્યારે મનુષ્યને પોતાનું સાચું મૂલ્ય સમજાય છે. જે સ્વપ્નસૌંદર્યમાં, જે માયામોહમાં તે જીવન ગુજારતાં હોય છે તેનો ત્યારે અંત આવે છે, પછી તે જગતને તેના શુદ્ધ રૂપે જોઈ શકે છે એટલું જ નહિ પણ પરિણામે પોતાને પણ પૂરેપૂરો પિછાણે છે.

(સારિકાની વિદ્વત્તાથી વિહારી અંજાય છે. પાંચ પંદર પુસ્તકોના ઢગ સાથે જગત પ્રવેશે છે.)

વિહારી : તમે જે બોલી ગયાં તે બધું પ્રસાદજીએ સાંભળવા જેવું છે.

સારિકા : (શાંતિથી) મેં કહ્યું છે.

જગત : શું ?

વિહારી : (આશ્ચર્યથી) ક્યારે ?

જગત : મેં તો કશું સાંભળ્યું નથી.

સારિકા : (મનમાં) સાંભળ્યું છે; સમજાયું નથી.

(સહેજવાર ચૂપકીદી ચાલે છે.)

જગત : (એક પછી એક પુસ્તક ઉથલાવતાં) સાંભળો. સમજો. આ કાવ્યસંગ્રહ કવિએ પોતાની પ્રાણેશ્વરીને અર્પણ કર્યો છે. આ નિબંધમાલાને લેખકે પોતાના પ્યારા દેશને ચરણે ધરી છે. આ નાટકને કર્તાએ અંદરના જ એક પાત્રને ભેટ કર્યું છે. આ વાર્તાગુચ્છને લેખકે પોતાના વાચકવર્ગને સમર્પ્યો — એમ સમજીને કે આવો વર્ગ જ ન હોત તો તેમની કલમની કદર કોણ કરત ?

(મુખ મલકાવી)

સરુબહેન, અર્પણનાય કેટકેટલા પ્રકાર છે !

વિહારી : તોયે એક પ્રકાર રહી ગયો — લેખકે પોતાને જ પુસ્તક સમર્પવાનો, એમ કહીને કે પોતે જો હોત તો નહિ તો એ લખાત જ ક્યાંથી ?

(જગતપ્રસાદ મોં મચકોડે છે. સારિકા સ્વસ્થ છે.)

જગત : એટલે તમેય તે અર્પણ સામે આંખમીચામણાં ન કરશો.

સારિકા : પણ હું એ તરખડમાં નથી પડવાની. કોને કરવું એ પણ મારે મન મુશ્કેલ છે.

જગત : (અઠંગાઈથી) કેવી વાત કરો છો ! સાહિત્યમાં ઝંપલાવવા સજ્જ થયાં છો ત્યારે કોઈ ને કોઈ લેખક કે કવિને આદર્શ તરીકે સ્વીકારતાં હશોને ?

સારિકા : ના રે ના.

જગત : જો જો હોં, એવી ભૂલ ન કરશો કે જે કદી ન સુધરે.

વિહારી : એટલે, પ્રસાદજી ?

જગત : સાહિત્યમાં એકલહાથ સેવા અસંભવિત છે. એટલે બે માર્ગ બાકી રહે છે. કાં તો કોઈના ભક્ત બની જવું; નહિ તો કેટલાક ભક્ત મેળવી લેવા.

(વિહારી અને સારિકા સંદેહપૂર્વક સામેસામે જુએ છે.)

(ચિંતનના ડોળથી) તમે બન્ને જુવાન છો. જુવાનીની અવસ્થતા, અસહ્યતા તમારામાં ભરચક ભરી છે. એટલે મારા સમા અનુભવવૃદ્ધનું કહેવું તમને આકરું લાગે છે. બાકી સાહિત્ય સેવક થવું હોય, સાક્ષર થવું હોય, સાહિત્યસમ્રાટ થવું હોય તો તે કેવળ શક્તિથી નહિ થવાય. ગંગા ને જમાના જેવો શક્તિ ને યુક્તિનો સંગમ તમારામાં જો થતો હશે તો જ તમારી અસ્મિતામાં પ્રયાગની પરમ પવિત્રતાનો વાસ થશે.

(સારિકાને વિહારી સ્તબ્ધ બને છે.)

(ઊંચી છાતીથી) મારું કહ્યું માનજો. ભલાં ન થશો; ભોળાં થશો નહીં. આવું આવડશે તો જ તમારો ઉદ્ધાર છે.

(જગત શ્વાસ ખાય છે.)

વિહારી : (ઠવકાઈથી) સરુબહેન, પેલી દંભની દીવાલો વચ્ચેનું તમારું ભાષ્ય વારંવાર સાંભળવું ગમે તેટલું સરસ હતું. ફરી સંભળાવશો ?પ્રસાદજી પણ પ્રસન્ન થશે.

(જગતનું ધ્યાન 'જીવતા જળ' માં હોય છે.)

પ્રસાદજી ! હું કહું છું એ ઠીક કહું છું ને ?

જગત : વિહારી, અત્યારે આ 'જીવનનાં જળ' જોવા દે. સરુબહેન, તમારી કલમ કહે છે કે એ સારી કસાયેલી છે. 'જીવનનાં જળ' પહેલાં પણ તમે ઘણું લખ્યું હોવું જોઈએ.

સારિકા : થોડું ઘણું.

જગત :(આતુરતાથી) પરંતુ શું શું ?

સારિકા : (શાંતિથી) ક્યારેક કોઈ પ્રવાસનું વર્ણન, ક્યારેક કોઈ પુસ્તકનું અવલોકન....

જગત : (ભારથી) અવલોકન પણ ?

સારિકા : હા જી, છેલ્લા 'રાજહંસ' માં...

જગત : (ઊભા થઈ જઈ) શું બોલો છો ?

સારિકા : (નરી નિખાલસતાથી) સત્ય. એની અસર જોવા તો હું અહી આવી હતી. (આગ્રહથી) પણ આપ બેસો. હું જ જાઉં છું. જય જય.

(સારિકા ચાલતી થાય છે. જગતની આંખોમાં ઝળઝળિયાં જણાય છે. વિહારી 'રાજહંસ'માંથી 'મનોમંથન' પૂરતાં પાનાં ફાડીને સીધાં સગડીને સોંપે છે.)

વિહારી : (મનમાં) ખરેખર, સુંદરીનું સર્જન તો ભલા ભગવાનની પરપરમ કલાકૃતિ છે.)

**પડદો**

**- યશવંત પંડ્યા**

## 1.4 કૃતિનો સારાંશ

### ખંડ-1

જગતપ્રસાદ 58 વર્ષના લેખક છે. 'રાજહંસ' નામના ચોપાનિયા જેવા સામયિકમાં તેમના 'મનોમંથન' પુસ્તક વિશેનું વિવેચન છપાયું છે. વિહારી એ જગતપ્રસાદજીનો યુવાન શિષ્ય છે. 'રાજહંસ'માં છપાયેલ વિવેચનથી જગતપ્રસાદજી બહુ ચીડાય છે. જગતપ્રસાદજીને આ છપાયેલ વિવેચન જોતાં એમની લગભગ અર્ધી સદીની સાહિત્ય લખવાની મહેનત પર પાણી ફરતું લાગે છે. તે વિહારી સામે નિરાશાના સૂર કાઢે છે. આ સંવાદો વચ્ચે વિહારી જગતપ્રસાદજીને તેમની 60મી જયંતી મણિમહોત્સવ તરીકે ઉજવવાની આશા-અભિલાષા દર્શાવે છે. લેખકને પોતાની ખ્યાતિર્કીતિ દિગ્દિગંતમાં વ્યાપી જાય તેવી ઘેલછા છે. 'મનોમંથન' ચરિત્રલેખનો સંગ્રહ ઘણી જગ્યાએ અવલોકન માટે મોકલ્યો છે; પરંતુ, ક્યાંયથી પણ આવી વિવેચનાત્મક ટીકાઓનો સામનો કરવો પડ્યો નથી. 'રાજહંસ'માં જગતપ્રસાદજીના 'મનોમંથન'ને ખીચડી કહી, સાહિત્યક અપચો કહી છે – જે જગતપ્રસાદજીને ગમતું નથી. વિહારી 'સર્જકે તો સર્જ્યે જવું – વિવેચક ભલે એને મારે કે તારે' – એમ કહી દિલાસો આપવાનો પ્રયત્ન કરે છે.વિહારી લોકમત પર અવલોકનને મૂલવાનું કહે છે; પરંતુ, જગતપ્રસાદજીનું તો રાજપાટ લુંટાઈ ગયું હોય એવું વર્તન છે અને વિવેચકોને ભાંડે છે.

**ખંડ-2**

વિહારીના ફિલસૂફ જેવા આશ્વાસન સાંભળી જગતપ્રસાદજી પોતાના સાહિત્ય-જીવનની ઉષ્માના વિકાસની વાત કરે છે. વિહારી આ પ્રકારની વાત આત્મકથા લખી તેમાં ઉલ્લેખ કરવા કહે છે. 'રાજહંસ'નું ટીકાત્મક લખાણ સાંભળી થોડા સમય માટે વિહારી પણ ઉશ્કેરાય છે. ત્યારે જગતપ્રસાદજી વિહારીને પોતાના પહેલા છપાયેલા લેખની વાત કરે. પહેલા લેખ વખતે એક યુક્તિ કરી જગતપ્રસાદજીએ બે-ચાર દોસ્તદારો પાસે તંત્રીને મોકલાવ્યું કે 'આજ સુધીમાં પ્રસિદ્ધ થયેલા લેખોમાં મારો નિબંધ કંઈ અનોખી ભાત પાડતો હતો.' પછી તો તંત્રીના બીજા લેખો માટે આમંત્રણો આવવા લાગ્યાં;પણ, આ નવું માસિક લાગે છે, જેને આ પ્રકારે વિવેચન છાપ્યું છે. જગતપ્રસાદજી વિહારીને 'મનોમંથન' વિશે ફક્કડ લેખ લખવાનું સૂચન કરે છે. વિહારી છપાવવાની મૂંઝવણ અને અસમર્થતા જણાવે છે. ત્યારે એક પછી એક પડળો ખોલતા જગતપ્રસાદજી કોઈ તખલ્લુસથી લેખ છપાવવા કહે છે, ત્યારબાદ સ્ત્રીના નામે તખલ્લુસ રાખી છપાવવા માટે રવાના કરવા વિહારીને કહે છે. વિહારી આ કામ યોગ્ય ન લાગતા અણગમો વ્યક્ત કરે છે. આ દરમ્યાન જગતપ્રસાદજી સ્ત્રીઓની સાહિત્ય સૂઝ પર પ્રશ્ન લગાવે છે અને સ્ત્રીઓના નામથી ગયેલ લેખમાં તંત્રીઓ વધુ રસ લે તેવું કથન ઉચ્ચારે છે અને સ્ત્રીઓના નામે (અલબત તેમની પત્નીના નામે) પોતે જ લેખ લખ્યાં હતાંકબૂલે છે. વિહારીને આ રમત યોગ્ય ન લાગવાથી ચર્ચા થઈ રહી છે.

**ખંડ – ૩**

આ ચર્ચાઓ વચ્ચે એક સાહિત્ય રસિક સ્ત્રી પ્રવેશે છે. સ્ત્રીનું નામ સારિકા છે, ત્યાં જ નામ પાડવા વિશે, સાહિત્ય વિશે, જગતપ્રસાદજીની ખ્યાતિ વિશે થોડી વાતો થાય છે. સારિકા પોતાનું રચેલું પુસ્તક જોવા આપે છે ત્યાં આ પુસ્તક અર્પણનો મુદ્દો ચર્ચાય છે. જગતપ્રસાદ અંદર જાય છે. વિહારી જગતપ્રસાદજીના દંભને પોષવા જગતપ્રસાદ કરવા ધારતા મણિમહોત્સવની વાત કરે છે. વાતવાતમાં સારિકાજી સામે વિહારી જગતપ્રસાદજીના દંભની દીવાલો પર કટાક્ષ પણ કરે છે. સારિકા સત્યના ઉદ્ઘાટિત થવાની વાત મૂકે છે. એ સમયમાં જગતપ્રસાદજી ઘણા પુસ્તકો લઈ આવી તે કોને કોને અર્પણ કર્યા છે ?તેની વિગતો સારિકાને આપે છે અને સાહિત્યમાં એકલહાથ સેવા સંભવિત ન હોવા પર ભાર આપી કાં તો કોઈના ભક્ત બની જવું; ક્યાં કેટલાક ભક્ત મેળવી લેવાની વાત કરે છે. સારિકાનું 'જીવનનાં જળ' વાચતા જગતપ્રસાદજીને તેમની કલમ કસાયેલી લાગે છે. આ પહેલા શું લખ્યું ? એના જવાબમાં સારિકા કેટલાંક પ્રવાસ વર્ણન અને પુસ્તક અવલોકનો લખ્યાં હોવાનું જણાવે છે, ત્યાં પુસ્તક અવલોકન કયાં કર્યું?તે જવાબમાં સારિકા 'રાજહંસ' એમ કહે છે. છેલ્લે સત્ય જણાવી સારિકા'રાજહંસ'માં છાપેલા અવલોકનની શું અસર થઈ રહી છે ? તે જોવા આવી હતી તેમ ઉદ્ઘાટિત કરી ત્યાંથી વિદાય લે છે.

## 1.5 કૃતિલક્ષી સઘન અધ્યયન

યશવંત પંડ્યાના 'મનમંદિર' એકાંકીસંગ્રહનું અને તેમના નાટ્યસાહિત્યનું નમૂનેદાર એકાંકી 'ઝાંઝવાં' છે. ૧૯૨૫માં પ્રગટ થયેલા આ એકાંકીમાં સાહિત્યજગતના લોકોની

કપટવૃત્તિને બહાર લાવવાનો પ્રયાસ જોવા મળે છે. ૯૦ વર્ષની આરે પહોંચેલા સાહિત્યકારના મૌલિક ચરિત્રસંગ્રહ પર નવા શરૂ થયેલા ચોપાનિયા 'રાજહંસ'માં ટીકાત્મક લેખ છપાય છે. સાહિત્યકાર પોતાની ઉંમરના સાઠ વર્ષે પોતાના શિષ્યને મણિમહોત્સવ યોજવાનું સૂચન કરતા અને આ કાર્યક્રમની ઘેલછામાં રાચતા દેખાય છે ત્યાં તો તેમની સાહિયિક લેખનપ્રવૃત્તિ પર થયેલા આ પ્રહારથી તે વિહ્વળ બને છે. શિષ્યને આ માસિકમાં છપાયેલા લેખ વિશે વાત કરે છે. શિષ્ય 'સર્જકે તો સર્જ્યે જવું- વિવેચક ભલે એને મારે કે તારે.' - આમ, સર્જકે બહુ નિસ્બત રાખવી નહીં એવો મત રજૂ કરે છે. આ સમયે લેખક પોતાની આત્મકથા કહેતા હોય એમ તેને આ લેખનકાર્ય શરૂ કર્યા વખતની વાત કરે છે. સાહિત્ય લખવાના શરૂઆતની પોતાની કૃતિ લખ્યા બાદ પોતાના મિત્રો પાસે તેના સારા સારા રિવ્યૂ લખાવી એક ઉત્કૃષ્ટ સાહિત્યનો ચીલો પાડે છે. આ વાતને આટઆટલાં વર્ષો થઈ ગયા પછી હવે તેમના આ સામ્રાજ્ય પર થયેલા આકરા આઘાતને તે પચાવી શક્યા નથી.

જગતપ્રસાદજી તેમના શિષ્યને આ પ્રકારે વખાણ કરતો લેખ છાપવા કહે છે, જગતપ્રસાદજીના સત્યથી પરિચિત એવો એમનો શિષ્ય વિહારી તેમાં સહમત થતો નથી, તો જગતપ્રસાદજી સ્ત્રીના નામે લેખ છપાવવા કહે છે, સ્ત્રીઓ વિશેના જગતપ્રસાદજીના વિચારો નિમ્ન કક્ષાના છે. સ્ત્રી સાહિત્યકારોની બુદ્ધિક્ષમતા પર તેમણે પ્રહારો પણ કર્યા છે. જે આ સાહિત્યકારની માનસિકતાની પરિચાયક છે. એટલા જ સમયમાં એક સ્ત્રીરૂપે સારિકા જગતપ્રસાદજીને ત્યાં આવે છે. જગતપ્રસાદજી તેનામાં પોતાના કપટની પૂર્તિનું મહોરૂંજુએ છે. તે સાહિત્ય વિશે તથા પુસ્તક કોને અપર્ણ કરવું તે વિશે ચર્ચા તેમજ મંતવ્યો રજૂ કરે છે. જગતપ્રસાદજીને ત્યાં વિહારી અને સારિકા જગતપ્રસાદજીની ગેરહાજરીમાં ઘણા કટાક્ષ અને વાસ્તવિકતા સભર સંવાદ કરે છે. વિહારી જગતપ્રસાદજીની ટીકા પણ ગૂઢ રીતે કરે છે. અંતે, સારિકા એ 'રાજહંસ' માસિકમાં લખેલ જગતપ્રસાદજીના ચરિત્રપુસ્તક પર ટીકાત્મક લેખ લખનાર સ્ત્રી નીકળે છે.

અહીં ગુરુ-શિષ્યનો વાર્તાલાપ અને કહેવાતા ગુરુઓ પોતાના નિજી સ્વાર્થ માટે પોતાના શિષ્યનો કેવી રીતે ઉપયોગ કરવા ચાહે છે તેની રસપ્રદ વાતો છે એ ઉપરાંત સાહિત્ય સમાજમાં કેવી રીતે 'કયાં ભક્ત બની જવું' અથવા 'શિષ્યો શોધી લેવા' આ માનસિકતા બળૂકી રીતે રજૂ કરી છે.

આ અંતને એકાંકીકારે રહસ્યસ્ફોટ અને ચોટદાર બનાવ્યો છે. જે 'રાજહંસ'માં ટીકાત્મક લેખ લખનાર સામે જગતપ્રસાદજી વિરુદ્ધ થાય છે તે જ વ્યક્તિ એમાં પણ સ્ત્રી, અને જે સ્ત્રીઓનું બુદ્ધિક્ષમતા પર પ્રશ્નાર્થચિહ્ન મૂકતા હોય છે, તેવા જગતપ્રસાદને એક સ્ત્રી વિવેચક—અવલોકનકાર માત આપે છે. જીવતા- જાગતા અને ઘણીવાર કટાક્ષ અને અધૂરા વાક્યો છોડી એકાંકીકારે ધાર્યું કામ પાર પાડ્યું છે. સાહિત્યજગત પર કટાક્ષ કરતું આખે-આખું એકાંકી સંવાદની શૈલીમાં અભિવૃદ્ધિ કરે છે; પરંતુ, અભિનય વખતે આંગિક અભિનય તેમાં ઓછો જોવા મળે.

આ એકાંકી દ્વારા સાહિત્યસમાજમાં વ્યાપ્ત આડંબરનો તો ભેદ ખૂલે છે સાથે મોટી મોટી હસ્તીઓની નિમ્ન વિચારસરણીને પણ ખોલી આપી છે. લેખિકાઓની

સાહિત્યસેવામાં કોઈ પહેરેદાર નથી, સીધું છપાય જાય તથા પોતાનો પત્નીના નામે પોતે જ સાહિત્ય લખેલું છે તેવા ઘટસ્ફોટ એકાંકીને એક પછી એક પડળ ખૂલે એમ વાસ્તવિકતા અને માર્મિક સત્યનાં પડળો ખૂલતાં જાય છે. બહારથી સંવેદનશીલ જણાતી સાહિત્યની સૃષ્ટિમાં પણ કેવા કેવા બાહ્ય આડંબરો વ્યાપ્ત છે, તેના ઉત્કૃષ્ટ નમૂનારૂપ આ એકાંકી સમજબદ્ધ અને વિશિષ્ટ શૈલીથી લખાયેલું છે.

## 1.6 વસ્તુલક્ષી કસોટી

**(ક) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. જગતપ્રસાદ પોતાના સાહિત્ય સર્જનની વાત વિહારીને કરે છે.
2. વિહારી જગતપ્રસાદની એક પણ વાત સ્વીકારતા નથી.
3. 'રાજહંસ'માં 'મનોમંથન' વિશેનું અવલોકન પ્રકાશિત થયું છે.
4. 'મનોમંથન' વિશેનું અવલોકનમાં કૃતિના ખૂબ વખાણ થયાં છે.
5. સારિકા જગતપ્રસાદની પત્ની છે.

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

1. જગતપ્રસાદના શિષ્યનું નામ ................ છે.
2. 'રાજહંસ'એ ............. છે.
3. જગતપ્રસાદની ............. કૃતિનું અવલોકન 'રાજહંસ'માં છપાયું.
4. જગતપ્રસાદની પત્નીનું નામ ........... છે.
5. 'મનોમંથન'નું અવલોકનકાર .......... છે.

**ઉત્તર :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (ક) | 1. સાચું | 2. ખોટું | 3.સાચું | 4. ખોટું | 5.ખોટું |
| (ખ) | 1.વિહારી | 2. માસિક | 3. મનોમંથન | 4. સરિતાબહેન | 5. સારિકા |

## 1.7 કૃતિલક્ષી ભાષાકીય અભિવ્યક્તિનો અભ્યાસ

**(ક) વાક્યો ત્રણ પ્રકારનાં હોય છે.**

સાદું વાક્ય, સંયુક્ત વાક્ય, સંકુલ વાક્ય કે મિશ્ર વાક્ય

**1. સાદું વાક્ય**

**નીચેના વાક્યો જુઓ.**

- સાહિત્યમાં એકલા હાથે સેવા અસંભવિત છે.
- જગતને તેના શુદ્ધ સ્વરૂપે જોઈ શકાય.
- એની ન હોય કોઈને ચિંતા.
- સમાજને સાહિત્યનો અપચો થતો અટકટ.
- પહેલા મારા લેખો ખૂબ વંચાતા હતા.

ઉપરના દરેક વાક્યમાં એક ક્રિયાપદ કે ઉદ્દેશ્ય-વિધેયવાળી રચના છે, જ્યારે ત્રીજું અને ચોથું વાક્ય ક્રિયાપદ વગરનું છે. આમ બધાં વાક્યો 'સાદાં વાક્યો' છે.

2. **સંયુક્ત વાક્ય :** જોડાયેલાં વાક્યો વ્યાકરણની દૃષ્ટિએ સમાન ગણાય છે, એટલે કે એકબીજાથી સ્વતંત્ર રીતે ટકી શકે તેવાં હોય, અને એક વાક્ય બીજા વાક્યનું ગૌણ વાક્ય ન હોય ત્યારે એ સંયુક્ત વાક્ય કહેવાય છે. સંયુક્ત વાક્યોમાં વાક્યોને જોડનાર સંયોજકો તરીકે પદો આવે છે. જેમ કે, ને, અને, પણ, છતાં, તો પણ, છતાં પણ, તેમ છતાં, અથવા, અથવા તો, એટલે, માટે, તેથી, કારણ કે, કેમ કે, નહીંતર વગેરે.

- મારું પુસ્તક પચાવવાની એમની બુદ્ધિમાં શક્તિ નહિ એટલે જેમ આવડે તેમ એને વખોડવું ?
- તમારી મમતા હોત તો મારો ઉદ્ધાર નહોતો.
- જેનામાં ન હોય કલ્પના, ન હોય ભાવના ને ન હોય હૃદય.
- સાહિત્યસમ્રાટ થવું હોય તો તે કેવળ શક્તિથી નહિ થવાય.
- કોને કરવું એ પણ મારે મન મુશ્કેલ છે.

3. **સંકુલ કે મિશ્ર વાક્ય :** જોડાયેલાં વાક્યોમાંથી એક મુખ્ય વાક્ય અને બીજું વાક્ય ગૌણ હોય. બીજું વાક્ય મુખ્ય વાક્યના વિશેષણ વાક્ય, ક્રિયાવિશેષણ – વાક્ય કે કર્મ – વાક્ય તરીકે આવતું હોય, ત્યારે આખું વાક્ય સંકુલ કે મિશ્ર વાક્ય કહેવાય છે. સંકુલ વાક્યના સંયોજકો તરીકે 'કે' તથા 'જે-તે', 'જ્યારે-ત્યારે', 'જેમ-તેમ', 'જેવું-તેવું', 'જ્યાં-ત્યાં', 'જો-તો', 'જ્યાં સુધી-ત્યાં સુધી' વગેરે સાપેક્ષ સર્વનામો કે ક્રિયા વિશેષણો આવે છે. જેમ કે .....

- જેવા તમે એના ઉપભોગક, એવો હું એનો ઉત્પાદક !
- પણ જાણે રાજપાટ લૂંટાઈ ગયું હોય તેમ .....
- હું ધારું છું કે તમે કહ્યું હતું.
- જ્યારેઆમ બને છે ત્યારે મનુષ્યને પોતાનું સાચું મૂલ્ય સમજાય છે.
- પોતે જો હોત નહિ તો એ લખાત જ ક્યાંથી ?

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

સાદું, સંયુક્ત અને સંકુલ વાક્યરચનાઓના દશ વાક્યોની યાદી બનાવો.

(ગ) આપણે જ્યારે જે કંઈ પણ લખતા હોઈએ તેનો સામાન્ય હેતુ આપણા વિચારોને વ્યક્ત કરવાનો, બીજાને જણાવવાનો હોય. સ્પષ્ટ લખાણ માટે વિરામચિહ્નોની જરૂર છે.

- પૂર્ણવિરામ (.)
- અલ્પવિરામ (,)
- પ્રશ્નાર્થચિહ્ન (?)
- આશ્ચર્યવિરામ (!)
- અર્ધવિરામ (;)
- ગુરુવિરામ (:)
- અવતરણચિહ્ન ('')

1. **પૂર્ણવિરામ (.) :** સાદા કે નિશ્ચયાત્મક વાક્ય અને અજ્ઞાર્થ વાક્યના અંતે તથા સંક્ષિપ્ત – ટૂંકા રૂપોની પાછળ પૂર્ણવિરામનું ચિહ્ન મૂકાય છે.

- સાહિત્યના ગગનમાં તું ઊગતો તારો છે.
- અહીંથી ઉપડી જા.
- ક્યારેક પુસ્તકનું અવલોકન.

2. **અલ્પવિરામ (,) :** લાંબાં વાક્યોમાં અધૂરાં વાક્યોને અંતે, કોઈને સંબોધન કર્યા પછી, અવતરણચિહ્ન વાપરતાં પહેલાં કે બે થી વધુ શબ્દો કે પદોના શબ્દસમૂહો પછી આ ચિહ્ન વપરાય છે.

- હા, આત્મકથા કરતાં સ્મૃતિચિત્રોમાં એ ટપકાવ્યું હોત.
- એનું વૈદકનું જ્ઞાન, અરે અજ્ઞાન.
- ફાવે તેવું અમસ્તું થોથું, ધાંધલ મચાવતાં, ઊપડી જાય છે.
- વિહારી, કેમ કાંઈ બોલતો નથી !

3. **પ્રશ્નાર્થચિહ્ન (?) :** વાક્યમાં જ્યાં પ્રશ્નનો અર્થ આવતો હોય ત્યાં પ્રશ્નાર્થચિહ્ન મૂકાય છે. ધ્યાનમાં રાખવાની બાબત એ છે કે ગૌણ વાક્યમાં પ્રશ્ન હોય અને પ્રધાન વાક્યમાં પ્રશ્ન ન હોય તો વાક્યને અંતે પ્રશ્નાર્થચિહ્ન મૂકાય નહિ. એવા સંજોગોમાં પૂર્ણવિરામ મૂકવું જોઈએ.

- હેં એ ? શું કહ્યું ?
- ત્યારે તું શું માને છે ?
- વિહારી, કેમ કાંઈ બોલતો નથી ?
- હું એવી વેળા આવવા દઉં તો ને ?

4. **આશ્ચર્યવિરામ (!) :** લાગણીનો ઉદ્દગાર હોય ત્યાં, આશ્ચર્યનો ભાવ હોય ત્યાં અને સંબોધન પછી પણ કોઈવાર ઉદ્‌ગારવાચક ચિહ્નનો ઉપયોગ થાય છે.

- તમે આમ હતાશ થઈ જાઓ એ અદ્‌ભૂત છે !
- કેવું કલામય નામ ! ને કેવું કળામય કામ !
- અમારાં તે વળતાં પાણી !

5. **અર્ધવિરામ (;) :** અલ્પવિરામ પાસે આણે અલ્પપ્રમાણમાં રોકાઈ જઈએ; તો પૂર્ણવિરામ પાસે વધારે સમય રોકાઈએ છીએ. કેટલીકવાર અલ્પવિરામ કરતાં વધારે રોકાવાની જરૂર પડે અને પૂર્ણવિરામ જેટલું નહીં; ત્યારે, જે બીજાં ચિહ્નનો ઉપયોગ થાય તે અર્ધવિરામ કહેવાય.

- સાંભળ્યું છે; સમજાયું નથી.
- કાં તો કોઈના ભક્ત બની જવુ; નહિ તો કેટલાક ભક્ત કેળવી લેવા.
- ના; એમાં એની વિસ્મૃતિ થયેલી.

6. **ગુરુવિરામ (:) :** ગુરુવિરામનો ઉપયોગ વસ્તુઓની ગણતરી બતાવવા, વક્તાના વક્તવ્યની પહેલાં ગુરુવિરામનો ઉપયોગ થાય, નાટક કે સંવાદમાં પણ આ ચિહ્ન વપરાય છે. ગુરુવિરામ પાસે પૂર્ણવિરામ જેટલો વિરામ લઈને આપણે

આગળ વધીએ છીએ. કોઈ હેતુ, કામ કે નિશ્ચય સ્પષ્ટ કરવા પણ ગુરુવિરામનો ઉપયોગ થાય છે.

- વિહારી : પછી ?
- જીવનમાં ત્રણ વસ્તુ જરૂરી છે : હવા, પાણી અને ખોરાક.
- તેનો એક જ હેતુ છે : આગળ વધવું.

7. **અવતરણચિહ્ન ('')** : કોઈના કહેલા કે લખેલા શબ્દો રજૂ કરવા માટે અવતરણચિહ્નનો ઉપયોગ થાય છે.

- આ 'રાજહંસ' વાંચીને જરાતરા વ્યાકુળ થયેલા ખરા.
- જગતએ પૂછ્યું, 'કોણ ?'

આ વિરામચિહ્નો સામાન્ય રીતે રોજ-બ-રોજના લખાણમાં વપરાય છે. એ ઉપરાંત મહાવિરામ, વિગ્રહરેખા, ગુરુરેખા વગેરે ચિહ્નોનો પણ ઉપયોગમાં લેવાય છે.

**(ઘ) તમારી પ્રગતિ ચકાસો.**

**યોગ્ય વિરામચિહ્નો મૂકીને નીચેનો પરિચ્છેદ ફરીથી લખો :**

વાંચ મનોમંથનને એણે પીંખી નાખ્યું છે વેઢા ગણતાં મારું ગદ્ય મારું પદ્ય મારું અપદ્યાગદ્ય મારું ગદ્યપદ્ય મારું આ ને મારું તે વાર્તા નાટક નિબંધ કાવ્ય રાસ ગરબી ટૂંકમાં મારું લેખન કવન મારા મનસાગરના સમુદ્રમંથનમાંથી જન્મેલાં એવાં ચૌદ ચૌદ રત્નોમાંથી એને એક પણ પસંદ નથી પડ્યું અંતમાં એ અભિપ્રાય આપવાનું નથી ભૂલતા કે ગુર્જરવાડીમાં આવી ખીચડી કોઈએ પકાવી જ ન હોત તો સમાજને સાહિત્યનો અપચો થતો અટકત

## 1.8 લેખન-પ્રવૃત્તિ

- યશવંત પંડ્યાના નાટ્યસાહિત્યનો પરિચય મેળવો.
- બટુભાઈ ઉમરવાડિયા અને યશવંત પંડ્યાના એકાંકી પરની તુલના કરતી નોંધ તૈયાર કરો.
- એકાંકીકાર તરીકે યશવંત પંડ્યાનું મૂલ્યાંકન કરો.
- એકાંકી અને નાટક વચ્ચેના ભેદ વિશે માહિતી તૈયાર કરો.

## 1.9 તમારી પ્રગતિ ચકાસો.

**(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

1. 'ઝાંઝવા' એકાંકીના સર્જકનું નામ જણાવો.
2. જગતપ્રસાદ અને સારિકા કયા એકાંકીના પાત્રો છે ?
3. 60મા જન્મદિને વિહારી જગતપ્રસાદજી માટે શું કરવા ધારે છે ?
4. 'મનોમંથન'નું અવલોકન કયા માસિકમાં પ્રગટ થયું છે ?
5. સરિતાબહેનના પ્રસિદ્ધ લેખ કોણ લખતું ?

**(ખ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. જગતપ્રસાદ અને વિહારી વચ્ચેના સંબંધો સ્પષ્ટ કરો.
2. સાહિત્યકાર તરીકે જગતપ્રસાદની ત્રુટિઓ વર્ણવો.
3. સારિકાનું સત્ય શું છે ?

4. જગતપ્રસાદજીના સ્ત્રી સર્જકો વિશેના ખ્યાલ ચર્ચો.
5. જગતપ્રસાદના દંભ પરનો વિહારીનો કટાક્ષ તમારા શબ્દોમાં વ્યક્ત કરો.

**(ગ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. 'ઝાંઝવા' એકાંકીનો કેન્દ્રવર્તી વિચાર સ્પષ્ટ કરો.
2. 'ઝાંઝવા' એકાંકીમાં વ્યક્ત થતા કટાક્ષ વિશે નોંધ લખો.
3. 'ઝાંઝવા' એકાંકીના સંવાદો વિશે ઉદાહરણ સહિત ચર્ચા કરો.
4. 'ઝાંઝવા' એકાંકીમાં જગતપ્રસાદ અને વિહારીના પાત્રોનો અભ્યાસ કરો.
5. 'ઝાંઝવા' એકાંકીનો આરંભ અને અંત જણાવી, શીર્ષકની યોગ્યતા ચકાસો.

## 1.10 વિશેષ અધ્યયન

**(ક) કર્તા પરિચય** (યશવંત પંડ્યા)

યશવંત પંડ્યા ગુજરાતી નાટ્યસાહિત્યમાં નવો પ્રવાહ શરૂ કરનારા અગ્રગણ્ય લેખક હતા. ગુજરાતી સાહિત્યમાં 'ઝંઝાવાં' એકાંકીથી તે લોકપ્રિય બન્યા. 'પડદા પાછળ', 'મનમંદિર', 'અ. સૌ. કુમારી', 'રસજીવન', 'શરતના ઘોડા' તેમની નાટ્યકૃતિઓ છે. આ ઉપરાંત તેમણે બાળનાટકો પણ લખ્યાં છે. તેમની નાટ્યરચનાઓ માટે તેમણે કુમારચંદ્રકથી નવાજવામાં આવ્યા છે.

**(ખ) સ્વરૂપ પરિચય** (એકાંકી)

નાટક જેટલું પૂર્ણકદનું ન હોવા છતાં એકાંકીકાર પોતાની શૈલી અને શબ્દસૂઝથી પોતાની અભિપ્રેત સંદેશો એકાંકી દ્વારા ચોટ સાથે વાચક-ભાવકને પહોંચાડી શકે છે. એકાંકી અભિનેય સાહિત્યપ્રકાર હોવાથી તેમાં સ્થળ-કાળ અને મંચ પરની દરેક વસ્તુઓનું મૂલ્ય તેની મંચસજ્જતા આંકલન પરથી થાય છે. ખરું જોઈએ તો, એકાંકી એવું માધ્યમ છે, જે સમાજમાં વ્યાપક સમસ્યાઓનો અભિનય દ્વારા ભાવકના હૃદય સુધી પહોંચાડી ધારી અસર મૂકી શકાય. સમય અને સ્થળના વિશેષ ફેરફાર વગર એક સૂક્ષ્મ ઘટનાના જોરે આખું એકાંકી જીવનલક્ષી બની શકે છે. ઓછાં સાહિત્યિક સંસાધનો સાથે પણ કલાત્મક એકાંકી કૃતિ રચી શકાય છે.

**(ગ) વિશેષ વાચન**

- ગુજરાતી એકાંકીકારોનો પરિચય મેળવી, અભ્યાસ કરો.
- નાટ્યસાહિત્યમાં એકાંકીનું સ્થાન અને તેના વિકાસની વિગતો મેળવો.
- સાહિત્યસર્જન વિશેના મુદ્દાઓ પર વિસ્તૃત નોંધ તૈયાર કરો.
- સાંપ્રત એકાંકીઓ મેળવી અધ્યયન કરો.

**● ટિપ્પણ :**

| | | |
|---|---|---|
| ઠાવકાઈ | - | ગંભીરતા, વિવેક |
| અખાડો | - | કુસ્તી કરવા માટે બનાવેલી જગ્યા, કસરત શાળા |
| દિગંત | - | દિશાનો અંત, ક્ષિતિજ, દૂરનું સ્થાન |
| રસમય | - | રસરૂપ, રસથી પરિપૂર્ણ |

| | | |
|---|---|---|
| અભિલાષા | - | મનની કામના, ઉત્કટ ઈચ્છા |
| અજોડ | - | જેની જોડ ન હોય એવું, અદ્વિતીય |
| સ્મૃતિચિત્ર | - | અનુસ્મરણાલેખન, મેમરી ડ્રૉઈંગ |
| આફત | - | આપત્તિ, સંકટ, દુઃખ, મુશ્કેલી |
| વાર્તાગૂચ્છ | - | વાર્તાઓનો સમૂહ |
| મનોમંથન | - | મનમાં ચાલતું મંથન |
| ધૂંવાંપૂંવાં | - | આવેશ કે ગુસ્સાથી બેબાકળું, ધૂંઆપૂંઆ |
| ભાત | - | વેલ બુટ્ટીવાળી છાપ, રીત, પ્રકાર |
| બળવંત | - | બળવાળું, સબળ |
| માસિક | - | માસને લગતું, માસિકપત્ર, દરમાસે નીકળતું પત્ર |
| મથાળું | - | ટોચ, શીર્ષક, લખાણનું માથું |
| અવતરણ | - | ઉતારો, ટાંચણ |
| કકળાટ | - | કજિયો, ક્લેશ, રાડારોડ, બુમરાડ |
| તખલ્લુસ | - | ઉપનામ |

**● સંદર્ભ સૂચિ**

- યશવંત પંડ્યાના એકાંકીઓ — સંપા. સતીષ વ્યાસ, મીનળ દવે
- એકાંકી સંચય – 1 — સંપા. વિનોદ અધ્વર્યું
- એકાંકી સ્વરૂપ અને સાહિત્ય — નંદકુમાર પાઠક

---

**લેખન :** ડૉ.હેતલ ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

એકમ 2

# સાતડે મીંડે શૂન્ય

- ચુનીલાલ મડિયા

રૂપરેખા

2.1 ઉદ્દેશો

2.2 પ્રસ્તાવના

2.3 કૃતિ

2.4 કૃતિનો સારાંશ

2.5 કૃતિલક્ષી સઘન અધ્યયન

2.6 વસ્તુલક્ષી કસોટી

2.7 કૃતિલક્ષી ભાષાકીય અભિવ્યક્તિનો અભ્યાસ

2.8 લેખન-પ્રવૃત્તિ

2.9 તમારી પ્રગતિ ચકાસો

2.10 વિશેષ અધ્યયન

- ટિપ્પણ
- સંદર્ભસૂચિ

## 2.1 ઉદ્દેશો

- આ એકાંકીના અભ્યાસ દ્વારા તમે –
  'સાતડે મીંડે શૂન્ય' એકાંકીનો આસ્વાદ માણશો :
    - કથાવસ્તુની દૃષ્ટિએ
    - પાત્રાલેખનની દૃષ્ટિએ
    - સંવાદકળાની દૃષ્ટિએ
    - અભિનયક્ષમતાની દૃષ્ટિએ
- એકાંકીમાં માનવ સ્વભાવની વૃત્તિઓનો પરિચય મેળવશો.
- માનવીની ઘેલછા અને ઈર્ષ્યાવૃત્તિ કેવા પરિણામ આપી શકે તે જાણશો.
- એકાંકીમાં દર્શાવાતો મનૌવૈજ્ઞાનિક સંદર્ભ સમજાવશો.
- શહેરી જીવનના વળાંકો અને રીત-રસમને એકાંકીના સ્વરૂપમાં માણશો.

## 2.2 પ્રસ્તાવના

કોઈપણ વ્યક્તિને ઘેલછા હોય તો પોતાની એ વૃત્તિને સંતોષવા માટે વ્યક્તિ કેવા કેવા સમીકરણો જોડતો હોય છે. બીજી તરફ માનવ સ્વભાવનું લક્ષણ છે કે પોતાનું સારું થાય કે ન થાય, પોતાને મળે કે ન મળે; પરંતુ, બીજાનું તો સારું ન જ થવા દઉં કે એને તો ન જ મળવા દઉં. માનવીની આ મનની વૃત્તિઓને નાટકીય રીતે એકાંકીમાં ઢાળી ચૂનિલાલ મડિયાએ પ્રસ્તુત કર્યું છે.

## 2.3 કૃતિ (સાતડે મીંડે શૂન્ય)

**પાત્રો**

★ ઉમેશ ★ કામા ★ વાઘજીભાઈ ★ ચૌહાણ ★ ફોટોગ્રાફર ★ પ્રિન્સિપાલ

કૉલેજમૈયાના આલેશાન મકાનના મુખ્ય પ્રવેશદ્વાર આગળ સહેજ ત્રાંસી દિશામાં મોટી જાજમ બિછાવી છે. એની ઉપર સાત ખુરશીઓ, દોરીની છાંટ મારીને ગોઠવી હોય એમ સીધી લીટીમાં પડી છે. એના પાયા આગળ ટ્રૉફીમાં જિતાયેલાં કપ અને શિલ્ડ પડ્યાં છે.

સામે દશેક ફૂટ દૂર ત્રણપગી ઘોડી ઉપર કૅમેરાનું ડબલું, પ્રયોગશાળાનાં હાડપિંજર ઉપર ખોપરી લટકતી હોય એવો આભાસ આપે છે.

ફોટોગ્રાફરે ફોટો લેવાનું કાળું લૂગડું ગળામાં ઊંધા 'U' અક્ષરની જેમ નાખ્યું છે.

કૉલેજ જિમખાનાનો સામાન્ય મંત્રી ઉમેશ ખુરશીઓની પીઠ ઉપર કાગળની ચબરખીઓ બાંધે છે.

ઉમેશ (છેલ્લી ખુરશીને ચિઠ્ઠી બાંધી રહી, કેડે હાથ દાબી, છુટકારો અનુભવતાં) : હા...આ...શ! પીઠ અને બરડો એક થઈ ગયાં છે આજે તો ! ફોટોગ્રાફરની સહાનુભૂતિ માગતો હોય એવી રીતેઃ ફોટો તો સહુનો પડશે, પણ તેલ તો મારું એકલાનું જ નીકળશે.

ફોટોગ્રાફર : મિસ્ટર, જનરલ સેક્રેટરી અમસ્તું થવાતું હશે ?

ઉમેશ : અરે મરવા દે ને યાર, એ વાત ! પાઈની પેદાશ નહિ ને ઘડીની ફુરસદ નહિ.

ફોટોગ્રાફર : અરે સાહેબ, જરાક તો ઉપર બેઠેલા હજાર હાથવાળાનો ભો રાખો ! [હસે છે.]

ઉમેશ (સહેજ ચોંકી ઊઠીને) : કેમ ? શું ?

ફોટોગ્રાફર : કહો છો ને, પાઈની પણ પેદાશ નથી, એટલે મારે બોલવું પડ્યું. જિમખાના જેવા જિમખાનાના સેક્રેટરી છો, ને બીજું કાંઈ નહિ તો છેવટ બે ગરમ સૂટ, કે એકાદ ઘડિયાળ, એકાદું –

ઉમેશ (મોટેથી હસીને) : ના... રે ના, યાર ! ગુજર ગયા વો જમાના. હવે તો બીજા ધંધાની જેમ આ ધંધામાં પણ કસ નથી રહ્યો.

ફોટોગ્રાફર (વ્યંગભરી દિલસોજીથી) : શું વાત કરો છો !

ઉમેશ : સાચ્ચું કહું છું, દોસ્ત ! ઇલેક્શન વખતના કૅન્વાસિંગ કાર્ડ્ઝનું ખરચ પણ માંડ માંડ નીકળે છે.

ફોટોગ્રાફર : ત્યારે તો લાખના બાર હજાર જેવો ધંધો થ્યો !

ઉમેશ (એક ખુરશી પર ચિઠ્ઠી વાંચીને બેસતાં) : અરે મરવા દે ને યાર ! વરસ આખું મિટિંગોના એજન્ડા અને મિનિટો લખી લખીને લાંબો થઈ જાઉં છું. (બાજુની ખુરશીની ચબરખી વાંચીને) : આ તો, મિસ નાણાવટીની પડખે બેસીને ફોટોગ્રાફમાં અમર થઈએ એટલું જ નફામાં.

ફોટોગ્રાફર : એ નફો પણ ઓછો છે ?

ઉમેશ (મીઠા મલકાટથી) : મરવાદે ને યાર ! (વાત બદલીને) : અરે હા, તમે જજમેન્ટ બરોબર લઈ લીધું ? છેલ્લી ખુરશીઓ ફોકસમાં પૂરેપૂરી સમાઈ જાય છે ?

[ફોટોગ્રાફર કપડું ઉખેળીને કૅમેરા ઉપર ઢાંકે છે. થોડી ક્ષણો અંદર મોં રાખીને બધું જુએ છે.]

ફોટોગ્રાફર : મારા જજમેન્ટમાં એક તસુનોય ફેર ન હોય !

ઉમેશ : વેઈટ આ મિનિટ, હું જોઈ લઉં. (કૅમેરાનું કપડું ઊંચકીને અંદર જુએ છે. થોડી વાર પછી) : અરે ! તમને કાંઈ વાંધો ન હોય તો પેલી ખુરશી ઉપર જરા બેસશો?

ફોટોગ્રાફર (ઉમેશ બેઠો હતો ત્યાં બેસવા જતાં) : અહીયા કે ?

ઉમેશ : નહિ, નહિ, જોડેની ખુરશીમાં. મિસ નાણાવટીની ચિઠ્ઠીવાળી ખુરશીમાં.

ફોટોગ્રાફર (ખુરશી પર બેસતા) : સાહેબ, મારા જજમેન્ટમાં એક તસુનોય ફેર ન પડે. આજ વીસ વીસ વરસ થવા આવ્યાં આ ધંધામાં.

ઉમેશ : એ તો હવે મરવા દે ને યાર ! હું તો એ વિચારતો હતો કે મિસ નાણાવટી કયા પૉઝમાં સારાં લાગશે ? પગ ઉપર પગની આંટી નાખીને કે-

ફોટોગ્રાફર (ઊભો થઈને) : અરે સાહેબ, ગમે તેમ છો ને બેસતાં, તમારા મિસિસ નાણાવટી... અમારા ફોકસમાં દોરાનો પણ ફેર ન આવે.

ઉમેશ (સહેજ હસીને, ગભરાટમાં ફોટોગ્રાફરના મોં ઉપર હાથ મૂકીને) : અરે સીત ! સીત ! શાંતમ્ પાપમ્ ! શાંતમ્ પાપમ્ ! આ શું બાફી માર્યું ! હજી તો Wooing ચાલે છે. (જરા વાર રહીને મલકાટ સાથે) : પણ જન્મોતરી જોવામાં તમને સારી ફાવટ લાગે છે. ધન-મકર-મીનનો અભ્યાસ કર્યો છે કે શું ?

ફોટોગ્રાફર : મારા સાહેબ, એવા જ્યોતિષીઓનાં ટીપણાંની અમારે જરૂર જ ન હોય; અમારી આ આંખ જ મોટું ટીપણું છે... આજ વીસ વીસ વરસથી આ ધંધો કરું છું. (કૅમેરાનો કાચ બતાવતાં) : આ લૅન્સમાં રિફ્લેક્ટ થઈને કેટલીય મિસ નાણાવટીઓ મિસિસ બની ગઈ... પણ મારું એક્કેય ‘જજમેન્ટ’ હજી સુધી તો ખુદાએ ખોટું નથી પાડ્યું.

[ચૌહાણ પ્રવેશે છે. બેવડી કાઠીનો જખ્ખર કાઠિયાવાડી બાંધો, કૉલેજનાં સંજ્ઞાચિહ્નવાળો કોટ, ગળે ટાઈની જગ્યાએ ઝીણી ટીલડીવાળો ગલપટો, હાથમાં બૅટ અને નાનકડો કપ.]

ચૌહાણ : કેમ છો, ઉમેશભાઈ ?

ઉમેશ : ઓહોહો ! ચૌહાણ ?

ચૌહાણ : કાંઈ બહુ તરખડમાં પડી ગયા છો ?

ઉમેશ : શું કરીએ યાર ! સેક્રેટરી મૂઆ છીએ ને !

ચૌહાણ (ખુરશીઓ સાથે બંધેલી ચબરખીઓ તરફ નજર જતાં) : આ વળી શેનું તોફાન છે, ઉમેશભાઈ ?

ઉમેશ : અરે વાત જવા દે ને યાર ! કોણ કઈ ખુરશી ઉપર બેસવું એની ચિઠ્ઠી છે એ તો.

ચૌહાણ : એની પણ વળી ચિઠ્ઠી ? જ્યાંત્યાં બેસીને ઝટપટ ફોટો નથી પાડી નાખતા, ભલા માણસ ! આજે આ ફોટાના લપસીંદરે તો અમારી પ્રૅક્ટીસ અટકી પડી. કાલે રવિવારે તો બૅરોનેટ ટીમ સાથે મૅચ છે.... આવાં ચિઠ્ઠાંબિઠ્ઠાંનાં તોફાન તો અમારી નવ વરસની કૉલેજ-કરિઅરમાં નથી દીઠાં.

ઉમેશ (મર્મમાં) : ચૌહાણ, આ વર્ષે એની જરૂર પડી છે !

[વાઘજીભાઈ પ્રવેશે છે. પ્રયત્નસાધ્ય નહિ પણ સ્વભાવજન્ય સાદાઈ અને

અસાધારણ ઊંચાઈને લઈને તેઓ સાવ જુદા તરી આવે છે.]

વાઘજીભાઈ : કેમ ચૌહાણ, આજે તો ફૉર્મમાં છો ને !

ચૌહાણ : આપણે કયે દિવસે ફૉર્મમાં નથી હોતા ?

વાઘજીભાઈ : છતાં આજે તો વિશેષ... ફોટા પડાવવાનો છે...

ચૌહાણ : અરે, ફોટાબોટાની આ ઘડી આંઈ કહું એવી...

વાઘજીભાઈ : એમ તે હોય ? તમે પણ ચૌહાણ છેક-

ચૌહાણ : હા, હા, સાચું કહું છું. ફોટાની તો એસીતેસી. ફોટા પડાવી પડાવીને તો અમે ગલઢા થવા આવ્યા.

ઉમેશ : રાઇટ ! ચૌહાણની એ વાત સાચી છે. નવ વરસની લાંબી કરિઅરમાં ટીમનાં કૅપ્ટન તરીકે અને ક્રિકેટના સેક્રેટરી તરીકે ઘણાય ફોટા લેવડાવી લીધા હશે. ખરું કે નહિ, ચૌહાણ ?

ચૌહાણ : અરે, લાટબંધ ફોટા પડાવી નાખ્યા છે !

વાઘજીભાઈ(વ્યંગમાં) : કેટલો, દશવીશનો સ્ટૉક થવા આવ્યો હશે ?

ચૌહાણ : અરે, સ્ટૉક કેવો ને વાત કેવી ? એ તો કે દીના સઘડી પેટાવવાના પંખા બનીને હાલ્યા ગયા ! કોણ જાણે, એકાદબે ભૂલથી ખૂણેખાંચરે બચી ગયા હોય તો. ઈ ઓણ ઉનાળામાં હવા ખાવા કામ આવશે.

ઉમેશ (હસીને) : આજ સુધી તો હું માનતો કે તમે કાઠિયાવાડીઓ શરીરમાં જાડા હશો. હૃદયનું પણ એટલું જાડ્ય હશે એ તો આજે જ જાણ્યું.

ચૌહાણ : ઈ હૃદય બદયની વેવલાઈમાં હું ન હમજું. તમારે જી કેવું હોય ઈ સીધું ને સટ કહી દિયો !

ઉમેશ : શું કહેવું, યાર ? કૉલેજ જિમખાનાની એક અગત્યની પોસ્ટના હોલ્ડર તરીકેના ફોટોગ્રાફને-કરિઅરના એક માઈલસ્ટોને ચાંદીની ફ્રેમ ન મળે તો છેવટે લાકડીની ફ્રેમમાં મઢાવીને જતનથી જાળવી રાખવો જોઈએ, એને બદલે તમે લોકો તેને શુક્રવારીમાં પાણીને મૂલે મળતા પંખા ગણીને સઘડી પેટાવવામાં વેડફી મારો છો!

વાઘજીભાઈ : એની અવેજીમાં ઑનો ઑનો કરચીને પંખા જ ખરીદી લેતા હોય તો શું ખોટું ? કેમ ઉમેશભાઈ ?

[વાઘજીભાઈ ખુરશીઓ ઉપરની ચિઠ્ઠીઓ વાંચે છે.]

ચૌહાણ : પણ સેંથકના ફોટાવનો તી આથો થાય છ ? રદ્દી પસ્તીવાળાઓ પણ 'ટાઈમ્સ'ના અંકો વીણી વીણીને જોખી લ્યે છે, ને ફોટાના પૂઠાંનું વજન વધી ન જાય એટલા સારું પાછા ફેંકતા જાય છે.

ઉમેશ : એલાસ ! માય ફ્રેન્ડ ચૌહાણ, આઈ પીટી ટૂ પુઅર ચૅપ? તમારા કાઠિયાવાડીઓમાં, હૉસ્પિટેબિલિટીના એસેમાં આવે છે તે પ્રમાણે હૉસ્પિટેબિલિટી કદાચ હશે, પણ હાર્ટ નથી એ તો ચોક્કસ. સોરઠી બહારવટિયાઓમાં શૌર્ય હશે; પ્રેમ જેવી કોઈ ચીજથી તેઓ પરિચિત હોય એમ મને લાગતું નથી.

ચૌહાણ : શા ઉપર કહો છો ? અમારે ત્યાં તો શેણી-વિજાનંદ જેવા પ્રેમીઓ શહીદ થઈ ગયાં છે.

ઉમેશ : એ શહીદો સાથે જ પ્રેમની કાયમને માટે શહાદત થઈ ગઈ લાગે છે. નહિતર, મિસ નાણાવટી જેવી ગર્લનીસાથે એક જ પ્લેટમાં લેવાયેલ ફોટોગ્રાફને, પસ્તી

ઉઘરાવવા ત્રાજવું ખભે નાખીને ફરતા પેલા અરસિક મારવાડીઓના કોથળામાં પધરાવતાં તમારું હૃદય – જો હોય તો – થંભી જ કેમ ન જાય?

વાઘજીભાઈ (ચિઠ્ઠી વાંચીને) : અરે ઉમેશભાઈ, આ તે તમે શું કર્યું ?

ઉમેશ : કેમ ? શું છે વળી ?

વાઘજીભાઈ : આ મિસ નાણાવટી, પ્રિન્સિપાલની જમણી બાજુની વિંગમા – તમારી જોડે – અને આ આપણા ટેનિસ સેક્રેટરી મિસ્ટર કામા ડાબી બાજુની વિંગમાં?

ચૌહાણ : એમાં ક્યું ખાટુંમોળું થઈ ગ્યું ? કે તમે લોકો પણ અમારી ઘોડ્યે ડાબાજમણાનાં શુકન-અપશુકનમાં માનો છો ?

વાઘજીભાઈ : નહિ, નહિ, ડાબાજમણાની વાત જ નથી. આ તો બિચારા કામાની ખુરશી, જિમખાનાના ચેરમૅન પ્રોફેસર સૂળેની જોડે નાખી છે, એટલે કેહવું પડ્યું.

ચૌહાણ : પણ એમ ગોઠવ્યું, એમાં કામાના ડોહાના ડોહાનો ક્યો ગરાશ લૂંટાઈ ગયો ?

વાઘજીભાઈ : અરેરે ! ચૌહાણ, તમે વિકેટકીપિંગ અને બૅટિંગમાં જેટલા બાહોશ બન્યા, એટલા જ આવી બાબતોમાં બોઘા રહી ગયા છો.

ચૌહાણ : એમ કે ?

વાઘજીભાઈ : હા જ તો વળી. જે વાત પ્રિન્સિપાલથી માંડીને પટાવાળા સુધી સહુ કોઈ જાણે છે-

ઉમેશ : સીત સીત ! (સહુને મૂંગા રહેવાનું સૂચવતાં) : પ્રિન્સિપાલ આવી તો નથી ગયા ને ? (ડાબી બાજુ ડોક લંબાવીને જુએ છે.)

[પાંચસાત મિત્રોના ઘેરામાં વીટળાઈને કામા પ્રવેશ કરે છે. પાકેલ ટમેટા જેવો મોંનો વાન છે. એમાં રોજ રોજ દાઢી બનાવનારાઓને હોવા જોઈએ એટલો વાળના ઠોંસાનો લીલો કાચ જેવો રંગ ભર્યો છે... હાથમાં રૅકેટ છે. અંગેઅંગમાં ટેનિસ-ખેલંદાની સુવાળપભરી નાજુકાઈ છે. જીભમાં દડા જેવી ચંચળ વાચાળતા છે.]

કામા : હલ્લો ! મિસ્ટર ચૌહાણ ! હાવ ડુ યૂ ડુ ?

ચૌહાણ : ક્વાઇટ ઓકે-

કામા : સહુ મેમ્બર્સ આવી ગિયા છે કે? (અડખેપડખે નજર ફેરવીને) : એક્સેપ્ટ ઑફ કોર્સ, મિસ નાણાવટી.

વાઘજીભાઈ : તમારી કાર આજે એ સોસાયટીમાં થઈને નહોતી લીધી ? કે પછી જગ્યા નહોતી એટલે લિફ્ટ ન આપી શક્યા ?

કામા (મીઠા રોષથી) : શું વાઘજીભાઈ, તમેય પણ !... આવશે એ તો ટાઈમ થશે એટલે એમની મેળે.

વાઘજીભાઈ : ટાઈમસર આવવામાં જ સેફ્ટી છે ને ! વહેલાં આવને કયો લાભ કાઢવો?

કામા : રાઇટો ! એટલા સારુ થઈને તો ક્લાસીસમાં પણ એમને પ્રોફેસરોની પાછળ પાછળ આવવું પડે છે.

ચૌહાણ : એ પણ આપણે માટે કેટલી શરમની વાત !

કામા : શરમની કે શાબાશીની ?

ચૌહાણ : તમારે મન એમ હોય, તો એમ ગણો. બાકી, આપણા જેવા મલકના ઉતાર બાવંઢાઓની વચ્ચે માનભેર ઊભા રહેતાં એ બિચારીઓને શુંનું શું થાતું હશે એ તમને ક્યાંથી ખબર પડે ?

વાઘજીભાઈ (વ્યંગમાં) : થતું હશે કે ધરતી મારગ આપે તો સમાઈ જાઉં !

ચૌહાણ (પૂર્વવત્ ગાંભીર્યથી જ) : તે ન થાય ? અમારે કાઠિયાવાડમાં તો જુવાન છોકરીઓ ઝાડે ફરવા પણ એકલી ન જઈ શકે.

વાઘજીભાઈ : જ્યારે, અહીં સાવ ઊલટી જ હકીકત છે. અહીંની છોકરીઓ બધી જ જગ્યાએ એકલી જ જઈ શકે. 'બે'કલાં જવામાં જ જોખમ. ખરું કે નહિ, કામા?

કામા : એ જોખમ કાંઈ આજનું, નવીનવાઈનું થોડું છે, દીકરી ? એ તો, બાવા આદમ અને દાદી હવા ઈદનના બગીચામાં 'બે'કલાં બન્યાં ત્યારથી જ એનાં જોખમી પરિણામો આપણે ભોગવતાં આવ્યાં છીએ ને ?

ફોટોગ્રાફર (કંટાળીને બગાસું ખાતાં) : તમારા પ્રિન્સિપાલ તે ઓણ આવશે કે પોર ?... અને મિસિસ – કેવાં ? નાણાવટી ?-

વાઘજીભાઈ : અરે ભલા માણસ, ચામડાની જીભને જેમ વળે એમ જ કાં વળવા દે? જરાક તો લગામ રાખ !

ઉમેશ : વાઘજીભાઈ, જરા ધીમે બોલો. (બાજુ તરફ ડોકું તાણીને) : પ્રિન્સિપાલ ઑફિસમાં આવી ગયા હશે અને આવી વાતો સાંભળી જશે તો એનો પિત્તો જશે અને ફોટોગ્રાફ ફોટોગ્રાફને ઠેકાણે રહેશે.

ચૌહાણ : તે તમે સહુ આટલાબધા ચરકણિયા ક્યાંથી થયા છો ? વાત વાતમાં પ્રિન્સિપાલથી બીબીને મરી જાઓ છો તે !

ઉમેશ : તમે એને ઓળખતા નથી, ચૌહાણ ! સહેજ પણ ગંદી વાતો એને પસંદ નથી. આપણી આ ઠઠ્ઠામશ્કરી એને કાને પડે તો ફોટોગ્રાફનો આખો આઇટેમ જ ઉડાડી નાખે !

ચૌહાણ : ઉડાડી નાખે તોય આંહી કોના બાપને પડી છે ? કાલ ઉડાડતા હોય તો આજે જ ઉડાડે !

ઉમેશ : એવી સ્થિતપ્રજ્ઞતા તમારા જેટલી અમે કેળવી શક્યા નથી. અહીં તો સેક્રેટરી તરીકેની વરસ આખાની ગધ્ધામજૂરીની કરીકમાણી આ ફોટોગ્રાફ જ છે... શું કહો છો, વાઘજીભાઈ ?

વાઘજીભાઈ : હા જ તો. એટલા સારું થઈને તો હું વૉલીબૉલના સેક્રેટરી તરીકે ઊભો રહ્યો. ખરું કે નહિ, કામા ?

કામા : ઑફ કૉર્સ. ફોટોગ્રાફ માટે થઈને તો મેં પેલા ફડકેની સામે પ્રોવિન્સીયાલિઝમનો સ્પિરિટ ઊભો કરીને ઇલેક્શનમાં કૉન્ટેસ્ટ કર્યો, અને સો રૂપિયાનાં કેન્વાસિંગ કાર્ડ્ઝ છપાવ્યાં અને પચ્ચીસ રૂપિયાનાં પોસ્ટર્સ ચીતરાવ્યાં; અને બેલેટ વખતે ભૂંગળા લઈને ભૂંકનાર કેન્વાસરોનાં ચા-પાણી ને સિગારેટનું બિલ તો હજી રેસ્ટોરાંમાં ભરવાનું બાકી છે.

વાઘજીભાઈ : કામા, તમે તો મિસ નાણાવટીએ લેડી-સ્ટુડન્ટ્સના પ્રતિનિધિ તરીકે નૉમિનેશન નોંધાવ્યું એની પાછળ જ આટલું ખર્ચ કરીને શહીદ બન્યા છો. એટલે, તમારી અને અમારી સહાદતમાં ફેર છે –

[ઓચિન્તા જ, કામા પાટલૂનની ક્રીઝ અને ટેનિસનો કૉલર ઠીક કરવા માંડે છે.]

કામા (વાંસો ફરીને) : વાઘજીભાઈ, પાછળના ભાગમાં કૉલર ઑલરાઈટ છે ને ?

વાઘજીભાઈ : અરે ક્વાઈટ ઓ. કે. ! (ખુરશી ઉપર બેસવા જાય છે. એમને રોકતાં) : કામા, એ તો ઉમેશભાઈની ચૅર છે. તમારી ચૅર પ્રિન્સિપાલની પેલી ગમ છે.

કામા : કોણે કહ્યું ?

વાઘજીભાઈ : આ જુઓ ને, સ્લિપ્સ ચોંટાડેલી છે-

કામા : સ્લિપ્સ ? શા માટે ? કોણે ચોંટાડી ?

[કોઈ તરફથી કશો ઉત્તર ન મળતાં, પોતે જ ચીઠ્ઠીઓ વાંચવી શરૂ કરે છે.]

વાઘજીભાઈ : આ સ્લિપ તમારી. તમારે અહીં બેસવાનું.

કામા : અને અહીં ?

વાઘજીભાઈ : પ્રોફેસર સૂળે.

કામા : તો પછી મિસ નાણાવટી ક્યાં બેસશે ?

વાઘજીભાઈ : પ્રિન્સિપાલની પેલી બાજુ.

કામા : અને એમની બાજુમાં કોણ બેસશે ?

વાઘજીભાઈ : ઉમેશભાઈ જ તો !

કામા : ઓહ્હો! નાવ આઈ સી! એ વેલ-થોટ-આઉટ કોન્સ્પિરસી જ, આઉટ ઍન્ડ આઉટ કોન્સ્પિરસી!

વાઘજીભાઈ : ગન-પાઉડર પ્લૉટના શબ્દો કે ?

કામા : નહિ, રાઈ-હાઉસનું કાવતરું.

વાઘજીભાઈ : ચાર્લ્સ પહેલાના વખતમાં કે જેમ્સ બીજાના રાજમાં ?

કામા : એટલી બધી ડીતેઇલ્સ અત્યારે ગોખી નથી રાખી. (જરા વાર રહીને) : બટ, એ વેલ-થોટ-આઉટ કોન્સ્પિરસી, સેબોટાજ-

વાઘજીભાઈ : અગેઈન્સ્ટ હુમ ? કોની સામે ?

કામા : મારી જ સામે તો !

વાઘજીભાઈ : કોના તરફથી ?

કામા : જનરલ સેક્રેટરી તરફથી જ, બીજા કોના તરફથી ?

ઉમેશ (કામાને) : એમાં કાવતરા જેવો ભારે શબ્દ આટલો બધો સસ્તો કરી નાખવાની જરીકેય જરૂર નથી. મેં તો મારી ફરજ બજાવી છે.

કામા : આવી મીઠી ફરજ બજાવવા માટે મારાં કૉંગ્રેચ્યુલેશન્સ, મિસ્ટર ઉમેશ !

ઉમેશ : આટલું બધું સારકેસ્ટિક બોલવાની કાંઈ જરૂર ?

કામા : ઘન્ની જ.

ઉમેશ : શા માટે ?

કામા : એટલા માટે કે તમે જરા વધારે પડતી ફરજ બજાવી નાખી છે. ચિઠ્ઠીઓ ચોંટાડવાની જરા બી નેસેસીટી નહોતી.

ઉમેશ : ઘણી જ હતી. કોણે ક્યાં બેસવું તે તો નક્કી થવું જોઈએ ને ?

કામા : નક્કી શા માટે કરવું જોઈએ ? સહુને ફાવે ત્યાં સહુ બેસી શકે છે.

ઉમેશ : કેવી નાખી દીધા જેવી વાત કરો છો ! તો તો પછી, કાલ સવારે ઊઠીને કોઈ કહેશે કે હું તો પ્રિન્સિપાલની જગ્યાએ બેસીશ-

વાઘજીભાઈ(વચ્ચેથી) : અને કહેશે કે પ્રિન્સિપાલને મારી ખુરશીની પાછળ ઊભા રાખીશ-

[સૌ હસી પડે છે.]

ઉમેશ (હસવાનું ચાલુ રાખતાં) : એટલે, જગ્યાઓ નક્કી કર્યા વગર તો કેમ ચાલે ?

કામા (કરડાકીથી) : પણ એ નક્કી કરનાર તમે કોન ?

ઉમેશ (ગભરાટથી) : હું ?.... હું.... (આત્મશ્રદ્ધાથી ઠંડકથી) હું જિમખાનાનો જનરલ સેક્રેટરી, બૅલેટ પદ્ધતિએ, સંપૂર્ણ ડેમોક્રૅટિક રીતે ચૂંટાયેલો અને-

ચૌહાણ : ખુદાને ખાતર, ડેમોક્રૅટિક શબ્દ ન વાપરો. ઑક્સફર્ડ ડિક્ષનરીમાં એનો ગમે તે અર્થ આપ્યો હશે, પણ એના અતિ વપરાશને લીધે, એ શબ્દ ઉચ્ચારાય છે ત્યારે એનો અર્થ 'ઑટોક્રૅટિક' જ થાય છે. અને ડેમોક્રસી પણ આખરે તો મોબોક્રસી જ છે ને ?

કામા : જનરલ સેક્રેટરીને મિટિંગોના એજન્ડા બહાર પાડવા સિવાય બીજું કામ કરવાનું કોણે કહ્યું છે?

ઉમેશ(હસી પડતાં) : જોઈ લેજો ! આ વધારે કામ કરવાનો બદલો !

કામા : જરૂર કરતાં વધારે કામ કરનારાઓથી જ આપણે ચેતીને ચાલવાનું છે. આપણા લીડર્સ બી વધારે પડતી સર્વિસને લીધે જ આટલી બધી ડીસ-સર્વિસ કરી રહ્યા છે ને ?

ઉમેશ : તમને પેટમાં કઈ જગ્યાએ દુખે છે, એ હું સમજી શક્યો છું.

કામા : તમારી શાર્પ સમજશક્તિ બદલ કૉંગ્રેચ્યુલેશન્સ !

ઉમેશ : થૅંક્સ !

વાઘજીભાઈ : એક આ થૅંક્સ શબ્દે ભારે ઉપાડો લીધો છે.

ચૌહાણ : સાવ સાચી વાત છે. કરેલા ઉપકારનું સાટું વાળવા માટે માણસ પાસે કંઈ જ ન હોય ત્યારે આ બ્રાહ્મણિયો શબ્દ સારી સગવડ આપે છે.

વાઘજીભાઈ : હું તો કોઈને 'થૅંક્સ' બોલતાં સાંભળું છું, ત્યારે એના અંતરનો મર્મ સાવ જુદો જ કલ્પું છું.

ચૌહાણ : માણસોએ પણ માળાંએ ભેંગા મળીને શબ્દોને કેવી ભૂંડી વલે કરી છે !

વાઘજીભાઈ : શબ્દમાં રહેલી અમોઘ શક્તિનો જ આ પ્રતાપ છે. શબ્દને બ્રહ્મ કહી જનાર મહર્ષિને ખબર પડે કે એ બ્રહ્મનો આમ દુરુપયોગ થઈ રહ્યો છે, તો એ બિચારો સ્વર્ગમાં બેઠો બેઠો ગળે ફાંસો ખાય, હો !

કામા : મિસ્ટર ઉમેશ, મિસ નાણાવટીની ખુરશી ત્યાં મૂકવાનું કાંઈ કારણ ખરું કે ?

ઉમેશ : સ્ત્રીસન્માનની ભાવના જ, બીજું શું ?

કામા : પણ એ સન્માન પ્રિન્સિપાલની બાજુમાં બેસાડવાથી જ સચવાય શક્યું ?

ચૌહાણ : સન્માન કરતાંયે એની સલામતી બીજે ક્યાં જળવાઈ શકે ?

[ધીમું હસવાનું શરૂ થાય છે.]

ઉમેશ : ચૌહાણ, આ વાત હસી કાઢવા જેવી નથી. (કામાને) : વાત એમ છે કે, પ્રિન્સિપાલની બન્ને બાજુની ખુરશીઓ સન્માનવાળી ગણાય છે. હવે એક બાજુ તો જિમખાનાના ચૅરમૅન પ્રોફેસર સૂળેને બેસાડવા જોઈએ, ખરું ? બીજી બાજુ, ખરી રીતે જોઈએ તો જનરલ સેક્રેટરીએ, એટલે કે મારે બેસવું જોઈએ, પણ મિસ નાણાવટીને ફેર-સેક્સ ગણીને એ જગ્યા આપી છે. હું એની પછી બેસીશ.

વાઘજીભાઈ : ઉમેશભાઈ, સ્ત્રીસન્માનની તમારી આટલી બધી ઉચ્ચ ભાવના અમને સહુને માત્ર માન જ નહિ, અદેખાઈ પણ ઉપજાવે છે.

ચૌહાણ : કારણ કે, માન અને અદેખાઈ બન્ને એક જ વસ્તુનાં જુદાં જુદાં નામ છે. જ્યારે આપણે કોઈને માનપત્ર આપીએ છીએ ત્યારે ખરું જોતા અદેખાઈ જ કરતા હોઈએ છીએ. માનપત્ર અદેખાઈપત્ર કહેવામાં બહુ ખોટું નથી.

કામા : મિસ્ટર ઉમેશ, આ ખુરશીઓ ગોઠવવામાં કોઈ સાયન્ટિફિક મેથડ અખત્યાર કરી છે કે તમને મનફાવે તેમ જ ગોઠવી દીધી છે ?

ઉમેશ : સંપૂર્ણ બંધારણીય પદ્ધતિએ બધું ગોઠવ્યું છે.

વાઘજીભાઈ : ખમ્મા બ્રિટિશ સરકારને !

ચૌહાણ : શા માટે ? બ્રિટીશરો હિંદ છોડી ગયા તોપણ હજી ખમકારા કરીને એની ખવાસગીર કાં કરો?

વાઘજીભાઈ : આપણે બંધારણવાદની નવી વિદ્યા શીખવવાનો સંપૂર્ણ બંધારણીય રીતરસમોથી જ લડવાની વિદ્યા શીખવવાનો – બ્રિટનનો ઉપકાર નાનોસૂનો છે?

કામા : મિસ્ટર ઉમેશ, એ તમારી સો-કોલ્ડ બંધારણીય પદ્ધતિની મને સમજણ પાડશો કે બાવા ?

ઉમેશ : એ પદ્ધતિ નાનું બાળક પણ સમજી શકે એટલી સ્પષ્ટ છે.

કામા : પણ કમનસીબે હું બાળક નથી.

ઉમેશ : શિરસ્તો એવો છે... કે

કામા : શિરસ્તાની વાત કરો છો કે બંધારણની ?

ઉમેશ : તમે જરાક ધીરજ રાખશો ? કે ખૂનના આરોપીની જુબાની લેતા હો, એમ શબ્દો જ ચૂંથવા છે ? શિરસ્તો એવો છે કે પ્રિન્સિપાલ-એટલે કે પ્રેસિડન્ટ, ચૅરમૅન, એમનો જનરલ સેક્રેટરી, ક્રિકેટ સેક્રેટરી, ટેનિસ સેક્રેટરી, વૉલિબૉલ સેક્રેટરી, આ બધા હોદ્દેદારો ખુરશી ઉપર બેસે અને દરેક વર્ગમાંથી આવતા પ્રતિનિધિઓ પાછળ ઊભા રહે.

કામા : મિસ નાણાવટી હોદ્દેદાર છે કે પ્રતિનિધિ ?

ઉમેશ : તેઓ જોકે પ્રતિનિધિ જ –

કામા : તો પછી તેમને પણ પાછળ કાં નહિ ઊભા રાખિયાં ?

ઉમેશ : સ્ત્રીસન્માનનો જરાક તો ખ્યાલ રાખો ! હેવ સમ સેન્સ ઑફ શિવલરી !

કામા : વારુ, તમારી એ દલીલ, મને માન્ય ન હોવા છતાં, સ્વીકારી લઉં છું. પણ એમાંથી બીજો પ્રશ્ન એ ઊભો થાય છે કે મિસ નાણાવટીને તમે તેમની ફેર-સેક્સ તરીકે ખુરશીઓમાં સ્થાન આપ્યું, પણ અમુક જ જગ્યાએ – અમુક જ ખુરશી ઉપર – શા માટે ? અને બીજી ખુરશી ઉપર શા માટે નહિ ?

ઉમેશ : બંધારણીય રીતે જોતા પ્રમુખનો હોદ્દો ઊંચામાં ઊંચો ગણી શકાય, ચૅરમૅન અને જનરલ સેક્રેટરી તેમના પછી આવી શકે. એટલે, તેઓ બન્ને, પ્રમુખની ખુરશીની એકેક બાજુએ બેસે. ત્યાર પછી બધા વિભાગીય સેક્રેટરીઝ–એટલે કે તમે સહુ આવી શકો, ખરું ? હવે, મિસ નાણાવટીને ખાસ જગ્યા આપીને બેસાડવાં રહ્યાં એટલે, તેમને પ્રિન્સિપાલની બાજુની ખુરશી આપી છે.

કામા : પણ એ જ તો મારો વાંધો છે.

ઉમેશ : પણ એ જ તો શિરસ્તો છે.

કામા : શિરસ્તો એ બંધારણ નથી.

ઉમેશ : પણ એમાંથી જ બંધારણ ઊભું થઈ શકે. બ્રિટીશ કેબિનેટના બંધારણનો ઇતિહાસ તપાસો. શરૂમાં પ્રધાનમંડળનું પ્રમુખસ્થાન રાજા લેતો. પણ ધીમે ધીમે તેણે ગેરહાજર રહેવા માંડ્યું. તેની ગેરહાજરીમાં એક પ્રધાને ખુરશી સંભાળવા માંડી. પછી એ શિરસ્તો પડ્યો. એમાંથી જ વડાપ્રધાનનો હોદ્દો હયાતીમાં આવ્યો.

કામા : હિસ્ટ્રીમાં તો તમે ઑનર્સ લાવશો જ, એમાં મને શંકા નથી.

વાઘજીભાઈ (ઉમેશને) : તમે હિસ્ટ્રી-ઇકોનૉમિક્સ રાખ્યાં એ જ સારું કર્યું.

ઉમેશ : હં કે ?

વાઘજીભાઈ : જી, હા. બંધારણીય પ્રતિભા અને બંધારણીય ઍબિલિટીને માટે એમાં જ સ્કૉપ છે. મૅથ્સ તમને જરીકેય ન ફાવત. મૅથ્સમાં ઑનર્સ તો શું, પણ 'પાસ' આવી શકત કે કેમ એ પણ શંકા જેવું છે.

ઉમેશ : એટલી બધી સ્પષ્ટ આગાહી કરવા માટે તમારી પાસે શાં સાધનો છે ?

વાઘજીભાઈ : તમારી ગણિતશક્તિનું દેવાળું એ જ સાધન, બીજું વળી ક્યું ?

ઉમેશ : ગણિતમાં તમે ધારો છો એટલો બધો તો હું વીક નથી હો ! એરિથમેટિક ઘડીભર બાજુએ રાખીએ તો એલજિબ્રા અને જ્યૉમેટ્રીમાં તો હું ઠીક ઠીક –

વાઘજીભાઈ : હવે એ તમારાં જ્યૉમેટ્રી ને ફોમેટ્રી તડકે મૂકો ને ! જે પરણે છે એને જ ગાવ ને !

ઉમેશ (ન સમજતાં) : એટલે ? કોનાં ગીત ગાવાં ?

વાઘજીભાઈ (ખુરશીઓ બતાવતાં) : આ ટ્રિગોનોમેટ્રીનાં. બીજા કોનાં ? આપણને તો બાપાને નાનપણથી જ કૉનમમાં પરણાવી દીધા છે, અને વિદ્યમાન મિસસને મારે હાથે એસ્પિરીનને બદલે આયોડિન ન આપું ત્યાં સુધી ફરી પરણવાની આશા નથી; નહિતર મારાં જ ગીત ગાઈ શકાત.

ઉમેશ (ગાંભીર્યથી) : ટ્રિગોનોમેટ્રીમાંથી તમે મારો સાવ કાંકરો કાઢી નાખો છો એ ઠીક ન કહેવાય. 'સાઈન' અને 'લોગરિધમ્સ'માં હું છેક ઢ ન કહેવાઉં.

વાઘજીભાઈ : અરે યાર! તમે પણ એ ભણવાની ટ્રિગોનોમેટ્રીની ક્યાં માંડી બેઠા! હું તો આ જીવનની ટ્રિગોનોમેટ્રીની વાત કરતો હતો.

ઉમેશ : કંઈ સમજાયું નહિ !

વાઘજીભાઈ : એ શબ્દના અંગ્રેજી ઉચ્ચાર સામે તમારે વાંધો હોય તો એને 'ત્રિગુણમૈત્રી' કહીશું – ત્રણ ગુણની મૈત્રી. સમજ્યા? અથવા, ફિલોલૉજી જાણો છો? ત્રિગુણમૈત્રીના છેલ્લામાં છેલ્લા તદ્દભવ અપભ્રંશ સુધીની વ્યુત્પત્તિ એક જ સપાટે કરીને એને ત્રિકોણમૈત્રી પણ કહી શકાય. સનાતન ત્રિકોણ! ઇટર્નલ ટ્રાયેંગલ!

ચૌહાણ : હવે તમે એવા ત્રિકોણ ને ટ્રાયેંગલની પારાયણ પડતી મેલીને અમારી ગામઠી ભાષામાં ત્રેખડ જ કહો ને, એટલે અમારા જેવા પણ સમજી શકે!

વાઘજીભાઈ : નહિ, નહિ, ચૌહાણ, તમે સહેજ કાચું બાફી માર્યું. તમારો સ્વભાષા – પ્રેમ પ્રશંસનીય છે, પણ આ કિસ્સામાં ત્રેખડ શબ્દ જરાક વધારે પડતો લાગે છે. અથવા બીજી રીતે એમ કહી શકાય કે એ શબ્દનો ભાર ખમવાની શક્તિ જ આ કિસ્સામાં નથી.

ચૌહાણ : તંયે આ બધા ઉધામા છે શેના ઈ ખબર પડે કાંઈ?

વાઘજીભાઈ : આમાં ઉધામા જેવું કશું જ નથી. મિસ્ટર ચૌહાણ! આ તો રોજિંદા જીવનની એક સામાન્ય ઘટના છે.

ચૌહાણ : પણ તો પછી આટલી બધી લમણાઝીક શું કામે કરો છો? વાતનો નિવેડો કાં ન આવે?

વાઘજીભાઈ : કારણ કે એ લાવવો બહુ જ સહેલો છે અને સહેલા ઉકેલ જ માણસને ઝટ દઈને નથી સૂઝી શકતા, કારણ કે એને અઘરા ઉપાયો યોજવાની જ આદત પડી ગઈ છે.

ચૌહાણ : આનો સહેલો ઉપાય શું છે, ઈ બતાવો ને ઝટ એટલે આ ડખાનો આરો આવે ને બૅટિંગની પ્રૅક્ટિસ શરૂ કરી દઈએ.

વાઘજીભાઈ : આમાં ઉકેલની જરૂર જ નથી, કારણ કે કાંઈ ગૂંચવણ જ નથી. આ તો, એક ને એક બે જેવી વાત છે. એક વસ્તુના બે જણ ઉમેદવાર છે. હવે એ એક વસ્તુના બે અર્ધા કરવા જોઈએ. પણ આ કિસ્સામાં અર્ધાના આંકના ગણિતી પાડા ખોટા પડે. આમાં બે અર્ધે એક ન થઈ શકે. નિશાળમાં શીખવાના આંકમાં બે અર્ધે એક બરાબર છે, પણ પ્રેમના આંકના પાડા જુદા જ છે. એમાં કાં તો બે અર્ધે બે જ રહે, ને કાં બે અર્ધે શૂન્ય થાય-એટલે કે, કાંઈ જ ન રહે.

ચૌહાણ : અરે એવું તે થાતું હશે? ઈ વળી ક્યું ગણિત?

વાઘજીભાઈ : ટ્રિગોનોમેટ્રી. ભૂમિતિની પરિભાષામાં પણ એનો ખ્યાલ આપી શકાય. ત્રિકોણમાં ત્રણ ખૂણાના અંશનો સરવાળો કેટલો ?

ચૌહાણ : એકસો ને એંસી ડિગ્રી...... આઠમું થીઅરમ-

વાઘજીભાઈ : એમાંથી એક ખૂણો ઉડાવી દો તો બધો સરવાલો બગડી જાય કે નહિ? ત્રીજો ખૂણો બાકીના બે ખૂણા વચ્ચે વહેંચી શકાતો જ નથી-બાકી વધતા બે ખૂણા નેવું નેવું ડિગ્રીના નથી બની શકતા; તેમ, સરવાળો પણ એકસો એંસી નથી થઈ શકતો. સમજ્યા? એટલે કે, બધું જ બગડી જાય છે.

ચૌહાણ : મારું હાળું આ તો કૌતુક જેવું –

વાઘજીભાઈ : ત્રિકોણમૈત્રીનું ગણિત જ કૌતુકભર્યું છે. એક જ વસ્તુના બે ભાગ કરવા હોય તો બે અર્ધે એક ન થઈ શકે. ત્રિકોણની એક બાજુ કાઢી નાખીએ તો પાછળ દ્વિકોણ નથી રહેતો પણ એક જ કોણ રહે છે.

ચૌહાણ : ઈ તમારા ત્રિકોણફિકોણમાં હું ન સમજું. મને તો આજ સવારનું એમ લાગ્યા કરે છે કે આ સાત જણાંનો ફોટોગ્રાફ જ સરખો નથી ઊતરવાનો.

ઉમેશ : કારણ કાંઈ ? સાતનો આંકડો તો શુભ શુકનવાળો ગણાય છે.

ચૌહાણ : પણ આજે એ અપશુકન કરે એમ લાગે છે.

વાઘજીભાઈ : હોય કાંઈ ? સાતડા જેવો શુકનિયાળ તો બીજો કોઈ આંકડો નહિ હોય. બે બગડે અને ત્રણમાં તણખો પડે એમ કહેવાય છે. ચોથી ચોક પૂરે અને પાંચ ત્યાં પરમેશ્વર એમ બોલાય છે, પણ સાત તો સર્વશ્રેષ્ઠ! વરકન્યા પરણે ત્યારે સપ્તપદી અમસ્તી નહિ બોલાતી હોય. વિવાહપ્રસંગે તો સાતમો આંકડો –

ચૌહાણ : અત્યારે અહીં વિવાહ નહિ પણ વરજોળા હાલે છે – મિસ નાણાવટીની પડખે બેસવા સારુ થઈને.

ઉમેશ : પણ મેં મિસ નાણાવટીની ખુરશીની ગોઠવણ ખોટી કરી છે એમ તમને લાગે છે ?

ચૌહાણ : મને તો લાગે છે કે ઈ જોગમાયા આપણા સહુનું નસીબ ટાળશે. એના માથાનો મોટો અંબોડો જોઉં છું ને મને તો મો....ટું....બધું મીંડું યાદ આવે છે. એ મીંડું

આપણી પડખે આવશે ને સાતડે મીંડે સિત્તેર થવાને બદલે શૂન્ય ન થઈ જાય તો મને કહેજો.

ઉમેશ : સાતડે મીંડે શૂન્ય? બને જ કેમ?

વાઘજીભાઈ : ઉમેશભાઈ, તમારું મૅથ્સ તો એટલું પુઅર છે કે તમે તો શંકા ઉઠાવશો જ નહિ. ચૌહાણનો ગુણાકાર ખોટો હશે પણ એમની કાઠિયાવાડી વ્યવહારદક્ષતા જોતાં એ આગાહી સાચી પણ પડે.

[પાછળ પ્રિન્સિપાલની મોટરનું ભૂંગળુ સંભળાય છે. કામા અને ઉમેશ ચમકે છે.]

કામા (ઉમેશને ઉદ્દેશીને) : આ બધી ફેક્ટ્સ પ્રિન્સિપાલ પાસે રજૂ કરવાની મારી ફરજ થઈ પડી છે.

[જાય છે. પાછળ સહુ એકબીજી સામું જોઈ રહે છે.]

ચૌહાણ (કામાની પાછળ નજર દોડાવીને) : જોઈ લેજો ! પેટનો દાઝ્યો ગામને બાળવા નીકળે ઈ આનું નામ ! સાતડે મીંડે શૂન્ય જ કરાવશે.

વાઘજીભાઈ : તેમાં બિચારા કામાનો એકલાનો જ વાંક શા માટે કાઢો છો ? આદિકાળથી જ માણસનો એ જ સ્વાભાવ રહ્યો છે. ખાવું નહિ પણ ઢોળી નાખવું, સમજ્યા?

ઉમેશ : 'ડોગ ઈન ધ મેંજર' પૉલિસી જ કહો ને !

વાઘજીભાઈ : એ પૉલિસી સમજાવવા માટે પાંચ હજાર માઈલ દૂર જવાની કાંઈ જરૂર? અમારા નૉવલી ગૉમની જ વાત નો કરું? કૉનમનું બઈરું આમને નો મળે તો કાંઈ નહિ, પણ બીજાને જાય તો ઈનું રાંડનું નૉક જ વાડી લઈએ.

ઉમેશ (ધ્રૂજી ઊઠીને સિસકારો બોલાવતાં) : અ...ર...ર...

વાઘજીભાઈ (ઉમેશને) : તમારે ગભરાવાની જરાય જરૂર નથી. આ હથિયારબંધીના દિવસોમાં કામાના ગજવામાં ચપ્પુ હોય તોપણ મિસ નાણાવટીનું નાક કાપવાની એનામાં તાકાત નથી- એનું જિગર નથી. એ કાંઈ ચરોતરી ઠાકરડા કે કાઠિયાવાડી કોળી થોડા છે કે હમેશ લૂગડાં બદલે એટલી આસાનીથી પ્રેમપાત્ર પણ બદલી શકે? કામાના લોહીમાં તો હાફિજ, રૂમ અને ખય્યામ વહે છે. એ જરથુસ્તી જિગર, મિસ નાણાવટીને નાક વગરની બનાવી તો શું શકે, પણ કલ્પના કરતાંય ધ્રૂજી ઊઠે એવું અવિચારી કામ કરીનેય અંતે શટલકૉક તો એ નકટી સાથે જ ઉછળવાના ને ? અને રેસ્ટોરાંના ફૅમિલી રૂમમાં બેસીને એ નકટીને.... સમજી ગ્યા ને ? ... એ પણ શી રીતે ફાવે ? એટલે છેવટે તો એનાં એ જ દેવી અને એના એ જ પૂજારી –

ચૌહાણ : નક્કટા દેવ અને સરડક પૂજારી. ઠાલા મોફતનું. બોલ્યું બહાર પડે ને રાંધ્યું વરે પડે. નાહક થૂંક ઉડાડ્યે શું ફાયદો ?

ફોટોગ્રાફર (કંટાળાસૂચક બગાસુ ખાઈને) : હવે તમારે ફોટો પડાવવો છે ? પછી આમ ઠીઠિયાઠોરી જ કર્યે રાખવી છે ? પહેલેથી આવી ખબર હોત તો પ્લેટ તો ન ચડાવત ! મને તો એમ કે હમણાં જ પતી જાશે. એટલે મેં તો પ્લેને અન-કવર પણ કરી રાખી છે. માત્ર એક્સપોઝર જ ખેંચવું બાકી રહ્યું છે.

ચૌહાણ (એક્સપોઝરનું બોરિયું ખેચવા જતાં): ચાલ, એ પણ ખેંચી નાખું એટલે નિકાલ આવે. ઠાલી, લેવાદેવા વગરની, અમારી પ્રૅક્ટિસ ખોટી થાય છે. પાછું, બૅરોનેટ ટીમ સામે બૅટિંગમાં-

ફોટોગ્રાફર (ચૌહાણનો હાથ પકડી રાખી, બોર્યું ખેંચતો અટકાવતાં): અરે... હં...હં..., આવી મોંઘી મારી પ્લેટ બગાડશો.

ચૌહાણ : પણ મારે પ્રૅક્ટિસ બગડે છે.

[પરાણે બોરિયાની દોરી પકડી રાખે છે. તે દરમિયાન પ્રિન્સિપાલ અને કામા દાખલ થાય છે.]

પ્રિન્સિપાલ (ઉમેશને) : વેરી શેમફુલ ઑન યૉર પાર્ટ, મિસ્ટર ઉમેશ ! આઈ એમ કમ્પેલ્ડ ટુ કૅન્સલ ધીસ આઇટેમ ઑફ ફોટોગ્રાફ ફ્રોમ અવર અન્યુએલ સેલીબ્રેશન્સ. આઈ એમ સો મચ સૉરી ફૉર ધૅટ –

ઉમેશ : બટ, સર... આઈ –

પ્રિન્સિપાલ : નો, નો. આઈ વોન્ટ હીઅર ઍનીથિંગ ફ્રોમ યૂ.

[પ્રિન્સિપાલ ઠસ્સામાં જ ચાલ્યા જાય છે. પાછળ ઉમેશ સિવાયના સહુ ખડખડાટ હસી પડે છે.]

વાઘજીભાઈ (ઉમેશને) : જોયું, ઉમેશભાઈ ? ટ્રિગોનામેટ્રીના – ત્રિકોણમૈત્રીના ગણિતની તમારી કચાશ કેટલી છે !

ચૌહાણ : એ કચાશને લીધે તો નેપોલિયન વૉટરલુ હારી બેઠેલો.

વાઘજીભાઈ : અને ઉમેશભાઈ અહીંનું વૉટરલુ હારી બેઠા.

ચૌહાણ (એક્સપોઝરના બોરિયાની દોરી પકડી રાખતાં) : તમે સહુ તમારો જ ધોકો કૂટ્યા કરશો કે બીજાઓનો વિચાર કરશો ? તમે વૉટરલુ હારી બેઠા એમાં ક્યાં નહાવા - નિચોવવાપણું છે? પણ બિચારા કામાનો આ ફોટોગ્રાફ માટે ખાસ ધોલાઈમાં ધોવડાવેલો સૂટ બગડ્યો એનું કાંઈ નહિ ?

વાઘજીભાઈ : એમ તો ઉમેશભાઈએ પણ મટકા સિલ્કની આ શેરવાનીને ડ્રાઈ-ક્લિનિંગ કરાવેલ છે-

ફોટોગ્રાફર (ઓચિંતુ યાદ આવ્યું હોય તેમ) : અરે પણ ભલા માણસ, મારી આ પ્લેટનું-

ચૌહાણ (એક્સપોઝરનું બોરિયું ખેંચતા, ટક્ અવાજ સાથે) : લે ! આવ ભાઈ હરખા, આપણે સહુ સરખા !... સાતડે મીંડે-

ફોટોગ્રાફર (બૂમ પાડતા) :અરે પણ મારી મોંઘી પ્લેટ બગડી-

ઉમેશ (રાગમાં ગાતાં) : પ્લેટ શું, શેરવાની કંઈ બગડી રે હરિ હરિ !

કામા : અને આ નેકટાઈનું કાંઈ નહિ, બાવા ?

ચૌહાણ : તમારાં સહુનાં તો કપડાં જ બગડ્યાં પણ મારે તો આજની બૅટિંગની પ્રૅક્ટિસ બગડી. હવે બૅરોનેટ ટીમ સામે સ્કોરમાં પણ સાતડે મીંડે શૂન્ય જેવું થાશે.

[મોટરનું હોર્ન સંભળાય છે.]

વાઘજીભાઈ (ડાબી બાજુ નજર કરીને) : આ મિસ નાણાવટી આવી પહોંચ્યાં ! મોડાં મોડાં-

ચૌહાણ : આવવા દો. ઝીરો મલ્ટીપ્લાઈડ બાય ઍનીથિંગ ઈઝ ઇકવલ ટુ ઝીરો.

- ચુનીલાલ મડિયા

[પડદો]

## 2.4 કૃતિનો સારાંશ

**ખંડ-1**

કૉલેજનો ખંડ છે ત્યાં કૉલેજ જિમખાનાનો સામાન્ય મંત્રી ઉમેશ ખુરશીઓ ગોઠવી તેની પીઠ પર નામવાળી કાગળની ચબરખીઓ બાંધે છે અને ફોટોગ્રાફર પોતાનો એન્ગલ સેટ કરવો જણાય છે. આ દૃશ્યથી એકાંકીની શરૂઆત થાય છે. ઉમેશ આ ગોઠવણ માટે ખૂબ મહેનત કરે છે. ફોટોગ્રાફર પોતાના ફોટોગ્રાફીના

એન્ગલ જજમેન્ટના આત્મવિશ્વાસ સભર વખાણ કરે છે. બંને એકબીજા સાથે ધંધાના નફા વિશે વાત કરતા હોય ત્યાં ઉમેશ આ કાર્યક્રમમાં પ્રતિનિધિ તરીકે આવનાર મિસ નાણાવટીની બાજુની ખુરશીમાં બેસી ફોટો પાડવાનું સ્વપ્ન જુએ છે. ત્યાં ચૌહાણ અને વાઘજીભાઈ એમ બે સાથીમિત્રો આવે છે. ઉમેશના કાર્ય, મહેનત, ક્રિકેટની રમત, કાઠિયાવાડીઓની ખાસિયતો વિશે ઠઠ્ઠા-મશ્કરી કરતા વાતો કરે છે. બધાને નામની લગાવેલી ટીકડીઓ વિશે ઉત્સુકતા છે. આ આયોજન પ્રમાણે પ્રિન્સિપાલની ડાબી વિંગમાં જિમખાના ચેરમેન પ્રો.સૂળે અને તેમની બાજુમાં ટેનિસ સેક્રેટરી મિસ્ટર કામા અને જમણી વિંગમાં મિસ નાણાવટી અને તેની બાજુમાં ઉમેશ છે.

**ખંડ-2**

થોડીવાર પછી આ ચર્ચામાં મિસ્ટર કામા જોડાય છે. ઉમેશ ઘણી મહેનતથી ફોટોગ્રાફર માટે પ્રિન્સિપાલ પાસેથી મંજૂરી લીધી છે. મિસ્ટરકામા ઉમેશના આ તરકટને પકડે છે અને બંને વચ્ચે દલીલો શરૂ થાય છે. ઉમેશ શિરસ્તારૂપ આ ગોઠવણ કરી હોવાનો દાવો કરે છે.ઉમેશ અને કામા વચ્ચે ચાલતી આ દલીલોમાં વાઘજીભાઈ તાપસી પૂરે છે. ત્યાંથી ગણિતના નિયમો, જ્યોમેટ્રી, એલજિબ્રા, એરિથમેટિકથી ટ્રિગોનોમેટ્રી સુધી વાત પહોંચે છે.

**ખંડ-3**

ટ્રિગોનોમેટ્રીનો અર્થ વાઘજીભાઈ 'ત્રિકોણમૈત્રી'ના સંદર્ભે આલેખે છે. વાઘજીભાઈ ત્રિકોમૈત્રીના ગણિતને કૌતુકભર્યું ગણાવે છે. ત્યાં આ ત્રણ ખૂણાને કારણે સાત જણાંનો ફોટોગ્રાફ જ સરખો નહીં આવે તેવું ભવિષ્ય ચૌહાણ ભાંખે છે. સાતનો આંકડો શુકન દર્શાવતો હોય; પરંતુ, ચૌહાણને મિસ નાણાવટીનો અંબોડો મોટા શૂન્ય જેવો લાગે છે. તેથી ચૌહાણ આગાહી 'સાતડે મીંડે શૂન્ય'ની કરે છે. આ દલીલોના અંતે કામા આ રમત(હકીકત) પ્રિન્સિપાલને રજૂ કરવા જાય છે. ચૌહાણ અને વાઘજીભાઈની માનવી - 'પેટનો દાઝયો ગામ બાળવા નીકળે' એ કહેવત સાચી ઠરે છે. કામાની રજૂઆત પછી ત્યાં પ્રિન્સિપાલ ત્યાં આવી ઉમેશને ફોટોગ્રાફર માટે ના પાડી દે છે. બીજી બાજુ ચૌહાણ ફોટોગ્રાફરની પ્લેટ તોડી નાંખે છે. અને મિસ નાણાવટી મોડાં મોડાં ત્યાં આવી પહોંચે છે; પરંતુ, 'ઝીરો મલ્ટીપ્લાઈડ બાય ઍનીથિંગ ઈઝ ઈક્વલ ટુ ઝીરો' આ લોજિક સાથે એકાંકી પૂર્ણ થાય.

## 2.5 કૃતિલક્ષી સઘન અધ્યયન

ચુનીલાલ મડિયાએ એકાંકી વિશે ઘણો અભ્યાસ કર્યો છે. આ સ્વરૂપ તેમનું માનીતું પણ રહ્યું છે અને આ વિશેના ઘણા અભ્યાસલેખો પણ લખ્યાં છે. ગુજરાતી એકાંકી પ્રકારની પરંપરામાં મડિયાનું સ્થાન સીમાસ્તંભરૂપ છે. ચૂનિલાલ મડિયાના લેખનકાર્યની ખાસિયત એ છે કે તેઓ માનવચિત્તમાં ઉઠતા વિવિધ પ્રકારના સંચાલનો -પરિસ્થિતિ મુજબના સંદર્ભોને સાહિત્યમાં ઢાળી આપણી સમક્ષ રજૂ કરે છે. આમ, તો આજના એકાંકીનું અર્વાચીન સ્વરૂપ પશ્ચિમના સંપર્કો આપણે ત્યાં આવ્યું છે અને ફૂલ્યુંફાલ્યું છે.

'સાતડે મીંડે શૂન્ય' એકાંકી ચૂનિલાલ મડિયાના 'રંગદા'(1951) સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે. આ એકાંકીમાં કૉલેજિયનોને નિમિત્તે ગુજરાતી સમાજ જીવનમાંથી

લઈ રમૂજ પ્રેરક ચિત્ર રજૂ કર્યું છે. કૉલેજમાં યોજાતા પ્રસંગે મિસ નાણાવટી સાથે ફોટો પડાવવાની હોડ અને એક પછી એક વ્યક્તિઓના જોડાવવાથી તેમની માનસિકતાના પ્રભાવે અને વ્યક્તિગત ખાસિયતોના જોરે એકાંકી આગળ ચાલે. સૌ પ્રથમ એકાંકીનો નાયક ઉમેશ જેને મિસ નાણાવટીની બાજુમાં બેસી ફોટો પડાવવાની ઘેલછા છે, જે ખુરશી પર નામની ટીકડી ચોટાડવાનું તરકટ રચે છે. ફોટોગ્રાફર પોતાના એન્ગલ અને જજમેન્ટ માટે અભિમાન કરતો દેખાય છે. મિસ્ટર કામા અને મિસ નાણાવટી વચ્ચે કોઈ પ્રેમ સંબંધ હોય એવું ગર્ભિત રીતે એકાંકીમાં જણાવાયું છે. વાઘજીભાઈ ચૌહાણ આ બાબત સંદર્ભે બોઘા રહી જવાનું કહે છે, આ રીતે એક ગર્ભિત વાતને સંવાદો દ્વારા રજૂ કરવામાં એકાંકીકારની સૂઝ વર્તાય છે. અહીં એકાંકીમાં આવતાં બધાં પાત્રો પોતાની ભાષા-બોલીનો ઉપયોગ કરી પોતાની પ્રાદેશિકતા અને વ્યક્તિત્વનો સુંદર રીતે પરિચય આપતા જણાય છે.

એકાંકીના સંવાદોમાં ટૂંકી, સરળ અને વિરામચિહ્નોના ભરપૂર ઉપયોગ દ્વારા વ્યક્તિઓના મનોભાવોને ખૂબ ચીવટથી એકાંકીકારે રજૂ કર્યા છે. એકાંકીકાર એકાંકીમાં આવતા પાત્રોની મનોલાક્ષણિકતાનું આલેખન કરે અને એકાંકી પાત્રો પરસ્પર અને સમગ્ર માનવજાતની મનોભૂમિકાનું નિરૂપણ કરીને ઉમેશનો ફોટોગ્રાફ લેવાનો તરકટ નિષ્ફળ જવાની ભવિષ્યવાણી કરી, ‘સાતડે મીંડે શૂન્ય’ થવાનું છે. એમ કહી એકાંકીની ગતિને એ તરફનો ઝોક આપી દે છે. એકાંકી અંત સુધી પરિણામની એક રહસ્યમયતા જાળવી રાખે છે. ગણિતની વિભાવનાઓ સાથે ઉમેશ—મિસ્ટર કામા—મિસ નાણાવટીના ત્રિકોણમૈત્રીની વાત ખોલી આપે છે. વચ્ચે ઇતિહાસ અને બંધારણના સંદર્ભ સાથે મૂળભૂત અધિકારોની વાત મૂકી આપે. વાઘજીભાઈ દ્વારા એકાંકીકાર આદિકાળથી માણસનો ઈર્ષ્યાળુ સ્વભાવની ખાસિયત વિશે સુંદર સંવાદો યોજે છે. ‘ખાવું નહિ પણ ઢોળી ખાવું’ — પણ આ માનસિકતાથી સંતોષ લઈ આપણું સારું ન થાય તો બીજાનું સારું જોઈ પણ ન શકે — એટલે એ પણ બગાડવાની રીત માનવ સ્વભાવની ખાસિયતને મિસ્ટર કામા અને ઉમેશના પાત્રોના સંવાદ અને વર્તન દ્વારા આલેખિત કરી છે. કૉલેજના આ પ્રસંગે સ્ટેજ પર પ્રિન્સિપાલ, મિસ નાણાવટી સાથે કુલ સાત વ્યક્તિ બેસવાના છે. એટલે સાત વ્યક્તિનો ફોટો આવવાનો છે; પરંતુ, કોણ ક્યાં બેસસે એ વિવાદમાં સાતડે મીંડે સિત્તેર થવાને બદલે શૂન્ય થઈ જાય છે. મિસ નાણાવટી મોડા આવે છે, પ્રિન્સિપાલ ફોટોગ્રાફની મંજૂરી પાછી ખેંચી લે છે અને ફોટોગ્રાફરની પોસ્ટ બગડી જાય છે. એટલે જ તો ચૌહાણ છેલ્લે કહે છે કે, ‘ઝીરો મલ્ટીપ્લાઈડ બાય ઍનીથિંગ ઈઝ ઈક્વલ ટુ ઝીરો’ — આખરે મિસ નાણાવટીના માથાના મોટા અંબોડા જેવું મોટું મીંડું.

અહીં એકાંકીકાર કૉલેજના પ્રસંગ નિમિત્તે ગુજરાતી સમાજજીવનનું રમૂજ પ્રેરક ચિત્ર પ્રેરે છે. સાથે ઉમેશની કફોડી સ્થિતિનું હાસ્યસ્પદ અને કટાક્ષયુક્ત આલેખન, આ એકાંકીને હળવું અને રસપ્રદ બનાવે છે અને આ હાસ્ય — કટાક્ષને અંતે કરુણને પ્રગટાવવાનું એકાંકીકારનું કૌશલ દેખાય છે. આખર સુધી મિસ નાણાવટી સાથે ફોટો પડાવવાની ઉમેશની ઝંખના પૂર્ણ થતી નથી. આમ સાથે ફોટો પડાવવામાં શું ? એમ માનતા ચૌહાણ ઘણું સૂચક પાત્ર બન્યું છે. છેલ્લે પ્લેટ ચડાવીને તૈયાર રાખેલ કેમેરાનું એક્સ-પોઝર ખેંચતા ટક અવાજ સાથે ફોટો પડી

જાય છે. અહીં ફોટોગ્રાફરની તો પ્લેટ બગડે છે; પરંતુ, ઉમેશની ડ્રાઈક્લિનિંગ કરાવેલી શેરવાની બગડે છે અને મનની ઝંખના તૂટે છે. આમ, હસતા હસતા પણ કરુણાભાવ જાગે છે અને દયા પણ આવે છે. આમ, આ એકાંકીનો તમે સમગ્રલક્ષી પરિચય મેળવ્યો.

## 2.6 વસ્તુલક્ષી કસોટી

**(ક) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. ઉમેશ જિમખાના સેક્રેટરી તરીકે ફોટોગ્રાફરની વ્યવસ્થા કરે છે.
2. ઉમેશ પ્રિન્સિપાલની બાજુવાળી ખુરશીમાં મિસ્ટર કામાને બેસવાનું કહે છે.
3. ફોટોગ્રાફરનું જજમેન્ટ બરાબર નથી.
4. મિસ્ટર કામા પ્રિન્સિપાલની પાસે જઈ ઉમેશની ભલામણ કરે છે.
5. કાર્યક્રમ શરૂ થતાં પહેલાં ચૌહાણ ફોટોગ્રાફરની પ્લેટ તોડી નાંખે છે.

**(ખ) નીચેના વાક્ય કોણ બોલે છે, જણાવો**

1. 'અરે, લાટબંધ ફોટા પડાવી નાખ્યા છે !'
   (1) વાઘજીભાઈ (2) ચૌહાણ (3) ઉમેશ
2. 'એટલી બધી ડીતેઇલ્સ અત્યારે ગોખી નથી રાખી'
   (1) ચૌહાણ (2) ઉમેશ (3) કામા
3. 'એટલી બધી સ્પષ્ટ આગાહી કરવા માટે તમારી પાસે શાં સાધનો છે ?'
   (1) વાઘજીભાઈ (2) ઉમેશ (3) ચૌહાણ
4. 'આદિકાળથી જ માણસનો એ જ સ્વભાવ રહ્યો છે; ખાવું નહિ પણ ઢોળી નાખવું'
   (1) ઉમેશ (2) ચૌહાણ (3) વાઘજીભાઈ
5. 'સાતડે મીંડે શૂન્ય'
   (1) ઉમેશ (2) ચૌહાણ (3) કામા

**જવાબ :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| (ક) | 1. સાચું | 2. ખોટું | 3. ખોટું | 4. ખોટું | 5. સાચું |
| (ખ) | 1. ચૌહાણ | 2. કામા | 3. ઉમેશ | 4. વાઘજીભાઈ | 5. ચૌહાણ |

## 2.7 કૃતિલક્ષી ભાષાકીય અભિવ્યક્તિનો અભ્યાસ

**(ક) અર્થ અને રચનાની દૃષ્ટિએ વાક્યના જુદા જુદા પ્રકારો ગુજરાતી ભાષામાં જોવા મળે છે.**

1. **વિધાનવાક્ય :** જે વાક્ય કોઈ હકીકતનું નિવેદન કરે તેને નિવેદનવાક્ય કે વિધાનવાક્ય કહેવાય.
   જેમ કે,
   - મેં તો મારી ફરજ બજાવી છે.
   - વાત બાળક પણ સમજી શકે એટલી સ્પષ્ટ છે.

**2. પ્રશ્નવાક્ય :** જે વાક્યામાં હકીકત વિશે પ્રશ્ન કરવામાં આવ્યાં હોય તેને પ્રશ્નવાક્ય કહેવાય.

જેમ કે,

- પેલી ખુરશી ઉપર જરા બેસશો ?
- મિસ નાણાવટી હોદ્દેદાર છે કે પ્રતિનિધિ ?

**3. ઉદ્‌ગારવાક્ય :** જે વાક્યમાં કોઈ હકીકત વિશે આનંદ કે આશ્ચર્ય કે એવો કોઈ ભાવ પ્રગટ થતો હોય તેને ઉદ્‌ગારવાક્ય કહેવાય.

જેમ કે,

- મારી જ સામે તો !
- આ વધારે કામ કરવાનો બદલો !

**4. વિધિવાક્ય :** હકારવાળું વાક્ય તે વિધિવાક્ય.

જેમ કે,

- પ્રિન્સિપાલ ઑફિસમાં આવી ગયા.
- અંતરનો મર્મ સમજું છું.

**5. નિષેધવાક્ય :** નકારવાળું વાક્ય હોય તેને નિષેધવાક્ય કહેવાય.

જેમ કે,

- ધંધામાં પણ કસ રહ્યો નથી.
- આ ડાબાજમણાની વાત રહી નથી.

(ખ) **તમારી પ્રગતિ ચકાસો.**

- **નીચેના વાક્યોને વિધાનવાક્યમાં ફેરવો.**
  1. થંભી જ કેમ ન જાય ?
  2. કાંઈ બહુ તરખડમાં પડી ગયા છો ?
  3. એમાં કયું ખાટુંમોળું થઈ ગયું ?
  4. એ તો હવે મરવા દે ને યાર !
  5. અરે વાત જવા દે ને યાર !
  6. આ વધારે કામ કરવાનો બદલો !
- **આ પાઠમાં દર્શાવેલ નિષેધવાક્યોની યાદી બનાવો.**

(ગ) આ એકાંકીમાં એવા ઘણા શબ્દો વપરાય છે જેમાં 'ઍ' કે 'ઑ' નો ઉચ્ચાર પહોળો થાય. – એ ઉચ્ચારોને વિવૃત 'ઍ' કહીને ઓળખાવાય છે. એ જ રીતે ઘણી વાર 'ઑ' ના ઉચ્ચારો પહોળા થવાથી વિવૃત 'ઑ' વપરાય છે.

જેમ કે, કૉલેજ, મૅચ, પ્રૅક્ટિસ, બૅરોનેટ વગેરે.

વિવૃત ઉચ્ચારણો માટે ગુજરાતીમાં અવળી માત્રા જેવી સંજ્ઞા વપરાય છે, એટલે શબ્દો આ રીતે લખાશે –

કૅન્વાસિંગ, સ્ટૉક, કૅન્વાસ, ચૅર

(ઘ) **તમારી પ્રગતિ ચકાસો.**

નીચેના શબ્દોમાંથી જેમાં 'ઍ' અને 'ઑ' પહોળા ઉચ્ચારાતા હોય એવા શબ્દો અલગ તારવો.

વેવલાઈ, સેક્રેટરી, ચેરમેન, ટેનિસ, વોલીબોલ, એક્સપોઝર, બેટિંગ, મેથ્સ, લોહી, ફોટોગ્રાફર, ત્રિકોણ

**(ચ) નીચેનાં વાક્યો તપાસો :**

- એ તો કે દીના સઘડી પેટાવવાના પંખા બનીને હાલ્યા ગયા !
- ઈઓણ ઉનાળામાં હવા ખાવા કામ આવશે.
- અરે એવું તે થાતું હશે.
- મારું હાળું આ તો કૌતુક જેવું —
- અત્યારે અહીં વિવાહ નહિ પણ વરજોળા હાલે છે.

ઉપરના વાક્યોમાં 'હાળ્યો', 'ઈ', 'ઓણ', 'થાતું', 'હાળું', 'હાલે' જેવા શબ્દો ગુજરાતી માન્યભાષાના નહીં પણ ગુજરાતની એક બોલી સૌરાષ્ટ્રની બોલીના છે. આ બોલીના ઉચ્ચારણ પ્રયોગમાં શબ્દપ્રયોગોમાં કેટલીક લાક્ષણિકતાઓ છે જેમ કે, -

1. આ બોલીમાં માન્ય ભાષામાં જ્યાં 'સ' બોલાય ત્યાં 'હ'નું ઉચ્ચારણ થાય છે.
   દા. ત. સારું — હારું
2. આ બોલીના શબ્દપ્રયોગોમાં જ્યાં 'ય'નું ઉચ્ચારણ માન્ય ભાષામાં ન હોય ત્યાં 'ય'નો પ્રયોગ કરવામાં આવે છે.
   જેમ કે થયું — થ્યું, નાખ - નાખ્ય
3. 'અ' કારાન્ત ધાતુઓનાં રૂપોમાં 'અ'કારનો 'આ'કાર થાય છે. જેમ કે થવું — થાવું, જવું — જાવું, થતું — થાતું વગેરે.
4. સૌરાષ્ટ્રી બોલીનું શબ્દભંડોળ પણ વિશિષ્ટ છે. જેમ કે ત્યાં — ઓણ, પેલું — ઓલું, સાથે — હારે, એ — ઈ, ચાલવું — હાલવું, ચાલે — હાલે, ચાલ્યા — હાલ્યા વગેરે.

**(છ) 'સાતડે મીંડે શૂન્ય' એકાંકીમાંથી પારસી બોલીના પાંચ વાક્યો શોધી તેની વિશેષતા જણાવો.**

## 2.8 લેખન-પ્રવૃત્તિ

- ચૂનિલાલ મડિયાનાં બીજાં એકાંકીઓનો અભ્યાસ કરી એકાંકીકાર તરીકે મડિયાને મૂલવો.
- અંગ્રેજી શબ્દોના પ્રયોગવાળા બીજા એકાંકી શોધી તેની યાદી બનાવો.
- તમારા ગામમાં થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ પર અહેવાલ તૈયાર કરો.

## 2.9 તમારી પ્રગતિ ચકાસો.

**(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

1. ઉમેશ કૉલેજમાં કયો હોદ્દો ધરાવે છે ?
2. કાર્યક્રમમાં ભાગ લેનાર મંચસ્થ સાત વ્યક્તિઓ કોણ છે ?
3. મિસ નાણાવટીની ખુરશીની બાજુની ખુરશીમાં કોનું નામ લખવામાં આવેલું છે ?
4. મિસ્ટર કામા કાર્યક્રમના આયોજન વિશે કોને ફરિયાદ કરે છે ?
5. કાર્યક્રમમાં ફોટોગ્રાફી રદ કરવાની સૂચના કોણ આપે છે ?

**(ખ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. ઉમેશ અને ફોટોગ્રાફ વચ્ચેના સંવાદનો હાર્દ સ્પષ્ટ કરો.
2. વાઘજીના સંવાદોમાં વ્યક્ત થતું હાસ્ય વર્ણવો.
3. ચૌહાણ શેની આગાહી કરે છે ?
4. મિસ્ટર કામા કાર્યક્રમની ફરિયાદ શા માટે કરે છે ?
5. 'સાતડે મીંડે શૂન્ય' એકાંકીનું શીર્ષક સમજાવો.

**(ગ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. 'સાતડે મીંડે શૂન્ય' એકાંકીનો કેન્દ્રવર્તી વિચાર જણાવો.
2. 'સાતડે મીંડે શૂન્ય' એકાંકીના પાત્રોની વિશેષતા ચર્ચો.
3. 'સાતડે મીંડે શૂન્ય' એકાંકીમાં મડિયાની શૈલી વિશે નોંધ તૈયાર કરો.
4. 'સાતડે મીંડે શૂન્ય' એકાંકીની ભજવણી ક્ષમતા ચકાસો.
5. 'સાતડે મીંડે શૂન્ય' એકાંકીમાં સંવાદકલાના નિરૂપણ વિશે તમારા શબ્દોમાં નોંધ તૈયાર કરો.

## 2.10 વિશેષ અધ્યયન

**(ક) કર્તા પરિચય** (ચૂનિલાલ મડિયા)

આ એકાંકીના સર્જક ચુનીલાલ મડિયા અનુગાંધીયુગના નોંધપાત્ર સર્જક છે. 'ઘૂઘવાતાં પૂર' વાર્તાસંગ્રહથી લેખન-પ્રવૃત્તિ શરૂ કરનાર ચુનીલાલ મડિયાનું સાહિત્યસર્જન વિપુલ પ્રમાણમાં છે. તેમણે નવલકથા, વાર્તા, નાટકો, ચરિત્રો, વિવેચન, સંપાદન, અનુવાદ વગેરે ઉપરાંત ત્રણ એકાંકીસંગ્રહ આપ્યાં છે. તેમના પ્રથમ એકાંકીસંગ્રહ 'રંગદા' 1951માં પ્રગટ થયો. તેમને ઉત્તમ નાટકલેખન માટે નર્મદ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

**(ખ) સ્વરૂપ પરિચય (એકાંકી)**

પ્રસ્તુત કૃતિ એકાંકી છે. જે ચુનીલાલ મડિયાના 'રંગદા' એકાંકીસંગ્રહમાંથી લેવામાં આવી છે. આ એકાંકી તેના નાટ્યતત્ત્વને ચરિતાર્થ કરે છે. ઓછી ઘટના, ઓછા પાત્રો, ઓછા સ્થળ-સંદર્ભ અને સમય સાથે એક તણખો વાચકના મનમાં મૂકી જવાની એકાંકીની ખૂબી તેને પ્રિય બનાવે છે. સામાજિક, મનોવૈજ્ઞાનિક કે સાહિત્યક ખ્યાલને એકાંકીમાં વણી લેવા તથા તેને ભજવી શકાય તેવા સ્વરૂપે ઢાળવામાં એકાંકીની કસોટી થાય છે.

**(ગ) વિશેષ વાચન**

- નાટ્યસાહિત્યના પ્રકારો અને સામ્ય-ભેદ વિશે અભ્યાસ કરો.
- ગુજરાતી સાહિત્યમાં અલગ અલગ સમયમાં લખાયેલા એકાંકીના સ્થિત્યંતરોનો અભ્યાસ કરો.
- એકાંકીમાં સમયમર્યાદા અને અભિનેયતા વિશે અભ્યાસ કરો.

**• ટિપ્પણ :**

| | | |
|---|---|---|
| વેવલાઈ | - | વેવલાપણું |
| લગામ | - | અંકુશ |
| શુક્રવારી | - | શુક્રવારે ભરાતું બજાર, ગુજરી |
| ચરકણ | - | ડરપોક |

| | | |
|---|---|---|
| શહાદત | - | શહીદ થવું તે, આત્મબલિદાન |
| અદેખાઈ | - | ઈર્ષ્યા |
| અરસિક | - | મજા ન પડે એવું, શુષ્ક, રસ ને ન સમજી શકે એવું |
| પ્રતિભા | - | કાંતિ, તેજ, છટાં, સર્જનાત્મક શક્તિ,<br>જન્મજાત બુદ્ધિ શક્તિ, કલ્પના, સર્જન |
| મલક | - | પોતાનો દેશ, પોતાનું વતન |
| શિરસ્તો | - | ધારો, પ્રથા, રિવાજ |
| મારગ | - | રસ્તો, માર્ગ |
| ગામઠી | - | ગામડાનું, ગામને લગતું, ગામડિયું |
| ઓણ | - | આ વરસે |
| ત્રેખડ | - | ત્રેવડ, ત્રણની ટોળી-સમૂહ, ખોજ, ખંત |
| પોર | - | આવતા વરસે |
| લમણાઝીંક | - | માથાફોડી |
| આદિકાળ | - | આરંભકાળ, સૃષ્ટિની શરૂઆતનો કાળ |

- **સંદર્ભસૂચિ**


- રંગદા – ચૂનિલાલ મડિયા
- મડિયાનાં પ્રતિનિધિ એકાંકીઓ – સંપા. ડૉ. બળવંત જાની
- મડિયાનું અક્ષરકાર્ય – ડૉ. નવીનચંદ્ર ત્રિવેદી
- ચૂનિલાલ મડિયા – નીતિન વડગામા



**લેખન :** ડૉ.હેતલ ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

એકમ 3

# નેજવાની છાંયતળે

- સતીશ વ્યાસ

રૂપરેખા

3.1 ઉદ્દેશો

3.2 પ્રસ્તાવના

3.3 કૃતિ

3.4 કૃતિનો સારાંશ

3.5 કૃતિલક્ષી અધ્યયન

3.6 વસ્તુલક્ષી કસોટી

3.7 કૃતિલક્ષી ભાષાકીય અભિવ્યક્તિનો અભ્યાસ

3.8 લેખન-પ્રવૃત્તિ

3.9 તમારી પ્રગતિ ચકાસો

3.10 વિશેષ અધ્યયન

- ટિપ્પણ

- સંદર્ભ સૂચિ

## 3.1 ઉદ્દેશો

આ એકાંકીના અભ્યાસ દ્વારા તમે –

- 'નેજવાંની છાંય તળે' એકાંકીનો આસ્વાદ માણશો.
  - કથાવસ્તુની દૃષ્ટિએ
  - પાત્રોની દૃષ્ટિએ
  - અભિનેયતાની દૃષ્ટિએ
- વૃદ્ધત્વની લાક્ષણિકતાઓ સાથે વૃદ્ધોની માનસિકતાને પામી શકશો.
- પાત્રોના અભિનયના રસસ્થાનોને પામી શકશો.
- ત્રણ દૃશ્યોમાં વહેંચાયેલા એકાંકીની વસ્તુગૂંથણીને સમજી શકશો.

## 3.2 પ્રસ્તાવના

પ્રસ્તુત એકાંકીમાં એકલા રહેતાં વૃદ્ધ દંપતિના મનોભાવને વ્યક્ત કરવાની શૈલી તથા અભિનયના માધ્યમ દ્વારા ભાવકના-વાચકના મનમાં એક ઊંડી છાપ છોડી જવી. પોતાની એકલતાને દૂર કરવાના નવા નવા રસપ્રદ રસ્તા શોધી જિંદગીને રસમય બનાવવાની મૂંઝવણ તમને એકાંકી વાંચતા ચોક્કસ થાય. વૃદ્ધત્વમાં સંતાનો સાથે ન હોય, વૃદ્ધ પાસે સમય જ સમય હોય છતાં દંપતિ હોવાથી એકબીજાના સહારે દરરોજના ટાઈમટેબલ પ્રમાણે ગોઠવેલી જિંદગીને રસપ્રદ બનાવવા કીમિયા કરવા પડે; પણ, બેમાંથી એક થવાની કલ્પના જ વૃદ્ધ અને વૃદ્ધાને જીવન સમાપ્ત કરવા તરફ લઈ જાય છે.

### 3.3 કૃતિ (નેજવાંની છાંય તફે)

**પાત્રો : વૃદ્ધ, વૃદ્ધા**

**દૃશ્ય : ૧**

(સવાર ચારેક વાગ્યાનો સમય. વૃદ્ધ સ્ત્રી જૂના ફર્નિચરવાળા દીવાનખાનામાંથી ધીમે ધીમે પસાર થાય. થોડી વાર બહાર જઈ આવી પાછી એક ખુરશી પર બેસે. આંખો ચોળે. કંટાળાનો ભાવ અનુભવે. ઊભી થાય. પાછી એક નાનો આંટો મારી બેસી જાય. એવામાં વૃદ્ધ પુરુષ પણ આપી પહોંચે. ધીમેથી એની બાજુની ખુરશીમાં આવીને બેસે.)

વૃદ્ધા : કેટલા વાગ્યા હશે ?

વૃદ્ધ : સાડાચાર.

વૃદ્ધા : કેમ જાણ્યું ?

વૃદ્ધ : ચારના ટકોરા સાંભળ્યા હતા હવે એક ટકોરો થયો. સાડા ચાર થયા હશે.

વૃદ્ધા : મોઢું ધોઈને કોગળા કરી લઉં ત્યારે.

વૃદ્ધ : બેસને ! શી ઉતાવળ છે ?

વૃદ્ધા : કંટાળી હું તો ! તમે તો ચારના ટકોરા સાંભળ્યા હતા. હું તો બારથી સાંભળું છું.

વૃદ્ધ : તો પછી સમય કેમ પૂછ્યો ?

વૃદ્ધા : બસ, એમ જ. થોડી વાત થાયને એટલે !

વૃદ્ધ : હં. (થોડી વાર પછી) હુંયે તને બાર પછી પડખાં ઘસતી જોયા જ કરતો હતો.

વૃદ્ધા : એમ ! તો બોલ્યા કેમ નહીં ?

વૃદ્ધ : બસ પડી રહેવાની જ ઇચ્છા હતી. જો બોલું ને ઊંઘ ઊડી જાય તો.

વૃદ્ધા : ઊંઘ તો ઊડી જ ગઈ છે ને આ બારણેથી.

વૃદ્ધ : ચાલ ત્યારે. તું તારા બોખામોંથી કોગળા કરી લે ને હું આ રહ્યાસહ્યા દાંતને બ્રશ કરી લઉં.

(બન્ને ધીમે ધીમે દૈનિક ક્રિયાઓ માટે બહાર નીકળી જાય)

**દૃશ્ય-૨**

(વૃદ્ધા તૈયાર થઈને બેઠી છે. વૃદ્ધ ટુવાલ ખભે નાખી હમણાં જ નાહીને બહાર નીકળ્યો હોય એમ પ્રવેશે છે.)

વૃદ્ધા : કેટલા વાગ્યા ?

વૃદ્ધ : દસ

વૃદ્ધા : તમે તો ઝડપથી નાહીને બહાર નીકળી આવો છો, એવી તે શી ઉતાવળ છે ? તમારે ક્યાં નોકરીએ જવાનું છે ?

વૃદ્ધ : કેટલાય પ્રયાસ કરું છું લાંબો સમય કાઢવા. પણ જાણે ક્યારનોય નહાતો હોઉં એમ લાગે છે. પછી ડર લાગે છે કે શરદી થઈ જશે તો ? એટલે જલદી નીકળી આવું છું.

વૃદ્ધા : હું તો તમે જુઓ છો ને, એયને પૂરો કલ્લાક લગાડું છું. આમેય આપણે બીજું કરવાનું છેય શું ? ચાલો હવે આ ટુવાલ પેલી વળગણીએ નાખી આવો એટલે આપણું આજનું ટાઈમટેબલ શરૂ થાય.

વૃદ્ધ : આજનું ટાઈમટેબલ શું છે ?

(દીવાલ પર ચોંટાડેલા એક મોટા ટાઈમટેબલ ઉપર નેજવું કરીને વૃદ્ધા નજર માંડે પછી ફરીને...)

વૃદ્ધા : દસ વાગ્યે ઘરની સફાઈ કરવાની.

વૃદ્ધ : પણ ઘર તો ચોખ્ખું જ છે.

વૃદ્ધા : તોયે ટાઈમટેબલ એટલે ટાઈમટેબલ.

વૃદ્ધ : ચાલો તો શરૂ કરીએ.

(વૃદ્ધ-વૃદ્ધા થોડી વાર ઘરમાં નજર નાખે.)

વૃદ્ધા : જુઓ, આ ખુરશી પેલા ખૂણામાં મૂકી દો.

વૃદ્ધ : ગયે અઠવાડિયે તો ખૂણામાં મૂકી હતી.

વૃદ્ધા : એમ ? તો એમ કરો. વચ્ચે મૂકીએ. ને પેલું ટેબલ પણ વચ્ચે મૂકી દઈએ.

વૃદ્ધ : હા, એ બરાબર છે.

(વૃદ્ધાનો એક હાથ લગભગ નિષ્ક્રિય છે-લકવાગ્રસ્ત. પુરુષનો એક પગ લંગડાય છે. બન્ને માંડમાંડ બધું ગોઠવે.)

વૃદ્ધા : બરાબર છે ?

વૃદ્ધ : નથી સારું લાગતું.

વૃદ્ધા : જુદું લાગે છે ?

વૃદ્ધ : હા.

વૃદ્ધા : તો બસ !

(બારણું ખખડે. વૃદ્ધા ધીમે ધીમે બહાર જાય. હાથમાં ટિફિન લઈ દાખલ થાય.)

વૃદ્ધા : ચાલો, જમી લઈએ.

વૃદ્ધ : આજે ભોજનમાં શું છે ?

(વૃદ્ધા ટિફિન ખોલે)

વૃદ્ધા : ઓહ ! એનું એ જ. બટાટા. તમે ન ખાતા ડાયાબીટીસ...

વૃદ્ધ : તનેયે વાયુપ્રકોપ છે જ ને ? તું પણ ન ખાતી. આપણે દાળથી ચલાવી લઈશું.

(બન્ને ખાય. વૃદ્ધા જરા ઝડપથી – વૃદ્ધ ધીમે ધીમે)

વૃદ્ધા : તમે ધીમેથી ખાઓને ! ફરી પાછી ઉતાવળ.

વૃદ્ધ : ભાવતું નથી. એટલે થયું કે ઝડપથી પૂરું કરી દઉં.

વૃદ્ધા : પણ જમ્યા પછી શું કરશો ? એના કરતાં થોડી વાર લગાડીને નિરાંતે સમય કાઢો તો ?

વૃદ્ધ : (નિસાસા સાથે) ભલે, તું કહે એમ.

(બન્ને ભોજન પૂરું કરે. ટિફિન પાછું યથાવત્ ગોઠવી વૃદ્ધા બારણા બહાર મૂકી આવે.)

વૃદ્ધા : હવે ?

વૃદ્ધ : થોડો આરામ.

(પલંગ પર સૂએ. થોડી વાર પછી વૃદ્ધા સફાળી ઊભી થઈ જાય.)

વૃદ્ધા : શું કોઈએ મારા દીકરાને માર્યો તો નહીં હોયને ? ફેક્ટરીનો માલિક એટલે રોજ મજૂરોનાં આંદોલનો ! ને મજૂરો તો મૂઆ મારેય ખરા. એમને શું ? ને મારો સોહન તો નાજુક છે ! શું કરતો હશે એ ? હવે તો એનેય બેતાળાં આવી ગયાં હશે નહીં ? ડાયાબીટીસ તો નહીં હોય ને એને ? કાગળ તો લખતો જ નથી. ભારે આળસુ. તમે એને જરા કંઈ કહેતા હો તો ! ના, ના. ના કહેતા. પાછું ખોટું લાગશે તો એકેય કાગળ નહીં લખે. એનો લાલુ પણ હવે તો મોટો થઈ ગયો હશે! કયા ધોરણમાં આવ્યો હશે ?

વૃદ્ધ : (સ્વગત) ઓહ ! તને કેમ સમજાવવી કે સોહન તે ક્યારનોય....! ને એનાં લગ્ન પણ ક્યાં થયાં હતાં તે....(પ્રગટ) પણ સાંભળ ! સાંભળ એ ય ! (ખંભેથી ઢંઢોળે, તરત જ ઘંટડી વગાડે) સમય પૂરો થયો.

વૃદ્ધા : એમ ચાલો ત્યારે મેં બરાબર કર્યું હતું ને ? કંઈ ઝઘડી તો નથીને તમારી સાથે એ સમયમાં ?

વૃદ્ધ : ના.

વૃદ્ધા : તો હવે શું કરવાનું છે ?

વૃદ્ધ : (ટાઈમટેબલ તરફ જોઈને) હવે પ્રેમ કરવાનો છે થોડો.

વૃદ્ધા : પણ પ્રેમના પીરિયડમાં, એ દિવસે તમે ઝઘડ્યા હતા, એવું નહીં કરવાનું.

વૃદ્ધ : ભલે.

વૃદ્ધા : તો શરૂ કરીએ.

વૃદ્ધ : શું ?

વૃદ્ધા : પ્રેમ જ તો

વૃદ્ધ : ક્યાંથી શરૂ કરું ?

વૃદ્ધા : ગમે ત્યાંથી !

વૃદ્ધ : હં. (થોડી વાર પછી) વાહ ! આજે તો તું ખૂબ સંદર દેખાય છે !

વૃદ્ધા : ના. આ તો એનું એ જ થયું.

વૃદ્ધ : તો (થોડી વાર વિચારી) યમુના, આઈ લવ યુ.

વૃદ્ધા : રીઅલી ! આઈ ઓલસો લવ યુ.

વૃદ્ધ : તારી સાથે હું ભવોભવ ગાળવા તૈયાર છું.

વૃદ્ધા : આવતા ભવે તમે જ મારા

વૃદ્ધ : કેમ ? કંટાળો નહીં આવે ?

વૃદ્ધા : ના, ના. એક સાથે માંડ માંડ અનુકૂળ થવાયું છે. બીજા સાથે થવાય કે ન થવાય. ને તમે તો પાછા મારું બધું કામ કરી આપો છો. મારો પડ્યો બોલ ઉથાપો છો.

વૃદ્ધ : એટલે તારે એક સેવક જોઈએ છે એમ કહેને.

વૃદ્ધા : ના, ના. સેવક નહીં, સ્વામી.

વૃદ્ધ : ‘સ્વામી, સ્વામી’ બોલીને જ તમે અમને સેવક બનાવી દીધા છે.

વૃદ્ધા : એનો એ જ ડાયલોગ ! નથી જામતું કંઈ !

વૃદ્ધ : (વિચારીને) તો,... એના કરતાં... એમ કરીએ ઝઘડીએ.

વૃદ્ધા : ભલે. કંઈક તો નવું આવશે એમાં !

વૃદ્ધ : ઝઘડાનું કારણ ?

વૃદ્ધા : કોઈપણ ! ઝઘડાને વળી કારણની શી જરૂર ?

વૃદ્ધ : તો શરૂ કરીએ.

વૃદ્ધા : (મોટેથી) હા, હા, કરી તો જુઓ ખબર પડે !

વૃદ્ધ : એમ મોટે મોટેથી બોલીશ એટલે હું ડરી જઈશ એમ સમજે છે તું ?

વૃદ્ધા : ને તમારા આ ઘોઘરાથી હું યે બી જવાની નથી હા ! આ કહી દીધું!

વૃદ્ધ : સાવ જડ જેવી છે તું. તારાં માબાપે તને કાંઈ શીખવ્યું હોય તો ને ? કેમ બોલવું એ તો ખબર પડતી નથી.

વૃદ્ધા : તમને ખબર પડે છે તે ખબર છે ! જ્યારે હોય ત્યારે તમે મારાં માબાપને ગાળો દો છો. તમે ય કેવા સંસ્કારી છો તે ખબર છે !

વૃદ્ધ : જો હવે એક પણ શબ્દ આગળ બોલી છે તો કાઢી મૂકીશ ઘરમાંથી બહાર !

વૃદ્ધા : બોલ્યા 'કાઢી મૂકીશ' પછી રહેશો હાથ ઘસતા તે આવશો વાંકા રહીને.

વૃદ્ધ : હવે જા જા, તું જઈશ તો બીજી આવશે.

વૃદ્ધા : તો હું યે કંઈ કમ નથી. હું યે શોધી લઈશ બીજો !

વૃદ્ધ : નાલાયક ! શું બોલે છે એનું કંઈ ભાનબાન છે કે નહી ? જેમ જેમ હું બોલતો નથી ત્યાં સુધી....

વૃદ્ધા : લે, જો તો ! બોલબોલ તો ક્યારના કરો છો ને પાછા કહો છો કે.

વૃદ્ધ : ચૂપ મરીશ તું ?

વૃદ્ધા : ના. નહી. શું કરી લેશો ?

વૃદ્ધ : આજે ને આજે જતી રહે તારે પિયર. મારી તારી જરૂર નથી.

વૃદ્ધા : (ગંભીર) પિયર ! 'પિયર' કહ્યું તમે, હવે આજે કયા પિયરમાં જાઉં હું ? ના ના. કહો જોઉં ? આજે આ ઉંમરે કયું પિયર હોય મારે ? (રડે ત્યાં જ વૃદ્ધ બેલ વગાડે)

વૃદ્ધ : પૂરો, આ પીરિયડ પણ ! પૂરો !

**દૃશ્ય : ૩**

(બહારથી બારણું ખખડે. વૃદ્ધા ઊઠે. ચાના બે કપ લઈ અંદર આવે. બન્ને પીએ. વૃદ્ધા ખાલી કપ પાછા બહાર મૂકી આવે)

વૃદ્ધા : સારું થયું ને આ પૈસા હતા તો આ વ્યવસ્થા થઈ શકી. મેં જો કરકરસરથી બચત ન કરી હોત તો આજે આ વ્યવસ્થા પણ ક્યાંથી હોત ?

વૃદ્ધ : રહેવા દે હવે ! એ તો મેં દીર્ઘદૃષ્ટિથી આયોજન કરી પૈસાનું રોકાણ કર્યું એટલે આજે આ નિરાંત છે, તું તો ઉડાડી દેતી હતી બધું !

વૃદ્ધા : જો, જો ઝઘડતા ! પાછા ઝઘડાનો પીરિયડ તો પૂરો થઈ ગયો.

વૃદ્ધ : હું. હવે શું હશે ? (ટાઈમટેબલમાં જોતા) આજે ક્યો વાર ?

વૃદ્ધા : કેમ એમ પૂછો છો ? સવારે તો તમે ટાઈમટેબલ જોયું ત્યારે વાર જોયો જ હશે ને ?

વૃદ્ધ : હા. ત્યારે યાદ હતું, પણ અત્યારે યાદ નથી આવતું.

વૃદ્ધા : તમારી યાદશક્તિ તો એવી ને એવી જ રહી.

વૃદ્ધ : પણ. તું કહેને ત્યારે આજે કયો વાર છે ?

વૃદ્ધા : અં...રવિ...ના...ના...સોમ ?...શનિ : યાદ નથી.

વૃદ્ધ : ત્યારે બસ. તું તે મારા જેવી જ છે.

વૃદ્ધા : ના, હોં. આ તો કોઈક વાર આવું થાય. પણ તમે તો કાયમ ભુલકણા જ રહ્યા ! (થોડીવાર પછી) અરે હા, યાદ આવ્યું. આજે બુધવાર છે.

વૃદ્ધ : કઈ રીતે જાણ્યું ?

વૃદ્ધા : આજે આ તુલસીવાળી ચા ન આવી ? તુલસીવાળી ચા બુધવારે જ મળે છે. ગઈ કાલે ફૂદીનાવાળી હતી-મંગળવારની, અને ગુરુવારે આદુવાળી.

વૃદ્ધ : હા, તો આજે બુધવાર છે.

વૃદ્ધા : હવે જુઓ શું કરવાનું છે તે.

વૃદ્ધ : હં. બુધવાર. ચા પીધી એટલે લગભગ ચાર વાગ્યા હશે. જોને જરા તું યે મારી સાથે આ ટાઈમટેબલમાં (બન્ને જુએ.)

વૃદ્ધા : કાલ્પનિક સરપ્રાઈઝ આઈટમ.

વૃદ્ધ : આજે તારો વારો. પરમ દિવસે મેં સરપ્રાઈઝ આઈટમ રજૂ કરી હતી. (એવામાં અચાનક વૃદ્ધા મૂંઝવણ અનુભવે. લગભગ બેવડવળી ઊલટીઓ કરવાના પ્રયાસ કરે).

વૃદ્ધ : કેમ, આમ અચાનક શું થયું ?
(વૃદ્ધા ફરી ઊબકો ખાય)

વૃદ્ધ : કહેને ? શું થયું ? આમ સાવ ઓચિંતું ?
(વૃદ્ધા વધારે મરડાય)

વૃદ્ધ : (એકદમ વિહ્વળ થઈ વૃદ્ધાનો ખભો પકડી) પ્લીઝ ! કહેને કંઈ મૂંઝવણ થાય છે ? ડૉક્ટરને બોલાવું ? તું આમ કેમ...

વૃદ્ધા : (થોડી સ્વસ્થ થઈ) ના, ના. મને કંઈ નથી.

વૃદ્ધ : કંઈક જરૂર છે. નહીંતર આમ ઊલટી...

વૃદ્ધા : હમણાં ઠીક થઈ જશે.

વૃદ્ધ : પણ તને થાય છે શું એ તો કહે !

વૃદ્ધા : એ તો છે ને... એ તો... (શરમાય) મૈં મા બનનેવાલી...

વૃદ્ધ : ઓહ હો ! સરપ્રાઈઝ આઈટમ હવે સમજ્યો. હું તો એવો ગભરાઈ ગયો હતો. તે હેં સાચ્ચે જ ! ઓહ ! હું ખુબ ખૂશ છું ! (વૃદ્ધા વધારે શરમાય) આજે મારા જીવનનું સ્વપ્ન પૂરું થયું. મારો વંશવેલો તો ટકશેને ? કહ્યું છે કે સંતાનથી પતિ પત્નીનો પ્યાર ઘનિષ્ઠ બને છે. તે આજે મને કૃતાર્થ કર્યો છે પ્રિયે !

વૃદ્ધા : જાઓને હવે ! શું ઘેલા કાઢો છો ? તમે જાણે નવાઈના બાપ થવાના હો ! શરમાતા નથી ?

વૃદ્ધ : તે વળી એમાં શેની શરમ ? આ ક્યાં ગેરકાયદે...

વૃદ્ધા : બસ, બસ. હવે બોલવાનું ભાન રાખો.

વૃદ્ધ : એય, અહીં આવ. મારી પાસે બેસ. બોલ, શું અનુભવાય છે તને ?

વૃદ્ધા : અંદર કંઈક ઊંચુ નીચું...

વૃદ્ધ : હં (પેટ પાસે કાન લઈ જઈ) અત્યારે એ શું કરતું હશે ?

વૃદ્ધા : રહો, રહો, હવે, હજી તો...

વૃદ્ધ : હા, હા. હજી તો એનો કોઈ આકાર જ નહી બંધાયો હોય કેમ ? (થોડીવાર પછી) એય, નામ શું પાડીશું એનું ?

વૃદ્ધા : કોનું ?

વૃદ્ધ : છોકરાનું !

વૃદ્ધા : મારે તો છોકરી જોઈએ.

વૃદ્ધ : ના હોં. મારે તો છોકરો...

વૃદ્ધા : બસ બસ. હજી તો ભેંસ ભાગોળે ને ઘરમાં ધમાધમ !

વૃદ્ધ : ચાલ, બન્નેનાં નામ વિચારીએ, છોકરી હોય તો ?

વૃદ્ધા : (વિચારી) ગિરા.

વૃદ્ધ : હં. સરસ છે. ને છોકરો હોય તો ?

વૃદ્ધા : (તરત જ) સોહન ! (અચાનક વૃદ્ધાની ભાવમુદ્રામાં પરિવર્તન) ઓહ સોહન, સોહન ! તું ક્યાં જતો રહ્યો ? કેમ તારો કોઈ પત્ર આવતો નથી ? કેમ ? તું અમને મળવા આવતો નથી ? કેમ ? કેમ ? તું અમને આમ ઘડપણમાં ટટળાવી રહ્યો છે ? દયા જ નથી આવતી તને તારાં માવતરની ? તને આજ દિન સુધી લાડ લડાવી મોટો કર્યો ને છેવટે તે જ અમને દગો દીધો ? જરાક તો લાજશરમ જેવું રાખ. ક્યારેક તો ખબર લે તારાં આ ઘરડાં મા-બાપની ?
(વૃદ્ધ ઘંટડી વગાડે. વૃદ્ધા તરત સ્વસ્થ)

વૃદ્ધા : હવે ? (બન્ને ટાઈમટેબલ જુએ)

વૃદ્ધ : હવે સાંસ્કૃતિક કાર્યક્રમનો સમય થયો. એમ કર, આજે તો એક ગીત ગા.

વૃદ્ધા : ના. ના. હવે. શું મશ્કરી કરો છો ?

વૃદ્ધ : એમાં મશ્કરી શેની ? કૉલેજમાં હતી ત્યારે તો તું કેવું સરસ ગાતી. વાર્ષિક કાર્યક્રમોમાં, પિકનિકોમાં તારાં ગીતો કેવાં જામતાં ! રેડિયો ઉપર તો તારો અવાજ સાંભળી હું ઘેલો બની જતો !

વૃદ્ધા : હા. ખબર છે મને. તે દિવસે મારો કાર્યક્રમ પૂરો પછી તમે મને અભિનંદન આપવા આવ્યા અને તેમને જોઈને જ હું તમારા પ્રત્યે આકર્ષાઈ ગઈ.

વૃદ્ધ : અને તારા ગરબા જોવા આસપાસની સોસાયટીઓમાંથી ટોળાં ઊભરાતાં. એ ગરબામાંનો તારો હિલ્લોળ, તારા અંગ મરોડો, તારી સહેજ ઠેક ભલભલાને ટીકી રહેવા મજબૂર કરતાં.

વૃદ્ધા : બસ બસ હવે. વળગી ન પડતા ક્યાંક !

વૃદ્ધ : એમ કર, એક ગરબો જ ગાઈ નાખ.

વૃદ્ધા : ના, ના, હવે તો મારો રાગ પણ...

વૃદ્ધ : અરે જેવો હોય તેવો !

વૃદ્ધા : એક શરતે !

વૃદ્ધ : કઈ ?

વૃદ્ધા : આપણે બન્ને સાથે ઘૂમીએ, હું ગાઉ ને તમે ઝીલો.

વૃદ્ધ : મંજૂર !

(વૃદ્ધા એક ગરબો શરૂ કરે, (અહી કોઈપણ ગરબો ચાલે), બન્ને શિથિલ રીતે, બેતાલ, ઘૂમે. ગરબો પૂરો થયા પછી બન્ને થાકીને બેસી પડે.)

વૃદ્ધા : મારા તો પગ દુઃખી ગયા.

વૃદ્ધ : મારા યે.

વૃદ્ધા : ચાલો તો શરૂ કરીએ એકબીજાના પગ દબાવવાનો રોજિંદો કાર્યક્રમ !

વૃદ્ધ : પહેલા તું દબાવ મારા !

વૃદ્ધા : ધણીપણું.

વૃદ્ધ : હાસ્તો વળી ! ચાલ.

(પહેલાં વૃદ્ધા પગ દબાવે)

વૃદ્ધ : કંઈ જ વજન લાગતું નથી તારા આ એક હાથનું. હજી તો મારા પગ એવા જ દુખે છે.

(વૃદ્ધા જરા જોર કરે ત્યાં તો થાકે)

વૃદ્ધા : હાય, હું તો થાકી ગઈ. મારો તો હાથ દુખવા માંડ્યો.

વૃદ્ધ : રહેવા દે. ચાલ હું તારા પગ દબાવું.

(વૃદ્ધાના પગ દબાવે. એના ચહેરા પર રાહતનો ભાવ)

વૃદ્ધા : આમ ક્યાં સુધી ચાલશે ?

વૃદ્ધ : શું ?

વૃદ્ધા : આપણું આ ડમણિયું !

વૃદ્ધ : કાળ ઈચ્છશે ત્યાં સુધી.

વૃદ્ધા : આપણી પ્રીતિ તો આવીને આવી જ રહેશે ને ?

વૃદ્ધ : કેમ એવો વિચાર આવ્યો ?

વૃદ્ધા : હું તો ઈચ્છું કે તમારા પહેલાં જ મારી આંખ મીચાઈ જાય તો સારું. મારું સૌભાગ્ય અખંડિત રહે. ચૂડીચાંદલા સાથે તમારે ખભે ચઢી હું વિદાય લઉં.

વૃદ્ધ : પણ મારું ખંડિત થાય એનું શું ? સ્વાર્થી !

વૃદ્ધા : એમાં સ્વાર્થ શાનો ? અમારે સ્ત્રીઓને તો આ જ સદ્ભાગ્ય !

વૃદ્ધ : પણ ધારો કે તારા પહેલાં જ...

વૃદ્ધા : (વૃદ્ધના મોં પર હાથ મૂકી દેતાં) જો જો, પાછા એવું અપશુકનિયાળ બોલતા!

વૃદ્ધ : પણ આ તો ધારવાનું છે.

વૃદ્ધા : તો, તો મારાથી જિવાય જ નહી. હું તો તરત જ આત્મહત્યા કરું.

વૃદ્ધ : આત્મહત્યા પાપ છે.

વૃદ્ધા : ભલે રહ્યું. પતિ પાછળ આત્મહત્યા કરવી એ તો અમારે સ્ત્રીઓને મન પુણ્ય.

વૃદ્ધ : પણ ધારો કે તું પહેલી જાય તો તો મારા માટે જીવન શૂન્ય બની જાય, હું યે કદાચ તારી જેમ જ તારી પાછળ...

વૃદ્ધા : એક સૂચન કરું ?

વૃદ્ધ : કહે.

વૃદ્ધા : આપણે સાથે જ વિદાય લઈએ તો ?

| | | |
|---|---|---|
| વૃદ્ધ | : | (વિચારી) પણ એમ કેમ બને ? |
| વૃદ્ધા | : | બનશે. જો તમે હા પાડો તો ? |
| વૃદ્ધ | : | બોલ. |
| વૃદ્ધા | : | વચન આપો કે તમે મારી વાત માનશો. |
| વૃદ્ધ | : | વચન. |
| વૃદ્ધા | : | તો આપણે આજે જ સાથે મરીએ. |
| વૃદ્ધ | : | શું કહે છે તું ? એમ કેમ બને ? |
| વૃદ્ધા | : | જુઓ તમે મને વચન આપ્યું છે ને ? હવે હું કહું તેમ જ કરો. હું ઇચ્છું તો છું કે તમારાથી વહેલી મરું તો સારું પણ પછી વિચારું છું કે મારા વિના તમારું શું થાય ? એ વિચારે મને તો વહેલું મરવું ગમતું નથી. ને તમે મરો તો મારું તો દુર્ભાગ્ય જ ને ? એના કરતાં આપણે બન્ને સાથે... |
| વૃદ્ધ | : | તારી વાત મારે ગળે પણ ઊતરે છે. આમે ય આપણે પૂર્ણ રીતે જીવન માણ્યું છે. લાંબો સાથ નિભાવ્યો છે. હવે કશો જ અસંતોષ નથી. |
| વૃદ્ધા | : | ને આ રેઢિયાળ ઘડપણમાં બળ્યું ય છે શું ? |
| વૃદ્ધ | : | ચાલ ત્યારે થઈ જા તૈયાર. |
| વૃદ્ધા | : | પેલા કબાટમાં પોઇઝનની શીશી છે. એમાંથી ગોળીઓ કાઢો. (વૃદ્ધ કાઢે. બારણું ખખડે વૃદ્ધા બહાર જાય. સાંજનું ટિફિન લઈ અંદર આવે. ટિફિન ખોલે. ખાદ્ય સામગ્રી સાથે વૃદ્ધે આપેલી ગોળીઓ ભેળવી બન્ને હસતાં હસતાં ઓગાળે અને પ્રસન્ન ચિત્તે ખાય... ત્યાં જ પડદો પડે.) |

**- સતીશ વ્યાસ**

## 3.4 કૃતિનો સારાંશ

**દૃશ્ય : 1**

સવારના ચારેક વાગ્યાના સમયે વૃદ્ધ દંપતી ઊઠી ગયા છે. સમયની પૃચ્છા કરે છે. બંને રાત્રીના બાર વાગ્યાથી જાગતા હોવા છતાં પડી રહે છે, એકબીજા સાથે વાત કરતા નથી; પણ, હવે સાડાચાર પછી દૈનિક ક્રિયા માટે ઊઠી જાય છે.

**દૃશ્ય : 2**

બીજા દૃશ્યમાં વૃદ્ધ-વૃદ્ધા નાહીને તૈયાર થાય છે. વૃદ્ધા નાહવાનો વધારે સમય લઈ જિંદગીનો સમય પસાર કરતી હોય એમ જણાય છે. તેમણે રોજિંદા જીવનને ટાઈમટેબલમાં ગોઠવી દીધું છે. તે પ્રમાણે આજે ઘરની સફાઈ કરવાનું થાય. ઘર સાફ હોવા છતાં ટાઈમટેબલ પ્રમાણે લકવાગ્રસ્ત વૃદ્ધા અને એક પગે લંગડાતા વૃદ્ધ બંને ટેબલ-ખુરશી અલગ રીતે ગોઠવે છે. ત્યાં ટિફિન આવે. દરરોજ ટિફિનમાં બટાટાથી અકળાઈને બંને ફક્ત દાળથી ચલાવી લઈને જમ્યા પછી ટિફિન પાછું યથાવત્ બારણા બહાર મૂકી આવે. પછી થોડો આરામ કરે ત્યાં વૃદ્ધા સફાળી જાગી જાય અને પુત્ર સોહનના કાલ્પનિક વિચારો કરે ત્યાં ખભેથી ઢંઢોળતા-ઘંટડી વગાડતા વૃદ્ધ આ પ્રક્રિયાનો સમય પૂરો થવાનો સંકેત આપે. ટાઈમટેબલમાં હવે આજે પ્રેમનો પીરિયડ છે. પ્રેમના પીરિયડમાં સંવાદોમાં કંટાળો

આવતા બંને ઝગડવાનું નક્કી કરે. બંને કારણ વગેરે ઝગડે અને ઝગડાના અંતે વૃદ્ધ, વૃદ્ધાને પિયર જવાનું કહે. 'પિયર' આ ઉંમરે – એ કહી વૃદ્ધા રડી પડે અને વૃદ્ધ ઘંટડી વગાડી આ પીરિયડ પર પૂર્ણ જાહેર કરે.

**દૃશ્ય : 3**

આ દૃશ્યમાં બહારથી બારણું ખખડે ચાના બે કપ લઈ અંદર આવે, ચા પીએ અને પાછા બહાર મૂકી આવે. બંને આ પ્રકારની વ્યવસ્થા માટે પોતાના આયોજનના વખાણ કરે. વૃદ્ધ થયા હોવાથી દિવસ યાદ રહેતા નથી. દરરોજ ચાના સ્વાદના આયોજન લીધે વૃદ્ધોને આજે બુધવાર હોવાનું યાદ આવે. ફરી પાછું ટાઈમટેબલ જોવાઈ, વૃદ્ધાનો આજે સરપ્રાઈઝ આઈટમ રજૂ કરવાનો દિવસ છે. વૃદ્ધા અચાનક ઉબકા ખાય, મૂંઝવણ થતી હોય તેવો નાટક કરે. વૃદ્ધ એક સમયે ડરી જાય અને વૃદ્ધા કહે, 'મૈં મા બનનેવાલી .....' વૃદ્ધ સરપ્રાઈઝ આઈટમ સમજે છે. બંને પ્રેમાળ વાર્તાલાપ કરે ત્યાં જ વૃદ્ધા દીકરા સોહનને ભાવુકતાથી યાદ કરે, વૃદ્ધ ઘંટડી વગાડી પીરિયડ પૂરો કરે. હવે સાંસ્કૃતિક કાર્યક્રમનો સમય થાય. બંને ઘણી રકઝક પછી ગરબા ઘૂમવા ઝીલવાનું શરૂ કરે. થોડીવારમાં જ થાકી જાય બંને એકબીજાના વારાફરથી પગ દબાવે અને કોણ પહેલું મૃત્યુ પામશે તે વિશે ચર્ચા કરે. બંનેનું જીવન એકબીજા વગર શૂન્ય છે. તેવું સમજી વિચારી સંપૂર્ણ સંતોષથી માણેલા લાંબાગાળાના જીવન જીવનનો રેઢિયાળ ઘડપણમાં અંત લાવવા સાંજના ટિફિનની ખાદ્યસામગ્રીમાં પોઈઝનની ગોળીઓ ભેળવી પ્રસન્ન ચિત્તે ખાય, ત્યાં એકાંકી પૂરું થાય.

## 3.5 કૃતિલક્ષી અધ્યયન

ડૉ. સતીશ વ્યાસના એકાંકીસંગ્રહ 'નો પાર્કિંગ'નું છેલ્લું એકાંકી 'નેજવાની છાંય તળે'માં વાર્ધક્યના કપરા દિવસોમાં જીવન જીવવાની વ્યથા-કથાને વાચા મળી છે. ત્રણ દૃશ્યોના આ એકાંકીમાં પાત્રો કેવળ બે જ, વૃદ્ધ અને વૃદ્ધા. આ એકાંકીમાં લેખકે તેમના નામ સુધ્ધાં આપ્યા નથી(એક જગ્યાએ'યમુના, આઈ લવ યુ'માં વૃદ્ધાના નામનો ઉલ્લેખ છે) છતાં આ પાત્રો દ્વારા જગતના દરેક વૃદ્ધાવસ્થા ભોગવી રહેલા વ્યક્તિઓની સંવેદનાને સાંકળી લેવાનો પ્રયાસ કર્યો હોય એમ જણાય છે.

અહી આ એકાંકીમાં વાર્ધક્યના કપરા દિવસોની એકવિધતાથી ઉબાઈ ગયેલા વૃદ્ધ અને વૃદ્ધા કંટાળાજનક અને કરુતાસભર જીવનમાંથી માર્ગ કાઢતા પોતાના આખા દિવસને ટાઈમટેબલમાં ગોઠવીને હળવું બનાવવાની કોશિશ કરે છે. વૃદ્ધા સવારે ચારેક વાગ્યે ઊઠી જઈ આંટા મારે અને પછી થોડીવાર પલંગમાં પડ્યા પડ્યા વૃદ્ધ- વૃદ્ધા થોડી વ્યર્થ ચર્ચા કરી પોતાની દૈનિક ક્રિયાઓ શરૂ કરે.

અહી તેમની લાંબી લાગતી જિંદગી સહેલાઈથી જતી નથી તેથી તેને એક ટાઈમ-ટેબલમાં ઢાળીને દીવાલ પર ચોંટાડી રાખ્યું છે. એ પરથી તો સમજી શકાય કે પહેલા ઘરની જવાબદારીમાં બંનેને સમય પસાર થવાની ખબર ન પડી પણ હવે જ્યારે જિંદગીનો આખરી પડાવ નજીક છે ત્યાં સ્વજનોના સાથ વગર જિંદગી લાંબી લાગે છે. વૃદ્ધા એક હાથે લગભગ નિષ્ક્રિય(લકવાગ્રસ્ત) છે, વૃદ્ધ

એક પગે લંગડાય છે અને યાદશક્તિ સાથ છોડતી જાય છે ત્યારે ગમ્મત સાથે જિંદગી જીવવા જે ટાઈમ-ટેબલ બનાવે છે ત્યાં જ આ એકાંકીનું શીર્ષક જડે છે. ત્યાં કૌંસમાં લેખક લખે છે, "દીવાલ પર એક મોટા ટાઈમ-ટેબલ ઉપર નેજવું કરીને વૃદ્ધ નજર માંડે પછી ફરીને..."

આ દરમ્યાન ટિફિન આવે, પોતાની તબિયત અને પ્રકૃતિ સાથે લાચારીનો મેળ બેસાડી જમી લઈ આરામ કરે. થોડીવારમાં જ વૃદ્ધા સફાળી જાગી ઊઠી જેને ભૂતકાળને અજાગ્રત મને વ્યક્ત કરે અને કહે : "શું કોઈએ મારા દીકરાને માર્યો તો નહિ હોયને? ને સોહન તો નાજુક છે ! શું કરતો હશે? ડાયાબિટીસ તો નહિ હોયને એને! કાગળ તો લખતો જ નથી. ભારે આળસુ. એનો લાલુ પણ હવે તો મોટો થઇ ગયો હશે!" આ વાકયોમાં પુત્રને ખોવાની વેદના મુખર રીતે વ્યક્ત થઈ છે સાથે માનો પુત્ર ગમે તેટલો દૂર અને લાગણી વગરનો હોય પણ મા માટે તો સર્વસ્વ હોય છે તે લાગણી ઘૂંટાયેલી જોવા મળે છે. પછી વૃદ્ધ તે જોતાં સ્વગત બોલે છે કે, "તને કેવી રીતે સમજાવવી કે સોહન તો ક્યારનોય....! ને એનાં લગ્ન પણ ક્યાં થયાં હતાં તે..."(પૃ.૧૨૧) આ સંવાદમાં વૃદ્ધાના કહેવા પ્રમાણે દીકરો સોહન છોડીને ચાલ્યો ગયો લાગે પણ વૃદ્ધના સંવાદમાં દીકરો હયાત ન હોય તેમ પ્રતીત થાય છે. આ ગૂઢ રહસ્ય લેખક છેલ્લે સુધી એકાંકીમાં અકબંધ રાખે છે. ત્યારબાદ ટાઈમ-ટેબલ પ્રમાણે બંને પ્રેમ અને રોષના અભિનય દ્વારા ટાઈમ પાસ કરવાની કોશિશ કરે.

દશ્ય ત્રણ શરૂ થાય ને બારણું ખખડે, ચા આવી છે. આવી રેઢિયાળ જિંદગીમાં કયો વાર ક્યારે આવે એ યાદ રાખવાની અનોખી રીત વિકસાવી અનુભવાય જેમકે, "આજે આ તુલસીવાળી ચા ન આવી ? તુલસીવાળી ચા બુધવારે જ મળે છે. ગઈકાલે ફુદીનાવાળી હતી – મંગલવારની. અને ગુરુવારે આદુવાળી." અહી એક વાત જે આજના યુગમાં દરેક વૃદ્ધાશ્રમે પહોંચેલા વૃદ્ધોએ ગાંઠવાળી લેવા જેવી છે તે, દીર્ઘદષ્ટિના આયોજનથી યુવાન વયે પૈસાનું રોકાણ કરી અને કરકસરથી બચત કરી પૈસા સાચવવાની છે. જેથી વૃદ્ધાઅવસ્થા દરમ્યાન નિરાંતે જીવી શકાય અને પૂરતી સુખ-સગવડ મળી રહે.

આ પછી ટાઈમ-ટેબલ પ્રમાણે સરપ્રાઇઝ આઇટમ વૃદ્ધા રજૂ કરે, અને તેમાં પણ માતૃત્વની ઝંખના તારસ્વરે જણાય. આવનારા સંતાનોના નામ સુદ્ધાં એ આઇટમમાં પાડી દેવાઈ. પણ અચાનક વૃદ્ધાની ભાવમુદ્રામાં પરિવર્તન આવતા પુકારી ઊઠે, અને પુત્રને ફરી યાદ કરી યાદોમાં ખોવાઈ જાય. અહી 'દગો' કે 'લાજશરમ' જેવા શબ્દો પુત્ર તરફની નફરતને રજૂ કરે છે. તેથી એમ માની શકાય કે પુત્ર તરછોડીને ચાલ્યો ગયો લાગે છે, જો પુત્ર હયાત ન હોત તો પુત્ર પર આક્ષેપ તો મા ન જ લગાવે. તેમાં કુદરત કે નસીબ પરત્વે રોષનું કઈક ચિહ્ન તો જણાય જ.

આ અજાગ્રત મનની અવસ્થામાંથી બહાર નીકળ્યા પછી તેઓ ગીત ગાય. કૉલેજની સ્મૃતિઓ વાગોળે, એકબીજાની સેવા કરે; પરંતુ, આ વાત તેમને તેમના મૃત્યુ સુધી ખેંચી જાય. વૃદ્ધા માટે વૃદ્ધ પહેલા મરવું જ સૌભાગ્ય કહેવાય.

પણ તેના પછી વૃદ્ધની શૂન્યમય બની જતી સ્થિતિનું પણ વૃદ્ધાને ભાન થાય, વિહ્‌વળ બની જાય. ઘડપણની એકલતા ભરી સ્થિતિમાં એકબીજાને સહારે જીવતું દંપતી કોઈએકની પ્રથમ વિદાય જીરવી શકતું ન હોવાથી એક સાથે વિદાય લેવાનું વિચારે છે.

સાંજનું ટિફિન અંદર લાવે અને વૃદ્ધના સૂચનથી વૃદ્ધ કબાટમાંથી ઝેરની શીશી કાઢી, વૃદ્ધા ખાદ્યસામગ્રીમાં એ ગોળીઓ ભેળવી દઈ બંને હસતાં હસતાં ઓગાળે અને પ્રસન્ન ચિત્તે આરોગે. ત્યાં જ રંગમંચ અને બંનેના જીવન પર પરદો પડે.

ટાઈમ-ટેબલ પ્રમાણે ઘરની સફાઈ, જમવાનું, પ્રેમ કરવાનું, કાલ્પનિક સરપ્રાઇઝ આઈટમ રજૂ કરવાનું, સંસ્કૃતિક કાર્યક્રમ કરવાનું એ બધું એમની વર્તમાનની ક્ષણોને ભૂતકાળના અનુભવ અને સ્મૃતિઓથી ભરી દેવાની પ્રવૃતિઓરૂપે ચાલ્યા કરે અને સાથે પોતાના ભૂતકાળની વેદનાનો ચિતાર ભાર વગર પ્રેક્ષકને મળતો જ રહે. અને અંતે એમના અન્યોન્યના સહવાસની સભરતા જ એમને પૃથ્વી પરથી એકસાથે વિદાય લેવા પ્રેરે છે.

દિવસની પ્રત્યેક ક્રિયાઓમાં આ વધુમાં વધુ સમય ગાળીને પસાર કરવાની મથામણમાં અનુભવતા સંવાદો ઘણીવાર રમૂજ ઉત્પન્ન કરે છે. સાથે આ સંવાદોઓના માધ્યમ દ્વારા એકાંકીની ટ્રેજડી કહો કે સમસ્યા ઊઘડતી જોવા મળે છે.

આ એકાંકીનાં પાત્રો જીવનથી અસંતુષ્ટ છે, છતાં મૃત્યુ પહેલાં ‘આમેય આપણે પૂર્ણ રીતે જીવન માણ્યું છે, હવે કશો જ અસંતોષ નથી. ને આ રેઢિયાળ ઘડપણમાં બળ્યુંય છે શું ?’ તેમ કહે છે. જીવનની સંતાન પ્રત્યેની અધૂરપ છતાં વ્યર્થ પ્રયત્નમાં તરફડે છે.

આ એકાંકી નટ અને નટી પાસે અભિનયની ભરપૂર ક્ષમતા માંગી લે તેવું છે. આ એકાંકી, દશ્યો અને વસ્તુસંકલનના કારણે દિગ્દર્શક માટે સફળ એકાંકી, મંચનની સફળતા માટે ઘણી યોગ્યતા માંગી લે તેવું છે. આ એકાંકીમાં આધુનિક યુગમાં તિરસ્કૃત પામતા વૃદ્ધોના જીવનને એકાંકીના ઢાંચામાં ઢાળી આધુનિક યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા ભાવક્નો રસ જળવાઈ રહે તેવું બનાવવામાં આવ્યું છે. અહીં, લેખક આધુનિક સમાજની વાસ્તવિક સ્થિતિના આલેખન સાથે વૃદ્ધોની સમસ્યા અને સંવેદનાને ઉજાગર કરે છે.

**3.6 વસ્તુલક્ષી કસોટી**

**(ક) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. વૃદ્ધા સમય પૂછે છે ત્યારે વૃદ્ધ સાડા પાંચ વાગ્યાનો સમય જણાવે છે.
2. વૃદ્ધ-વૃદ્ધાને બાર વાગ્યા પછીથી પડખા ઘસતી જોતો હતો.
3. બંનેની દીકરીનું નામ ગિરા હતું.
4. વૃદ્ધ અને વૃદ્ધા પોતાનું જીવન ટાઈમટેબલ પ્રમાણે ચલાવતા હતા.
5. વૃદ્ધાને ચાના સ્વાદ પરથી વાર માલૂમ પડતો.
6. વૃદ્ધ દંપતીને પોતાના જીવનકાળ માણ્યાનો સંતષો ન હતો.

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

1. વૃદ્ધ દંપતીના પુત્રનું નામ ........ હતું.
2. 'નેજવાંની છાંય તળે' એકાંકીમાં પાત્રોની સંખ્યા ........ છે.
3. ....... ના દિવસે તુલસીવાળી ચા આવતી.
4. સાંસ્કૃતિક કાર્યક્રમના પીરિયડમાં ....... પ્રવૃત્તિ વૃદ્ધ દંપતી કરે છે.
5. સાંજના ભોજનમાં વૃદ્ધા ........ ની ગોળીઓ ભેળવે છે.

જવાબ :

**(ક)** 1. ખોટું 2. સાચું 3. ખોટું 4. સાચું 5. સાચું 6. ખોટું

**(ખ)** 1. સોહન 2. બે 3. બુધવાર 4. ગરબા ઘૂમવાની 5. પોઈઝનની

## 3.7 કૃતિલક્ષી ભાષાકીય અભિવ્યક્તિનો અભ્યાસ

**(ક)** આપણા લખાણને ટૂંકું અને સચોટ બનાવવા માટે આપણે સમાસના પ્રયોગનો ઉપયોગ કરતા હોઈએ છીએ. બે કે તેથી વધારે શબ્દો જોડાઈને એક આખો શબ્દ બને તેને સમાસ કહેવાય.સમાસના દ્વંદ્વ, તત્પુરુષ, કર્મધારય, દ્વિગુ, બહુવ્રીહિ, અવ્યયીભાવ, મધ્યમપદલોપી વગેરે પ્રકારો છે.

- **તત્પુરુષ સમાસ :** આ સમાસનાં પદો કોઈને કોઈ વિભક્તિના સંબંધથી જોડાયેલાં છે. આ રીતે વિભક્તિના સંબંધથી જોડાયેલા સમાસને તત્પુરુષ સમાસ કહે છે. તેના પેટા છ પ્રકાર પણ છે.

  **ઉદાહરણો :**

  અંધશાળા – અંધો માટેની શાળા

  રસભર્યું – રસ વડે ભર્યું

  લકવાગ્રસ્ત - લકવાથી ગ્રસ્ત (ગ્રસિત)

  ટાઈમટેબલ - ટાઈમ માટેનું ટેબલ

  વાયુપ્રકોપ – વાયુનો પ્રકોપ

- **દ્વંદ્વ સમાસ :** જે સમાસના પદો 'અને', 'અથવા', 'કે' થી જોડાયાં છે. દ્વંદ્વ એટલે જોડકું.

  **ઉદાહરણો :**

  પતિપત્ની – પતિ અને પત્ની

  વૃદ્ધવૃદ્ધા – વૃદ્ધ અને વૃદ્ધા

  બેએક – બે કે એક

  ચૂડીચાલ્લાં – ચૂડી અને ચાદલાં

- **કર્મધારય સમાસ :** જે સમાસનાં બે પદો વચ્ચે વિશેષણ અને વિશેષ્યનો સંબંધ હોય તે સમાસને કર્મધારય સમાસ કહેવાય.

  **ઉદાહરણો :**

  પરમાત્મા – પરમ આત્મા

  મહામૃત્યુ – મહાન એવું મૃત્યુ

  વૃદ્ધાવસ્થા – વૃદ્ધ એવી અવસ્થા

  કમનસીબ – કમ એવું નસીબ

- **દ્વિગુ સમાસ :** બે પદોના વિગ્રહથી સમૂહનો અર્થ બનાવે તે દ્વિગુ સમાસ કહેવાય છે.

  **ઉદાહરણો :**

  નવરાત્રિ – નવ રાત્રિનો સમૂહ

  અઠવાડિયું – સાત વારનો સમય

  પંચપાત્ર – પાંચ પાત્રોનો સમૂહ

  ત્રિકોણ - ત્રણ ખૂણાનો સમૂહ

- **બહુવ્રીહિ સમાસ :** આ સમાસોમાં પૂર્વગ્રહ વિશેષણ અને ઉત્તરપદ વિશેષ્ય છે, જે કર્મધારય સમાસના લક્ષણ પણ છે ; પરંતુ, ફેર માત્ર એટલો છે કે કર્મધારય સમાસ હંમેશા નામ (સંજ્ઞા) તરીકે જ આવે છે, જ્યારે બહુવ્રીહિ સમાસનો પ્રયોગ હંમેશા વિશેષણ તરીકે થાય છે.

  **ઉદાહરણો :**

  પ્રબળ - પુષ્કળ છે બળ જેનું તે

  દીર્ઘદષ્ટિ – દીર્ઘ દષ્ટિ જેની છે તે

  નનામી – નથી નામ જેમાં તે

  બેફિકર – નથી ફિકર જેને તે

- **અવ્યયીભાવ સમાસ :** આ સમાસમાં યથા, આ, ઉપર, અધઃ જેવા અવ્યયો આવે છે, જે મુખ્ય પણ છે. તેની અસર સમસ્ત પદ પર એવી પડે છે કે આખા સમાસને તે અવ્યય બનાવી દે છે.

  **ઉદાહરણો :**

  યથાયોગ્ય – યોગ્ય હોય તેમ

  દરરોજ – રોજે રોજ હોય

  આજીવન – આખું જીવન

- **મધ્યમપદલોપી સમાસ :** જ્યારે પૂર્વપદ અને ઉત્તર પદ વચ્ચેથી એક કે તેથી વધુ પદોનો લોપ થયો હોય ત્યારે થતી સમાસ રચનાને મધ્યમપદલોપી કહેવાય.

  **ઉદાહરણો :**

  - મૃગજળ - મૃગને લોભાવતું
  - મહત્વાકાંક્ષા – મહત્વપૂર્ણ આકાંક્ષા
  - મર્મવચન – મર્મથી ભરેલા વચન
  - કરકસર – હાથથી થતી કસર
  - વર્તમાનપત્ર – વર્તમાન (સમાચાર) આપતું પત્ર

## 3.8 લેખન-પ્રવૃત્તિ

- વૃદ્ધાઅવસ્થાનું આલેખન કરતી કૃતિઓની યાદી બનાવો.
- વૃદ્ધાશ્રમની મુલાકાત વિશેનો અહેવાલ તૈયાર કરો.
- એકાંકીનાં સ્વરૂપ-લક્ષણો વિશે નોંધ તૈયાર કરો.
- તમારી સાથે રહેતા વૃદ્ધ વ્યક્તિના ચરિત્ર વિશેનો નિબંધ લખો.

## 3.9 તમારી પ્રગતિ ચકાસો.

**(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

1. વૃદ્ધા- વૃદ્ધાની દૈનિક ક્રિયાઓ શેના પર નિર્ભર રહેતી ?
2. વૃદ્ધા સરપ્રાઈઝ આઈટમમાં શું રજૂ કરે છે ?
3. ઝગડવાના પીરિયડમાં વૃદ્ધા કેમ રડે છે ?
4. પીરિયડ પૂર્ણ જાહેર કરવા વૃદ્ધ શાનો ઉપયોગ કરે છે ?
5. વૃદ્ધાની ઈચ્છા પતિ પહેલા મૃત્યુ પામવાની શા માટે છે ?

**(ખ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. વૃદ્ધ દંપતિનું જીવન વિશેનું આયોજન જણાવો.
2. વૃદ્ધ દંપત્તિની શારીરિક હાલતનો પરિચય આપો.
3. સંતોષપ્રદ જીવેલી-માણેલી આખી જિંદગીનો વૃદ્ધ દંપતિ કેવી રીતે અંત લાવે છે ?

**(ગ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. 'નેજવાંની છાંય તળે' એકાંકીનું શીર્ષક સમજાવો.
2. 'નેજવાંની છાંય તળે'માં આવતા પાત્રોનું મનોજગત વર્ણવો.
3. 'નેજવાંની છાંય તળે' એકાંકીમાંથી વ્યક્ત થતું કરુણાનું તત્ત્વ આલેખો.
4. 'નેજવાંની છાંય તળે' એકાંકીની અભિનયક્ષમતા વિશે તમારા શબ્દોમાં નોંધ તૈયાર કરો.

## 3.10 વિશેષ અધ્યયન

**(ક) કર્તા પરિચય (સતીશ વ્યાસ)**

સતીશ ઘનશ્યામભાઈ વ્યાસનો જન્મ ૧૦/૧૦/૧૯૪૩ના રોજ મોસાળ રોજકા (તા.ધંધુકા) મુકામે થયો. સુરતમાં તેમણે પ્રાથમિકથી લઈ ઉચ્ચ શિક્ષણ સુધી અભ્યાસ કર્યો. પ્રારંભે બે દાયકા ધંધુકાની કિકાણી કૉલેજમાં અને ત્યારબાદ ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટીમાં જોડાયા. ક્રમશઃ રિડર, પ્રોફેસર તથા વિભાગાધ્યક્ષપદે પહોંચ્યા. અવિરત અધ્યયનના સુફળરૂપે તેમની પાસેથી 'આધુનિક કવિતામાં ભાષાકર્મ', 'આધુનિક એકાંકી', 'નૂતન નાટ્ય આલેખો', 'ગુજરાતી નાટક', 'કૃતિરાગ', 'વિવાચન', 'વાસ્તવવાદ અને નિસર્ગવાદ' આદિ વિવેચનગ્રંથો પ્રાપ્ત થયા છે.

પ્રશિષ્ટ નાટ્યકાર, વિવેચક સતીશ વ્યાસે નાટ્યસાહિત્યમાં વિશેષ પ્રદાન આપ્યું છે. તેઓના 'નો પાર્કિંગ' અને 'તીડ' બે એકાંકીસંગ્રહો છે. આ સાથે 'કામરુ', 'પશુપતિ', 'જળને પડદે', 'ધૂળનો સૂરજ' જેવાં નાટકો તથા નાટક પરના વિવેચન ગ્રંથો તેમણે આપ્યાં છે. સતીશ વ્યાસ નાટકના દિગ્દર્શનનો બહોળો અનુભવ ધરાવે છે. જેનો લાભ તેમના નાટ્યસાહિત્યને મળ્યો છે. તેમના નાટક અને એકાંકીઓ ગુજરાતમાં ઘણા સ્થળોએ ભજવાયાં પણ છે.

**(બ) સ્વરૂપ પરિચય (એકાંકી)**

આ કૃતિ એકાંકી છે. એકાંકી એટલે એક અંકની નાટિકા. અર્વાચીન એકાંકીનું આ સ્વરૂપ પશ્ચિમના સાહિત્ય સ્વરૂપમાંથી સ્વીકાર્યું છે. તેમાં જીવનની કોઈ વિશેષ પરિસ્થિતિ કે ઘટનાનું ચિત્ર ઉપસાવી તેને યથાયોગ્ય સંવાદો અને વાતાવરણમાંથી ઢાળી પાત્રો પાસેથી સજ્જડ કામ લેવાની લાક્ષણિકતા એકાંકીનું સ્વરૂપ ઘડે છે. એકાંકીમાં એકાંકીકાર પાસે પોતાનો ભાવ રજૂ કરવા ઝાંઝાં વર્ણન તથા ઉદાહરણો આપવાનો અવકાશ હોતો નથી. નાટકની સરખામણીમાં એકાંકી જીવનનો એક અંશ માત્ર છે. આ કરકસરયુક્ત સ્વરૂપને રચી તેનો અભિનય દ્વારા રજૂ કરવું એ અભિનય કરનારની અને દિગ્દર્શકની સૂઝ માંગી લે તેવું નવીન સ્વરૂપ છે.

**(ગ) વિશેષ વાચન**

- સતીશ વ્યાસના અન્ય એકાંકીઓનો અભ્યાસ કરો.
- સમકાલીન એકાંકીકારોના એકાંકીઓનો અભ્યાસ કરો.
- વૃદ્ધાવસ્થાને ઉજાગર કરતા નાટકોનો અભ્યાસ કરો.
- ભજવાયેલા એકાંકીમાં અભિનયક્ષમતાને તપાસો.

**- ટિપ્પણ**

નેજવું : છાપરાની પાંખ - આંખ પર નેજવા પેઠે હાથ રાળીને જોવું / નબળી આંખવાળા

રેઢિયાળ : નકામું, બિનકાર્યક્ષમ, બેજવાબદાર

સેવક : સેવા કરનારો, ચાકર

મૂંઝવણ : અકળામણ, ગભરાણ, વ્યગ્રતા, ઉચાટ

બેવડ વળવું : બેવડું થઈ જાય તેમ વળી જવું

ડમણિયું : બે બળદની નાની ગાલ્લી

શિથિલ : નરમ, નિર્બળ, થાકેલું, ઢીલું પડી ગયેલું

વળગણી : કપડાં નાંખવાનો આડો વાંસ

**- સંદર્ભ :**


- ‘નો પાર્કિંગ’ - સતીશ વ્યાસ
- સતીશ વ્યાસના શ્રેષ્ઠ એકાંકી – સંપા. ભરત પરીખ અને ચીમન કોળી



**લેખન :** ડૉ.હેતલ ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

**એકમ 4**

# શૈશવને સીમાડે

**- સુરેશ જોષી**

**રૂપરેખા**

**4.1 ઉદ્દેશો**

**4.2 પ્રસ્તાવના**

**4.3 કૃતિ**

**4.4 કૃતિનો સારાંશ**

**4.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન**

**4.6 તમારી પ્રગતિ ચકાસો.**

**4.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ**

**4.8 પુનરાવલોકન**

**4.9 લેખનપ્રવૃત્તિ**

**4.10 વિશેષ અધ્યયન**

## 4.1 ઉદ્દેશો

- આ નિબંધના અભ્યાસ દ્વારા તમે -
- શૈશવની સ્મૃતિના પ્રદેશનો પરિચય કરશો
- સ્મૃતિ અને વિસ્મૃતિના સ્વરૂપનો ગહન પરિચય થશે.
- પ્રકૃત્તિ અને સંસ્કૃતિનાં વૈવિધ્યસભર સ્વરૂપનો પરિચય પ્રાપ્ત થશે.
- ગુજરાતી ગદ્યના લાલિત્યનો આસ્વાદ્ય અનુભવ થશે.
- નિબંધ સ્વરૂપની શક્યતાઓનો પરિચય થશે.

## 4.2 પ્રસ્તાવના

સુરેશ જોષીનો આ નિબંધ 'જનાન્તિકે' નિબંધસંગ્રહમાંથી લેવામાં આવ્યો છે. 'જનાન્તિકે' સંગ્રહમાં ગુજરાતી લલિત નિબંધધારાનું એક ઉન્નત શિખર ગણાવી શકાય તેવી સૌંદર્યમંડિત કલાકૃતિ છે. સર્જકની અંગત સંવેદનાઓ આ સંગ્રહમાં ઉત્કૃષ્ટ રૂપે ઝીલાઈ છે. આ સંગ્રહની નિબંધસૃષ્ટિમાં સર્જક 'હું' પ્રકૃત્તિની પાંખે અને જીવનમર્મની રાહે વિસ્તરતો જોવા મળે છે. પ્રસ્તુત નિબંધમાં શૈશવનાં ચિત્તે ઝીલાયેલાં પ્રકૃત્તિ, માનવ સંસ્કૃતિ અને બાલ્યાવસ્થાનો વૈવિધ્યરંગી વ્યક્તિત્વનો પરિચય મળે છે. બાલ્યકાળની સ્મૃતિમાં દૈનિક જીવનની ઘટમાળનો પરિચય પ્રાપ્ત થાય છે.

## 4.3 કૃતિ

દૈનિક ઘટમાળના ગુરુત્વાકર્ષણની સીમાને વટાવીને કેટલીક ઘટનાઓ ચિત્તના ખગોળમાં ગ્રહરૂપ બનીને સદા ઘૂમ્યા કરે છે. એની પરિક્રમાના યાત્રાપથ પર આપણે અણજાણપણે કેટલીય વાર વિહરવા નીકળી પડીએ છીએ. ત્યાંથી જ આપણે સત્ય લાવીએ છીએ.

સ્મરણ એ કેવળ સંચય નથી. સ્મરણના દ્રાવણમાં રાસાયણિક પ્રક્રિયા પામીને આપણું તથ્ય નવાં નવાં વિસ્મયકર રૂપો ધારણ કરતું જાય છે. તથ્યનો વિકાસ જ સ્મરણમાં થાય છે; ત્યાં જ એનાં શાખા, પલ્લવ અને ફળફૂલ પ્રકટે છે. આથી જ આપણે મરણનો છેદ સ્મરણથી ઉડાડી શક્યાં, આથી જ તો આપણી ભાષામાં શુદ્ધ અભાવવાચક શબ્દો બહુ થોડા જડશે. 'અભાવ' શબ્દમાંય પ્રાધાન્ય તો 'ભાવ'નું જ છે, આગળ વળગાડેલો 'અ' તો કેવળ ઉપસર્ગ છે. જેનું સ્મરણ ગયું તેનું સાતત્ય

ગયું. નદીને કાંઠે નગરો વસે છે, સંસ્કૃતિ જન્મે છે. આપણું મનોરાજ્ય પણ સ્મૃતિની સ્રોતસ્વિનીને કાંઠે વસે છે.

મારું બાળપણ જે ગામમાં વીત્યું તેનું નામ હું તમને નહીં કહું. મોંઘો ખજાનો કોઈને ખબર ન પડે તેમ દાટીને સંતાડી રાખવો પડે. એ ગામના સીમાડા અદ્‌ભુત અને ભયાનકરસથી બંધાયેલા હતા એટલો જ હું એનો ભૌગોલિક પરિચય આપીશ. નામ તો જરઠ સ્થવિરોની શોધ છે. મને લાગે છે કે વ્યાકરણની શરૂઆત પણ ક્રિયાપદથી થઈ હશે, એ ક્રિયાના કરનારને ક્રિયા કર્યા બદલનું અભિમાન ઊપજ્યું હશે, ત્યાર પછી જ કર્તા, કર્તાનું નામ, વિશેષણ વગેરેનો પ્રપંચ વિસ્તર્યો હશે. નામની દાબડીમાં પદાર્થને મૂકીને બંધ કરી દેવાનું બાળકને રુચતું કે પરવડતું નથી. નામની જડ નિશ્ચિન્તતા એના સ્વૈરવિહારને સીમિત કરી દે છે, ને શિશુ તો સ્વભાવથી જ કવિ હોય છે. પ્રસ્તુત અપ્રસ્તુત વચ્ચેના રમણીય ગોટાળામાંથી એ સદા અલંકારો રચ્યા જ કરે છે. બાળપણની રમતનું સૌથી મોટું રમકડું તે ઉત્પ્રેક્ષા છે : 'હું જાણે રાજાઓ હોઉં, ને તું જાણે રાણી હોય.' આમ 'જાણે કે'ની ચાવીથી નવાં નવાં જગત ખૂલતાં જ જાય. પછી આપણે મોટાં થઈએ, ડાહ્યાંડમરાં થઈએ ત્યારે અર્થાન્તરન્યાસનાં પોટલાં બાંધતાં થઈ જઈએ.

મારા ગામમાં રાજાનો કિલ્લો હતો, વન હતું. વનમાં વાઘ હતા, રીંછ હતાં. એક નદી હતી. એનું નામ ઝાંખરી. સંસ્કૃત નામોનો ઝંકાર એમાં નથી. ઝાંખરાંમાં થઈને રસ્તો કરી વહેતી વહેતી આવતી માટે ઝાંખરી. અહીં ક્રિયા અને સંજ્ઞા વચ્ચેનો સમ્બન્ધ નિકટનો છે, માટે એ નામ ગમ્યું અને માટે એ તમને કહ્યું. તાપી તો દૂર, સાતકાશીના ગાઢ વનમાં થઈને વહે. પણ આ ઝાંખરીનાં છીછરાં પાણીમાં પગ ઝબકોળીએ કે તરત ધરતી સાથે જકડાયેલા પગ પણ પ્રવાહી થઈને વહી જાય, એના અસ્ખલિત ખળખળ નાદમાં તાપીની વાણી સંભળાય. એના શીતલ સ્પર્શમાં સાતકાશીના નિબિડ અરણ્યમાં ઘૂંટાયેલા મસૃણ અન્ધકારના સ્પર્શની સ્મૃતિ હતી. દુંદાળા ગણપતિ આનન્દચૌદશને દિવસે એમાં ડૂબકી મારીને અલોપ થઈ જતા ને દશેરાના દિવસે માતાના જવારાની સોનાની સળીઓ એનાં પાણીમાં તરી રહેતી. એ ઝાંખરીએ ધરાયેલો વાઘ પાણી પીવા આવતો. શરૂશરૂમાં બીડી પીવાનું સાહસ કરવા શીખેલા કેટલાક સોબતીઓએ, રખે ને એમના આ અપલક્ષણની ચાડી ખાઈ દઉં એ બીકે, મારા મોઢામાંય બીડી ખોસી દીધેલી તે પણ આ ઝાંખરીની સાક્ષીએ. મોટી મોટી યોજનાઓના આ દિવસોમાં પણ એ ઝાંખરી એની નગણ્યતાને જાળવી રહી છે.

ગામને પૂર્વ છેડે 'સતીનું વન' એ નામથી ઓળખાતું આંબાવાડિયું હતું. એ આંબાવાડિયામાં એક ચોતરો હતો. પાસે એક દહેરી હતી ને એમાં સતીનાં પગલાં હતાં. એ સતીના મહિમાની ત્યારે અમને કશી ખબર નહોતી, પણ એ પગલાંની છાપ મન પર આજ સુધી અંકાયેલી રહી છે. દન્તકથાઓની ફળદ્રૂપ ભૂમિમાં એ પગલાં અમને દોરી જતાં હતાં. એ આંબાવાડિયા પર શાખિયાં તૈયાર થયાં છે એ સમાચાર વીજળીવેગે પ્રસરી જતા ને અમારી ટોળી નીકળી પડતી. 'રખેવાળને કેમ ભોળવવો, કેમ ખોટી દિશામાં દોડાવવો, આગલી હરોળમાં કોણ રહે - આ બધાંની પાકી વ્યવસ્થા થતી, વ્યૂહ રચાતો ને અન્તે મિષ્ટ કેરીમાં સાહસની ઑર મીઠાશ ભેળવીને અમે થોડે દૂર, રેલવેના પાટા પાસેના ઝરણની ઠંડકમાં, ઊમરાના ઝાડની ઘટામાં, આરોગવા બેસતા. એ પાતાળઝરણું અદ્‌ભુતરસનું પણ ઝરણું હતું. એ ઝરણાએ ચિત્તમાંનાં કેટલાંય પાતાળ ઝરણાંને, ત્યાર પછી તો, વહેતાં કરી દીધાં છે.

બાલ્યવયમાં ઇન્દ્રિયોનાં દ્વાર આગળ બાહ્ય જગત એવી તો ભીડ કરીને ઊભું રહેતું કે ન પૂછો વાત ! એ જ્ઞાનનો કાળ નહોતો, વિસ્મયનો કાળ હતો. ઇન્દ્રિયોની અરસપરસની ઓળખ પણ તાજી જ શરૂ થઈ હતી. આંખ પાછળથી બધી ઇન્દ્રિયોને નેતા બનીને દોરે છે, પણ બાલ્યવયમાં આંખ કરતાંય સ્પર્શ કદાચ વધુ સતેજ હોય છે. ત્યારે જગત પોતાની ઓળખાણ મનને નહીં પણ શરીરને આપતું હોય છે. આથી જ આંખે જોયા છતાં બાળક સાપને પણ હાથમાં પકડવા જાય છે. સ્વાદ એ સ્પર્શનો જ એક પ્રકાર કહેવાય. વનમાં કેટલાંય અજાણ્યાં ફળો જોડે ચાખી ચાખીને પરિચય કેળવેલો. આજેય એમના નામ કે કુળગોત્રની ખબર નથી, માત્ર એમના સ્વાદની સ્મૃતિ છે. પણ મોટાં થઈએ છીએ તેમ તેમ શરીર મરતું જાય છે, ઠાઠડી પર ચઢાવીને ફૂંકી મારતાં પહેલાં તો ક્યારનુંય આપણે એને ફૂંકી માર્યું હોય છે. સ્પર્શ અને સ્વાદની વાત કરવા જઈએ તો તે પ્રાકૃતતામાં ખપી

જાય છે. આંખનું ને કાનનું જ આધિપત્ય વધતું જાય છે. બાળકનો જીવનખણ્ડ નીતિની હકુમત નીચે આવ્યો હોતો નથી. આથી અસ્પૃશ્યતાના જટિલ નિયમોની કાંટાવાડ એને નડતી નથી. આપણા બાલ્યકાળની ઘણી સ્મૃતિઓ સ્પર્શની, સ્વાદની કે ગન્ધની સ્મૃતિઓ હોય છે. આ સ્મૃતિઓ શરીરની સ્મૃતિ છે. મનથી સ્વતન્ત્રપણે શરીરને પણ એનું આગવું સ્મરણ હોય છે. એવી સ્મૃતિથી શરીર ઉદ્દીપ્ત થાય ત્યારે ડાહ્યા માણસો મનુસ્મૃતિનો આશ્રય લેવા દોડે છે. બાલ્યવયમાં તો શિશુનું શરીર તાર મેળવેલી વીણાની જેમ સહેજસહેજમાં ઝંકૃત થઈ ઊઠે છે. તંગ પણછવાળા ધનુષ્યની જેમ સહેજ સરખા આઘાતથી અજ્ઞાત અગોચરની દિશામાં શરણગતિએ એ દોટ મૂકે છે. મોટાં થઈને આપણે શરીરની ઝાઝી વાત કરતા નથી, આપણે દેહદહીની ફિલસૂફી ડહોળીએ છીએ, નાયિકાની પણ દેહયષ્ટિને જ વર્ણવીએ છીએ. ગન્ધ એ આપણી અભિજ્ઞાનની મુદ્રિકા છે. એને કોઈ ગળી ન જાય એટલી કાળજી રીખીએ તો પ્રત્યાખ્યાનનો શાપ આપણને નહીં નડે.

કવિતામાં આપણે ‘ફૂલ બોલે છે’ એમ કહીએ છીએ, પણ બાલ્યકાળમાં તો એ કવિતા નહીં, પણ વાસ્તવિકતા જ લાગે છે. દરેક ફૂલની ભાષા જુદી. કેસૂડો બોલે તે જુદું, મહુડો બોલે તે જુદું, ને શીમળાના લાલચટ્ટક ફૂલની બડાશ વળી જુદી જ તરેહની મોગરો, જૂઈ, જાઈ, ચમેલી - પરીકથામાંની ભૂલી પડેલી નાનકડી નાજુકડી પરીઓ જ જાણે ! બાલ્યકાળમાં મધુમાલતીના પર જુલમ ગુજારેલો તેને સંભારીને હજુય મન ચણચણી ઊઠે છે. કોઈ સોબતીના મનમાં તંરગ ઊઠ્યો : ચાલો અત્તર બનાવીએ. ચૈત્રના અન્તભાગના દિવસો. પરીક્ષા બરીક્ષા પરવારી ચૂકેલા, મધુમાલતીને આખીય ખંખેરીને ફૂલોનો ઢગલો કર્યો, રસોડામાંથી તપેલું ચોરી આણ્યું, લાકડાં એકઠાં કરી સળગાવ્યાં ને પાણીમાં ફૂલ નાખીને ઉકાળ્યાં. સાંજ થતામાં અત્તરના શીશા ભરાઈ જશે એવી કલ્પના હતી, પણ સાંજ થઈને પાણી તો એવું ને એવું રહ્યું ! જાદુના પ્રયોગ પણ અજમાવેલા ને થોડું વૈદક પણ ખરૂંસ્તો !

વૃક્ષો વૃક્ષોની છાયા જુદી હોય છે, તે હજુય યાદ આવે છે. શિરીષની આછી સુગન્ધવાળી છાંય, લીમડાની મંજરીની મહેકથી તરબતર શીતળ છાયા ને પીપળાની વાચાળ છાયા - વૈશાખની બપોરે વૃક્ષોની છાયાના ચંદરવા નીચે જ અમારો દરબાર ભરાતો. વૃક્ષ સાથે, પંખીનો પરિચય પણ થતો. કાબરને જ મેના માનીને એને પકડીને એની પાસે મીઠાં ગાણાં ગવડાવવાનો પણ પ્રયોગ કરી જોયેલો. આ વનસ્પતિ અને પંખીપરિવાર સાથેની આત્મીયતા હજુય શહેરની સાંકડી જગ્યાના ટુકડામાં એકાદ ગુલાબ-મોગરાને નિમન્ત્રવાની ઘેલછા કરાવે છે. બાળપણના પાઠ્યપુસ્તકના અક્ષર સાથે મધુમાલતીનાં ડાળપાંદડાં ને ફૂલની છાયા એવાં તો ભળી ગયાં છે કે થોડાં વરસના વિચ્છેદ પછી ફરીથી મધુમાલતીને આંગણે બોલાવી આણી છે.

ઘાસના બીડ પર આંગળી ફેરવીને સારીગમ છેડી જતા પવનને જોવો એ પણ લહાવો છે. કિલ્લા પર રૂસા નામનું ઘાસ થાય છે. એની એક પ્રકારની તીવ્ર વાસ આવે છે. સવારનું ઝાકળ પડ્યું હોય ને એ ઘાસ પર આળોટીએ તો શરીરને બહુ સુખ થતું; ત્યારે એમ થતું કે આ ઘાસની ભેગા ઘાસ બનીને મહેકી ઊઠીએ, પવનમાં માથા પરની કલગી છટાથી ઝુલાવીએ. આજેય વર્ષાના પ્રારમ્ભના દિવસોની કોઈક રાતે એકાએક વરસેલી વરસાદની ઝડીના અવાજથી જાગી જવાય છે, ત્યારે ધરતીના પેટાળમાંનાં અસંખ્ય તૃણબીજોનાં ગર્ભસ્ફુરણનો અનુભવ થતાં ચિત્ત વિહ્વળ બની ઊઠે છે. જમીનના નાના સરખા ટુકડા પર ખેતી કરવાની રમત રમતા ત્યારે વાવેલાં બીજમાંથી ફણગા ફૂટે તે જોઈને આનન્દનો રોમાંચ થતો. એ કૂંપળો જાણે અમારા સર્જનના મહાન પરાક્રમની પતાકા બનીને ફરફરી રહેતી ને વળી મકાઈનો છોડ ઊધરી આવ્યો હોય, માં મોતી જેવા દાણા દૂધભર્યા ગોઠવાઈ ગયા હોય ને એની સોનેરી મૂછના ગુચ્છા બહાર આવે, ત્યારે એ અમારા જ વિજયની ચામર ઝૂલતી હોય એવું લાગતું. પોતાનાં રેશમી સ્વપ્નોને ઉડાવી મૂકતો શીમળો અમને તો બીજા કારણે જાણીતો હતો. શીમળાનો કાંટો ને ગૂંદીની છાલ ભેગાં ચાવવાથી મોઢે પાન ખાધા જેવો રંગ આવે એવી એક મિત્રે શોધ કરી હતી, પછી એક અનુભવસિદ્ધ પ્રયોગ તરીકે એને જાહેર કરતાં કેટલી વાર ! રંગોને ને સ્વાદને ત્યારે છૂટા પાડી શકાતા નહીં.

નિશાળમાંનું કાળું પાટિયું ઓળખ્યું તે પહેલાં સુખડનાં ફળની કાળવી મીઠાશને અમે ઓળખી ચૂક્યા હતા. ફણાસોટા નામનો એક છોડ યાદ આવે છે. એ રંગનો ખરો જાદુગર હતો. એનાં લીલાંછમ પાંદડાં જોતજોતાંમાં લાલચચટ્ટક થઈ જતાં, ને તમે એને મસળી નાંખો તો એમાંથી ધોળું દૂધ નીકળતું.

લીલામાંથી લાલ ને લાલમાંથી ધોળું - આવું બહુરંગીપણું જોઈ ભારે અચરજ થતું. ઘણે વર્ષે કોઈએ કહ્યું કે એ છોડનું દૂધ દદ્રુનાશક છે. પણ આજેય મારા મનમાં તો એ રંગના જાદુગર તરીકે જ જડાઈ ગયો છે.

કિલ્લાના જીર્ણ અવશેષો અમારી સાહસભૂમિ હતી. જંગલી વેલને બાઝીને અમે ટારઝનની જેમ એક ઝાડથી બીજે ઝાડ કૂદતા. કિલ્લામાં ભોંયરાના ગુપ્ત માર્ગો હતા. એના રહસ્યમય અંધારને તળિયે પણ અમારામાંના સાહસિકો ડૂબકી મારી આવતા. અમારો એક સાથી અદ્બુસ એમાં સોનું છે એવી ભાળ કાઢી લાવ્યો, બસ, પછી પૂછવું જ શું ! સોનાની કિંમત નહોતી, એ તો સાહસના નિમિત્તરૂપ હતું. ભોંયરાના પોલાણમાં દીવાલ સાથે પથ્થરનો અથડાવાનો અવાજ ધાતુ જેવા રણકારની ભ્રાન્તિ ઊભી કરતો હતો, આથી સોનાની ખાણ શોધી કાઢવાનો આનન્દ, એમાંનું રતીભર સોનું લીધા વિના, પૂરી નિઃસ્પૃહતાથી અમે સૌએ માણ્યો.

પરીકથામાંની આખી અદ્‌ભુત સૃષ્ટિ  અરણ્યાચ્છન્ન કિલ્લામાં અમે શોધતા. અષ્ટકોણી વાવની પાળે બેસીને રૂમઝૂમ પગલે સ્નાન કરવા ઊતરતી રાજકુંવરીને જોતા, તો એ જ ભીના અન્ધકારમાં કોઈ જીનના વાળની જટાનો ભાસ થતાં અમે ભયથી ફફડી ઊઠીને ભાગી જતા. પાંદડું ખખડતાં પાછળ જોતા, વૃક્ષની પડછંદી કાયાનો પડછાયો જોઈને ‘માણસ ગંધાય, માણસ ખાઉં’ કરતો રાક્ષસ ઊભો છે કે શું ? - એવી ભ્રાન્તિથી અમે છળી મરતા. પાકેલા અનૂછ (સીતાફળ નામ તો પાછળથી જાણ્યું)ની અંદરની રાખોડી ધોળાશવાળી પેશીઓ ડાકણના દાંત જેવી લાગતી ને કાપીને મૂકેલા દાડમના સૂર્યના તડકામાં ચળકતા પ્રત્યેક લાલ લાલ દાણામાં એક એક તેજપરી છુપાઈને લાલચટ્ટક હસી રહી હોય એવું દેખાતું. બોરડીને ઝૂડીને નીચે પાડેલાં બોરનો ખટમધુરો સ્વાદ ચાખતા ત્યારે દેવશિશુની કાલી વાણીનો સ્વાદ ચાખતા હોઈએ એવું લાગતું. કોઈ ચાંદની રાતે જાગી ઊઠીને બહાર નજર જતી તો ચન્દ્ર જાણે વાર્તા કહેતો હોય ને આખું વન માથું ધુણાવીને હોંકારો પૂરતું હોય એવું લાગતું. રાત્રિના અન્ધકારમાં સંભળાતી વાઘની ત્રાડથી માથેમોઢે રજાઈ ઓઢી લઈને બચવા મથતા; ઉંબર બહાર પગ મૂકતાં અદ્‌ભુત અને ભયાનકનું સામ્રાજ્ય શરૂ થઈ જતું.

સમય ત્યારે ઘડિયાળના સેકન્ડના કાંટાનાં પગલે મપાતો ન હતો. સમયમાં સેલારા મારવાનું ત્યારે રુચતું. એકસરખો વનરાજિને પર્ણમર્મર કાને પડતો હોય, વર્ષા ઋતુમાં એકધારો ટપક ટપક વરસાદ ટપકતો હોય, ત્યારે સમયનાં ચરણચિહ્ન ભૂંસાઈ જતાં. વાર્તા સાંભળવાના લોભમાં ઊંઘને પણ પાછી હડસેલતા હોઈએ, એક વાર્તા પૂરી થાય એટલે ‘હવે બીજી’ એમ માગણી કરતા હોઈએ, ત્યારે ચતુર ડોશીમા શરૂ કરે : એક વાર રાજકુંવર રાજકુંવરીને કહીને ગયો કે આવતે વર્ષે વરસાદ પડે અને તું દસ ટીપાં ગણે તે પહેલાં તો હું આવી પહોંચીશ. રાજકુંવરી તો આકાશ ભણી મીટ માંડીને બેઠી. એક દિવસ એક કાળું વાદળું દેખાયું, એક ટીપું એના ગાલ પર પડ્યું, ટપ, એક ટીપું પીપળાના પાંદડા પર પડ્યું, ટપ, એક ટીપું વડના પાંદડા પર પડ્યું ટપ. આમ ટપ ટપ ટપ ટીપાં પડ્યે જ જાય, રાજકુંવરીની આંખમાંથીય આંસુ ટપક્યે જ જાય … ટપ ટપ ટપ ને અમારી આંખોમાં મીઠી નિદ્રા ટપકતી જાય … ટપ ટપ ટપ.

વનરાજિની કાવ્યસૃષ્ટિનો મુખ્ય અલંકાર જ અતિશયોક્તિ. પર્ણમર્મરનો એ સૂર, એમાંય પાનખરમાં ખરતાં પાંદડાંની અતિશયોક્તિનો સૂર તો હજી ભુલાતો નથી. ધરતીને માટે આપણે નારીજાતિવાચક શબ્દ વાપરીએ છીએ. પણ ડુંગરાળ ભાગમાં ખુલ્લા આકાશ નીચે સૂર્યના પ્રખર પ્રકાશમાં ઊભા હોઈએ ત્યારે એ ભૂમિખણ્ડની સૂર્યદત્ત તામ્ર પુંસકતા જોઈને કોઈ નરજાતિવાચક શબ્દ શોધવાનું મન થઈ આવે. વનમાં ચાલીએ ને શહેરમાં માર્ગ પર ચાલીએ એમાંય કેટલો ફેર ! વનમાં તો આપણાં પગલાંને સાપના સરી જવાનો સ્પર્શ થાય, વાઘની છલાંગ ભરતી ગતિનો સ્પર્શ થાય, શહેરમાં મોટર અને ટ્રામની આંચકાભરી યાન્ત્રિક ગતિ આપણા ચરણની ગતિના લયને તોડે.

બાલ્યવયમાં, ભાષા નથી શીખ્યા હોતાં ત્યારે, આખું શરીર પ્રતિભાવની ક્રિયામાં સામેલ થાય છે. પછી બધાં અંગોનું કામ જીભ સંભાળી લે છે. પણ બાળપણમાં તો આંબાની ડાળે લીલો મરવો જોઈને ‘આપો’ એમ બોલવાને બદલે આખું શરીર એ તરફ સહજ પ્રતિભાવથી વળી જાય છે. ધીમે ધીમે શરીરને આ પ્રતિભાવની ક્રિયામાંથી પાછું વાળીને આપણે સંસ્કારી થતાં જઈએ છીએ તેમ તેમ શરીર નિશ્ચેષ્ટ બનતું જાય છે ને આપણને એનો ભાર વરતાવા લાગે છે. નવું ખીલેલું ફૂલ

જોઈને આખું શરીર હવે એની પાસે દોડી જતું નથી, માત્ર, આંખ એને જોઈને અહેવાલ આપી છૂટે છે. પેલી બાળવાર્તાના મોટા મહેલની જેમ હવે એના ઘણા ઓરડા અવાવરુ પડી રહે છે.

એક સાથે આવેલાં ત્રણ ત્રણ મરણના આઘાતથી મૂક થઈ ગયેલા દાદા અને બહેરાંમૂંગાં ફોઈબા - આ બે મૌનની વચ્ચે મારા બાળપણનું ઝરણું વહ્યું. એના પર પેલા શોકની ઘેરી છાયા પડી ગઈ. આજેય કશું બોલતો હોઉં, ત્યારે એકાએક પેલી છાયા ઘેરાય છે ને મને બાલ્યવયનો એ ઓરડો યાદ આવે છે. એને એક ખૂણે દિવેલનું કોડિયું ટમટમતું હોય ને એની થરકતી જ્યોતના બિહામણા પડછાયા ઓરડાની ભીંત પર નાચતા હોય. વીજળીના દીવાની આજની સૃષ્ટિમાં એ છાયાની સૃષ્ટિ અલોપ થઈ ગઈ છે. સાથે સાથે એ છાયાની માયા પણ ગઈ છે.

બાળપણને હવે ક્યાંક સંગોપીને રાખવું પડશે. નહીં તો શાણપણ એને વટાવી ખાશે. ઊડપંખ ઘોડો ને પેલી રાજકુંવરીનો સોનેરી વાળ એ બજારમાં વેચવા નીકળશે. એ બાળપણને ક્યાં સંતાડીશું? શુક્લપક્ષના ત્રીજચોથના ચન્દ્રના ચીંદરડામાં વીંટાળીને એને સાચવી રાખીશું ?

**- સુરેશ જોશી**

## 4.4 કૃતિનો સારાંશ

'શૈશવને સીમાડે'માં સર્જક સુરેશ જોશીના શૈશવનાં સ્મરણોની રમણીય ગદ્યલીલાનો અનુભવ થાય છે. સ્મરણ એ માત્ર સ્મૃતિઓનું સંગ્રહ સ્થાન નથી. બાળપણનો વિસ્મયનો ખજાનો અહીં પ્રત્યક્ષ થાય છે. વ્યક્તિ જેમ-જેમ પ્રૌઢ થતી જાય તેમ તેના ચિત્તમાં રહેલી બાળવયની સ્મૃતિઓના એક પછી એક પડળ ખુલતા જાય અને તેની અભિવ્યક્તિ કોઈપણ ભાવકને આસ્વાદ્ય પ્રતીતિ કરાવે તેવું આલેખન આ નિબંધને ગુજરાતી ગદ્યના નોંધપાત્ર ઉન્મેષ તરીકે રજૂ કરે છે.

સર્જક અહીં પોતાના બાળપણના ગામનું નામ જણાવતા નથી અને એ રીતે સ્વાનુભવને સર્વાનુભવ રીતે રજૂ કરે છે. ભાવકને પોતાના શૈશવના સંસ્મરણોની સન્મુખ કરે છે. ગામનો કિલ્લો, ગામની નદી અને શિશુવયમાં સાંભળેલી વાતો, અનુભવેલો ભય, કલ્પનાનું વાસ્તવ; અનેકવિધ અનુભવનું ભાવવિશ્વ પીઢવયે શિશુસહજ નિર્દોષતાથી આલેખાય છે. નિશાળમાં ભણવા જઈએ તે પહેલાં આપણી ઈન્દ્રિયોને બાહ્ય જગતનો જે અનુભવ થાય છે તેના દ્વારા કેવી રસમય સૃષ્ટિ અને સહજ રીતે પ્રાપ્ત થતી કેળવણીનું રસાયણ વ્યક્તિ ઘડતરમાં કેવું તો મૂલ્યવાન ઉમેરણ કરે છે તેનો અનુભવ આ નિબંધના દરેક ગદ્યખંડમાં આસ્વાદ્ય રીતે થયો છે. પ્રકૃત્તિ, સ્વજનો અને સમગ્ર સ્મૃતિ વૈભવ તેના વાંચકને અપૂર્વ રસસૃષ્ટિનો અનુભવ કરાવે છે.

બાળપણમાં ભાષાનું શિક્ષણ પ્રાપ્ત કરીએ તે પહેલાં સમગ્ર અસ્તિત્વ ભાવ-પ્રતિભાવની પ્રક્રિયામાં જે રીતે સંડોવાય છે તેની પ્રામાણિક પ્રતીતિ આ નિબંધ છે.

## 4.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

'શૈશવને સીમાડે' નિબંધનો આપણે વિગતે અભ્યાસ કરીએ. લેખકે આ નિબંધમાં શૈશવ - શિશુલોકનાં અવનવાં રૂપોનો પરિચય કરાવ્યો છે. તેનો અભ્યાસ કરીએ.

નિબંધના પ્રારંભમાં લેખકે મનોમય અવકાશમાં કશીય ધરી વિના, દૈનિક ઘટમાળના ગુરુત્વાકર્ષણના બળના આધાર વિના ટકી રહેલો લેખકનો શિશુલોક રૂપ પામ્યો છે. અદ્ભુત અને ભયાનક રસથી બંધાયેલા સીમાડા વચ્ચે વસતા અનામી ગામોની ભોંયમાં એ શિશુલોક ઉદય પામ્યો છે. ચિત્તના ખગોળમાં ગ્રહરૂપ બનીને સદાયે પરિક્રમાના યાત્રા પથ પર અજાણપણે અનેકવાર વિહરવા નીકળી પડે છે. ત્યાંથી જ સત્યના રૂપનું પ્રાગટ્ય થાય છે.

સ્મરણ એ કેવળ સંચય નથી. સ્મરણના દ્રાવણમાં રાસાયણિક પ્રક્રિયા થઈને તથ્ય નવાં નવાં વિસ્મયકર રૂપો ધારણ કરતું જાય છે. એ તથ્યનો વિકાસ જ સ્મરણ પ્રદેશમાં થાય છે. આથી જ મરણનો છેદ સ્મરણ દ્વારા ઉડાડી શક્યાં. અહીં ભાષામાં આવતા ભાવ અને અભાવ શબ્દની લીલાનો પરિચય પ્રાપ્ત થાય છે. ગુજરાતી ભાષામાં શુદ્ધ અભાવવાચક શબ્દો બહુ ઓછા પ્રાપ્ત થશે. 'સ્વભાવ' શબ્દમાં જ પ્રાધાન્ય તો 'ભાવ' શબ્દનું જ છે. ઉપસર્ગ રૂપે કેવળ 'અ' અને છે. જીવનમાં જેનું સ્મરણ

જાય છે તેનું સાતત્ય પણ જાય છે. નિબંધકાર જણાવે છે કે 'નદીને કાંઠે નગરો વસે છે, સંસ્કૃતિ જન્મે છે. આપણું મનોરાજ્ય પણ સ્મૃતિની સ્રોત સ્વિડીને કાંઠે વસે છે.' એમ સમજી શકાય છે.

પ્રસ્તુત નિબંધમાં રાજાનો કિલ્લો, વન, વાઘ-રીંછ જેવાં જંગલી પ્રાણીઓ, નદી, સતીનું વન, સતીનાં પગલાં, વનરાજા, પંખી લોક, કેસૂડો, મહુડો, શીમળો, જૂઈ-જાઈ-ચમેલી અને ઘાસનાં બીડ એ તમામ શિશુલોકની વસ્તી છે. સાતકાશીનું ગાઢ વન, એમાં થઈને વહેતી તાપી, બાગલાળ અને સાલ્લેર-મુલ્હેરના પહાડ એ વસ્તુલોકનાં પડોશ છે. વનાંચલની અદ્ભુત, રમણીય અને રૌદ્ર વનશ્રીમાં પેલા શિશુલોક-બાલ્યકાળનો વિચાર સંભળ્યો છે. કથનના પાતળાં બંધમાં ઢંકાયેલ વર્ણનના લયમાં એ શિશુલોક નિબંધ પામ્યો છે. સ્મૃતિની ભોંયમાં અચેતન પડી રહેલો શિશુલોક એ વર્ણનોની સ્પષ્ટ રેખાઓમાં સજીવ બની ગયો છે. વિગતોની યોગ્ય પસંદગી કુનેહપૂર્વક કરવામાં આવી છે. તેમાં સર્જકની દક્ષતાનો પરિચય થાય છે.

નિબંધમાં ઈન્દ્રિય સ્પર્શક્ષમ વાક્ય રચના, વર્ણનોને તાદશ્ય કરતી પદાવલી, કલ્પનોની તાજગી, અપૂર્વ સર્જનાત્મક પરિમાણ જન્માવે છે. સર્જક સજીવારોપણ અલંકારના સાર્થક વિનિયોગથી પ્રકૃત્તિને તાદશ્ય કરી આપે છે. ઉદાહરણ તરીકે એક વર્ણન લઈએ : ''આ ઝાંખરીનાં છીછરાં પાણીમાં પગ ઝબકોળીએ કે તરત ધરતી સાથે જકડાયેલા પગ પણ પ્રવાહી થઈને વહી જાય, એના અસ્ખલિત ખળખળ નાદમાં તાપીની વાણી સંભળાય. એના શીતલ સ્પર્શમાં સાતકાશીના નિબિડ અરણ્યમાં ઘૂંટાયેલા મસૃણ અંધકારના સ્પર્શની સ્મૃતિ હતી.''

ઉપરોક્ત વર્ણનમાં ઝાંખરીનું ભૌગોલિક વાસ્તવ અદશ્ય થાય છે. સર્જકના ચિત્તમાં રહેલી ઝાંખરાની ભાવાત્મક રૂપછાયાની ચુંબકીય ધરી પર તાપી અને સાતકાશીના સ્મૃતિ સંસ્કારના દ્રાવણમાં રસાયેલ ઝાંખરીનું રૂપ અવનવું ઊઘડી આવે છે. ઝાંખરીના પ્રવાહમાં સંભળાતી તાપીની વાણી અને અનુભવાતો સાતકાશીનો મસૃણ અંધકાર લેખકના ચિત્તમાં ઝળુંબી રહેલા શિશુલોકને અનાત્ર રહસ્યમ બૃહદતા અર્પી રહે છે. ધરતી પર રઝળીરઝળીને જકડાયેલા પગ પાણીમાં ઝબકોળતાં જે અનુભૂતિ સંવેદન થાય તેને વ્યક્ત કરવા માટે યોજેલું ભાવમય રૂપ ભાવકને આકર્ષે છે.

સતીનું વન એમાં ચોતરો અને દહેરી, દહેરીમાં સતીનાં પગલાં, કિલ્લાના જીર્ણ અવશેષો, કિલ્લાના ભોંયરાના ગુપ્ત માર્ગો, અષ્ટકોણી વાવની પાળે બેસીને રૂમઝૂમ પગલે સ્નાન કરવા ઊતરતી રાજકુંવરી વાવના ભીના અંધકારમાં જીનના વાળની જટાનો ભાસ વગેરે સ્મૃતિ વર્ણનોમાં શિશુલોકના અદ્ભુત, રહસ્યય અને પૌરાણિક પરિમાણ ધારણ કરતા સીમાડા ઉદય પામી રહે છે. તેની સાથોસાથ કેસૂડા, મહુડો શીમળાના ફૂલની અલગ અલગ ભાષા, વૃક્ષો વૃક્ષોની અલગ અલગ છાયાઓ, ઘાસના બીડ પર આંગળી ફેરવીને સારીગમ છોડી જતો પવન વગેરે પ્રાકૃતિક વિશ્વના સંસ્કારો અને ચિત્તબોધને પ્રાપ્ત થયેલ રૂપાનિર્મિતિઓનું સાંપડેલું ગદ્યના લિરિકનું પરિમાણ એ સર્વને સર્જનાત્મક કોટીમાં મૂકી આપે છે.

શૈશવના દિવસોમાં સ્વજનોની સ્મૃતિ ઘેરી છાપ છોડે છે. સ્વજનોના મૃત્યુની છાપ વિશેષ રીતે અંકીત થાય છે. પરિવારજનોના મૃત્યુના આઘાતથી મૌન થયેલા દાદા અને બહેરામૂંગા ફોઈબાનું સાન્નિધ્ય પામેલ સર્જકની શિશુવયની સ્મૃતિનું ભાવનિર્ઝર અહીં સુરેખ રીતે સાંપડે છે. પ્રકૃત્તિની સમાંતરે સ્વજનોની સ્મૃતિનું ઝરણું આસ્વાદ્ય રીતે પ્રાપ્ત થાય છે. શૈશવની લીલાભૂમિમાં રઝળતો, હિજરાયેલા સ્વર ખોવાઈ ગયેલા શિશુલોકને શોધે છે.

આમ, પ્રસ્તુત નિબંધના ગદ્યખંડમાં પ્રતીત થતું લેખકનું કૌશલ અપૂર્વ છે. વાંસવનમાંથી વહી આવતા પવનનાં સ્વર અને ગતિ જેવાં વાક્યો, વાક્યવિન્યાસ, ભાવપ્રવણ, ગૌરવાન્વિત ઉત્કૃષ્ટ શબ્દવિધાન અને પ્રત્યક્ષીકરણોને પ્રાપ્ત થયેલી નિબંધની લલિત લીલયા કૃતિને અભિનેયતા અર્પે છે.

## 4.6 તમારી પ્રગતિ ચકાસો.

1. શૈશવના સીમાડેમાંથી પ્રગટ થતું સર્જક વ્યક્તિત્વ.
2. પ્રકૃત્તિનાં વિવિધ રૂપોનું પ્રગટીકરણ થાય છે. તે દર્શાવો.
3. બાલ્યકાળની સ્મૃતિમાંથી પ્રગટ થતાં દૈનિક જીવનની ઘટમાળ વિશે દષ્ટાંત જણાવો.
4. સંસ્કૃતિનાં વિવિધ રૂપોનો પરિચય કરાવો.

**- વસ્તુલક્ષી કસોટી**

પાઠમાં રજૂ થયેલા વિચારો પ્રમાણે નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો. જે વિધાન સાચું હોય તેને માટે વિધાનને અંતે આપેલ ખાનામાં (√) ની નિશાની કરો અને જે વિધાન ખોટું હોય તેને માટે (×) ની નિશાની કરો.

(1) સ્મરણ એ કેવળ સંચય નથી.
(2) 'અભાવ' શબ્દમાંય પ્રાધાન્ય તો 'ભાવ'નું જ છે.
(3) વ્યાકરણની શરૂઆત પણ ક્રિયાપદથી થઈ હશે.
(4) શિશુ તો સ્વભાવથી જ કવિ હોય છે.
(5) બાળપણની રમતનું સૌથી મોટું રમકડું તે ઉત્પ્રેક્ષા છે.
(6) સતીનું વન ચીકુંવાડી તરીકે ઓળખાતું હતું.
(7) ફણસોટાનાં પાંદડાં ગુલાબી રંગનાં હોય છે.
(8) કિલ્લા પર રૂસા નામનું વૃક્ષ છે.
(9) વનરાજિનો પર્ણમર્મર ગાલે ચડતો હતો.
(10) બે મૌન વચ્ચે બાળપણનું ઝરણું વહ્યું.

## 4.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**(1) નીચેના શબ્દો જુઓ :**

સાતકાશી, અષ્ટકોણી

ભાષાનો સંક્ષિપ્ત અને સઘન ઉપયોગ કરવા માટે શબ્દના સમાસ યોજવામાં આવે છે. જેમાં બે કે બેથી વધારે પદને જોડીને એક શબ્દ બનાવાય તે સમાસ. જેમકે, 'સાતકાશી'માં સાત અને કાશી એમ બે પદ છે. તે જ રીતે 'અષ્ટકોણી'માં અષ્ટ અને કોણ એ બે પદ રહેલાં છે. બંનેમાં બે-બે પદ છે. જેમાં પૂર્વપદ સંખ્યા દર્શાવે છે.

(ઘ) તમારી પ્રગતિ ચકાસો ઉપરના સમાસ જેવા બે પદવાળા અને ત્રણપદવાળા ત્રણ સમાસ નોંધો.

**(2) નીચેનો શબ્દ જુઓ :**

ભાવઅભાવ

અહીં ભાવશબ્દને 'અ' પૂર્વગ લગાવવાથી વિરુદ્ધનો અર્થ આપતો 'અભાવ' શબ્દ નિષ્પન્ન થાય છે.

- **તમારી પ્રગતિ ચકાસો**

આ પ્રકારના નીચે આપેલા શબ્દોને 'અ' પૂર્વગ લગાડી વિરુદ્ધ અર્થ આપતા શબ્દો લખો : જાણ,સત્ય, પ્રસ્તુત, સ્ખલિત, લોય, જ્ઞાન સ્પૃશ્ય

(3) કેટલાક શબ્દપ્રયોગો શબ્દોના મૂળ અર્થને છોડી વિશેષ અર્થમાં વારંવાર પ્રયોજતાં ભાષામાં દૃઢ બને છે. આવા પ્રયોગોને રૂઢિપ્રયોગ કહેવાય.

- **તમારી પ્રગતિ ચકાસો**

તમારા પાઠને આધારે નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.

1. ઝંકૃત થઈ ઉઠવું
2. વૈશાખની બપોર
3. કાળું વાદળું દેખાવું
4. ભયથી ફફડી ઉઠવું.
5. અચરજ પામવું.

## 4.8 પુનરાવલોકન

**તમારી પ્રગતિ ચકાસો**

સમગ્ર પાઠને આધારે આવરી લેતા નીચેના પ્રશ્નોના જવાબ આપો :

1. લેખકની દૃષ્ટિએ શૈશવની સ્મૃતિનું સ્વરૂપ સમજાવો.
2. શૈશવનાં વિવિધ રૂપો ક્યાં ક્યાં ?
3. લેખકની દૃષ્ટિએ પ્રકૃત્તિનું સ્વરૂપ સમજાવો.
4. શૈશવ અને સીમાડા વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

## 4.9 લેખનપ્રવૃત્તિ

- **તમારી પ્રગતિ ચકાસો.**

શૈશવની સ્મૃતિઓને વાગોળવા માટે વિદ્યાર્થીઓને શું શું કરવું જોઈએ, એના પર એક પરિચ્છેદ લખો.

## 4.10 વિશેષઅધ્યયન

**કર્તા-પરિચય**

આ નિબંધના લેખક સુરેશ જોષી (1921-1986) ગુજરાતી સાહિત્યના આધુનિક યુગના અગ્રણી લેખક હતા. ગુજરાતી સાહિત્યના વિવિધ વિવિધ સ્વરૂપોમાં તેમનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. ગુજરાતી ગદ્યલેખકોમાં સુરેશ જોશી કાકાસાહેબ, કાલેલકર પછી મહત્ત્વનું શિખર છે. તેમણે ટૂંકીવાર્તા, લઘુનવલ, વિવેચન, કવિતા, અંગત નિબંધ વગેરે ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. ગુજરાતી સાહિત્યમાં પ્રયોગશીલ સર્જક તરીકે તેમની આગવી ઓળખ થયેલ હતી. તેમણે પરંપરિત સાહિત્યને પ્રતીક, કલ્પન, પુરાકલ્પન અને રચનારીતિ, રૂપનિર્મિત વગેરેનો સર્જનાત્મક સાહિત્યમાં પ્રયોગ કર્યો. ગુજરાતી ભાષા-સાહિત્યના એક અધ્યયનશીલ અધ્યાપક તરીકે તેમણે સમગ્ર જીવન દરમિયાન કાર્ય કર્યું. તેમનો જન્મ દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના વાલોડ ગામમાં થયો હતો.

તેમની પાસેથી ઉપજાતિ, પ્રત્યંચા, ઇતરા, તથાપિ જેવા કાવ્યસંગ્રહ, છિન્નપત્ર, મરણોત્તર, કથાચતુષ્ટય લઘુનવલ, તો ગૃહપ્રવેશ, બીજી થોડીક, અપિ-ચ, ન તત્ર સૂર્યો ભાતિ, એકદા નૈમિષારણ્યે જેવા નવલિકા સંગ્રહ પ્રાપ્ત થયા છે. તેની સાથોસાથ નિબંધક્ષેત્રે પણ તેમનું વિશેષ યોગદાન રહ્યું છે, જેમાં 'જનાન્તિકે, ઈદમ્ સર્વમ્, અહોબત કિમ આશ્ચર્યમ્, રમ્યાણિ વીક્ષ્ય વગેરે જેવા નિબંધસંગ્રહો તેમની પાસેથી મળે છે.

**સ્વરૂપ પરિચય :**

આ નિબંધમાં શૈશવની સ્મૃતિમાં વિવિધ રૂપોની વિચારણા થઈ છે. નિબંધનું આ પ્રકારનું સ્વરૂપ ફ્રાન્સ અને વિશેષ તો ઈંગ્લેન્ડની ભોંયમાં મહોરવા પામ્યું છે. Periodical Essayની સંજ્ઞા પામેલા સાહિત્યિક ગદ્યસ્વરૂપમાં એનાં મૂળ રહેલાં છે. જ્ઞાન, ઉપદેશ, શિષ્ટૃણ વગેરેના પ્રચાર માટે કે કશાક સિદ્ધાંતો અને તારણોના પ્રતિપાદન માટે લખાતા આ પ્રકારના નિબંધોનું અલગ, સ્વાતંત્ર રૂપ નિર્માણ પામ્યું છે. આવા પ્રકારના નિબંધોમાં સામગ્રીને વળગીને રૂપ પામતો - લેખકનો - વ્યક્તિસ્પર્શ જ મહત્ત્વનો બની રહે છે. ગદ્યનાં વિવિધરૂપોનું પ્રગટીકરણ આ નિબંધમાં થયું છે.

**- વિશેષ વાચન**

આ સંદર્ભે સુરેશ જોષીનાં 'જનાન્તિકે' અને તેમના અન્ય નિબંધ સંગ્રહો વાંચવા જોઈએ.

**ટિપ્પણ :** શૈશવ (ન.) બાળપણ, શિશુ અવસ્થા; પરિક્રમા (સ્રી) પ્રદક્ષિણા; સ્મરણ (ન.) સ્મરવું તે સ્મરણમાં આવે તે, સંસ્મરણ, સ્મૃતિ; ફિલસૂફી (સ્રી.) તત્ત્વજ્ઞાન; સારીગમ (સ્રી.) સંગીતના સાત સ્વર કે તેની સ્વરલિપિ.

**લેખન :** ડૉ.ભરત ઠાકોર (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત

એકમ 5

# માંડુ

- ભોળાભાઈ પટેલ

રૂપરેખા :

5.1 ઉદ્દેશો

5.2 પ્રસ્તાવના

5.3 કૃતિ

5.4 કૃતિનો સારાંશ

5.5 કૃતિનું ક્રિયાત્મક સઘન-અધ્યયન

5.6 તમારી પ્રગતિ ચકાસો

5.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

5.8 પુનરાવલોકન

5.9 લેખનપ્રવૃત્તિ

5.10 વિશેષ અધ્યયન

- ટિપ્પણ

## 5.1 ઉદ્દેશો

આ નિબંધના અભ્યાસ દ્વારા તમે-

- 'માંડુ' નિબંધ દ્વારા પ્રવાસ અનુભૂતિનો આનંદ પ્રાપ્ત કરી શકશો.
- નિબંધકારની વિશિષ્ટ પ્રવાસકથનરીતિનો બોધ મળી શકશે.
- આ નિબંધમાં સૌંદર્યસૃષ્ટિ અને પ્રાચીન ઇતિહાસના ગૌરવનાં સંવેદનોની રમણીય ભાતનો પરિચય મેળવવશો.
- વિષયનું ઊંડાણ તર્કબદ્ધ રીતે રજૂ કરી. અભિવ્યક્તિની શિસ્ત તમારા લેખનમાં કેળવી શકશો.

## 5.2 પ્રસ્તાવના

ભોળાભાઈ પટેલનો આ નિબંધ 'વિદિશા' નિબંધ સંગ્રહમાંથી લેવામાં આવ્યો છે. આ નિબંધ પ્રવાસ નિબંધ છે 'માંડુ' નિબંધના પ્રારંભમાં રિલ્કેનું વિધાન નિબંધકારે ટાંક્યું છે. માંડવગઢનું હૂબહૂ કરતો નિબંધ 'કોણ, જો હું પોકાર કરી ઊઠું, સાંભળશે મને...?' લેખ અહીં માંડુ રાજવી બાઝ બહાદુર અને રૂપમતીના પ્રેમનું અદ્ભુત પાન કરાવે છે. આ નિબંધના સર્જનમાં સર્જકની સૌંદર્યદષ્ટિ અને સ્થળવિશેષનું સૌંદર્ય અભિવ્યક્ત થયું છે.

## 5.3 કૃતિ

### કોણ, જો હું પોકાર કરી ઊઠું, સાંભળશે મને...?

**-રાઈનેર મારિયા રિલ્કે**

માંડુ-માંડવગઢ બોલતાં મનમાં એક રોમેન્ટિક ઉદ્વેગ જાગે છે. સરોવર, સંગીત અને સ્વપ્નનું નગર માંડુ. સૈકાઓ થયા સરોવર જર્જરિત થતી જતી મહોલાતોના ખંડિત પડછાયા ઝીલ્યાં કરે છે. એ મહોલાતોમાંથી એક વેળા ગુંજી ઊઠેલી સંગીતની મધુર સુરાવલિઓ સૈકાઓ થયા હજીય જાણે આસપાસ ઘુમરાયાં કરે છે અને ધીરે ધીરે દૂર દૂરના સ્વપ્ન લોકની એક માયાવી કુહેલિકા આપણા પર સંમોહનની એક જાળ પાથરી દે છે !

ચાંદનીમાં ચાંદની બનીને રૂપમતી ઊભી છે, એક ઊંચી ઇમારતની નિર્જન છત પર, હળુ હળુ પવનમાં એના વેદનાવિધુર કંઠમાંથી નીકળતી પ્રલંબિત પ્રકંપિત સ્વરલહરીઓ નીચે નિમાડના હરિયાળા મેદાનમાં વિલીન થઈ જાય છે..

**મન ચાહત હૈ મિલન કો, મુખ દેખન કો નૈન,**
**શ્રવન સુચાહત હૈ સુન્યો પ્રિય તવ મીઠે બૈન,**
**તુમ બિન જિયરા દુખત હૈ માંગત હૈ સુખરાજ,**
**રૂપમતી દુખિયા ભઈ બિના બહાદુર બાઝ.**

પહાડના ઢોળાવવાળા એક માર્ગ પર સ્તબ્ધતા પથરાયેલી છે, દૂર ઉપર આકાશમાં બીજનો ચંદ્ર છે, નીચે સરોવરનો એક છેડો દેખાય છે. બે અશ્વારોહી ઝાંખા થતા જતા વૃક્ષ પાસે ઊભા છે. અશ્વો એટલા એકબીજાની અડોઅડ છે. એક અશ્વારોહી બીજાને ખભે એક હાથ મૂકી, બીજા હાથની તર્જનીથી આ સૌન્દર્યલોકનું જાણે દર્શન કરાવે છે. આ અશ્વારોહીઓ છે બાઝ બહાદુર અને રૂપમતી માંડુ કહેતાં રાજપૂત કલમનું આ ચિત્ર સજીવ બની જાય છે, આંખમાં અલપઝલપ અંજાઈ જાય છે, બાઝ, રૂપમતી, માંડુ અભિન્ન છે.

વર્ષો પહેલાં ચુનીલાલ વર્ધમાન શાહની નવલકથા વાંચી હતી- 'રૂપમતી.' તારુણ્યના એ દિવસોમાં **બાઝ બહાદુર** અને રૂપમતીના શુદ્ધ પ્રેમ (પ્લેટોનિક લવ)ની આ કથા ખૂબ અસર કરી ગઈ હતી. રૂપમતી અને બાઝ સંગીતને તાંતણે બંધાયાં હતાં. ઉસ્તાદો અને તવાયફોની મદીલી ગાયકીમાં મગ્ન બાઝ વૈષ્ણવ કન્યાના સાત્ત્વિક સ્વર પર વારી ગયો. અને એ કિશોરી કન્યાને પણ શાહજાદા બાઝીદમાં મનનો મીત દેખાયો. રૂપમતી સુંદર ગાતી હતી એટલું જ નહીં, કવિતા પણ જોડતી હતી. બાઝને એણે સંદેશો મોકલ્યો હતો :

**કમલન કો રવિ એક હૈ,રવિ કો કમલ અનેક**
**હમસે તુમકો બહુત હૈં, તુમસે તુમ મોહિ એક.**

અને બાઝ રૂપમતીને પોતાના હરમમાં લઈ આવ્યો હતો. એની સાથે શાદી કરવા ઇચ્છયું - પણ રૂપમતીએ ના કહી. શુદ્ધ પ્રેમની આંચમાં બંને ભૂંજાતાં રહ્યાં. બાઝ અને રૂપમતીની વાત દેશદેશાવરમાં પહોંચી ગઈ હતી. માલવાની જાહોજલાલી હતી. સુલ્તાને માલવાની દુનિયા શિકાર, સંગીત અને રૂપમતીમાં સીમિત થઈ ગઈ હતી. અકબરના સેનાપતિ અદહમખાને માંડુને ઘેરી લીધું. બાઝ લડ્યો, હાર્યો અને નાસી છૂટ્યો, માંડુ પર બાઝના હરમ પર અદહમખાનનો અધિકાર થયો. એની નજર હતી રૂપમતી પર. રૂપમતી ત્રણ દિવસની મહેતલ માગી મળી. ત્રીજે દિવસે ફૂલશય્યામાં અદહમખાન રૂપમતીના મૃત દેહને વૃથા ઢાંઢોળી રહ્યો હતો ! કથા દિવસો સુધી મનમાં રહી.

અમદાવાદમાં પછી 'રૂપમતી' નાટક જોયું. જૂના પ્રેમાભાઈ હૉલમાં. ભવ્ય સેંટિંગ્ઝ એ નાટકની રંગસજ્જા, એનું સંગીત હજી સ્મરણમાં છે. પછી આવી હતી ફિલ્મ 'રાની રૂપમતી.' સંગીત મઢ્યા એ ચિત્રનું એક ગીત એ દિવસોમાં અમે બહુ ગણગણતા-

**લૌટકર આ જા મેરે મીત, તુઝે મેરે ગીત બુલાતે હૈં,**
**મેરા સુના પડા હૈ સંગીત, તુઝે મેરે ગીત બુલાતે હૈં...**

એક વાર રૂપમતી બાઝની પ્રતીક્ષા કરતી કરતી ગાય છે, માંડુની ઊંચી અટારીએથી, એ જ ગીત પછી બાઝ ગાય છે, રૂપમતીના આત્મવિસર્જન પછી. એક વાર લતા અને એકવાર મુકેશને કંઠે ગવાયેલું આ ગીત આજે પણ જ્યારે રેડિયો પર આવે છે ત્યારે મર્મમાં એક વેદના ફરકી જાય છે.

**બાઝ-રૂપમતીની આ પ્રણયકથા સાથે માંડુનું એક કલ્પનાચિત્ર રચાયું હતું.** તો પછી આજના માંડુનું એક દસ્તાવેજી ચિત્ર જોયું. રંગના સ્તર પર સ્તર ચઢતા જતા હતા. માંડુ જવાનું આકર્ષણ વધતું ચાલ્યું.

અને પછી બન્યું એવું કે રિલ્કેના દુઈનો દુર્ગમાંથી રૂપમતીના મંડપ દુર્ગ-માંડુ પહોંચી જવાયું, દાહોદમાં રિલ્કેની જન્મશતાબ્દી નિમિત્તે ત્રણ દિવસનો પરિસંવાદ હતો. ઉમાશંકર આવ્યા હતા - તાજેતરમાં જ અસમ નાગાલૅન્ડનો પ્રવાસ કરી. સુરેશ જોષી હતા. ત્રણ દિવસ રિલ્કેમય હતા, તેમાં એક વિચાર દાહોદથી માંડુ જવાનો આવ્યો.એક વહેલી સવારે જ્યારે માંડુ જવા ધારાનગરી (ધાર)ની બસ પકડી ત્યારે રિલ્કે અને રૂપમતી બેમાં મન પરોવાયેલું હતું. સાગરકિનારાની ઊંચી ભેખડો પર ઊભેલો દુઈનો કિલ્લો અને વિંધ્યાચળને છેક છેવાડે આવેલો માંડુનો કિલ્લો જાણે પાસે પાસે ઊભા હતા.

દિવાળી પછીના દિવસો હતા. રસ્તાની બન્ને ધારે ખેતરો આંખને ઠારતાં હતાં. બપોર થતાં સુધીમાં તો ધારાનગરીમાં આવી પહોંચ્યા. માલવપતિ મુંજના પ્રતાપી નામ સાથે જોડાયેલી એ નગરી હવે માત્ર ધાર તરીકે ઓળખાય છે. જિલ્લાનું મુખ્ય મથક. આમેય વર્ષો સુધી માલવાનું કેન્દ્ર રહેલું. રાજા ભોજનું પણ આ નગર. અહીં હતી તેની પ્રસિદ્ધ પાઠશાળા. અને સરસ્વતીની પેલી પ્રસિદ્ધ મૂર્તિ ! આજે તે મૂર્તિ તો લંડનમાં છે. અને પાઠશાળાની મસ્જિદ થઈ ગઈ છે. કિશોરાવસ્થામાં વાંચેલી ભોજ અને કાલિદાસને નામે ચઢેલી કવિતા-વિનોદની અનેક કથાઓ યાદ આવી. પરંતુ માંડુની બસમાં બેસતાં જ મન બાઝ બહાદુર, રૂપમતી અને માંડવગઢના ખ્યાલોમાં ડૂબવા લાગ્યું.

બસ ઢોળાવ ચઢતી હતી. વિન્ધ્યચળનો આ પ્રદેશ. રમણીય બંધુર ભૂમિ, જંગલોથી છવાયેલી. એક જમાનામાં અહીં સિંહોની ડણક સંભળાતી, આજે પણ અનેક હિંસ્ર પ્રાણીઓનું આશ્રયસ્થાન છે. બાઝ આ જંગલોમાં શિકારે નીકળતો હશે ને ? આ વિન્ધ્ય, જ્યાં પૂરો થાય છે તે દક્ષિણ-પશ્ચિમના છેડે માંડુ વસેલું છે. એ રીતે એ વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવી રહે છે. બપોર હતી, પણ ઠંડક હતી. વાંકીચૂંકી જતી બસમાંથી જર્જરિત કિલ્લાના કાંગરા દેખાયા અને બસ પહાડના ખુલ્લા પ્રદેશમાંથી એક જર્જરિત દરવાજે થઈ કિલ્લેબંધી નગરમાં પ્રવેશી. માંડુનો આ દિલ્હી દરવાજો. આપણે અમદાવાદમાં પણ દિલ્હી દરવાજો છે જ ને ! મને લાગે છે કે ઘણા કિલ્લાઓને આવા 'દિલ્હી દરવાજા' હશે-દિલ્હી અભિમુખ હોય એટલે દિલ્હી દરવાજા. એક વેળા સમ્રાટ અકબરની સવારી પણ દિલ્હી દરવાજેથી અમદાવાદ નગરમાં પ્રવેશી હશે. આજે તો હવે દરવાજામાં થઈને પ્રવેશવાની બંધી છે, દરવાજાની બન્ને બાજુએથી પ્રવેશ છે.

માંડુનો આ દિલ્હી દરવાજો હજી ખરી રહ્યો છે, તેને અડીને હતી ખરતી જતી કોટની રાંગ. પછી આવ્યો આલમગીર દરવાજો અને તે પછી ભંગી દરવાજો ! નામ સાંભળતાં આશ્ચર્ય થયું. પણ પછી ખબર પડી કે આ નગરની કિલ્લેબંધી ટાણે આ દરવાજો બન્યો ત્યાં એક ભંગીનું બલિદાન આપવામાં આવ્યું હતું ! એવી માન્યતા હતી કે નરબલિથી કિલ્લો કે ઇમારત ચિરકાળ ટકે, કિલ્લો તો લગભગ ટક્યો ન ટક્યો થઈ ગયો છે.' 'ભંગી દરવાજા' નામ ટકી ગયું છે. સહસ્રલિંગ તળાવમાં પણ કહે છે કે પાણી થતું નહોતું અને પછી માયાનું બલિદાન આપવામાં આવ્યું હતું. રાજાબાદશાહોની કીર્તિકથાઓની ઓથે આવી કેટલીય કલંકકથાઓ દટાયેલી હશે.

બસમાંથી એક અદ્યતન ઇમારત દેખાઈ, ટુરિસ્ટ લૉજ. થોડી વારમાં બસ જરા જીર્ણ વસ્તીવાળા ગામના એક નાનકડા હાટબજાર પાસે પણ નજરને ડારતી એક પ્રાચીન ભવ્ય ઇમારતના પરિસરમાં આવીને ઊભી રહી. આ માંડુ !

આ માંડુ એક વખતે આબાદ નગર હતું. એનું એક નામ હતું : 'શાદિયાબાદ' - આનંદ નગર. એની પ્રાકૃતિક સુષ્મા વચ્ચે આજે 'શાદ'નો અનુભવ એટલો થતો નથી જેટલો એક 'ગમ'નો અનુભવ થાય છે, એક હળવી બેચેની થાય છે. આ અલસ બપોરે અહીં કેટલાક ફૅશનેબલ ટુરિસ્ટોની અવરજવર હતી- બધા જાણે ઉતાવળમાં હોય નહીં એમ વ્યસ્તભાવે ફરતા દેખાતા હતા. અમે ગ્રામપંચાયતની ધર્મશાળા જોઈ. 'ધર્મશાળા' જ હતી. ત્યાં રહેવું ગમે તેવું નહોતું. કાકાસાહેબે આવી ધર્મશાળાઓ વિશે જે વિધાન કરેલું કે કુદરતી હાજત કુદરત પર છોડી દેવામાં આવે છે-તે અહીં પણ લાગું પડતું હતું.

થોડું ચાલ્યા પછી એક જૈન ધર્મશાળા હતી. જૂની રીતિની હતી, પણ વિશાળ અને વ્યવસ્થિત હતી. અમદાવાદના છીએ. એવી ખબર પડતાં વૃદ્ધ મુનીમજી ગુજરાતીમાં બોલવા લાગ્યા. તેમણે ઝટપટ અમારાં નામ રજિસ્ટરમાં લખી સમાન લઈ આવવા કહ્યું. એટલામાં ત્યાંનો સ્થાનિક, કારકુન આવી લાગ્યો. અમારા દેખતાં વૃદ્ધ મુનીમજીને હિન્દીમાં દબડાવવા લાગ્યો. સામાન લેકર આ જાય, બાદમેં હી, નામ લિખના ચાહિયે વગેરે. અમે મુનીમજી વતી માફી માગી સામાન લઈ આવ્યા. ધર્મશાળામાં જ એક સરસ વાવડી હતી- જાતે પાણી ખેંચી લેવાનું. આંબલીનું જૂનું ખખડધજ ઝાડ અત્યારે કાતરાથી ભરેલું હતું. બાજુમાં દેરાસર હતું. અમે જ માત્ર યાત્રિકો હતા. ગમી ગયું.

ઉદ્વેગખેદ થોડી વારમાં દૂર કરી અમે બહાર નીકળી પડ્યા. અમારે માંડુનાં બધાં સ્થળો જોઈ લેવાં હતાં. પણ આ કૈં નાનું 'નગર' થોડું હતું ! વિંધ્યની જે છેવાડી લગભગ બે હજાર ફૂટ ઊંચી પહાડી પર માંડુ વસેલું છે, પૂર્વ-પશ્ચિમ લગભગ પાંચેક માઈલ હશે. ઉત્તર-દક્ષિણ પણ લગભગ તેટલું જ, અહીં એકમાત્ર ઉપલબ્ધ સાધન ટેમ્પોરિક્ષા છે, જેનાથી આ બધાં સ્થળોએ જઈ શકાય.

બસ-સ્ટેન્ડ પાસેથી આ ટૅમ્પો મળતો હતો. ત્યાં પહોંચીએ એટલામાં એક ફાંફકડા જુવાને સલામ કરી કહ્યું- 'ગાઈડ ચાહિયે સા'બ હમ માંડુ કા પૂરા ઇતિહાસ બતાયેંગે... આપ ચાહેં તો અંગ્રેજી મેં, આપ ચાહેં તો હિન્દી મેં.'

ઢળતો પહોર હતો. એક જોરદાર ઘરઘરાટી સાથે ટૅમ્પો ચાલુ થયો. અને તેની સાથે જ ગાઈડની અસ્ખલિત વાક્ધારા. વચ્ચે વચ્ચે ઉર્દૂ શેર પણ ફટકારતો જતો હતો, પણ એની નોંધ કરવાનું ચૂકતો ન હતો કે શાયરી અમને ગમે છે કે નહીં. ટૅમ્પો વાંકાચૂંકા રસ્તે થઈ દક્ષિણ દિશા તરફ જઈ રહ્યો હતો. ગાઈડ માંડવગઢની-શાદિયાબાદની પુરાણી જાહોજલાલીની વાત કરતો જતો હતો. અરે, અહીં રસ્તાની બન્ને બાજુ તો ક્યાંય કોઈ ઘર નથી ! ખેતરો ખેડાઈ રહ્યાં છે, અને વચ્ચે વચ્ચે ખંડિયેરો ઊભાં છે, પણ માણસ-વસતી ક્યાં ? 'પાણી ભર્યા છીંછરા સરોવર છે - લીલાંછમ ઝાડ છે.

'હા, એક વખત માંડવગઢની રોનક હતી. 'અહીં લાખેક કુટુંબો રહેતાં હતાં (ગાઈડ કહેતો જતો હતો). કોઈ નવો માણસ અહીં વસવાના ઇરાદે આવે તેને દરેક 'કુટુંબ તરફથી એક ઈંટ આપવામાં આવતી અને એક સોનામહોર. એકીસાથે તેની પાસે લાખ ઈંટો થઈ જતી, જેનાથી તે ઘર બાંધતો અને લાખ સોનામહોરો થઈ જતી, જેનાથી તે ધંધે વળગતો !

'ગમી' જાય તેવા તેની વાત હતી, ભલે ગળે ઊતરી જાય તેવી ન હોય. અને આજુબાજુ જોતા હતા. ક્યાંક કોઈ ઈંટ દેખાતી નહોતી. ક્યાં ગઈ હશે બધી ? આ ખેતરો નીચે, ગાઢ વનરાજીઓના મૂળમાં દટાઈને પડી હશે ? જે કેટલાંક ખંડિયેરો દેખાતાં હતાં તે તો શાહી ઘરાનાઓ સાથે જોડાયેલાં હતાં. સામાન્ય માણસનું ઘર એકે ય નહીં ? ક્યાં ગયાં એ બધાં ઘર ?

ઇતિહાસ તો માંડુનું પગેરું છેક છઠ્ઠી સદી સુધી લઈ જાય છે. તે વખતના એક અભિલેખમાં મંડપદુર્ગ નામથી તેનો ઉલ્લેખ થયો છે. મધ્યકાળના ફારસી ઇતિહાસકારોની તવારીખમાં પછીથી પ્રચલિત થયેલું માંડવ નામ મળે છે. તેમાંથી થઈ ગયું માંડુ. કોઈ વળી કહે મંડુ. દસમી સદીમાં માળવા પર પરમારોનું શાસન હતું. તેમની રાજધાની હતી ઉજ્જૈન, પછીથી ધારાનગરી-ધાર. પરમાર રાજવીઓમાં મુંજ અને ભોજનો પ્રતાપ દૂર સુધી વિસ્તર્યો હતો. મુંજના નામનું તો તળાવ છે માંડુમાં, જે માંડુ સાથે મુંજનો સંબંધ સ્થાપી આપે છે અને આમેય માંડુ તેની રાજધાની ધારાનગરીથી દૂર તો વીસ-બાવીસ માઈલ જ ને ! અને ભોજનીય સરસ્વતી અર્થાત્ વાક્દેવીની એક પ્રતિમા માંડુમાંથી મળી આવેલી છે. તે પછી બારમી સદીમાં તો માંડુ માળવાની રાજધાનીનું ગૌરવ પામે છે.

તેરમી સદીના અંત ભાગમાં માંડુ મુસલમાનોના હાથમાં ગયું. એક નવી અફઘાન સભ્યતાના સંપર્કમાં આવ્યું. પણ જે બાદશાહે માંડુની કિલ્લેબંધીની શરૂઆત કરી તેને અનેક ઇમારતોથી સજાવ્યું તે તો હોશંગશાહ. પંદરમી સદીની શરૂઆતનાં વર્ષોમાં તેણે અહીં રાજ્ય કર્યું. પછી આવ્યો મહમ્મુદશાહ. આ બંને બાદશાહો જેટલા ઇમારતો બંધાવવાના શોખીન હતા તેટલા લડાઈઓ લડવાના પણ. તે પછી ગ્યાસુદ્દીન. આ ભલો ધાર્મિક રાજા શરાબને અડકતો સુધ્ધાં નહોતો પણ તેના જનાનખાનામાં પંદર હજાર સુંદરીઓ હતી ! આ ધાર્મિક પિતાને ઝેર આપી પુત્ર નસીરુદ્દીન ગાદીએ આવ્યો.

શેરશાહે માંડુ જીત્યા પછી શુજાઅતખાન નામના સરદારને ત્યાંનો સૂબો બનાવ્યો. તેણે શુજાઉસપુરની સ્થાપના કરી ત્યાં પોતાને સ્વતંત્ર રાજા જાહેર કર્યો. તેના અવસાન પછી સંગીત પ્રિય બાઝ બહાદુરે ફરી માંડવની રંગીલી રોનક પાછી લાવવાનો પ્રયત્ન કર્યો. તેનું નામ માળવાના ગામેગામમાં ગુંજતું થયું અને આજે પણ લોકગીતોમાં પડઘાય છે. બાઝ બહાદુર અને રૂપમતી...

'યહ હૈ રૂપમતી કા મહલ...' અમે જોયું. છેક ઊંચે ઉત્તર-દક્ષિણ બે છત્રીઓવાળી અનેક વાર ચિત્રોમાં જોયેલી રૂપમતીની છત્રી તરીકે ઓળખાતી ઇમારત હતી. 'યહાં રૂપમતી હરરોજ નર્મદા મૈયા કે દર્શન કરને કે લિયે આતી થી.' ટૅમ્પો આસ્તે થયો.

'ક્યા યહાંસે નર્મદા દિખાઈ પડતી હૈ ?'

'હાં, હાં મૈં દિખાઊંગા આપકો-પહલે ઉસકી દાસ્તાન સુન લીજિયે.'

ટૅમ્પોમાંથી ઊતરી અમે નીચે ઊભા. આસપાસની નિસર્ગશોભા આંખને ગમે તેવી હતી. ગાઈડ રૂપમતીની વાત શરૂ કરી. બાઝ કેવી રીતે એ વૈષ્ણવ કન્યાને માંડુમાં લાવ્યો-કેવી રીતે રૂપમતી

દરરોજ અહીં નર્મદામૈયાનાં દર્શન કરવા આવતી વગેરે વાત કર્યા પછી તેણે કહ્યું, 'બાઝ બહાદુર રૂપમતી કો અપની બહન માનતે થે.'

ખોટી વાત. ગાઈડ આમ કેમ કહેતો હતો ? બાઝ અને રૂપમતીના પ્રેમની વાતો તો ઇતિહાસ-પ્રસિદ્ધ છે. અનેક ચિત્રકારોનાં ચિત્રો તેની સાખ પૂરે છે. એક ચિત્ર છે મુગલ ચિત્રકાર ગોરધનનું. ચિત્ર નીચે ફારસીમાં લખ્યું છે- 'બાઝ બહાદુર વ રૂપમતી દર દારૂલ્ ખિલાફહ મન્દુ દાદ ઐશ વ તરબ દાન્દી' - 'પાટનગર મંડુમાં મોજમજા માણી રહેલાં બાઝ બહાદુર અને રૂપમતી.' રૂપમતી બાઝને પ્રેમ કરતી હતી - બેહદ પ્રેમ. બાઝ અને રૂપ બે દેહ એક પ્રાણ હતાં. રૂપની આ પંક્તિઓ કહે જ છે :

**પ્રીતમ હમ તુમ એક હૈં, કહત સુનન કો દોય,**
**મનસે મનકો તોલિયે, દો મન કભી ન હોય.**

(હમણાં એક પુસ્તક જોયું, અંગ્રેજીમાં. એનું નામ છે 'ધ લેડી ઑફ ધ લોટસ - એ સ્ટ્રેન્જ ટેયલ ઑફ ફેઈથફુલનેસ.' આ 'લેડી ઑફ ધ લોટસ' - 'પદ્મિની' નારી. તે બીજું કોઈ નહીં, રૂપમતી છે. એલ.એમ. કમ્પ નામના અંગ્રેજે એક ફારસી લેખક અહમદ ઉલ ઉમરીએ લખેલી 'શહીદો વફા' કિતાબ પરથી અંગ્રેજીમાં રૂપાંતર કર્યું છે. આ ફારસી લેખક અકબરનો સમકાલીન હતો અને એણે બાઝ અને રૂપમતીના એક અંતેવાસી સરદાર સુલેમાનને મોઢે સાંભળેલી ઘટનાઓ પરથી 1599માં એ કથા લખેલી. કમ્પે એ કથાના અનુવાદ ઉપરાંત રૂપમતી રચિત ગણાતી કવિતાઓનો અનુવાદ આપ્યો છે. રૂપમતીની એ કવિતાઓ પણ ગાઢ માનવીય પ્રેમની વાત કહી જાય છે. કમ્પે છાપેલા એક ચિત્રમાં ચિત્રકાર સાંવલાએ રૂપમતીને એક હાથમાં હોઠની પાસે પ્યાલી અને એક હાથમાં દર્પણ (ચુ સાગર બર લબ વ આઈના બર દસ્ત) લઈ તેમને શરગારતી સ્ત્રીના ઘૂંટણ પાસે બેઠેલી બતાવી છે. વૈભવ વિલાસની આ મુદ્રા છે.

રૂપમતી રાની રૂપમતી કહેવાય છે. ગુજરાત અને માળવામાં બાદશાહોની બેગમોને રાની-રાણી કહેવામાં આવતી અને એ રીતે રાની રૂપમતી કહેતાં બાઝ સાથે તેનાં લગ્ન થયાનું નકારી શકાતું નથી. જોકે કેટલાક ઇતિહાસકાર રૂપમતીને માત્ર બાઝ બહાદુરની ગાયિકા તરીકે ઓળખાવે છે. અને કેટલાક એને 'પાતુર' (ગણિકા) કહેવા પ્રેરાયા છે. ગમે તેમ, બન્ને વચ્ચે ઐહિક પ્રેમનો સંબંધ હતો. રૂપમતીના હૃદયોદ્‌ગાર જેવી તેની કાવ્યપંક્તિઓ પ્રકટપણે આ બધું કહી જાય છે.

ગાઈડની વાતનો અમે વિરોધ કર્યો, તો તે જાણે ઘવાયો હોય. એમ લાગ્યું. 'નહીં સા'બ, બાઝ બહાદુર રૂપમતી કો બિલકુલ અપની બહન કી તરહ હી રખતા થા...' પણ પછી રૂપમતીની નજાકત વગેરેનું કલ્પનારસિત ચિત્રણ અનેક શેરોની મદદથી તે કરતો રહ્યો.

ઇમારતના બે મજલા છે અને ઉપર છત પર છત્રીઓ છે. દક્ષિણ તરફના એક સાંકડે દરવાજેથી પ્રવેશવાનું હતું. દરવાજો શાનો ? એક માણસ માંડ જઈ શકે એટલો સાંકડો માર્ગ હતો, જેનું બન્ને બાજુનું પ્લાસ્ટર ઊખડી ગયું. હતું. ગાઈડ ત્યાં ઊભો રહી ગયો. કમર પર હાથ રાખી શાયરાના અંદાઝમાં કહેવા લાગ્યો, 'યહ દેખિયે સા'બ.' કિતના સેંકરા રાસ્તા હૈ ? જબ યહ પલસ્તર ભી હોગા તો ઑર ભી સૅંકરા હોગા. રૂપમતી ઇતની પતલી થી કિ બિના અપને જિસ્મ કો ઇધરઉદર કિયે સીધે હી સીડિયાં ચઢ જાતી થી. વહ તો રાની થી (?) રાની - હમારી તરહ શરીર કો ઇધર-ઉધર કર જૈસે જૈસે કૈસે જાતી ? અબ આપ સોચિયે, કિતની પતલી હોગી વહ.' અને એમ કહી તેણે ફરી પાછો એક શેર સંભળાવ્યો. રસ્તો સાંકડો હતો. અમારે જરા આડાઅવળા થઈ પ્રવેશ કરવો પડ્યો. ઉપર છત ઉપર આવીને ઊભા - અદ્‌ભુત દર્શન !

વિંધ્યનો આ છેડો જ છે. અહીંથી એકદમ સીધા છેક બે હજાર ફૂટ નીચે નિમાડ પથરાઈને પડ્યું છે. થાળી જેવું સપાટ હરિયાળું નિમાડ. અહીં પહાડની ધારેધાર કોટની રાંગ છે. ભાગ્યે જ કોઈ શત્રુ આ દિશાએથી હુમલો કરવાનું સાહસ કરી શકે. અહીં દરરોજ રૂપમતી આવતી હશે. નર્મદા મૈયાનાં દર્શન કરતી હશે. અમે દૂર દક્ષિણમાં નજર દોડાવી, તડકાની ઝાંય ટાળવા નેત્રપલ્લવી કરી જોયું પણ ક્યાંય નર્મદા દેખાતી નહોતી. 'નર્મદા કહા હૈ ?' અભી. પહેલે આપ સબ યહાં દેખ લીજિયે.' ઉત્તર તરફની છત્રી તરફ લઈ જઈ તેણે ત્યાંથી જરા નીચે વૃક્ષોના ઝુંડમાં દેખાતી બીજી ઇમારત બતાવી કહ્યું, 'વો હૈ બાઝ બહાદુર કા મહલ.' દૂરથી એ ઇમારત જાણે મૂંગીમૂંગી બોલાવતી હતી. 'કભી કભી ચાંદની રાતમેં રૂપમતી યહાઁ ગાયા કરતી થી, બાઝ બહાદુર ઉસ મહલ

કે છત પર બૈઠ કર સુના કરતે થે.' ગાઈડ બોલતો જતો હતો. નજર સામે બધું પલટાઈ ગયું. નિર્જન ચાંદની રાત છે. એક સૂર ધીરે ધીરે ઊઠતો ગયો :

**કઠિણ ચઢિબો પ્રેમ તરુ, ડાલી બીન ખજૂર,**
**ચઢૈ તો પાવૈ મિષ્ટ ફલ, પડ તોચકના ચૂર.**

રૂપમતીના શબ્દ...બાઝ બહાદુર અને રૂપમતીને 'મિષ્ટ ફલ' મળ્યું હતું કે પછી 'ચકના ચૂર'...?

'અબ આઈયે સા'બ. નર્મદા મૈયા કે દર્શન કીજિયે.' આતુર બની અમે ગાઈડે બતાવેલી દિશા ભણી નિમાડનાં મેદાનોમાં આંખ ઝીણી કરી જોઈ રહ્યા. 'વો દિખાઈ નહીં પડતી - પતલી સફેદ લકીર ? વોહી નર્મદા હૈ.' અમને કંઈ જ દેખાતું નહોતું. વળતું પૂછ્યું, 'આપકો દિખાઈ પડતી હૈ, સચ કહના.' હવે જરા હસીને ગાઈડ બોલ્યો, 'નહીં સા'બ, મુઝે ભી નહીં દિખાઈ પડતી. ઉસકે લિયે શ્રદ્ધા ચાહિયે-રૂપમતી તો ભક્ત થી નર્મદા મૈયા કી. ફિર ઉસકો તો મૈયા દર્શન દેગી હી.'

નર્મદાના અ-દર્શનથી જરા વ્યથિત થઈ અમે નીચે ઊતર્યા અને બાઝ બહાદુરના મહેલ ભણી વળ્યા. શરૂમાં જ આવે છે. પાકા બાંધેલા ઓવારાવાળું સ્વચ્છ પાણીનું તળાવ. એ રેવાકુંડ. કહેવાય છે કે જ્યારે બાઝ બહાદુરે રૂપમતીને માંડુમાં લઈ જવાની ઇચ્છા કરી હતી ત્યારે રૂપમતીએ સંભળાવી દીધું હતું કે જ્યાં સુધી ત્યાં ઊંચે માંડવગઢમાં રેવાનાં પાણી ના વહે ત્યાં સુધી મારું ત્યાં આવવું કેવું? પણ તે રાત્રે નર્મદા મૈયાએ રૂપમતીને સપનામાં દર્શન દીધાં અને કહ્યું કે માંડુમાં હું ઝરણા રૂપે પ્રકટ થઈશ. એ ઝરણું મારા નામથી જ ઓળખાશે. તે આ રેવાકુંડ. સ્થિર સ્વચ્છ પાણી. પાણી સુધી જવાનાં પગથિયાં હતાં. આ તળાવમાંથી બાઝના મહેલમાં પાણી લઈ જવાની વ્યવસ્થા હતી.

બધાય મુસલમાન બાદશાહો પાણીના આશિક હતા. ગમે ગમે ત્યાંથી પાણીની નહેર વહેવડાવી મહેલના હમામ સુધી તો લઈ આવતા. લાલ કિલ્લો હોય, આગ્રાનો કિલ્લો હોય કે આ માંડુનો. બાઝનો મહેલ ટેકરીના ઢોળાવ પર છે. ગાઈડે જળવહનની તે વખતની કરામતની વાત કરી. બાઝના મહેલમાં વિશાળ ખંડો છે, ઓરડાઓ છે. વચ્ચે ખુલ્લો ચૉક છે, જેમાં નાનકડો સુંદર કુંડ છે. પાણીથી ભરેલો હતો. શાંત જળમાં વાદળછાયા આકાશનું પ્રતિબિંબ પડતું હતું. અમે ઝૂકીને જોયું - અમારા ચહેરા પ્રતિબિંબિત થયા. જરા નીચા નમી હથેલીમાં પાણી લેતાં પાણીની સ્થિર સપાટી કંપી ઊઠી, તેની સાથે આકાશ કંપવા લાગ્યું - અમે પણ.

ઉપર ખુલ્લી છત પર ગયા. 'દેખિયે સા'બ, યહ બારહદરી હૈ, ફિલમવાલે યહાં ફિલમ કે વાસ્તે આતે હૈં.' સુંદર સ્થળ હતું. ટેકરીના ઢાળ નીચે વૃક્ષની ઘટા હતી. એકાએક પોપટનું એક મોટું ટોળું ઊડતું ઊડતું આવ્યું. બાજુના વૃક્ષની ડાળે થોડો કલબલાટ કરી ઊડી ગયું. અહીંથી રૂપમતીની છત્રી કાવ્યાત્મક લાગતી હતી. આ બંને ઇમારતો એકબીજાને તાકી રહી છે. અહીં વચ્ચે હવે અવકાશ છે, કોઈ તારામૈત્રક રચાતાં નથી. પણ પગથિયાં ઊતરતાં ઊતરતાં અહીંની હવા જાણે પીછો કરતી હતી. ક્ષુધિત પાષાણોની હવા.

ઘર્‌ર્‌ર્‌...અવાજ સાથે શરૂ થયેલા ટૅમ્પોએ વર્તમાનમાં લાવી દીધા. વાંકેચૂંકે રસ્તે ફરી પાછો ટૅમ્પો દોડવા લાગ્યો. ફરી એક જલવિસ્તાર આવ્યો. આ હતું સાગરતળાવ. અહીં પ્રાકૃતિક-સુષમા મુગ્ધક હતી. 'દાઈ કા મહલ'ની ઇમારત સામે હતી. વચ્ચે ગુલાબની વાડી હતી. ખોબા જેવડાં ગુલાબ લલચાવતાં હતાં. પ્રવેશબંધી લખેલી હતી. ત્યાં એક પથ્થર પાસે ઊભા રહી ગાઈડે જોરથી બૂમ પાડી- 'રૂપમતી...' અને ક્ષણેકમાં દૂરથી પડઘા પર પડઘા આવ્યા 'મતી...મતી...' પછી તો અમને બહુ મઝા પડી. એકબીજાનાં નામ લઈને પુકારવા લાગ્યા, ઘોષ પ્રતિઘોષની સૃષ્ટિ !

તળાવ કમળવેલથી છવાયેલું હતું, પાણી લગભગ સ્થિર. દૂર સુધી વિસ્તરેલાં આછાં નીરમાં જળપંખીઓ અસંખ્ય હતાં. ટૅમ્પો ત્યાંથી અમને મુખ્ય રસ્તાથી ફંટાતે એક બીજે માર્ગે લઈ ગયો. નીલકંઠ મહાદેવની જગા. અહીંથી માંડુની પહાડીનો એક સુંદર 'વ્યૂ' જોવા મળે છે. એક નાનકડું ઝરણું મહાદેવના મંદિરમાં થઈને વહી આવતું હતું. અકબરે આ સ્થળની મુલાકાત લીધી હતી. અહીં થોડું થોભ્યા ન થોભ્યા ત્યાં ફરી ઊપડ્યા. જે સ્થળેથી ટૅમ્પો ઊપડ્યો હતો ત્યાં આવીને ઊભો રહ્યો, માંડુના હાટબજાર પાસે.

'યહ હૈ જામી મસ્જિદ...' અમે તેનાં પગથિયાં ચઢવા માંડ્યા. વિશાળ મહેરાબોવાળા ભવ્ય દરવાજામાંથી ઊંચો ગોળ ગુંબજ વટાવી અંદર પ્રવેશતાં જ તેની ધાકમાં અવાક્ થઈ જવાય; 'હોશંગશાહને બનવાના શુરુ ક્રિયા થા, મુહમ્મદ ખીલજીને ઉસે પૂરા કિયા થા.' મસ્જિદની રચનામાં સાદગીયુક્ત સંયમ હતો. દમાસ્કસની પ્રસિદ્ધ મસ્જિદના નમૂના પરથી આ મસ્જિદ બનાવવામાં આવેલી કહેવાય છે. ઇસ્લામી સ્થાપત્યમાંથી ભૌમિતિક સૌન્દર્ય અનન્ય રીતે નિષ્પન્ન થતું હોય છે. ભારતમાં અફઘાન સ્થાપત્યનો આ વિરલ નમૂનો છે. હિન્દુ સ્થાપત્યની પણ તેના પર અસર છે. મસ્જિદની વચ્ચે ખુલ્લું પ્રાંગણ છે અને ફરતે સપ્રમાણ કમાનોવાળા ગુંબજોની રચના છે. માંડુનાં રંગીન ખંડિયેરોમાં લગભગ સચવાયેલી આ સાદી ભવ્ય મસ્જિદનો પ્રભાવ કંઈક ઓર જ છે.

'ઔર યહ હૈ અશરફી મહલ.' જામી મસ્જિદની વાત કરતાં ગાઈડમાં જે અદબ હતી તે પાછી અશરફી મહેલની વાત કરતાં ચાલી ગઈ. એ માંડુના રંગીલા સુલતાનોના જનાનખાનાની વાતે ચડ્યો હતો. જામી મસ્જિદની સામે એક વિરાટ ખંડિયેર ઊભું હતું. આ અસરફી મહેલ ખરેખર તો મદરેસા હતી, મુહમ્મદ શાહે બંધાવેલી. તે પછી મેવાડ જીતવાની યાદમાં તેણે અહીં ચિતોડમાં છે તેવો ઊંચો વિજયસ્તંભ બનાવ્યો હતો અને બાદશાહે ખુદ પોતાને માટે 'આરામગાહ' તૈયાર કરાવી હતી. આજે હજી ખંડિયેરોના ઢગલા વચ્ચે પીળા આરસથી જડેલી બાદશાહની કબર છે. ખાસ ઈરાનના કારીગરોને બોલાવવામાં આવ્યા હતા. ગાઈડની વાગ્મિતા વધતી જતી હતી. અમે પૂછ્યું, 'લેકિન ઇસકા નામ અશરફી મહલ ક્યોં હૈ ?'

ઇમારતમાં પ્રવેશવાનાં પગથિયાં પાસે તે ઊભો રહી ગયો. જામી મસ્જિદની જેમ અહીં પણ ખાસ્સાં પગથિયાં હતાં. બે પગથિયાં વચ્ચે અંતર ઓછું હતું પણ પગથિયાંની પહોળાઈ ઘણી. સામાન્ય રીતે એક પગથિયે બબ્બે પગલાં મૂકતાં ચડવું પડે. 'દેખિયે !' કહીને ગાઈડ ઊભો હતો ત્યાંથી સવેગ એક એક પગથિયે એક એક પગ મૂકતો ઉપર ચઢી ગયો અને તેવી જ રીતે ઊતરી અમારી પાસે હાંફતો ઊભો રહ્યો. હાંફ શમે તે પહેલાં તેણે બોલવાનું શરૂ કર્યું. અહીંના બાદશાહોનાં હરમ અનેક સુન્દરીઓથી ભર્યાં ભર્યાં રહેતાં. ખાવું-પીવું. મોજમજા-એ જીવન.ખાઈ પીને ઘણીખરી સુન્દરીઓ જાડી થઈ જતી, તેમની ખૂબસૂરતી ચાલી જતી. એટલે બાદશાહે આવાં પગથિયાંની રચના કરી એક એવો દસ્તૂર બનાવ્યો હતો કે જનાનખાનાની જે કોઈ સુંદરી એક એક ડગલે એક એક પગથિયું ચડી જાય તેને તે જેટલાં પગથિયાં ચઢે તેટલી અશરફીઓ આપવી. આમ બે વાર ચડે-ઊતરે એટલે સારી એવી કસરત થઈ જાય એવું હતું - એ તો અમે જ્યારે એ રીતે ચઢાવીને પ્રયત્ન કર્યો ત્યારે ખબર પડી !

મદરેસા પણ ખંડેર છે, વિજયસ્તંભનું નામનિશાન નથી. કદાચ તેની વધારે પડતી ઊંચાઈને કારણે જ એ તૂટી પડ્યો હશે. મુહમ્મદશાહનો મકબરો પણ તૂટુંતૂટું હાલતમાં છે. એક સમયે આ અશરફી મહેલનો ઊંચો ગુંબજ, જામી મસ્જિદનો ગુંબજ અને પાસે આવેલા હોશંગશાહના મકબરાનો ગુંબજ એક અદ્ભુત 'સ્કાય લાઈન.' રચતા હશે. એક એક પગથિયે એક એક પગલું મૂકીને ઊતરવાનો ઉપક્રમ પણ અમે કરી જોયો-અને એક સાથે અનેક સુન્દરીઓને સૌન્દર્યની સ્પર્ધા સાથે સાથે આ પગથિયાં પર ચડઊતરની સ્પર્ધામાં પ્રસ્વેદનાં નાજુક બિંદુઓ લૂછતી કલ્પવામાંય સરી પડ્યા.

હોશંગશાહનો મકબરો પણ સાદગીભર્યો છતાં ભવ્યતાનો અનુભવ કરાવે છે. શિલ્પીઓએ મકબરાની મહેરાબોમાં, જાળીઓમાં ભૌમિતિક સૌન્દર્ય પ્રકટાવ્યું છે. જાળીઓમાંથી જોઈએ તેટલો જ પ્રકાશ ચળાઈને અંદર આવે છે - જાણે આરામગાહમાં સૂતેલા સમ્રાટની અદબ ન જાળવતો હોય ! ગાઈડે એક અભિલેખ તરફ આંગળી ચીંધી કહ્યું કે તાજમહાલના એક મુખ્ય સ્થપતિ ઉસ્તાદ હમીદે શાહજહાંના કહેવાથી તાજમહાલ બનાવતાં પહેલાં આ મકબરાની ડિઝાઈન જોવા ખાસ મુલાકાત લીધી હતી, તેનો તેમાં ઉલ્લેખ છે.

આ ભવ્ય મકબરાને જોયા પછી ટૅમ્પો ઉત્તર દિશામાં દોડ્યો. થોડી વારમાં જ આજુબાજુનો ઝાડીઝાંખરાંવાળો રસ્તો વટાવી ખંડિયેરની એક વસાહત વચ્ચે આવી તે ઊભો રહ્યો. સાંજ પડવા આવી હતી. આ બાજુ ઊગમણે તળાવ હતું, પેલી મેર આથમણે તળાવ હતું. તળાવનાં પાણીની સપાટી સ્થિર હતી. ક્યાંક કોઈ જળપંખીના થાપ જરા હલાવી જતી. તળાવની ધારે ઇમારતો હતી, જર્જરિત - ક્યાંક તો માત્ર દીવાલો હતી. દીવાલો પર ઊંચું ઘાસ ઊગી આવ્યું હતું. વર્ષાઋતુ હમણાં

જ ગઈ હતી છતાં ઘાસ પીળું પડવા માંડ્યું હતું.

ગાઈડ હવે અધીરો બન્યો હતો. અમે આસપાસ આમતેમ જોતા અતીતનાં ખંડિયેરોની આબોહવામાં ખોવાતા જતા હતા. થોડી વાર માટે જાણે સમય થંભી ગયો હતો. 'ચલિયે, દેખિયે - યહ હૈ હિંડોલા મહલ.' જાણે કે મહેલ, મકબરા અને મસ્જિદની જ આ નગરી ન હોય ! શું આ ત્રણ 'મ'કાર સિવાય બીજું કશું અહીં નથી કે ? ત્રણેની કેવી તો સહોપસ્થિતિ છે ! મહેલમાં રંગરેલી, મસ્જિદમાં ઈબાદત અને પછી છેવટે મકબરામાં કયામત સુધીની પ્રતીક્ષા...દર્શકની ભાવસ્થિતિ પણ બદલાતી જાય.

હિંડોલા મહલ જમીન સાથે બરાબર દોસ્તી કરી ઊભો છે. હિંડોલા જેમ ઢળતી દીવાલોની જાડાઈ છ છ ફૂટ જેટલી છે. ઉપર ચડવાનો એક માર્ગ એવો છે કે રાજરાણીઓ સીધેસીધી પાલખીમાં કે ઘોડેસવાર થઈને ઉપરને મજલે પહોંચી જાય. ગાઈડે તો કહ્યું, 'ઈસ રાસ્તે કો ''હાથી ચઢાઓ.'' કહતે હૈં. બેગમેં હાથી પર બૈઠે બૈઠે હી ઉપર જાતી થીં...' રૂપમતીય હાથી પર બેસીને આ મહેલમાં આવી હશે ને ? હિંડોલા મહેલમાં બધું ભારે ભારે, વજનદાર લાગે છે. જો કે ઉપર હવે છત કે છાપરું નથી. પણ પાંચ સૈકાઓથી ઊભેલો આ મહેલ આજે પણ અડીખ લાગ્યો.

હિંડોલા મહેલની આથમણે અનેક જર્જરિત ઈમારતો સાંજના તડકામાં સુંદર લાગતી હતી. ખંડિયેરોનું પણ એક અનોખું સૌંદર્ય હોય છે. બલકે એમ કહો કે ખંડિયેરોનું દર્શન એક જુદી જ સૌંદર્યાનુભૂતિ જગવે છે. ઘણી વાર તો ખંડિયેર એક પૂર્ણ ઈમારત કરતાં આપણી કલ્પનાને વધારે ઉત્તેજિત કરે છે. દર્શકની સૌંદર્યદૃષ્ટિ ખંડિયેરમાંથી એક અખંડ ઈમારત ચણી લેવા જાણે સક્રિય બને છે.

આ જે તળાવ છે તે મુંજ તળાવ છે. તેના આ એક કાંઠે ખંડિયેરોના ઢગલા પડ્યા છે. એક વખતની ભવ્ય મહોલાતો ઈંટરોડાંના ઢગલા માત્ર છે. તેમાંય ક્યાંક કોક વસ્તુ પેલી ભવ્યતાનો આછોપાતળો ખ્યાલ આપી જાય. 'યહ હૈ ચંપાબાવડી, 'ઈસ કે પાકી કી સુગંધ ચંપા કે ફૂલ જૈસી હોતી થી...' આપણા ભમ્મરિયા કૂવા જેવી રચનાનો પ્રકાર હતો. નીચે તહખાનામાં ઓરડાઓ તળાવના પાણી પરથી આવતી પવનની લહેરોથી ઠંડા રહેતા. ત્યાં નીચેથી સીધા મુંજ તળાવને કાંઠે જઈ શકાતું.

મુંજ તળાવની ઉત્તર-પશ્ચિમ ભણી અમે ઊભા હતા. આથમણે હજી એક ઈમારત બોલાવતી હતી, એકલવાયી, જર્જરિત, ત્યજાયેલી, આ બાજુ મુંજ તળાવમાં પ્રતિબિંબિત થતી અહીંની સૌથી મોટી ઈમારત ઊભી હતી.

'યહ જહાજ મહલ હૈ...' ગાઈડ એનો રંગીન રોમાંચક ઈતિહાસ શેરોશાયરીમાં ગૂંથતો જઈ રજૂ કરતો જતો હતો. માંડૂની રંગીન દાસ્તાનોનો એ જાણે હજી જીવંત દસ્તાવેજ લાગતો હતો. જહાજ મહલ નામ ખરેખર સાર્થક બને છે, કેમ કે ઊગમણે કપૂર તળાવ અને આથમણે મુંજ તળાવ - આ બન્નેની વચ્ચે ઊભો છે આ મહેલ, જાણે કે વચ્ચે તરતો ન હોય ! ગ્યાસુદ્દીનનો આ રંગમહેલ, પેલો જેના જનાનખાનામાં પંદર હજાર સુંદરીઓ હતી કે ગ્યાસુદ્દીન, શરાબને ન અડકનાર, ધાર્મિક વૃત્તિનો ગ્યાસુદ્દીન ! ગાઈડની જીભ પર સરસ્વતી આવી ગઈ હતી. ગ્યાસુદ્દીનો જ્યારે દરબાર ભરાતો ત્યારે તેની જમણી બાજુએ પાંચસો પુરુષવેશમાં સજ્જ સુંદર તુર્કી રમણીઓ અને ડાબી બાજુએ પાંચસો ઍબીસિનિયન રમણીઓ તહેનાતમાં ખડી રહેતી ! અને છતાં રાજકારણ તે 'સ્વસ્થ ચિત્તે' ચલાવતો.

માંડુમાં જ્યારે જહાંગીર આવેલો ત્યારે તેણે નૂરજહાં સાથે આ મહેલમાં ઉતારો લીધેલો. જહાંગીરનામા (અંગ્રેજીમાં 'મૅમ્વાર ઑફ જહાંગીર')માં માંડુમાં નૂરજહાંએ યોજેલી ભવ્ય મિજલસનું જહાંગીરે વર્ણન કર્યું છે. (જહાંગીરના જેવી સૌન્દર્ય પારખુ. નજરને વર્ષાઋતુમાં શોભી ઊઠતા માંડુ જેવું બીજું સુંદર સ્થળ ક્યાંય નહોતું દેખાયું.) : 'તે દિવસે સાંજ પડતાં જ તળાવો અને મહેલની ચોપાસ દીવાઓ ઝળહળી ઊઠ્યા હતા. પાણીમાં એ દીવાઓ એવી રીતે પ્રતિબિંબિત થતા હતા કે જાણે સમગ્ર તળાવની જળ-સપાટી એક જ્વાળાઓનું મેદાન ન હોય... ભવ્ય મનોરંજન ગોઠવાયું અને શરાબની તો એવી મહેફિલ જામી...'

જહાજ મહેલ આ બધી રંગરેલીઓનો સાક્ષી છે. વૃદ્ધ પિતા ગ્યાસુદ્દીનને ઝેર આપીને નસીરુદ્દીન ગાદીએ આવ્યો. તેણે આ આખા વિસ્તારમાં પુરુષોને આવવાની બંધી ફરમાવેલી. એક

વેળા પીધેલી હાલતમાં જળક્રીડા કરતાં તે ડૂબી ગયો ત્યારે તેની સાથેની સુંદરીઓને તેને બહાર ખેંચી કાઢ્યો. પછી જ્યારે તેને ભાન આવ્યું ત્યારે જે સુંદરીઓએ તેને બચાવ્યો હતો તેમની કતલ કરાવી દીધી. પછી જ્યારે તે બીજી વખત ડૂબ્યો ત્યારે ડૂબી જ ગયો, કોઈએ બચાવ્યો નહીં.

થોડો કાળ વીત્યે અહીં બાઝ બહાદુર અને રૂપમતીની સંગીતની મહેફિલો જામતી હશે. કપૂર તળાવમાંથી કપૂરની સુગંધ-કદાચ અંગરાગ લગાડતી સુંદરીઓના સ્નાનને કારણે આવ્યા કરતી હશે. કદાચ અહીં જ કોઈ એક ખંડમાં રૂપમતી વિષપાન કરી ફૂલશય્યામાં પોઢી ગઈ હશે. રૂપમતીના આખરી કહેવાતા શબ્દો યાદ આવ્યા :

**પીત મીત કે દિન ગયે ગયે બહાદુર બાઝ,**
**અબ ઉન કર જિયા જાત હૈ, યહાઁ કહાઁ હૈ કાજ.**

આથમતી સાંજે આ જહાજ મહેલનો સંમોહનકારી પ્રભાવ પડતો હતો. એની આ રંગીન ઐતિહાસિક પૃષ્ઠભૂમિ તેમાં નવું પરિમાણ ઉમેરતી હતી. જહાજ મહેલનાં પૂર્વ દિશાનાં વિશાળ પગથિયાં છેક ઉપરની છત તરફ દોરી જાય છે. મુંજ તળાવમાં જહાજ મહેલ પ્રતિબિંબિત થતો હતો અને કોઈ પંખી જળસપાટીને હલાવી જતું ત્યારે હાલકડોલક થતો હતો. જહાજ મહેલને આથમણે ઝરૂખેથી અમે સૂર્યાસ્ત જોઈ રહ્યા. લાલ ઝાંયમાં બધું રસાતું જતું હતું. પેલી તરફ હિંડોલા મહેલ, ત્યાં દૂર પાણીને અડકીને ઊભેલી પેલી જર્જરિત ઈમારત, મુંજ તળાવ - બધું સ્તબ્ધ બનતું જતું હતું. ધીરે ધીરે સૂરજ ડૂબ્યો. માત્ર લાલ ટશરો રહી ગઈ.

હમણાં શું જહાજ મહેલના ખંડેખંડમાં દીવાઓ પ્રકટી ઊઠશે, તળાવની જળસપાટી આગ આગ થઈ જશે... ના કશું ય નહીં થાય. હવે જ્યારે પ્રવાસીઓના છેલ્લા પદરવ શાન્ત થઈ જશે ત્યારે અહીં સૂનકાર ઊતરશે. અમે દબાતે પગલે પગથિયાં ઊતરી ગયા. ટૅમ્પો જ્યાંથી ઊપડ્યો હતો ફરી ત્યાં આવી પહોંચ્યો. માંડુનું હાટબજાર. હાટડીઓમાં દીવા બળતા હતા. 'સલામ' કહી ગાઈડે ઝૂકીને સલામ કરી.

જૈન ધર્મશાળામાં જૂના આંબલીના ઝાડ ઉપર દેખાતો ચંદ્ર શીળી પ્રભા વિસ્તારતો હતો. એક વેળાના ઝળહળતા અતીતના જીર્ણ સાન્નિધ્યની તીવ્ર ઉત્તેજના પછી હવે અહીં શાંતિ અનુભવાતી હતી.

બીજે દિવસે આખી સવાર, બપોર અને સાંજ માંડુના આ જર્જરિત મહેલો, મકબરાઓ અને મસ્જિદોમાં આથડ્યા કર્યું. રૂપમતીની છત્રીએ ચઢી દૂર દૂર નિમાડનાં મેદાનોમાં નર્મદાની રેખ જોવા મથ્યા, બાઝ બહાદુરના મહેલના સ્વચ્છ કુંડને પગથિયે બેસી પોતાનાં પ્રતિબિંબ જોયાં, મહેલની છત પર બેસી અધૂરાં ગીતની અધૂરી પંક્તિઓ ગણગણી, મહેલને ઓતરાદે દરવાજે ઊડતાં પોપટનાં લીલાં ઝુંડ જોયાં, રેવાકુંડમાં પગ ઝબોળી સ્તબ્ધ પાણીને ઝબકાવ્યાં, ઈકો પૉઈંટ પર એકબીજાના પ્રલંબિત સ્વરે નામ બોલી પડઘા સુણ્યા, નગરમાંથી બનેલાં ખેતરોમાં ખેડતા ખેડૂતો સાથે વાતો કરી, ઢોર ચરાવતા છોકરાઓના હાથમાંથી ગોફણ લઈ કાંકરા ફેંકી પાસેના જળાશયનાં પંખીઓ ઉડાડ્યાં, ગુલાબના ક્યારાઓમાં વિશ્રામ કર્યો અને આમ ભટકી ભટકીને સાંજ પાડી દીધી.

સાંજે ફરી જહાજ મહેલને ઝરૂખે આથમતા સૂરજને માંડુનાં ખંડિયેરો પર લાલ કિરણો ફેંકતો જોયો. આ સૂરજ તો કાલે ઊગશેય ખરો. પણ આ નગરનો આફતાબ તો ક્યારનોય આથમી ચૂક્યો છે. નગરના અધિદેવતાનો વાસ નગરમાંથી ઊઠી ગયો છે.

દિવસ-રાતની આ સંધિ વેળાએ આ ખંડિયેરો સંમોહન પાથરતાં જતાં હતાં. હમણાં જાણે આ ક્ષુધિત પાષાણોમાંથી એક પ્રેતસૃષ્ટિ વહી આવશે. આ કપૂર તળાવના ભાંગેલા ઓવારા પર, આ બાકોરા જેવા મહેલના ઝરૂખા પર, આ જર્જરિત મહેલને ઓરડે ઓરડે તેની રાત્રિરમણા શરૂ થઈ જશે. કોઈ અવગતિક જીવ પોકાર કરી ઊઠશે... (કોણ સાંભળશે ?)

ના. હવે અહીં વધારે નહીં ઊભાય. હવે જવું જોઈએ. ઉપર ઊગેલો અર્ધચંદ્ર જાણે સંકેત હતો. જહાજ મહેલનાં પગથિયાં ઊતરી રસ્તે ચાલવા લાગ્યા. ચાલીને જવાનું હતું. છેલ્લે પાછળ નજર કરી લીધી. પછી ચાલ્યા. ધીમે ધીમે અમારા ઝાંખા પડછાયા દેખાવા લાગ્યા. તબેલી મહેલને વટાવી એક જૂના દરવાજાની બહાર નીકળ્યા ત્યાં સુધીમાં તો પડછાયા સ્પષ્ટપણે અમારી સાથે ચાલતા દેખાયા. કારતકની સાતમ કે આઠમ હશે. સ્વચ્છ આકાશમાં ફરી ચંદ્ર ભણી નજર ગઈ.

અર્ધ ચંદ્રાલોકમાં બધું 'મિસ્ટિરિયસ' બની જતું લાગ્યું. હજુ તો પેલી મહોલાતોના પરિસરમાં જ હતા. પુરાણી ઇમારતની અડોઅડ ઊભેલા પુરાણા ઝાડ પરથી કોઈ રહ્યો સહ્યો પ્રેતાત્મા હમણાં ઊતરી પણ આવે. ક્યાંક ઠોકર વાગતી ત્યારે લાગતું કે અમે ચાલી રહ્યા છીએ. ચાંદનીનો પ્રભાવ વિસ્તરતો ગયો. પણ હવે અમે પેલા પરિસરની બહાર આવી ગયા હતા. થોડાંક ઘર આવ્યાં. ઘર ઘરોમાં દીવાનું અજવાળું હતું. માણસોનો આછો આછો રવ હતો હાશ.

**- ભોળાભાઈ પટેલ**

## 5.4 કૃતિનો સારાંશ

આ નિબંધમાં લેખક બાઝ બહાદુર અને રૂપમતીના પ્રણયમંડિત ખંડિયેરોમાં રહેલ રહસ્યમય સૌંદર્યનો અનુભવ કરાવે છે. તેની સાથોસાથ માંડુ-માંડવગઢનું એક કલ્પનાચિત્ર રચાય છે. જેમાં સરોવર, સંગીત અને સ્વપ્નના નગર માંડુ એક વખતનું આબાદ નગર હતું, તેમાં ત્રણ 'સ'ની સાથે ત્રણ 'મ' કારનો સુંદર વિનિયોગ થયેલો જોઈ શકાય છે. મહેલ, મકબરા અને મસ્જિદની આ નગરી છે. ખંડિયેરોનું અનુપમ સૌંદર્ય અહીં વિશેષ ધ્યાનાકર્ષક બની રહે છે. આ નિબંધોના સર્જનમાં જે સ્થળ-વિશેષ નિમિત્ત બન્યાં છે. તેમની પ્રવાસ સ્થળો રૂપેની પસંદગી જ નિબંધકારની વિશિષ્ટ સૌંદર્યાનુભૂતિ દૃષ્ટિનું પ્રમાણ આપે છે. માંડુની સ્થૂળ અને સૂક્ષ્મ સર્જકયાત્રા આ નિબંધમાં વર્ણિત છે. જેમાં ભૌગોલિક, રાજકીય, સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભોમાં રંગો અને વ્યક્તિગત ચેતનાની વિશેષ છબી અહીં પ્રગટ થતી જોશી શકાય છે.

## 5.5 કૃતિનું ક્રિયાત્મક સઘન-અધ્યયન

'માંડુ' નિબંધનો હવે આપણે વિગતે અભ્યાસ કરીએ. નિબંધના પ્રારંભમાં ભોળાભાઈ પટેલ પોતાની આગવી વિશિષ્ટ શૈલીના પ્રારંભબિંદુને રાઈનેર મારિયા રિલ્કેની કાવ્યપંક્તિથી પ્રારંભ કરે છે. નિબંધના વિષયમાં આગળ જતાં કેન્દ્રવર્તી વિષય પર વાત કરતાં કરતાં સરોવર, સંગીત અને સ્વપ્ન જ નગર 'માંડુ'ની આગવી ઓળખ આપે છે. લલિત નિબંધની આગવી, વિશિષ્ટતાનો પ્રારંભથી ભાવક-વાચક-અભ્યાસને પરિચય થાય છે. વિષયની માંડણી કથા કહેતાં હોય તેમ કરે છે. એક વિષયની વાત કરતાં સ્મરણના પ્રદેશમાં અન્ય સમાન-ગુણધર્મવાળી સ્થળવિષયક કે ઇતિહાસ આલેખન પામેલી વિષય સામગ્રીને આમે જ કરે છે. માંડુના સૈકાઓ જૂના સરોવરો, મહેલાતોના ખંડિત પડછાયા ઝીલ્યા છે. એમાંથી ગુંજી ઊઠતી સંગીતની મધુર સુરાવલિઓ વર્ષો પછી પણ ઘુમરાયા કરે છે. જે ભાવકના મનઃપ્રદેશમાં સંમોહનનું જાળું રચે છે.

માંડુના આલેખન સાથે ચુનીલાલ વર્ધમાન શાહની નવલકથા 'રૂપમતી', અમદાવાદમાં જોયેલું નાટક 'રૂપમતી' અને ત્યારબાદ હિન્દી ફિલ્મ 'રાની રૂપમતી'ની સ્મૃતિને પણ કંડારે છે. બાઝ અને રૂપમતીની પ્રણયકથાનું કલ્પનાચિત્ર રચાતું જોવા મળે છે. તેની સાથોસાથ વર્તમાન સમિતિના માંડુનાં દસ્તાવેજી આધારોનું આલેખન થયેલું છે. નિબંધકારની વર્ણન રીતિમાં તુલના જોવા મળે છે. જેમાં રિલ્કેના દુઈનો દુર્ગ સાગર કિનારાની ઊંચી ભેખડો પર અને વિંધ્યાચળનો અડગ ઊભેલો માંડુનો કિલ્લો. આ બંને કિલ્લાઓ વચ્ચે વિશ્વસાહિત્ય અને ભારતીય સાહિત્યના સંદર્ભો રસાઈને આવે છે. માંડુની ઐતિહાસિક નગરની ભૌગોલિક-રાજકીય-ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરિવેશનો પણ પરિચય કરાવ્યો છે. ધારાનગરીનું રાજા ભોજ અને માલવપતિ મુંજના પ્રતાપી વ્યક્તિત્વોની એક વિરાસત જોડાયેલી છે. આ નગરીનું વર્તમાનરૂપ તેની પ્રસિદ્ધ પાઠશાળા અને તેની સરસ્વતીની પ્રસિદ્ધ મૂર્તિ જે આજે લંડનમાં છે અને આજે પાઠશાળામાંથી મસ્જિદ બની ગઈ છે. આ નિબંધમાં મુસ્લિમ શાસકોના આગમનના કારણે ધર્માંતરણની પ્રક્રિયા થઈ તેનો સંદર્ભ મળે છે. ભારતીય સ્થાપત્ય સ્થાનો પર મુસ્લિમ શાસકોના અતિક્રમણને કારણે અનેક હિન્દુ સ્થાપત્યો પર અફઘાન અને મુઘલશાહીનાં ગુંબજ બની ગયાં છે. આક્રમણકારીઓને દેશને લૂંટ્યો છે તેની સાથોસાથ સાંસ્કૃતિક કેન્દ્રોને ધ્વસ્ત પણ કર્યાં છે. ક્યાંક મુઘલશાહી અને અફઘાનશાહી મહેલો અને મિનારાઓમાં ભારતીય સ્થાપત્યોનો પણ પ્રભાવ થોડાંકઘણાં સ્થાનો પર મળે છે. તેનો ઉલ્લેખ આ નિબંધોમાં જોવા મળે છે.

માંડુનો દિલ્લી દરવાજો અને અમદાવાદનો દિલ્લી દરવાજો. બંને દરવાજા દિલ્લી અભિમુખ છે. આ બંને નગરોમાં મુઘલશાસકો આવ્યા અને આધિપત્ય જમાવ્યું હતું. મુઘલશાસન દ્વારા જે બદલાવ થયા છે તેનો સંદર્ભ પણ મળે છે. આ ઉપરાંત જૂના સમયમાં નરબલિની જે લોકવાયકા સમાજમાં જોવા મળે છે. દિલ્લી દરવાજાએ ઉપરાંત સહસ્રલિંગ તળાવમાં પાણી ન થવાના કારણે નર બલિદાન કરવામાં આવ્યું હતું તેનો પણ ઉલ્લેખ મળે છે. રાજા-મહારાજાઓ અને બાદશાહઓની કીર્તિગાથાઓની સાથે આવી અનેક કલંકકથાઓ ઇતિહાસના ખંડિયેરોમાં ધરબાયેલી હશે.

નિબંધકારે માંડુ-માંડવનગરમાં પ્રવેશ કર્યો. ત્યાં ધર્મશાળા જોઈ અને તેની સાથે જ હિમાલયના પ્રવાસ નિબંધમાં કાકાસાહેબ કાલેલકરની કલમે આલેખાયેલ ધર્મશાળાનું વર્ણન તાદૃશ્ય થાય છે. અને જૈન ધર્મશાળા થોડી સારી હોય છે અને પછી ગાઈડની મુલાકાત અને હિન્દી-અંગ્રેજી-ઉર્દૂની અસ્ખલિત વાક્‌ધારા તેના સંવાદોમાં નિરૂપણ પામી છે. માળવાની ભૂમિના નર્મદા-રેવાદર્શનની વાત રેવાકુંડની કથા સાથે જોડાયેલી છે, રૂપમતીની આસ્થા નર્મદામૈયા ધારા સ્વરૂપે રેવાકુંડમાં પ્રગટ થયેલી ઉપરાંત મુઘલોના મહેલોમાં પ્રાચીન જળવહન પ્રક્રિયાની પદ્ધતિનો પણ પરિચય પ્રાપ્ત થાય છે. તેની સાથોસાથ રૂપમતી મને તેની દેહરચનાનો પરિચય તેની છત્રી અને અશરફી મહેલનાં પગથિયાંની રચના દ્વારા મુસ્લિમ શાસકોની સ્ત્રીપ્રિયતા અને સ્ત્રીનું સૌંદર્ય સાચવવા માટેની આકર્ષક યોજનાઓનો પરિચય મળે છે. ઉપરાંત મુસ્લિમ રાજાઓનો મસ્જિદ બાંધવાનો શોખ વિશેષ હતો. તેનો પણ પરિચય મળે છે તેના જ પરિણામે આજે દેશભરમાં જ્યાં મુસ્લિમ શાસકો પહોંચ્યા ત્યાં મકબરા અને મુસ્લિમ સ્થાપત્યો જોવા મળે છે.

નિબંધકારની સૂક્ષ્મ દૃષ્ટિના કારણે જ મુસ્લિમ શાસકોની વિશેષતાઓ અને મર્યાદાને પણ અહીં ઉલ્લેખિત કર્યો છે. તેમના જનાનખાનાઓમાં હજારોની સંખ્યામાં સ્ત્રીઓ રહેતી હતી. બીજું કે મુગલશાસકોને ઇતિહાસમાં જોવા મળતી એક સ્ત્રી, સત્તા લોલુપતા લાલસા તેમના પારિવારિક કત્લ, હત્યા અને આક્રમણ તેમનો સ્વભાવ બન્યો છે તેનો સંદર્ભ જોઈ શકાય છે.

આ નિબંધમાં નિબંધકારની દૃષ્ટિ અને કલમે માંડુના ત્રણ 'મ'કાર અને ત્રણ 'સ' કારનો વિનિયોગ થયેલો છે. ચંપાવાવડીના પાણીની સુગંધ, હિંડોળા મહેલની વિશેષતા, કપૂર તળાવની રચના તરતા જહાજ જેવી છે. આ કૃતિમાં પ્રાકૃતિક સૌંદર્યની અદ્‌ભુત શક્તિનો પરિચય મળે છે. સર્જકચેતનામાં ભ્રમણના આલેખનમાં કેટકેટલા રાજાઓ, બાદશાહોના રંગીન મિજાજની વાતો, લોકજીવન અને પ્રાચીન વર્તમાનની સાથે ઘૂમરાતું સત્ય અને રહસ્ય આજે અકબંધ છે. જે નિબંધની ગદ્યલીલાનો સંતર્પક અનુભવ કરાવે છે. ભોળાભાઈની સર્જક દૃષ્ટિ સતત સૌંદર્યની શોધ કરે છે. સરોવર, પર્વત, સાગર, મહેલ, મકબરા, દુર્ગ-હવેલી, મંદિર, શિલ્પ-સ્થાપત્ય જ્યાંથી મળે છે ત્યાંથી સર્જકની સૌન્દર્યાનુભૂતિનો પરિચય મળે છે.

આમ, આ નિબંધમાં નિબંધકારે લલિત ગદ્યનાં ઉન્મેષોનો પરિચય આપી સાંસ્કૃતિક ચેતના પણ જગાવે છે. જે તેમણે સ્થળ વિશેષના વર્ણન દ્વારા સિદ્ધ કરી આપ્યું છે. કળાત્મક અને બહુમુખી પ્રતિભાનો પરિચય નિબંધના આરંભ અને અંતમાં જોવા મળે છે. આરંભમાં કાવ્યપંક્તિને અંત વિશેષ ભાવ પરિસ્થિતિમાં મૂકી આપે છે. કૃતિની ભાષા અને વર્ણનમાં અનોખી શૈલીનો પરિચય પ્રાપ્ત થાય છે. જેમાં કાવ્યાત્મકગદ્ય, અલંકારોનો વૈભવ, વિશિષ્ટ વર્ણનો અને તેમાં ભાષાનું આગવું પોત રચાય છે. જે સમગ્ર રચનાનો પિંડ બાંધી આપે છે. આ નિબંધને ઉર્દૂ-ફારસી પ્રયોગો વડે મુઘલ યુગને જીવંત બનાવે છે. હરમ, અફતાબ, બાદશાહ, જનાનખાના, મકબરા વગેરેનો પ્રયોગ નિબંધની કેન્દ્રીય સંવેદનાને ઉજાગર કરે છે. આ ઉપરાંત આલંકારિક પ્રયુક્તિનાં દૃષ્ટાંતો પણ ધ્યાનાકર્ષક લાગે છે. જેમકે 'ચાંદનીમાં ચાંદની બનીને રૂપમતી ઊભી છે.' ટૂંકમાં કહી શકાય કે નિબંધકારનું પ્રવાસ સંવેદન એક લાક્ષણિક તરેહમાં લલિતરૂપ બનીને પ્રગટી આવ્યું છે. ભાષાનો આવો સર્જનાત્મક વિનિયોગ ગુજરાતી ભાષાના નિબંધ સાહિત્યમાં ઉલ્લેખનીય બની રહ્યો છે.

## 5.6 તમારી પ્રગતિ ચકાસો.

1. બાઝ અને રૂપમતીના સંદર્ભે કઈ કન્યા જાણીતી છે ?
2. કૃતિને આધારે ઐતિહાસિક અને રાજકીય ઘટઓના સંદર્ભોને તમારા શબ્દોમાં લખો.
3. કયા ત્રણ 'મ' કારની વાત કૃતિમાં જોવા મળે છે ? સમજાવો.
4. કૃતિમાં નિરૂપાયેલ સર્જનાત્મક લલિતગદ્ય વિશે સમીક્ષાત્મક નોંધ લખો.

- **વસ્તુલક્ષી કસોટી**

પાઠમાં રજૂ થયેલા વિચારો પ્રમાણે નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે દર્શાવો. જે વિધાન સાચું હોય તેને માટે વિધાનને અંતે આપેલ ખાનામાં (√) ની નિશાની કહો અને જે વિધાન ખોટું હોય તે (×) ની નિશાની કરો.

(1) કૃતિમાં માંડવગઢની વાત થઈ છે.
(2) કૃતિમાં ત્રણ 'ન'કાર આવે છે.
(3) કૃતિમાં મુગલ આક્રમણનો સંદર્ભ છે.
(4) માલપતિ મુંજ અને રાજા ભોજ કૃતિમાં નથી.
(5) નર્મદામૈયાનાં દર્શન થાય છે.
(6) પાઠશાળા મસ્જિદ થઈ ગઈ છે.
(7) ચાંદનીમાં ચાંદની બનીને રૂપમતી ઊભી છે.
(8) ધીરે ધીરે સૂરજ ડૂબ્યો, માત્ર લાલ ટશરો રહી ગઈ.
(9) હિંડાળા મહેલ માંડુનો નથી.
(10) ઇતિહાસકાર રૂપમતીને માત્ર ગાયિકા માને છે.

**5.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ :**

**(1) નીચેનું વાક્ય તપાસો :**

સરોવર, સંગીત અને સ્વપ્નનું નગર માંડુ.

અહીં આ વાક્યમાં 'સ' વર્ણનું પુનરાવર્તન થયેલ છે. તે ગદ્યના વિશિષ્ટ લયની સાથોસાથ અભિવ્યક્તિની પ્રભાવકતા પણ સિદ્ધ કરે છે. જે અલંકારીક બનીને પ્રગટ થાય છે.

**તમારી પ્રગતિ ચકાસો**

નીચેના વાક્યો તપાસો.

(1) ચાંદનીમાં ચાંદની બનીને રૂપમતી ઊભી છે.
(2) સ્વરલહરીઓ હરિયાળા મેદાનમાં વિલિન થઈ.
(3) મૃતદેહને વૃથા ઢંઢોળી રહ્યો હતો.
(4) પાઠશાળા મસ્જિદ થઈ ગઈ.
(5) કુદરતી હાજત કુદરત પર છોડી દેવામાં આવે છે.

**(2) નીચેના શબ્દો જુઓ :**

આફતાબ, આલમગીરી

ઉપરોક્ત બંને શબ્દમાં પહેલો શબ્દ ફારસી છે, બીજે શબ્દ અરબી છે. પ્રથમ શબ્દ સૂર્યનો સંદર્ભ છે. જ્યારે બીજા શબ્દમાં આલમ એટલે દુનિયા અને ગર એટલે દુનિયાને જીતનાર એવો અર્થ થાય છે.

**તમારી પ્રગતિ ચકાસો.**

ઉપરના શબ્દો જેવા અન્ય શબ્દો નોંધો.

**(3) નીચેના શબ્દો જુઓ :**

**કીર્તિકથાઓ, કલંકકથાઓ**

આ શબ્દો બે પદના બનેલા છે. અને બન્ને પદો વિભક્તિના પ્રત્યયથી જોડાયેલાં છે. જેમકે, કીર્તિની કથાઓ અને કલંકીત કથાઓ અથવા કલંકની કથાઓ. આવી રીતે વિભક્તિના સંબંધથી જોડાયેલાં પદો જોડાય છે. જે સગાસનો એક પ્રકાર છે.

- **તમારી પ્રગતિ ચકાસો :**

નીચેના સમાસોનાં પદોને વિભક્તિનો પ્રત્યય વાપરી જૂદો પાડો :

પાઠશાળા, હાટ બજાર, ધર્મશાળા, સાગરકિનારો, નેત્રપલ્લવી.

**5.8 પુનરાવલોકન**

**તમારી પ્રગતિ ચકાસો**

સમગ્ર પાઠને આવરી લેતા નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(1) લેખકની દૃષ્ટિ 'માંડુ' નિબંધનો ઇતિહાસ તમારા શબ્દોમાં આલેખો.
(2) બાઝ અને રૂપમતીની કથા વિશે લખો.

(3) પ્રાચીન વૈભવશાળી ઈતિહાસની નોંધ લખો.
(4) કૃતિમાં આવતા મંદિરની ચર્ચા કરો.

## 5.9 લેખન પ્રવૃત્તિ

તમે જોયેલ માંડુ વિશે એક લેખ તૈયાર કરો. અથવા આપે કરેલ એક પ્રવાસ અનુભૂતિ તમારા શબ્દોમાં વર્ણવો.

## 5.10 વિશેષ અધ્યયન

- **કર્તા પરિચય :**

આ નિબંધના લેખક ભોળાભાઈ પટેલ (1934 થી 2012) નિબંધકાર, વિવેચક, અનુવાદક અને સંપાદક તરીકે ગુજરાતી ભાષા સાહિત્યમાં મહત્ત્વનું પ્રદાન છે. ગુજરાતી સાહિત્યમાં કાકાસાહેબ કાલેલકર, સુરેશ જોશી અને દિગીશ મહેતાની જેમ નિબંધ સ્વરૂપમાં વિશિષ્ટ ખેડાણ કર્યું છે. ખાસ કરીને પ્રવાસ-યાત્રા લેખકમાં તેમનું મહત્ત્વનું પ્રદાન રહેલું છે. 'વિદિશા' પ્રવાસ નિબંધ સંગ્રહની ખૂબ જાણીતા થયેલા. તેમની પ્રદેશ યાત્રા સાથે સર્જકની સાહિત્યયાત્રા અને આંતરયાત્રા સતત ચાલતી રહેલી. તેમના સર્જનનું આ ત્રિપરિમાણી સૃષ્ટિનું નિર્માણ નિબંધનો વિશેષ બનીને પ્રગટે છે. ભોળાભાઈ પટેલનો જન્મ ગાંધીનગર જિલ્લાના સોજા ગામમાં થયો હતો. ગુજરાતી ભાષાના લેખક પણ મૂળ તો હિન્દી ભાષા સાહિત્યના અધ્યાપક તરીકે જીવન પર્યંત કાર્ય કર્યું છે.

તેમની પાસેથી પ્રવાસનિબંધ વિદિશા, પૂર્વોત્તર, રાધે તારા ડુંગરિયા પર, દેવાની ઘાટી, દેવાત્મા, હિમાલય, દશ્યાવલી, ચિત્રકૂટના ઘાટ પર, યુરોપ અનુભવે. તો લલિત નિબંધ વૃતે કાંચનજંઘા, શાલભંજિકા, બોલે ઝીણા મોર, ચૈતર ચમકે ચાંદની, તેષાં દિક્ષુ જેવા નિબંધ સંગ્રહો મળે છે.આ ઉપરાંત તેમણે અનુવાદ ક્ષેત્રે,વિવેચન ક્ષેત્રે પણ મહત્ત્વનું ખેડાણ કર્યું છે.

- **સ્વરૂપ પરિચય :**

પ્રસ્તુત નિબંધ 'વિદિશા' સંગ્રહમાંથી લેવામાં આવ્યો છે. આ નિબંધ પ્રવાસ સ્વરૂપનો છે. જેમાં પ્રવાસકથનની વિશિષ્ટ રીત જોવા મળે છે. આ નિબંધમાં નિબંધકાર પોતાની આગવી ભાષા સર્જે છે. આ નિબંધમાં સર્જકતા અનુભવ જગત જેટલું જ શબ્દભંડોળ પણ સમૃદ્ધ જણાય છે. ભાષાના કશાય વિશિષ્ટ વળગણો અલંકારો વગેરે લગાડ્યા વિના નિબંધકાર રસવાહી શૈલીનું નિર્માણ કરી શક્યા છે. જે સર્જક અને ભાવક વચ્ચેના અંતરને ઓગાળી દે છે. નિબંધકાર જાણ્યાને વ્યક્ત કર્યાનો આનંદ માણે છે. તેમની ભાષામાં સર્જકના પરિપક્વ અનુભૂતિનો રણકો સંભળાય છે. તેનાં વર્ણનો પણ ધ્યાનાકર્ષક બનીને પ્રગટે છે. જેમાંથી ઈતિહાસ, સંસ્કૃતિ, ભૌગોલિક સંદર્ભોની રમણીય સૃષ્ટિનો ચિતાર આલેખાયો છે. જે નિરૂપણની દષ્ટિએ મૂલ્યવાન બને છે. અહીં વિષયની શાસ્ત્રીય અને શિસ્તબદ્ધ રજૂઆત જોઈ શકાય છે. નિબંધનાં સ્વરૂપનાં લક્ષણોનો સંદર્ભ ક્યાંકને ક્યાંક ગદ્યના ખંડોમાં, વર્ણનોમાં, અલંકાર વૈભવ વગેરેમાં જેવા મળે છે.

**વિશેષ વાચન**

આ સંદર્ભમાં ભોળાભાઈ પટેલના 'વિદિશા' નિબંધસંગ્રહ અને તેમના અન્ય નિબંધસંગ્રહો વાંચવા જોઈએ.

● **ટિપ્પણ :**

હરમ (સ્ત્રી) લોંડી; દુર્ગ (પુ.) કિલ્લો; સ્મરણ (ન.) સ્મરવું તે, સ્મરણમાં આવે તે; અશ્વરોહી (વિ.) ઘોડેસવાર; અધ્વગળેદ (પું.) અધ્વા, રસ્તો અને મુસાફરીનો થાક; પાતુર (સ્ત્રી) ગણિકા, વેશ્યા; આરામગાહ (સ્ત્રી) આરામનું સ્થળ, કબર; ખંડિયેર (ન.) ભાંગીતૂટી ઈમારત; આફતાબ (પું.) (ફા.) સૂર્ય.

**લેખન :** ડૉ.ભરત ઠાકોર (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ

## એકમ 6

# વસંતની કવિતાનું શીર્ષક : પ્રેમ

- ગુણવંત શાહ

રૂપરેખા


6.1 ઉદ્દેશો

6.2 પ્રસ્તાવના

6.3 કૃતિ

6.4 કૃતિનો સારાંશ

6.5 કૃતિલક્ષી સઘન અધ્યયન

6.6 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

6.7 તમારી પ્રગતિ ચકાસો

6.8 લેખનપ્રવૃત્તિ

6.9 વિશેષ અધ્યયન


### 6.1 ઉદ્દેશો :

નિબંધના અભ્યાસથી–

- નિબંધકાર ગુણવંત શાહના ગદ્યનો પરિચય થશે.
- 'વસંત' વિષયક નિબંધમાં વ્યક્ત વિચાર વૈવિધ્યથી માહિતગાર થશો.
- સર્જનાત્મક નિબંધ શીર્ષકની મર્યાદાને અતિક્રમી જાય છે તેવો અનુભવ થશે.
- નિબંધમાં સ્વૈરવિહારને માણી શકશો.
- માણસ અને પ્રકૃત્તિ વચ્ચેના સંબંધની અનિવાર્યતા સમજાશે.
- ગુજરાતી નિબંધમાં વ્યક્ત થતી ગદ્યછટાઓ પરત્વે અભિમુખતા કેળવાશે.

### 6.2 પ્રસ્તાવના

'વસંતની કવિતાનું શીર્ષક : પ્રેમ' આ નિબંધ ગુણવંત શાહના નિબંધસંગ્રહ 'બત્રીસે કોઠે દીવા'માંથી લેવામાં આવ્યો છે. ગુણવંત શાહ ગુજરાતી નિબંધ સાહિત્યમાં તેમના આગવા શૈલીવિશેષના કારણે ઉલ્લેખનીય સ્થાન પામ્યા છે. વિષય શીર્ષકની મર્યાદામાં બંધાઈ રહેવાના બદલે તેમની સર્જકતા અનેકવિધ મુદ્દાઓ પર કલાત્મક રીતે વ્યક્ત થાય છે. કાવ્યાત્મક ગદ્ય તેમની વિશેષતા છે.

નિબંધ જેવા મુક્ત, સ્વૈરવિહારી સર્જનાત્મક ગદ્યમાં દરેક નિબંધકારના વ્યક્તિત્વની આગવી છટાઓ પ્રગટ થતી હોય છે. અત્રે સમાવિષ્ટ નિબંધમાં પણ સહજ રીતે વ્યક્ત થતા વિચાર અને કલ્પનાના વૈભવને માણી શકાશે. જીવન સાથેનો લય પ્રસ્થાપિત કરે તેવો પ્રકૃત્તિ સાથેનો માણસનો નાતો આ નિબંધના સર્જનાત્મક ગદ્યથી પ્રતીતિ યોગ્ય બને છે.

### 6.3 વસંતની કવિતાનું શીર્ષક : પ્રેમ

પ્રત્યેક પુષ્પને પોતાની માતૃભાષા હોય છે. જેને સુવાસ કહે છે. આ ભાષા શીખવી નથી પડતી. પુષ્પના અસ્તિત્વ સાથે એની સુવાસ આપોઆપ પ્રસરતી રહે છે. જે શીખવવી પડે એ અન્ય ભાષા હોઈ શકે, માતૃભાષા નહીં. સહજનો કિનારો છૂટી જાય ત્યારે માણસ કહે છે : મને મારી માતૃભાષામાં વિચારો વ્યક્ત કરવાનું નથી ફાવતું. આવું કહેનારનું સ્ટેટસ્ જ્યાં વધારે અંકાય તેવા સમાજને પોતાની ગુલામી જાળવી રાખવાનો અધિકાર છે.

જે માણસ સવારે સાવ સહજ રીતે ઊઠતો નથી, એ રાત્રે સહજ રીતે પથારી ભેગો થાય એ વાતમાં માલ ખરો ? મળસકે ઊઠવા માટે એલાર્મ મૂકવામાં આવે છે. આમ જાગૃતિની અત્યંત નાજુક ક્ષણને ઍલાર્મની ઘંટડીના અવાજમાં દૂધપીતી કરવામાં આવે છે. આવા માણસે પથારીમાં સૂઈ જતાં પહેલાં પણ ઍલાર્મની ઘંટડી વાગે એવી ગોઠવણ કરવી જોઈએ.

જીવનમાં ઍલાર્મ-કલ્ચર ઘૂસી ગયું છે. મોટો માણસ પોતાની પત્નીને પણ ઍપોઈન્મેન્ટ આપે એ સાવ અશક્ય નથી. નિશાળનો ઘંટ, ફૅક્ટરીની સાયરન, ટ્રેનની વ્હીસલ, નાટક શરૂ થાય તે પહેલાંની ત્રણ ઘટંડીઓ, નવા બહાર પડેલા શૅરના ઈસ્યુની છેલ્લી તારીખ, ટી.વી. પર ચાલતી સિરિયલનો સમય અને તેની શરૂઆતમાં સંભળાતું પરિચિત સંગીત પણ આપણા ઍલાર્મ-કલ્ચરની જ નીપજ ગણાય. બધું અમૂક સમય સુધીમાં પતાવી દેવાનું હોય છે.

થોડાક વખતથી હું વસંતની પ્રતીક્ષા કરી રહ્યો છું. પ્રતીક્ષા કરવા લાયક બાબતોની પ્રતીક્ષા કરવી એ મારી અત્યંત પ્રિય હૉબી છે. મારે મન પ્રતીક્ષા એ પણ પામવાની જ એક પ્રક્રિયા છે. સતત હું પ્રતીક્ષાના નશામાં રહેતો હોઉં છું. આજકાલ હું વસંતના નશામાં રહું છું.

સારું છે કે, આપણે વસંતની શરૂઆત પણ ઍલાર્મ વગાડીને કે સાયરન દ્વારા નથી કરતા. બાકી આપણે વસંતને પણ કૅલેન્ડરની બંદિની બનાવી દઈએ એટલા અશિક્ષિત છીએ. પ્રત્યેક ડાળીએ, કળીએ, પાંદડે અને પાંખડીએ કેટલાય દિવસો સુધી સૂરજ, પવન અને પરમેશ્વર મળીને ઝીણું ભરતકામ કરે ત્યાર પછી વસંતનું આગમન થતું હોય છે. જે માણસને વસંત આવે અને જાય એ વાતે કોઈ જ પજવણીનો અનુભવ નથી થતો, એ માણસ દુનિયાની બીજી બધી જ પજવણીઓનો ભોગ બનવા લાયક ગણાય.

લગ્ન થયા પહેલાં, જે પ્રિયતમા હતી તે એક ધમાલ-સમારંભ બાદ એકાએક પત્ની બની જાય છે. વળી થોડાક મહિનાઓમાં એ માતૃત્વ પણ પ્રાપ્ત કરે છે. આમ બને પછી એક સ્ત્રીમાં ત્રણ પાત્રો વસે છે - પ્રિયતમા, પત્ની અને માતા. આ જ રીતે પુરુષમાં પણ પ્રિયતમ, પતિ અને પિતા એમ ત્રણ પાત્રો વસે છે. ઘણાંખરાં ઉંમરલાયક યુગલો આ ત્રણ ભૂમિકાઓ ભજવતી વખતે પ્રિયતમ-પ્રિયતમાની ભૂમિકાને ન્યાય આપવાનું વિસારે પાડે છે. જાણે ગાડીના ગિયર બદલાય અને પહેલો ગિયર બદલાઈ જાય એવી આ બાબત નથી. માણસે આ ત્રણે ભૂમિકાઓ મરતાં સુધી માવજતપૂર્વક જાળવવી જોઈએ.

વસંતનું સર્જન આપણી અંદર રહેલ પ્રિયતમ કે પ્રિયતમાનું અકાળ અવસાન ન થાય તેટલા માટે જ થયું છે. જે પત્ની અકાળે વૃદ્ધ થઈને વ્યવહારુ બની જાય તે પોતાના પતિમાં રહેલા પ્રિયતમનો અનાદર કરે છે. આ જ પ્રમાણે કમાણી સિવાય બીજી બધી બાબતોને ગૌણ ગણીને ઘડપણ પ્રાપ્ત કર્યાનો ડોળ કરે તે પતિ પોતાની પત્નીમાં રહેલી પ્રિયતમાની અવગણના કરે છે. પછી બંને જણાં ક્યાંક બીજેથી પોતાની ખોવાયેલી વસંતઋતુ શોધી લે તેને સમાજના ડાહ્યા લોકો ઍડલ્ટરી, છિનાળું, કે વ્યભિચાર કહે છે.

સમાજની દૃષ્ટિએ તો ડાહ્યો માણસ તે, જે વસંતની છાનીછપની પજવણીથી મુક્ત હોય. ઘણી વાર બને છે એવું કે બહારથી ડાહ્યો જણાતો ઉંમરલાયક માણસ પણ અંદરથી છેક ડાહ્યો નથી હોતો. આવા માણસોએ પોતાના ખમીસની પાછળ એક ખોપરી અને બે હાડકાં સાથેની ચોકડીઓવાળું ચિત્ર છપાવીને મોટે અક્ષરેઃ ‘DANGER’ લખાવડાવવું જોઈએ. ખરેખર તો આવા માણસો કોઈ નિર્દોષ યુવતીની નજીક પહોંચે ત્યારે આપોઆપ ઍલાર્મની ઘંટડી રણકી ઊઠે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. વસંતના નશાથી વંચિત રહી ગયેલો ઘરડો માણસ વધારે ખતરનાક હોય છે.

પ્રત્યેક વસંત આપણને એક જ વાતની યાદ અપાવવા માટે આવે છે : અરે દોસ્ત ! એક જમાનામાં આપણેય વાસંતી નશામાં હતા ! આવ, મારી પાસે આવ અને ફરીથી એક વાર બધું ડહાપણ બાજુએ મેલીને ચાલ આપણે રંગોમાં ખોવાઈ જઈએ. જે આંબા માટે શક્ય છે તે આપણે માટે પણ શક્ય છે.

વસંતની કવિતાનું શીર્ષક ‘પ્રેમ’ જ હોઈ શકે.

\+ + + +

આજના ઉદ્વેગપ્રધાન સમાજનું એક અળવીતરું લક્ષણ એ છે કે એમાં બેબાકળા થવા માટે માણસે ઝાઝો પ્રયત્ન નથી કરવો પડતો. જે વ્યક્તિ પર દુઃખની ભેખડો સતત ધસી પડતી હોય તેને માટે રડવાનું. એવું સહજ બની જાય છે કે જાણે આંસુ આંખના ખૂણે ટાંપીને બેઠાં નહીં હોય ! ગળાડૂબ કામોમાં રોકાયેલા રહીનેય બેબાકળા બનવાનું ટાળવું, એ આજના જમાનાની સૌથી મોટી પ્રાપ્તિ ગણાય.

ગઈકાલે રાત્રે એક વિચિત્ર ઘટના બની. વસંતની રાત્રે કોયલના ટહુકાની જગ્યાએ મને કાગડાનો કોલાહલ સંભળાયો. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાએ, 'મધ્યરાત્રિએ કોયલ' કવિતા લખેલી. મને મારી યોગ્યતા પ્રમાણે મધ્યરાત્રિએ કાગડાનો ધ્વનિ સંભળાયો. મારા ઘરની પછીતે બેડરૂમની લગોલગ લીમડાનાં ત્રણ ઘટાદાર વૃક્ષો સાવ નજીક નજીક આવેલાં છે. માર બારીએથી દેખાતો આ લીલો વૈભવ એવો કે નીચેનાં થડ જોવા માટે ખાસ પ્રયત્ન કરવો પડે. આશરે સાડાબાર થયા હશે ત્યાં ફળિયામાં ક્યાંક ધડાકો થયો. આ ધડાકાનો અવાજ ફટાકડાનો હોય એવું ન લાગ્યું. જેવો ધડાકો થયો કે તરત જ લીમડાનાં વૃક્ષો પરથી કંઈ નહીં તો પચ્ચીસ-ત્રીસ કાગડા બેબાકળા બનીને આસપાસના અંધારામાં ઊડવા લાગ્યા. મારી પાડોશમાં માંડ પાંચ મીટરને અંતરે ડાળીઓ પર આટઆટલા કાગડા રાત્રે ઊંઘી જાય છે એનો ખ્યાલ જ મને તો આ પહેલાં નહોતો આવ્યો. એ ધડાકો બેબાકળાપણાનાં આંદોલનો વહેતાં મૂકીને સાવ ચૂપ થઈ ગયો, પણ આંદોલનોને શમતાં ખાસી વાર લાગી. ક્યારેક એવું લાગે છે કે આપણું સમગ્ર જીવન એટલે અસંખ્ય આંદોલનો (વાઈબ્રેશન્સ)ની અગમ્ય, અગોચર અને અનિર્દેશ્ય લીલા.

કાગડાઓ તરફથી જે થોડુંક બેબાકળાપણું મને મળ્યું તેને કારણે રાત્રે જોઈને તેવી ઊંઘ ન આવી. ચોવીસ કેરેટની ઊંઘમાં ઘાડવાના ઘીની સાત્ત્વિકતા હોય છે. આપણી ઊંઘ એટલે વેજિટેબલ ઘીની ચરબીમાં છુપાઈને બેઠેલું કોલેસ્ટોરેલ ! આમ સવાર ઊગી હોય તેય થોડીક વાસી લાગી. મારા ઘરની સામે એક એવું વૃક્ષ ઊભું છે, જેના નામની કોઈને પણ ખબર નથી. ચીકુ કરતાં બમણા કદનાં; પરંતુ એ જ રંગનાં જંગલી ફળ એના પર કાયમ લટકતાં હોય છે. વસંત બેઠી પછી ટહુકા શરૂ થયા ખરા; પણ હજી એ ટહુકા વારંવાર સાંભળવા મળે એવું નથી બન્યું. કોયલોની અરુણ-ટુકડી આવી પહોંચી છે, પરંતુ હજી ટહુકાનું સરઘસ આવવાનું બાકી છે એમ લાગે છે. ટહુકાને કાન દઈને સાંભળવા પડે એવા આ દિવસોમાં મારી સામેના વૃક્ષ પર આકાર લઈ રહેલી એક સંપૂર્ણ ક્રાંતિને હું મારી નવરાશની પળોમાં નીરખી રહું છું. પાંદડાં ખરી પડ્યાં છે. તેથી સાવ જ અનાવૃત બનીને એ વૃક્ષ ઊભું છે. પ્રત્યેક ડાળી-ડાખળી પર અસંખ્ય કૂંપળો ફૂટી છે. દર વર્ષના અવલોકનને આધારે કહી શકું કે, માંડ એક અઠવાડિયામાં તો આ બધી જ કૂંપળો પર આળસ મરડીને બેઠી થતી કોક પરીની માફક, પાંદડાંઓની શોભા પવનના પાલવમાં ફરફરવા લાગશે. એ પાંદડાંઓની લીલી નાજુકાઈ એટલે આ જગતમાં માંડ બચેલી સુંવાળી સંવેદનશીલતાનું મધુરું લઘુકાવ્ય. અત્યારે તો આ પર્ણગીતાના અણસારા ઝીલવામાં જ હું એટલો વ્યસ્ત છું કે, ભગવદ્‌ગીતા સાવ જ બાજુ પર રહી ગઈ છે.

પૂરા એક અઠવાડિયા પછી આ વૃક્ષની લીલો શણગાર જોવાની ઇચ્છા ધરાવનારને હું મારે ઘેર આવી પહોંચવાનું આમંત્રણ આપું છું. અત્યારે જે વૃક્ષ સાવ જ હાડપિંજર જેવું દેખાય છે, તેનો ઠસ્સો વસંતના વાઘા એ પહેરી લે પછી કેવું દેખાશે ! આવી પ્રતીક્ષામાં વીતેલી મારી ક્ષણો સાવ ખાનગીમાં વાસંતી બની રહે છે.

મારા હીંચકાની ડોલનશૈલી માણતી વખતે વાસંતી રાતનો ઉજાગરો પણ ગૌણ બની જાય છે અને બધું બસ ટહુકામય, મધુમય, જીવનમય બની રહે છે. વસંતના આવા મિજાજને સૂંઘતી વખતે કોઈને મૂડલેસ બનવાનો અધિકાર ખરો ? હા, પ્રિયજનનું સ્મિત આસપાસ અટવાતું ન હોય તો જ મૂડલેસ બનવાની છૂટ પ્રાપ્ત થાય; અન્યથા નહીં. આવી કોક વાસંતી ક્ષણે ઘરમાં વગરકહ્યે દાખલ થઈ ગયેલા એક ટહુકા પર હુંય પેલા શાયરની માફક સમરકંદબુખારા ન્યોછાવર કરી દેવા આતુર છું. ન્યોછાવર થવાની તક સૌના નસીબમાં નથી હોતી.

\+ + + +

હજી ઘણાંખરાં લોકોને તો ખ્યાલ પણ નથી આવ્યો કે વસંત આવી પહોંચી છે. એ દિવસે પણ બ્રાહ્મણવૃત્તિ ધરાવનારાઓ પોતાનાં થોથાં છોડીને પ્રત્યેક વૃક્ષ પર અંકિત થયેલી

પર્ણલિપિના મૂળાક્ષરો ઉકેલવા ન મથ્યા. વૈશ્યવૃત્તિમાં ડૂબેલા લોકોને કોઈ કંપનીએ બહાર પાડેલા શૅરના નવા ઈસ્યુની ખબર પડે, પરંતુ વસંત જે નવાં પ્રવર્તનો વહેતાં મૂકે તેનો અણસાર સુધ્ધાં એમને ન આવે. કેસૂડાંની રંગછટા નજરે પડે તોય એને પાંચ મિનિટ ઊભાં રહીને નીરખી લેવાની નવરાશ ન હોય એવા સમાજને લોકો ઔદ્યોગિક સમાજ કહે છે. હજારો માઈલનું અંતર કાપીને ઋતુનો પહેલો ટહુકો હવે ગમે ત્યારે આવી પહોંચશે. મૅરથન (લાંબી) દોડમાં પ્રથમ ક્રમે આવનારને આવકારવામાં વ્યક્ત થતો ઉમળકો ઋતુના પહેલા ટહુકા માટે ન બતાવે એવી પ્રજાને ગરીબ અને દુઃખી રહેવાનો હક છે.

કોયલની વરણાગીનો પાર નથી. વસંતથી ઊતરતી કે ચઢિયાતી કોઈ ઋતુ એને મંજૂર નથી. એ જ્યાં પણ જાય, પોતાની સાથે વસંત લેતી જાય છે. ટહુકા અને વાયરાનું યુગલગાન વગડામાં સતત ચાલતું રહે ત્યારે પ્રત્યેક પાંદડું થનગની ઊઠે છે. જે માણસ થનગની ઊઠવાની ક્ષમતા ગુમાવી બેસે એને મન સંત શું અને વસંત શું ? આવો માણસ કથામાં જાય તે એટલા માટે કે નવા લોકોનો સંપર્ક (કૉન્ટેક્ટ) થાય અને વગડામાં જાય તે એટલા માટે કે, હરરાજી થાય ત્યારે લાકડું સસ્તું પડે. આવા મામસને લાકડું કહી શકાય. કદાચ આવા ભીનાશ વગરના, અકવેદ્ય માણસને જ આપણે ત્યાં 'ગાંગડુ' કહે છે.

ગાંગડુ માણસની પત્ની થવા કરતાં તો રસિકજનની વિધવા થવું સારું ? વસંતઋતુમાં જેના અસ્તિત્વને એકાદ કૂંપળ પણ ન ફૂટે તેવી વ્યક્તિ સાથે છૂટાછેડા લેનાર જીવનસાથીનું જાહેર સન્માન થવું જોઈએ. ઘંટીનું પડિયું ગળે વળગાડીને ફરતા રહેનારા આદમીને વસંતમાં પોતાનો બોજ વધારે સાલે છે. અણગમતા જીવનસાથીનો અસહ્ય ભાર ઉપાડીને જીવન વેંઢાયેં જતી વ્યક્તિને કોઈ વેઈટલિફ્ટિંગ ચૅમ્પિયન નથી કહેતું. આવી વ્યક્તિને 'બીસ્ટ ઑફ બર્ડન' કહેવાનો રિવાજ પણ નથી. ક્રૂર પતિને કે કજિયાખોર પત્નીને ખલપાત્ર ગણવાનું આપણે ત્યાં શક્ય નથી. લોહી નીગળતું ન હોય એવા કોઈ જખમને આ સમાજમાં જખમ તરીકેની માન્યતા મળતી નથી. વફાદારીને નામે આ દેશના લાખો લોકો મૂઢ માર સહન કરતા જ રહે છે. વસંત આવા લોકોને ખૂબ જ વસમી લાગતી હોય છે. ઘાયલ હૃદયના દર્દમંદ શાયરની એકાદ પંક્તિ આવા લોકોની આંખોને અશ્રુભીની બનાવી મૂકે છે. મહેફિલમાં વિરહવેદનાને વ્યક્ત કરતી પંક્તિઓ સાથે સંભળાતા 'બહોત ખૂબ' અને 'દુબારા'ના અવાજો વચ્ચે ક્યારેક એકાદ જખમી શ્રોતાની આંખને ખૂણે આવીને અટકી ગયેલા અશ્રુબિંદુને જોવાની ત્રેવડ આપણામાં નથી હોતી. એ અશ્રુબિંદુમાં જનમોજનમની વ્યથાનો ચળકાટ હોય છે અને લંબાયે જતા જીવતરની ખારાશ હોય છે. પાસે જ બેઠેલ પતિ કે પત્નીને પાડોશમાં રચાઈ રહેલી આવા ક્ષણતીર્થનો ખ્યાલ પણ નથી આવતો. તાળીઓના ગડગડાટમાં વસંતની નજાકતને ઘોળીને પી જવાની તાકાત રહેલી હોય છે.

કૃષ્ણ અને ગોપીઓ વચ્ચેની પ્રેમસગાઈ અંગે સ્વામી વિવેકાનંદના વિચારો થોડા વખત પર વાંચવા મળ્યા. વસંતઋતુ સાથે કોણ જાણે કેમ પણ છેક વિશ્વામિત્ર-મેનકાના સમયથી કામદેવ જોડાઈ ગયો છે. સ્વામી વિવેકાનંદ કૃષ્ણ અને ગોપીઓ વચ્ચેની લીલાને સાવ અનોખી દૃષ્ટિએ મૂલવે છે. તેઓ સને 1897માં કલકત્તામાં હતા ત્યારે આલમ બજારમાં આવેલા શ્રીરામકૃષ્ણ મઠના મકાનમાં રહ્યા. એ ટૂંકા ગાળામાં એમણે ગીતા અને વેદાન્તના વર્ગો શરૂ કર્યા અને બંગાળીમાં વાર્તાલાપ આપ્યો. એમણે ગોપીઓ તથા કૃષ્ણનો મહિમા કરતાં કહેલું :

''ગોપીઓના પ્રેમને સમજવાનું ઘણું મુશ્કેલ છે. ગોપીઓના પ્રેમનું વર્ણન કરનાર બીજું કોઈ નહીં; પણ શુકદેવ પોતે છે. ગોપીઓના આ અદ્ભુત પ્રેમની નોંધ કરનાર ઇતિહાસકાર છે; આજન્મ પવિત્ર, સદા શુદ્ધ, વ્યાસપુત્ર શુકદેવ. એ પ્રેમ એટલો બધો પવિત્ર છે કે સર્વસ્વનો ત્યાગ કર્યા સિવાય એ અંગે વિચાર સરખોય કરી શકાય તેમ નથી. એ પ્રેમ એટલો દિવ્ય છે કે આત્મા સંપૂર્ણ શુદ્ધ થાય નહીં, ત્યાં સુધી એને સમજી શકાય તેમ નથી. કૃષ્ણાવતારનું આ તો ખરું રહસ્ય છે. ખુદ ગીતા જેવો મહાન તત્ત્વગ્રંથ પણ એ ઉન્માદની સાથે સરખાવી શકાય તેવો નથી. એમાં સર્વ કાંઈનું વિસ્મરણ છે; એમાં પ્રેમીને કેવળ કૃષ્ણ અને કૃષ્ણ વિના બીજું કંઈ જગતમાં દેખાતું નથી.''

વસંત ઋતુ, કૃષ્ણના સ્મરણ માટેનું નિમિત્ત પૂરું પાડનારી ઋતુ છે. કૃષ્ણ આખરે તો પ્રેમદેવતા એટલે કે સાક્ષાત્ પ્રેમસ્વરૂપ પરમેશ્વર હતા ને ! વસંતમાં પણ જો આપણને કામદેવતા અને પ્રેમદેવતા વચ્ચેનો સુક્ષ્મ ભેદ ન સમજાય તો સમજવું કે આપણે હજી 'ગાંગડું' જ છીએ !

+ + + +

આજે વસંતપંચમી છે. માણસની લાગણીઓનું બેસતું વર્ષ એટલે વસંતપંચમી. આજે પવન કાનમાં કશુંક કહી ગયો તે સાવ ખાનગી સંદેશો સૌને કહી દેવાની ઇચ્છા એટલી તીવ્ર છે કે, બધું કહી દેવાથી છાપ બગડશે, એ વાત પણ ધ્યાન બહાર રહી જાય એવો સંભવ છે.

કાલિદાસે ક્યાંક હરણની ગતિનું કાવ્યાત્મક ચિત્ર આ પ્રમાણે દોર્યું છે. હરણ ચારે પગે હરણફાળ ભરે ત્યારે એના પગ ધરતી પર રહે તેના કરતાં અધ્ધર અવકાશમાં વધારે રહે છે. આજે મારી દશા લગભગ આવી જ છે.

આજે કેસૂડાંનો રંગ મારા હૃદયમાં ઠલવાયો છે. આજે મારા રોમરોમને ટહુકા ફૂટ્યા છે. આમ્રમંજરીને હળવેકથી અડપલું કરીને ચાલી જતો પવન આજે મારા મનને ખૂણેખાંચરે ફરી વળ્યો છે. આજના પવનનો મિજાજ કંઈ ઓર છે. એના સ્વભાવમાં આજે ઠંડી નહીં, પણ શીતળતા વરતાય છે; ગરમી નહીં હૂંફ વરતાય છે. માણસ ઠંડી અને ગરમીથી કંટાળે છે; પરંતુ એને શીતળતા અને હુંફ ગમે છે. ઋતુ જ્યારે ભગવાન બુદ્ધના મધ્યમ માર્ગને સમજવાનો પ્રયત્ન કરે ત્યારે વસંતપંચમીને દિવસે હોય એવું હવામાન માણસને મળે છે. હજી કોયલનું આગમન નથી થયું.હજી મંજરિયાળા આંબે મરવા નથી બેઠા. હજી તો પ્રસ્તાવના લખાઈ રહી છે. યુનિવર્સિટી તરફ જતા ઉધના-મગદલ્લા માર્ગની બંને બાજુએ કેસૂડાં ઝૂકી પડ્યાં છે. આ રસ્તા પર હજી થોડોક વગડો બચ્યો છે. જોકે સિમેન્ટના આક્રમણને કારણે એના શ્વાસ ખૂટવા આવ્યા છે. શહેરની સૌથી નજીક આવેલાં આ કેસૂડાંનો ઠસ્સો જોવા માટે કોઈ નવરું છે ખરું ?

પ્રત્યેક માણસના જીવનમાં, 'એક ચાદર મૈલી સી' સાચવીને બેઠેલો ખૂણો હોય છે. બ્રહ્માંડમા ંજ્યાં જુઓ ત્યાં બધું ગોળાકાર જણાય છે. અવકાશ સ્વભાવે ખૂણામુક્ત છે. પાણી પોતે નિરાકાર છે; પરંતુ જે પાત્રમાં એ ભરાય તે પાત્રનું મન જાળવી લેતું હોય છે. વાયુતત્ત્વ કાયમ અવકાશનું અનુયાયી બનીને વિચરતું-વિસ્તરતું રહે છે, એટલે ખૂણાવૃત્તિનો પ્રશ્ન જ નથી રહેતો. પ્રકાશ સ્વભાવે સર્વદેશીય છે. નાનીશી જ્યોતનો પ્રકાશ પણ ચોમેર ફેલાય છે. પૃથ્વી મૂળે ગોળ છે તોપણ પૃથ્વીતત્ત્વ સાવ ખૂણામુક્ત નથી. જે માણસમાં ઋજુતા નથી હોતી એની અણિયાળી લાક્ષણિકતાને અંગ્રેજીમાં 'angularity' કહે છે. જીવનમાં લયપ્રાપ્તિ માટે મથનારે પોતાના અસ્તિત્વને ખૂણામુક્ત બનાવવા માટે સાધના કરવી રહી.

જીવનમાં નવાનવા ખૂણા ન સર્જાય અને જૂના ખૂણા બુઠ્ઠા થતા જાય એ માટેની શરૂઆત વસંતપંચમીને દિવસે થવી જોઈએ. બધા ખૂણાઓને પ્રેમરસાયણમાં ઓગાળી દેવા માટે આજનો દિવસ સર્જાયો છે. અણિયાળા પૂર્વગ્રહો માણસને સદીઓથી પજવતા આવ્યા છે. કેટલાંક ઘરોમાં કજિયાબેગમનો કારભાર હોય છે, તો વળી કેટલાંક ઘરોમાં કંકાસપ્રસાદ ઝઘડાશંકર ઉચાટવાલાનો ત્રાસવાદ ઘરને પજવતો રહે છે. વસંતપંચમીને દિવસે આવાં કજોડાં છૂટાછેડા લઈ શકે તો તેમ, નહીં તો બંને જણાં વગડામાં ફરવા નીકળી પડે તોય કદાચ બાજી સુધરી જાય એમ બને.

મીઠાઈ ખાઈને ઓચાઈ ગયેલા અને ખાટું ખાઈને (દાંત) ખટાઈ ગયાનો અનુભવ કરનારા માણસે ખટમધુરી કેરીનો સ્વાદિષ્ટ સમન્વય માણ્યો. વસંત એ આમ સમન્વયનો ઉત્સવ છે. તથાગતનો મધ્યમ માર્ગ બે વેપારીઓ ભાવતાલને અંતે વચલો માર્ગ કાઢે તેવા ઉકેલનો માર્ગન થી. એનો ખરો સંબંધ સમન્વય સાથે છે. પ્રસન્નતા વગરની સ્થિતપ્રજ્ઞતા કૃષ્ણને મંજૂર નથી. માણસે વૈરાગ્યની શુષ્કતાથી અને આસક્તિની ચીકણી સ્નિગ્ધતાથી બચવાનું છે. પ્રેમ વગર એ શક્ય નથી. લાગણીની નદીઓ પ્રેમના સાગરમાં વિલીન થાય ત્યારે જ સાર્થકતા અનુભવે છે. વસંતમાં પ્રત્યેક પાંદડા તરફથી માણસને જે સંદેશો પવન દ્વારા પ્રાપ્ત થાય તે શીતળ છે અને હૂંફાળો છે. એ થથરાવતો નથી અને પ્રજાળતો પણ નથી.

પ્રકૃત્તિ આપણામાં પ્રસન્નતા રેડે છે. આપણે પણ આપણી પ્રસન્નતાને પ્રકૃતિના કણકણમાં વેરવી જોઈએ. વસંતનો વાયરો જેને પ્રસન્નતાથી ભરી ન દે, તેવા માણસે પરણવાનું ટાળવું જોઈએ.

પોતાની સાથે પરાણે પોતાના જીવનસાથીને ક્ષણની શૂળી પર ચડાવી દેવાનો દંડ કોઈ સ્ત્રી કે પુરુષને ન થઈ શકે. આ પણ એક પ્રકારની સતીપ્રથા જ ગણાય, જેને ભોગ પુરુષ પણ બની શકે છે.

પંડિતોએ પોતાની પંડિતાઈના બોજથી છૂટવાનું છે. આપણે ત્યાં પંડિતાઈ સાથે ગંભીરતા એવી તો જડાઈ ગઈ છે કે, ગંભીર માણસ ક્યારેક અમથો પંડિતમાં ખપી જાય છે. ગાંધીજી ધરાઈને હસી શકતા અને પોતાના પર થતી મજાકને માણી શકતા હતા. ગાંધીવાદીઓ ગાંધી જેટલા હળવા નથી હોતા. વસંતપંચમીને દિવસે સૌ ભારેખમ માણસોને હળવી ટપલી મારીને પવન કહે છે : 'આજે સંતપંચમી નથી, વસંતપંચમી છે.' વળી અપ્રસન્ન સંતને સંત કહેવાનું ફરજિયાત થોડું છે? હળવાશને આથો ચડે ત્યારે પ્રસન્નતા પ્રગટતી હોય છે. વસંતપંચમી એટલે પ્રસન્નપંચમી.

**- ગુણવંત શાહ**

### 6.4 કૃતિનો સારાંશ :

'વસંતની કવિતાનું શીર્ષક : પ્રેમ' નિબંધમાં સહજ જીવનનો મહિમા છે. પ્રકૃત્તિપ્રેમની ગદ્યકવિતા જેવો આ નિબંધ જીવનને આંતરસમૃદ્ધ કરવાની ભાવદીક્ષાનું રમણીય પ્રકરણ છે. સમયના બંધનમાં કેદ થઈ ગયેલી મનુષ્યની દિનચર્યાને ઢંઢોળવાની વાત આ નિબંધમાં છે. વસંતઋતુ આવે અને જતી રહે છતાં માણસની દિનચર્યા કે જીવનચર્યામાં કોઈ ફરક ના પડે તો માણસ જીવતો નથી પણ માત્ર જીવન પસાર કરે છે. યાંત્રિક રીતે, રેઢિયાળપણે જીવતા માણસને જોઈ સર્જકના ચિત્તને જે ખલેલ પહોંચે છે તે વિચારોનો મુક્ત, સ્વૈરવિહાર આ નિબંધમાં વ્યક્ત થયો છે.

આધુનિક માનવ સભ્યતામાં વસ્તુઓનું સુખ વધ્યું છે પણ શાંતિ હણાઈ ગઈ છે. તનાવમુક્ત જીવન જીવવાની જડીબુટ્ટિ જેવા આ નિબંધની દરેક પંક્તિ જડ થઈને જીવતા દરેક માણસને જગાડે છે. ઘરમાં રહેલું ફર્નિચર હોય કે જીવનસાથી, વસ્તુ અને વ્યક્તિ બન્ને સાથેનો સંવેદનશૂન્ય પ્રતિભાવ કે સંપર્ક આજના માણસની ખૂબ સ્વાભાવિક બની ગયેલી જીવનશૈલી છે. સહજીવનને માણવાના બદલે વેંઢારતા લોકોએ આ નિબંધ ખાસ વાંચવો જોઈએ.

વસંતઋતુનું આગમન જીવંત માણસના અસ્તિત્વને સ્પર્શે છે. જીવંતતા અને રસિકતા માણસ સાથે અનિવાર્યપણે વણાયેલી ભાવસ્થિતિ છે. રસરાજ કૃષ્ણના જીવનને સમજવાનું, પ્રમાણવાનું વસંતઋતુમાં સહજ બને છે. જીવન અને અધ્યાત્મની રમણીયતા અને સમાધી અવસ્થાની સંભાવના; બન્નેનો મર્મ આ નિબંધને યાદગાર બનાવે છે.

### 6.5 કૃતિલક્ષી સઘન અધ્યયન :

સર્જક ગુણવંત શાહના આ નિબંધનું શીર્ષક છે : 'વસંતની કવિતાનું શીર્ષક : પ્રેમ' સર્જનાત્મક નિબંધમાં ભાષાનો લય, કલ્પનાનો વૈભવ અને વિચારનું માધુર્ય અહીં સઘન રીતે અનુભવાય છે.

**સહજતાનો આનંદ :** આધુનિક જમાનામાં માણસ સહજતા ગુમાવતો જાય છે. પ્રત્યેક પુષ્પને પોતાની માતૃભાષા હોય છે.' જેવા સર્જનાત્મક વિધાનથી આ નિબંધની શરૂઆત થઈ છે. પુષ્પ નિમિત્તે લેખક સહજતાનો આદર કરે છે. કોઈ પણ મનુષ્યમાં સહજતા જાળવવામાં માતૃભાષા ઘણી સાર્થક નીવડે છે. માતૃભાષામાં નબળો હોય તેવો માણસ પોતાની આ નબળાઈ બદલ ગૌરવ અનુભવતો હોય એવું ઘણી વાર જોવા મળે છે. આપણે ત્યાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ પોતાની માતૃભાષા 'ગુજરાતી' નથી આવડતી તેવું કહેવામાં ભોંઠપ અનુભવતા નથી પણ મોટેભાગે તો 'સ્ટેટ્સ' માટે અનિવાર્ય ગણે છે. માતૃભાષા વિષયક અજ્ઞાનતા કે અણ આવડતના કારણે સ્ટેટસ કે ઓળખ વધુ ગૌરવ પામે એવી વૈચારિક દારિદ્રતા પરત્વે લેખક ભાવકનું ધ્યાન દોરે છે. માતૃભાષા વિષયક અસ્મિતા કે ગૌરવનો લોપ થાય કે લોપ કરનાર વ્યક્તિને પોતાની ગુલામી જાળવી રાખવાનો અધિકાર છે. માતૃભાષા દરેક મનુષ્યની સહજતાને જાળવી રાખે છે. દરેક વ્યક્તિ માતૃભાષામાં વ્યક્ત થતી વખતે સહજતા અનુભવી શકે છે. અસહજ થઈને જીવતો માણસ જ માતૃભાષાનો અનાદર કરે છે.

માણસને સવારે જાગવા માટે પણ એલાર્મની જરૂર પડે છે. જાગવું-હરવું-ફરવું અને સૂઈ જવું; સમગ્ર દિનચર્યામાં સહજતાની બાદબાકી થાય માણસ જેવો માણસ એલાર્મના હવાલે થતો જાય છે. જીવનમાં ઘૂસેલા એલાર્મ કલ્ચરને વિશે વેધકતાથી વાત કરતા સર્જક મનુષ્યના જીવનમાં પ્રવેશી ગયેલી યાંત્રિકતા વિશે ધ્યાન દોરે છે. યાંત્રિકતાના કારણે સહજતા ખોરવાય છે.

**વસંત પ્રીતિ :** 'થોડાક વખતથી હું વસંતની પ્રતીક્ષા કરી રહ્યો છું.' એમ કહીને સર્જક, 'પ્રતીક્ષા એ પણ પામવાની જ એક પ્રક્રિયા છે.' જણાવે છે ત્યારે પ્રક્રિયા કહો કે પ્રાપ્તિ માટેના પ્રવાસનો આનંદ સહજ રીતે સૂચવાય છે. વસંતનું આગમન થાય એટલે કુદરતની સમગ્રલક્ષી સક્રિયતાનો અનુભવ થાય. સૂરજ, પવન અને પરમેશ્વરની ત્રિવિધ સક્રિયતાથી વસંતનું આગમન થાય છે એમ જણાવતા સર્જકની સહૃદય ચિંતનશીલતાનો ભાવકને પરિચય થાય છે.

વસંત આવે અને જાય તેની આપણું અસ્તિત્વ નોંધ લેતું નથી. રોજબરોજની દોડધામમાં માણસ પ્રકૃત્તિથી વિમુખ બને કે રોમાંચ ગુમાવે ત્યારે જીવન આનંદની બાદબાકી થઈ જાય છે. સર્જકની વસંતપ્રીતિ જીવનચર્યાને રોમહર્ષક બનાવનારી છે.

પ્રકૃત્તિની વાત કરતાં કરતાં નિબંધકાર જીવનના વ્યવહારિકપણાને પણ વાસંતી સ્પર્શ દ્વારા જીવંત બનાવે છે. દામ્પત્યજીવનમાં વર્ષો વીતે તેમ કંટાળો પ્રવેશે તેનું કારણ પણ વસંત પ્રત્યેની વિમુખતામાં પડેલું જણાય છે. એટલે જ સર્જક નોંધે છે, ''વસંતનું સર્જન આપણી અંદર રહેલ પ્રિયતમ કે પ્રિયતમાનું અકાળ અવસાન ન થાય તેટલા માટે જ થયું છે.''

વસંતનો મહિમા એટલે જીવનનો મહિમા. સર્જક આ નિબંધમાં સહજ જીવન, પ્રેમમય સહજીવન માટે વસંત પ્રત્યેના તેમના અનુરાગને વ્યક્ત કરે છે. ''વસંતના નશાથી વંચિત રહી ગયેલો ઘરડો માણસ વધારે ખતરનાક હોય છે.'' વસંતના આગમનથી રોમાંચિત થતા મનુષ્યની વૃત્તિઓ નિર્મળ હોવાની સંભાવના તરફ સર્જકે સંકેત કર્યો છે. જીવનની વ્યવહારુ કે લૌકિક ગણતરીઓ અને ગડમથલ માટે વ્યસ્ત રહેનાર માણસ વસંતથી વિમુખ રહે છે. વસંતઋતુને માણવાની સહજતા હોય તેવા માણસનો સર્જકે આગવો મહિમા કર્યો છે. દામ્પત્યજીવનની વિષમતાઓના મૂળમાં પણ વસંત જેવી ઋતુ સાથે નાતો ગુમાવી ચુકેલા માણસનો સંતાપ જ હોય છે.

કૃષ્ણ વિશે ગુણવંત શાહે આવેલા અભ્યાસમૂલક ચિંતનના ગ્રંથો પણ ગુજરાતી ભાષામાં પ્રગટ થયા છે. આ નિબંધમાં ''વસંતઋતુ કૃષ્ણના સ્મરણ માટેનું નિમિત્ત પૂરું પાડનારી ઋતુ છે.'' એમ કહી કૃષ્ણપ્રીતિનો તથા વસંતપ્રીતિની સઘનતાનો પરિચય આપે છે.

આધુનિક સભ્યતા અને અરાજકતાપૂર્ણ જીવનશૈલીમાં વસંતનો કહો કે પ્રકૃત્તિનો વૈભવ માણવાનું ચૂકી જનાર માણસની સમીક્ષા અહીં કલાત્મક રીતે થઈ છે. પ્રકૃત્તિ સાથે નાતો ધરાવનાર વ્યક્તિનું દામ્પત્યજીવન, આહાર-વિહાર આર્થિક પ્રવૃત્તિ એમ જીવનના વિવિધ પ્રવૃત્તિક્ષેત્રમાં અન્યથી નોખા-અનોખા હોવાનું પામી શકાય છે. પ્રમાણી શકાય છે. વસંત માણસના જીવનમાં હળવાશ, નિરાંત, જીવંતતા, અને રોમાંચ લાવે છે. જે વ્યક્તિ પાસે જીવન ઉત્સવ છે એવી સમજ છે તેમના માટે આ નિબંધ જીવનપ્રેમની કવિતા છે.

### 6.6 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

ગુણવંત શાહના આ નિબંધમાં ગુજરાતી ગદ્યનો રોમાંચ અનુભવાય છે. વસંતનો ઋતુ તરીકે મહિમા કરનાર સર્જક વસંતપ્રીતિને જીવનપ્રીતિ સાથે સાંકળે છે ત્યારે ભાષાની રમણીયતાનાં અનેકવિધ ઉદાહરણ સાંપડે છે :

(1) સમાજની દૃષ્ટિએ તો ડાહ્યો માણસ તે, જે વસંતની છાનીછપની પજવણીથી મુક્ત હોય.
(2) આજના ઉદ્વેગ પ્રધાન સમાજનું એક અળવીતરું લક્ષણ એ છે કે એમાં બેબાકળા થવા માટે માણસે ઝગડો પ્રયત્ન નથી કરવો પડતો.
(3) વસંતઋતુમાં જેના અસ્તિત્વને એકાદ કૂંપળ પણ ન ફૂટે તેવી વ્યક્તિ સાથે છૂટાછેડા લેનાર જીવનસાથીનું જાહેર સન્માન થવું જોઈએ.
(4) વસંતનો વાયરો જેને પ્રસન્નતાથી ભરી ન દે, તેવા માણસે પરણવાનું ટાળવું જોઈએ.
(5) માણસની લાગણીનું બેસતું વર્ષ એટલે વસંતપંચમી.

### 6.7 તમારી પ્રગતિ ચકાસો :

(1) 'વસંતની કવિતાનું શીર્ષક : પ્રેમ' - નિબંધના આધારે સર્જકની વસંતપ્રીતિ વિશે વિસ્તારથી લખો.

(2) 'વસંતની કવિતાનું શીર્ષક : પ્રેમ' - નિબંધમાં માનવસંબંધોમાં સહજતાના મહત્ત્વ વિશે સર્જકે કઈ રીતે નિરૂપણ કર્યું છે. તે જણાવો.
(3) 'વસંતનો વાયરો જેને પ્રસન્નતાથી ભરી ન દે, તેવા માણસે પરણવાનું ટાળવું જોઈએ.' સર્જકના નિબંધમાં આવતા આ વિધાનનો મર્મ સમજાવો.
(4) આ નિબંધની કોઈપણ એક વિચારકણિકા વિસ્તારથી સમજાવો.
(5) લેખકના મત મુજબ પ્રત્યેક વસંત આપણને કઈ વાતની યાદ અપાવે છે ?

**6.8 લેખનપ્રવૃત્તિ :**

(1) ગુણવંત શાહનો નિબંધ સંગ્રહ 'બત્રીસે કોઠે દીવા' વાંચો.
(2) 'મારી પ્રિય ઋતુ' વિષય પર નિબંધ લખો.
(3) 'પ્રકૃત્તિનો સ્પર્શ ગુમાવી ચુકેલા નગરજીવનનાં એક માણસની જીવનચર્યા' - આ વિષય પર તમારી કલ્પના મુજબ લખો.

**6.9 વિશેષ અધ્યયન :**

**સર્જક પરિચય :** ગુણવંત શાહ (12-3-1937) ગુણવંત શાહનો જન્મ રાંદેર (સુરત)માં થયો છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સુરતમાં મેળવ્યા બાદ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી રસાયણશાસ્ત્ર વિષય સાથે બી.એસસી. થઈ એમ.એ., એમ.એડ અને પીએચ.ડી. સુધીની પદવીઓ પ્રાપ્ત કરી. પ્રારંભે મ.સ.યુનિ. વડોદરા ખાતે રીડર તરીકે 1960થી 1972 સુધી સેવાઓ આપી. દરમિયાન 1967-68માં અમેરિકાની મિશિગન યુનિવર્સિટીમાં મુલાકાતી પ્રાધ્યાપક, મદ્રાસમાં શિક્ષણ વિભાગમાં અધ્યક્ષ, 1973-74માં એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઈમાં વિભાગીય અધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળી. 1974થી દક્ષિણ ગુજરાત યુનિ.માં શિક્ષણ વિભાગમાં જોડાયા અને 1987માં સ્વૈચ્છિક નિવૃત્ત લીધી. 1987થી મરજીમુજબ જીવવાના દૃઢનિશ્ચયના પરિણામ સ્વરૂપે વડોદરામાં સ્થાયી આ સર્જકે અખબારી લેખન દ્વારા લોકો સાથે સીધો સંવાદ સાધ્યો છે.

મુખ્યત્વે નિબંધકાર તરીકે ઓળખાતા આ સર્જકે રામાયણ, મહાભારત જેવાં મહાકાવ્યોના બૃહદ્ ભાષ્યની રચના કરી છે. રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ગાંધી, અરવિંદ અને સરદાર જેવા મહાનાયકો વિશે તેમણે અવિરત અભ્યાસ કરીને મૂલ્યવાન ગ્રંથો આપ્યા છે.

1977માં તેમને પ્રથમ નિબંધસંગ્રહ 'કાર્ડિયોગ્રામ' પ્રગટ થયો. સોળ જેટલા નિબંધ સંગ્રહોમાં તેમના વિપુલ નિબંધસર્જનનો પરિચય થાય છે. 'વિચારોના વૃન્દાવનમાં' કૉલમથી સુખ્યાત આ સર્જકના દરેક નિબંધ સંગ્રહની એકાધિક આવૃત્તિઓ થઈ છે.

ગુણવંત શાહે, 'રજકણ સૂરજ થવાને સમણે', 'મોટેલ', 'પવનનું ઘર' જેવી નવલકથાઓ પણ આપી છે. 'બિલ્લો ટિલ્લો ટચ' તથા 'જાત ભણીની જાત્રા' - બન્ને પુસ્તકો તેમની આત્મકથાનાં પુસ્તકો છે. પ્રવાસ સાહિત્ય તથા પત્ર સાહિત્યમાં પણ તેમનું પ્રદાન વ્યાપક સ્વીકૃતિ પામ્યું છે.

ગુણવંત શાહની સર્વાશ્લેષી ચેતના અને સર્વતોમુખી પ્રતિભાનો પુરસ્કાર અનેકવિધ બાબતોમાં થયો છે. 'રણજિતરામ સુવર્ણચંદ્રક (1997), નર્મદ ચંદ્રક (1998), વીર નર્મદ પારિતોષિક (2013), 'દર્શક ઍવોર્ડ' તથા ગુજરાત સરકાર દ્વારા તેમને 2016માં સાહિત્ય રત્ન એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા તેમને 'પદ્મશ્રી'થી પુરસ્કૃત પણ કરવામાં આવ્યા છે.

આમ, ગુજરાતી નિબંધ સાહિત્ય ઉપરાંત ચિંતનાત્મક સાહિત્યમાં તેમનું પ્રદાન લોકો દ્વારા ઘણી સ્વીકૃતિ પામ્યું છે. લલિત નિબંધ ક્ષેત્રે ઉમદા પ્રદાન આપનાર ગુણવંત શાહ લોકપ્રિય વક્તા હોવાની સાથે પ્રથમ પંક્તિના સર્જક તરીકે વ્યાપક લોકાદર પામ્યા છે.

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

## એકમ 7

# કાનજી

- ગણેશ વાસુદેવ માવળંકર

રૂપરેખા


7.1 ઉદ્દેશો

7.2 પ્રસ્તાવના

7.3 કૃતિ

7.4 કૃતિ સારાંશ

7.5 કૃતિલક્ષી સઘન અધ્યયન

7.6 તમારી કસોટી ચકાસો

7.7 વિશેષ અધ્યયન


### 7.1 ઉદ્દેશો

આ પ્રસંગકથાના અભ્યાસ દ્વારા તમે-

- ગણેશ વાસુદેવ માવળંકરના લેખન-વ્યક્તિત્વથી પરિચિત થશો.
- સત્ય ઘટના આધારિત પ્રસંગના લેખનની સરળતા સમજી શકશો. માણી શકશો.
- સત્યના માર્ગે ચાલવાના કારણે મળતી નિરાંતનું મૂલ્ય સમજી શકાશે.
- ઉશ્કેરાટમાં આવીને સર્જાયેલી દુર્ઘટના વિશે જાણીને, મનન કરીને માનવ વર્તનની ભૂમિકા સમજી શકશો.
- દાદાસાહેબ માવળંકર દ્વારા જેલમાં કેદી સુધારણા પ્રવૃત્તિનો અંદાજ આવી શકશે.
- દાદાસાહેબ અને કાનજી વચ્ચેના સંવાદના આધારે પ્રસંગની તાદૃશ્યતા માણી શકાશે.

### 7.2 પ્રસ્તાવના

આ કૃતિ 'કાનજી' ટૂંકી વાર્તા નથી. પરંપરાગત અર્થમાં ટૂંકી વાર્તા, લઘુકથાનું સાહિત્યિક સ્વરૂપ 'કાનજી'માં જોવા નહિ મળે. 'કાનજી' શીર્ષકની આ કથા સત્ય ઘટના આધારિત પ્રસંગકથા છે. ખૂનકેસ, કેદી, જેલ, ચપ્પુ જેવા શબ્દો આવવાથી પ્રસંગ વાંચ્યા વગર અરુચિ જન્મે તો એ ઠીક નથી. આ સત્યઘટનાનું આલેખન દાદાસાહેબ માવળંકર જેવા, મહાત્મા ગાંધીના અનુયાયીએ કર્યું હોવાથી મૂલ્યવાન બને છે. સત્યધર્મા વકીલ એવા દાદાસાહેબ માવળંકરે પણ તે વેઠેલો. કેદી તરીકે તેમને ઘણા પ્રકારના ગુનેગારો સાથે એક જ જેલમાં રહેવાનું બન્યું. કાનજી નામનો ગુનેગારને જેલમાં માવળંકર સાહેબ જેવા સહકેદી મળી જાય તે તેનું મોટું સદ્ભાગ્ય છે. ગુનાની કબૂલાત દ્વારા સત્ય કથનની શીખ અને કે પ્રેરણા પામેલો કાનજી બહુ મોટી સજાથી બચી જાય છે.

દાદાસાહેબ, ગણેશ વાસુદેવ માવળંકારનું પુસ્તકે 'માનવતાનાં ઝરણાં'માં આવા બીજા પ્રસંગો પણ છે. હૃદય શુદ્ધિની સત્યનિષ્ઠ કથાઓના ઝરણાંમાં દૂષિત જીવન પરમ આનંદ અને પ્રકાશનો અનુભવ કરી શકે છે.

### 7.3 કૃતિ

#### કાનજી

એક દિવસે કાનજી નામનો ખૂનના તહોમતવાળો એક કેદી મારી પાસે માર્ગદર્શન માટે આવ્યો. એણે પોતાના બચાવ માટે વકીલ રોક્યા હતા અને મૅજિસ્ટ્રેટ આગળ કેસ ચાલવાનો

હતો. વકીલે એમ કહેવાની સલાહ આપેલી કે ‘હું કશું જાણતો નથી, પોલીસે મારા વિરુદ્ધ મારા અદાવતિયાના ચડાવ્યાથી ખોટો કેસ કર્યો છે,’ એવો બચાવ કરવો. એ બિચારો મૂંઝવણમાં હતો કે વકીલની સલાહ મુજબ ચાલવું કે કેમ. એને લોભ પણ હતો કે વકીલના કહેવા મુજબ પુરાવાના અભાવે કદાચ છૂટી પણ જવાય.

શી હકીકત બની એનો સાચો એકરાર કરવાનું મેં એને કહ્યું. જો એ સાચો એકરાર કરે તો કંઈક માર્ગ નીકળી શકે. એણે જેલમાં બીજાઓ પાસેથી મારા વિશે સાંભળેલી વાતોના કારણે એને મારા પર શ્રદ્ધા હતી.

ખૂનના બનાવની હકીકત ટૂંકી અને સીધી હતી. કાનજી અને એનો મિત્ર (જેનું કાનજીના હાથે મોત નીપજ્યું હતું.) બંને એક જ મિલમાં સાથે કામ કરતા હતા. એક દિવસે કાંઈક ખુશાલીમાં થોડો દારૂ પી બંને એક હોટલમાં ચા પીવા ગયા, હોટલ બહારના ફૂટપાથ ઉપર નાખેલી પાટલી પર સાથે બેઠા. ખાવાનું અને ચા ઉડાવતા હતા, વાતો કરતા હતા, એટલામાં એવો કંઈક વિષય આવ્યો કે જેમાંથી ઊંચા સાદે બંને વચ્ચે તકરાર શરૂ થઈ. એ બોલાચાલીમાં પેલા મિત્રે કંઈક કહ્યું એ ઉપરથી કાનજી એકદમ ઉશ્કેરાઈ ગયો, ખિસ્સામાં ચપ્પુ હતું તે કાઢ્યું અને મારી નાખવાના ઈરાદે નહિ, પણ નસિયત કરવાના ઈરાદે મિત્રને માર્યું. કમનસીબે એ ઘા બરાબર કાળજા ઉપર પડ્યો અને પેલો મિત્ર બાંકડા પરથી ઢળી પડ્યો !

કાનજીને એકદમ ભાન આવ્યું ! ગભરાયો ! દુઃખ પણ થયું ! લોહીલોહાણ મિત્રને જોઈ એ કંપી ઊઠ્યો ! પણ એ જ ક્ષણે વિચાર આવ્યો કે ‘હવે મને પોલીસ પકડશે અને ફાંસીએ લટકવું પડશે.’

તરત જ પાસે જ કોઈની સાઈકલ હતી તે પર સવાર થઈને પુરજોસમાં એણે સાઇકલ ઉપાડી. આ બધું આંખની એક પલકના સમયમાં બની ગયું. હોટલમાં પાસે બેઠેલા લોકોએ જોયું ત્યારે કાનજી તો સાઇકલ ઉપર સવાર થઈ ગયો હતો. એને પકડવા ‘ખૂન… ખૂન…’ની બૂમો પાડતા કેટલાક લોકો પાછળ પડ્યા, પણ એ કાનજીને પહોંચી શક્યા નહિ. કાનજી આગળ નીકળી ગયો.

રસ્તામાં એક દસબાર વર્ષને છોકરો ઊભો હતો. તેણે બીજાની માફક ‘ખૂન… ખૂન’ની બૂમો સાંભળી એટલે એ પણ દોડવામાં સામેલ થયો અને એણે હિંમતપૂર્વક સાઈકલનું પાછળનું પૈડું પકડી પાડ્યું. થોડો ખરડાયો પણ ખરો; પણ એ પૈડું પકડાતાં કાનજી સાઈકલ ઉપરથી પડી ગયો અને ઊઠીને તરત એણે દોડવા માંડ્યું.

લોકો તો પાછળ પડ્યા જ હતા તેથી પાસેના એક ડોસીના ઘરમાં એ પેસી ગયો, પણ ડોસીએ એને બહાર હાંકી કાઢ્યો. દોડતો દોડતો એ આગળ વધ્યો અને બૂમો પાડનાર લોકોએ કંટાળી-થાકીને એનો પીછો છોડી દીધો.

કાનજીએ વિચાર કરી લીધો કે ‘આપણે હવે બહારગામ જવું જોઈએ.’ મણિનગર જતી બસમાં એ ચડી બેઠો અને મણિનગર સ્ટેશનેથી વડોદરાની ટિકિટ લઈ ગાડીમાં જઈને બેઠો. એને થયું : ‘હવે હું બચી ગયો;’ પણ ઈશ્વર કાંઈ એમ બચવા દે !

ખૂનની ખબર પોલીસને પડતાં પોલીસ અમલદારોએ એનો પીછો પકડ્યો અને મણિનગર સ્ટેશન ઉપરથી ગાડી ઊપડવાની તૈયારી હતી એટલામાં ત્યાં પહોંચ્યા. કાનજીને પોલીસે ગિરફતાર કર્યો. કાનજીભાઈ સરકારી જેલના મહેમાન થયા.

હવે આ કેસમાં બચાવ શો કરવો ? વકીલની રીત મુજબ એ સલાહ મળી કે ‘ખૂન કરનાર કાનજી જ હતો એવું પ્રત્યક્ષ જોનાર સાક્ષીઓનો પુરાવો લૂલો લાગે છે. ખૂન, સાઈકલ ઉપર બેસી દોડી જવું, બાઈના ઘરમાં પેસવું, તરત બહાર નીકળવું. એ બધી ક્રિયાઓ ઝડપથી થઈ હતી, અને પાછળથી જે છોકરાએ સાઈકલ પકડી જે બાઈએ ઘર બહાર કાઢ્યો તે લોકોએ ખૂન થયું ત્યાંનું કંઈ પણ પ્રત્યક્ષ જોયેલું નહિ, તેમજ હોટલમાં બેઠેલા માણસોએ

પણ ચપ્પુ મારતાં કાનજીને જોયેલો નહિ. ખૂનવાળા મુખ્ય બનાવ પછીના આ બધા પુરાવા હતા, એટલે ઘણો સંભવ છે કે આ પુરાવો કૉર્ટ સંતોષકારક ન ગણે અને કાનજી છૂટી જાય.' તેથી વકીલની સલાહ એ હતી કે કાનજીએ 'હું કાંઈ જાણતો નથી' એમ જ કહેવું.

કાનજી સ્વાભાવિક રીતે શંકાશીલ હતો. એને છુટકારાની લાલચ તો હતી જ, પણ સાથેસાથે ખૂન થયેલું હોવાથી પોતાને ફાંસી થશે એવો પણ ભય હતો. એ વિમાસણમાં પડ્યો : 'મારે હકીકતનો ઇનકાર કરવો કે ગુનાનો એકરાર કરવો ?' એ પ્રશ્ન એની આગળ હતો. ગુનાનો એકરાર કરે તો ફાંસી થાય અને હકીકતનો ઇનકાર કરે તો છૂટી જવાની એને તક હતી. જીવનમરણના આ પ્રશ્નમાં લાલચ અને ભય વચ્ચે એ ઝોલાં ખાતો હતો અને તેથી માર્ગદર્શન માટે મારી પાસે મારી કોટડીમાં આવ્યો હતો.

એની હકીકત સાંભળતાં મને થયું કે ફાંસીનું જોખમ લઈને પણ એણે ગુનાનો એકરાર કરવો જોઈએ. એની હકીકત જોતાં ખરેખર એને ફાંસી થાય એવો સંભવ બહુ ઓછો હતો. પોતાના મિત્રને જાનથી મારી નાખવાનો એનો ઈરાદો ન હતો. ઉશ્કેરાટમાં વાત બની ગઈ, જેના માટે એના દિલમાં દર્દ પણ હતું. સાથેસાથે મને એમ પણ ચોક્કસ લાગ્યું કે જો એ હકીકતનો ઇનકાર કરશે તો ઉશ્કેરાટ વગેરે જે કાંઈ હકીકત એના બચાવમાં હોય તેનો પુરાવો એને ક્યાંથી મળે, કોણ આપે ? અને તેથી બહેતર ચીજ તો એ હતી કે એણે પોતાના ગુનાનો સાફસાફ એકરાર કરવો, પોતાની દિલગીરી જાહેર કરવી અને પોતાની જાતને ન્યાયાધીશની મુનસફી અને દયા ઉપર છોડી દેવી.

આ પ્રકારના વિચારો સાથે મારો એ પણ આગ્રહ હતો કે કોઈ પણ સંજોગોમાં માણસે બનતા પ્રયાસે સાચું બોલવાની હિંમત રાખવી જોઈએ. સાચું બોલી ભલે ગમે તે દુઃખ સહન કરવું પડે એ જૂઠું બોલી સંકટમાંથી બચવાની તક લેવા કરતાં વધુ ઇષ્ટ છે, એવી મારી પોતાની માન્યતા હોવાથી મેં એને તુરત જ કહ્યું : 'કાનજી, મને એવું લાગે છે કે તારે ગુનાનો એકરાર કરવો જોઈએ, અને વકીલો પાછળ પૈસા ખરચી પૈસા અને જાન બંને ગુમાવવા કરતાં સત્ય બોલીને જાન બચાવવાની તક છે એ ઝડપી જાન અને પૈસા બંને તું બચાવી લે, એવો મારો સ્પષ્ટ અભિપ્રાય છે.'

મારી વાત એણે એકદમ ફેંકી ન દીધી, પણ મારી સાથે એણે થોડી દલીલો કરવા માંડી:

'પણ સાહેબ, વકીલ એમ કહે છે કે હું કબૂલ કરું તો ફાંસીએ લટકવાનો, એના કરતાં હું ઇનકાર કરું તો છૂટવાનો સંભવ છે, એનો લાભ શું કામ ન લેવો ?'

'આ દલીલમાં તું ને તારો વકીલ એમ માની બેઠા છો કે તમારું જૂઠાણું કૉર્ટ નહિ સમજી શકે, અને એ સાચું માની કૉર્ટ તને છોડી દેશે ! એમ જ ને ?'

'પણ સાહેબ, ચપ્પુ મારતાં મને કોઈએ જોયો નથી. તો પછી મેં ચપ્પુ માર્યું એમ શા ઉપરથી કહી શકાય ?'

'જો, ચપ્પુ મારતાં તને ઈશ્વર સિવાય કોઈએ જોયો નથી એ વાત સાચી, પરંતુ તારો મિત્ર લોહીલોહાણ પડી ગયો અને તરત તેં સાઈકલ ઉપર પલાયન કર્યું એ જોવાવાળા સાક્ષીઓ તો છે ખરા ને ? જો તેં ચપ્પુ ન માર્યું હોય તો લોહીલોહાણ બનેલ મિત્રને છોડી તું પલાયન કેમ કરી ગયો, મિત્રની સારવારમાં કેમ ન રહ્યો ? તારું મન મનથી તને દોષિત ગણે છે તેથી તું નાસી ગયો એમ આ વાત પરથી સાબિત નથી થતું ?'

'હા, એ વાત વિચારવા જેવી ખરી. પણ સાહેબ, હું એમ ન કહું કે આને માર્યાનું મારા પર આળ આવશે એ બીકથી હું નાસવાનો પ્રયત્ન કરતો હતો ?'

'તું એમ કહી શકે ખરો. પણ સવાલ એ છે કે કોઈ અક્કલવાળો માણસ તારી આ વાત માને ખરો ? હોટલમાં જ તને જોનાર સાક્ષીઓ, તારી સાઇકલ પકડનાર છોકરો, તને ઘરમાંથી બહાર કાઢનાર ડોસી, તેમાંથી કોઈને તું ઓળખતો નથી, કોઈને તારી સાથે

દુશ્મનાવટ નથી, તો એ લોકો તારી વિરુદ્ધમાં શા સારુ ખોટી સાક્ષી પૂરે ? એ લોકોને ખોટાં માનવા કરતાં, ગુનામાંથી બચવાનો તારો સ્વાર્થ હોવાથી તું જ જૂઠું બોલે છે એમ વધારે સહેલાઈથી માની શકાય. આટલા બધા સાક્ષીઓ જૂઠું બોલે ? અને તેય તને ફાંસીએ લટકાવવા ?'

'સાહેબ, તમારું કહેવું ખરું છે, પણ હું એમ નહિ કહી શકું કે પોલીસે આ લોકોને મારી વિરુદ્ધ ઊભા કર્યા છે ?'

'કહી શકે, પણ એ કોઈ માને નહિ અને ખૂન કરવાનો તારો ઇરાદો હતો જ એવું લાગે અને તું નિશ્ચિત ફાંસીના લાકડે લટકે. હું તને એમ પૂછું છું કે તારા મરી જવાથી તારા જીવનનો અંત આવવાનો છે ? જૂઠું બોલવાનું પાપ કરી મરવું એના કરતાં તું સાચું બોલીને મરે તો સત્યનું જે પુણ્ય તને મળે તેથી સ્વર્ગે જવાની કોઈક પણ તક રહે તે છોડી દઈ, જૂઠું બોલી નક્કી ફાંસીની સજા લઈ નરકના માર્ગે જાય એ તને વધારે પસંદ છે ?'

કાનજી માની ગયો. મારી વાત એના ગળે પૂરેપૂરી ઊતરી. પછી આ નૈતિક દૃષ્ટિની સાથે વહેવારુ વાત કેવી રીતે બંધબેસતી આવે છે એ જો એને ઠસાવું તો કદાચ મક્કમ રહે અને કદાચ ફાંસીની સજા થાય તોપણ એ પાછળથી મારો દોષ નહિ કાઢે, એ વિચારે મેં એને કહ્યું કે 'સાચી હકીકત કહેવામાં નીતિ તો છે, પણ વહેવારુ ફાયદો થવાનો સંભવ સાચું કહેવામાં જ છે. જો ગુનાનો ઇનકાર થાય તો કૉર્ટને એમ જ લાગે કે ફાંસી ન કરવા માટે ધ્યાનમાં લેવા જેવી કોઈ પણ હકીકત આ કેસમાં બની નથી. પણ જો સાચી હકીકત કહેવામાં આવે તો કૉર્ટ ઉપર પણ એ સત્યની અસર થાય અને તું જે કહે તે સાચું માનવા તરફ કૉર્ટનું વલણ થાય અને તેથી ક્ષણિક આવેશમાં આ બન્યું એમ સમજી કૉર્ટ ફાંસીની સજા ન કરે.' આમ કહી મેં એને જણાવ્યું કે 'જો હવે મેં તો મારો અભિપ્રાય તને કહ્યો છે, પણ તારે તો તારું મન જે પ્રમાણે કહે તે જ પ્રમાણે કરવું.'

'મેં કહ્યું તેમ કરે તો મને જરૂર આનંદ થાય, છતાં પણ મારા કહેવા ઉપરથી જ તારે કંઈ પણ ન કરવું જોઈએ. જે વાત તને પોતાને મનમાં સચોટ ઊતરે તે જ પ્રમાણે તારે વર્તવું જોઈએ. મને જોકે લાગે છે કે તું સાચું બોલે તો ફાંસીમાંથી બચવાનો છે, છતાં પણ, ન કરે નારાયણ અને તને ફાંસીની સજા થાય, તો ફાંસીએ ચડતાં ચડતાં પણ તારા મનમાં આવે કે દાદાએ મને લટકાવ્યો ! એ મને અસહ્ય લાગે અને તેથી હું કહું છું તેમ તારું પોતાનું મન સમજી તું નિશ્ચય કર.'

'તમારી સલાહ હું બરાબર સમજ્યો છું. હું ગુનાનો પૂરેપૂરો એકરાર કરીશ અને તમને ખાતરી આપું છું કે ફાંસીની સજા થાય તોપણ ફાંસીએ જતાં જતાં તમારો ઉપકાર માનતો જઈશ. હું જીવું કે મરું, પણ હું પાપમાંથી બચું છું એ વાતનો જ મને સંતોષ રહેશે.'

એના જવાબથી મને સ્વાભાવિક આનંદ થયો. એના દિલની ઉદારતા અને મનુષ્યનું સત્ય તરફ સ્વાભાવિક વલણ જોઈ કોને આનંદ ન થાય ?

(2)

ત્યાર બાદ કાનજીની કસોટીનો સમય આવ્યો. નીચલી કૉર્ટમાં કેસ ચાલ્યો તે વખતે જ એકરાર કરવો એવો મારો અને એનો ઘણો આગ્રહ હોવા છતાં એના વકીલે એ વાત ન માની અને એટલો જ જવાબ અપાવ્યો કે 'આ વિશે જે કાંઈ કહેવું હશે તે હું ઉપલી (સેશન) કૉર્ટમાં કહીશ.'

કાનજીએ જેલમાં સાંજે આવ્યા પછી મને આ વાત કરી અને મને દુ:ખ થયું. એવો ભય પણ લાગ્યો કે ઉપલી કૉર્ટમાં રખેને સરકારી વકીલ દલીલ એમ ન કરે કે ઉશ્કેરાટમાં અને બિનઇરાદે ચપ્પુ માર્યાની વાત, પાછળથી ફાંસીમાંથી બચવા માટે જોડી કાઢેલી છે ? જો આ વાત સાચી હોય તો નીચલી કૉર્ટમાં જ્યારે ખુલાસો કરવાનો પ્રથમ પ્રસંગ મળ્યો ત્યારે કેમ

ન કહ્યું ? મને લાગ્યું કે સારો કેસ ખોટી સલાહથી બગડવાનો સંભવ ઊભો થયો ! અને કાનજીના ભવિષ્ય માટે હું ચિંતાતુર પણ થયો.

યથાકાળ સેશનમાં કેસ ચાલ્યો. આનંદની વાત કે કાનજી પોતાના નિશ્ચયમાં મક્કમ રહ્યો અને કોઈની પણ સલાહ ન માનતાં એણે કૉર્ટ આગળ તમામ હકીકતનો સાચો અને પૂરેપૂરો એકરાર કર્યો. પરિણામ ધાર્યું આવ્યું. ન્યાયાધીશે ચાર વર્ષ સખત કેદની સજા કરી.

કાનજી સખત મજૂરીવાળા કેદી તરીકે આવીને મને મળ્યો ત્યારે એ બહુ ઉત્સાહ અને આનંદમાં હતો. મને કહે : 'દાદાસાહેબ, ફક્ત ચા...ર... જ વર્ષ !'

મેં હસીને એને કહ્યું : 'બહુ સારું થયું. બોલ, હવે એ સજા ઓછી થાય એ માટે અપીલ કરવાનો વિચાર છે ?'

કાનજી : 'ના, સાહેબ ! મારે અપીલ કાંઈ કરવી નથી.'

કાનજીના હૈયામાં પથરાયેલા નવા અજવાળાને હું જોઈ રહ્યો.

**- ગણેશ વાસુદેવ માવળંકર**

### 7.4 કૃતિ સારાંશ

દાદાસાહેબ માવળંકર એટલે કે ગણેશ વાસુદેવ માવળંકર. 'માનવતાનાં ઝરણાં' અંતર્ગત કેટલીક સત્ય ઘટનાઓ તેમણે લખી છે. આઝાદી આંદોલન વખતે સ્વતંત્રતા માટેની ચળવળમાં દાદાસાહેબ જેલમાં હતા ત્યારે 'કાનજી' નામના એક કેદીનો ભેટો થાય છે.

કાનજી અને તેનો મિત્ર એક મિલમાં સાથે કામ કરતા હતા. બન્ને મિત્રો એક હોટલમાં ચા પીવા ગયા. ત્યાં વાતચીતમાં બન્ને વચ્ચે કોઈ વિષય પર ઉગ્ર બોલાચાલી થઈ ઉશ્કેરાટમાં કાનજીએ મિત્રને ચપ્પુ મારી દીધું. તેનો મિત્ર ત્યાં જ ઢળી પડ્યો. કાનજી ગભરાઈને ભાગ્યો. મણિનગર રેલવે સ્ટેશનથી વડોદરા તરફ ભાગી જવાનો તેનો મનસૂબો હતો. સાયકલ પર સવાર થઈને ભાગેલા કાનજીને પકડવા માટે લોકો તેની પાછળ પણ પડ્યા હતા. રસ્તામાં એક છોકરાએ તેની સાયકલને પાછળથી પકડી લીધી હતી. દોડીને ત્યાંથી નાસી છૂટેલો કાનજી આખરે મણિનગર સ્ટેશન પર પોલીસના હાથે ઝડપાઈ ગયો. તેના વકીલે તેની વાત સાંભળીને કહ્યું હતું કે, ''તને ચપ્પુ મારતા કોઈએ જોયો નથી એટલે ગુનો કબૂલ કરવાની જરૂર નથી.'' વકીલની સલાહ મળ્યા પછી જેલમાં દાદાસાહેબ વિશે સાંભળીને તેની તેમની સલાહ લેવા માટે કાનજીએ દાદાસાહેબને બધી વાત કરી. દાદાસાહેબને કાનજી માટે સહાનુભૂતિ થઈ. ખોટું બોલવા કરતાં સાચું બોલીને જે સજા થાય તે સ્વીકારી લેવાતી દાદાએ કાનજીને સલાહ આપી. બન્ને વચ્ચે થયેલો સંવાદ એકદમ વ્યવહારની ભૂમિકાએ સત્યનીતિનું સમર્થન કરે છે. કાનજીને સત્યનિષ્ઠ દાદાસાહેબની વાત સાચી લાગે છે. તેમની સલાહ મુજબ ગુનાની કબૂલાત કરવા તે તૈયાર થાય છે. દાદાને પણ સાચું બોલવા માટે મક્કમ થયેલા કાનજી પ્રત્યે માન વધે છે.

વકીલની સલાહની અવગણના કરી દાદાસાહેબની સલાહને અનુસરતા કાનજી કોર્ટમાં સાચું બોલે છે. કાનજીની કબૂલાતમાં ખૂન કરવાના ઈરાદા કરતાં ક્ષણિક ઉશ્કેરાટની વાત ન્યાયાધીશને સ્પર્શી જાય છે. અને માત્ર ચાર વર્ષની સખત કેદની સજા થાય છે.

ફાંસીની સજાનો ભય અને ફફડાટ કાનજીને અસત્ય તરફ દોરી જતો હતો. પણ યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિની સલાહ મળી જવાથી સત્યના માર્ગે ચાલવાથી કાનજીને ઓછી સજા થાય છે. આનંદિત થયેલો કાનજી દાદાને મળે છે ત્યારે સજા ભોગવવાની પ્રસન્નતા તેના ચહેરા પર જોઈ દાદા રાજી થાય છે.

આમ, આ પ્રસંગકથા દાદા સાહેબ માવળંકરના સત્યનિષ્ઠ વલણના કારણે એક ખૂનના અપરાધીના જીવનમાં આવેલા અજવાળાની કથા બને છે.

## 7.5 કૃતિલક્ષી સઘન અધ્યયન

કાનજી એક પ્રસંગકથા છે. પ્રસંગ સત્યના પ્રકાશનો જેલમાં દાદાસાહેબ માવળંકર જેવા રાજકીય કેદી સાથે ખૂનકેસના અપરાધીનો સંવાદ થાય છે. દાદાસાહેબ માવળંકર સ્વતંત્રતા માટેની ચળવળના એક સિપાઈ હતા. સ્વાતંત્ર્ય સૈનિક એવા દાદાસાહેબ ગાંધીચીંધ્યા માર્ગે ચળવળ કરનારા, અંગ્રેજ સરકાર દ્વારા જેલમાં ગયેલા કેદી હતા. જેલમાં વિવિધ ગુનાસર પકડાયેલા કેદીઓ પૈકી કાનજી નામનો એક કેદી છે.

કાનજી ખૂન કેસમાં ધરપકડ થયેલો કેદી છે. દાદાસાહેબની પ્રતિષ્ઠા જોઈને, તેમના વિશે સાંભળીને તેમની સલાહ લેવા જાય છે. કાનજીનો કેસ કોર્ટમાં ચાલવાનો બાકી છે. કાનજીને તેના વકીલે સલાહ આપી છે કે ગુનાની કબૂલાત કરવાની નથી. સાક્ષી અને પુરાવાના અભાવે નિર્દોષ છૂટી શકાય એવી સંભાવના વકીલ દ્વારા કાનજીને બતાવવામાં આવે છે.

કાનજી ખૂન વિશેનો આખો ઘટનાક્રમ દાદાસાહેબને કહી સંભળાવે છે. વાતચીત દરમ્યાન મિત્ર ઉપર ઉશ્કેરાટમાં ગુસ્સે થઈ ચપ્પુથી ઘા કરી બેઠેલો કાનજી, બચવાના પ્રયત્ન માટે કરેલી દોડ અને મણિનગર રેલવે સ્ટેશન પર થયેલ ધરપકડ સુધીનું વિગતે વર્ણન દાદાસાહેબ પાસે કરે છે.

દાસાસાહેબ પોતે એક સારા વકીલ હોવા ઉપરાંત સત્યનિષ્ઠ, ગાંધીમાર્ગે ચાલનારા છે. ગુનાની કબૂલાત કરવાથી ફાંસીની સજાથી ભય પામેલા કાનજીને બચવા માટે જૂઠનો આશરો લેવામાં પ્રથમ તબક્કે કાંઈ વાંધો લાગ્યો નથી પણ દાદાની વાત સાંભળીને તેને કબૂલાત કરવાની મક્કમ ઈચ્છા થઈ જાય છે. વકીલ સાચું બોલવાની સલાહ આપતો નથી. પણ દાદાસાહેબના હૃદયની સત્વાણી કાનજીને સ્પર્શી જાય છે. કોર્ટમાં કાનજીએ તમામ હકીકત બયાન કરી દીધી. આખરે ચાર વર્ષની સખત કેદની સજા કાનજીને થઈ. ગુનાના પ્રમાણમાં સજા ઓછી હોવાનું કારણે જજને કાનજીના સત્યમાં ન્યાયાધીશને રસ પડ્યો. દાદાસાહેબ પણ કાનજી સાચું બોલવાનો છે જાણી રાજી થયા હતા અને તેમણે જણાવ્યું છે કે, 'મનુષ્યનું સત્ય તરફનું સ્વાભાવિક વલણ જોઈ કોને આનંદ ન થાય ?

આખરે કોર્ટમાં કેસ ચાલે છે. કાનજી તેના મિત્રની પોતાના હાથે થઈ ગયેલી હત્યાની વાત પૂરી સચ્ચાઈથી કરે છે. ન્યાયાધીશ કેસ અને એકરારની સચ્ચાઈ જોઈ કાનજીને ચાર વર્ષની સખત કેદની સજા કરે છે. ફાંસીની સજાને પાત્ર ગુનો કરનાર કાનજીની સાચી કબૂલાતનું પરિણામ એ આવે છે કે ચાર વર્ષની જ સજા થાય છે. સજા ઓછી કરાવવા માટે અપીલ કરવાનો વિચાર છે કે તે જાણવા દાદાસાહેબ કાનજીને પૂછે છે. ત્યારે કાનજી કહે છે : ''ના, સાહેબ ! મારે અપીલ કાંઈ કરવી નથી. અને કાનજીનો જવાબ સાંભળી દાદાસાહેબને થાય છે; ''કાનજીના હૈયામાં પથરાયેલા નવા અજવાળાને હું જોઈ રહ્યો.''

દાદાસાહેબની આ અનુભૂતિ સત્યના માર્ગે ચાલનાર સન્નિષ્ઠ ગાંધીજનની છે. દાદાસાહેબ કાનજીને સત્યને માર્ગે પ્રેરી શક્યા છે. જૂઠનો આશરો લઈ ફાંસીની સજાથી બચવાના કુતર્કમાં પડવા કરતાં સાચું બોલીને, કદાચ ફાંસીની સજા થાય તો પણ તે સ્વીકારી સ્વર્ગમાં જવું એવી દાદાની સલાહ અનુસરનાર કાનજી ધન્યવાદને પાત્ર છે.

આ પ્રસંગ કથામાં ન્યાયાધીશનું પાત્ર પણ પોતાના પદની ગરિમા જાળવનારું છે. ખૂનની સજા ફાંસી કે આજીવન કેદ જેવી હોય એવી સર્વસામાન્ય ધારણાથી વિપરિત, ન્યાયાધીશ હત્યાના સંજોગો વિશે ગુનેગાર દ્વારા થયેલા કથનમાં સચ્ચાઈનો રણકો સાંભળી શકે છે. અહીં, આ પ્રસંગમાં સત્યનું ત્રિવેણી તીર્થ રચાય છે.

પ્રથમ તો દાદાસાહેબ પોતે સત્યનિષ્ઠ છે. સાચા માણસની સાચી સલાહ ગુનેગારને પણ સત્યના પંથે ચાલવા માટે પ્રેરે છે. દાદાનું સત્ય અંગિકાર કરીને કાનજી જેવો ખૂનનો

ગુનેગાર પોતાના અસ્તિત્વમાં સત્યનો ઉજાસ અનુભવે છે. ત્રીજું સત્ય ન્યાયાધીશની ન્યાયદૃષ્ટિમાં રહેલું છે. દાદાથી પ્રેરિત થયેલો કાનજી સત્ય ઉચ્ચારે છે એ સત્ય કથન ન્યાયાધીશના હૃદયને સ્પર્શે છે તેથી તેઓ કાનજીને માપસરની સજા કરી સત્યની માવજત કરે છે. ન્યાયની રક્ષા કરે છે. આમ, દાદાસાહેબની જીવનનિષ્ઠામાંથી પ્રગટેલું સત્ય કાનજીના જીવનમાં પ્રકાશ પાથરી ન્યાયાધીશ ધારા સન્માન પામે છે.

આ પ્રસંગકથા સત્યની માવજત કરે છે. દાદાસાહેબના જીવનમાં આવા અનુભવોનો મોટો ખજાનો છે હૃદયસ્પર્શી પ્રેરક વાતોના માંગલ્યથી આપણે ભાવક તરીકે જ નહિ સ્વસ્થ નાગરિક તરીકે પણ કેળવાઈએ છીએ.

## 7.6 તમારી કસોટી ચકાસો

- દાદાસાહેબ માવળંકરના જીવનમાં કોનો પ્રભાવ છે ?
- કાનજીના જીવનમાં કેવી દુર્ઘટના બને છે ?
- ધરપકડના ડરથી બચવા કાનજી કેવા પ્રયાસ કરે છે ?
- દાદાસાહેબ અને કાનજી વચ્ચેના સંવાદનું હાર્દ વિસ્તારથી સ્પષ્ટ કરો.
- આ પ્રસંગ કથામાં સત્યનું ત્રિવેણીતીર્થ કઈ રીતે રચાય છે ? સમજાવો.
- આટલું અવશ્ય કરો.
- દાદાસાહેબ માવળંકરનું પુસ્તક 'માનવતાનાં ઝરણાં' મેળવીને વાંચો.
- 'જીવનમાં સત્યનું મહત્ત્વ' - વિષય પર નિબંધ લખો.
- ઝવેરચંદ મેઘાણી રચિત 'માણસાઈના દીવા' પુસ્તક વાંચો.

## 7.7 વિશેષ અધ્યયન

**સર્જક પરિચય :** સ્વતંત્ર ભારતની લોકસભાના પ્રથમ અધ્યક્ષ ગણેશ વાસુદેવ માવલંકરનો જન્મ 27 નવેમ્બર, 1888માં વડોદરા મુકામે થયો હતો. તેમના પૂર્વજો મહારાષ્ટ્ર-રત્નાગિરીના નિવાસી હતા. 1902માં અમદાવાદ મુકામે સ્થાયી થયેલા ગણેશ માવલંકરે ગુજરાત કૉલેજમાંથી બી.એ.ની પરીક્ષા પાસ કરી. મુંબઈ યુનિવર્સિટીમાંથી વકીલાતનું ભણ્યા અને અમદાવાદમાં વકીલાત શરૂ કરવાની સાથે જાહેરજીવનમાં રુચિ લેવા લાગ્યા.

દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત ફરેલા ગાંધીજીએ અમદાવાદમાં કોચરબ મુકામે આશ્રમની સ્થાપના કરી અને મહાદેવભાઈ દેસાઈ નરહરિ પરીખ આદિની જેમ એ વખતના યુવાન વકીલ ગણેશ માવલંકર પણ ગાંધીજીથી પ્રભાવિત થયા. 1921માં અસહકાર આંદોલન, ભારત છોડો આંદોલન વગેરેમાં જેલ જવાનું થયું. જેલમાં કેદીઓને સુધારવાના કામમાં તેઓ સક્રિય રહ્યા. પંઢરપુરમાં હરિજનોના મંદિર પ્રવેશ માટેના સત્યાગ્રહમાં પણ તેમણે ભાગ લીધો હતો.

1937માં મુંબઈ વિધાનસભાના સભ્ય અને અધ્યક્ષ બન્યા બાદ 1947માં આઝાદ ભારતની લોકસભામાં અધ્યક્ષ બન્યા. 1952માં પ્રથમ ચૂંટણી પછી પણ તેઓ અધ્યક્ષ બન્યા. 'કસ્તુરબા સ્મારક નિધિ' અને 'ગાંધી સ્મારક નિધિ'ના અધ્યક્ષ તરીકે પણ તેમણે સેવાઓ આપી છે. તેમનું સત્ય ઘટના આધારિત 'માનવતાનાં ઝરણાં' પુસ્તક વાચકો માટે ખૂબ પ્રેરક છે. જવાહરલાલ નહેરુએ તેમને 'લોકસભાના જનક' કહીને બિરદાવ્યા હતા. 27 ફેબ્રુઆરી, 1956માં તેમનું અમદાવાદ મુકામે નિધન થયું હતું.

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

એકમ 8

# આદર્શ સહધર્મચારિણી

- વનમાળા પરીખ

રૂપરેખા :


8.1 ઉદ્દેશો

8.2 પ્રસ્તાવના

8.3 કૃતિ

8.4 કૃતિનો સારાંશ

8.5 કૃતિનું ક્રિયાત્મક સઘન-અધ્યયન

8.6 તમારી પ્રગતિ ચકાસો

8.7 વિશેષ અધ્યયન

- ટિપ્પણ

- વિશેષ વાચન


## 8.1 ઉદ્દેશો

'આદર્શ સહધર્મચારિણી' નામની આ રચના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનાં ધર્મપત્નીનું શબ્દચિત્ર છે. આ કૃતિના અભ્યાસ દ્વારા તમે-

- મહાત્મા ગાંધી તથા કસ્તુરબાનાં જીવન વિશે જાણી શકશો.
- પ્રસન્ન દામ્પત્ય માટે સમર્પણભાવ વિશે જાણવા મળશે.
- કસ્તુરબા તથા બાપુના જીવનચરિત્ર વિશે વધુ જાણવાની પ્રેરણા મળશે.
- અલ્પશિક્ષિત કસ્તુરની કસ્તુરબા સુધીની જીવનયાત્રાના મહત્ત્વના મુદ્દા પ્રત્યે જાણવા મળશે.
- વનમાળા પરીખ તથા સુશીલા નય્યર દ્વારા લિખિત 'અમારાં બા' પુસ્તક વાંચવાની પ્રેરણા મળશે.

## 8.2 પ્રસ્તાવના

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનાં સહધર્મચારિણી કસ્તુરબાનું જીવનવૃત્તાંત લખવાની ઇચ્છાથી પ્રેરાયેલાં વનમાળા પરીખ તથા સુશીલા નય્યરે 'અમારાં બા' નામનું પુસ્તક આપ્યું છે. આ પુસ્તકનું ત્રીજું પ્રકરણ 'આદર્શ સહધર્મચારિણી' છે. આ પુસ્તકની સંક્ષિપ્ત આવૃત્તિ પણ પ્રગટ થઈ છે. વિશ્વ સાહિત્યમાં ગાંધીજી વિશે હજારો પુસ્તકો લખાયાં છે. પણ કસ્તુરબા વિશે બહુ ઓછું-લખાયું છે. એ અર્થમાં આ પુસ્તક ખૂબ મૂલ્યવાન સિદ્ધ થાય છે. આ પુસ્તકમાં કુલ બેતાલીસ પ્રકરણો અને પરિશિષ્ટ-પુરવણીમાં કસ્તુરબાના જીવનની મૂલ્યવાન વિગતો પ્રાપ્ત થાય છે. અત્રે આપના અભ્યાસક્રમમાં પસંદ કરવામાં આવેલ કસ્તુરબાના તપોમય જીવનને સમજવાની ચાવી પૂરી પાડે છે. નિત્ય વિકાસશીલ, પ્રયોગશીલ, ક્રાંતિવીર જીવનસાધક એવા ગાંધીજીના પ્રથમ અંતેવાસી કસ્તુરબા ગણાય. તેર વર્ષની ઉંમરે લગ્ન થયા બાદ પૂરા છ દાયકા સુધી કસ્તુરબાએ બાપુનો સાથ નિભાવ્યો અને રાષ્ટ્રસેવાના મહાન યજ્ઞમાં સક્રિય રહ્યાં અને આહુતિ આપી. તેમના વિશે અભ્યાસમાં પસંદ થયેલ પ્રકરણ દ્વારા વિશેષ વાચન-મનન-અધ્યયનની દિશા ખુલશે.

## 8.3 કૃતિ

બાપુજીએ એક સ્થળે લખ્યું છે કે, ''મારી પત્ની વિશેનો મારો પ્રેમ અને મારી લાગણી હું વર્ણવી શકું તો હિંદુ ધર્મ વિશેનો મારો પ્રેમ અને મારી લાગણીઓ હું વર્ણવી શકું. દુનિયામાંની બીજી કોઈ પણ સ્ત્રી કરતાં મારી પત્ની મારા ઉપર વધારે અસર કરે છે.''

બાપુને પોતાના જીવનમાં જે કાંઈ ઉચ્ચમાં ઉચ્ચ વસ્તુ લાધી છે, જે કાંઈ પ્રેરણા મળી છે, જે કાંઈ માર્ગદર્શન મળ્યું છે, તે જેમ હિંદુ ધર્મમાંથી મળ્યું છે તેમ બા પાસેથી પણ મળ્યું છે, એમ કહી શકાય. આ બંને જીવનદાયી અને પ્રેરણાદાયી બળોની બાબતમાં રહસ્યમય ઘટના એ છે કે, બેમાંથી એકે વસ્તુની બાપુ પસંદગી કરવા ગયા નહોતા. હિન્દુ ધર્મ જન્મ સાથે મળ્યો. વિલાયત જતી વખતે માતાની ઈચ્છાથી એક જૈન સાધુ સમક્ષ લીધેલી પ્રતિજ્ઞાઓનું ત્યાં અણીશુદ્ધ પાલન કર્યું. તે કાંઈ એ પ્રતિજ્ઞાઓનું મહત્ત્વ સમજીને નહીં, પણ લીધેલી પ્રતિજ્ઞાનું પાલન ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ કરવું જ જોઈએ એવી હિંદુ ધર્મની માન્યતા ગળથૂથીમાંથી જ મળેલી તે કારણે. તે જ પ્રમાણે પત્નીની પણ તેમણે પસંદગી નથી કરી. ધર્મ જેમ માબાપનો મળ્યો તેમ પત્ની પણ માબાપે જ મેળવી આપી. આત્મકથામાં તેઓ કહે છે, ''કંઈ બાળા સાથે લગ્ન થવાનું છે અને મને એ પસંદ છે કે કેમ એવુંતેવું કશું મને પૂછવામાં આવ્યું નહોતું, પણ મારાં માતાપિતાએ જ બધું ગોઠવ્યું હતું.''

બીજી એક રહસ્યમય ઘટના એ છે કે, પોતાના જીવનની શરૂઆતમાં આ બંને વિશે, એટલે કે હિંદુ ધર્મ વિશે તેમ જ પત્ની વિશે બાપુ સાશંક હતા. હિંદુ ધર્મ વિશે દક્ષિણ આફ્રિકામાં એક મિત્રને તેમણે કહ્યું છે કે, ''જોકે હું જન્મથી હિંદુ છું છતાં હિંદુ ધર્મ વિશે હું બહુ જાણતો નથી. બીજા ધર્મો વિશે તો એથીયે ઓછું જાણું છું. ધર્મની બાબતમાં મારી માન્યતા શી છે, કયા ધર્મ ઉપર મારી શ્રદ્ધા છે અને કયા ધર્મ ઉપર મારે શ્રદ્ધા રાખવી જોઈએ, એ કશું હું જાણતો નથી.'' હિંદુ ધર્મનું પૂરેપૂરું મહત્ત્વ અને ખરેખરું રહસ્ય જાણ્યા વિના જેમ બાપુએ ધાર્મિક જીવનની શરૂઆત કરી તેમ જ પત્નીનું મહત્ત્વ અને તેમના ખરા ગુણોના કશા ખ્યાલ વિના ગૃહસ્થ જીવનની શરૂઆત કરી. બાપુજી પોતે જ કહે છે કે, ''હું અદેખો અને વહેમી પતિ હતો. પત્ની ક્યાં જાય છે અને શું કરે છે તે ઉપર અંકુશ રાખવા ઈચ્છતો.''

આમ છતાં છેવટે બાપુજીએ એ બંનેને સમજવા ખૂબ પ્રયત્ન કર્યો. બંનેને અપનાવ્યાં અને બંને વડે પોતાનું જીવન ધન્ય કર્યું. હિંદુ ધર્મનું ઊંડામાં ઊંડું રહસ્ય પોતે શોધી કાઢ્યું અને તેના પ્રભાવથી દુનિયાની એક ધાર્મિક વિભૂતિ બન્યા, સંત અને મહાત્મા તરીકે પંકાયા. તેમ જ બાના ખરા ગુણો જેમ જેમ સમજતા ગયા તેમ તેમ પોતાનું ગૃહસ્થ જીવન ધન્ય બનાવતા ગયા અને બાપુ ખરા બાપુ બન્યા.

બાપુજીને તપશ્ચર્યાનો શોખ છે. તપ અને સંયમના ભારે અખતરા તેઓ કર્યા જ કરે છે. જીવનને તેમણે તપોમય બનાવી દીધું છે. છતાં તપસ્વીમાં જે શુષ્ક વૈરાગ્ય અને કર્કશતા આવી જાય છે તે એમના જીવનમાં આવવા પામ્યાં નથી. પ્રેમ અને કરુણા એમના સ્વભાવના મૂળમાં જ રહેલાં છે. આ પ્રેમ અને કરુણાના ઝરાને એમની તપઃપરાયણતા કદાચ સૂકવી નાખત, પણ એ ઝરો સુકાયો નથી એટલું જ નહીં, પણ તપ વધવાની સાથે એ પણ વધતો જ ગયો છે, એ પ્રતાપ બાના ગણવા જોઈએ.

બાપુજી જેવા ઉગ્ર તપસ્વીના જીવન ઉપર આવી અસર કરવી એ જેવીતેવી યોગ્યતા નથી. બાપુની તપસ્યાની ભઠ્ઠી નજીક થોડો વખત પણ રહેવું એ કેટલું કપરું છે, એ તો જેને અનુભવ છે તે જ જાણે છે. મિસિસ પોલાક પરણીને તરત બાપુજીના એક કુટુંબી જન તરીકે બાપુના ઘરમાં જ રહ્યાં હતાં. તેમાં એમને કેટલી મુશ્કેલીઓ વેઠવી પડી હશે તે વિશે આપણને સમભાવી બનવાનું કહેતાં, મિ. ઍન્ડ્રૂઝ લખે છે કે, ''હંમેશાં કોઈ ને કોઈ શારીરિક અગવડ જ ભોગવવાનો આગ્રહ રાખે એવા એક જક્કી અને ધૂની, તેમ છતાં તેના ઉપર વહાલ ઊપજે એવા એક સંતની સાથે એના એક કુટુંબી જન તરીકે રોજનું અત્યંત નિકટનું જીવન ગાળવું, એ મિસિસ પોલાકને કેટલું આકરું લાગ્યું હશે ?''

મિસિસ પોલાકને તો થોડા મહિના અથવા એકબે વર્ષ બાપુજીના ઘરમાં રહેવું પડ્યું હશે અને તે એમને આકરું લાગ્યું, તો પછી જેના જીવનનાં પાનાં જ આવા 'સંત'ની સાથે જોડાયાં તેવાં બાની શી દશા થઈ હશે, તેનો વિચાર કરો. અલબત્ત, બાને અનેક મુશ્કેલીઓ પડી જ હશે. પણ તે બધી મુશ્કેલીઓને તેમણે ગૌરવ સાથે તરીને પાર કરી છે એટલું જ નહીં, પણ બાપુજીને પણ તપશ્ચર્યાના જોસમાં વધારે પડતા કડક અથવા શુષ્ક નથી થઈ જવા દીધા, એ બાના જીવનનું ખરું

રહસ્ય છે. બાપુજી પોતે કહે છે કે, ''અમારી વચ્ચે કજિયા તો પુષ્કળ થયા છે. પણ પરિણામ હંમેશાં કુશળ જ આવ્યું છે. બાએ પોતાની અદ્‌ભુત સહનશક્તિથી જીત મેળવી છે.''

દક્ષિણ આફ્રિકામાં બાપુજીના જીવને પલટો લેવા માંડ્યો અને સને 1904માં તો તેમણે જીવનમાં ક્રાન્તિકારી પરિવર્તન કર્યું. જીવનના પરિવર્તન માટેનો તેમનો આગ્રહ એટલો તીવ્ર અને ઉત્કટ હતો કે તેમની સાથે નભવું તે વખતે મુશ્કેલ હતું. ગોખલેજીએ એક વાર બાપુજીને વિનોદમાં છતાં સત્ય જ કહેલું કે, ''તું ભારે જાલિમ છે. એક તરફથી તારો પ્રેમ અને બીજી તરફથી તારો આગ્રહ એ એટલા જોરથી બીજા ઉપર અસર કરે છે કે, એ બિચારો તારી ઇચ્છા પ્રમાણે વર્તવાને અને તને રાજી કરવાનો તણાઈ મરે.'' શ્રીમતી સરોજિની નાયડુ પણ બાપુજીને ઘણી વાર જાલિમ ('ટાયરન્ટ') કહેતાં અને કાગળમાં 'માઈ ડિયર ટાયરન્ટ' — 'મારા વહાલા જાલિમ' એમ સંબોધન કરતાં. બાપુના આવા જાલિમ પ્રેમમાં અને જીવનપરિવર્તનની ઉત્કટ તીવ્રતામાં બા શી રીતે નભ્યાં હશે ? બાપુજીના જીવનનો પ્રવાહ ત્યાગ, વૈરાગ્ય, સંન્યાસ તરફ જોરથી વહ્યે જતો હતો. તેને અનુકૂળ અને ઇષ્ટ માર્ગે બાએ વહેવા દીધો છે, તેમાં કશો અંતરાય નથી નાખ્યો, અને તેમ છતાં જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં નમ્ર સૂચનારૂપી પાળ બાંધીને, સવિનય પ્રતિકારરૂપી ઇષ્ટ અંતરાયો ઊભા કરીને, પ્રવાહને પ્રતિકૂળ અથવા અનિષ્ટ દિશામાં વહેતો રોક્યો છે અને હંમેશાં યોગ્ય દિશામાં રાખ્યો છે. કાવ્યપ્રકાશકાર મમ્મટે કવિતાના બોધ અથવા ઉપદેશને કાન્તાના ઉપદેશ સાથે સરખાવ્યો છે. બાએ એ ઉપમાને બરાબર સાચી પાડી છે. પોતાની નમ્રતાભરી સમજાવટ, સૌમ્ય આગ્રહ, અને કશું ન વળે ત્યારે આંસુથી બાએ બાપુજીને કઠોર બની જતા, કર્કશ બની જતા, અને જાલિમ બની જતા રોક્યા છે; એમને પ્રેમાળ અને રસાળ રાખ્યા છે.

કોઈ આનો એવો અર્થ ન કરે કે, બાએ બાપુને જીવનમાં આગળ વધતા રોક્યા છે. બાપુજી કહે છે કે, ''બાનામાં એક ગુણ બહુ મોટા પ્રમાણમાં છે, જે બીજી ઘણી હિન્દુ સ્ત્રીઓમાં ઓછાવત્તા પ્રમાણમાં રહેલો છે. મનેકમને, શાનથી અજ્ઞાનથી મારી પાછળ ચાલવામાં તેણે પોતાના જીવનની સાર્થકતા માની છે. અને સ્વચ્છ જીવન ગાળવાના મારા પ્રયત્નમાં મને કદી રોક્યો નથી. આથી, જોકે અમારી બુદ્ધિશક્તિમાં ઘણું અંતર છે છતાં અમારું જીવન સંતોષી, સુખી અને ઊર્ધ્વગામી છે એમ મને લાગ્યું છે.'' બાપુજીનાં ધાર્મિક મહાવ્રતોમાં તેમ જ દેશસેવાનાં મહાવ્રતોમાં બાએ હંમેશાં સાથ જ આપ્યો છે; બાપુને આગળ તો વધવા જ દીધા છે. જેમ કે, બાપુજી પોતે કહે છે કે, ''બ્રહ્મચર્યવ્રતના પાલનમાં બા તરફથી કદી વિરોધ નથી થયો. અથવા તો બા કદી લલચાવનારાં નથી બન્યાં. મારી અશક્તિ અથવા આસક્તિ જ મને રોકી રહી હતી.'' સાદાઈ પણ બામાં સહજ હતી, સ્વભાવસિદ્ધ હતી. કપડાં વગેરેના ઠાઠમાઠ છોડવામાં કંઈક પ્રયત્ન કરવો પડ્યો હોય તો, કપડાંની ટાપટીપના શોખીન અને વરણાગિયા એવા બાપુજીને કરવો પડ્યો હશે. અપરિગ્રહમાં બાને વસમું લાગ્યું હશે ખરું, પણ તેમાંય બાએ પોતા પૂરતું તો મન બહુ વહેલું વાળી લીધું હતું. પરિગ્રહનો જે કાંઈ મોહ અથવા ઇચ્છા બામાં હતાં તે છોકરાની વહુઓ અને દીકરીઓ પૂરતાં જ હતાં. મન વાળી લીધા વિશેનો બાનો એક પ્રસંગ મુ. રાવજીભાઈ મણિભાઈ પટેલ - કે જેમને બાબાપુના સંસારમાં રહેવાનું આફ્રિકામાં સદ્‌ભાગ્ય મળ્યું હતું - તેમણે મને લખી મોકલ્યો છે તે અહીં આપું છું.

''ફિનિક્સ આશ્રમની વાત છે. સને 1913માં એક સવારે જમી રહ્યા પછી 11 વાગ્યાના અરસામાં ખાણાના ટેબલ પાસે હું બેઠો હતો. બાપુજી સૌને જમાડ્યા પછી હંમેશાં જમે. તેઓ જમતા હતા અને પાસે બાપુના કુટુંબના એક મુરબ્બી કાળીદાસ ગાંધી બેઠા હતા. તે ટોંગાટ નામના ગામમાં રહેતા ત્યાંથી થોડા દિવસ માટે આવ્યા હતા. બા ઊભાં ઊભાં રસોડાની કાંઈક સાફસૂફી કરતાં હતાં. શ્રી કાળીદાસભાઈ કાંઈક જૂના વિચારના હતા.

''દક્ષિણ આફ્રિકામાં એક સામાન્ય વેપારીને ત્યાં પણ રસોડાનું તથા બીજું સાફસૂફીનું કામ કરવા માટે નોકર હોય. બાને અહીં બધાં કામ હાથે કરતાં જોઈ શ્રી કાળિદાસભાઈ બાપુજીને સંબોધીને બોલ્યા : 'ભાઈ, તમે તો જીવનમાં બહુ ફેરફાર કર્યો. સાવ સાદાઈ દાખલ કરી દીધી. આ કસ્તૂરબાઈએ પણ કાંઈ વૈભવ ન માણી જાણ્યો.'

'' 'મેં ક્યાં એને વૈભવ માણવાની ના પાડી છે ?' બાપુએ ખાતાં ખાતાં જવાબ આપ્યો.

'' 'ત્યારે તમારા ઘરમાં વૈભવ શો ભોગવ્યો છે ?' બાએ હસતાં હસતાં ટોણો માર્યો.

''બાપુજીએ એ જ ઢબે હસતાં હસતાં કહ્યું : 'મેં તને જણશો પહેરતાં કે સારી રેશમી સાડીઓ પહેરતાં ક્યારે રોકી છે ? અને તારી ઇચ્છા થઈ ત્યારે સોનાની બંગડીઓ પણ કરાવી લાવ્યો હતો ને ?'

'' 'તમે તો બધુંયે લાવી આપ્યું. પણ મેં ક્યારે તે વાપર્યું છે ? જોઈ લીધું કે તમારો રસ્તો જુદો છે. તમારે તો સાધુસંન્યાસી થવું છે. તો પછી મારે મોજશોખ માણીને શું કરવું હતું ? તમારું મન જાણી લીધા પછી આપણે તો આપણું મન વાળી લીધું.' બા કંઈક ગંભીર ભાવે બોલ્યાં.''

''આપણે તો આપણું મન વાળી લીધું'' એમાં બાના આખા જીવનસાફલ્યની ચાવી જડી આવે છે. પણ આ રીતે મન વાળી લીધા છતાં, બાએ બાપુને કઠોર અને શુષ્ક બની જતા તો રોક્યા જ છે. બાપુને 'મહાત્મા' બનવા દીધા છતાં અથવા મહાત્મા બનવામાં મદદ કરતાં છતાં, બાપુને પોતાના વિશાળ કુટુંબના વહાલા બાપુ મટી જતા બાએ રોક્યા છે અથવા તો આમજનતાના સાચા અને મોટા બાપુ બનાવ્યા છે, અને એ રીતે બાપુની મહત્તામાં વધારો કર્યો છે, એ બાના જીવનનું રહસ્ય છે. અલબત્ત, બાને 'બા' બનાવવામાં બાપુનો ફાળો કાંઈ નાનોસૂનો નથી. આ વિભૂતિમય દંપતીના જીવનનું ખરું રહસ્ય જ એ છે કે, બંનેએ એકબીજાને ચડાવ્યાં અને મહાન બનાવ્યાં.

ગુરુદેવ ટાગોર એક જગાએ લખે છે કે, ''તે સમયે ભારતના તપસ્વીઓ ગૃહસ્થ હતા, કારણ કે ગૃહ તે વખતે મુક્તિમાર્ગમાં અડચણરૂપ ન હતું.'' બાના જીવનનો બોધ પણ આ જ છે, બા બાપુજીની સાધનામાં અને એમનાં મહાવ્રતોના પાલનમાં આડે તો નથી જ આવ્યાં, પણ ઊલટું ધીમે ધીમે બાપુનાં વ્રતો, આદર્શો અને સિદ્ધાંતો પોતાનાં કરતાં ગયાં છે અને તેમ તેમ બાનો પોતાનો વિકાસ થતો ગયો છે. એ રીતે બા મહાપતિવ્રતા કહેવાય. પતિવ્રતા શબ્દના પ્રચલિત અર્થમાં તો ખરાં જ, પણ એથી બહુ વિશાળ અર્થમાં પણ પતિનાં સઘળાં વ્રતોને પોતાનાં બનાવીને બાએ આચાર્યાં એ અર્થમાં. આમાં બાની વિશેષતા એ છે કે, આ બધાં વ્રતો, સિદ્ધાંતો, આદર્શો એ કાંઈ બાનાં પોતાનાં ન હતાં. બાની મહત્ત્વાકાંક્ષા કાંઈ બાપુના જેવી પોતાના જીવનને પૂર્ણ બનાવવાની, મોક્ષની સાધના કરવાની ન હતી. જેને પોતાની આવી મહત્ત્વાકાંક્ષા હોય તે તો પોતાની અંદરની પ્રેરણાથી ધકેલાઈને આવું જીવન ગાળે. એમની તો એ પણ મહત્ત્વાકાંક્ષા ન કહેવાય. એમની એક સહજવૃત્તિ બાપુને અનુકૂળ થવાની હતી. જોકે પોતાની સમજના ક્ષેત્રની જે વાત હોય તેમાં તો બાના પોતાના જ સ્વતંત્ર વિચાર રહેતા અને એ વિચારોમાં તે મક્કમ પણ રહેતાં, પણ સાર્વજનિક પ્રવૃત્તિઓ, આશ્રમના આદર્શો વગેરે બાબતોમાં તે નિષ્ઠાપૂર્વક બાપુને અનુસરતાં, અને એમ અનુસરતાં અનુસરતાં એમણે પોતાનો વિકાસ સાધ્યો, અથવા વધારે સાચું તો, એમનો વિકાસ થયો. કારણ, આવા વિકાસની પણ એમણે આકાંક્ષા નથી રાખી. એમનું જીવન તો સહજવૃત્તિથી ચાલ્યું છે. એનો ધ્રુવતારો એક કે, જે બાબત સમજ ન પડે એવી હોય તેમાં પતિને અનુસરવું.

બાપુ જેવા પરમ સત્યાગ્રહી અને ધ્યેયવાદીને અનુસરવા માટે બાએ કાંઈ ઓછો ભોગ નથી આપ્યો. બાપુ જેવા તપસ્વી પુરુષની સાથે ચાલવામાં તો વચ્ચે વચ્ચે ભૂકંપના જેવા આકરા આંચકા વેઠવાના આવે, જ્વાલામુખીના ધગધગતા લાવામાંયે પગલાં ભરવાં પડે, છતાં છેવટ સુધી બા પાછાં નથી પડ્યાં. પોતાની ઇચ્છાઅનિચ્છાનો ત્યાગ કરી, અનેક મુશ્કેલીઓ અને પરિવર્તનો સહી લઈ, પતિને રસ્તે ચાલવું, એ કાંઈ સહેલ નથી. આને માટે ખૂબ આત્મબળ અને અપૂર્વ સમર્પણની ભાવના જોઈએ. બામાં એ બંને હતાં અથવા બાએ એ બંને કેળવ્યાં હતાં, અને તેથી ગૃહસ્થજીવનનો દુર્ગમ સમુદ્ર કુશળ તારાની છટાથી બા તરી ગયાં.

બાપુ બહુ ભણેલા અને મોટા નેતા અને બા અભણ; વળી બાપુ પોતાના જીવનમાં ઉત્તરોત્તર ભારે પરિવર્તનો કરતા રહ્યા છે અને પોતાના વિચારોના પાલનનો ખૂબ આગ્રહ રાખે છે; એટલે તેમાં બાની તો ખરેખરી તાવણી જ થતી. તે ઉપરથી કેટલાંકને એમ પણ લાગતું કે, બાને તેનું દુઃખ રહેતું હશે. પણ બા તે તાવણીમાંથી કેટલા આનંદ અને ઉત્સાહથી પસાર થતાં તેનો પુરાવો તેમણે લખેલા એક પત્રમાંથી મળે છે. બાની ઇચ્છા તો એ પત્ર એક ટીકા કરનાર બહેનને મોકલવાનો તેમ જ વર્તમાનપત્રોમાં પણ છાપવા આપવાનો હતો. પણ બાપુએ એ પત્ર પેલાં બહેનને મોકલ્યો જ નહીં. અને છાપામાં તો આવે જ શાનો ? સેવાગ્રામમાં મહાદેવકાકાના કેટલાક કાગળોની હું નકલ કરતી હતી તેમાંથી એ પત્ર મારા હાથમાં આવ્યો, તે બાપુની રજાથી અહીં આપું છું. મૂળ પત્રનું ચિત્ર સામે પાને આપ્યું છે; શુદ્ધ કરીને વાંચતાં તે નીચે પ્રમાણે છે :

શુક્રવાર

અ.સૌ. લીલાવતી,

તમારો પત્ર મને બહુ ખૂંચ્યા કરે છે. તમારે ને મારે તો કોઈ દિવસ વાતચીત કરવાનો વખત બહુ નથી આવ્યો. તો તમે કેમ જાણ્યું કે, મને ગાંધીજી બહુ દુઃખ આપે છે ? મારો ચહેરો ઊતર્યો હોય છે, મને ખાવા વિશે પણ દુઃખ આપે છે, તે તમે જોવા આવ્યાં હતાં ? મારા જેવો પતિ તો કોઈને દુનિયામાં પણ નહીં હોય. સત્યથી આખા જગતમાં પૂજાય છે. હજારો તેની સલાહ લેવા આવે છે. હજારોને સલાહ આપે છે. મને કોઈ દિવસ મારી ભૂલ વગર મારો વાંક નથી કાઢ્યો. મારામાં લાંબા વિચાર ન આવે, ટૂંકી દૃષ્ટિ હોય, તો કહે, તે તો આખા જગતમાં ચાલતું આવ્યું છે. ગાંધીજી છાપે ચડાવે; બીજા ઘરમાં કંકાસ કરે. મારા પતિને લીધે તો હું આખા જગતમાં પૂજાઉં છું. મારાં સગાંવહાલાંમાં ખૂબ પ્રેમ છે. મિત્રોમાં મારું ઘણું માન છે. તમે મારા ઉપર ખોટું આળ ચડાવો છો તે કોઈ માનવાનું નથી. હા, હું તમારા જેવી આજકાલના જમાના જેવી હું નથી. ખૂબ છૂટ લેવી, પતિ તમારા તાબામાં રહે તો સારું, નહિ તો તારો અને મારો રસ્તો નોખો છે. પણ સનાતની હિંદુને તે ન છાજે.

પાર્વતીજીને એવું પણ હતું કે, જન્મોજન્મ શંકર મારા પતિ છે.

**લિ. કસ્તૂર ગાંધી**

**- વનમાળા પરીખ**

**8.4 કૃતિનો સારાંશ :**

'આદર્શ સહધર્મચારિણી' કૃતિ કસ્તુરબાના જીવનવૃત્તાંતનું એક મહત્ત્વનું પ્રકરણ છે. ગાંધીજીના જીવનમાં 'ધર્મવિષયક અભ્યાસ જેટલું જ મહત્ત્વ કસ્તુરબાનાં જીવનનું છે. આ કૃતિમાં આદર્શ સહધર્મી સાથી તરીકે કસ્તુરબાના વ્યક્તિતત્ત્વનું દર્શન થાય છે. પ્રથમ દૃષ્ટિએ સાધારણ અને અલ્પશિક્ષિત એવાં કસ્તુરબા સાચા અર્થમાં પતિવ્રતા છે. પતિવ્રતા શબ્દનો આપણે ત્યાં પરંપરાગત અર્થ ઘણો સંકુચિત છે. ગાંધીજી જીવનમાં અગિયાર વ્રતોને સ્થાન આપ્યું. સત્ય, અહિંસા, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ જેવાં મહાન વ્રતો ઉપરાંત બીજાં છ વ્રતોનું ગાંધીજીએ ઉમેરણ કર્યું. આમ, કુલ એકાદશ વ્રત'ની ગાંધીજીએ સલાહ આપતાં પહેલા જીવનમાં ઉતારવાનું નક્કી કર્યું. એ સેવાવ્રત ધારણ કરનારા કસ્તુરબા મહાવ્રતી ગણાય.

પાંચ મહાવ્રતો ઉપરાંત અભય, અસ્વાદ, અસ્પૃશ્યતા નિવારણ, શરીરશ્રમનું મહત્ત્વ, અભય અને સ્વદેશી જેવાં નવાં જીવનસૂત્રો બાપુએ લાગુ કર્યાં. આ દરેક વ્રતોને બાપુની સાથે સાથે જીવનમાં ઉતારવા, અનુસરવાનું તપોનિષ્ઠ જીવન કસ્તુરબાનું પણ હતું. ધ્યેયનિષ્ઠ તપસ્વી ગાંધીજીના સહયાત્રી કસ્તુરબાના સમર્પણની વાત આ કૃતિમાં છે. પોતે મહાત્મા ગાંધીની પત્ની હોવાનું ગૌરવ અનુભવે છે. એક બહેન ધારા એવી ટીકા થઈ કે બાપુએ કસ્તુરબાને ખૂબ કષ્ટ આપ્યું હશે. આ બહેનને કસ્તુરબા પોતાની હૃદયવાણી પત્રના માધ્યમથી પહોંચાડવાનો પ્રયાસ કરે છે. એ જાહેર નિમિત્તે લખાયેલો પત્ર કસ્તુરબાના જીવનસાફલ્યનો નોંધપાત્ર આધાર અહીં બન્ને લેખિકાઓ દ્વારા આદર તથા અભ્યાસના સુભગ સમન્વયથી રજૂ થયો છે. કસ્તુરબાએ ટીકા કરનાર બહેનને આપેલો જવાબ ગાંધીજીના જીવન ઉદ્દેશો તથા દામ્પત્યની પ્રસન્નતાને સંક્ષિપ્તમાં પણ સુચારું રીતે રજૂ કરવામાં સફળતા પામે છે.

**8.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન :**

ગાંધીજીએ કસ્તુરબા વિશે એક વખત કરેલા ઉલ્લેખથી આ કૃતિની શરૂઆત થાય છે. બાપુ લખે છે :

મારી પત્ની વિશેનો મારો પ્રેમ અને મારી લાગણી હું વર્ણવી શકું તો હિંદુ ધર્મ વિશેનો મારો પ્રેમ અને મારી લાગણીએ હું વર્ણવી શકું. દુનિયામાંની બીજી કોઈ પણ સ્ત્રી કરતાં મારી પત્ની મારા ઉપર વધારે અસર કરે છે.''

વનમાળા પરીખે આ પ્રકરણ લખ્યું છે. લેખિકાએ બાપુના જીવનમાં હિંદુ ધર્મ અને કસ્તુરબા; બન્નેના મહત્ત્વને અંકે કર્યું છે.

કસ્તુરબા અને હિન્દુધર્મ ગાંધીજીના જીવનમાં માર્ગદર્શક પ્રેરણાદાયી પરિબળ છે એમ લેખિકા અહીં જણાવે છે.

બાપુના જીવનમાં ધર્મ અને ધર્મપત્ની, પોતાની પસંદગીના નથી મળ્યા. વૈષ્ણવધર્મ વારસામાં મળ્યો. જન્મ વૈષ્ણવ કુળમાં થયો. જન્મે હિંદુ અને કર્મે વિશ્વમાનવ એવા ગાંધીજી પોતાના જમાના કરતાં કેટલા આગળ હતા કે 1888માં ઓગણીસ વર્ષની વયે બેરિસ્ટર થવા વિલાયત ગયા. વિલાયતમાં બેરિસ્ટરનું ભણવા ગયેલા આ કાઠિયાવાડી યુવાનનું નાગરિક તરીકે ઘડતર થયું. વિલાયતમાં સમજણની ક્ષિતિજો ખુલી વિલાયત અને દક્ષિણ આફ્રિકામાં, જીવન ઘડતરકાળે વિવિધ ધર્મનો અભ્યાસ કર્યો. ખુલ્લા મનથી દરેક ધર્મમાંથી સારપનો સ્વીકાર કરતા ગયા. સ્વભાવ અને દર્શનથી ઘણા પ્રયોગશીલ એવા મોહનદાસની સગાઈ સાત વર્ષની વયે કસ્તુર સાથે થઈ. તેર વર્ષની ઉંમરે બન્નેનાં લગ્ન થયાં. જીવનસાથીની પસંદગીનો અવકાશ નહોતો. માતા-પિતા જણાવે ત્યાં પરણવાનો રિવાજ સહજ હતો. સંસાર શરૂ કર્યો, ગૃહસ્થ જીવનની શરૂઆતમાં એક સાધારણ પતિ જેવો વહેમીલો સ્વભાવ ધરાવતા મોહનદાસના વ્યક્તિત્ત્વ ઘડતરમાં કસ્તુરબાની જીવન સાધનાનો પરિચય મળે છે.

1888માં વિલાયત ભણવા માટે જવાનું થાય છે ત્યારે પૈસાની જોગવાઈ કરવા મોટા ભાઈ કરજ કરે છે તો સહધર્મચારિણી કસ્તુરબાઈ પોતાનાં ઘરેણાં આપે છે. ગાંધીજીએ લખ્યું છે. ''બાનો ભારે ગુણ કેવળ સ્વેચ્છાએ મારામાં સમાઈ જવાનો હતો. એ કાંઈ મારી ખેંચથી નહોતું બન્યું. પણ બામાં જ એ ગુણ સમય આવ્યે ખીલી નીકળ્યો.''

ગાંધીજી દક્ષિણ આફ્રિકા હતા ત્યારે અંગ્રેજ મિત્રો સાથે ધર્મચર્ચા થતી. હિંદુ ધર્મ વિશેની તેમની સમજ અને જ્ઞાન પરિપક્વ નહોતા ત્યારે તેમણે એક અંગ્રેજ મિત્રને કહેલું કે; ''જો કે હું જન્મથી હિંદુ છું છતાં હિંદુ ધર્મ વિશે હું બહુ જાણતો નથી. બીજા ધર્મો વિશે એથીયે ઓછું જાણું છું.'' એ રીતે ધર્મપત્ની વિશે પણ લગ્નજીવનની શરૂઆતનાં વર્ષોમાં તેમણે કહ્યું છે ''હું અદેખો અને વહેમી પતિ હતો. પત્ની ક્યાં જાય છે અને શું કરે છે તે ઉપર અંકુશ રાખવા ઈચ્છતો.'' આમ, હિંદુ ધર્મ વિશે અને પત્ની વિશે પ્રારંભે બહુ ઓછી જાણકારી અને સરેરાશ સમજ હતી પણ ધર્મચર્ચા અને વાચન થકી ધર્મશ્રદ્ધા દૃઢ બની અને કસ્તુરબાની ધીરજના કારણે લગ્નજીવન પણ સમૃદ્ધ થયું.

ગાંધીજી ઉગ્ર તપસ્વી હતા. એવો લેખિકાનો મત અહીં વ્યક્ત થાય છે. એનો અર્થ એ નથી કે તેઓ સ્વભાવથી ઉગ્ર હતા. બાપુ સત્યનિષ્ઠ જીવનસાધક હતા. સ્વાદ ત્યાગ અને શ્રમમૂલક સાદું જીવન જીવવાના તેમના પ્રયોગોના કારણે સાધારણ વ્યક્તિ માટે કઠોર કહી શકાય તેવી તેમની દિનચર્યા હતી. તેઓ સાદગીના કારણે ઘણી શારીરિક અગવડ ભોગવવાનો આગ્રહ રાખતા તેથી પોલાક જેવા મિત્રને ધૂની અને જક્કી લાગવા છતાં વહાલ ઊપજે એવા સંત પણ હતા. પોલાકના લગ્ન પછી દક્ષિણ આફ્રિકામાં બેરિસ્ટર સત્યાગ્રહી ગાંધીજી સાથે રહેવાનું થયું હતું ત્યારે મિ. પોલાકે પણ લખ્યું છે કે, ''એવા એક સંતની સાથે એના એક કુટુંબીજન તરીકે રોજનું અત્યંત નિકટનું જીવન ગાળવું, એ મિસિસ પોલાકને કેટલું આકરું લાગ્યું હશે ?'' - આમ, ગાંધીજીની નિકટતા સેવનારની ખરી કસોટી થતી.

ગોપાલકૃષ્ણ ગોખલેને ગાંધીજી માટે ખૂબ આદર. તેમણે ગાંધીજીને સ્નેહપૂર્વક વિનોદમાં કહેલું કે; ''તું ભારે જાલીમ છે. એક તરફથી તારો પ્રેમ અને બીજી તરફથી તારો આગ્રહ એ એટલા જોરથી બીજા પર ઉપર અસર કરે છે કે, એ બિચારો તારી ઈચ્છા પ્રમાણે વર્તવાને અને તને રાજી કરવાને તણાઈ મરે''- બાપુના આ પ્રેમાગ્રહને કારણે સરોજિની નાયડુ પણ પત્રમાં પ્રેમપૂર્વક 'જાલીમ' સંબોધન કરતા. ગોખલેજી અને સરોજિની નાયડુ જેવા અગ્રણીઓ

ગાંધીજીની જીવનચર્યામાં તપ જોઈને, સિદ્ધાંત નિષ્ઠા જોઈને તેમને જાલિમ કહીને, પોતાના હૃદયનો આદર જ ઠાલવ્યો છે.

ગાંધીજી જેવા મહાપુરુષનાં ધર્મપત્ની કસ્તુરબા આદર્શ સહધર્મચારિણી સિદ્ધ થાય છે. તેમની ધીરજ, સહનશક્તિ અને કર્તવ્ય પરાયણતાથી પતિએ જીવનમાં એક પછી એક અગિયાર વ્રત ધારણ કર્યાં. પતિના પગલે પગલે પત્નીએ તમામ વ્રતોને આચરણમાં મૂક્યા તેથી કસ્તુરબા વિશાળ અર્થમાં મહાપતિવ્રતા કહેવાય.

આદર્શ સહધર્મચારિણી કસ્તુરબાનાં જીવનસૂત્રો આ મુજબ તારવી શકાય :

ગાંધીજીના જીવનમાં જેમજેમ પરિવર્તન આવતું ગયું તેમ તેમ કસ્તુરબા પણ તેમના જીવન સિદ્ધાંતોને અપનાવતા ગયા. સાધારણ સ્ત્રીને વસ્ત્ર, આભુષણો, દાગીના, શૃંગાર આદિમાં રસ હોય છે પણ કસ્તુરબાએ સાધુસંન્યાસી જેવું ગાંધીજીનું જીવન કોઈ પોતાનું મન વાળી લીધું. બાપુને અનુકૂળ થવાની સહજવૃત્તિ, ખીલી. પોતાની ઈચ્છા-અનિચ્છાનો ત્યાગ કરી બાપુના પ્રયોગશીલ, ક્રાંતિકારી, સમર્પણશીલ જીવનપથ પર ચાલવામાં દરેક પગલે ખભેખભા મિલાવી સાથે ચાલ્યા. સાથ આપ્યો તેથી તેઓ આદર્શ સહધર્મચારિણી કહેવાય.

બાપુએ બાને બહુ કષ્ટ આપ્યું હશે એમ માનનારાં એક બહેનને બાએ એક પત્ર લખ્યો. બા પોતે એ પત્ર જાહેર કરવા માંગતાં હતાં. બાપુએ એ પત્ર પેલાં બહેનને પણ મોકલ્યો નહિ અને છાપામાં પણ ના મોકલ્યો. એ પત્ર આપણે મૂળ કૃતિમાં જોયો. એ પત્ર આ કૃતિનાં લેખિકા વનમાળા પરીખને મહાદેવભાઈ દેસાઈના કાગળોમાંથી મળ્યો, જે બાપુની રજા લઈને આ રચનામાં છાપ્યો છે.

આમ, કસ્તુરબાએ તેમના પતિ મોહનદાસ કરમચંદ ગાંધીના દરેક કાર્યમાં સાથ આપ્યો. ગાંધીજીના નૈતિક જીવનને, ધર્મમય જીવનને સતત અનુસરતાં રહ્યાં.

વનમાળા પરીખે કસ્તુરબાના જીવનમાર્ગને વિશે પૂરી તટસ્થતા, અભ્યાસ અને અનુભવના આધારે જે લખ્યું છે તે કસ્તુરબા જેવી ક્રાંતિકારી મહિલાના જીવનનો મૂલ્યવાન દસ્તાવેજ બને છે.

## 8.6 (અ) તમારી પ્રગતિ ચકાસો

(1) કસ્તુરબાનું જીવનવૃત્તાંત કોણે લખ્યું છે ? (જુઓ 16.2)

(2) દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી સાથે કુટુંબીજન તરીકે કોણ રહેતું હતું ? (જુઓ. 16.5)

(3) ગાંધીજી જીવનમાં કેટલાં વ્રતો અનુસર્યા હતા ? (જુઓ, 16.4)

(4) ગાંધીજીનાં પ્રથમ અંતેવાસી કોને ગણવા જોઈએ ? (16.2)

(5) ગાંધીજીની જીવનશૈલી જોઈને કોણ તેમને પ્રેમપૂર્વક 'જાલીમ' કહેતું હતું ?

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

(1) ગાંધીજીની જીવનસાધનામાં વ્રતોનું સ્થાન

(2) ગાંધીજી તથા કસ્તુરબાનું દામ્પત્ય જીવન

(ક) 'આદર્શ સહધર્મચારિણી' લેખના આધારે કસ્તુરબાની સેવા અને સાદગી વિશે ટૂંકમાં લખો.

## 8.7 વિશેષ અધ્યયન :

**કર્તા પરિચય : વનમાળા પરીખ :** આ પુસ્તકનાં લેખિકા વનમાળા પરીખ; સ્વાતંત્ર્ય સેનાની નરહરિ પરીખનાં સુપુત્રી થાય. કોચરબ આશ્રમ-અમદાવાદની સ્થાપના થઈ ત્યારથી ગાંધીજી સાથે જોડાયેલા નરહરિ પરીખનાં બન્ને સંતાનોને આશ્રમમાં રહેવાનું સદ્ભાગ્ય મળ્યું. આશ્રમમાં રહેવાના કારણે બુનિયાદી તાલીમ મળી પણ સરકારી શાળા શિક્ષણથી તેઓ વંચિત

રહ્યા. આશ્રમજીવનના અનુભવોએ તેમનું ઘડતર કર્યું. કસ્તુરબા વિશે પુસ્તક લખવાની ઈચ્છાને તેમણે અમલમાં મૂકી. ગાંધીજીના બીજા અંતેવાસી પ્યારેલાલનાં બહેન, સુશીલાબહેન નય્યરનો સહયોગ ભળ્યો.પરિણામે 'અમારાં બા' પુસ્તક સાકાર થયું. ગાંધીજીએ આ પુસ્તકની પ્રસ્તાવના લખી છે એ ખૂબ મહત્ત્વની બાબત ગણાય.

● **ટિપ્પણ :**

જીવનદાયી = જીવન આપનાર

પ્રેરણાદાયી = પ્રેરણા આપનાર

ગળથૂથી = (i) બાળપણથી આપવામાં આવેલો સંસ્કાર

(ii) બાળકને આપવાનું ગોળ, ઘી તથા પાણીનું મિશ્રણ.

ઊર્ધ્વગામી = ઊંચે જનારું

વરણાગિયા = ટાપટીપ કરનાર (વસ્ત્ર પરિધાન આદિમાં ટાપટીપ કરનાર)

મનવાળી લેવું = સંતોષ રાખવો, અપેક્ષાઓ ત્યજી શાંત થવું.

● **વિશેષ વાચન :**

- અમારાં બા - લે : વનમાળા પરીખ સુશીલા નય્યર - નવજીવન પ્રકાશન મંદિર
- સત્યના પ્રયોગો અથવા મારી આત્મકથા-મોહનદાસ કરમચંદ ગાંધી - નવજીવન પ્રકાશન મંદિર

**લેખન :** ડૉ.યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર-ગુજરાતી વિભાગાધ્યક્ષ)
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ

**એકમ 9**

# વનાંચલ

## (સ્મૃતિકથા-અંશ)

- જયંત પાઠક

રૂપરેખા

**9.1** ઉદ્દેશો
**9.2** પ્રસ્તાવના
**9.3** કૃતિ
**9.4** કૃતિનો સારાંશ
**9.5** કૃતિલક્ષી અધ્યયન
**9.6** વસ્તુલક્ષી કસોટી
**9.7** કૃતિલક્ષી ભાષાકીય અભિવ્યક્તિનો અભ્યાસ
**9.8** લેખન-પ્રવૃત્તિ
**9.9** તમારી પ્રગતિ ચકાસો
**9.10** વિશેષ અધ્યયન
- ટિપ્પણ
- સંદર્ભ સૂચિ

### 9.1 ઉદ્દેશો

આ સ્મૃતિકથા-અંશના અભ્યાસ દ્વારા તમે –

- ‘વનાંચલ’ સ્મૃતિકથાના અંશનો આસ્વાદ માણશો.
  - સ્મૃતિકથા-અંશમાં નિરૂપાતા વર્ણનો
  - લેખકની કાવ્યાત્મક ભાષાશૈલી
  - પ્રકૃત્તિ અને સંસ્કૃતિ સાથેનું તાદાત્મ્ય
- ‘વનાંચલ’ સ્મૃતિકથા-અંશમાં વ્યક્ત થતી વતનવિચ્છેદની લાગણીને અનુભવશો.
- ‘વનાંચલ’ સ્મૃતિકથા-અંશ દ્વારા ગામડાની પ્રકૃત્તિ તથા સંસ્કૃતિના થતા ફેરફારને સમજશો.
- ‘વનાંચલ’ સ્મૃતિકથા-અંશમાં લેખકની ગદ્યશૈલીના પ્રભાવને માણશો.

### 9.2 પ્રસ્તાવના

પોતાના વન, વતન, શૈશવને સ્મૃતિમાં સંઘરીને મનુષ્ય વાગોળતો હોય, શૈશવનું ગામ-ગામની એકેએક પહાડ, ઝાડ, મંદિર, જંગલ અને જનજીવનની સ્મૃતિ અકબંધ ચિત્તમાં પડી હોય તેવા સમયે ફરી એ જ સ્થળે, એ જ લોકો વચ્ચે જવાનું થાય અને હાડ-માંસમાં પ્રસરેલી એ સ્મૃતિઓને આંખો વડે ફરી જોવાની ઝંખના હોય અને તે ફળીભૂત ન થાય ત્યારે માનવીનું મન જે આઘાત અનુભવે તે સંવેદનાને લેખક આ સ્મૃતિકથા અંશ દ્વારા પ્રગટ કરે છે. ગામ, મંદિર, બજાર, જીવનજરૂરી વસ્તુના વપરાશમાં પરિવર્તન, લોકોની જીવનશૈલીમાં પરિવર્તન તથા પ્રકૃત્તિ સાથેનો વિચ્છેદ એ આ કથાંશનો હાર્દ છે. ડુંગર, કોતર, નદી, જંગલ અને પશુપંખી સભર વન્યસૃષ્ટિને આ કથાંશમાં જીવંત અનુભવશો.

**9.3 કૃતિ(વનાંચલ-સ્મૃતિકથા અંશ)**

ત્રણ સાડાત્રણ દાયકા પછી પાછો વતનમાં. આ વખતે ગાડામાં, ઘોડે બેસીને કે ચાલીને નહી પણ એસ.ટી.ની બસમાં. કેવું પરિવર્તન ! એક વાર અહી આગગાડીની વાત પણ માનવા કોઈ તૈયાર નહોતું. આદિવાસી કહેતો, 'બળદ વગર ગાડી ચાલી જ ન શકે !' દેવગઢબારિયાથી રાજાની મોટર આવે ત્યારે ગામેગામ લોકોનાં ટોળા રાજાનું નહિ તેટલું મોટરનું દર્શન કરવા ઉત્સાહમાં રસ્તા પર ઊમટે. મોટર પસાર થઈ જાય ને પેટ્રોલની મનગમતી વાસ ધૂળમાં નીચે વળીને માણે ! બસમાં મારી સાથે કેટલાંક આદિવાસી સ્ત્રીપુરુષો છે. તેઓ ઘોઘંબે ઊતરી ચાલતાં પોતપોતાને ગામ જશે. લંગોટીને બદલે હવે થેપાડાં, ઘુઘરિયાળાં બટનવાળાં લીલાં ખમીસ ને માથે ફાળિયાં જોવા મળે છે. કહે છે કે કરડ નદીનો બંધ બંધાયો તેમાં આ લોકોને સારી રોજી મળી છે.

પાવાગઢથી વતનમાં જતાં વચ્ચે ત્રણેક ગાઉનું જંગલ આવે. એક વારનું આ ગીચ જંગલ, વાઘ ને લૂંટારાઓના ભયથી ભરેલું. ગાડામાં બેસીને કે ચાલતા જતા હોઈએ ત્યારે આ વિસ્તારમાં પ્રવેશતાં જ વાતચીત ધીમી થઈ જતી, ગાડું હાંકવાવાળા પણ બળદને ડચકારતાં ડરે — રખેને કોઈ જાનવરને વાટમારુને ગંધ આવી જાય ! આજે તો આ જંગલ આછુંઆછું થઈ ગયું છે. ભયને વસવા માટે અનુકૂળ જગા જ નથી. ગણ્યાંગાંઠ્યા ઝાડવાં ઊભાં છે; ખેતરો ને વસ્તીના વધતા જતા આક્રમણથી વગડો છિન્નભિન્ન થઈ ગયો છે. જ્યાં કેડીઓ હતી ત્યાં રસ્તા થયા છે; કેડીઓ તો બિચારી વગડામાં સંતાતી-સંકોચાતી ફરે, રખેને ઘાસ કે છોડ ધસી આવીને રંજાડે એવો એને ભય. પણ આ રસ્તા ! સંકોચાવાનું તે વગડાને; ઝાડપાન બિચારાં આઘાં ખસીને જગા કરી આપે છે. આડાં થાય તો એમનું આવી જ બને, જાનથી જાય ! ને આ વગડો ! ક્યાં માણસને આશ્રય આપતો પેલો વનાંચલ ને ક્યાં આ માણસને આશ્રયે, એની દયા ઉપર જીવતાં ઝાડવાં ! હવે તો જાણે પ્રકૃતિને સંસ્કૃતિની મહેરબાની ઉપર જ જીવવાનું!

ગોઠ ગામ - મારી જન્મભૂમિ — ઉજ્જડ થઈ ગયું છે. ઘર પડી ગયાં છે. અહીના બ્રાહ્મણો નજીકના ઘોઘંબા ગામમાં જઈને વસ્યા છે. જે ઘરની કોઢમાં હું જન્મેલો તે ઘર આજે નથી. ગામને ઝાંપે ઊભેલો પુરાણો વડ ઊખડી પડ્યો છે. પાસેનું થાણું પડી ભાંગ્યું છે. એની ઈંટો લોકો પોતાના વપરાશ માટે ઉપાડી જાય છે. કોળીનાં ઘર હજી ઊભાં છે, એવાં ને એવાં; હજી અજવાળું પ્રવેશે એટલાં ઊંચાં થયાં નથી. ગામને આરે પાણી રહેતું નથી. જ્યાં ઉનાળામાં પણ વાંસ વાંસ પાણી રહેતું ત્યાં હવે પાતળી સેર પણ વહેતી નથી. કાળા ખડકો હાડપિંજર જેવા પડ્યા છે. ઉપરવાસ નદી ઉપર બંધ બાંધવામાં આવ્યો છે. નહેર વાટે દૂર દૂરના વિસ્તારોને પાણી અપાય છે. મનમાં ઉમાશંકરનું 'બળતા પાણી' ચમકે છે : 'નદીને પાસેનાં સળગી મરતાંને અવગણી —'નહેરથી અનાજ પાકશે, અન્નપરિસ્થિતિ સુધરશે, પણ ચોમાસામાં ગાંડી થતી નદીનું પેલું સૌંદર્ય? ઝાડ ઉપરથી ધરામાં ભૂસકા મારવાનો એ આનંદ ? એ તો ગયાં તે ગયાં જ. ઉપયોગિતાનાં આદરમાન થાય ત્યાં સૌંદર્યની અવગણના ઓછીવત્તીયે થવાની જ. પટની વચ્ચે એક કાળો પથ્થર છે, બરાબર તકિયા જેવો. આટલે વર્ષે પાછો એને અઢેલીને ઘડીક બેસું છું. નદીમાં થઈને ગાડાં પસાર થાય છે. પૈડાં નીચે પિલાતી રેતીનો

પરિચિત અવાજ સંભળાય છે; માત્ર પેલો પાણીનો છલબલાટ નથી, દેડકીઓનું ડ્રાંઉં ડ્રાંઉં નથી; ઉપવાસ કોતરમાંથી પાણી પીવા માટે શિયાળવાં નીકળતાં તે દેખાતાં નથી. ઉપરવાસ સ્મશાનમાં હાડકાં માટે ઝઘડતા ઝરખના છીકોટા સંભળાતા તે હવે સંભળાતા હશે કોઈ વાર ?

ગામથી વૈજનાથ મહાદેવનું દેરું હશે તો અર્ધો ગાઉ દૂર, પણ વચ્ચેનું જંગલ એની દૂરતા વધારતું. હવે તો ગામને ઝાંપેથી દેરાનું શિખર ને ઊડતી ભગવી ધજા સ્પષ્ટ દેખાય છે. વૃક્ષોની આડશ દૂર થઈ છે ને તે સાથે ભયનો, ગૂઢતાનો રોમાંચ પણ નષ્ટ થયો છે. મહાદેવ પણ 'સુધરી' ગયા છે; આજુબાજુ બાવાએ સુધરેલી દુનિયાનાં ફૂલઝાડ ઉગાડ્યાં છે. સ્મશાનમાં ક્રીડા કરતા ને ચિતાભસ્માલેપથી શોભતા હર હવે તો અહીં આરસની ફરસબંધીવાળા નિવાસસ્થાનમાં વસે છે; અકળાતા હશે ખરા કોઈ વાર ?! અહીંથી નજર કરો એટલે જૂનું રાજગઢ ને મંગલેશ્વર મહાદેવનું મંદિરનું ખંડેર દેખાય. એક વાર અહીંના જંગલમાં રાતે ફાલુડીનું રુદન સંભળાતું; દિવસે જાળામાં આરામ કરતા શિયાળવાં જોવા મળતાં, શાહુડીનાં પીછાં વેરાયેલાં દેખાતાં, રાની બિલાડા ફરતા. આજની પેઢીને તો એની વાત પણ પરીકથા જેવી જોડી કાઢેલી લાગે છે. ફળિયામાં રાતે એકાએક કૂતરાં ટપ્ ટપ્ પગલાં પાડતાં ઝાંપા સુધી જાય ને ભસવા માંડે. દાદા વહેલી સવારે ઊઠી શૌચ માટે પસાયતામાં થઈ જંગલમાં જાય ત્યારે ભાળ કાઢી લાવે કે રાતે થાણા પાછળના રસ્તેથી વાઘ નદી ભણી પાણી પીવા ગયેલો, એનાં મોટાં પગલાં ધૂળમાં પડેલાં, કૂતરાં એટલે જ ભસતાં હતાં. હવે તો વાઘ માત્ર છોકરાં બિવરાવવા માટેનું કલ્પનાનું પ્રાણી જ રહ્યું છે. અમે નાના હતા ત્યારે બે ગાડાં ઉપર પાંજરાં ચડાવી બે ચિત્તા થાણામાં પકડી આણેલા. અમે હોંશે હોંશે જોવા ગયેલા. જાનવર ઘુરકિયાં કરતાં ને પકડનાર શિકારી મહમ્મદ હુસેન કમાલન પાંજરાને લાત મારી ગૌરવથી 'સાલા કુત્તા' કહેતો હસતો. એ ચિત્તા પછી દેવગઢબારિયે મોકલાવેલા ને રાજાને એમના કોઈ રાજવી સંબંધીને ભેટ મોકલી આપેલા. આવી વાત હું કરું છું તો સાંભળનારને કશો રસ પડતો નથી. લોકો ચૂંટણીની, લાઈસન્સ-પરમિટની, ડીઝલ ઑઈલની, લેવીની ને મોંઘવારીની વાતો કરે-સાંભળે છે.

ઘોઘંબા ગામમાં મારા કાકાના ઘરની સામે બસ ઊભી રહે છે. ગિરજાશંકર પંડ્યાના પેલા અંધારા ઘરમાં બિરાજતાં રણછોડજી ને લક્ષ્મીજી હવે ગામ વચ્ચે રહેવા આવી ગયાં છે. એમને માટે વસવાટની સરસ વ્યવસ્થા થઈ છે. આંગણામાં મોટરના પ્રવાસીઓની મંડળીની જાતભાતની વાતો સાંભળવાનું, હોટેલના થાળીવાજાનાં ગાણાં સાંભળવાનું, સુધરેલી દુનિયાના કોલાહલ વચ્ચે જીવવાનું એમને ફાવતું હશે?! અહીં ખાસ્સું બજાર જામી ગયું છે. માથામાં નાખવાનું ધુપેલ કે ધોવાનો સોડા મગાવવા માટે અમે છગુ ટપાલીને શીશો ને ઝોળી આપતાં; અહીં તો હવે રંગબેરંગી તેલની બાટલીઓ દુકાનમાં શોભે છે; જુવાનો સુગંધીદાર તેલ નાખી પટિયાં પાડી હોટેલના બાંકડે પાન ચાવતા બેઠા છે. નદીમાંથી લીસો સપાટ પથ્થર શોધી તેને કપડાં ઉપર અમે ઘસીએ — એ જ અમારો સાબુ. આજે તો અહીં માત્ર ધોવાના જ નહિ, જાતજાતના નાહવાના સાબુ પણ મળે છે — લીમડા, હમામ, રેક્સોના. અમે નાના હતા ત્યારે ભૂંગળાવાળું થાળીવાજું લઈને કોઈ બે જણા આવેલા તે જેઠાકાકાને ઓટલે સંભળાવતાં. પેટીમાં

પેસીને કોણ બોલતું હશે, એ પેટીમાં શી રીતે રહી શકતું હશે એવી એવી મૂંઝવણ અમને થાય. હવે તો ગામમાં ત્રણચાર જણને ઘેર રેડિયો છે. આદિવાસીઓ દારૂને તમાકુ પીએ. ચામાં ના સમજે. સોડા-લેમન કે શરબત તો એમણે દેખ્યાંય ક્યાંથી હોય ! આજે તો કોઈ દેવ કે દેવીનું નામ ધરાવતી હોટલને બારણે આદિવાસીઓની મંડળી જામી છે. કોઈ ચીની માટીના પ્યાલામાં ચા પીએ છે, તો કોઈ વળી કાચના ગ્લાસમાં સોડા, લેમન કે રંગબેરંગી શરબત ગટગટાવે છે ! છેવાડે વસતા ★કુટુંબો સવારમાં તૂટેલો 'કોપ' કે વાટકો લઈ ચા લેવા આવે છે. બાજુની નાનકડી દુકાને પાન ખાનારની ઠઠ જામી છે. બધાંનાં મોં ઉપર આ 'સુધરેલા' જીવનનો રંગ ચમકે છે.

અમારા વખતમાં હજામત કરાવવાની ભારે તકલીફ. પાલ્લી ગામમાં મૂળજી ગાંયજો રહે; આસપાસનાં કેટલાંય ગામના કેશકર્તનની કામગીરી એ એકલો જ કરે. લગ્ન વખતે મશાલ ધરવાનું પણ એનું જ કામ. ક્યારેક ગોઠમાં આવી ચડે એટલે અમારે બધાંને પાટ ઉપર બેસી જવાનું. મેંગેનીઝની છલૂડીમાં મૂળજી પાણી મગાવે. એની આંગળીઓ જ બ્રશ ને સાબુ. અમારો 'ચહેરો કાઢે'. આંખમાં પાણી આવી જાય, શરીરે પરસેવો વળી જાય; કપાળમાં ને બોચીમાં લોહીના ટશિયા ફૂટે. અમારું માથું જ્યારે મૂળજી રાત એના બે પગ વચ્ચે લે, ઢીંચણના ચીપિયાથી પકડી રાખે ત્યારે તો જાણે શિરચ્છેદ માટે ગરદન ઝુકાવી છે એમ લાગે ! શરીરની ને ધોતિયાની વાસથી માથું ફાટે. મૂળજીને બાર મહિને મણ દાણા ને અડધો રૂપિયો આપવાનાં. એના વારસદારો આજે ઘોઘંબા ગામમાં 'હૅર કટિંગ સલૂન' ચલાવે છે ! લોકો ખુરશી ઉપર બેસી નિરાંતે વાળ કપાવે છે. હજામ માથા પર પાણીનો ફુવારો છોડે છે, આધુનિક અસ્ત્રાથી આધુનિક ફૅશનના વાળ કાપે છે, બોચી ઉપર પાઉડર છાંટી આપે છે. ઘરાક ફટ દેત્તોકને સિક્કા કાઢી ચાર્જ ચૂકવે છે.

ઉનાળામાં પહેરવા માટે અમારે 'ઝીણિયાં'(ઝીણા કાપડનાં ખમીસ) સિવડાવવાનાં હોય. પાલ્લીના શંકર દરજીના દીકરા મોહનને બોલાવ્યો હોય. ગજકાતર લઈ, કપાળમાં સ્વામિનારાયણી મોટા ચાંલ્લાવાળો મોહન આવે, બા પોટલામાંથી છેડાગાંઠણાં(લગ્ન વખતે વરકન્યાના છેડા ગાંઠવા માટેનું સફેદ કપડું જે ગોરને લેવાનું હોય) કાઢે છે, દરજી વેતરે છે. અમે 'ટેનિસ કૉલર' રાખવાનું કહીએ છીએ. કપડાં આવે ત્યારે કાં તો મોટાં પડે કે પછી નાનાં પડે. કૉલર ખિસ્સા ઉપર લટકતા હોય કે પછી કોકડું વળીને ગળે વળગતા હોય ! અમે બા આગળ અણગમો પ્રગટ કરીએ. બા મોહનને ઠપકો આપે, મોહન સાંભળી રહે. એને સાંભળી રહ્યા વગર છૂટકો નહિ ને અમારે પેલાં 'ઝીણીયા' પહેર્યા વગર છૂટકો નહિ. કોઈ વાર એનો કલાકાર આત્મા વધારે દુભાય ત્યારે બબડે : 'તમે તો મારો દેશડંકો વગાડ્યો !' મફતનું કાપડ ને અઢીત્રણ આના સિલાઈના. આજે હું જોઉં છું તો ઘોઘંબામાં 'ફૅન્સી' સિલાઈની દુકાનો લાગી ગઈ છે. જેમ હજામ તેમ દરજી હવે ઘેર આવતા નથી. આદિવાસીઓની એક મંડળી કપડાં સિવડાવવા આવી છે. દુકાન બહાર ઝાડ નીચે બેઠાં બેઠાં તેઓ તમાકુ પીએ છે. સિલાઈના ભાવ વધ્યા છે; ઓટલે સંચો રાખીને સીવવા માટે દરજીએ મકાનમાલિકને મહિને ત્રીસ રૂપિયાનું ભાડું ભરવાનું હોય !

થાણું, નિશાળ, દવાખાનું હવે ઘોઘંબામાં આવી ગયાં છે. દેશી રાજ્ય ગયું; ગુજરાત સરકારના અમલદારો પાટલૂન-બુશકોટમાં ફરે છે, જીપો દોડાવે છે. આગળ તો ભવાનીશંકર દાક્તરને ત્યાં ને પછી અમારે ત્યાં સાપ્તાહિક 'પ્રજાબંધુ' આવે. જેઠાકાકાના મોટા દીકરા ચન્દ્રકાન્ત પાઠક મુંબઈમાં 'જન્મભૂમિ'ના તંત્રી વિભાગમાં કામ કરે એટલે એમને ત્યાં 'જન્મભૂમિ' આવે. હવે તો અહીં અનેક છાપા આવે છે, રેડિયો સમાચાર સંભળાવે છે. લોકો અલકમલકની પરિસ્થિતિની વાતો કરે છે. હું મોટા ભાઈના નવા મકાન 'રામનિવાસ'માં બેઠો છું. કોઈ આવે છે તેને તેઓ ઓળખાણ આપે છેઃ 'આ મારો નાનો ભાઈ જયંતી, જયન્ત પાઠક; કવિ છે, પ્રોફેસર છે.' આવનાર 'એમ !' એવો ઉદ્‌ગાર કાઢી જરા, જરાક જ મારી સામે જોઈ લે છે, ને પછી સ્થાનિક પરિસ્થિતિની વાતોમાં ડૂબી જાય છે. સરકાર હવે છેક રસોડા સુધી આવી ગઈ છે ઘરનો સ્ત્રીવર્ગ પણ રૅશન, કંટ્રોલ ને મોંઘવારીની વાતો કરે છે.

મન મૂંઝાય છે. ઉદાસ થઈ ગયું છે. કોઈ અજાણ્યા મુલ્કમાં આવી પડ્યો હોઉં એમ લાગે છે, ગોઠતું નથી. મારું માટીનું ખોરડું, મારી સલિલસભર નદી — મારો વગડો — બધું ગયું. હા, હજી ડુંગરા એવા ને એવા જ ઊભા; એ મોરડિયો, કાનપુરિયો ને ધેજગઢિયો વહેતા કાલપ્રવાહની વચ્ચે અડીખમ, નિર્વિકાર, સ્થિતપ્રજ્ઞની જેમ ઊભા છે. ભૂતકાળ ભૂંસાઈ ગયો છે. ભૂંસાઈ રહ્યો છે; એ કંઈક સચવાયો છે આ ડુંગરાઓની વજ્રમુઠ્ઠીમાં ને કંઈક મારા મનમાં. વ્યગ્રતાથી છૂટવા હું સાંજે ઘેરથી નીકળું છું. કોતર ઉપર થઈને ગોઠમાં પ્રવેશું છું — એ કોતર જ્યાંથી જતાં રાની બિલાડાની તે ભૂતની બીકથી ધબકારા વધી જતા. ઉઘાડા ચોતરા વચ્ચે હજી પેલા તડકેશ્વર મહાદેવ બેઠા બેઠા તપ તપે છે. સંહારના સ્વામી સંહારલીલાને નિશ્ચલતાથી, નિર્મમ નેત્રે નિહાળી રહ્યા છે. ચોતરો દિવસે દિવસે નાનો થતો જાય છે, માત્ર એની ઉપર ચડનાર ને એની નીચે રમનાર કોઈ નથી. ફળિયામાંથી હું પસાર થાઉં છું; મને જોનાર ત્યાં કોઈ નથી. કૂતરુંય નથી કે મને અજાણ્યો ગણીને ભસે ! થાણા પાછળની લટિયાં તલાવડી જોઈ આવું છું. મારાં ક્યારડાં જોઉં છું. દાદાનું ખેતર જોઉં છું. મારી અને એમની વચ્ચેનું અંતર વધી ગયેલું જણાય છે. વહાલ ઊપડે છે, પણ જાણે સામેથી એવો પ્રતિભાવ જાગતો નથી. રહ્યાંસહ્યાં ઝાડવાંને પૂછું છું : 'ઓળખો છો?' જવાબમાં જાણે માથું ધુણાવી કહે છે : 'ના, ના'. આ ભૂમિ પૂરતો જાણે હવે હું કોઈ જીવતો માનવી નથી, પ્રેત છું, વાસનાદેહે વિચરું છું. આ શીળી ધૂળમાં પડેલી મારી હજારો પગલીઓને વર્તમાનના વાયુએ ભૂંસી નાખી છે. આ પરિચિત આંબો, કૂવો, વાડ, તળાવડી — બધાંને ઊલટથી મારું નામ કહી ઓળખાણ આપવાનું મન થાય છે, પણ ઘા જેવો પ્રત્યુત્તર સાંભળવાની હિંમત નથી તેની મૂંગો રહું છું.

પાટ ઉપર બેઠો છું. ગામમાંથી મોતીભાઈ આવે છે. મોં ઉપર વૃદ્ધતત્વના ઓળા ઊતર્યા છે પણ ઉત્સાહની ઝલક ઝાંખી પડી નથી. કહે છે : 'ઘણે વર્ષે આવ્યા જયંતીભાઈ (મારું નાનપણનું નામ બચુભાઈ' વિસરાઈ ગયું છે). ગામની રોનક બદલાઈ ગઈ; સમયની બલિહારી છે. જુઓને, જ્યાં ધોળે દહાડે જતાં બીક લાગે ત્યાં હવે ખબખબાટ વસ્તી થઈ ગઈ છે, જમીન ખેડાઈ ગઈ છે ને ઘોઘંબુ તો હવે શહેર જ જોઈ લો, કોઈ વાતની કમી નથી. બજાર થયું છે, મોટરો આવે છે. શહેરમાંથી શાકભાઈ

ઊતરે છે. ભલું થશે તો બેચાર વર્ષમાં વીજળીયે આવશે. ગામનો ઉદય લખાયો હોય તે મિથ્યા થાય કે ? 'કેમ, હવે તમારા જેવા શહેરમાંથી આવે એમને ગમે એવું થયું છે ને'? હું શો જવાબ આપું ? એમના મોં પરની આશાઉત્સાહની ઝલક ઝાંખી કરવાનું પાપ શા માટે કરું ? થાય છે કે બીજા કોઈ ગામની આવી પ્રગતિ જોઇને મને આનંદ ન થાત ? પણ આને 'બીજું ગામ', પારકું ગામ ગણવાનું તાટસ્થ્ય ક્યાંથી લાવવું ? મારે તો મારું ગામ જોવું હતું, ભૂતકાળનું મારુંગામ હતું તેવું જ જોવું હતું. પણ એમ આપણું ભૂતકાળનું મમત્વ કાંઈ કાળને કાળજે જકડી રાખી શકે કે ? જે ગયું તે તો ગયું જ, એનો રંજ ન કરવાનું ગીતાજ્ઞાન તો થાય ત્યારે; હમણાં તો મન એ ભૂતમાં જ રમખાણ રહે છે. એક આખું જગત મારા ચિત્તમાં બરાબર વસી ગયું છે. વર્તમાનના સંદર્ભમાં હું આ ભૂમિનો નથી, તો હૃદયથી આ ભૂમિથી કદી છૂટો પણ પડવાનો નથી. આમ 'છે' અને 'નથી', 'છું' અને 'નથી'ની વિચિત્ર લાગણી થાય છે. થાય છે કે સવારે જ અહીંથી નીકળી જાઉં : વધારે રહેવાથી રખેને ચિત્તમાં અંકાયેલું પેલું ચિત્ર ચેરાઈ જાય !

સવારે મોટરમાં વિદાય થાઉં છું. ઊંચાનીચા રસ્તા ઉપર આંચકા આપતી મોટર એકધારો અવાજ કરતી ચાલી જાય છે. વધતા જતા અંતર સાથે હું ચિત્તમાં ઊગેલા મારા વનાંચલમાં વધુ ને વધુ ઊંડે પ્રવેશતો જાઉં છું, નાની નાની કેડીઓ જેવી કાવ્યપંક્તિઓ મનમાં ઊઘડી રહે છે :

અહીં હું જન્મ્યો'તો વનની વચમાં તે વન નથી;
નથી એ માટીનું ઘર, નિજ લહ્યાં તે જન નથી;
અજાણ્યાં તાકી રહે વદન મુજને સૌ સદનમાં,
વળું પાછો મારે વનઘર હું : મારા જ મનમાં.

★ બાધિત શબ્દ હોવાથી દર્શાવેલ નથી.

**- જયંત પાઠક**

## 9.4 કૃતિનો સારાંશ

**ખંડ – 1**

ત્રણ સાડાત્રણ દાયકા પછી લેખક વતનમાં આવે છે. પહેલાંની જેમ ગાડામાં કે ઘોડે બેસીને કે ચાલીને નહીં પણ બસમાં આવે છે. પહેલાં દેવગઢબારિયાથી રાજાની મોટર આવતી તેનુંય લોકોને અચરજ થતું પણ હવે તો લેખકની સાથે કેટલાંક આદિવાસી સ્ત્રીપુરુષો પણ બસમાં છે, તેમને મોટરની નવાઈ નથી. કરડ નદીના બંધને લીધે લોકોને સારી રોજીરોટી મળી છે. પાવાગઢથી વતનમાં આવતા વચ્ચે ત્રણેક ગાઉ જેટલું જંગલ આવે જ્યાં આવતાં પહેલાં લૂંટારાઓના ભય, જનાવરનો ભય, ઘટાદાર જંગલનો ભય લાગતો ત્યાં હવે વગડો છિન્નભિન્ન થઈ ગયો છે, ગણ્યાંગાંઠ્યાં ઝાડવાં જ ત્યાં ઊભાં છે. કેડીઓ રસ્તા બની ગઈ છે અને લેખકની સ્મૃતિમાં વ્યાપ્ત બાળપણનું વનાંચલ માણસની દયા પર જીવતું ભાસે છે.

લેખકની જન્મભૂમિ 'ગોઠગામ' ઉજ્જડ બની ગયું છે, ત્યાં થોડા ઘર છે. તેમનું પોતાનું જન્મદાત્રી ઘર પણ નથી;પરંતુ, કોળીઓનાં ઘર હજુ છે અને ત્યાં અંધારું કાયમ છે. નદીનું પાણી બંધના કારણે સૂકાઈ ગયું છે, પછી નદી, પટ, રેતી, દેડકી, કોતર, શિયાળવાં વગેરેને લેખક યાદ કરે છે. ગામનું વૈજનાથ મહાદેવનું મંદિર, સ્મશાન, જૂનું રાજગઢ,

મંગલેશ્વર મંદિરની સ્મૃતિઓ વાગોળે છે. ત્યાં પહેલાં વસતાં પરીકથા સમા ફાલુડી, શિયાળવાં, શાહુડી, રાની બિલાડા, વાઘને ચિત્તા યાદ કરે છે; પરંતુ, હવે આવા પ્રાકૃતિક - સંસ્કૃતિ વાત ન કરતા લોકો ચૂંટણીની, ડીઝલ, ઑઈલ, લાઈસન્સ-પરમિટ અને મોંઘવારીની વાત કરતા થયા છે.

લેખક ઘોઘંબા કાકાના ઘરે જાય છે, સુધારેલી દુનિયાનો ત્યાં કોલાહલ છે, રંગબેરંગી તેલ બાટલીઓ દુકાનોમાં શોભે છે, જાતભાતના સાબુ અહીં બજારમાં મળે છે. ભૂતકાળમાં આ સ્થળોએ લોકો ચીની માટીના પ્યાલામાં ચા પીતા ત્યાં સોડા, લેમન જેવાં રંગબેરંગી શરબત ગટગટાવે છે. બધાંનાં મોં પર 'સુધારેલા જીવનનો' રંગ લેખક જુએ છે. પછી ત્યાં લોકોની વાત કરતા લેખકને હજામતમાં પડતી તકલીફ યાદ આવે અને ત્યાં હવે તો સલૂન થયા છે. અહીં પહેલાં 'ઝીણિયાં' સિવડાતા ત્યાં હવે 'ફેન્સી' સિલાઈની દુકાનો છે. થાણું, નિશાળ, દવાખાનું થતા ઘોઘંબા દેશી રાજ્ય મટી શહેર જેવું સ્વરૂપ લે છે. લેખક મોટા ભાઈને ત્યાં રહેવા ગયા છે, ત્યાં તેમની ઓળખાણ પ્રોફેસર તરીકે આવનાર આપે છે ત્યારે 'એમ' એવા ઉદ્‌ગાર કાઢી આવનાર વ્યક્તિ ફરીથી સ્થાનિક પરિસ્થિતિમાં ડૂબી જાય છે. સરકાર હવે રસોડા સુધી પહોંચી છે.

**ખંડ – 2**

આ પરિવર્તન જોઈ લેખકનું મન મૂંઝાઈ છે, ઉદાસ થાય છે. તેમની સ્મૃતિઓમાં જીવતું ગામ, નદી, ખોરડું, વગડો બધું હવે અહીં નથી. ડુંગરા છે પણ ભૂતકાળ ભૂંસાઈ ગયો છે. બાળપણની સ્મૃતિઓ અને ત્યાંની પ્રકૃત્તિને યાદ કરી લેખકનું મન મનોમન સંઘર્ષ અનુભવે છે. ત્યાંની પ્રકૃત્તિને પોતાની ઓળખાણ પૂછે છે પણ જવાબ 'ના' મળે છે, કૂતરાંય અજાણ્યા જોઈ ભસે છે. લેખક આ આઘાત સાથે મૂંગા રહે છે. ગામની રોનક બદલાય ગઈ છે. હું આ ભૂમિનો 'છું' કે 'નથી'નો સંઘર્ષ અનુભતા લેખક અહીં વધારે રહેવાથી કદાચ ચિત્તમાં એકાયેલું સ્મૃતિચિત્ર ચેરાઈ જવાના ડરે સવાર પડતા જ ત્યાંથી વિદાય લે છે, અને પોતાના મનના વનાંચલમાં ઊંડે ઊંડે પ્રવેશતા જાય છે.

## 9.5 કૃતિલક્ષી અધ્યયન

કવિ જયંત પાઠકના સર્જન વિકાસમાં 'વનાંચલ'નું સ્થાન અનોખું છે. સમય જતાં વર્તમાન સાથે ચિત્ત પર જીવાય ગયેલા જીવનની દૃઢ થયેલી સ્મૃતિઓ નામશેષ થાય પહેલાં સાહિત્યના માધ્યમ દ્વારા 'વનાંચલ' સ્વરૂપે – સ્મૃતિકથા સ્વરૂપે ઉતારે છે. 'વનાંચલ' જયંત પાઠકના શૈશવની કથા છે. 'વન' એટલે વનથી સભર ભૂમિપ્રદેશ અને હિંદીમાં તેના માટે 'આંચલિક' શબ્દ લખાય છે. તેમાં બન્યું વન + અંચલ = વનાંચલ. 'વનાંચલ' સ્મૃતિકથામાં કુલ બાર પ્રકરણો છે. તેમાંથી 12મું પ્રકરણ તમારા અભ્યાસ આપવામાં આવ્યું છે.

આ સ્મૃતિકથામાં પૂર્વ પંચમહાલ જિલ્લાના રાજગઢ મહાલનું ગોઠ ગામ, તેની નિસર્ગલીલા, અહીંની વસ્તી, આદિવાસી વસતી, તેમની રહેણીકરણી, પરંપરા, રીત-રિવાજ, તેમની જીવનશૈલી અને વાસ્તવિક સ્થિતિનું આખી સ્મૃતિકથામાં વર્ણન કર્યું છે. આખી કૃતિમાં જયંત પાઠકે પ્રકૃત્તિની સાથે પોતાના બાળપણ, પરિવાર, આસપાસના

લોકો અને નજીકની પ્રકૃત્તિનાં દર્શન કરાવ્યાં છે. ગ્રામ્ય સંસ્કૃતિનો હિસ્સો જેટલો માનવસમાજ છે એટલો જ પ્રકૃત્તિનો છે તે અહીં સાબિત થાય છે.

લેખકની સ્મૃતિકથામાં કેન્દ્રસ્થાને ગામ છે. ગોઠ ગામની આસપાસ સ્મૃતિઓની છાયા અને ગ્રામ્યસંસ્કૃતિની ઝલક દેખાય છે. ગામ હોય તો ઘર હોય, ઘરની પાછળ વાડો, વગડો હોય અને ત્યાં શિયાળ, સસલાં, રાની બિલાડા અને ફાલુડી વગેરે ફરતા હોય અને ત્યાં બે, ઘરમાં લેખકનું કુટુંબ વસે છે.

આખી સ્મૃતિકથામાં બારમું પ્રકરણ લેખકના કવિત્વનો ઉત્તમ નમૂનો પૂરો પાડે છે. બાળપણ વીતી ગયું છે. વતન સાથે નાતો તૂટી ગયો છે. છતાં પેલા બાળપણના સંસ્મરણો અંતરમાં એવા જડાય ગયા છે કે જિંદગીના સાડાત્રણ દાયકા વટાવીને લેખક શૈશવમાં માણેલા વતનના સૌંદર્ય જોવા — ફરી માણવા વતનમાં પાછા ફરે છે. અહીં આવ્યા પછી જુદો જ અનુભવ થાય છે. એકવાર અહીં આગગાડીની વાત કોઈ માનવા તૈયાર ન હતું ત્યાં હવે ધમધોકાર એસ. ટી. બસો દોડે છે. ઉજ્જડ થઈ ગયેલા વતનના ગામમાં હવે બંધને કારણે કરડ નદી પણ પાતળી સેર જેવી બની ગઈ છે. કાળા પહાડો હાડપીંજર જેવા લાગે છે. ભય ઉત્પન્ન કરતા ઝરખનાં છીંકોટા, ફાલુડીનું રૂદન, શાહુડીનાં પીંછા કે વાઘનાં પગલાં કશું જ રહ્યું નથી. વૃક્ષોની આડાશ સાથે ભયનો અને ગૂઢતાનો રોમાંચ પણ નષ્ટ થઈ ગયો છે. આ બધું કવિ હૃદયવાળા લેખકને દુઃખ પહોંચાડે છે. આ દૃશ્યો સર્જકની ઉદાસીમાં વધારો કરે છે.

અંગ પર લંગોટી વીંટાળી ફરતા, થેપાડામાં ફરતા આદિવાસીઓ હવે ઘૂઘરીવાળા લાલપીળા બટનવાળા ખમીસ અને માથે ફાળિયા પહેરેલા દેખાય છે. પહેલા હજામત કરાવવા ગામમાં લોકો જ્યાં આવતા ત્યાં હવે જાતભાતના 'સલૂન' જોવા મળે છે. દરજી ઘરે આવી માપ લઈ ઝીંણિયા સીવી આપતો ત્યાં સિલાઈ-સંચાવાળી દુકાનો થઈ ગઈ છે. પહેલાં આદિવાસીઓ દારૂ ને તમાકુ પીએ. જ્યાં હવે કાચના ગ્લાસમાં સોડા, લેમન કે રંગબેરંગી શરબત મળતાં થયાં છે. આદિવાસીઓ પ્યાલામાં ચા પીતા થયા છે. આ બદલાયેલા માહોલમાં લેખક પોતાનું ગોઠ ગામ અને ઘર શોધવા જાય છે, ત્યારે ખબર પડી કે ગોઠ ઉજ્જડ થઈ ગયું છે, ઘર રહ્યું નથી, પણ આગળનો વડ પણ ઊખડી ગયો છે અને પાસેનું ગામ ઘોઘંબા ગામ પણ શહેર બનવા માંડ્યું છે.

લેખકને હવે ત્યાં બધાના મોં ઉપર 'સુધરેલા જીવનનો રંગ' ચમકતો દેખાય છે. જંગલ આછું-આછું થઈ ગયું છે. કૂતરાં ઓળખતાં નથી એટલે અજાણ્યો સમજી ભસે છે. 'મહાદેવ'નું દેરું પણ સુધરી ગયું છે. બજાર બનવા લાગ્યા છે. લોકો ચૂંટણી, લાઈસન્સ-પરમિટ, ડીઝલ ઑઈલ જેવી વાતો કરતા થયા છે. રૅશન, કંટ્રોલ અને મોંઘવારીની વાતો સ્ત્રીઓ કરતી થઈ છે. હું કોણ છું, આ પ્રકૃત્તિ - તેની યાદો વાગોળવામાં કોઈને રસ રહ્યો નથી.

આ બધું જોઈ લેખકનું મન મૂંઝાય છે. કોઈ અજાણ્યા મુલકમાં આવી ગયા હોય એવું લાગે છે. વર્તમાનનો સંદર્ભ અને ભૂતકાળની સ્મૃતિઓ વચ્ચે સંઘર્ષ ઊભો થાય છે. અંતરથી લેખક આ ભૂમિથી છૂટા પડી શકે એમ નથી; પણ, આ બદલાવમાં 'છે' અને 'નથી', 'હું' અને 'નથી'ની વિચિત્ર લાગણી અનુભવતા લેખક અહીં વધારે રોકાવાથી ચિત્તમાં અંકાયેલું ચિત્ર ડહોળાઈ જાય એ પહેલા ત્યાંથી નીકળી જવું યોગ્ય સમજી બીજે

દિવસે સવારે જ વિદાય થાય છે. તેમની ચિત્તમાં ઉગેલા વનાંચલ વિશેની પંક્તિ જોઈએ તો,

અહીં હું જન્મ્યો'તે વનની વચમાં તે વન નથી;
નથી એ માટીનું ઘર, નિજ લહ્યાં તે જન નથી;
અજાણ્યાં તાકી રહે વદન મુજને સૌ સદનમાં,
વળું પાછો મારે વનઘર હુંઃ મારા જ મનમાં.

અહીં તે જન્મ્યા છે તે વનની વચમાં રહેલું ઘર હવે નથી, એ માટીનું ખોરડું પણ નથી ને એ લોકો પણ નથી. અહીં લોકો અને ત્યાંના પ્રાણીઓ પણ અજાણ્યો હોઉં એમ તાકી રહે છે અને આ ઘેરા વિષાદની વેદના સાથે પોતાના મનના એ વનાંચલમાં પાછા ફરવાની વાત લેખક આ પંક્તિઓમાં કરે છે.

આ સ્મૃતિકથામાં લેખક કે તેમનો પરિવાર કેન્દ્રમાં નથી – પરંતુ કેન્દ્રમાં છે વનાંચલનું ગોઠ ગામ, તેની નદી, જંગલ, કોતરો, આદિવાસી લોકોના સંસ્કાર ઘડતરને, લેખકે પોતાની બાળ આંખો તથા બાળકના સંવેદનશીલ અને ગ્રહણશીલ મનથી એમણે જ જોયેલું અનુભવેલું પ્રકૃત્તિના આવરણવાળું જીવન પ્રગટ કર્યું છે. અનાયાસ શૈલીમાં વર્ણવાયેલા આ ચિત્રાત્મક આલેખનમાં અહંભાવ નથી. સઘળું રસસભર શૈલીમાં નિરૂપાયું છે. વિષાદનું ઝીણું ઝીણું આક્રંદ આરંભથી અંત સુધી અનુભવાય છે.

ટૂંકી, સરળ, હૃદયવેધક વાક્યરચનાઓ એ સર્જકની ગદ્યશૈલીની વિશેષતા બને છે. કેડીઓ અને રસ્તા, વન અને ઝાડવાંના વિરોધમૂલક સજીવચિત્રોનું આલેખન તથા કવિની કલ્પનાશક્તિના વિનિયોગથી 'વનાંચલ'માં દોરાયેલા કેટલાંક રેખાચિત્રો સાચે જ હૃદયસ્પર્શી નીવડ્યાં છે. ઉપમા, રૂપક, સજીવારોપણ, દૃષ્ટાંત જેવા અલંકાર સહજ રીતે લેખકે પ્રયોજયા છે. શૈશવની ચિત્રાત્મક, કાવ્યાત્મક અભિવ્યક્તિના કારણે આ સ્મૃતિકથા ગુજરાતી સાહિત્યમાં ઉલ્લેખનીય સ્થાન પામી છે.

## 9.6 વસ્તુલક્ષી કસોટી

**(ક) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

1. લેખક પાંચ દાયકા પછી પોતાના વતનમાં પાછા ફરે છે.
2. લેખક ઘોડાગાડીમાં પોતાના વતન પહોંચે છે.
3. ગોઠ ગામ ઉજ્જડ થઈ ગયું છે.
4. ગામની વૈજનાથ મહાદેવ દેરું ખૂબ દૂર છે.
5. ગામના પરિવર્તનથી લેખક દુઃખી થાય છે.

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

1. લેખકની જન્મભૂમિ ............ ગામ છે.
2. વસ્તીના આક્રમણના લીધે કેડી ........ ગઈ છે.
3. કરડ નદી ....... ના કારણે સૂકાઈ છે.
4. લેખક ....... ગામમાં મોટાભાઈને મળવા આવ્યાં છે.
5. બધાંના મોં પણ ....... જીવનનો રંગ ચઢ્યો છે.

ઉત્તર :

| | | | | | |
|---|---|---|---|---|---|
| (ક) | 1. ખોટું | 2. ખોટું | 3. સાચું | 4. ખોટું | 5. સાચું |
| (ખ) | 1. ગોઠ | 2. સંકોચાતી | 3. બંધ | 4. ઘોઘંબા | 5. સુધારેલા |

**9.7 કૃતિલક્ષી ભાષાકીય અભિવ્યક્તિનો અભ્યાસ**

**(ક) આ સ્મૃતિકથા અંશમાંથી નીચેના ગદ્યખંડો ધ્યાનથી વાંચો.**

1. એક વારનું આ ગીચ જંગલ, વાઘને લૂંટારાઓના ભયથી ભરેલું. ગાડામાં બેસીને કે ચાલતા જતા હોઈએ ત્યારે આ વિસ્તારમાં પ્રવેશતાં જ વાતચીત ધીમી થઈ જતી, ગાડું હાંકવાવાળા પણ બળદને ડચકારતાં ડરે — રખેને કોઈ જાનવરને કે વટેમાર્ગુને ગંધ આવી જાય !
2. જ્યાં કેડીઓ હતી ત્યાં રસ્તા થયા છે; કેડીઓ તો બિચારી વગડામાં સંતાતી-સંકોચાતી ફરે, રખેને ઘાસ કે છોડ ઘસી આવીને રંજાડે એવો એને ભય. પણ આ રસ્તા ! સંકોચવાનું તે વગડાને; ઝાડપાન બિચારાં આઘાં ખસીને જગા કરી આપે છે. આડાં થાય તો એમનું આવી જ બને, જાનથી જાય ! ને આ વગડો ! ક્યાં માણસને આશ્રય આપતો પેલો વનાંચલ ને ક્યાં આ માણસને આશ્રયે, એની દયા ઉપર જીવતાં ઝાડવાં ! હવે તો જાણે પ્રકૃત્તિને સંસ્કૃતિની મહેરબાની ઉપર જ જીવવાનું !
3. નદીમાં થઈને ગાડાં પસાર થાય છે. પૈડાં નીચે પિલાતી રેતીનો પરિચિત અવાજ સંભળાય છે; માત્ર પેલો પાણીનો છલબલાટ નથી, દેડકીઓનું ડ્રાઉં ડ્રાઉં નથી; ઉપવાસ કોતરમાંથી પાણી પીવા માટે શિયાળવાં નીકળતાં તે દેખાતાં નથી.
4. ઉઘાડા ચોતરા વચ્ચે હજી પેલા તડકેશ્વર મહાદેવ બેઠા બેઠા તપ તપે છે.સંહારના સ્વામી સંહારલીલાને નિશ્ચયતાથી, નિર્મમ નેત્રે નિહાળી રહ્યા છે. ચોતરો દિવસે દિવસે નાનો થતો જાય છે, માત્ર એની ઉપર ચડનારને એની નીચે રમનાર કોઈ નથી. ફળિયામાંથી હું પસાર થાઉં છું; મને જોનાર ત્યાં કોઈ નથી. કૂતરુંય નથી કે મને અજાણ્યો ગણીને ભસે !

   ઉપરના ચારેય નમૂના(1), (2), (3) અને (4)નો અભ્યાસ કરતાં પહેલી નજરે જ એમાં તમને કથન-વર્ણન, શબ્દચિત્રો, સર્જનાત્મક ગદ્ય કહેવાય.(1)માં જંગલની ભયાનકતા વર્ણવાયાં છે, (2) માં કેડીઓ અને રસ્તા, વનાંચલ અને ઝાડવાંના વિરોધાભાસી સજીવ ચિત્રો આધુનિક સંસ્કૃતિ વિશેની લેખકનું દુઃખ વ્યક્ત કરે છે. (3) માં નદી અને કોતરોમાં રહેલી પ્રકૃત્તિને સંગીયમય-લયબદ્ધ શૈલી દ્વારા મૂર્તરૂપ આપ્યું છે. (4)માં સ્થળ-કાળના સંદર્ભોથી બદ્ધ સજીવચિત્રમાં પોતાની વેદના વ્યક્ત કરી છે. અહીં નમૂના (3) અને (4) માં લેખકે ‘નથી’ શબ્દનો વાક્યના અંતે પ્રયોગ કરીને નકારાત્મકતા સાથે સજીવચિત્ર દ્વારા પરિસ્થિતિનો ચિતાર અને અભાવને વ્યક્ત કર્યો છે.

અહીં આખા સ્મૃતિકથા-અંશમાં સજીવારોપણ અલંકારનો લેખકે ભરપૂર ઉપયોગ કર્યો છે.

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

- અલંકાર જેમ આપણો દેહ શોભે અને શોભાયમાન દેહ સાથે આપણો આત્મા પણ પ્રસન્ન થાય છે — એવું જ કૃતિમાં અલંકારોનું છે. કૃતિનો બાહ્ય આકાર અલંકાર દ્વારા શોભે છે. અહીં પ્રસ્તુત ‘વનાંચલ સ્મૃતિકથા-અંશ’માં સર્જકે પ્રયોજાયેલા અલંકારોને ઓળખો અને તેની યાદી તૈયાર કરો.

- સાહિત્યકૃતિમાં જેમ ગદ્ય હોય એવી જ રીતે રસનું પણ નિરૂપણ થયેલું હોય, પ્રસંગોને આધારે રસનું નિરૂપણ કયા કયા સ્વરૂપે થયું તે શોધો.
- પ્રસ્તુત પાઠમાં આવતા તળપદા શબ્દોની યાદી બનાવો.

## 9.8 લેખન-પ્રવૃત્તિ

- જયન્ત પાઠકના વતન વિચ્છેદનાં કાવ્યોને એકઠાં કરી સમીક્ષા કરો.
- 'વનાંચલ' સ્મૃતિકથા આખી વાંચો અને તેમાં આવતાં વર્ણનો અને પ્રાકૃતિક ચિત્રોને જુદાં તારવો.

## 9.9 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

1. કયા ગામના રાજાની મોટર આવવાથી ગામ લોકો ટોળે વળતા ?
2. પાવાગઢથી વતન જતા શું આવે છે ?
3. પાલ્લી ગામમાં કોણ હજામતનું કામ કરતું ?
4. ઘોઘંબા ગામમાં લેખકના કયા સબંધીનું ઘર હતું ?
5. ગુજરાતના સરકારી અમલદારોનો પહેરવેશ શું છે ?
6. લેખક પાટ પર બેઠા હોય ત્યારે તેમને કોણ મળવા આવે છે ?

**(ખ) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. ઘોઘંબા ગામનું વર્ણન કરો.
2. પાવાગઢથી ગોઠ જતા વચ્ચેના જંગલનું વર્ણન કરો.
3. બંધ બંધાવાથી ગામમાં શું ફેર પડ્યો છે ?
4. લેખકની સ્મૃતિમાં જળવાઈ રહેલા મંદિરોનું વર્ણન કરો.
5. લેખક સવાર પડતા જ કેમ પાછા ફરે છે ?

**(ગ) નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો.**

1. લેખકનું મન કેમ મૂંઝાય છે ?
2. લેખકને શા માટે કોઈ અજાણ્યા મુલકમાં આવી ગયો હોય એમ લાગે છે ?
3. 'વનાંચલ-સ્મૃતિકથા-અંશ'નું હાર્દ સમજાવો.
4. 'વનાંચલ' સ્મૃતિકથા-અંશના અંતનું વર્ણન કરો.
5. 'વનાંચલ' સ્મૃતિકથા-અંશમાં આવતા પ્રજાજીવન અને પ્રકૃત્તિમાં થતા પરિવર્તનનું વર્ણન કરો.
6. 'વનાંચલ' સ્મૃતિકથાને આધારે જયંત પાઠકની શૈલી સમજાવો.

## 9.10 વિશેષ અધ્યયન

**(ક) કર્તા પરિચય (જયંત પાઠક)**

કવિ, વિવેચક અને સ્મરણલેખક જયંત પાઠકનો જન્મ ગોઠ ગામ(રાજગઢ)માં ૧૯૨૦માં થયો હતો. ૧૯૩૯ મૅટ્રિક થયા. સુરતની એમ. ટી. બી. કૉલેજમાંથી બી. એ. અને વડોદરા કૉલેજમાંથી એમ. એ. થયા. નિવૃત્તિપર્યંત એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક રહ્યા. તેમને ૧૯૫૭માં કુમારચંદ્રક, ૧૯૭૬માં નર્મદ સુવર્ણચંદ્રક તથા ૧૯૭૬માં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયા. ૧૯૮૨-૮૩નું ઉમાસ્નેહરશ્મિ પારિતોષિક અને ૧૯૭૪નો સોવિયટ દેશ નહેરુ એમને ઍવોર્ડ અર્પણ થયાં. નોંધપાત્ર કવિ એવા જયંત પાઠકે વતનનાં સંસ્મરણોને આલેખતી ગદ્યકૃતિઓ

'વનાંચલ' (૧૯૬૭) અને 'તરુરાગ અને નદીસૂક્ત'(૧૯૯૮) કૃતિઓ આપી છે. સર્જનની સાથોસાથ તેમણે સ્વસ્થ, સમતોલ અને વિવેકપૂર્ણ વિવેચન પણ કર્યું છે.

(ખ) **સ્વરૂપ પરિચય**

સ્મૃતિઓને લેખનમાં ઉતારી સંસ્મરણોને સર્જનાત્મક કલમે અવિસ્મરણીય બનાવી આખી દુનિયાને જોડતો સાહિત્યપ્રકાર સ્મૃતિકથાનો છે. સ્મૃતિસંવેદન સ્વયં સર્જક માટે જીવનમૂલ્ય બન્યું છે અને એનો કલાત્મક વિનિયોગ થાય તે શબ્દસંસ્કૃતિને સ્મૃતિકથાનું રૂપ મળ્યું હોય છે. સ્મૃતિના આધારે લખાતી આત્મકથા તથા સંવેદનકથા એ ઉંમરના કોઈપણ પડાવ કે પ્રસંગ કે સમય-સ્થળની સાથે જોડાયેલી સ્મૃતિઓની હોઈ શકે. સંસ્મરણાત્મક કથાઓનું એક વિશિષ્ટ પ્રકારનું આલેખન ગુજરાતી સાહિત્યમાં પણ વિકસ્યું છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં શૈશવકાળના સંસ્મરણોમાં કાકાસાહેબ કાલેલકરની 'સ્મરણયાત્રા' પણ નોંધપાત્ર છે.

(ગ) **વિશેષ વાચન**

- આત્મકથા અને સ્મૃતિકથા વચ્ચેના ભેદને સમજો.
- કાકાસાહેબ કાલેલકરની 'સ્મરણયાત્રા' વાંચો.
- જયંત પાઠકની 'તરુરાગ અને નદીસૂક્ત' કૃતિ વાંચો.
- ચંદ્રકાન્ત શેઠની 'ધૂળમાંની પગલીઓ' અને ઉશનસ્‌ની 'સદ્‌માતાનો ખાંચો' સંસ્મરણોને વાંચો.

**- ટિપ્પણ**

| | | |
|---|---|---|
| કોઢ | - | ગમાણ, ઢોરને બાંધવાની જગ્યા |
| ફરસબંધીવાળા | - | પથ્થરની લાદી કે ટાઈલ્સ બેસાડેલી જમીન |
| પસાયતો | - | ચોકિયાત, રખેવાળ |
| કોલાહલ | - | શોરબકોર, ઘોંઘાટ |
| પ્યાલો | - | મોટું પવાલું, પાલો |
| કેશકર્તન | - | વાળ કાપવા તે, હજામત |
| ઘરાક | - | ખરીદનાર, ગ્રાહક |
| ઝીણિયાં | - | ઝીણા કપડાનાં ખમીસ |
| દુભાવવું | - | દૂભવવું |
| મુલક | - | દેશ, પ્રદેશ |
| સલિલ | - | પાણી |
| અડીખમ | - | અડીઓપટી ખમી શકે એવું, ભાર ઝીલી શકે એવું, શૂરવીર, ધીંગું |
| નિર્વિકાર | - | વિકાર વિનાનું |
| સ્થિતપ્રજ્ઞ | - | જેની બુદ્ધિ સ્થિર છે એવું, જ્ઞાની |
| વજ્રમુઠી | - | વજ્ર જેવી મુઠ્ઠી |
| વ્યગ્રતા | - | વ્યાકુળતા, અસ્થિરતા |
| સંહાર | - | નાશ, કતલ, ઉચ્છેદ |

| | | |
|---|---|---|
| નિર્મમ | - | મમત્વ વિનાનું, વિરક્ત ઘાતકી, નિર્દય |
| શીળી | - | ક્યારેક ખૂજલી સાથે ઢીમણાં થઈ આવવાનો એક વિકાર |
| ચિત્ત | - | અંતઃકરણ, લક્ષ, ધ્યાન |
| સદન | - | ઘર, રહેઠાણ |
| નિજ | - | પોતાનું |
| જન | - | માણસ, પ્રિયજન, સ્વજન, જનલોક |

**- સંદર્ભ સૂચિ**


- વનાંચલ - જયન્ત પાઠક
- જયન્ત પાઠક : વ્યક્તિત્વ અને વાઙ્મય - ડૉ. દિનેશ પંડ્યા
- જયન્ત પાઠક – સાહિત્યકાર શ્રેણી - દશા વ્યાસ
- આત્મકથા - સતીશ વ્યાસ
- આત્મકથા – સ્વરૂપ અને વિકાસ - રસીલા કડીઆ



**લેખન :** ડૉ.હેતલ ગાંધી (આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી વિભાગ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ